## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૧૬ | ૨ | કુવલયમાળા ચરિત્ર-૧ | ૧ |
| ૨. | ૧૬ | ૨ | દેવદર્શનાદિ ક્રિયા-ધર્મનું મહત્ત્વ | ૭ |
| ૩. | ૧૬ | ૪ | પ્રભુએ શી રીતે ચતુર્વિધ ધર્મ સાધ્યો ? | ૧૫ |
| ૪. | ૧૬ | ૪ | ચાર કથાનું દૃષ્ટાન્ત | ૧૮ |
| ૫. | ૧૬ | ૪ | કપિલમુનિ કેવળજ્ઞાન પામે છે | ૨૧ |
| ૬. | ૧૬ | ૫ | આકર્ષિણી કથાનું બીજું દૃષ્ટાન્ત | ૨૪ |
| ૭. | ૧૬ | ૫ | ઉપદેશકની જવાબદારીઓ | ૩૧ |
| ૮. | ૧૬ | ૬ | રાજાના સુંદર ગુણો | ૩૮ |
| ૯. | ૧૬ | ૭ | દૃષ્ટિબિંદુના ફરકથી જુદા જુદા ભાવ | ૪૮ |
| ૧૦. | ૧૬ | ૭ | બીજા સાથેના જીવનમાં જરૂરી તકેદારીઓ | ૫૪ |
| ૧૧. | ૧૬ | ૮ | સ્ત્રીઓને કોપનાં ૫ કારણ | ૫૭ |
| ૧૨. | ૧૬ | ૯ | ભાગ્યના આધારે શું ? | ૬૦ |
| ૧૩. | ૧૬ | ૯ | પ્રાર્થના ક્યારે ફળે ? | ૬૨ |
| ૧૪. | ૧૬ | ૧૦ | અરિહંત જ કેમ ઉપાસ્ય ? | ૬૯ |
| ૧૫. | ૧૬ | ૧૨ | માણસ પાસે ખરો અમૂલ્ય માલ છે | ૮૦ |
| ૧૬. | ૧૬ | ૧૨ | શ્રદ્ધાની વિચારણા | ૮૩ |
| ૧૭. | ૧૬ | ૧૪ | કળા-વિદ્યા ઝટ કેમ શીખાય ? | ૯૬ |
| ૧૮. | ૧૬ | ૧૫ | વિવેકનું મહત્ત્વ | ૧૦૪ |
| ૧૯. | ૧૬ | ૧૫ | જીવની જબ્બર મૂઢતા | ૧૦૮ |
| ૨૦. | ૧૬ | ૧૭ | માનવ ભવે કર્તવ્ય | ૧૨૪ |
| ૨૧. | ૧૬ | ૧૮ | ભગવાનને ક્યારે યાદ કરવાના ? | ૧૩૦ |
| ૨૨. | ૧૬ | ૧૯ | મહર્ષિની ભવ્ય વાણી | ૧૪૦ |
| ૨૩. | ૧૬ | ૨૧ | આજના વિદ્યાર્થી-વિદ્યાર્થીની | ૧૪૯ |
| ૨૪. | ૧૬ | ૨૩ | સંસાર પર ત્રણ કારણે વૈરાગ્ય | ૧૬૯ |
| ૨૫. | ૧૬ | ૨૪ | નરગતિનાં દુઃખ, એ નરકો કેવી છે ? | ૧૭૩ |
| ૨૬. | ૧૬ | ૨૬ | ક્રોધ પર ચંડસોમની કથા | ૧૮૬ |
| ૨૭. | ૧૬ | ૨૬ | આત્મદશા સુધરે ખરી ? | ૧૯૧ |
| ૨૮. | ૧૬ | ૨૭ | કુપુરુષનાં ૪ લક્ષણ | ૧૯૮ |
| ૨૯. | ૧૬ | ૨૭ | ભવિતવ્યતાનું રહસ્ય | ૧૯૯ |
| ૩૦. | ૧૬ | ૩૧ | શાસનસંપત્તિના સદુપયોગ માટે | ૨૨૩ |
| ૩૧. | ૧૬ | ૩૧ | માનની લાગણી જીતવા | ૨૨૭ |
| ૩૨. | ૧૬ | ૩૩ | **માન કષાય પર માનભટની કથા** | ૨૪૨ |
| ૩૩. | ૧૬ | ૩૪ | માન કોણ કોણ કરે છે ? | ૨૪૩ |
| ૩૪. | ૧૬ | ૩૫ | જીવન જીવવાની ખૂબી | ૨૫૪ |
| ૩૫. | ૧૬ | ૩૬ | બુદ્ધિ બગડવામાં કારણો | ૨૫૯ |
| ૩૬. | ૧૬ | ૪૪ | ધર્મસાધનાનાં ૩ સાધન | ૨૬૯ |
| ૩૭. | ૧૬ | ૪૫ | સંસારના બે પાયા | ૨૮૨ |
| ૩૮. | ૧૬ | ૪૫ | સ્વાર્થત્યાગની પોકળ હોશિયારી | ૨૮૩ |
| ૩૯. | ૧૬ | ૪૬ | સંસાર કેમ અસાર ? | ૨૯૨ |
| ૪૦. | ૧૬ | ૪૭ | જીવનકળા : અવસરસર સમજી જવું | ૨૯૮ |
| ૪૧. | ૧૬ | ૪૮/૧ | અરિહંતશરણ ક્યારે આવે ? | ૩૦૦ |
| ૪૨. | ૧૬ | ૪૮/૨ | માનભટનો પશ્ચાત્તાપ | ૩૦૮ |
| ૪૩. | ૧૬ | ૪૮/૨ | રાગદ્વેષ કેમ દબાય ? | ૩૧૫ |

આચાર્ય ભગવંત શ્રી ઉદ્યોતનસૂરિજીએ રચેલ

# શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન (ભાગ-૧)

**पढमं णमह जिणिंदं जाए णच्चंति जम्मि देवीओ ।**
**उव्वेल्लिर बाहुलया रणंत-मणिवलय-तालेहिं ॥**

પહેલાં જિનેશ્વરદેવને નમસ્કાર કરો કે જેમના જન્મ સમયે દેવીઓ હાથરૂપી લતાઓ ઊંચી કરીને રણકાર કરતા રત્નના વલય સાથેના તાલ વડે નૃત્ય કરે છે.

પરમ ઉપકારી મહાકવિ પ્રૌઢ વિદ્વાન આચાર્ય ભગવાન શ્રી ઉદ્યોતનસૂરિજી મહારાજ શ્રી કુવલયમાળા ચરિત્ર રચતાં આ પ્રમાણે મંગળ પ્રારંભે શ્રી ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરે છે.

**ચરિત્રકારનો પરિચય :-**

આ આચાર્ય મહારાજનો હયાતી-સમય વિક્રમની ૮મી-૯મી શતાબ્દી લાગે છે; કેમકે આ ચરિત્ર ગ્રંથ શકે ૭૦૦ ના અંતે રચ્યાનું પોતે ગ્રંથના અંતભાગમાં જણાવે છે. વિક્રમ સંવત કરતાં શક સંવત ૧૩૫ વર્ષ મોડો છે, એટલે વિક્રમ સંવત ૮૩૫ વર્ષે ગ્રંથરચના થઈ. આ હિસાબે આ મહાગ્રંથ લગભગ ૧૨૦૦ વર્ષ જૂનો કહેવાય. એટલે સારા પ્રાચીન શાસ્ત્રની આપણને આજે વાણી મળે છે.

**દેવીના આદેશથી ગ્રંથનું મહત્ત્વ :-**

ગ્રંથ કોઈ સામાન્ય કોટિનો નહિ, પણ અસાધારણ કોટિનો છે. કેમકે ગ્રંથકાર મહર્ષિના જણાવ્યા મુજબ એની કથા-વસ્તુ એમને શ્રીમતી 'હ્રી' દેવીએ ખુદે આપેલી છે, તેમજ એના પર આ ચરિત્ર લખવાનો એ મહાદેવીએ જ આદેશ કર્યો છે. એટલે આ મહાગ્રંથની રચના મહાદેવીના સાંનિધ્યથી થયેલી છે. દેવીએ જ્યારે એમને આ આદેશ આપ્યો હશે ત્યારે એ આચાર્ય મહર્ષિ કેટલા બધા વિદ્વાન અને ચારિત્રસંપન્ન હોવા જોઈએ એ કલ્પી શકાય છે. ગ્રંથ સ્વયં એમની ચોમુખી વિદ્વત્તાને એમની પ્રતિભાને ને એમની ત્યાગ-વૈરાગ્યની ઊંચી વૃત્તિને જણાવી રહ્યો છે. ત્યારે આપણાં કેવા અહોભાગ્ય કે સેંકડો વર્ષો પછી પણ આવા મહાન આચાર્ય ભગવંતનાં વચન સાંભળવા મળે છે !

**સાચા ખજાનાને ઓળખો :-**

નહિતર આજ જુઓને કે પૂર્વ કાળનું કેટલુંય સારું નષ્ટ થઈ ગયું છે ? ત્યાં આવો એક આત્મકલ્યાણોનો મહાન ખજાનો ગ્રંથારૂઢ થઈ આપણા સમય સુધી



પહોંચી આવે એ ઓછા ભાગ્યનો વિષય છે ? આપણને કોઈ પૈસાનો જૂનો વારસો મળી આવે યા ઘરમાં ખોદતાં પુરાણા ધનનો દલ્લો મળી આવે તો મહાન અહોભાગ્ય લાગે છે ! પરંતુ આવાં સાચા ખજાનાભૂત મહાન શાસ્ત્રરત્નો મળી આવે એમાં જબ્બર ભાગ્યોદય લાગે ખરો ?

**પૈસાનો ખજાનો મળ્યાથી**

**(૧) આત્માના આંતરચક્ષુ ખૂલતા નથી,**

**(૨) કલ્યાણ માર્ગ સૂઝતા નથી,**

**(૩) સદ્‌ગતિ નક્કી કરાવનારા શુભ ભાવોની ગમ પડતી નથી. ત્યારે,**

**મહાન શાસ્ત્રરૂપ ખજાનો મળ્યાથી એ થાય છે, ૧. આંતરદૃષ્ટિ ખૂલે છે, ૨. કલ્યાણના રાહ સૂઝે છે, ૩. પરલોક સદ્ધર સુખમય ઉન્નતિમય કરે એવા શુભ અધ્યવસાયોની લહેરીઓ હૃદયભૂમિ પર વાવા માંડે છે.**

તો પછી શું મળ્યાનો આનંદ થાય ? ક્યાં કઈ પ્રાપ્તિમાં મહાન અહોભાગ્ય લાગે ?

**આસ્તિકતાના વાંધા :-**

વાત આ છે કે અંતરમાં સાચી આસ્તિકતા ફરતી હોય, "હું એટલે ખોખું શરીર નહિ, ઈન્દ્રિયો કે મન નહિ, પરંતુ એ બધાનું સંચાલન કરનારો અંદરનો કોક એક સ્વતંત્ર આત્મા છું." એ વાત હૈયે બરાબર બેઠી હોય તો જ એ 'આત્માના હિત કયાં ? ધનના દલ્લામાં કે શાસ્ત્રખજાનામાં ?' એનો વિચાર કરે; અને ધનના ખજાનાને તો સાચાં આત્મહિતરૂપ આંતરદૃષ્ટિ, કલ્યાણસાધના અને શુભ ભાવોને રોકનાર ખતરનાક વેઠ દેખે. એ સાચાં આત્મહિત તો શાસ્ત્રખજાનાથી મળે છે. **કુવલયમાળા એવો એક મહાન ખજાનાભૂત ભવ્ય ગ્રંથ છે.**

શાસ્ત્રખજાનાનું, શાસ્ત્રવારસાનું મહત્ત્વ એટલા માટે વિચારાય છે કે એ દિલમાં વસ્યા પછી આ અદ્‌ભુત તત્ત્વભર્યા ચરિત્રગ્રંથનું શ્રવણ એવા ઉછરંગ સાથે થશે કે 'અહો ! આમાં મને આંતરદૃષ્ટિનો મહાન વિકાસ ને કલ્યાણસાધનાની ભવ્ય પ્રેરણાઓ તથા ઉચ્ચ શુભ અધ્યવસાયોનો અમૂલ્ય લાભ મળશે ! આવા પડતા કાળે અહોભાગ્ય મારાં કે આટલું અદ્‌ભુત તારક શ્રવણ મને મળે !'

**વસ્તુને જેવા ઊંચા આદર-બહુમાન-આતુરતાથી આવકારો એવા ઊંચા લાભ એ દેખાડે;** કેમકે આત્મા પર એનો એવો ઊંચો પડઘો પડે છે.

ચાલો હવે કુવલયમાળા ચરિત્ર મહાશાસ્ત્રમાં પ્રવેશ કરીએ. ગ્રંથકાર મહર્ષિ આચાર્ય ભગવંત શ્રી ઉદ્યોતનસૂરિજી મહારાજ ગ્રંથ શરૂ કરતાં પ્રારંભે આ અવસર્પિણીમાં પહેલો ધર્મપ્રકાશ પાથરનાર પ્રથમ તીર્થપતિ ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીની અદ્‌ભુત સ્તુતિ કરે છે, કહે છે,-

તે ભગવાન પ્રથમ જિનેન્દ્રદેવને નમસ્કાર કરો કે

(૧) જેમના જન્મસમયે દેવીઓ રણકતા રત્ન-વલયવાળા હાથ ઊંચા કરીને નૃત્ય કરી રહી છે;

(૨) જે પ્રભુ દેવોએ કરેલ મજ્જનવિધિથી સુશોભિત કરાયેલા પોતાના દેહને સામે ઊભેલા યુગલિક માણસોના હાથમાં રહેલ કમળદડિયાના જળના તરંગોમાં પ્રતિબિંબરૂપે હાલતો જુએ છે.

(૩) જે ગુરુઓના ગુરુ પ્રભુએ દીક્ષા સમયે પોતાના ખભા પર લટકતા કેશકલાપને ઇંદ્રે સહર્ષ સ્થાપેલા દેવદૂષ્યને શોભાવનારો કર્યો;

(૪) તપથી પાપકર્મને બાળી નાખી કેવળજ્ઞાન ઉત્પન્ન થયે જે સંસાર તરી ગયા એથી દેવસમૂહ નૃત્ય કરવા લાગ્યો;

(૫) જેમનાં તીર્થ-સ્થાપન સમયે ઇંદ્રો ઇંદ્રપણાનું ગૌરવ મૂકી દઈ હાથ મસ્તકે લગાડી પ્રભુના ચરણમાં ઝુક્યાં !

તે પ્રથમ રાજા અને પ્રથમ ધર્મપ્રવર્તક તીર્થંકર ભગવાનને નમસ્કાર કરો.

તીર્થંકર ભગવાનના ઉત્કૃષ્ટ પુણ્યસમૂહનો કેવો પ્રભાવ છે કે દેવો અને ઇંદ્રો પ્રભુના જન્મ આદિ પ્રસંગોએ આવીને ભક્તિ-ગુણગાન કરે છે એ મંગળાચરણ રૂપે આ શ્લોકોમાં બતાવ્યું. ઋષભદેવ પ્રભુની સ્તુતિ કર્યા પછી હવે ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામીની અનેક રીતે સ્તુતિ કરતાં છેલ્લે કહે છે,-

**મહાવીરસ્તુતિ :-**

'હે સુખદાતા ! મહેરબાની કરીને આ તું પ્રસન્ન થા, તને આ અંજલિ છે. દેવ ! નવીન નીલકમળ જેવી દૃષ્ટિથી તું અમારા સામે જો,'-એ પ્રમાણે સંગમદેવતાએ અનુકૂળ ઉપસર્ગરૂપે વિકુર્વેલ વસંત ઋતુથી કહેવાયા છતાં જે પ્રભુ ધ્યાનમાંથી જરાય ચલિત ન થયા તે વીર પ્રભુને ભક્તિથી નમો.

આમાં પ્રભુની પ્રખર વૈરાગ્ય સાથે ધ્યાનની નિશ્ચળતા બતાવી કે વસંત ઋતુની લલચાવનારી મહાશોભા એકાએક વિકસી ઉઠેલી જોવા તરફ ધ્યાનસ્થ પ્રભુએ એક દૃષ્ટિપાત પણ કર્યો નહિ.

**સર્વજિન સ્તુતિ :-**

પછી સર્વ જિનેશ્વર ભગવંતોની સ્તુતિ કરતાં કહે છે કે "જન્મ-જરા-મૃત્યુના વારંવારના પુનરાવર્તનમાં ખૂપી ગયેલ દુઃખી જીવોને સંસારસાગર પાર કરી દેવા સમર્થ સર્વે જિનવરોને નમસ્કાર કરો."

કોણ સંસારથી તારે ? આ જગતમાં અનાદિ કાળથી પ્રગટ થતાં વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વર ભગવંતો જ જીવોને શુદ્ધ ધર્મ આપી ભવસમુદ્ર પાર ઉતારી શકે છે.



**ધર્મતીર્થની સ્તુતિ** કરતાં કહે છે, - ત્યારે એમણે સ્થાપેલું ધર્મતીર્થ કેવું છે ? જે તીર્થમાં આવેલા જીવો બોધ પામે છે, અને કેટલાય તરત કર્મમળથી રહિત બની સિદ્ધિપદ પ્રાપ્ત કરે છે; ને જેને જિનેશ્વર દેવોને પણ નમસ્કાર કર્યો છે, તે તીર્થને પણ ભાવથી નમસ્કાર કરો.

**ધર્મજ કર્તવ્ય કેમ એની ભૂમિકા :-**

ઇત્યાદિ નમસ્કારવિધિ કર્યા પછી ગ્રંથકાર મહર્ષિ મનુષ્ય-અવતારે ધર્મ જ કેમ કર્તવ્ય છે, તે વસ્તુ સુંદર ભૂમિકા બાંધીને આમ રજુઆત કરે છે,-

ક્રોધ-લોભ-માન-માયાનો કેફ અને મોહ-અજ્ઞાનથી મૂઢ બનેલા હૃદયવાળા જીવનું નરકગતિમાં પતન થાય છે; એનાથી એના ચિત્તપરિણામ એવા તીવ્ર રાગદ્વેષના સંક્લેશવાળા રહે છે કે એથી જીવને લાગેલા કર્મકીચડથી એ ભારેખમ બની જાય છે. એ નરકગતિમાંથી નીકળીને જીવ તિર્યંચ ગતિમાં આવે છે; કેમકે નરકમાં અનેક પ્રકારે તાડન-છેદન-ભેદનની વિટંબણાઓમાં જીવ શાંતિ થોડી જ રાખી શકે છે ? અહીં જરાક પીડામાં પણ જો ચિત્ત વ્યાકુળ બને છે તો ત્યાં તો ભયંકર અનેક પ્રકારની પીડાઓમાં ચિત્ત ભારે સંક્લેશવાળું બને છે, ને તેથી તિર્યંચગતિને યોગ્ય કર્મનાં ભાતાં ઊભા કરે છે.

**તિર્યંચગતિમાં પણ અવતાર કેવા ?** કાગડા, શિયાળિયા, સિંહ-વાઘ-વરુ, આખલા-વાંદરા, મગરમચ્છ વગેરેના ! એમાં ભટકી ભટકીને અતિ મૂઢતાએ નીચે પૃથ્વીકાય અપ્કાય વગેરે જીવોની યોનિઓમાં ઊતરી પડે છે એ પણ તિર્યંચ ગતિ. દેવ મનુષ્ય અને નારકી ને છોડી બાકીના બધા જ પંચેંદ્રિય જીવો તથા કુલ ચઉરિંદ્રિય, તેઇંદ્રિય, બેઇંદ્રિય અને એકેન્દ્રિય જીવો તિર્યંચગતિમાં ગણાય. એમાં ઠેઠ વનસ્પતિકાય સુધીના ભવસાગરમાં ભ્રમણ કરી કરીને કર્મનો ઘણો ઘણો માર ખાઈ તેવા પ્રકારના કર્મના ક્રમે બહાર નીકળી માંડ મુશીબતે મનુષ્યપણું પામે છે. પણ તે કેવું ? મ્લેચ્છ, યવન, બર્બર, ભીલ વગેરેના અવતારનું. ત્યાં શું કરવાનું મળે ? પંચેંદ્રિય જીવોના ભયંકર વધ મહા આરંભ-સમારંભ વગેરે ઘોર પાપોનું આચરણ એટલે પછી કેમ ? તો કે પાછા જાઓ નરક-તિર્યંચ ગતિમાં, પાછો મનુષ્યભવ ક્યારે મળે ?

**મનુષ્યનો અવતાર સુલભ નથી.** એમાં ય આર્યદેશ-આર્યકુળ વગેરેની પુણ્યાઈવાળો સારો માનવ ભવ તો અનંતા કાળના ભવભ્રમણોએ મળે, એમાંય જો પુણ્યની જરાક કચાશ રહી ગઈ, ને આંધળા-લૂલા-લંગડા-બહેરા વગેરે તરીકેનો અવતાર મળ્યો તો શો પુરુષાર્થ કરી શકે ?

શાસ્ત્રકાર કહે છે કે ત્યારે જો ઠીક માનવભવ મળી ગયો છે તો પુરુષાર્થહીન સુસ્ત એદી ન બનતાં, પુરુષાર્થી બનો. **પુરુષાર્થહીન અવતાર સ્થાવર વનસ્પતિકાય**

**આદિના તો અનંતા કાળ જોયા. એમાંથી માંડ છૂટીને અહીં પુરુષાર્થ યોગ્ય ભવે આવ્યા પછી પણ પુરુષાર્થ નહિ ?**

**પુરુષાર્થ ત્રણ પ્રકારે, ધર્મ-અર્થ-કામ.** પરંતુ ચરિત્રકાર કહે છે,-

**अत्थउ होइ अणत्थउ, कामो विगलंत पेम्म विरसो य**

**सव्वत्थ दिण्णसोक्खउ धम्मो (उण) कुणह तं पयत्तेण**

-અર્થાત્ અર્થ (ધન) થી અનર્થો થાય છે, અને કામ (વિષયસુખ) પણ ગળી જતા પ્રેમથી દુઃખદ ફળવાળો બને છે પણ ધર્મ બધે જ સુખ આપનારો છે. માટે ધર્મનો ઉદ્યમ કરો.

**અનર્થો કયા પુરુષાર્થ પાછળ ?**

આમાં જગતના જીવોની અર્થ-કામની પાછળ જે જહેમત ચાલી રહી છે એનાં પરિણામ બતાવી દીધાં. આજે અનેક પ્રકારના ધંધા, યંત્રો, ધંધાની રીતરસમો વગેરે ચાલે છે એ બધો અર્થ પુરુષાર્થ છે. માણસ એ કરીને અંતે શું પામે છે ? તાત્કાલિક ન જોતાં; પરિણામ જોજો અનર્થ સિવાય કાંઈ નહિ મળે. માખીઓએ ભારે મહેનતે મધ ભેળું કર્યું; પણ સરવાળે શું ? લૂંટાવાનું જ ને ? કોરટ કાયદા પોલિસ જેલો વગેરે શા માટે ? અર્થપુરુષાર્થની ધાંધલવાળા પાછળ કે ધર્મપુરુષાર્થ કરનારા પાછળ ? સમાજમાં કુટુંબમાં, સ્નેહી-સ્નેહીને રગડા કયા પુરુષાર્થ પર ? અર્થ-કામના કે ધર્મના ? ખૂન ચોરી બદમાશી લૂંટ લાંચ ખોટા ભાગ-દાવા હલકટ કૃત્યો વગેરે અનર્થો શાના પાછળ ? અર્થ-કામ પાછળ ? કે ધર્મની પાછળ ?

**કામ પુરુષાર્થમાં ય શું છે ?** દુનિયાના વિષયસુખોની લાલસાથી કરાતી મહેનતમાં આગળ જતાં મન ખાટાં થાય છે, શરીર ઇન્દ્રિયો ગાત્રો આગળ જતાં કામ આપતા નથી, સ્નેહીઓના સ્નેહ ઘટે છે, માણસ ભારરૂપ લાગે છે, વિષયો ભોગવવાની તાકાત નથી હોતી, મીઠાઈ ઘણી સારી, પણ પેટ પાચનની ના પાડે છે. બંગલો મોટો પણ પરિવાર વિના ખાવા ધાય છે. પોતાના સંતાન આદિ હોય, યા દત્તક ઊભા કર્યા કે જમાઈ લાવી વસાવ્યા હોય, તો સુખને બદલે ચિંતા, હૈયા-હોળી, નાલાયકી-દર્શન વગેરે રિબામણો ખડી થાય છે. શું છે આ બધું ? કામપુરુષાર્થની વિરસતા, દુઃખદ પરિણામ.

**કામશાસ્ત્ર રચનારાની મૂઢતા :-**

ચરિત્રકાર કહે છે 'કામ શાસ્ત્રકારો બિચારા સંસારના દલાલો, તે પક્ષપાતથી મૂઢ બનેલા હૃદયે બોલે છે કે ધર્મ-અર્થ-કામ પૂર્ણ થાય તો જ સંસાર ચાલે, સંસારમાં જીવન કહેવાય. આ એમની કલ્પનામાત્ર છે. સરવાળે અનર્થ, વિરસતા, અને દુઃખદ મોત દેખાડનારા અર્થ-કામના શા ગુણ ગવાય ? શાની કર્તવ્યતા-ઉપાદેયતા કહી



શકાય ? ગુણ ગાવા લાયક તો એક માત્ર ધર્મપુરુષાર્થ છે, આદરણીય એ જ છે. અર્થ અને કામ મળે છે તો તે પણ ધર્મથી જ; સદ્ગતિ થાય તે ય ધર્મના જ પ્રતાપે; અને દુઃખભર્યા ભવસાગરથી છૂટવાનું થાય તો તે ય ધર્મના જ પુરુષાર્થથી.

પ્રૌઢ વિદ્વાન આચાર્ય ભગવાનને ધર્મકથા સંભળાવવી છે; પરંતુ શ્રોતા એમાંથી ખરો લાભ ક્યારે ઉઠાવે ? ધર્મનું મહત્ત્વ સમજી કથા સાંભળે તો. એના બદલે જો અર્થ-કામનાં મહત્ત્વ સમજતો હોય તો કથામાંથી એમાંનું જ પકડવાનો, અર્થ-કામની જ તરકીબ શોધવાનો-લેવાનો. એવાય માણસો વ્યાખ્યાનમાં આવે છે ? કે જે કહે છે કે 'મહારાજ દલીલો સારી આપે છે, એથી આપણી બુદ્ધિ સતેજ બને છે, બીજાને ચૂપ કરી શકાય છે. તેમજ વ્યવહારું રીતભાત એવી બતાવે છે કે એ રીતે વર્તતા સંસારમાં સારાપણાના યશનો અને સન્માનના અનુભવ થાય છે.' આ શું લીધું ? અર્થકામની આગ કે બીજું કાંઈ ? કારણ ? મનને મહત્ત્વ એનું હતું માટે. નહિતર જો ધર્મની જ મહત્તા સમજતો હોય તો તો ધર્મની જ નવનવી પ્રેરણા હોશિયારી લેત ને ? ચરિત્રકાર એ સમજાવવા અહીં ધર્મપુરુષાર્થના જ ગુણ ગાય છે. તો આપણા મનમાં પણ આની મહત્તા અંકાઈ જવી જોઈએ. દિલનો એકજ પોકાર, કે **ધર્મ તે ધર્મ. અર્થકામની ધાંધલ એ તો સનેપાતના ચાળા. ધર્મનો ઉદ્યમ એ માનવભવની સાચી માનવતા, સ્વસ્થ શોભાવનારી પ્રવૃત્તિ.'**

**ધર્મનું મહત્ત્વ શા માટે ? અર્થ કામના મહત્ત્વમાં દયા-સત્ય ક્યાં રહે ? :-**

જો ધર્મનું મહત્ત્વ ન હોત, તો તો અર્થ અને કામ એ જ મહત્ત્વના ગણાત; અને જો એ જ ઉપાદેય હોય, સાધવા ગ્રહણ કરવા યોગ્ય હોય, તો તો પછી જીવોપર દયા, સત્ય નીતિ-પ્રામાણિકતા, સદાચાર, ક્ષમા-સંતોષ-નમ્રતા વગેરે વગેરે જરૂરી જ ન ગણાય; કેમકે એ તો પૈસા કમાવવા સાચવવા વધારવાની મહેનતમાં આડે આવતા દેખાય છે, તેમ કામ અર્થાત્, ભોગ વિલાસ ભોગવવાની આડે આવતા દેખાય છે.

આજે વિટામિન પ્રોટીન-કેલરિના નામે ઈંડા-માંસની દવાઓ, એના ટોનિક પાવડર-પ્રવાહી અને ખાદ્યો કેટલાય પ્રચલિત થઈ ગયા છે ને ? શા માટે એનો ઉપયોગ ન કરવો ? એમાં જીવોની ક્રૂર હિંસા છે માટે જ ને ? એ વાપરવામાં જીવો પર દયાનો ભાવ ઊડી જાય તેથી જ એનો ઉપયોગ નહિ ને ? એટલે આવાં ખાદ્યોનો ભોગવિલાસ કરવાની આડે જીવદયા આવીને ઊભી રહેવાની. જો ધર્મનું મહત્ત્વ ન હોય તો આ જીવદયાધર્મની ગણતરી શા માટે આડે લાવી એ ભોગવિલાસથી આઘા રહેવું ? માંસાહારની લગની લાગ્યા પછી તો, બીજી બાજુ દયાધર્મની જો જરૂર જ નથી, તો પેલી લગનીમાં મનુષ્યમાંસની પણ રાક્ષસી ભૂખ

લાગશે. પછી દયા, પ્રેમ, કૃતજ્ઞતા, કર્તવ્યપાલન વગેરે ધર્મને બાજુએ રાખી બાપને મન થયું તો દીકરાનું, અને દીકરાને મન થયું તો બાપનું માંસ કેમ નહિ ખાવા જાય ? એ તો એવી રાક્ષસી લીલા સામે દયાદિ ધર્મ જ આડે આવવાનો.

એમ, જૂઠ-અનીતિ કરી પૈસા મળતાં દેખાય છે. અને ધર્મની ગણતરી રાખવી નથી, તો પછી સગા ભાઈના કે પાડોશીના ય માલ પૈસાની ઉઠાંતરી કેમ નહિ કરે ? એમ એક કુટુંબમાં પણ કુટુંબીઓથી છાનુંછપકું સારું સારું ખાઈ લે અને પેલાઓને સામાન્ય જ ખાવાનું રહે, એને કોણ અટકાવશે ? ન્યાય-નીતિ-પ્રામાણિકતાનો ધર્મ જો જરૂરી જ નથી, તો આ લૂંટ, ઉઠાંતરી વગેરેમાં વાંધો શો ?

એમ, જો કામભોગ જ મહત્ત્વના હોય અને ધર્મ મહત્ત્વનો ન હોય, તો તો સદાચારધર્મનું ય શું કામ ? એની પણ જરૂર નહિ; પછી કૂતરા-કૂતરી કે જ્યાં ભાઈ-બેન મા-દીકરાનો ભોગસંબંધ યથેચ્છ ચાલે છે, એના જેવી દશાને કોણ રોકનાર ? શા માટે એવા ભોગ નપાસ કરવા ? એવા ભોગ કે રસ્તે જતી ગમે તે સ્ત્રીના ભોગ કોણ અટકાવે છે ? એની આડે કોણ આવે છે ! સદાચારધર્મ જ ને ? ધર્મ જરૂરી ન માનવો હોય તો એ શા માટે અકરણીય ?

એવી રીતે મૃદુ-મુલાયમ-મળતાવડો વ્યવહાર પણ રાખવાનું શું કામ તામસી ક્રોધી રુઆબભર્યા ક્રૂર કઠોર વ્યવહારની આડે ક્ષમા-નમ્રતા-સૌમ્યતાધર્મ જ ઊભો રહેવાનો. જીવનમાં જો ધર્મની કોઈ જ જરૂર નથી, તો એવા જંગલી સાવજના વ્યવહારોને અયોગ્ય શું કામ કહેવા ? એ કરનારને શા માટે અટકાવવા ? તમને એવા વ્યવહાર કરતા કોણ અટકાવે છે ? શું સામેથી માર પડવાનો ભય અટકાવે છે ? ભય જ અટકાવતો હોય તો તે તો સામે સબળા તરફથી; પરંતુ નબળા પર એવા જંગલી વ્યવહારનો શો વાંધો !

એટલે કહેવું જ પડશે કે ધર્મની તો પહેલી જરૂર છે. ખરો મહત્ત્વનો ધર્મ જ છે. એટલે જ ગમે તેવા પૈસા કે ભોગવિલાસ મળતા હોય, પરંતુ જો જીવદયા, સત્ય, નીતિ, સદાચાર, ક્ષમા-નમ્રતા-મૈત્રી વગેરે ધર્મનું ઉલ્લંઘન થતું હોય તો એ જતા કરાય છે. એટલે પહેલું મહત્ત્વ ધર્મનું આવીને ઊભું રહે છે. અહીં કેટલાક કહે છે,-

**પ્ર.**- તે એ ગુણોને જ ધર્મ કહેતા હો અને જરૂરી કહેતા હો, તે તો અમારે માન્ય છે. પરંતુ આ ભગવાનને માનવા-પૂજવા, ભગવાનના નામની માળા ગણવી, પ્રાર્થના કરવી, ગીત ગાવાં યા ત્યાગ-તપસ્યા-વ્રત નિયમ કે બીજી ધર્મક્રિયા વગેરે કરવી, એની શી જરૂર ? એ ધતિંગ નથી શું ?

**દેવદર્શનાદિ ક્રિયા-ધર્મનું મહત્ત્વ :-**

ઉ.- અહીં ખબર નથી કે આ ધર્મનું શું રહસ્ય છે ? રહસ્ય આ છે કે આવી



ધર્મસાધના કરતા રહેનારને હૈયે દેવ-ગુરુ-ધર્મનું જ ખરું મહત્ત્વ છે; અને મહત્ત્વ એને દયા સત્ય વગેરે ધર્મ જ મહત્ત્વના મનાવે છે; દેવ-ગુરુ-ધર્મનું મહત્ત્વ સમજનારાને પરલોકનો ભય છે, પાપનો ભય છે. કાયા-પુદ્‌ગલથી જુદા સ્વાત્માની ચિંતા છે. એ જ ખરેખર હિંસા-જૂઠ-અનીતિ વગેરેથી બચાવે છે. બાકી જો આ દેવદર્શન-ભક્તિ ત્યાગ, તપ વગેરે ધર્મક્રિયા અને એને ઉપદેશનારો ધર્મ, ધર્મશાસ્ત્ર તથા ગુરુઓ માનવાના જ ન હોય, તો તો ભલેને મોંઢેથી દયા-સત્ય વગેરેને જરૂરી કહે, પરંતુ એ આચરે જ શા સારુ ? સારા પૈસાટકા રંગરાગ ભોગવિલાસ વગેરે તો સુખ દેખાડે છે તેથી એની જરૂર લાગે, એ ખૂબ મળે એ જરૂરી; પણ દયા સત્ય વગેરેથી કયું સુખ મળવાનું હતું ? જીવન અર્થ-કામના સુખ માટે જીવવું છે, પછી એ સુખ ન દેખાડનારા, ઊલટું અમુક અમુક અર્થ-કામના સુખની આડે આવનારા એ દયા, સત્ય, સદાચાર વગેરેને આચરે જ શું કામ ? એ આચરાવનાર અને હિંસા-અસત્ય વગેરેથી આઘા રખાવનાર તો પરલોક ભય છે, પાપનો ભય છે, આત્માની ચિંતા છે; અને એ પેલા ધર્મક્રિયાકાંડ અને દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાની પાછળ પોષાય છે. આ શ્રદ્ધા સાથે દેવદર્શનાદિ ક્રિયા કરનારને આત્મચિંતા-પરલોકચિંતા અને પાપનો ભય ઊભા રહે છે. પણ એવા ધર્મને, એવા દેવ-ગુરુ અને શાસ્ત્રને હંબગ માનનારને એ આત્મચિંતા વગેરે હોય જ શાનું ? એને તો 'અર્થ' અને 'કામ' જ મહત્ત્વના; એ જ આદરવા લાયક; એટલે એવાને દયા-સત્ય- સદાચાર વગેરે તો હૈયાથી આડખીલીરૂપ જ લાગવાના; પછી ભલેને મોઢેથી એ જરૂરી કહેતો હોય. તો પૂછો કે,-

**પ્ર.**- તો પછી ધર્મશ્રદ્ધાવાળા અને ધર્મક્રિયાઓ કરનારા કેમ જૂઠાં બોલે છે ? અનીતિ કરે છે ?

**જુઠ-અનીતિ કોણ કરે છે ? :-**

ઉ.- એવા પણ જીવો હોય તેથી ધર્મનું મહત્ત્વ જરાય ઓછું નથી થતું. કેમકે જગતમાં જુઓ કે ઓછી કે વધુ દયા, સત્ય, નીતિ વગેરે આચરનારા મોટાભાગે કયા વર્ગમાંથી છે ? દેવ-ગુરુ-ધર્મને હંબગ માનનારા વર્ગમાંથી છે ? કે એની શ્રદ્ધા કરનારા વર્ગમાંથી ? મોટાભાગે ધર્મને માનનારામાં જ એ દયાદિનો ખપ કરનારા દેખાશે, નાસ્તિકમાંના નહિ. માટે કહો કે દયા, સત્ય, નીતિ, સદાચાર વગેરે ધર્મ પણ એ દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાની પાછળ જ ચાલ્યા આવવાના; એ વિના નહિ.

**ધર્મી કેમ ભૂલે છે ? ત્રણ કારણો :-**

પછી એ શ્રદ્ધા કરનાર અને એ દેવદર્શન આદિ ક્રિયા કરનારા પણ જે લોક દયા સત્ય વગેરેનો ખપ ન કરતા હોય, તેનું કારણ તો એ, કે (૧) કાં તો એવી

શ્રદ્ધા ખરેખરી ધરનારા નહિ હોય, યા (૨) શ્રદ્ધા છતાં એવાં સત્ત્વ અને વીર્યવાળા નહિ હોય, અથવા ધર્મશ્રદ્ધા છતાં અર્થ-કામની બહુ આસક્તિવાળા હશે માટે સત્ય નીતિ વગેરે ચૂકે છે. છતાં ખૂબી એ છે કે એના દિલમાં એ જૂઠ વગેરેનો ખટકો છે. ત્યારે ધર્મને હંબગ માનનારને તો ખટકો ય ક્યાં છે ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''** **વર્ષ-૧૬,અંક-૩,તા.૨૩-૯-૧૯૬૭**

પરંતુ ધર્મની ઉપેક્ષા કરી અર્થ-કામની પૂંઠે પડેલાને ક્યાં જોવું છે કે,

**અર્થ** (પૈસા માલમિલકત) તો પાણીમાં તણાઈ પણ જાય, અગ્નિથી બળી ય જાય, ચોર લૂંટીય જાય, રાજા ય પડાવી લે; અને દાટી રાખે એ તો ગયું ધરણીને. ત્યારે પૈસાટકાનો કે માલનો વેપાર-રંગરાગમાં ઉપયોગ કરે તો એ **માલ-પૈસા કોઈ દુશ્શીલ, મ્લેચ્છ, હિંસક દુર્જન મોહાંધ વગેરેના હાથમાં જતાં પાપો વધારનાર બને.** ત્યારે

**કામ** (વિષયસુખો) વિનશ્વર છે, ધર્મને રોકનારા છે, અને અર્થનો ક્ષય કરનારા છે, ખર્ચ કરાવનારા છે. **કામાંધ-આસક્ત મનુષ્ય વિવેક ચૂકે છે, સુકૃત-સત્કૃત્યો ચૂકે છે, પુણ્ય વેચીને પાપ ખરીદે છે.**

માટે અર્થ અને કામ બંને અનર્થરૂપ છે, ચરિત્રકાર કહે છે કે તો પછી આવા અધમ-પુરુષાર્થ 'અર્થ-કામ'થી સર્યું. ઉત્તમ એવો ધર્મપુરુષાર્થ જ આદરણીય છે,

હવે ધર્મ તો આ જગતમાં ગોવિંદ, સ્કન્દ, કપિલ, કણાદ વગેરે ઘણાના કહેલા પ્રવર્તે છે. પરંતુ એ બધા ધર્મોમાં મેરુ સમાન, ઇંદ્ર સમાન, કલ્પવૃક્ષ સમાન ધર્મ તો એકમાત્ર જિનેશ્વર-ભાષિત ધર્મ જ છે.

**પ્ર.- જિનેશ્વર-ભાષિત ધર્મ જ કેમ શ્રેષ્ઠ ?**

**ઉ.- કારણ, જિનોક્ત જ ધર્મ (૧) સ્વરૂપશુદ્ધ, (૨) કારણશુદ્ધ અને (૩) ફળશુદ્ધ છે.**

**(૧) સ્વરૂપશુદ્ધ આ રીતે** કે એનું સ્વરૂપ કષ, છેદ, અને તાપની પરીક્ષામાં પસાર છે.

(ક) **કષ પરીક્ષામાં પસાર** એટલા માટે કે જિનેશ્વરદેવના કહેલા ધર્મમાં યોગ્ય વિધિ-નિષેધો છે. દા.ત. એ કહે છે, 'તપ-સ્વાધ્યાય આદિ કરો;' એ વિધિ કહેવાય,'હિંસાદિ ન કરો;' એ નિષેધ કહેવાય. એમ તો બીજા ધર્મો પણ આ કહે, કિન્તુ એ પાછા તાપ પરીક્ષામાં પસાર નથી. જ્યારે, જિનોક્ત ધર્મ તો તાપ પરીક્ષામાં પણ પસાર છે.



(ખ) **છેદ પરીક્ષામાં પસાર** એ રીતે કે એ વિધિ નિષેધને અનુકૂળ હોય એવા આચાર પાળવાના બતાવે છે. દા.ત. એ કહે છે,-

**'સમિતિ-ગુપ્તિનું પાલન કરો.'**

**સમિતિ એટલે** (i) ઝીણામાં ઝીણા પૃથ્વી-પાણી-વનસ્પતિ વગેરેના પણ જીવની હિંસા ન થાય એ રીતના ગમનાગમન, (ii) એવી ભાષા (iii) એવા આહાર પાણી, (iv-v) એવું વસ્તુનું લેવું મૂકવું અને ત્યજવું.

**ગુપ્તિ એટલે** મન-વચન-કાયાના અશુભ વ્યાપારો બંધ કરી શુભ વ્યાપારોમાં યાને શુભ વિચાર-ઉચ્ચાર-વર્તાવમાં પ્રવર્તવું, આવા આચાર બીજા ધર્મમાં નહિ મળે, એમાં તો સંસાર છોડી જંગલમાં જઈ યોગી તાપસ બની બેઠેલાના પણ આચાર તરીકે સચિત્ત યાને સજીવ જળપાનસ્નાન, ફળાહાર, પંચાગ્નિતાપ વગેરે બતાવે છે કે જેમાં જીવહિંસાના નિષેધનું પાલન નથી. કોક ધર્મ સ્થૂલથી કહેતો હોય તોય એ તાપ પરીક્ષામાં પસાર નથી.

(ગ) **તાપ પરીક્ષામાં પસાર** એ, કે જે ધર્મમાં એવા સિદ્ધાન્તો અને તત્ત્વવ્યવસ્થા બતાવી હોય કે જે વિધિ-નિષેધ અને આચારપાલન સાથે સંગત થાય, બીજા ધર્મોમાં આ સંગતતા નથી. દા.ત.;

**વૈદિક ધર્મો** આત્માને એકાન્તે નિત્ય માને છે. પરંતુ હવે વિચાર કરો કે જો નિત્ય જ હોય તો વિધિ પાળીને એના ફળરૂપે પુણ્ય ભોગવવાનું કોને ? કેમકે એ ફળ ભોગવવા આત્માએ જુદી અવસ્થામાં જવું પડે. એકાન્તે નિત્ય હોય તે તો એવો ને એવો ઊભો રહેવાનો; એ કાંઈ અવસ્થા-પરિવર્તન સહી શકે નહિ. પરિવર્તન એટલે તો કંઈક અનિત્યતા. એકાન્તે નિત્યને આ શાનું હોય ? ત્યારે,

**બૌદ્ધધર્મ** કે જે આત્માને એકાન્તે ક્ષણિક માને છે, એને પણ વિધિ પાળ્યાનું ફળ ભોગવવાનું હોય નહિ, કેમકે એ તો ક્ષણિક એટલે ક્ષણમાં ઊડી ગયો, નષ્ટ થઈ ગયો, ઊભો જ નથી. પછી એને ભોગવટો શાનો ? આમ, એકાન્ત સિદ્ધાન્તવાળા ધર્મ તો વિધિ-નિષેધ અને આચારપાલનની સંગતિ નહિ કરી શકે. વિધિ-નિષેધ અને આચારપાલન એમના સિદ્ધાન્તને સંગત ન બને. ત્યારે જૈન ધર્મ અનેકાન્તવાદી છે. દા.ત. એ આત્માને નિત્યાનિત્ય માને છે, તેથી નિત્યાંશરૂપે એ ઊભો રહે છે, તેથી ફળ ભોગવી શકે; અને અનિત્ય રૂપે એ અવસ્થા પલટે છે, અર્થાત્ અવસ્થાના પરિવર્તનને સહે છે માટે એમાં અવસ્થા બદલી શકે.

આમ, જિનેશ્વરભાષિત ધર્મ સ્વરૂપ શુદ્ધ છે.

**(૨) કારણશુદ્ધ એ રીતે** કે આ ધર્મ યોગ્ય કારણમાંથી જન્મે છે.

'કારણ' બે રીતે;- એક તો ધર્મના મૂળ ઉપદેશકને એ ધર્મ પ્રગટવાનું કારણ

કહેવાય. તે ઉપદેષ્ટા યોગ્ય જોઈએ, તો જ ધર્મકારણ શુદ્ધ કહેવાય. જૈન ધર્મના ઉપદેશક વીતરાગ સર્વજ્ઞ ભગવાન હોઈ યોગ્ય આપ્ત વિશ્વસનીય પુરુષ છે; માટે એ ધર્મ કારણશુદ્ધ છે. બીજા ધર્મો એવા નથી, કેમકે એના મૂળ ઉપદેશક વીતરાગ- સર્વજ્ઞ નથી. એમનામાં ઓછાવત્તા અંશે રાગ-દ્વેષ છે, એ એમની જીવન ઘટનાઓ પરથી જણાય છે. તેમજ એમને કેટલીય વસ્તુની ખબર નથી હોતી, એવું એમનું જીવન કહી આપે છે. દા.ત. બુદ્ધને ખાતાં ખાતાં ખબર પડી કે આમાં સૂવરનું માંસ આવ્યું તેથી એ કાઢી નાખ્યું. આ બતાવે છે કે ખાતાં પહેલાં લેતી વખતે ખબર નહોતી. જો ખબર નહોતી તો પછી સર્વજ્ઞતા ક્યાં રહી ? તો એમનાથી ઊભો થયેલો ધર્મ કારણશુદ્ધ શી રીતે ? એ જે કહે તે બધું એમણે સાક્ષાત્ જોયું નથી, તો સત્ય જ હોય એમ કેમ કહેવાય ? શ્રી કૃષ્ણનું જીવન કહે છે કે એમને કુરુક્ષેત્રના યુદ્ધ વખતે સામાના બધા જ વ્યૂહ, દાવ, પ્રપંચ, હાર-જિત વગેરેની સંપૂર્ણ ખબર નહોતી, તો એ સર્વજ્ઞ ક્યાં ? પછી એમનાથી ઉદ્ભવેલ ગીતા ધર્મ સત્ય જ શી રીતે ?

ધર્મ એવી ચીજ છે કે એમાં કેટલીય અતીન્દ્રિય વાતો આવે જ, જો એ ધર્મ આત્માને સ્વતંત્ર તત્ત્વ માનીને ચાલતો હોય. જે ધર્મ આત્માને ન માને એની તો કાંઈ વાત જ કરવાની રહેતી નથી. એવાને તો દયા, અહિંસા સત્યની જરૂર જ શી ? પણ આત્મતત્ત્વ માનનારને તો એ આત્મા અંગે કેટલીય અતીન્દ્રિય અર્થાત્ ચર્મચક્ષુથી ન દેખાય એવી ચીજો માનવી જ પડે. હવે જો ધર્મ-પ્રરૂપક સર્વજ્ઞ નથી તો એ અતીન્દ્રિય વસ્તુનું નિરૂપણ કેવું કરે ? કાલ્પનિક જ ને ? તો પછી એવા ધર્મ ઉપર ભરોસો કેમ રખાય કે આ સો ટચના સોના જેવો ધર્મ છે ? એટલે વીતરાગ-સર્વજ્ઞ જિનેશ્વર ભગવંતનો કહેલો જ ધર્મ, અતીન્દ્રિય અરૂપી પદાર્થોને, યથાસ્થિત કહેનારો હોય; કેમકે એ કેવળજ્ઞાનરૂપી ચક્ષુથી થયેલા સ્પષ્ટ દર્શન પૂર્વકનો હોઈને સત્ય નિઃશંક અને સો ટચનો શુદ્ધ હોય.

આમ, જિનોક્ત ધર્મ પ્રગટવામાં કારણભૂત વીતરાગ-સર્વજ્ઞ ભગવાન હોઈ એક રીતે એ કારણશુદ્ધ થયો.

**(૨) હવે બીજી રીતે ધર્મ કારણશુદ્ધ એ રીતે, કે**

**ધર્મ સર્વજ્ઞકથિત વિધિ-નિષેધના પાલનરૂપ આંતરિક ભાવ છે, અને તે રાગદ્વેષના હ્રાસમાંથી ઊઠવો જોઈએ.**

આપણે જિને કહેલી હિંસા નિષેધ યાને અહિંસા પાળતા હોઈએ અને તપ-સ્વાધ્યાય-અરિહંતધ્યાન આદિ વિધાન આચરતા હોઈએ, પરંતુ એ જોવું જોઈએ કે એ પાળવા આચરવાનું શામાંથી ઊઠ્યું છે ? શું અનાદિના જટિલ નિબિડ ઈષ્ટ વિષયરાગ-અનિષ્ટ વિષયદ્વેષના ઓછા થવામાંથી ઊઠ્યું છે ? કે ઊલટું એ રાગ-



દ્વેષ અકબંધ રહીને યા વૃદ્ધિ પામીને ઊઠવા પામ્યું છે ? જો આ જિનોક્ત તપ આદિ કર્તવ્યોનાં આચરણ અને હિંસાદિ અકર્તવ્યોના ત્યાગ કોઈ દુન્યવી વિષયસુખો લોક વાહવાહ વગેરેના રાગને લીધે કરીએ છીએ તો એ રાગમૂલક ધર્મપાલન થયું. ધર્મ પાળવાનું ખરાબ ભાવમાંથી જન્મ્યું. એવું ધર્મપાલન એ કારણ શુદ્ધ ન કહેવાય. કારણ ધર્મ સ્વીકારવા પાળવાના ભાવ તરીકે તો દિલમાં પૂર્વે રાગ-દ્વેષનો હ્રાસ જોઈએ, ત્યારે અહીં તો રાગનું પોષણ પડ્યું છે.

**અભવીનો કડક પણ ચારિત્રધર્મ મોક્ષદાયી કેમ નહિ ? :-**

અભવી જીવો પણ જૈન ચારિત્ર લે છે, અને એવું અણીશુદ્ધ પાળે છે કે એના બળે એ વૈમાનિકના બાર દેવલોકની ઉપરના 'નવ ગ્રૈવેયક' નામના દેવલોકમાં જાય છે; છતાં પણ એ પમાડનારો એનો ચારિત્રધર્મ કારણશુદ્ધ નથી. એનું કારણ શું ? શું પાળવા-આચરવામાં ખામી છે ? ના, માખીની પાંખ જેવું પાળે છે, અર્થાત્ માખી જેમ પોતાની પાંખને કોઈ કચરો-ચિકાશ વગેરે ન લાગી જાય એવી વારંવાર સાફસુફી રાખે, એમ આ જીવ ચારિત્રને કોઈ મેલ અતિચાર ન લાગે એવી ઉજ્જવળતા રાખીને પાળે છે કોઈ ખામી નહિ આવવા દે. તો પછી કેમ એ જીવનો મોક્ષ નથી થતો ? એનું કારણ આ જ કે એનો ચારિત્રધર્મ કારણશુદ્ધ નથી; કેમકે એ દેવલોકના જડ વિષયોના રાગને લઈને સ્વીકાર્યો-પાળ્યો છે. ચારિત્ર લેવા-પાળવાનું કારણ મેલું છે; તેથી કારણશુદ્ધ ન કહેવાય. **રાગના અશુભ ભાવમાંથી જન્મેલ ધર્મ સ્વીકાર-પાલન કારણશુદ્ધ નહિ.**

એમ વિનયરત્ને બાર વર્ષ ચારિત્ર પાળ્યું, એવું પાળ્યું કે એના વિનયાદિ ગુણ જોઈને મહાન પ્રભાવક આચાર્યદેવ શ્રી કાલિકસૂરિજી મહારાજ જેવાએ એને 'વિનયરત્ન'નો ઇલ્કાબ આપ્યો. પરંતુ એનું એ ચારિત્ર કેમ એને તારનારું ન બન્યું ? એટલા જ માટે કે એ ઉદાયી રાજા પ્રત્યેના દ્વેષમાંથી જન્મ્યું હતું. દ્વેષના લીધે જ એને મારી નાખવાના એક ઉપાય તરીકે ચારિત્ર લીધું હતું. તો એનો ચારિત્રધર્મ કારણશુદ્ધ ન રહ્યો; પછી ભલે ને એ ચારિત્ર જિનશાસનના ઘરનું હતું, ને વિનયાદિ ગુણયુક્ત હતું; તેથી શું ? જો મુરાદ મેલી હતી, કારણ અશુદ્ધ હતું;

**દ્વેષના મલિન ભાવમાંથી જન્મેલ ચારિત્ર સ્વીકાર પાલન કારણશુદ્ધ નહિ.** તો એ ચારિત્ર, ગુરુવિનય, સાધુસેવા, વગેરેનાં આચરણ અને આચરવાનો ભાવ કારણશુદ્ધ ધર્મ નહિ કહેવાય.

**પ્ર.**- પણ ધર્મ તો સારો કર્યો ને ?

ઉ.- અરે ! **ધર્મ તો દુર્ગતિ - પતનમાંથી, ને ભવોભવના વિકસતા ભ્રમણમાંથી ધારનાર છે, બચાવનાર છે, માટે જ એને ધર્મ કહેવાય છે.**

ત્યારે ધર્મ-આચરણા જો રાગ કે દ્વેષમાંથી ઊઠી તો તો એ અશુદ્ધ કારણમાંથી જન્મી કહેવાય. એથી દિલના એ ખાસ રાગ-દ્વેષાદિ મેલા ભાવનાં પોષણ છતે કાંઈ ભવ ટૂંકા ન થાય, ભવ ભ્રમણ વધે. રાગદ્વેષ-કષાયો તો સંસારનું મૂળ કારણ છે. માટે તો એને 'કષાય' કહે છે. 'કષ' એટલે સંસાર, એનો 'આય' યાને લાભ જેનાથી થાય તે કષાય. એ સંસારનો લાભ કરાવનારા ભવ વૃદ્ધિ કરનારા છે. એ જો જીવતા જાગતા બેઠા છે. પાવરફુલ છે, જરા ય ઓછા થયા નથી, તો પછી ભવ ટૂંકા ક્યાંથી થાય ? એથી તો ભવભ્રમણ વિકસે.

**ભવવૃદ્ધિનું મૂળ કારણ પ્રબળ રાગ-દ્વેષ.** એ જો સલામત, તો પછી એના પર ઉઠેલો ધર્મ, યાને સર્વજ્ઞોક્ત પણ વિધિ-નિષેધની પાલનબુદ્ધિ અને પાલન ગમે તેવા ઊંચા હોય, છતાં જીવને એ ભવભ્રમણમાંથી ક્યાંથી ધારે ? ક્યાંથી બચાવે ? કેમકે ભવપોષક રાગદ્વેષ સલામત છે.

વિશ્વભૂતિ મુનિએ કડક ચારિત્ર અને કઠોર તપ ભલે શુભભાવથી આચર્યાં, પરંતુ પાલનમાં પાછળથી સાથે ઉચ્ચ બળનો રાગ ઊભો કર્યો, એ બળ મળે એવું નિયાણું કર્યું, એટલે હવે ધર્મપાલનનું કારણ રાગ બનાવ્યું તો ભવ વધી ગયા. એવું સુભૂમ-બ્રહ્મદત્ત ચક્રવર્તીઓને પૂર્વ ભવે કરેલ ધર્મસાધનામાં થયું; તેથી એ અહીં ધર્મનું ટૂંકું તુચ્છ ફળ ચક્રવર્તીપણું પામી ઘોર દુઃખ ભરી સાતમી નરકે સિધાવી ગયા.

અગ્નિશર્માએ લાખો પૂર્વ માસખમણ કર્યા, પરંતુ એના મૂળમાં ગુણસેન રાજા પર ભયંકર દ્વેષ ઘાલી દીધો તો એનો અનંત સંસાર ઊભો થયો.

આમ આટલો ધર્મ છતાં ભવવૃદ્ધિ ! હા, કારણ એ કે એ ધર્મ કારણશુદ્ધ રહ્યો નહિ.

**ધર્મ દુર્ગતિથી ધારે, બચાવે, પણ એ કારણશુદ્ધ હોય તો જ.** માટે જ પૌદ્‌ગલિક આશંસાથી કરાતી ધર્મસાધનાથી ભવ ટૂંકા નહિ, લાંબા થાય. તેથી ધર્મ કારણશુદ્ધ આરાધવો જોઈએ. ઈષ્ટ અનિષ્ટ વિષયોના રાગ-દ્વેષ ઓછા થઈને ધર્મ ઊઠવો જોઈએ.

**કોઈ પૂછે 'ધર્મ કેમ કરો છો ?'**

તો કહીએ, 'સંસાર નથી ગમતો માટે.'

'સંસાર કેમ નથી ગમતો ? એમાં તો સારાં ખાનપાન, લાડી-વાડી-ગાડીનાં સુખ મળે છે ને ?'

'મળે, પણ શું કરવાના ? એથી જ જીવને ભવિષ્યમાં ભવમાં ભટક્યા કરવાનું થાય છે; તેમ અહીં પણ જીવન નાશવંત હોઈ એનો અવશ્ય વિયોગ થાય, અને તે વખતે એમાં રાચેલા-માચેલા જીવને પારાવાર દુઃખ થાય છે, પછી એના પર શો રાગ કરવો ?



**દુઃખનો અંત ને દુઃખની પરંપરા સર્જનાર એવા સુખ પણ દેખાડનારો સંસાર શે ગમે ?**

**સંસાર-વિરક્ત હૃદયથી ધર્મ થાય એ રાગના હ્રાસમાંથી જન્મ્યો; માટે એવા ધર્મને કારણશુદ્ધ કહેવાય.**

**વળી જો એ સર્વજ્ઞ જિનેશ્વર ભગવાને કહેલ વિધિ-નિષેધના પાલન-સ્વરૂપ છે, તો એ કષ-છેદ-તાપની પરીક્ષામાં વિશુદ્ધ છે, તેથી એ સ્વરૂપશુદ્ધ છે,**

(૩) **હવે ધર્મ ફળશુદ્ધ એ,** કે જે ધર્મનું ફળ પણ એવું આવવું જોઈએ કે ધર્મનો જે સાચો શુભ ઉદ્દેશ છે, પ્રયોજન છે, તે સિદ્ધ થાય, ધર્મનો સાચો ઉદ્દેશ ભવ ટૂંકા થઈ મોક્ષની નિકટ જવાય એ છે.

**મોક્ષ નિકટ તો જ બને કે ધર્મસાધનાથી 'તુષ્ટિ-પુષ્ટિ' થાય.**

**'તુષ્ટિ'** એટલે રાગદ્વેષ-મળનો અપચય, ઘટાડો, હ્રાસ.

**'પુષ્ટિ'** એટલે પુણ્યોપચય, પુણ્યાનુબંધી પુણ્યની વૃદ્ધિ. અહીં કદાચ પૂછશો,-

**પ્ર.- મોક્ષ માટે રાગદ્વેષ મળનાશ તો જરૂરી; પરંતુ પુણ્યવૃદ્ધિની શી જરૂર ?**

ઉ.- પણ આવું કહેનારને ખબર નથી લાગતી કે મોક્ષે વીતરાગ બન્યા સિવાય જવાતું નથી એ જેટલું સાચું છે એટલું જ આ પણ સાચું છે કે વીતરાગ બનવા માટે યોગ્ય ભવ જોઈએ જ, યોગ્ય મનોબળ જોઈએ જ, યોગ્ય સંયોગ-સામગ્રી જોઈએ જ.

**વીતરાગતા લાવવા રાગ-દ્વેષનો મળ કપાતો આવવો જોઈએ છે.** એટલે કે મળનો અધિકાધિક હ્રાસ જરૂરી છે આ વસ્તુ મનુષ્યભવમાં જ થઈ શકે છે. તે પણ પરાકાષ્ઠાએ સર્વથા મળનાશ તો ત્યારે જ થઈ શકે કે જો મનોબળ સર્વશ્રેષ્ઠ સંઘયણના હિસાબે બળવાન હોય. ગમે તેવા મોટા દેવતાઈ ભારે અનુકૂળ સંયોગો બની આવે છતાં મન એમાં લલચાય નહિ, રાગમાં જરા ય તણાય તો નહિ, ઊલટું વૈરાગ્ય જ વધારે, એટલું એ બળવાન હોય. એમ ગમે તેવા કષ્ટ આપત્તિ-ઉપદ્રવ આવે છતાં એમાં મન ઉદ્વિગ્ન-ખિન્ન-કરમાયેલું ન બને; એટલે કે દ્વેષમાં ન તણાય, એટલું એ પ્રબળ હોય, આવું પ્રબળ મન તો જ રહે કે જો શરીરનું સંઘયણ-બળ યાને સાંધાબળ મજબૂત હોય. કેમકે જેવું સંઘયણ બળ હોય તેના પ્રમાણમાં મનોબળ રહી શકે છે, દૂબળા સંઘયણમાં તેવું મનોબળ નહિ, તેથી સમગ્ર રાગદ્વેષનો નાશ શક્ય નથી. માટે તો આ પાંચમા આરામાં મળેલા શરીર-સંઘયણના હિસાબે વીતરાગ બની શકાતું નથી. ત્યારે ચોથા આરામાં ઉચ્ચ સંઘયણબળ અને ઉત્કૃષ્ટ મનોબળ લભ્ય છે. ત્યાં પણ એ મનોબળથી વીતરાગ બનાવનારા શુભ ધ્યાનમાં ચડે, પણ જો આયુષ્ય લાંબું ન પહોંચતું હોય અને અધવચ્ચે જ ખૂટી જાય, તો એ ધ્યાન

અટકી પડે, ને વીતરાગ ન થવાય.

આમ, વીતરાગ દશા આવે ત્યાં સુધીનો રાગદ્વેષ મળનો સંપૂર્ણ નાશ મનુષ્ય ભવ હોય, ઉચ્ચ સંઘયણબળ હોય, અને આયુષ્ય દીર્ઘ તો જ બની શકે, સાથે એ ભવમાં વીતરાગ દેવ, નિર્ગ્રન્થ ગુરુ અને વીતરાગદેવનાં વચન સાંભળવા મળે, એ પણ જરૂરી છે; અને માનવભવ ઉચ્ચ સંઘયણ બળ, દીર્ઘ આયુષ્ય વગેરે બધું પુણ્યના ઉદયે જ મળી આવે. એટલે વીતરાગ દશાએ પહોંચવા માટે પુણ્યની પણ જરૂર સિદ્ધ થાય છે.

પુણ્ય પણ નિષ્કલંક જોઈએ. નહિતર પુણ્યની સાથે તેવા જટિલ પાપાનુબંધ પડ્યા હોય, પાપ-બીજરૂપ તીવ્ર મોહનીયકર્મ ઉદયમાં વર્તતું હોય, તો પુણ્યથી માનવ ભવ વગેરે મળેલું છતાં ઉત્કટ રાગદ્વેષમાં પડવાનું થાય. ત્યાં વીતરાગદશા પામવાની વાત ક્યાં ? ત્યાં તો નરકાદિ દુર્ગતિ સાધવાની તૈયારી ચાલતી હોય માટે પુણ્ય પાપાનુબંધવાળું નહિ, રાગાદિના સંકલેશવાળું નહિ, પણ સંકલેશ વિનાનું જોઈએ, વિશુદ્ધ જોઈએ. આવા વિશુદ્ધ પુણ્યની વૃદ્ધિ એટલે 'પુષ્ટિ;' અને રાગદ્વેષરૂપી મળનો હ્રાસ એટલે 'તુષ્ટિ.' ધર્મ સાધીએ તે જો આ તુષ્ટિ-પુષ્ટિ કરનારો હોય તો જ એ વીતરાગદશાની નિકટ લઈ જાય, મોક્ષની નજીક લઈ જાય; અને એ ફળ જ ઈષ્ટ છે, એટલે એવો ધર્મ ફળશુદ્ધ કહેવાય.

વીતરાગ-સર્વજ્ઞ ભગવાનનો ધર્મ જ આવો ફળશુદ્ધ ધર્મ છે. આમ, એ જ ધર્મમાં ત્રણે રીતે શુદ્ધતા છે; એ જ સ્વરૂપશુદ્ધ, કારણશુદ્ધ અને ફળશુદ્ધ છે. માટે જગતમાં ભલે ધર્મના નામે ઘણા ધર્મ ચાલતા હોય પણ એ સર્વમાં કલ્પવૃક્ષસમાન સમર્થ ધર્મ તો વીતરાગ-સર્વજ્ઞ શ્રી જિનેશ્વર ભગવાનનો કહેલો જ હોય છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''  વર્ષ-૧૬,અંક-૪,તા.૩૦-૯-૧૯૬૭**

શ્રી કુવલયમાળાના રચયિતા મહાપુરુષ આચાર્ય શ્રી ઉદ્યોતનસૂરિજી મહારાજ આગળ ફરમાવે છે કે આ ધર્મ ચાર પ્રકારે છે, - દાનમય, શીલમય, તપમય, અને ભાવનામય. પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાને પોતે આ ચાર પ્રકારના ધર્મની સાધના કરી કેવળજ્ઞાન સર્વજ્ઞતા પ્રાપ્ત કરી, અને પછી આ અવસર્પિણી કાળમાં શુદ્ધ ધર્મનો પ્રકાશ આપ્યો.

**પ્રભુએ શી રીતે ચતુર્વિધ ધર્મ સાધ્યો ?**

(૧) પહેલું તો વર્ષીદાન દીધાં, વરસ સુધી લોકોને ઘોષણાપૂર્વક દાન દીધા કર્યું; એ દાનધર્મની સાધના થઈ. પછી (૨) પ્રભુએ ઘરવાસ ત્યજી અણગારપણું



-સાધુપણું એટલે કે સર્વથા અહિંસાદિ-વ્રતમય સર્વવિરતિ સામાયિક સ્વીકાર્યું, સંયમ પાળવા લાગ્યા એ શીલધર્મ સાધ્યો. (૩) એમાં સાથે તપસ્યા, કાયકષ્ટ, સંલીનતા યાને મન-વચન-કાયાનું સંગોપન-સંકોચ-સંયમન, ધ્યાન વગેરે કરતા રહ્યા એ તપધર્મની સાધના કરી. (૪) આ સાધના વખતે અનિત્યતા-અશરણતા વગેરે બાર તત્ત્વની ચિંતવના કરી તે ભાવનાધર્મ સાધ્યો કહેવાય.

'બાહ્ય ધન-ધાન્ય-કાયા-પરિવારાદિના સંયોગ અનિત્ય છે, નાશવંત છે; તેમજ આભ્યન્તર ક્રોધાદિ ભાવના સંયોગો પણ તેવા જ છે,' એવું ચિંતન અનુપ્રેક્ષા એ ભાવના કહેવાય. એ ચિંતનથી આત્માને એવો ભાવિત કરવાનો છે કે સહેજે એ બાહ્ય-અભ્યન્તર સંયોગ પર દૃષ્ટિ જતાં એ અનિત્ય જ ભાસે, ત્યારે આત્મા તો નિત્ય છે, અવિનાશી છે. એને એ સંયોગ શા કામના ? એવું આત્માનું સ્વાભાવિક વલણ તૈયાર થાય એમાં આત્મા ભાવિત થયો કહેવાય. વારંવારની હૃદયપૂર્વક અનિત્ય આદિ ચિંતવનાના કરાતા અભ્યાસથી આત્મા તેવો ભાવિત થાય છે, માટે એ ચિંતવનાઓને ભાવના કહેવાય છે. એમ જ્ઞાન-દર્શન-ચારિત્ર અને વૈરાગ્યના પ્રખર અભ્યાસથી પણ આત્માને ભાવિત કરી દેવાનો છે કે જેથી શ્વાસોશ્વાસે-શ્વાસોશ્વાસે જ્ઞાનાદિ વણાઈ જાય. મનના સહજ ભાવ જ્ઞાનાદિમય બની જાય. એટલે આવા અભ્યાસને પણ ભાવના કહે છે. શ્રી ઋષભદેવ પ્રભુએ આ ભાવનાધર્મની પણ સાધના કરી.

ચારે પ્રકારના ધર્મની સાધનાને અંતે વીતરાગ-સર્વજ્ઞ બની પ્રભુએ જગતને પણ આ દાન-શીલ-તપ ભાવનામય ચતુર્વિધ ધર્મનો ઉપદેશ આપ્યો.

**આપણા માટે કયો ધર્મ સુકર ?**

ચરિત્રકાર કહે છે, આપણા જેવા હીન સત્ત્વવાળા જીવો પ્રભુએ સાધેલ દાન-શીલ-તપધર્મથી ઘણે દૂર પડેલા છીએ. કેમકે તેવાં વાર્ષિક દાન દેવા જેટલું ધન પાસે નથી; ઉચ્ચ વ્રતમય શીલ પાળવાનું સત્ત્વ છે નહિ; તેમજ તેવો પ્રબળ તપધર્મ સાધવા જોગું શરીર-સંઘયણ મળ્યું નથી. પરંતુ અનિત્યતા આદિના સહૃદય ચિંતન કરવા રૂપ ભાવનાધર્મ સુખે આદરી શકાય એવો છે. એ કાંઈ તેવા ધનની, સત્ત્વની કે સંઘયણની સગવડ હોય તો જ થાય એવું નથી. એ તો મનથી સાધવાની વસ્તુ છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવ બનવાનું પુણ્ય ઉદયમાં છે, એટલે ચિંતન-મનન-ભાવના કરી શકે એવું મન મળેલું છે. તો પછી એ મનથી આ અનિત્યતાદિ ભાવનાઓ કરવાનું સરળ છે, ભાવનાધર્મ સુકર છે.

ચરિત્રકાર મહર્ષિ હવે એ બતાવે છે કે ભાવનાધર્મની કેટલી બધી અતિ અગત્ય છે ? અત્યંત આવશ્યક્તા છે ?

**ભાવના ધર્મની અતિ આવશ્યક્તા :-**

એ કહે છે કે આપણું ચિત્ત દુનિયાના કોલાહલથી ખેંચાયેલું અને હોંશપૂર્વક બાહ્યના ભૂસા કૂટતું રહે છે. એમ જ મિથ્યા વાતોમાં પરોવાયેલું તેમજ બીજાના દોષ, ખામીઓ વગેરેની ચિંતા કરનારું બન્યું રહે છે. માટે બહેતર છે કે એવામાં મનને પાડવાને બદલે મનને જિનેન્દ્ર ભગવાન, સાધુ મહાત્માઓ અને સત્પુરુષોનાં ગુણગાનમાં નિરંતર રોકાયેલું રાખીએ. એથી ભાવનાધર્મની સાધના થતાં આ જન્મ કાંઈક સફળ થાય.

શાસ્ત્રકારે મનને નાથવાનો કેવો સુંદર પ્રકાર બતાવ્યો ! આજે ફરિયાદ વર્ષોના વર્ષો કર્યે જવાય છે કે 'અમારું મન સ્થિર રહેતું નથી, મનમાં ખોટા વિચારો-આડાઅવળા વિચારો બહુ આવે છે, મનને ચિંતા-સંતાપો બહુ થાય છે...,' પરંતુ એનો ઉપાય કોઈ લીધો ? શું આ અસાધ્ય દરદ છે ? ઉપાય આદરવો નહિ, ને માની લેવું કે 'આ સ્થિતિ એમ જ રહેવાની સુધરવાની નહિ,' તો પછી એની ફરિયાદ શા માટે ? વાત ખોટી છે, આ અસાધ્ય દરદ નથી. ઉપાયસાધ્ય છે. ઉપાય આ છે કે તીર્થંકર ભગવાન તથા મહાપુરુષોનાં ગુણગાનમાં ચિત્ત લગાડવું, એમનાં સચ્ચરિત્રો વિસ્તારથી વિચારવા.

**ઉત્તમ ચરિત્રો વાંચવા-વિચારવાથી બે લાભ,**-(૧) એક તો એટલો સમય મન એમાં રોકાયેલું રહેવાથી મનમાં બીજા-ત્રીજા વિચારો ન આવે, સંકલ્પ-વિકલ્પો અટકે, દુર્ધ્યાન બંધ પડે; અને (૨) બીજો લાભ એ કે મહાપુરુષોનાં જીવનચરિત્ર આલેખનાર શાસ્ત્રકારો એમાં એમના સુકૃતો-સત્પરાક્રમો, અને ક્ષમા-સમતા-સહિષ્ણુતાદિ અનેકાનેક સદ્ગુણો તો વર્ણવે જ છે, ઉપરાંત એવા સુંદર ઉપદેશો હિતશિક્ષાઓ મૂકે છે, તે તે પાત્રની સુંદર ભાવનાઓ વર્ણવે છે, ઉચિત ઉદ્ગારો આલેખે છે, કે એ બધું વાંચતાં વિચારતાં આપણા મનનું સંશોધન થાય છે, કુસંસ્કારોનું પરિમાર્જન થતું આવે છે, સુસંસ્કરણ થયા કરે છે. એથી પણ મનને સારું બળ મળવાથી ફુજૂલ વિચારો ને કચરાપટ્ટી વિચારો પ્રત્યે ઘૃણા ઊભી થવાથી એમાં મંદતા આવે છે, એવા વિચાર મોળા પડે છે, એકલાં રોદણાં રોવાને બદલે, આવા ઉપાય આદરવા જોઈએ,

આમ, સત્પુરુષોનાં જીવનચરિત્રનું વાંચન-મનન એ મનની સ્થિરતા-સ્વસ્થતા-સ્વચ્છતા માટે એક પ્રકારનો સચોટ વ્યાયામ છે, ટંકશાળી તાલિમ છે. ભાવનાધર્મની સાધના કરવાનું આવા સચ્ચરિત્રનાં ચિંતન-મનનથી સુંદર થાય છે. માટે જ આ ચરિત્રકાર કહે છે કે મનથી આહટ્ટદોહટ્ટ વિચારો કરવાને બદલે, બીજાની બાબતોમાં માથું મારવાને બદલે, મિથ્યા શાસ્ત્રોની વાતોમાં મન ઘાલવા કરતાં, તેમજ પરદોષ-



પ્રેક્ષણચિંતનમાં પડવાને બદલે જિનેન્દ્રપ્રભુ, શ્રમણો અને સત્પુરુષોનાં ગુણો હૃદયમાં વિચારતા રહી જનમ સફળ કરવો. આ ગુણોનું ચિંતન એમનાં ચરિત્ર વિચારવાથી બને. એ ચરિત્ર એ ધર્મકથા છે. પાદલિપ્તસૂરિ-વિરચિત તરંગવતી તરંગલોલા વગેરે ધર્મકથાઓ છે.

**૪ પ્રકારની કથા કેમ ? :-**

શાસ્ત્રકાર કહે છે ધર્મકથા જિનેશ્વરદેવોએ ચાર પ્રકારની કહી છે. એનું કારણ, ધર્મકથામાં અનેક પ્રકારના જીવોના હૃદયના ભાવ વિચારવાના હોય છે. એ વિચારવાનું એટલે એ જોવાનું કે 'કેવા કેવા જીવો કેવા કેવા ભાવથી આગળ વધે છે, ને કેવા કેવા ભાવ કરી પાછા પડે છે,...વગેરે.' આ વિચારવાનું હોય એટલે સહેજે એ જોવાય કે;

**(૧) આકર્ષિણી કથા :-**

ધર્મથી સાવ પરાઙ્મુખ છતાં ઉપદેશકની આ કથાથી એના ભાવ કેવા બદલાયા, એ કેવો પરાઙ્મુખ મટી સન્મુખ થયો !' આવી કથા આવાં ઉદ્બોધનને આકર્ષિણી કથા કહે છે. 'કથા' એટલે ઉપદેશ, પ્રતિપાદન, ઉદ્બોધન તે એવું કે શ્રોતાને શ્રવણ તરફ આકર્ષે, એનું નામ **આકર્ષિણી કથા.**

**ચાર કથાનું દૃષ્ટાન્ત કપિલ :-**

ચરિત્રકાર આ અને બીજી ત્રણ કથા,-વિક્ષેપિણી, સંવેદની અને નિર્વેદની, એમ ચારને સમજાવવા; માટે દૃષ્ટાન્તરૂપે ૫૦૦ ચોરોને શ્રી કપિલ કેવલી મહર્ષિએ આપેલો ઉપદેશ રજૂ કરે છે.

કપિલ એક બ્રાહ્મણ વિદ્યાર્થી છે, રાજા પાસે માત્ર બે માસા સોનું માગવાની સ્થિતિમાં મૂકાય છે; પરંતુ ત્યાં તો રાજા એટલું જ આપવાને બદલે કહે છે કે 'શું જોઈએ છે ? જોઈએ તે માગ,' ત્યારે કપિલ લોભમાં ચડી વિચારે છે કે જ્યારે રાજા માગ્યું આપવા તૈયાર છે, તો પછી કેટલું માગું ? ૪-૮-૧૦-૨૦-૧૦૦-૧૦૦૦-લાખ એમ કરતાં એક ક્રોડનું ધન માગવાના વિચાર સુધી પહોંચી જાય છે. પરંતુ ત્યાં જ એ અચાનક આઘાત અનુભવે છે કે 'અરેરેરે ! આ મેં શું કર્યું ? ક્યાં કેટલે આગળ નીકળી ગયો ? આ લાભ અને લોભ તે કેવા ?

**'જહા લાહો, તહા લોહો, લાહા લોહો પવડ્ઢઈ'**

આ જગતમાં માણસને જેમ લાભ થતો જાય છે તેમ તેમ લોભ વધતો જાય છે. પાછો લોભથી લાભને પામતાં વળી એ લાભથી લોભ વધે છે. તો આનો અંત ક્યારે ? એમ અંત આવે જ નહિ.'

**'ઈચ્છા હુ આગાસસમા અણંતા'**

-ઈચ્છા તો આકાશના જેવી અનંત છે. એનો છેડો જ નથી. માટે તો ઈચ્છિત વસ્તુ મળ્યા કરવાથી ઈચ્છાનો રોગ વિકાર મટી જતો નથી, ઊલટો વધે છે.

**ઈચ્છારોગ તો તો જ શમે** કે જો ઈચ્છિતને મેળવવાની અને એ રીતે માંકડા મનની ખણજ પોષવાની ગડમથલ કરવાને બદલે કોઈ સારા તાત્ત્વિક વિચાર કરીને કે ત્યાગી નિર્લોભી કોક મહાપુરુષનાં દૃષ્ટાન્ત નજર સામે રાખીને યા લોભના આ લોક પરલોકના ભયંકર અનર્થથી ભડકીને ઈચ્છાની ખણજ એમ જ દબાવી દેવાય, એને તૃપ્ત કરવાની પરવા જ મૂકી દેવાય. પહેલાં તો મન પર દબાણ કરવું પડે, મનને મનાવવું પડે, પણ અનેકવાર એમ કરી કરીને પેલી ઊઠતી ઈચ્છાઓને પોષણ નહિ આપવાથી, ક્રમે ક્રમે ઈચ્છાઓનું જોર ને એની વાસનાઓનું જોર ઓછું થતું આવે છે. અભ્યાસ ઠીક ઠીક આગળ વધતાં પછી મન સહેજે એવું બની જાય છે કે ઈચ્છા ઊઠે જ નહિ.

**મન સ્વતંત્ર નહિ, આત્માને પરતંત્ર; કેમ ? :-**

ભૂલશો નહિ, મન સ્વતંત્ર નથી, આપણો આત્મા કે જે વ્યક્તિને 'હું' કહીએ છીએ, એને જ મન પરતંત્ર છે. એ મનને ઊભું કરે છે, મનને ચલાવે છે. આત્માના જેવાં ગણિત બાંધી મૂક્યા હોય છે, જેવાં ધોરણ ઘડી રાખ્યા હોય છે, તેવું તેવું એ મન બનાવે છે. મન બનાવવું એટલે મનથી વિચાર કરવા. જેમ કે 'શબ્દ બોલવા' એટલે વચનયોગની શક્તિ-પ્રવૃત્તિથી ભાષા વર્ગણાના પુદ્ગલ લઈ શબ્દરૂપે બનાવી ને છોડવા, એમાં આત્માનું સ્વાતન્ત્ર્ય છે; એ ધારે તેવા શબ્દો છોડી શકે; એમ 'વિચાર કરવા' એટલે મનોયોગની શક્તિ-પ્રવૃત્તિથી મનોવર્ગણાના પુદ્ગલ લઈ મનરૂપે-વિચારરૂપે છોડવા. એમાં આત્માનું સ્વાતંત્ર્ય છે. એ ધારે તેવા વિચાર કરી શકે. આત્મા પાસે ત્રણ શક્તિ છે, મનોયોગની, વચનયોગની અને કાયયોગની, જેમ વચનયોગ-કાયયોગ આત્માના કાબુમાં, આત્માને પરતંત્ર તેમ મનોયોગ પણ આત્માના કાબુમાં આત્માને પરતંત્ર જ છે. આત્મા ધારે એ રીતે કાયાને ને વચનને પ્રવર્તાવી શકે છે, એમ મનની પણ પ્રવૃત્તિ કરી શકે છે.

**'હું' એટલે કોણ ? :-**

ખરી રીતે આપણે કોણ છીએ એનું જ ભાન આપણને નથી. વાતવાતમાં 'હું' 'હું' 'મને' 'મારું' વગેરે કહીએ છીએ ખરા, પરંતુ કદી એ વિચારવા ફુરસદ નથી કે "અરે ભાઈ ! પણ આ 'હું' કોણ ?" કાયા, વાણી, મન ત્રણેય જુદી જુદી ચીજ છે એ ત્રણેયને પ્રવૃત્તિ કરાવનાર 'હું' કોણ ? ત્રણેયમાં વિવાદ પડે, તો સમાધાન કરનાર, રસ્તો કાઢનાર 'હું' ? એટલે શી ચીજ ? દા.ત. મિત્રની જોડે ચાલતાં માણસની કાયા થાકી છે, પણ અભિમાનથી વાણી બોલે છે કે 'ના હું



થાક્યો નથી.' તો આ બોલનાર 'હું' કોણ ? કે જે પોતાની કાયાને ખોટી રીતે અણથાકી તરીકે બિરદાવે છે. એમ ઠગ વેપારીની વાણી સામાને કહે છે, 'મારા પર ભરોસો મૂકો. માલ વાજબી ભાવે આપું છું,' પરંતુ મનથી વિચારે છે કે 'હાથમાં આવવા દે, બસ, હું બરાબર નિચોવી લઉં છું;' તો

આ ભિન્ન ભિન્ન વાણી અને મનનું સંચાલન કરનાર 'હું' કોણ ?

કહેવું જ જોઈએ કે એ 'હું' એટલે કાયા, વાણી, મન ત્રણેયથી જુદો એક સ્વતંત્ર 'આત્મા' પદાર્થ એ જ સ્વતંત્ર આત્મા ત્રણેનો ચલાવનારો છે. એના વિના ત્રણેયમાંથી એકેયની તાકાત નથી કે પોતાનાથી વિરુદ્ધ રીતે બીજાને ચલાવી શકે. શું થાકેલી કાયા એમ કહે કે 'હું થાક્યો નથી ?' શું પ્રામાણિક વાણી એવું વિચારે કે હું ઠગીશ ? કાયાની 'બોલવાની' શક્તિ નથી કે વાણીની 'વિચારવાની' શક્તિ નથી.

**હાલવા-બોલવા-વિચારવાની શક્તિઓ આત્માની છે; માત્ર એ શક્તિનો ઉપયોગ એ કાયા, વાણી અને મન દ્વારા કરે છે** એ પણ તો સાધન છે. સાધનને વાપરનાર આત્મા સ્વતંત્ર છે-જુદો છે. આત્મા એક સ્વતંત્ર પદાર્થ છે એની સાબિતી માટે આનાથી બીજો સબળ પૂરાવો શો જોઈએ ?

ત્યારે હવે એ વિચારો કે જો આત્મા એ કાયા-ઇંદ્રિયો-વાણી અને મનથી તદ્દન જુદી ચીજ છે, ને 'હું' તરીકે એ જ લેવાય છે, તો પછી એની ચિંતા ક્યારે કરો છો ? કાયાની સુખાકારિતા, ઇંદ્રિયોની તુષ્ટિ-પુષ્ટિ, વાણીની મોહકતા કે રુઆબ, અને મનની યથેચ્છચારિતા પર ડગલે ને પગલે ઝોક રહે છે; કિન્તુ કોઈ દિ' આત્માની પુણ્યાઈ, આત્માના ગુણ, આત્માનો હિતકર ધર્મ, આત્માનો પરલોક, વગેરેનો વિચાર કરાય છે ખરો ? પેલાં કાયાદિ સાધનો ફાલ્યાફૂલ્યા એમાં આત્માનું શું વળ્યું ? કાયાદિના સંબંધી ધનધાન્ય-પરિવાર-પ્રતિષ્ઠા જમાવ્યા, પણ આત્માના સંબંધી દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્ર કે પુણ્યાઈ ગુણો સત્ત્વ વગેરેનો વિચાર રાખ્યો ?

જો આત્માના અનન્ય હિતકર તરીકે ભગવાન શ્રી જિનેશ્વરદેવને જાણ્યા-માન્યા, તો તો પછી 'હું' તરીકે સ્વતંત્ર આત્માને જ માનનારો એ પ્રભુને કેવા અપનાવે ? એ કાંઈ કાયાદિના સગા ધન-ધાન્યાદિને 'તમે જ મારા તારણહાર' ન માને. એ તો આત્માના સગા અરિહંત ભગવાનને જ કહે,-

**'મારે તો પ્રભુ ! એક તું જ'. 'પ્રભુ ! મારે તુમશું કામ'**

**જેમ સીતાને મન એક રામ; જેમ સીતાને મન રામશું કામ, રામશું નિસ્બત, મહેલવાસ-ઠકરાઈશું નહિ;**

**એમ સ્વતંત્ર આત્માને માનનાર સમ્યગ્દૃષ્ટિ જીવને મન એક અરિહંત. સમ્યગ્દૃષ્ટિ જીવને મન અરિહંતશું નિસ્બત, ધન-ધાન્ય-પરિવાર-પ્રતિષ્ઠાશું નહિ.**

એ તો સમજે છે કે આ કાયા-ઇન્દ્રિયો-વાણી-મન વગેરે તો ચલાવનાર 'હું' એક એ બધાથી ભિન્ન સ્વતંત્ર આત્મા છું. ને મારે મુખ્ય સંબંધ દેવ-ગુરુ-ધર્મ સાથે છે; તો એમની જ ચિંતા હું મુખ્ય રાખું. એ ભગવાન તો કહે છે કે ઇચ્છાની લાગણી કરનારું મન સ્વતંત્ર નથી, આત્માને પરાધીન છે. જો આત્મા ધારે તો મનને ઇચ્છાઓ કરતું રોકી શકે, ને એ રોકવામાં જ લાભ છે, કેમકે ઇચ્છા તો આકાશની જેમ અનંત છે.

**'ઇચ્છા હું આગાસસમા અણંતા'**

**'ગગનતણું જિમ નહિ માનં, તિમ અનંતગુણ ઇચ્છા-પમાણં'**

**કપિલને સ્વયં બોધ :-**

કપિલ બ્રાહ્મણે આ વિચારીને એ જોયું કે હું કેમ આટલા બધા લોભમાં ચડ્યો ? ઊહાપોહ કરતાં એને પૂર્વજન્મનું ચારિત્ર યાદ આવ્યું, ને ઇચ્છાઓથી રહિત ચારિત્ર જીવનની ભવ્યતા, તથા એની સામે ઇચ્છાઓભર્યા ગૃહસ્થજીવનની ગલીચતા-અધમતા જોઈ ત્યાંને ત્યાં જ મનથી ચારિત્ર લઈ વેશ સાધુનો બનાવી દીધો.

આશ્ચર્યચકિત રાજા પૂછે 'આ શું ?'

કપિલ મુનિ કહે છે,-

**'જહા લાહો તહા લોહો, લાહા લોહો પવડ્ઢઈ;**

**દો માસાએ કજ્જં, કોડીએ વિ ન નિટ્ઠિઅં.'**

- જેમ લાભ થતો જાય છે, તેમ લોભ થતો જાય છે ! લાભથી લોભ વધે છે. બે માસા સુવર્ણનું પ્રયોજન હતું, તે ક્રોડથી પણ પત્યું નહિ. એવું સંસારના સમસ્ત પ્રયોજનોમાં છે. માટે એવાં પ્રયોજનની ઇચ્છા કરાવનાર સંસારવાસથી સર્યું. હવે તો હું ઇચ્છાઓ વિનાના ચારિત્રજીવનને જ પાળીશ.

**કપિલમુનિ કેવળજ્ઞાન પામે છે :-**

બસ, એમ કહી કપિલમુનિ નીકળી પડ્યા, અને છ મહિનાની ઉત્કટ તપ-સંયમની સાધના કરી કેવળજ્ઞાન પામ્યા. દેવો ગફલતમાં છે, હજી કોઈ કેવળજ્ઞાનનો ઉત્સવ કરવા આવતું નથી. એટલામાં કેવળજ્ઞાની મહર્ષિ કપિલ ભગવાન તો ચાલ્યા જંગલના રસ્તે, અને ત્યાં રહેતા ૫૦૦ ચોરોએ એમને ઘેરી લઈ જ્યાં કહ્યું કે 'ઊભા રહો, કંઈક ગાઓ' ત્યારે કપિલ-કેવળી એમને ધર્મ પમાડવા માટે ચાર પ્રકારની ધર્મકથાનો ઉપયોગ કરે છે.

**કપિલ કેવળી રાસડો ગવરાવે છે.** એમાં પહેલી આક્ષેપિણી કથાનો ઉપયોગ કરી બોલે છે,-



**"कसिण-कमल-दल-लोयण-चल-रेहंतओ,**

**पीण-पिहुल-थण-कडियलंभार-किलंतओ ।**

**ताल-चलिर-वलयावलि-कलयल-सद्दओ,**

**रासयम्मि जइ लब्भइ जुवई-सत्थओ ॥"**

**"संबुज्झह किं ण बुज्झह, एत्तिए वि मा किं चि मुज्झह ।**

**कीरउ जं करियव्वयं, पुण ढुक्कइ तं मरियव्वयं ॥" इति धुवयं**

- અર્થાત્ રાસડો ગાવામાં જો એવો યુવતીઓનો સમૂહ મળી જાય, કે (૧) જે કાળી કમળપત્રશી આંખોના કટાક્ષથી શોભતો હોય, (૨) જે સ્થૂલ પહોળા સ્તનભાર અને કેડ નીચેના સાથળભારને ઉછાળતો હોય, (૩) તથા જેમના તાલ લેવામાં હાલી ઉઠતા કંકણોની પંક્તિઓથી કલકલાટ ધ્વનિ ગાજતો હોય, આવો યુવતી સમૂહ સાથે હોય તો કેવી મઝા પડે ?'

આમ રાસડાની પહેલી કડી ગવરાવીને પછી દરેક કડીની સાથે ગાવાની ટેક ગવરાવતાં કહે છે,-

'અરે ! બોધ પામો. કેમ બૂઝતા નથી ? આટલામાં પણ જરાય મોહ ન પામતા. જે કરવા જેવું છે તે કરી લો; કેમકે મૃત્યુ ઢુંકડું આવે છે.'

આ શું કર્યું ? ચોરોનું આકર્ષણ કરવા કહ્યું. રાસડામાં યુવતીઓનો મેળો હોય તો મઝા. અલબત્ત આ કોઈ ધર્મનું વાક્ય નથી, નથી તો એમાં ધર્મની હિતશિક્ષા, કે નથી એમાં પાપદુગંછા કે ધર્મપ્રશંસા. છતાં એ આગળ ઉપર કહેવાનાર ધર્મ-ઉપદેશ તરફ કાન સરવા કરનાર છે, કેમકે આટલું મનગમતું પહેલાં ન કહે તો ચોરો આકર્ષાયા વિના સીધું ધર્મવચન-વૈરાગ્યવચન સાંભળવા જ ક્યાં તૈયાર છે ? એટલે આ વચન ધર્મ સાંભળવા તરફ લઈ જનારું હોવાથી એને ય ધર્મવચન-ધર્મકથા તરીકે ગણ્યું.

નાના છોકરાને કહો 'લે પેંડો, બેસ અહીં બેસીને ખા,' છોકરો બેસે; પેંડો આપી પછી કહો 'જો જૂઠું ન બોલાય, મા-બાપને પગે લાગવાનું, ભગવાનનાં દર્શન રોજ કરવા' આમ કહો તો ત્યાં પહેલું વાક્ય કેવું ? ધર્મ તરફ આકર્ષણ કરવાનું વાક્ય. માટે એ આકર્ષણી ધર્મકથામાં જાય.

**દરેક ઠેકાણે ગંભીરતાથી વિવેક કરવા જેવો છે. ઉપર છલકું જોઈને તરત જજમેન્ટ ન અપાય કે આ આમ જ છે.**

**રાજાને લાત મારનારને ઈનામ ! :-**

દિવાનની જગાએ ચૂંટવા માટે પેલા રાજાએ જુવાનિયાઓને પરખવા પૂછ્યું

ને કે 'બોલો ભાઈ ! મને (રાજાને) લાત મારે એને શી સજા કરવી ?'

ત્યારે ઉપરછલ્લું જોઈ એક કહે, 'એને ફટકા મરાવવા' બીજો કહે, 'જેલમાં ખોસી ઘાલવો,' ત્રીજો કહે 'અરે ! ના, દાખલો બેસાડવા એવાને તો ફાંસી જ દેવી'...વગેરે વગેરે ઉત્તરો કર્યા.

જુનો વૃદ્ધ દિવાન ગંભીરતાથી વિવેક કરી કહે છે 'મહારાજ ! એને સોનાનાં રમકડાં કે હીરાનો હાર ઈનામ અપાય.'

સાંભળી બધા ચમકે છે. આ કહે છે, 'મહારાજા તો અંગરક્ષકોથી વિંટળાયેલા હોય એટલે એમને લાત મારી જ કોણ શકે ? કાં તો ખોળામાં લીધેલ બાળ રાજપુત્ર, યા જનાનખાનામાં મહારાણી પ્રેમની રીસમાં મહારાણી જરાક-શી લાત જેવો પગ અડાડે.' એટલે આ બંનેને તો સોના-ઝવેરાતના રમકડાં કે હારનું ઈનામ અપાય, સજા ન કરાય ! સાંભળીને જુવાનિયા ઠંડાગાર.

**યુવતીવર્ણન એ ધર્મકથા કેમ ? :-**

ઊંડાણથી દીર્ઘદૃષ્ટિથી વસ્તુ તત્ત્વને જોયા વિચાર્યા વિના સીધું જજમેન્ટ ઠોકવામાં ભૂલો પડે છે, પાછો પડે છે. એમ અહીં બાળકને પેંડાની લાલચ આપી કે કપિલ કેવળીએ ચોરોને રાસડામાં યુવતીજન ભળે તો મઝા આવે એમ કહ્યું, 'એ પાપ વચન છે પાપ કથા છે,'- એવું જજમેન્ટ આપનાર ભૂલો પડે. એને એમ થશે કે 'હેં, રમણીનું શૃંગારી વર્ણન એ ધર્મકથા ?' પરંતુ એને ખબર નથી કે એવા જીવને પહેલવહેલું એવું કાંક ન કહે તો એની સીધું ધર્મ-વચન સાંભળવા તૈયારી જ ક્યાં છે ? એ તો પહેલું એ પોતાના વિષય રસનું સાંભળવા પર જ કાન સરવા કરે છે. એને એમ થાય છે કે 'મહારાજ સારું બોલે છે, લાવો એમના કહેવા પર ધ્યાન દઈએ. જોવા દો આગળ હવે શું કહે છે ?' એમ આ વાક્ય તો આગળ આવનારા ધર્મઉપદેશ તરફ જિજ્ઞાસા ઊભી કરે છે. તો એવી જિજ્ઞાસા ઊભી કરનાર વચન પણ ધર્મવચન છે, ધર્મકથા જ છે. અલબત્ત વક્તાને પછીથી એવું પ્રેરક ધર્મવચન બોલતાં આવડવું જોઈએ. વૈરાગ્યનો ધોધ વરસાવવાની તાકાત ન હોય તો ધનસંપત્તિ-શૃંગાર આદિનાં વર્ણન વક્તાએ નહિ કરવા જોઈએ.

**પ્રભાવના એ ખોટી લાલચ કેમ નહિ ? :-**

સારાંશ, ધર્મમાં તાણી જનારી ભૂમિકા પણ ધર્મની અંતર્ગત છે. માટે તો જે કેટલાક કહે છે કે આ લોકોને પૂજા કે વ્યાખ્યાનમાં પ્રભાવના આપો છો એ લાંચ છે, ખોટી લાલચ જગાડો છો. આવું કહેનારનું જજમેન્ટ ઉપર છલ્લું છે; વગર વિચાર્યું કથન છે. એને ખબર નથી કે ભલે જીવો એ લાલચમાં સહી પણ મંદિર-ઉપાશ્રયે આવ્યા, પછી તો સારો ધર્મસંગીતકાર કે ધર્મોપદેશક એમને પ્રભુભક્તિમાં



યા ધર્મબુદ્ધિ કે વૈરાગ્ય ભાવનામાં ચડાવી દેશે. પરંતુ એ ક્યારે બને ? એક વાર મંદિર-ઉપાશ્રયે આવે ત્યારે જ ને ? આવે જ નહિ તો એને શું દેવાય ? શી રીતે પમાડાય ? પ્રભાવનાથી પણ આવે છે માટે પમાડી શકાય છે. તેથી જ એ પ્રભાવના પણ પાપક્રિયા નહિ, કિન્તુ ધર્મક્રિયા જ છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૫,તા.૭-૧૦-૧૯૬૭**

**પ્રભાવના એ ધર્મ શાથી ?**

(૧) કારણ કે એ બાળ જીવોને ધર્મ તરફ વાળનાર બને છે. વળી,

(૨) એ ધર્મ કર્યાની ઉપબૃંહણા સમર્થન-અનુમોદનરૂપ હોઈ સામાને વિશેષ ધર્મમાં પ્રેરે છે. તેમજ,

(૩) પ્રભાવના દેનારો સામાના પૂજાદર્શન, વ્યાખ્યાનશ્રવણ, કે કોઈ વ્રત- નિયમ તપસ્યાની કદર કરે છે, અનુમોદના કરે છે, ને એ એના દિલમાં ધર્મલાગણીરૂપ છે.

આમ દેખીતી માલમેવા દેવા ખવરાવવાની ક્રિયા એ ધર્મ નિપજાવનારી હોઈને અથવા ધર્મભાવમાંથી જન્મી હોઈને ધર્મક્રિયા જ છે.

**બાળક કેવી રીતે આગળ વધે છે ? :-**

આ રીતે જ બાળક આગળ વધે છે. એને સારું ખાવાનું કે રમકડું-ચીજ વસ્તુ આપીને પણ નિશાળે મોકલો છો, તો ધીરે ધીરે એને ભણવાનો રસ જાગે છે. પછી તો ખાવા-રમવાની ય પરવા ન કરતાં ભણવામાં લાગી જાય છે એટલો બધો રસ વધે છે. આનું મૂળ ક્યાં ? પેલું સારું ખાવાનું કે રમકડું દીધું એમાં. માટે એ દેવાનું પણ ભણાવવાની ક્રિયામાં જ જાય. ત્યાં એમ નથી વિચારાતું કે એવું સારું સારું દેવામાં તો છોકરો લાલચુડો થઈ જાય. કેમકે ખબર છે કે એક વાર એને શિક્ષણમાં જોડાવા દે ને, પછી શિક્ષણનો રસ જ લાલચ ભુલાવી દેશે.' બસ એ જ પ્રમાણે પ્રભાવનાનો આ હેતુ સમજો કે એમ કરીને ય આ બાળજીવોને એકવાર અહીં પૂજા-વ્યાખ્યાનમાં જોડાવા દો ને, પછી તો એને પ્રભુભક્તિ-ધર્મશ્રવણનો રસ જ એવો જાગશે કે પેલી લાલચની બેપરવા કરશે. તેમ પ્રારંભમાં એટલો ટાઈમ એ દુન્યવી આરંભ સમારંભ કે વિકથાથી તો બચશે. એ પણ લાભ જ છે.

સારાંશ, આકર્ષિણી કથા એ ધર્મકથા છે.

'ઉપમિત-ભવપ્રપંચા કથા' શાસ્ત્રમાં આવે છે,

**આકર્ષિણી કથાનું બીજું દૃષ્ટાન્ત :-**

એક ધર્મપરાઙ્મુખ માણસને રસ્તામાં ભેટી જતાં આચાર્ય મહારાજ કહે છે,

'કેમ વ્યાખ્યાનમાં નથી આવતા ?'

પેલાના મનમાં ભય છે કે 'મહારાજ પાસે ગયા તો કાંઈ પૈસા-બૈસા ખરચાવી નાખશે,' એટલે છૂટવા માટે કહે છે, 'સાહેબ ! મારે ઉપાધિઓ ઘણી છે,' પરંતુ આચાર્ય મહારાજ કહે છે 'તો ય શું ? જરા પાંચ મિનિટ પણ ભગવાનની વાણી સાંભળી જાઓ એટલામાં કાંઈ બગડશે નહિ.'

શેઠ વિચાર કરે છે કે 'આ ઠીક છે. પાંચ મિનિટ ડોકાઈને ઊઠી જઈશું; ને મહારાજનું મોં સચવાશે,' એમ વિચારીને વ્યાખ્યાનમાં આવવા કબૂલ થાય છે.

હવે આચાર્ય મહારાજ બીજે દિવસે લક્ષ રાખીને વ્યાખ્યાન શરૂ કરે છે. પછી જ્યાં પેલા ભાઈને દૂરથી આવતા દેખ્યા કે તરત અહીં એ ચલાવ્યું કે 'જુઓ મહાનુભાવ ! જગતમાં પુરુષાર્થ ચાર પ્રકારે;-એમાં,

**'અર્થ પુરુષાર્થમાં માનનારા એમ કહે છે કે...'**-આટલું કહ્યું એટલામાં તો પેલા શેઠ નજીકમાં આવી ગયા; હવે એ સાંભળી શકે છે, એટલે આચાર્ય ભગવાને આગળ ચલાવ્યું,-'દુનિયામાં પૈસા છે તો બધું છે. પૈસાથી જ મોટા વેપાર ચાલે, ને ધૂમ કમાણી થાય;'

વાણિયો આ સાંભળતાં ચમકે છે. એના મનને થાય છે 'અરે ! આ તો આપણે જોઈતી વાત ! મહારાજજી ખરું કહે છે. ત્યારે મેં કાં માની લીધું કે મહારાજ તો ધર્મની જ વાત કરે ? લેવાની જ વાત કરે ? ભૂલ્યો ભૂલ્યો; હવે તો સાંભળવા દે આગળ શું કહે છે;'-બસ શેઠના કાન સરવા થયા, આતુરતા જાગી. આચાર્યદેવે ચલાવ્યું, 'પૈસાથી માત્ર વેપાર ને કમાણી જ નહિ, પણ બંગલા-બગીચા-વાહન, નોકર-ચાકર, મેવા-મિઠાઈ, બધું પૈસા હોય તો ઊભું થાય. અરે ! ઘરવાળી પણ પૈસાના ઢગલા કરનાર પતિને દેવની જેમ પૂજે છે. લોક પણ પૈસાવાળાને હાથ જોડે, સલામ ભરે, ભાવ પૂછે, પૈસા ગયા તો કોઈ ભાવ પૂછનાર ન મળે. સ્નેહી પણ પરાયા થાય, સામું ય ન જુએ. જીવન આખું ય પૈસા પર બોલબાલાવાળું અને સુખવિલાસભર્યું બને છે. પૈસા હોય તો પરદેશ પણ સ્વદેશ જેવો થાય; અને વિના પૈસા એ સ્વદેશે ય પરદેશ જેવો બને છે પૈસા છે તો પ્રતિષ્ઠા છે; શેઠને નાક ન હોય, લાકડાનું હોય, તોય શેઠજી નાકવાળા કહેવાય છે. નહિતર છતે નાકે દરિદ્ર નાક-કટ્ટો કહેવાય છે.

શ્રોતા શેઠ હવે બરાબર આકર્ષાયા છે, સાંભળવામાં લીન છે. મનમાં 'હા બરાબર, હાં એમ જ' કરી રહ્યા છે. ત્યાં આચાર્ય મહારાજ કહે છે,-

"આ પૈસા પર જ જીવનની આબાદી છે, સુખ સન્માન છે,- એમ અર્થપુરુષાર્થને માનવાળાની ગણતરી છે."



**ત્યારે બીજા વળી કામપુરુષાર્થના રસિયા એમ કહે છે કે** એકલા પૈસા-પૈસા શું કરો છો ? પૈસા શું ચાવવા કામ લાગે છે ? જીવનની મઝા તો વિષયસુખો ભોગવવામાં છે. પૈસા તો હોય પણ બાઈડી રોફ બજાવનારી અને કર્કશ-કઠોર શબ્દ બોલનારી મળી, તો પૈસાને શું ચાટે ? પૈસા તો હોય પણ શરીર માંદલું હોય, રોગગ્રસ્ત હોય તો શું સુખ ? એ તો મઝા તો જ આવે કે સુશીલ પતિભક્તા મીઠા બોલવાળી સ્ત્રી, નીરોગી શરીર, વગેરે દ્વારા આનંદ કલ્લોલભર્યા સુખ ભોગવવા મળે. કૃપણનો કાકો છતે પૈસે ધનને દાટી મૂકે એનું તે કાંઈ જીવન છે ? ધનના રાફડા પર એરુ-અજગર મૂર્ચ્છા કરી કરીને જિંદગી પૂરી કરે એમાં શી વિશેષતા ? ત્યારે પૈસા થોડા છતાં રંગ-રાગ-વિલાસમાં મસ્ત રહે તો જીવન જીવ્યાની મઝા આવે,'- આમ કામ-પુરુષાર્થમાં માનનારા કહે છે."

હવે શેઠ આ સાંભળતાં વિચાર કરતા થઈ ગયા કે 'આ ય વાત તો ઠીક લાગે છે. માળું એકલા પૈસા ભેગા કર્યે ગયા, પણ સરખું ન ખાધું, ન પીધું, ન મોજમજાહ માણી, તો પૈસા શું કામના ? એવું જીવ્યાનો શો ભલીવાર ? બરાબર છે મહારાજની વાત. ત્યારે હવે આગળ જોવા દે શું કહે છે.'

ક્યાં ગઈ શેઠની પાંચ મિનિટ ? 'પાંચ જ મિનિટ વ્યાખ્યાનમાં ડોકાઈને ઊઠી જઈશ.' એમ ગણતરી કરીને આવેલો વાણિયો પાંચ શું, પચાસ મિનિટ થાય તો પચાસ, પણ ચોંટી પડ્યો ! શાના પર ? આકર્ષિણી કથા પર. ધર્મ તરફ ઘસડી લાવે એવી એ કથા પણ ધર્મકથા જ છે. ધર્મોપદેશક પાસે પચાસ મિનિટ કોણે ઠહેરાવ્યો ? એ આકર્ષિણી કથાએ, માટે એ કથા ધર્મકથા છે. આચાર્ય મહારાજ આગળ ચલાવે છે,-

"ત્યારે ત્રીજા વળી ધર્મપુરુષાર્થમાં માનનારા એમ કહે છે કે દુનિયાના વિષય સુખો ભોગવી લીધા તેથી શી શાબાશી ! શું વળ્યું ? કેમકે એમાં તો

(૧) 'ખા ગયા ખો ગયાના' સોદા છે. જીવનના અંતે, ગમે તેટલા સુખ ભોગવનારો પણ સુખ ન ભોગવનારાની માફક પોતાને એકલો અટૂલો રવાના થતો જુએ છે. ધન-માલ-પરિવાર અને એ સુખ બધું જ છૂટી જતું અને જાતને એ બધાથી ભ્રષ્ટ થતી દેખે છે. ત્યારે એને દુઃખનો પાર નથી હોતો. તો પછી સુખ ભોગવી લીધું એ શું કામનું ? **'જેનું છેવટ સારું તે સારું, છેવટ ખરાબ તે ખરાબ,'** એમ કહેવાય છે એ હિસાબે આ દારુણ દુઃખભર્યા ખરાબ અંતના હિસાબે જીવનભર ભોગવેલું બધુંય સુખ ખરાબમાં જ લેખાય. દેવજીવનના છેલ્લા છ મહિનાની સ્થિતિ એવી દુઃખમય હોય છે, ને એને એવું જ લાગે છે.

(૨) વળી અહીં પણ કામ-પુરુષાર્થની પૂંઠે પડેલાને કર્મના વિચિત્ર ઝંઝાવાતોને

લીધે ઓછું-વત્તું આવ્યા કરે છે. એક બાજુ સુખ ઠીક, તો બીજી બાજુ ખામી દેખાય છે. એનું એ સુખસાધન ઘડી પછી દુઃખરૂપ લાગે છે. આ બધા કારણે ઉદ્વેગ તો ડગલે ને પગલે ઊભો જ છે. વળી બીજાઓને સારું અધિક સારું મળેલું જોઈ સહી શકાતું નથી, હૈયે ખૂંચે છે. એમ, સંયોગના સુખની મોંકાણ એ કે એ સંયોગોની અપેક્ષા રાખવી પડે છે, ગુલામી કરવી પડે છે. એ પણ દુઃખદ નીવડે છે. આમ વર્તમાન જીવનમાં પણ નીતરતું સુખ છે નહિ. ઉદ્વેગ, કંટાળો, ગુલામી, આતુરતા વગેરેથી ભારોભાર મિશ્રિત સુખ છે.

(૩) એમાં વળી જો રોગ આવ્યો કે અચાનક પૈસા, પત્ની, કે પુત્ર ઊપડી ગયા તો માનેલા બીજા બધાં સુખ-સાધન હયાત છતાં પોક મૂકવી પડે છે. ત્યાં કામપુરુષાર્થનું હિમાયતીપણું બચાવી શકતું નથી; સ્વસ્થ રાખી શકતું નથી.

(૪) ત્યારે કામપુરુષાર્થમાં રાચનારાની પરલોકમાં વળી મહાદુર્દશા છે. કેમકે અહીં કેવળ વિષય સુખોની મનમાં ચડેલ આંધી એક બાજુ ભયંકર પાપોપાર્જન અને બીજી બાજુ દુઃખદ કુસંસ્કારો દૃઢ ઊભા કરે છે. તેથી પરલોકમાં એક તરફ દુઃખનો દુર્દશાનો પાર નહિ; ને બીજી બાજુ પેલા દૃઢ કુસંસ્કારોને લીધે જીવન પાપભર્યું મળે છે. અહીં કાંઈ પુણ્ય ઉપાજર્યું નહિ તેથી ત્યાં મનગમતું મળવાના વાંધા, ને આહાર-વિષયોના કુસંસ્કારોને લીધે એની ભૂખ મોટી ! કેટલા બધા દુઃખનો વિષય ?

આમ કામપુરુષાર્થની પૂંઠે પડેલાની અહીં અને પરલોકમાં વિટંબણા છે. તેથી ધર્મપુરુષાર્થ જ એક આદરવા યોગ્ય છે કે જે અહીં અને પછી સ્વસ્થ રાખે છે.

શેઠને હવે મન ડોલવા લાગ્યું. મનને થાય છે કે ત્યારે મહારાજ આ પણ શું ખોટું કહે છે ? વાત તો ખરી છે કે આ જોતાં તો અર્થ અને કામ બંને વિટંબણાભર્યા છે. વળી ડાગળી ફાટવા આવે ત્યારે શું ? અને પછી તો નિરાધાર જ થવાનું. ઠીક જોઉં આગળ શું કહે છે ? રસ લાગ્યો વાણિયાને. મહારાજ ચલાવે છે આગળ,-

**ધર્મીને અંતે બધું ગુમ છતાં દુઃખ કેમ નહિ ? :-**

"ધર્મપુરુષાર્થવાળાને તો અંતકાળે પૈસા-પરિવાર-સુખો બધું સરી જતું દેખાય. એથી એના દિલને કોઈ વિખવાદ નથી. કેમકે એણે તો ધર્મસમજથી પહેલેથી એ બધું અકાળે નાશવંત સમજી મૂકેલું છે. જો ફૂલની માળા સાંજ પડ્યે કરમાઈ જનારી તરીકે સવારથી જ સમજી રાખેલી, તો એ ફૂલની માળા સાંજે કરમાઈ જાય, એ દેખીને દુઃખ ક્યાં થાય છે ? એમ ધર્મસમજથી અર્થ-કામ અકાળે ખોવાઈ જનારા તરીકે સમજી રાખ્યા, તો પછી અંતે ઊડી જતા દેખાય એમાં દુઃખ શાનું થાય ? ત્યાં તો ઊલટું ધર્મનું મહાન આલંબન જીવને મસ્ત રાખે છે. એ સમજે છે કે અર્થ-કામ તો ઈચ્છે છતાં ધરાર સાથે નહિ જ ચાલનારા, ત્યારે ધર્મ તો ખરેખર સાથે



ચાલનારી ચીજ છે.

(૨) વળી ધર્મ એને જડની મમતા, દુર્ધ્યાન, અસમાધિ, હાયવોય વગેરે ખતરનાક અને પરલોક બગાડી નાખનારા તરીકે ઓળખાવે છે. તેથી અંતકાળે વિશેષે કરીને એનાથી દૂર રહી સમતા-સમાધિ શુભધ્યાનમાં એ ઝીલતો રહે છે. તેથી દુઃખ શું ?

**ધર્મીને વર્તમાનમાં દુઃખ કેમ નહિ ?**

(૩) ત્યારે જીવનકાળ દરમિયાન પણ ધર્મ-પુરુષાર્થને મુખ્ય રાખનારો પેલા અર્થ-કામના રસિયાની જેમ શું કામ ચિંતા-સંતાપ-ઈર્ષ્યા-ભય વગેરેથી પીડાય ? અર્થ-કામને તો એ ખતરનાક દેખે છે. તેથી એનાં સાધનોમાં આઘું પાછું થયે એને કોઈ સંતાપ નથી. બહુ પૈસાવાળાને કે બહુ વિષયસુખમાં પડેલાને જોઈને તો એને એમની દયા આવે છે કે આ બિચારાનું પછી થશે શું ? બિલાડીવાળા ઘરમાં ઉંદરડો છાજલી પર થોડા અનાજના દાણા મળવા પર ત્યાં ને ત્યાં મસ્તાન થઈ ફરતો દેખાય તો એની દયા આવે ને કે આ આમાં અંધ બની અહીં જ ચોંટી પડે છે પણ પછી બિલાડી ચૂપકીથી ફાળ મારશે ત્યારે એનું થશે શું ? એમ ધર્મ સમજનારને જ્યાં તવંગર અને વિષયસુખમાં લુબ્ધની દયા આવતી હોય ત્યાં એની ઈર્ષ્યા થાય જ ક્યાંથી ? તેમ પોતાને એની બહુ આતુરતા ય શું કામ રહે ? એટલે વર્તમાન કાળમાં પણ એને ચિંતા-સંતાપ-ઈર્ષ્યા-આતુરતાની પીડાઓ નથી.

(૪) હવે નથી ને કદાચ અચાનક પૈસા ગયા, પત્ની કે પુત્ર મર્યો, તો ય ધર્મની સમજે પહેલેથી એ બધા સંયોગ નાશવંત જ સમજી રાખેલા છે, તેથી એ પોક મૂકે નહિ. પૈસા ગયા તો સમજશે કે જેવા શુભાશુભ કર્મના ઉદય તેવું બને. ચાલો આમાં પણ આપણને વધુ ધર્મ-જાગ્રત કરવાનો કોઈ સંકેત હશે. પત્ની કે પુત્ર મરતાં એમ થશે કે 'મારે પણ ચેતવા જેવું છે હું ય કોણ જાણે ક્યારે ઊપડી જાઉં ? વળી મરનાર બિચારા ધર્મસાધ્યા વિના અને મારા મોહમાં જીવન પૂરું કરી ગયા હવે એમનું શું થયું હશે ?' અથવા જો સદ્‌ગત સારો ધર્મ કરી ગયા તો જીવન કંઈક સાર્થક કરી ગયા, તેમજ અંતે સમાધિમાં ગયા તેથી સદ્‌ગતિ પામ્યા હશે, માટે ચિંતા નહિ. બાકી મારે મારી જાત માટે વિશેષ સાવધાન બની જવાની નોટિસ મળી, તો હું વિશેષ ધર્મમાં લાગું, અને અર્થ-કામની મમતા વિશેષ ઓછી કરું' આમ ધર્મી સ્વસ્થ રહે છે.

(૫) ત્યારે ધર્મપુરુષાર્થમાં માનનારો જીવનમાં પણ અને તેથી જ અંતે ય મુખ્યપણે ધર્મમાં જ ચિત્ત રાખે છે, ધર્મસુકૃતો કર્યે જાય છે, જૂઠ-અનીતિ-નિંદા-ઈર્ષ્યા-મદ વગેરે ખતરનાક દોષોથી દૂર રહે છે તેથી એનો પરલોક સદ્ધર બને છે,

એટલે મર્યા પછી ઊંચી સદ્ગતિ અને સુખશાંતિ અનુભવે છે.

આમ ધર્મથી અહીં અને પરલોકમાં ખરેખરી સુખશાન્તિ મળે છે, દુઃખસંતાપની એને કોઈ હોળી નહિ. તેથી અનર્થકારી અર્થ-કામને મહત્ત્વ ન આપતાં ધર્મમાં જ લાગી જવું જોઈએ. નહિતર પરલોકમાં તિર્યંચ-નરકના અવતારમાં વિટંબણાનો પાર નહિ. એમ ધર્મપુરુષાર્થમાં માનનારા કહે છે.

**આકર્ષિણી વગેરે કથાની શેઠ પર અસર :-**

આચાર્ય મહારાજનો આ ઉપદેશ સાંભળતાં પેલો શેઠ ધ્રુજી ઊઠ્યો, એના મનને થયું કે 'અરે ! હું ત્યારે કઈ લોથમાં પડ્યો છું ? મહારાજ આ શું ખોટું કહે છે ? પૈસા પાછળ દીવાના બન્યા પછી તિર્યંચ કે નરક ગતિમાં તણાઈ ગયા તો ત્યાં કેટલું દુઃખ ? કેટલો ત્રાસ ? કેટકેટલી વિટંબણા ? તેમ અહીં પણ મને સાચી શાન્તિ ક્યાં છે ? ધર્મ વિના મારું શું થશે ? બસ, હવે તો કાંક ધર્મ કરવા લાગું ને રોજ વ્યાખ્યાન સાંભળવા આવું.

કહો, અહીં પહેલી આકર્ષિણી કથાએ શું કર્યું ? એ જીવને ધર્મ તરફ ખેંચી લાવી. જો પહેલેથી ધર્મની જ વાત કરી હોત તો આકર્ષણ જ નહિ. તેથી એને કાંઈ ઝીલે નહિ. વક્તાને ઉપદેશક પર ભાવ જાગે, આકર્ષણ થાય, તો એમનું આગળ આગળ કહેલું ઝીલે. આકર્ષિણી કથા એ કામ કરે છે, તેથી એ ધર્મકથા છે.

કપિલ કેવળી ભગવાને માટે જ ચોરોને પહેલાં એ ગવરાવ્યું કે મનોહર નેત્ર-ગાત્રવાળી રમણીઓ રાસમાં સાથે હોય તો કેવી મઝા ? એટલે ચોરો ખુશ થયા, આકર્ષાયા કે હવે શું કહે છે. ત્યાં તરત પેલી ટેક ગવરાવે છે કે 'બોધ પામો, કેમ બૂઝતા નથી ? આટલામાં શું મોહી પડો છો ? કરવા જોગું કરી લો, નહિતર મરણ ઢૂંકડું આવે છે.'

ચોરો હજી સમજતા નથી કે શું કરવા જેવું છે, પરંતુ આકર્ષાયેલા છે તેથી આગળ સાંભળવા ઉત્સુક બન્યા છે.

હવે કપિલ મહર્ષિ ગવરાવે છે એમાં વિક્ષેપિણી કથા કહે છે એટલે કે ચોરોને જે સ્ત્રીઓ તરફ આકર્ષણ છે તેમાં વિક્ષેપ ઊભો કરે છે, આકર્ષણને કાપવાનું કરે છે. એ બોલે છે,-

**'અસુઈ-મુત્ત-મલ-રુહિર-પવાહ-વિરૂવયં, વંત-પિત્ત-દુગ્ગંધિ-સહાવ-વિલીણયં;**
**મેય-મજ્જ-વસ-ફોપ્ફસ-હડ્ડ-કલિયં, ચમ્મમેત્ત-પચ્છાયણ-જુવઈ-સત્થયં.'**
**સંબુજ્ઝહ કિ ન બુજ્ઝહ...**

અર્થાત્ એ બહારથી રમણીય પણ દેખાતો યુવતી સમૂહ અંદરથી કેવો છે ? તો કે અશુચિ, મૂત્ર, મળ ને લોહીના પ્રવાહથી કદરૂપો ! વાન્તિ, પિત્ત,



અને દુર્ગંધી સ્વભાવવાળા મેલા પદાર્થોને અંદરમાં છૂપાવી રાખનાર, તથા ચરબી-માંસ-નસો-ફેફસા અને હાડકાંઓથી ભરેલો, તેમજ એકમાત્ર બહારના ઢાંકણરૂપ ચામડીથી છવાયેલો છે;...તો બૂઝો, કેમ બોધ પામતા નથી !...'

આ ગવરાવતાં ચોરોના ચિત્તમાં સ્ત્રીઓ તરફ વિક્ષેપ ઊભો થયો; આકર્ષણ કંઈક મોળું પડ્યું મનને થયું કે 'તો પછી આવી મળમૂત્ર આદિથી ભરેલી સ્ત્રીઓમાં સારું શું ? ઉપરથી એકમાત્ર સારા રંગનું ચામડું મઢેલું એટલે શું સ્ત્રીઓ સારી ? વિષ્ટાની કોથળી પર રેશમી અસ્તર ચડાવવાથી એ થોડી જ સારી કહેવાય ?' શું થયું આ ? આકર્ષણથી પાછા ફર્યા; મનનું વિક્ષેપણ થયું એ કરાવનારું વચન એ વિક્ષેપિણી કથા. કથાનો એ બીજો પ્રકાર.

હવે સંવેગિની કથા રજૂ કરતાં મહર્ષિ ગવરાવે છે,

**'કમલ-ચંદ-નીલુપ્પલ-કંતિ-સમાણયં, મૂઢએહિ ઉવમિજ્જઈ જુવઈ-અંગયં;**
**થોવયં પિ ભણ કત્થઈ જઈ રમણિજ્જયં, અસુઈયં તુ સવ્વં ચિય ઈય પચ્ચક્ખયં.**
**સંબુજ્ઝહ કિં ન બુજ્ઝહ...'**

અર્થાત્ યુવતીના અવયવ હરણ, ચંદ્ર, નીલકમલ વગેરેની કાન્તિની સમાન છે એવી મૂઢજનોથી તુલના કરાય છે. પરંતુ કહો જો એનામાં ક્યાંય થોડી ય રમણીયતા હોય તો. ખરેખર એનું બધું જ અશુચિ છે, ગંદુ છે, એ પ્રત્યક્ષ દેખાય છે. માટે બૂઝો, કેમ બોધ નથી પામતા ?...

ચોરોને આ સાંભળીને સંવેગ ઉત્પન્ન થયો. એટલે કે સ્ત્રીઓના શરીર તરફ ઘૃણા ઉત્પન્ન થઈ.

પછી કપિલમહર્ષિ નિર્વેદિની કથા રજૂ કરતાં કહે છે;

**'જાણિઊણ એયં ચિય એત્થ અસારએ,**
**અસુઈ-મેત્ત-રમણૂસવ-કય-વાવારએ.**
**કામયમ્મિ મા લગ્ગહ ભવ-સય-કારએ,**
**વિરમ વિરમ મા હિંડહ ભવ-સંસારએ.**
**સંબુજ્ઝહ કિં ન બુજ્ઝહ...'**

અર્થાત્ આ જાણીને, આ સંસારમાં નરી અશુચિને વિષે રમવાના ઉત્સવમાં પ્રવૃત્તિ કરાવતી કામક્રીડામાં પ્રવર્તો નહિ કેમકે એ તો સેંકડો ભવના ભ્રમણ ઊભાં કરે છે. એથી વિરામ પામો, વિરામ પામો, ને ભવમાં ભટકવામાં પડો ના. બોધ પામો, કેમ બૂઝતા નથી ?...

આ સાંભળીને ચોરોને નિર્વેદ ઉત્પન્ન થયો, અર્થાત્ સંસારના અશુચિ કામસુખો

પર વૈરાગ્ય થયો, ભવમાં ભમવાનો ખેદ જાગ્યો, થાક-કંટાળો આવ્યો.

આ ચાર પ્રકારની કથાથી જેવી રીતે ચોરોને કામસુખો પરથી મન ઊઠી ગયું, અને એનાથી નિવૃત્ત થઈ ગયા, એમ ક્રોધ-માન-માયા-લોભ તથા કુધર્મોથી પણ નિર્વેદ કંટાળો પામી ગયા. ઊહાપોહ કરતાં એમને પૂર્વ જન્મનું સ્મરણ થઈ આવ્યું.

પછી તો મહર્ષિ જેમ જેમ આગળ ગવરાવતા ગયા તેમ તેમ ચોરો પ્રતિબોધ પામતા ગયા અને રાસડાને અંતે બધા ય ચોર સંયમધર સાધુ બની ગયા.

ચરિત્રકાર કહે છે કે આમ આક્ષેપિણી વગેરે ચાર પ્રકારની કથા ધર્મકથા છે, તેથી અમે પણ આ ચરિત્ર રચીએ છીએ. એમાં આક્ષેપિણી કથાનો પણ ઉપયોગ કરીશું, કેમકે એ ધર્મ પમાડવામાં હેતુ છે. એટલું ખરું કે ઉપદેશકને આક્ષેપિણી કથાનો ઉપયોગ કર્યા પછી વિક્ષેપિણી વગેરે કથાઓનો સચોટ ઉપયોગ કરવાનું આવડવું જોઈએ. એ ન આવડે તો અનર્થ થઈ જાય. આક્ષેપિણી કથામાં કોઈ સ્ત્રીનાં રૂપ અને મીઠા બોલનું વર્ણન તો કર્યું, પરંતુ પછી એના પર ઘૃણા-જુગુપ્સા-વૈરાગ્ય થાય એવું જોરદાર વર્ણન કરવાની તાકાત ન હોય તો શ્રોતાને શું લઈને ઉઠાડે ?

**ઉપદેશકની જવાબદારીઓ :-**

માટે જ ઉપદેશકારની મોટી જવાબદારી છે; કે

**(૧) વૈભવ પછી વૈરાગ્ય વર્ણવાય :-**

કોઈ ચરિત્ર વાંચતાં એમાં પાત્રના વૈભવવિલાસની વાતો આવે એનું વર્ણન કર્યા પછી વૈરાગ્યનું વર્ણન જોરદાર કરવું જોઈએ. એમ,

**(૨) અપવાદ સાથે ઉત્સર્ગ બતાવાય :-**

અપવાદમાર્ગનું નિરૂપણ કરવા ઉપર ઉત્સર્ગમાર્ગનું પ્રતિપાદન સારું કરાય.

**ઉત્સર્ગમાર્ગ એટલે મુખ્ય નિયમ, કર્તવ્ય.**

**અપવાદ એટલે એમાં છૂટછાટ.**

છૂટછાટની વાત કરી પણ મુખ્ય નિયમ-કર્તવ્ય ઠસાવતાં ન આવડ્યો તો સામાનું અહિત થાય. જીવ છૂટછાટનો રસિયો તો છે જ, એની આગળ ઉપદેશકાર એનું સમર્થન કરે અને ઉત્સર્ગની અત્યન્ત મહત્તા ન બતાવે તો શ્રોતા જીવ શું લઈ જાય ? એ લઈને પછી પાપાચરણ શાસ્ત્રના નામે કરે એ કેવી નિષ્ઠુરતા ? કેવી પાપિષ્ઠતા ?

**(૩) કુમતની યુક્તિ પછી એનું ખંડન કરાય :-**

એવી રીતે કુમતનું દલીલોથી સમર્થન તો કર્યું, પણ પછી એનું ખંડન જોરદાર યુક્તિ-દૃષ્ટાન્તથી કરતાં આવડવું જોઈએ. એ ન આવડે તો શ્રોતાના દિલમાં કુમતની યથાર્થતા ચોંટી જાય.



**(૪) નિશ્ચય સાથે વ્યવહાર બતાવવો જ જોઈએ :-**

નિશ્ચયનયનું સમર્થન કરવા સાથે વ્યવહારનયનું પાકું સમર્થન કરતાં આવડવું જોઈએ. જો એ ન આવડે તો શ્રોતા એકલા નિશ્ચયની ઉપયોગિતા સમજીને ઊઠે; અને નિશ્ચયનયમાં તો વસ્તુના મુખ્ય સ્વરૂપનું, અંતિમ સ્વરૂપનું અને ભાવાત્મક સ્વરૂપનું વર્ણન હોય; પરંતુ એ વર્ણવવા સાથે વસ્તુનું ગૌણ સ્વરૂપ, પેટા સ્વરૂપ, વ્યાવહારિક સ્વરૂપ અર્થાત્ ક્રિયાત્મક સ્વરૂપ, કે જેના દ્વારા એનું મુખ્ય સ્વરૂપ પ્રાપ્ત થાય છે, એ ન વર્ણવાય તો આજના શ્રોતાને તો ફાવતું જડી જાય. કેમકે એકલો નિશ્ચયનય પકડ્યો એટલે માત્ર ભાવ તરફ જ જોવાનું, બાકી કશું કરવું મટ્યું.

**દા.ત. નિશ્ચયથી સમ્યગ્દર્શન શું ?** તો કે દર્શનમોહનીય કર્મના ક્ષયોપશમ ઉપશમ કે ક્ષય આદિથી આત્મામાં જે નિર્મળ તત્ત્વવલણનો પરિણામ ઉત્પન્ન થાય તે. હવે આનું જોરદાર પ્રતિપાદન તો કર્યું; પરંતુ

**વ્યવહારથી સમ્યકત્વ એટલે કે** તત્ત્વજ્ઞ પુરુષોનો પરિચય, કુગુરુસંગનો. ત્યાગ, ધર્મશ્રવણની અથાગ પ્રીતિ, દેવ-ગુરુનું વૈયાવચ્ચ, શમ-સંવેગ-નિર્વેદ, વગેરે વગેરે; એનું પ્રતિપાદન ન કરે, એની અત્યંત આવશ્યક્તા ન બતાવે તો સંસારી જીવને ફાવતું જડી જાય. એ કશું કરવાનું નહિ, અને અંતરમાં તત્ત્વવલણ ઊભું કર્યાનું માનવાનું, એટલે નિશ્ચયથી સમ્યગ્દર્શન પામી ગયાનો મિથ્યા સંતોષ ઊભો થાય. એવું જ,

જ્ઞાનમાર્ગ અને ચારિત્રમાર્ગમાં એકલો નિશ્ચય પકડે અને વ્યવહારનું ઉઠમણું કરે, ત્યાં પણ મિથ્યા સંતોષ ધરવાનું થાય. પાપક્રિયાઓ અકબંધ ઊભી હોય, રસપૂર્વક સેવાતી હોય, એમાં વધારા ય થતા હોય, અને ભાવ આવી ગયો માને, એ ભૂલો ન પડે તો બીજું શું થાય ?

**એકલા નિશ્ચયવાળો ક્યાં ભૂલે છે ?**

જીવ અનંતાનંત કાળથી અસદ્ વ્યવહારો અર્થાત્ પાપક્રિયાઓનો રસિયો તો છે જ. હવે જો 'વ્યવહારની કાંઈ કિંમત નથી, કિંમત નથી, કિંમત નિશ્ચયની છે, ભાવની છે,' એમ માને, તો તો જેમ ધર્મક્રિયામાં લાભ દેખવાનો નહિ, એમ એ પાપક્રિયામાં નુકશાન પણ જોવાનો નહિ, તેથી એને એનાથી ડરવાની જરૂર જ નહિ, પછી પાપક્રિયા શું કામ છોડે ? એતો અંદરથી માનતો રહેશે કે 'મારામાં નિશ્ચયથી પાપનો ભાવ નથી,' પછી ખુશમિશાલ, આરંભ-સમારંભ, યથેચ્છ ખાનપાન, વિષયભોગ, નિરંકુશ પરિગ્રહવૃત્તિ, વગેરે કરતો રહેવાનો. એ આરંભ-વિષય-પરિગ્રહ-આહારાદિમાં ભય જ શું કામ રાખે ? એને તો બિચારાને પેલા મિથ્યા ઉપદેશકે એકલા નિશ્ચયનું પૂછડું પકડાવી દીધું છે એટલે એ તો એ જ સમજી

બેઠો છે કે 'આત્માના ઉદ્ધાર-પતન સાથે અંતરના શુભ-અશુભ શુદ્ધ-અશુદ્ધ ભાવને સંબંધ છે, પણ બાહ્ય શુભાશુભ ક્રિયા-વ્યવહારની સાથે કોઈ જ સંબંધ નથી.' માટે હવે કેમ ? તો કે 'નાગા થઈને નાચીએ તો વાંધો નહિ; માત્ર અંતરમાં ભાવ ચોખ્ખો રાખવાનો.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૬,તા.૧૪-૧૦-૧૯૬૭**

**શુભ વ્યવહાર વિના શુભ ભાવ અશક્યના દાખલા :-**

આમાં કદી ઉદ્ધાર થાય ? અનાદિ કાળથી જીવ પાપક્રિયાઓમાં-અશુભ વ્યવહારમાં રચ્યો-પચ્યો રહ્યો છે માટે તો શુભભાવ જાગતા નથી. એ પાછા હજી ય ચાલુ રહે, નિર્ભય રીતે સેવાય, તો શુભભાવ ક્યાંથી જાગવાના ? વ્યસની થઈ ગયેલો છોકરો વેશ્યાઓના સંગમાં જ પડ્યો રહે તો એને અંતરમાં સદાચાર બુદ્ધિ જાગે ખરી ? જુગાર-ચોરીઓ કરતો રહે તો શાહુકારી ભાવ આવે ખરો ? અભક્ષ્ય દારૂ-માંસ-ઈંડા સુધી વારંવાર ખાતો રહે તો તપનો અણાહારીપણાનો ભાવ જાગે ? કાયાનાં સ્નાન-વિલેપન-ઠઠારા બહુ કરતો રહે તો કાયા-માયાથી અનાસક્તભાવ આવે ખરો ?

**હંબગ મિથ્યાત્વની વાતો :-**

કેવી હંબગ વાત છે કે 'ધર્મક્રિયાઓ નકામી એટલે નહિ કરવાની, અને પાપક્રિયાઓનો વાંધો નહિ તેથી એ ફાવે તેટલી અને ફાવે તેવી ચલાવ્યે જવાની ! કોઈપણ જાતના સંકોચ કે ભય વિના ચલાવે એમાં હરકત નહિ ?' આ બેહૂદી વાત છે.

"અંતરમાં નિર્મળ ભાવ રાખો, ઉદાસીન અનાસક્ત ભાવનો અભ્યાસ કરો, બાહ્ય ક્રિયાનો કશો લાભ નથી, ઉપયોગ નથી; એવા વ્યવહાર તો અનંતા કર્યા પણ જીવ રખડતો રહ્યો." -આમ કહેવું એનો અર્થ તો એ કે અંતરમાં દયાનો અહિંસાનો ભાવ જરૂરી, પણ કસાઈ બકરું કાપી નાખવા તૈયાર થયો હોય ત્યાં એ બકરાંને છોડાવવાની બાહ્ય દયાની ક્રિયાનો કશો ઉપયોગ નહિ. એ ક્રિયા આત્માને કશો લાભ કરે નહિ, માટે એ જરૂરી નહિ ! એ જરૂરી લાભકારી માને તો મિથ્યાત્વ ! પછી કેમ ? તો કે 'કસાઈ બકરાં કાપવાની બાહ્ય ક્રિયા કરે એમાં એ ગુનેગાર નહિ, મિથ્યાત્વી નહિ, પણ આ જીવ બચાવવાની બાહ્ય દયાની ક્રિયા કરે એ ગુનેગાર, મિથ્યાત્વી !

**આર્યના ભેજામાં ન ઊતરે એવી વાતો :-**



એમ, પરસ્ત્રી સામે જોનારો ગુનેગાર નહિ, પણ પરમાત્માની મૂર્તિનાં દર્શન કર્યા કરનારો ગુનેગાર ! પત્નીની ચાપલૂસી-ચાટુ કરનારો બિનગુનેગાર પણ ભગવાન-ની પૂજા-પ્રાર્થના કરનારો મિથ્યાત્વી ? દુકાન પર બેસી અનીતિનો ધંધો કરે એમાં વાંધો નહિ, પણ એથી છૂટી કોઈ સામાયિકાદિ ધર્મક્રિયામાં લાગે, એનો વાંધો !

-આ બધી કેટલી બેહૂદી વાત છે ? કોઈ આર્ય માનવના ભેજામાં ન ઊતરે એવી આ વાતો છે.

શું જીવ સંસારમાં અનંતા કાળથી ભટકતો રહ્યો તે આ દયા-દેવદર્શનપૂજન-સામાયિકાદિ શુભ ક્રિયાઓનાં કારણે ? કે જીવહિંસા-દુરાચાર-વિષયસેવન અને અનીતિ-અન્યાયના કારણે ? સંસારભ્રમણ શાના લીધે ? આરંભસમારંભ અને આહાર-વિષય-પરિગ્રહની ક્રિયાઓના લીધે ? કે દયા-દાન-શીલ-તપની ક્રિયાઓના લીધે ? અહીં પૂછો,-

**અનંતી ક્રિયા કેમ નકામી ગઈ ? :-**

**પ્ર.-** તો પછી જો દયા-દાનાદિની બાહ્ય ક્રિયા સંસાર તરવામાં ઉપયોગી હોય તો એ તો અનંતી કરી છતાં જીવ કેમ રખડતો જ રહ્યો ?

**ઉ.-** અનંતી દયા-દાનાદિની ક્રિયા નકામી ગઈ. એનું કારણ એ નકામી હતી માટે નહિ, પણ એ દયાદાનાદિ ક્રિયા બહારથી કરવા સાથે અંદરથી આરંભ-સમારંભ, પરિગ્રહ, વિષયો, સારાં ભોજન મળવાના ભાવ રાખ્યા તેથી નકામી ગઈ. નાની બકરીને એક તરફ દૂધ પાઓ પણ બીજી તરફ એની સામે વાઘ બાંધી રાખો તો એ બકરીનું બચ્ચું પુષ્ટ થાય ? ના; તેથી શું એમ કહેવાય કે બચ્ચાને દૂધ પાવું નકામું ? જરાય ન કહેવાય.

**દૂધથી તો પુષ્ટિ આવે; શરત એટલી કે એને વાળી નાખનારું તત્ત્વ સાથે ન જોઈએ. એમ દયા-દાનાદિની ક્રિયાથી તો આત્માને પુષ્ટિ મળે, ભવ કપાય; માત્ર શરત એ કે એની સાથે આહાર-વિષય-પરિગ્રહ-પ્રતિષ્ઠાની લાલસા ન જોઈએ; કેમકે એ પુષ્ટિને બાળી નાખનારું તત્ત્વ છે; ભવને વધારનારું તત્ત્વ છે.**

**લાલસા વિના પરિગ્રહાદિમાં શો વાંધો ? :-**

**પ્ર.-** જો લાલસા જ ખરાબ ચીજ છે, તો પછી અંતરમાં લાલસા વિના આહાર-વિષય-પરિગ્રહ સેવે એમાં શો વાંધો ?

**ઉ.-** ઠીક પ્રશ્ન કર્યો. પણ એ તો કહો કે જો લાલસા જ નથી, તો પછી એ આહાર વિષય-પરિગ્રહાદિ સેવે જ શું કામ ? શું એનાથી સંસાર તરાય છે ? ને એથી વિરુદ્ધ તપ-શીલ-દાનની ક્રિયાથી સંસારમાં ભટકવાનું થાય છે ? જો કહો કે ના, એ તો એમજ ઉદાસીનભાવે આહાર-વિષય-પરિગ્રહ સેવે છે; તો સવાલ એ

છે કે તો પછી એ એના બદલે તપ-શીલ-દાનની ક્રિયા જ એમજ કેમ નથી સેવતો ?

ઠગવાની વાત ન કરશો. લાલસા જ નથી તો સારાં સારાં ભોજન શું કામ લે છે ? લૂક્ખાં કેમ નથી ખાતો ? કે ઉપવાસ જ કેમ નથી કરતો ? કહો કે 'શરીર ટકાવવા,' તો પ્રશ્ન તો એ છે કે શરીર ટકાવવાનું પણ શું કામ છે ? કેમકે શરીરની ક્રિયા તો આત્માને કાંઈ ઉપયોગી નથી; એ કોઈ આત્મહિતમાં કારણ નથી, પછી શરીરને ટકાવવાની ને એ માટે મેવા-મીઠાઈ લેવાની શી જરૂર ?

વાત આ છે કે લાલસા છે માટે તો સારાં સારાં ભોજન લેવાય છે; વેપાર કરાય છે; સારા વિષયો શબ્દ-રૂપ-રસ વગેરે ભોગવાય છે. અંતરમાં લાલસા જ ન હોય તો ઘરમાં ધનના ઢગલા શું કામ કરે ? શા સારુ અચ્છા અચ્છા સુંવાળા વિષયોને ભોગવે ?

**અશુભ લાલસાથી સત્ ક્રિયા નકામી, તેમ શુભ ભાવ માટે પાપક્રિયા પણ નકામી :-**

એટલે દિલમાં શુભભાવના વિરોધી તત્ત્વો આહાર-વિષય-પરિગ્રહ-પ્રતિષ્ઠાદિની લાલસા રાખીને બહારથી તપ-શીલ-દાન વગેરેની ક્રિયા કરે તે નકામી જ જાય; એ જેટલું સાચું છે એટલું આ પણ સાચું જ છે કે એ લાલસા તૂટશે તે પણ આહાર-વિષય-પરિગ્રહાદિની પાપક્રિયા ચાલુ રાખ્યાથી નહિ, કિન્તુ ઉપદેશશ્રવણ અને દયા-દાનાદિની ક્રિયા કરવાથી જ તૂટશે; જેમ પેલી વાઘ સામેની બકરી જો પુષ્ટ થશે તો વાઘથી અલગ રખાઈ દૂધથી જ પુષ્ટ થશે.

**કુપથ્ય સાથે દવાનું દૃષ્ટાન્ત :-**

દવા ખાય પણ સાથે કુપથ્ય ખાય તો રોગ ન જાય, પણ તેથી કાંઈ રોગ કાઢવા માટે દવા નકામી ન કહેવાય. કેમકે કુપથ્ય બંધ કરીને દવાનું સેવન કરવાથી જ રોગ જાય છે. એવું અશુભ આહાર-વિષયાદિની લાલસા રોકીને દયા-દાન-તપ આદિની ક્રિયા સેવાય તો જ ભવરોગ જાય. એટલે,

**જેમ પુષ્ટિ માટે વાઘ ખતરનાક, અને દૂધ ઉપયોગી,**

**જેમ આરોગ્ય સારું કુપથ્ય ખતરનાક, અને દવા કામની,**

**તેમ અંતરના અનાસક્તિ-ઉદાસીનતા-દયા-અહિંસા વગેરે શુભ ભાવ માટે આરંભ-સમારંભ ને આહાર-વિષય-પરિગ્રહાદિની ક્રિયા ખતરનાક, અને દયા-દાન-શીલ-તપની ક્રિયા ઉપયોગી;**

અનાદિના અશુભ વ્યવહારમાંથી બહાર નીકળાય, તો જ એનાથી પોષાતા અંતરના મલિન ભાવ ઓછા થાય; એ અશુભ વ્યવહારમાંથી બહાર કાઢનાર દયા-



દાનાદિના શુભ વ્યવહાર છે; એ શુભ ભાવ લાવવાના જ લક્ષથી આચરતા જવાય, તેમ તેમ શુભ ભાવ પ્રગટતા આવે, વિકસતા આવે.

**આત્મહિત વસ્તુનું મુખ્ય સ્વરૂપ ભાવ, આંતરિક શુભ પરિણામ; પણ તે મુખ્ય સ્વરૂપ બાહ્ય શુભ વ્યવહારરૂપી કારણસ્વરૂપથી પ્રાપ્ત થાય.** વિષયસેવન છોડે અને બાહ્યથી બ્રહ્મચર્યની ક્રિયા પાળે તો જ અંતરમાં બ્રહ્મચર્યનો ભાવ ઊભો થાય; પણ નહિ કે બાહ્ય શુભ ક્રિયા નકામી માનીને વિષયસેવનની પાપક્રિયાઓ કરતા રહેવાથી.

એટલે વાત આ છે, કે ઉપદેશકના માથે આ પણ જવાબદારી છે કે નિશ્ચયનયની વાત એવી રીતે ન કરે કે જેથી શ્રોતાને મન વ્યવહારનયની વસ્તુનું મહત્ત્વ જ ઊડી જાય. એ તો અશુભ વ્યવહારના રસિયા શ્રોતાને શુભ વ્યવહારની પણ સચોટ ઉપયોગિતા લાગે એ ય બતાવવું અતિશય જરૂરી, નહિતર નિશ્ચયધર્મના નામ હેઠળ જ એકાંતે પાપક્રિયાઓમાં રાચ્યો-માચ્યો રહી અંતરથી પાપાત્મા જ બન્યો રહેવાનો પ્રસંગ આવે. કેમકે હવે એ પાપક્રિયા નિર્ભીકપણે કરશે ! આ કરાવવાનું ઘોરકૃત્ય પેલા ઉપદેશકના માથે જશે.

એમ આકર્ષિણી કથા કરવી હોય તો સાથે સંવેગ-નિર્વેદ-વૈરાગ્યનું સમર્થન પણ જોરદાર કરતાં આવડવું જોઈએ.

ચરિત્રકાર સમર્થપુરુષ છે, તેથી આ ચરિત્રમાં આકર્ષિણી કથા પણ લાવવાના છે, અને સાથે જ્વલંત સંવેગ-વૈરાગ્ય જગાડનારું વર્ણન વિવેચન પણ કરવાના છે.

**કથાવસ્તુ :-**

હવે અહીં ટૂંકમાં કથાની વસ્તુ બતાવે છે, ચરિત્રનાયકનો કેવી રીતે જન્મ થાય છે; એનું કેવી રીતે અપહરણ થાય છે; ત્યાં સાધુ, દેવ અને સિંહનો કેવો યોગ થાય છે; પાંચજનોના પૂર્વ જન્મનો શો સંબંધ સાધુ કહે છે; તેથી એ સાંભળીને કેવી રીતે સમ્યકત્વ પામી તપ કરીને સ્વર્ગમાં જાય છે; ત્યાંથી સુખ ભોગવી આ ભરતક્ષેત્રમાં પાછા મનુષ્ય-અવતારે આવે છે; પણ અન્યોન્યને ઓળખતા નથી, ત્યાં કેવળજ્ઞાની ભગવાન કેવી ઓળખાણ કરાવે છે; જેથી એ પાંચેય એથી પ્રતિબોધ પામી જઈ સાધુપણું સ્વીકારે છે; અને તપ કરીને કર્મ ખપાવી મોક્ષ પામે છે;- આટલી મુખ્ય કથાવસ્તુ છે.

ચરિત્રકાર કહે છે કે મને આ કથા હ્રીદેવીએ કહી, અને એ દેવીના જ પ્રસાદથી વિસ્તાર કરીને આ ચરિત્ર હું કહું છું; તે તમે સાંભળો, ચરિત્રકાર કવિ છે, કહે છે કે કવિઓ ખળ પુરુષોથી બીવે છે. કારણ બતાવે છે,-

**ખળ પુરુષો** કૂતરાની જેમ પહેલાં ભસે છે, ને પાછળથી બચકું ભરે છે;

કાગડાની માફક ભક્ષ્યના છિદ્રમાં જીભ ઘાલવારૂપે ચાંચો મારે છે; ગધેડાની જેમ સુજનની ઋદ્ધિ જોઈને પોતે તે ભોગવી શકતો નથી માટે ઈર્ષ્યાથી બળે છે; સાપની જેમ છિદ્ર શોધી કાઢી એમાં પેસે છે, અને વક્ર ગતિવાળો હોય છે; ખોળની માફક સ્નેહ વિનાનો ને પશુ જેવા માણસોથી ભોગ્ય બને છે.

આવા ખળ દુર્જન પુરુષોથી બીવાનું શું ? સારું કામ કરવું હોય તો એની અવગણના કરીને સુજન પુરુષોને દૃષ્ટિમાં રાખી શુભ કામ કરવું; કેમકે એ ગુણના જ ગ્રાહક હોય છે. કોની જેમ ?

**સુજનો કેવા કેવા :-**

**સુજન પુરુષો** રાજહંસ જેવા છે. રાજહંસ જેમ ઉજ્જવળ બે પક્ષ યાને પાંખવાળા તથા 'પય' વિશેષ યાને દૂધ-દૂધને સમજી તે જ ગ્રહણ કરનારા હોય છે, તેવી રીતે સુજનોના ઉભય પક્ષ માતૃપક્ષ-પિતૃપક્ષ ઉજ્જવળ હોય છે. તેમજ 'પય' અર્થાત્ પદના વિશેષ રહસ્યને સમજી તે જ ગ્રહણ કરનારા હોય છે.

વળી એ પૂર્ણિમાના ચંદ્રની માફક સર્વ કળાઓએ ભરેલા અને જનમનને આનંદ દેનારા હોય છે. વિશેષમાં એ તો પાછા નિષ્કલંક હોય છે.

તેમજ એ મૃણાલ જેવા, તે એમને ખાંડી નાખવામાં આવે તો ય એમના સ્નેહતંતુ અખંડિત રહે છે, ને એ સુશીલ હોય છે. વિશેષતા એ છે કે મૃણાલ સ્વભાવે કંઈક તૂરા ને જળ યાને જડના સંસર્ગી; ત્યારે સુજનો મધુર સ્વભાવવાળાને સુજ્ઞનો સંસર્ગ રાખનારા !

વળી એ દિગ્ગજની માફક દિલથી ઊંચા અને સતત દાન વહાવનારા; હાથીને ગંડસ્થળે મદ ઝરે એને દાનથી કહે છે, ત્યારે સુજનો ધનદાન-સહાયદાન-સુવચનદાન આદિ કરનારા હોય છે. વિશેષતા એ, કે હાથી મદથી ઉન્મત્ત અને શ્યામમુખા બને છે, ત્યારે સુજનો મદોન્મત્ત અને શ્યામમુખા નથી હોતા; દાન કરીને પણ એ ઉન્મત્ત-અભિમાની નહિ કે 'હું કેવો દાની !'; અથવા 'હાય મારા પૈસા ગયા !' એવા નિસાસાની લાગણીથી શ્યામમુખા નહિ; પણ 'ધન્ય સુકૃત !' એમ ઉજ્જવળ પ્રસન્ન મુખવાળા હોય છે.

સુજનો વળી મોતીના હાર જેવા સહજ નિર્મળ અને બહુ ગુણ-સાર વાળા હોય છે. વિશેષતા એ, કે જ્યારે મોતીઓને હારમાં વચમાં છિદ્ર હોય, ત્યારે આ છિદ્રરહિત હોય છે.

સુજનો વળી સમુદ્રની માફક ગંભીર સ્વભાવવાળા અને મહાન પદાર્થોથી ભરેલા હોય છે. ગંભીર સમુદ્રની ઊંડાઈ ન મપાય, કે એ એનાં રત્નો ભરતીમાં બહાર ન ઉછાળે; તેમ સુજનની ગંભીરતા પણ એવી કે એના દિલનું ઉંડાણ માપી



શકાય નહિ; તેમ એ પોતાના ગુણોને પોતાની વાણીથી બહાર ન કાઢે.

વળી સમુદ્રમાં રત્નાદિ મહાન પદાર્થો, તેમ સુજનમાં ગુણો સદ્ભાવનાઓ વગેરે મહાન પદાર્થો હોય છે. છતાં વિશેષતા એ છે કે જ્યારે સમુદ્રમાં આવર્તોના ગૂંચળા ચાલે અને એના હંમેશના કલરવથી પાસેનાને, દરિદ્ર કચકચ કરતા દરિદ્ર કુટુંબની જેમ, ત્રાસરૂપ બને છે, ત્યારે સુજનોમાં નથી તો માયાના ગૂંચળા ચાલતા, કે નથી તો એ કચકચ કરનારા.

કવિએ સુજનોની આ કેવી સુંદર ઓળખાણ કરાવી ? આવા સુજનોના જ સામે જોઈને આ ચરિત્ર રચવામાં આવે છે.

**'કુવલયમાળા' કથાની શરૂઆત** આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાંની વિનીતા નગરીથી થાય છે. ચરિત્રકાર મહાકવિ છે, તેથી જંબૂદ્વીપ, ભરતક્ષેત્ર, વૈતાઢ્ય પર્વત અને વિનીતાનું ઉપમાઓ દ્વારા ભવ્ય વર્ણન રજૂ કરે છે. એ બહુ બોધક અને આહ્લાદ કરે એવું છે. વિસ્તારના ભયથી એ અહીં ન વિચારતાં કથા જ શરૂ કરવામાં આવે છે. આગળ ઉપર પણ એમાં કેટલાંય રોચક ને બોધક વર્ણનો વિસ્તારના ભયે છોડી દેવાશે.

**રાજાના સુંદર ગુણો :-**

વિનીતા નગરીમાં દૃઢવર્મા નામે રાજા છે. એ મહાવૈભવી અને સત્તાધીશ તથા પ્રખ્યાત પરાક્રમવાળો છતાં, જુઓ, કેવા ગુણ ધરાવે છે ! પહેલા નંબરના ગુણમાં રાજા સરળ પ્રકૃતિનો છે. એનામાં કૂડ-કપટ-વક્રતા નથી. એટલે જ એની બોલ-ચાલ માયાવી નહિ પણ સીધી ઋજુ-સરળ પદ્ધતિની છે. હૃદયમાં જુદું, અને બહાર બોલવાનું કે વર્તવાનું જુદું, એમ નહિ. તેથી સામો માણસ એની બોલચાલના ભરોસે રહી શકે.

**(૧) સરળતા કેમ પહેલી જરૂરી ? :-**

સરળતા પહેલી જરૂરી, એટલા માટે કે આત્માનું જેનાથી ઉત્થાન થાય છે, એવા ગુરુઓ-વડીલજનોની આગળ સરળ વ્યવહાર હોય તો જ એ પૂજ્ય પુરુષો આને યથાસ્થિત ઓળખી યોગ્ય ઉપદેશ-માર્ગદર્શન આપી શકે. નહિતર માયાવી પદ્ધતિમાં પોતે દેખાવ કાં એક સારા માણસ તરીકેનો કરે, તો ગુરુઓ એના ભરોસે રહી એની અંદરની ખરાબીઓથી અજાણ્યા જ રહે,-તેથી એ સુધારવા અંગે કશું કહે નહિ; પછી એ ખરાબીઓ જાતે સુધારવાની તો તાકાત નથી, અને ગુરુઓ પાસેથી સુધારણા મળે નહિ, એટલે ખરાબીઓ સુધરે જ કેવી રીતે ?

(૨) એમ, માયાચારમાં પોતાની તન-મન-ધનની શક્તિઓની જાણ ગુરુને ન થવા દે એટલે પણ એનો યોગ્ય સદ્વ્યય ગુરુઓ અજાણમાં રહ્યા દેખાડી શકે

નહિ; એની પ્રેરણા ન કરે. પછી ઉદ્ધાર શી રીતે થાય ?

(૩) અથવા માયાવી બોલથી પોતાની અમુક ખરાબી બહુ ભારે પ્રમાણમાં દેખાડે એટલે ગુરુઓ એ સુધારવા પર ઉપદેશનો ઝોક મૂકે; તેથી પણ બીજી ખતરનાક પાયાની ખરાબી એમજ ઊભી રહી જાય.

દા.ત. માણસ કહે 'સાહેબ ! ખાવા-પીવાનો રસ મને બહુ સતાવે છે, એનું કાંક કરો ને.' એટલે ગુરુ સહેજે એને ત્યાગ-તપનો ઉત્સાહ ચડે એવો ભવ્ય ઉપદેશ આપે. પણ હવે થાય એવું કે પેલાને પાયાની ખરાબી તરીકે સ્વાર્થાંધતા, ને તેથી જ કૃપણતા અને કૃતઘ્નતા પણ સતાવતા હોય, પણ એ પોતાનામાં નથી એવો દેખાવ કરવાથી, ગુરુઓએ ખરાબીઓની ભયાનકતા વર્ણવે નહિ; એ તો પેલી ત્યાગ-તપની પ્રેરણા કરે, એટલે પેલાને સહેજે એ સ્વાર્થાંધતા આદિ દોષો અકબંધ રહેવાના. પછી ત્યાગ-તપ કરીને ય એ પોષવાનું આવડવાનું. એટલે દેવાધિદેવની કૃતજ્ઞતા બજાવવા રૂપે પણ એમની આગળ કશું ધરવું નથી, પૈસો ખરચવો નથી; એટલે ધન અને સ્વાર્થની એટલી બધી મૂર્ચ્છામાં સહેજે એવી આશા રાખશે કે 'મારા તપથી મને સારા પૈસા મળે, મારો સ્વાર્થ સધાય.' જુઓ માયાથી અંતે શું સાધ્યું ?

**ડૉક્ટર આગળ માયા ચાલે ? :-**

મૂળ ખરાબી માયાચારની એટલે ગુરુની આગળ અંદરની અમુક ગુપ્ત ખરાબી કહે નહિ, બહારથી દેખાવ સારાનો દેખાડે, પછી ઉદ્ધાર શી રીતે થાય ? માટે સરળતા ગુણ પહેલો જોઈએ. વૈદ-ડૉક્ટરની આગળ પણ અંદરનો મહત્ત્વનો દોષ છૂપાવે તો મૂળમાંથી નીરોગી ક્યાં થાય છે ?

**સરળતા નહિ તો સગાં પ્રત્યે દ્રોહ :-**

ત્યારે સગાં-સ્નેહી વગેરે સાથે પણ સરળ વ્યવહાર ન હોય, માયાચાર હોય, તો એમનો દ્રોહ કરવાનું વિશ્વાસઘાત કરવાનું ઘોર પાપ થાય. પેલા જ્યાં આનો માયાચાર જાણી જાય એટલે એમનો વિશ્વાસ પણ ઊઠી જાય પછી પ્રેમ, સેવા, સહાનુભૂતિ, વગેરે બધે ધક્કો લાગે. એ સ્થિતિમાં અહીં પણ જીવન કેવું દુઃખદ બને ? જગતમાં એવા કેટલાય દાખલા જોવા મળશે કે માયાચાર યા તુંડમિજાજીપણામાં પોતાના માણસોના સ્નેહ-સદ્ભાવ ગુમાવ્યા હોય છે, તેથી પોતાની બિમારી કે વૃદ્ધાવસ્થામાં એવી સેવા-સહાનુભૂતિ નથી મળતી.

માયાચારમાં આવા તો કેટલાય અનિષ્ટ પરિણામ આવે છે. માટે સરળતાગુણ પહેલા નંબરે જરૂરી છે.

**(૨) પ્રિયવચન કેમ જરૂરી ? :-**

દૃઢવર્મા રાજા સરળ છે, એમ પ્રિયવાદી છે, વચન બોલે તે અપ્રિય કઠોર



દિલને ઘા કરે એવું નહિ, પણ પ્રિય લાગે એવું બોલે છે. એથી પણ સામાનો સ્નેહ સદ્ભાવ વધે છે. હિતનું વચન પણ પ્રિય લાગે એવું બોલાય તો જ ઝીલાય છે. સોનાની પણ લગડી ભઠ્ઠીમાંથી કાઢીને સામાના હાથમાં આપવા માગો શું એ હાથમાં લે ખરો ? સોનાની છે તો ય લે ? ના, એમ હિતકારી પણ બોલ અપ્રિય -કઠોર-કર્કશ ભાષામાં કહેતાં સામો એને ઝીલે નહિ તો પછી પ્રિય શબ્દ બોલવામાં શું જાય ? ખર્ચ કાંઈ લાગતો નથી, ને સામાના દિલમાં આપણા માટે ભાવ ઉત્પન્ન થાય છે, તેમ એ હિતકર વાત ઝીલે છે.

**ત્યાગના લાભ :-**

વળી રાજા ત્યાગી હતો, દાની હતો. ત્યાગને સૌ આવકારે, દાનને સૌ વખાણે; સંગ્રહખોરીને નહિ કે ઉદરંભરિતાને નહિ. **'ત્યાગે એની આગે; ને માગે એથી ભાગે,'** કહેવાય છે ને ?

વળી સંગ્રહ કે જાતે ભોગવી લીધાના આનંદ કોઈ જુદા જ પ્રકારનો અને વિશિષ્ટ કોટિનો હોય છે. સ્વાર્થભોગનો આનંદ ક્ષણિક-અલ્પકાલિક; કેમકે પરિસ્થિતિ બદલાતાં એ નહિવત્ બની જાય છે. એકવાર લાડુ ખાધો, ખુશી થયા; પણ પછી બીજી વાર પેંડો ખાવા મળ્યો ત્યાં પેલો આનંદ તુચ્છ લાગે છે; યા રોટલી ખાવા મળી તો ઉદ્વેગ થાય છે ક્યાં ટક્યો લાડુનો આનંદ ? ત્યારે લાડુનો ત્યાગ કર્યો કે દાન દીધું, તો એ વખતે તો આનંદ ખરો પણ પછી ય જ્યારે જ્યારે એનું સ્મરણ થાય ત્યારે ત્યારે આનંદ થાય છે. કહો ત્યાગનો કે દાનનો આનંદ અમર છે. એટલું જ નહિ, પણ એ સુકૃત છે તેથી જ્યારે જ્યારે એની અનુમોદના થાય કે 'પેલો મારે ત્યાગ ઠીક થઈ ગયો, દાન ઠીક દેવાઈ ગયું,' ત્યારે ત્યારે નવું નવું પુણ્ય આપે છે; એથી ઊલટું સ્વાર્થભોગની અનુમોદના જ્યારે જ્યારે કરાય ત્યારે ત્યારે એ દુષ્કૃત્યની અનુમોદના હોઈ નવું નવું પાપ જ મળે. આ નિયમ છે કે **ભલે સુકૃત કે દુષ્કૃત્ય કર્યું એકવાર, પણ પછી જ્યારે જ્યારે એની ખુશી માનો ત્યારે ત્યારે નવું નવું પુણ્ય કે પાપ બંધાય.**

(૩-૪) **દક્ષતા અને દાક્ષિણ્ય :-**

વળી રાજા દક્ષ છે, ચતુર છે, વિવેકી છે. એથી એ વસ્તુનું મૂલ્યાંકન કરી શકે છે, અને ઉચિત વર્તી એમાંથી લાભ ઉઠાવી શકે છે. **વસ્તુને બરાબર ઓળખો તો એના પર ઉચિત વર્તાવ અને લાભ મળી શકે છે.**

એમ, રાજા દાક્ષિણ્યવાળો છે. દાક્ષિણ્ય ગુણ એવો છે કે બીજાની પ્રાર્થનાનો ભંગ ન કરે. સામાને કોઈ જરૂરિયાત છે, ને એ માગે છે. તો આ ના ન પાડે; આપી દે, કરી દે. દાક્ષિણ્ય-વિનાનો તો ઘસીને ના જ કહેવાનો,- 'હું નહિ આપું;'

'મારાથી કામ નહિ બને.' તો આવા માણસનું જીવન એક કીડાના જીવન કરતાં શું સારું છે ?

**એમ દાક્ષિણ્ય એટલે કે લજ્જા હોય તો એ**

(૧) અકાર્ય કરતાં અટકશે,

(૨) ઉદ્‌ભટ જીવન નહિ જીવે;

(૩) શરમે શરમે પણ કર્તવ્ય બજાવશે, સેવા કરશે;

નિર્લજ્જને આ કશું નહિ. એને અકાર્ય કરતાં કે અઘટિત બોલતાં સંકોચ નહિ. તેમ વેશ વર્તાવ-વ્યવહાર પણ ઉલ્લંઠ-ઉદ્‌ભટ રાખતાં આંચકો નહિ તેમ, નિર્લજ્જને કર્તવ્ય ન બજાવતાં કે સેવા ન કરતાં કોઈ વિચાર જ નહિ. પછી એ સમાજમાં કુટુંબમાં કે સ્નેહી-પરિવારમાં અપ્રિય અકારો થાય, એમાં શી નવાઈ ? નિંદા પામે, અપયશ પામે, લોકના મોઢે ચવાય, એ સહજ છે. એ થતાં પાછો એ દોષિત પોતાની જાતને નહિ, પણ સામાને ગણે છે; અને તેથી સામા ઉપર દ્વેષિલો બને છે; ઝેરિલો બને છે. ત્યારે દાક્ષિણ્ય ગુણની બલિહારી છે. આ બધા અનર્થોથી એ બચાવી લે છે. તેમ બીજાની પ્રાર્થનાનો ભંગ ન કરતો હોવાથી એનું કરી છૂટે છે, તેથી એ લોકપ્રિય અને દયાળુ બને છે.

**જીવને પૂછવા લાયક પ્રશ્નો :-**

આપણા જીવનમાં વિચારજો કે આ સરળતા, પ્રિયવાદિતા, દાનશીલતા, વિવેક, દાક્ષિણ્ય વગેરેને કેટલું સ્થાન છે ?

જીવન જીવવું એટલે શું ? ધમણની જેમ શ્વાસ લેવા ને મૂકવા ? યા કીડા મંકોડા કે જનાવરની જેમ સ્વાર્થ અને ભોગની જ રમત કરવાની ? કે આવા સરળતા વગેરે દિવ્ય ગુણોનો અભ્યાસ કરવાનો ? નિરાંતે બેઠાં કે ફુરસદ મળી ત્યાં વિચારો તો કરો છો, પરંતુ આ વિચારણાને સ્થાન છે ખરું કે

ભાઈ મારે આ ઉચ્ચ જીવનને પસાર કરતાં કરતાં શું કમાવાનું ?

જીવન ઢોરનું જીવું છું કે માનવનું ?

હૈયે પશુવૃત્તિઓ રમે છે કે માનવયોગ્ય વૃત્તિઓ ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૭,તા.૨૧-૧૦-૧૯૬૭**

જન્મીને જેટલા ગુણો હતા એથી વધુ વધુ સમજદાર થયે વધુ વધુ ગુણ વધાર્યા ? કે ઊલટું દોષ જ પોષ્યા ?

સારું સારું કમાયા, ખાધું પીધું ને માન મેળવ્યા, એથી શી વડાઈ જાતને



મળી ? એ તો બધું ખોવાયું ને ખોવાશે, પણ પછી અંતકાળ કેવો આવશે ? ગુણકમાઈથી સમાધિનો ? કે ખાન-પાન-માલ-પરિવાર ખોવાઈ જતાં દેખી ભારે સંતાપ અસમાધિ અને દુર્ધ્યાનનો ?

દૃઢવર્મા રાજા એ બધા ગુણવાળો છે. સાથે

(૫) **રાજા દયાળુ છે.** દયાળુ જીવોનાં દુઃખી પ્રત્યે કોમળ દિલવાળો સહાનુભૂતિ-સમવેદનવાળો. દુઃખ બીજાનું જોઈ દિલ પોતાનું પીગળી જાય. ત્યારે એવા રાજાઓ પોતાની કમાઈ, પોતાનો રુઆબ, પોતાનાં માન કે પોતાનું અહંત્વ ન જુએ; પણ પ્રજાની સગવડ વિચારે, પ્રજાનું હિત જુએ; અને એની ખાતર પોતાના ખજાના ખુલ્લા મૂકી દે.

**પત્થર મારનારને ઈનામ :-**

**ભાવનગરનો રાજા** બહાર ઉદ્યાનમાં ફરવા નીકળ્યો અને એક છોકરાએ ઝાડ પરથી કેરી પાડવા ફેંકેલો પત્થર રાજાને લાગી ગયો. સિપાઈઓ તરત છોકરાને રાજા પાસે પકડી લાવ્યા; જુએ છે કે રાજા એને હવે કેવો ફટકારશે ? છોકરો ય ધ્રુજી રહ્યો છે. એને ય લાગ્યું કે 'હવે હું મરી ગયો. મારા બાર વાગી જવાના;' બિચારો થરથર કંપે છે. પણ રાજા દયાળુ છે. પોતાને પત્થર વાગવાનું દુઃખ અને તે પણ આવા એક ગમાર માણસથી વાગવાનું ભૂલી જાય છે, ગૌણ કરે છે, અને એ દુઃખ પર ક્રોધી કે વ્યાકુળ થવાને બદલે, તેમ પોતાના એક મહારાજાપણાનું અપમાન થયું લેખવાના બદલે છોકરાની ધ્રુજારી પર પીગળી જાય છે. મનને એમ વિચારે છે કે,

'જો આ પત્થર એક જડ જેવા ઝાડને બરાબર લાગ્યો હોત તો ઝાડ એને મજેની કેરી આપત. તો પછી હું તો એક માનવ, તે પણ બીજા માનવોમાં ઊંચો રાજામાનવ તો શું હું ઝાડથી ય ગયો તે હું એને કોરડાનો માર આપું ? મારે તો અજ્ઞાન ઝાડ કરતાં ય મોટું ઈનામ આપવું જોઈએ.'

વિચાર કરીને માણસોને કહે છે છોડી મૂકો આ છોકરાને. છોડાવીને છોકરાના હાથમાં બે રૂપિયા આપતાં કહે છે, 'લે, ઝાડ તો તને કદાચ ૨-૪ પૈસાની એક કેરી આપત. પણ મારે તો એથી મોટું ઈનામ આપવું જોઈએ. માટે લે આ લઈ જા બે રૂપિયા, ખૂબ કેરીઓ લઈ ખાજે. ગભરાઈશ નહિ.' છોકરો સ્તબ્ધ થઈ ગયો, અને માણસો પણ અચરિજ પામી ગયા કે 'વાહ ! કેવું ઉત્તમ દિલ ? મોટાનાં દિલ મોટાં જ હોય.'

**તણખિયા કોલસા :-**

શાના પર આ ? દયાળુતા-ગુણ પર. તમારા જીવનમાં પ્રસંગો પર આવશે આ દિલ ? ઠામઠામ આ દયાળુતા ? કે આગમાં પડ્યા લોઢાની જેમ તપ્યા જ કરશો ?

તણખિયા કોલસા સગડીમાં પેઠા કે ફટ્ ફુટ્, ફટ્ ફુટ્ એમ તામસી સત્ત્વહીન માણસો ઘરમાં પેઠા કે ધમધમાટ કરે છે. સામાના દિલ ઘવાશે તો ? એવો દયાનો વિચાર જ નથી; નહિતર નાનડિયાની ભૂલના દુઃખ પર હમદર્દી બતાવે.

**આવા ઉચ્ચ જીવનમાં આત્માને કાંઈક સારો ઘડી જવો હોય, અનાદિના કુવાસનાના રાહ પલટવા-સુધારવા હોય, તો દયાળુતા પાયાની ચીજ છે.**

બીજાની ભૂલ પર બીજાનાં દુઃખ-દર્દ પર દિલ કોમળ કૂણું રાખો. જાતનો વિચાર કરો કે આપણી ભૂલ પર, આપણાં દુઃખ-દરદ ઉપર બીજા પાસેથી શું ઇચ્છીએ છીએ ? કઠોરતા કે કોમળતા ? કડકાઈ કે કુણાશ ?

(૬) રાજા દઢવર્મા દયાળુ છે. એટલે જ પાછો શરણાગત-વત્સલ છે, આશ્રયે આવેલા પર પ્રેમ રાખનારો છે. એને તરછોડનારો નહિ. ઝાડ તાપમાં તપીને પણ આશરે આવેલાને છાયા દે છે.

(૭) **રાજા સંવિભાગી છે.** પોતાને મળેલી સમૃદ્ધિમાંથી બીજા-બીજાઓને ભાગ આપનારો છે, પણ એકલપેટો બનનારો નહિ. કાગડો કાંક રસ્તા પર ખાવાનું પડેલું દેખ્યું તો તેમાં ભાગ આપવા બીજા કાગડાઓને કા કા કરીને બોલાવે છે, અને એમની સાથે રહી એ ભોગવે છે, પણ એકલપંડે નથી ઉડાવતો. આ ખવરાવીને ખાવાની મઝા ઓર છે. જીવી જુઓ એટલે અનુભવ થાય.

**(૮) રાજા પૂર્વાભિભાષી છે,** પોતાના સંપર્કમાં આવનારને પહેલાં પોતે બોલાવે પૂછે ગાછે છે; પણ 'સામો પહેલો બોલે, મારે તો ગંભીર ઠસ્સામાં રહેવાનું; પછી મારે બોલવાનું,' એવો હિસાબ નથી રાખતો. આ ક્યારે બને ? કે જો પોતાનું મન એમ માનતું હોય કે 'આપણી પાસે કોઈ આવ્યો તો એ કંઈક આશાભર્યો આવ્યો છે માટે એને આવકારી ઠારવો જોઈએ, એમાં માણસાઈ છે;' 'સામાને ગરજ હોય તો બોલાવે કે બોલે; હું શાનો પહેલો બોલાવું કે બોલું ?' એવી ગર્વિષ્ઠતા રાખી એમાં શી વડાઈ ? એ માનેલી વડાઈ કોણ ચોપડે લખવાનું છે ? અને અજ્ઞાન માણસોએ પોતાના મન કે વાણીના ચોપડે લખી તેથી આપણું શું વળ્યું ? ઊલટું શિષ્ટ લોકના અને કર્મના ચોપડે હલકાઈ લખાય છે.

**રાજાની બીજી વિશેષતાઓ :-**

દઢવર્મા રાજાની વિશેષતાઓ તો જુઓ એ એક મહાસમૃદ્ધ સંપન્ન રાજા છે, બધી વાતે પહોંચતો છે, છતાં કેવો મર્યાદાશીલ છે ! એ મન સંતોષથી વાળી દેનારો છે પોતાની રાણીઓમાં, પણ પોતાની કીર્તિઓમાં નહિ. એટલે અનેકાનેક સદ્વાણી-વર્તાવ અને સદ્‌ગુણોથી એ એકેકમાં પ્રખ્યાતિ વધારી રહ્યો છે.

માટે જ એને ગુણો કમાવવામાં લોભ છે, નહિ કે ધન-માલ ભેગું કરવામાં.



સમજે છે કે

**ગુણો અને એનાં પુણ્ય પોતાની થઈને રહેનારી વસ્તુ છે, પૈસા નહિ.** પરલોકમાં સાથે એ ચાલે, પૈસા નહિ.

એને સુખશાંતિની લાલસા છે, અકાર્યોની નહિ. કારણ ? એ જ કે અકાર્યથી દિલ ડંખે છે; પછી ત્યાં શાંતિ કેવી ? અકાર્યથી દૂર રહો તો જ જીવન શાંતિમય જીવી શકાય.

રાજા કળાઓ સારી શીખેલો છે, પણ નહિ કે જૂઠ, ચાટુ અને કપટ-વચનો. જૂઠા બોલની ઉસ્તાદીમાં તો દુર્જનતા છે, ચાટુવચનની હોશિયારીમાં દીનતા છે, ત્યારે કપટી વચનોની ચાલાકીમાં દુષ્ટતા છે. એવી દુર્જનતા-દીનતા-દુષ્ટતા કોણ વહોરે ? માટે જ રાજા એવા જૂઠા બોલ ચાપલૂસી અને કપટમાં ભોટ છે, પણ સ્નેહી જનોના સન્માન કરવામાં ભોટ નહિ.

આ દઢવર્મા રાજાને **પ્રિયંગુશ્યામા** નામની પટ્ટરાણી છે. એ વળી એવી ગુણિયલ છે કે રાજા એના પક્ષપાતવાળો છે; પણ ગુણથી હોં, રૂપસૌંદર્ય અને કામવિલાસથી નહિ. ગુણિયલનાં આકર્ષણ ગુણો તરફ હોય.

**રાજસભામાં અવનવું :-**

એક વાર એવું બને છે કે રાજા સભા ભરીને બેઠો છે ત્યાં દ્વારપાળ આવીને નમીને વિનંતિ કરે છે, 'મહારાજ ! આ શબર સેનાપતિનો પુત્ર સુષેણ આપની આજ્ઞાથી જ તે દિવસે માળવાના રાજાને જીતવા માટે ગયેલો, તે હવે આવીને આપના ચરણનાં દર્શનનું સુખ માગે છે.'

રાજાના સેવકજનો કેવી વિવેકભરી અને વિનયી ભાષા વાપરે છે ! તેમ એ કેવા સંબદ્ધભાષી હોય છે ! સીધું સંબંધ વિનાનું એમ નથી કહેતો કે 'સુષેણ આવ્યો છે.' કેમકે રાજાને તો ઘણાઓ સાથે સંબંધ હોય તેથી એ વિચારમાં પડી જાય, શોધવું પડે કે કોણ સુષેણ ? 'કેમ મળવું છે ?' તેથી ભૂમિકા બાંધીને કહે છે કે 'સેનાપતિપુત્ર વિજયાર્થે મોકલેલ-' વગેરે. તેમ પ્રતિહારી એમ પણ રુક્ષ ભાષા નથી બોલતો કે 'સુષેણને મળવું છે.' રાજા જેવા મોટા માણસને નાનો માણસ એમ જ મળનારો કોણ ? એ તો વિનય-વિવેકભર્યું બોલે છે કે 'આપના ચરણે દર્શનનું સુખ ચાહે છે.'

રાજાએ હુકમ આપ્યો કે 'ભલે એને દાખલ કરો.'

**સુષેણ સભામાં પેઠો,** અને રાજાની નજીકમાં આવીને રાજાને નમસ્કાર કરે છે. મોટા પાસે આવતાં આ નમસ્કારની વિધિ છે. તમારા સંતાનને બાળપણથી આ વિધિ શીખવો તો એ સારા વિનયી તૈયાર થાય. રાજાએ એને જોયો તો કેવો

દેખાયો ? છાતીના ભાગ પર મોટા ઘા ઉપર લાંબો સફેદ રેશમી પાટો બાંધેલો છે, ને મુખ કમળ જેવું વિકસ્વર શોભી રહ્યું છે, જે સામી છાતીએ લડીને મેળવેલી વિજયલક્ષ્મીને સુચવી રહેલ છે. રાજા જોઈને ખુશ થઈ જાય છે, અને યોગ્યનું યોગ્ય સન્માન કરવું જ જોઈએ એટલે નમતા એવા એના માથે હાથ ફેરવે છે, અને એ જ હિસાબે તરત આસન, આસન એમ કહી આસન પર બેસવા હાથથી સંકેત કરે છે. વિવેકી સુષેણ પણ એકદમ બેસી જવાનું ન કરતાં, મહારાણીને નમસ્કાર કરે છે, મંત્રીઓને પ્રણામ કરે છે, પછી બેસે છે.

**નાનાઓનો આ વિનય-વિવેક હોય, અને વડિલોનું નાના પણ યોગ્ય આત્માઓ પ્રત્યે આ વાત્સલ્યદર્શન અને યોગ્ય સન્માન હોય, ત્યાં અરસપરસનાં જીવનની ગાડી કેવી સુખરૂપ શોભાભરી અને આબાદીવાળી ચાલ્યે જાય ?**

રાજા દઢવર્મા હવે સેનાપતિપુત્ર સુષેણને પૂછે છે,-

'માળવાના રાજા સાથે તમારે શી હકીકત બની ?'

**સુષેણનો અહેવાલ :-**

સુષેણ જવાબ કરે છે, 'મહારાજા ! આપના આદેશથી હું અહીંથી ગયો અને લશ્કર સાથે માળવા પહોંચી ગયો. ત્યાં રાજા મદાંધ એટલે શરણે શાનો આવે ? યુદ્ધનો પડકાર નાખતા એ આવ્યો સામે લશ્કર લઈને લડવા. લડાઈ ભારે જામી. આપણાં લશ્કરે જબરદસ્ત પરાક્રમ દાખવ્યું; વળી સંગ્રામની આપણી વ્યૂહરચના પણ એવી કુશળતાભરી હતી; તેથી માળવાનું લશ્કર પરાસ્ત થતું આવ્યું.'

અહીં ચરિત્રકાર યુદ્ધમાં કેવી કાપાકાપી ચાલી એનું વર્ણન કરે છે. એના અંતમાં સુષેણના આ શબ્દ કહે છે,

'દેવ ! આપના પસાયે દુશ્મનનું લશ્કર અંતે, મરી ખૂટવાની તૈયારી રહી નહિ, એટલે શાનું ઊભું રહે ? ભાગી ગયું. રાજા કોણ જાણે ક્યાં ગયો ? લશ્કર રાજધાનીમાં પેઠું. રજવાડામાંથી સાર સાર માલ લીધો. પણ મહારાજા ! એક આશ્ચર્ય કે માળવરાજનો પાંચ વરસનો એક બાળ-પુત્ર સામે લડવા આવ્યો. એનું પરાક્રમ જોયું હોય તો જાણે નવજુવાનને છાજતું જ જોઈ લો. એની લડાઈ પાછી કોઈની હૂંફ પર નહિ, કિન્તુ પોતાની જ શક્તિ ઉપર ! અમે એને જીવતો જ પકડી લીધો. સાર સાર માલમાં એને પણ અમે ઉપાડ્યો. ત્યાં આપનો વિજયધ્વજ ફરકાવ્યો, અને બધું લઈને અમે આપશ્રીની સેવામાં આ હાજર થયા છીએ.'

**ધર્મીને આનંદ ક્યાં ? :-**

રાજાને આ બધું સાંભળતાં આનંદ આનંદ થઈ રહ્યો. સંસારી જીવને મનમાન્યા અર્થ-કામની પ્રાપ્તિમાં આનંદ થવાનું શું પૂછવું ? એમ ધર્મી આત્માને એથી ઊલટું



ધર્મની વૃદ્ધિ થવામાં આનંદ વધે એ સહજ છે. જેમ જેમ દયાદાન કરતો જાય, પરોપકાર-સેવા-કૃતજ્ઞતા બજાવવામાં ભોગ આપતો જાય, વળી શીલધર્મનું પાલન કરતો ચાલે, નવા નવા વ્રત નિયમ સ્વીકારતો જાય, દેવગુરુની ભક્તિ-પૂજા, સન્માન-ગુણગાન કરતો ચાલે, તપમાં આગળ વધતો રહે, ત્યાગમાં વિકાસ કરતો રહે, નવી નવી જિનવાણી રોજ સાંભળતો રહે, શુભ ભાવનાઓ ચિત્તમાં રમતી જાય, જીવનમાં ક્ષમાદિ ગુણોનો અભ્યાસ વધારતો તેમ તેમ એ બધે એનો આનંદ વધતો રહે. આવો આનંદ આપણને કેટલો વધતો રહે છે એ પરથી આપણા ધર્મપ્રેમનું માપ નીકળે છે, હૈયે સંસાર વધુ કે ધર્મ વધુ સ્પર્શ્યો છે એનું તારણ કાઢી શકાય છે.

**આનંદના સ્વરૂપ ઉપર પ્રેમનું માપ નીકળે કે એ કોના ઉપર અને કેટલી ડિગ્રીનો છે.** પરમાત્માની પૂજા કરી, પણ પારકા દ્રવ્યો લઈને, ને ત્યાં પોતાનું દ્રવ્ય બચ્યાનો આનંદ રહ્યો તો પ્રેમ પૈસા ઉપર વધુ ગણાશે પણ પરમાત્મા પર નહિ. એકાસણું કર્યું, એમાં મીઠાઈ મળી, ત્યાં આનંદ, આજે બે-ત્રણ વારની ભોજનની યાને આહારસંજ્ઞા પોષવાની વેઠમાંથી છૂટ્યાનો નહિ, પણ ગળ્યું ગળ્યું મળ્યાનો આનંદ આવ્યો, તો પ્રેમ તપ ઉપર વધુ શાનો ? એ તો મિષ્ટ ભોજન ઉપર વધુ ગણાશે. કઈ બાબતનો આનંદ અને કેટલો આનંદ, એ પરથી જાતે સમજી શકીએ કે પ્રેમ એના ઉપર અને એટલા પ્રમાણમાં.

**ધર્મપ્રેમ કેમ વધે ? :-**

એટલા જ માટે ધર્મ પર પ્રેમ વધારવો હોય તો એની સાધનામાં એવા ભારે આનંદનો અનુભવ કરતા રહેવું જોઈએ; એ એવો કે ત્યાં જડ પુદ્ગલના આનંદ મોળા-ફિક્કા પડી જાય. ધર્મપ્રેમ વધારવાનો આ એક ઉપાય. ખાલી મનથી માની લઈએ યા બીજા આગળ મોંઢેથી ગાઈએ કે મને ધર્મ બહુ ગમે છે, એ પરથી અંતરમાં ધર્મપ્રેમ વસ્યાનો વિશ્વાસ ન રખાય. એ તો ખાન-પાન, ધન-સન્માન વગેરેના આનંદ માણવાના બદલે ધર્મસાધનાના આનંદનો અનુભવ થાય, એના પર ધર્મપ્રેમનો વિશ્વાસ કરી શકાય. મન લાલચુ છે, એને તો જડના આનંદ જ સુઝવાના. પણ જો એવી સમજ કરી લેવામાં આવે કે 'જીવડા ! આમાં શું રાચવું હતું ? એ તો અનંતીવાર જડના સંયોગ મળ્યા, પણ એથી જીવનું દાળદર શું ફિટ્યું ? હજી સુધી ભવવનના રખડતા રામ બન્યા રહ્યા છીએ. આવા ઊંચા ભવના થાળે આવવા છતાં જો આનંદ જડના જ ભારે રહ્યા કરે છે, તો એ પુનઃ ભવની પરંપરામાં ભ્રમણ કરવાનું સૂચવે છે. માટે હવે આનંદ માણવા તે ધર્મપ્રાપ્તિના, ધર્મસાધનાના અને હૃદયમાં ધર્મપરિણતિ વધવાના.' આવી સમજ પર એના આનંદ અનુભવતા

જવાય, ને એમ ધર્મપ્રેમ વધે.

અહીં દઢવર્મા રાજાને જડના આનંદ છે, તેથી સુષેણની પ્રશંસા કરે છે. પણ એના મનને પેલા બાળકનું પરાક્રમ આશ્ચર્યકારી લાગે છે. એટલે પૂછે છે, તો એ બાળક ક્યાં છે ?'

સુષેણ કહે છે, 'દેવ ! અહીં દ્વાર આગળ જ છે.'

રાજા કહે, 'અરે ! આવા રત્નને ત્યાં ઊભો રખાય ? લાવો લાવો એને અહીં લઈ આવો.'

**પરાક્રમી બાળકનો પ્રવેશ :-**

બાળકને પ્રવેશ કરાવવામાં આવે છે. સભા વચ્ચે થઈને એ માલવપતિનો બાળપુત્ર જે આવી રહ્યો છે, તે જરાય દીન હીન મોં કર્યા વિના ઓજસવાળી આંખે સભાને આજુબાજુ જોતો જોતો ચાલે છે. એક શૂરવીર સુભટની અદાથી રાજાની પાસે આવી પહોંચે છે.

**પરાક્રમીના નાના બાળ પણ પરાક્રમી; પણ આ નિયમ નહિ હોં.** આજે ય દેખાય છે તે કે સારાં દાન વગેરે ધર્મપરાક્રમ કરનાર પિતાના પુત્ર ધર્મના કાયર હોય છે ? એમ શૂરવીરના દીકરા ડરપોક હોય છે ? પૂછો,-

**પરાક્રમીના પુત્ર પરાક્રમી કેમ નહિ ? :-**

**પ્ર.-** એનું શું કારણ ? સિંહના બચ્ચા તો સિંહ જેવા જ પરાક્રમી અને શિયાળના ગલુડિયાં એની માફક કાયર હોય ને ?

**ઉ.-** અહીં પૂર્વના સંસ્કાર કામ કરતા હોય છે, એ તફાવતનું કારણ છે. પૂર્વના સંસ્કાર કાયરતાના હોય પણ પુણ્ય પરાક્રમીને ત્યાં જનમવાનું લઈ આવ્યો હોય એટલે પરાક્રમીને ત્યાં જનમવા છતાં સંસ્કારવશાત્ કાયર પાકે. હાં સમજદાર થાય, વિવેકી બને અને પરાક્રમનો નવો અભ્યાસ શરૂ કરે તો પરાક્રમી બની શકે. એકલા પૂર્વ સંસ્કારના ગુલામ બની રહેવા જેવું નથી; એમાં પણ વિપરિત અભ્યાસથી ફેરફાર થઈ શકે છે. ધર્મના સંસ્કાર ક્યાં અનાદિથી લઈ આવીએ છીએ ? એ તો જ્યારે ને ત્યારે પાપસંસ્કારથી વિપરિતપણે ધર્મનો અભ્યાસ કર્યે જઈએ, વિવિધ સાધના આદરતા જઈએ, એના પર પાપસંસ્કારો ભૂંસાતા આવે અને ધર્મસંસ્કાર જામતા જાય.

આ બાળક કોઈ પૂર્વના તેવા શૂરવીરતાના સંસ્કાર લઈને આવ્યો હશે એટલે લડાઈ લડવા ઊતર્યો, અને અહીં પણ સભામાં દીનતા દેખાડ્યા વિના અ-દીન દૃષ્ટિએ જોતો જોતો રાજા પાસે આવી પહોંચે છે.

રાજાને તો આ જોયાનો આનંદ માતો નથી. એટલે બાળક જ્યાં નજીક આવ્યો



કે રાજા સ્નેહભર્યા હૃદયે બે હાથ લંબાવી એને ઊંચકી લઈને પોતાના ખોળામાં બેસાડી દે છે, અને છાતી સરસો ચાંપે છે. એના મોંમાંથી ઉદ્ગાર સરી પડે છે કે,-

'અહો ! આનો પિતા તો વજ્ર જેવા કઠિન દિલનો હશે કે જે આના વિના જીવે છે.'

ત્યાં મહારાણી પણ સ્નેહ ઊભરાવાથી બોલી ઊઠે છે કે 'ધન્ય છે તે યુવતીને કે જેને આવો પુત્ર છે, અને ખરેખર એ પણ ભયંકર હોવી જોઈએ કે પુત્રના વિરહમાં જે પ્રાણ ટકાવી રહી હશે.'

મંત્રીઓ કહે છે, 'મહારાજા ! શું થાય ? આ તો એક ભાગ્યનો ચમકારો છે; અને આપના પુણ્યે એ બની આવ્યું છે; કે આપની પાસે આવું રત્ન આવી ચડ્યું છે. લોકમાં આ સંપત્તિઓ કોઈને મળી છતાં ન મળી થાય છે, ત્યારે કોઈને ન હોયેલી આવી મળે છે.'

**દૃષ્ટિબિંદુના ફરકથી જુદા જુદા ભાવ :-**

આ બાળક ચીજ એક છે, છતાં એના પર રાજા રાણી અને મંત્રીઓને જુદા જુદા ભાવ જાગે છે. કારણ ? દૃષ્ટિબિંદુમાં ફરક. રાજાની દૃષ્ટિએ આવા બાળકથી દૂર રહેનાર બાપની મૂર્ખતા ચડે છે, ત્યારે રાણીની નજરમાં આવું બાળક પામનારી માતાનું અહોભાગ્ય આવે છે; તો મંત્રીઓ તત્ત્વદૃષ્ટિવાળા, તે ભાગ્યની વિચિત્રતા જ જુએ છે. આ સૂચવે છે કે વસ્તુમાં અનેક ધર્મ છે અને જોનારના ત્યારે તેવા તેવા ભાવના હિસાબે એ લક્ષમાં આવવાના અને વિચાર તેવા કરાવવાના. બાળક-ના અહીં ત્રણ ધર્મનો વિચાર થયો,'

(૧) કઠિન-હૃદયી પિતાનું પુત્રપણું,

(૨) ભાગ્યવતી માતાનું પુત્રપણું,

(૩) વિધિના હાથમાં ખેલાવાપણું;

ત્યારે રાજાના દિલમાં ક્રોધનો ભાવ, રાણીને આશ્ચર્યનો ભાવ અને મંત્રીઓને વસ્તુવિવેકનો ભાવ, આમ ત્રણ જુદા જુદા ભાવ તે તે ધર્મ પકડીને વિચાર-ઉચ્ચારણ થાય છે.

આ સૂચવે છે કે,

**દિલમાં જેવો જેવો ભાવ ઊભો કરશો તે તે પ્રમાણે સામી વસ્તુના ધર્મ પર લક્ષ જશે, ને તેવો તેવો વિચાર આવશે.**

દા.ત. કોઈ શ્રીમંતને દેખ્યો, (૧) હવે જો તમારા દિલમાં દયાનો ભાવ જાગતો હશે તો, પેલામાં રહેલી પોતાના પુણ્યની માત્ર ચટણી કરી નાખવાની જે ખાસિયત, તે જ લક્ષમાં આવશે. (૨) પરંતુ તમારા હૈયામાં જો લક્ષ્મીનો બહુ રાગ ઝળકતો હશે

તો પેલાની બોલબોલા પર દૃષ્ટિ જશે. પછી વિચારો ય એવા જ આવવાના.

**ઉમદા વિચારનું મૂળ :-**

તાત્પર્ય, સામે વસ્તુ ગમે તે હોય, પ્રસંગ ગમે તે બને, પરંતુ તમે જો દિલમાં સારો મૈત્રી, કરુણા, વૈરાગ્ય, ઉપશમ, ઉદાસીનતા વગેરે કોઈ ને કોઈ ભાવ રમતો રાખતા હશો તો પેલી વસ્તુ કે પ્રસંગની ખતવણી તેવા તેવા રૂપે થશે, એની તેવી જ ખાસિયત પર દૃષ્ટિ જશે, અને વિચારસરણી ઉમદા ચાલશે. આની બહુ મઝા છે. મનને એ પ્રફુલ્લિત રાખે છે, હૃદયને સ્વસ્થ અને સ્વચ્છ રાખે છે. સામી વસ્તુ વિલક્ષણ કે નપાવટ દેખાતી છતાં તમારા માટે એ શુભ વિચારની પ્રેરક બને છે.

**બાળક કેમ રડ્યું ?**

અસ્તુ. આ બાળકના તરફ ત્રણેયના ભાવ ખેંચાયા જોઈ બાળકને રડવું આવી ગયું. એનું રુદન જોઈ રાજાનું દિલ પણ પિગળી જવાથી એની ય આંખમાં આંસુ આવ્યા. તો રાણીઓ અને મંત્રીઓની પણ આંખ ભીની થઈ ગઈ. રાજા પોતાના વસ્ત્રથી બાળકના આંસુ લૂછતો કહે છે, 'પુત્ર કુમાર ! કેમ રુએ ? અધીરો ન થા.' કહીને બાળકનું મોં કોમળ હાથે વસ્ત્રથી લૂછે છે, અને માણસે લાવેલા પાણીથી એની આંખો ધોઈ નાખે છે.

રાજાને વિચાર આવે છે કે 'આ બાળક અહીં આવ્યું ત્યાં સુધી ગંભીરપણે આવેલું, તે એકાએક કેમ રડી પડ્યું ?' એટલે સભામાં પ્રશ્ન કરે છે કે,

'હે સુરગુરુ વગેરે મંત્રીઓ ! બોલો આ કુમારે મારા ખોળામાં રહ્યે કેમ રોવાનું કર્યું ?'

એક મંત્રી કહે છે 'દેવ ! એના માતાપિતાના વિયોગે એ ખિન્ન થયો એટલે એ રોયો.'

બીજા કહે, 'મહારાજા ! આપને જોઈને એને એના માતા પિતા યાદ આવી ગયાં કે ક્યાં હશે એ અને કેવી અવસ્થા પામ્યા હશે ! એ દુ:ખથી રોવું આવ્યું.'

આવા બધા જવાબથી રાજાને સંતોષ થયો નહિ કેમકે એ તો એ જ જોઈ રહ્યા છે કે 'એમ તો એ અહીં રોતો રોતો આવ્યો હોત, પણ આવ્યો છે એક વીરની અદાથી તે હવે એકાએક કેમ રોઈ પડે ?' એટલે એ સીધું બાળકને જ પૂછે છે,-

'પુત્ર મહેંદ્રકુમાર ! તું જ કહે કેમ રોવું આવ્યું ?' કુમારનો હવે ગંભીર ખુલાસો જુઓ. એ કહે છે, 'જુઓ તો ખરા વિધિની વિચિત્ર રમત કે એવા ઈંદ્ર જેવા પરાક્રમ ધરાવતા પિતાના પુત્ર એવા મારે આજે શત્રુજનના ખોળામાં રહી શોચનીય દશામાં મુકાવું પડ્યું છે ! બીજાના દયાપાત્ર બનવું પડ્યું છે. આ મારી જાત પર મને ગુસ્સો ચડ્યો; તેથી મારો અશ્રુપ્રવાહ હું રોકી શકતો નથી.'



**આપણે શત્રુના ખોળે ?**

વિચારવા જેવી છે બાળકની ગંભીર વિચારસરણી. ખાલી કથાની વિગતમાં જ અટકી ન પડતા. શ્રવણ તો એનું નામ કે એમાંથી સાર ખેંચાય. અહીં સાર આ છે, કે આપણે અનંત પરાક્રમી શ્રી મહાવીર વર્ધમાન પ્રભુના સંતાન અને મોક્ષપુરીના વાસના અધિકારી તે આજે દુશ્મનભૂત સંસાર અને સંસારીઓના ખોળે બેઠાં છીએ, દયાપાત્ર બન્યા છીએ ! એવી બનેલી આપણી જાત પ્રત્યે આપણને ફિટકાર છૂટવો જોઈએ, ગુસ્સો આવવો જોઈએ કે 'હું કેવો નાલાયક ? કેવો નફ્ફટ ને નબળો ? કે શત્રુના ખોળે રોવાને બદલે આનંદથી ગેલ કરતો બેઠો છું !' શું ?

**સંસાર આપણું ઘર નહિ પારકું ઘર; સંસારીઓ આપણા સગા નહિ, આપણા દુશ્મન.'**

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૬,અંક-૮,તા.૨૮-૧૦-૧૯૬૭

આ ખ્યાલ જીવતો જાગતો જોઈએ; કોઈને પોતાના ઘરમાંથી કોઈ કાઢે ? ત્યારે અહીં તો પટ્ટો પૂરો થયે આ ભવમાંથી હકાલપટ્ટી થાય છે. હકાલપટ્ટી તો પારકા ઘરેથી, દુશ્મનના ઘરમાંથી થાય. બીજા વિશ્વયુદ્ધ વખતે ઓસ્ટ્રેલિયામાં ઘૂસી ગયેલા જાપાનિસોને પછી ત્યાંથી કાઢી મૂકવામાં આવ્યા. સંસારના જન્મોમાંથી એવી હકાલપટ્ટીના ભોગ થવું પડતું હોય તો એ આપણું ઘર કે પારકું ? આપણું ઘર તો મોક્ષ કે જ્યાં ઠરીઠામ બેઠાં પછી કદી ત્યાંથી હકાલપટ્ટી થવાની નહિ.

ત્યારે સગાં એ આપણા માણસ છે કે પારકા ? આપણા તો દેવ-ગુરુ-સાધર્મિક. બાકી કહેવાતા સગાં એ સગાં છે કે દુશ્મન ? સાચાં સગાં હોય તો આપણું પુણ્યધન લૂંટે ? આપણને પાપની કમાણી કરાવે ? ઠેઠ એકેન્દ્રિયપણાથી છૂટી અથડાતાં-કૂટાતાં અને અકામ નિર્જરાએ અપરંપાર સહન કરતાં માંડ જે આ ઉચ્ચ ભવે આવ્યા અને ઉચ્ચ તકો મળી, એને ધૂળધાણી કરાવવાનું કોણ કરે છે ? એમ પુણ્ય લૂંટે, પાપ કમાવે, અને નીચે પટકાવે એવું કરનારા ખરેખર આપણા સગાં કે દુશ્મન ? પછી ભલે બધું વહાલ દેખાડીને કરે, ને દેખાવમાં સારું કર્યું દેખાતું હોય; પરિણામ કેવું ?

કલ્પસૂત્રનાં વ્યાખ્યાનમાં દશ આશ્ચર્યમાં હરિવંશની ઉત્પત્તિનું આશ્ચર્ય સાંભળ્યું છે ને ?

**વહાલ દેખાડી કાટલું કાઢનાર દેવનું એ દૃષ્ટાન્ત છે. :-**

રાજા છે એ એક જણની વનમાળા નામની રૂપાળી સ્ત્રી પર મોહિત થઈ

એને પોતાની રાણી બનાવી દે છે. પેલો બિચારો એનો પતિ ગાંડા જેવો થઈ 'વનમાળા ! હે વનમાળા ! તું ક્યાં ગઈ ?' એમ પોકારતો ગાંડાની માફક નગરમાં ભમે છે. એમ કરતાં એકવાર બગીચામાં પહોંચે છે. ત્યાં સહેજે રાજા-રાણી આવેલા બેઠાં છે. એ આને ગાંડો થઈ ગયેલો જોઈ પસ્તાય છે કે 'અરે ! આ આપણે ખોટું કર્યું.' પેલો ય આમને દૂરથી જ્યાં જુએ છે એટલામાં તો રાજા-રાણી પર અચાનક આકાશમાંથી વિજળી પડી. ને બેય ખતમ થઈ ગયા. પેલાને આ જોઈ તરત મગજ ઠેકાણે આવી જાય છે, ને ખુશી માને છે કે 'હાશ ! આ પાપીઓને ઠીક ફળ મળ્યું.'

જુઓ જીવોના મનની કેવી વિચિત્ર દશા છે ! પેલા બે ગુનેગાર છતાં એમને પાપનો પસ્તાવો એટલે કે શુભ ભાવ થાય છે. ત્યારે આ સ્ત્રી ગુમાવનાર 'બિચારો' ગણાય, એને પેલા બેના અકાળ દુઃખદ મોતથી રાજીપો થાય છે.

**તો હવે કહો, કર્મની દૃષ્ટિએ ગુનેગાર કોણ ? અનાડીપણું કરનાર ? કે એનો ભોગ બનનાર ?**

**કહો, સરવાળે પાપથી પાછો હટનાર એ ગુનેગાર નહિ; અને સરવાળે પાપી બનનાર, એ ભલે પૂર્વે અન્યાયનો ભોગ બનેલો છતાં, ગુનેગાર ઠરે છે.**

રાજારાણી પાપના પસ્તાવામાં મરે છે, તેથી મરીને એ હરિવર્ષ ક્ષેત્રમાં જુગલિયા નર-નારી તરીકે ઉત્પન્ન થયા.

પેલો વનમાળાનો પતિ હવે કંટાળીને અજ્ઞાન તપ કરવા લાગી જાય છે. બહુ તપથી કાયા કૃશ કરી અંતે મરીને એ દેવ થયો. દિવ્ય જ્ઞાનથી જોયું કે પૂર્વના રાજા-રાણી મરીને યુગલિક થયા છે. એ જોતાં એને વૈર સ્ફુરી આવ્યું.

વિચારે છે કે 'માળા આ બે પાપી તો અહીં કલ્પવૃક્ષ મળવા પર દેવકુમાર-કુમારીની જેમ લહેર કરે છે ! પણ હું એમને ભયંકર સજા કરું.' એ ભયંકર સજા શી ? અહીં મારપીટ કરવાની નહિ, કિન્તુ નરકનો રસ્તો પકડાવવાની. એમને ભરતક્ષેત્રમાં રાજા-રાણી બનાવી એ ભોળાભદ્રક છે એટલે એમને સાતે વ્યસન શિખવાડી એમાં ચકચૂર બનાવું. જેથી પછી મરીને નરકમાં જાય અને ત્યાં અસંખ્ય વર્ષ સુધી એ પાપીઓ પરમાધામીના હાથે વારંવાર કપાય-છેદાય-ભેદાય, કુટાય-પીટાય-સળગાવાય.'

કેટલી બધી ક્રૂર લેશ્યા ? કષાયના આવેશ ભૂંડા; મનને એવું બહેકાવી નાખે કે એ બુદ્ધિશક્તિને ભયંકર માર્ગે કામે લગાડવામાં લાગી જાય. દેવતા છે ને આ ? એટલે બુદ્ધિશક્તિ કેવી ? એને ક્યાં કામે લગાડી ? અહીં સામાન્ય દુઃખ પહોંચાડવાના નહિ, પણ નરકના ઘોર ત્રાસ પમાડવાના વિચારમાં.

**જીવ સંસારમાંથી કેમ ઊંચો નથી આવતો ?**



આવા ને આવા કષાય અને કામવાસનાના આવેશથી મન અને બુદ્ધિશક્તિનાં તોફાને ચડે છે, તેથી જીવ ઊંચો નથી આવતો. એનો અર્થ એ કે

**ઊંચા આવવું હોય તો**

**(૧) એ આવેગો દબાવો,**

**(૨) મન મેલું ન થવા દો અને**

**(૩) બુદ્ધિશક્તિને કદાપિ કાળે પરને પીડવાની યોજના ઘડવામાં કે વિલાસ ખેલવામાં ન લડાવો.**

નહિતર આવેશ કોઈ ક્રોધનો, કોઈ અભિમાનનો, કોઈ ઈર્ષ્યાનો કોઈ લોભ મમતા-તૃષ્ણાનો કે કોઈ કામવાસનાનો ચડ્યો એટલી વાર, તરત મન કામે લાગી જશે, બુદ્ધિશક્તિનો ઉપયોગ એને સફળ કરવા માટેની યોજના ઘડવામાં થશે. પછી કેમ ? તો કે મોત.

પેલો દેવ પેલા યુગલિકને ઉઠાવી ભરતક્ષેત્રમાં લાવી રાજા રાણી બનાવે છે, સાત વ્યસન શીખવે છે, વિષયસુખમાં અંધ બનાવી દે છે એવા કે એ બિચારા મરીને નરકમાં ગયા.

**વિષયસુખો અને એ દેનારા દુશ્મન કેમ ?**

બોલો, આ યુગલિકને ભરપૂર વિષયસુખો દેવે વહાલ દેખાડી હોશિયાર કરી-કારવીને પૂરા પાડ્યા, તો એ મિત્ર ખરો ? એમને ય એથી આનંદ આનંદ થયો તો એ વિષયસુખો અમૃત જેવાં ખરા ? ના; કેમ ના ? કહો એથી નરકમાં પડવું પડ્યું માટે ને ! તો નરકાદિ દુર્ગતિમાં પટકે એવા વહાલ અને વિષય-સુખો તથા એ દેખાડનાર સગાં-સ્નેહી કેવા કહેવાય ? દોસ્ત કે દુશ્મન ? તો તમારે દુશ્મનના ઘરે રહ્યા શાંતિ ને હૂંફ છે ને ? અને મિત્રરૂપ દેવ-ગુરુના ઘરસમા મંદિર-ઉપાશ્રયે રહ્યા અકળામણ ? બહાર નીકળી જવાની ઉતાવળ ? એમાં ખરચ કરવાની વાત આવે ત્યારે ગળચવાં ? કરકસર ? ચલાવી લેવાનું ? ને પેલા પારકા ઘરરૂપ પણ પોતાના માનેલા ઘરે છૂટથી ખરચ ? ત્યાં 'કશા વિના ચાલે' એમ નહિ, બધું ટીપ-ટોપ જોઈએ; ને પોતાના ઘરસમા મંદિર-ઉપાશ્રયમાં દેવાનું નહિ. સાધારણ ખાતામાં રોજના તોટા ? કદાચ દેવના દ્રવ્યમાંથી ય ખરચી નાખવાનું ?

પેલો દઢવર્મા રાજાને ત્યાં આવેલો અને એના ખોળામાં બેઠેલો માળવરાજનો બાળ પુત્ર કહે છે 'ધિક્કાર છે મને કે એ મોટા ઇંદ્ર સરખા પરાક્રમીના પુત્ર મારે દુશ્મનના ખોળે બેસવાનો અવસર આવ્યો !'

**તમે ક્યાં બેઠા છો ?** ભગવાનના ખોળે ? કે દુશ્મનોના ખોળે ? એનો વિચાર ખરો ? વિચાર હોય તો સાંસારિક ઘર-દુકાનમાં હૂંફ ને હોંશ રહે ? કે

ધિક્કાર લાગે ? શરમ લાગે ? કે મારે તે વળી મારા ભગવાનના ઘરે રહેવાને બદલે દુશ્મનના ઘરે રહેવાનું ?

એ પાંચ વરસના બાળકના બોલ ઉપર રાજા દઢવર્મા આશ્ચર્યચકિત થઈ જાય છે. એ બોલી ઊઠે છે કે 'અહો ! શું આ બાળનું સ્વાભિમાન ! શું એનું ગૌરવ-શાલિપણું ! કેવો એનો વ્યવસ્થિત બોલ ! કેવી એની કાર્ય-અકાર્યની વિચારણા ! આવી બાળ અવસ્થામાં પણ આવો બુદ્ધિનો વિસ્તાર અને શબ્દરચના ?'

**રાજાની કદર :-**

રાજા એમાં ઘણું તત્ત્વ જુએ છે. બાળકને દુશ્મનના ખોળે બેસવું પડ્યું એનું અપમાન લાગે છે, કલંક લાગે છે, એની રાજા કદર કરે છે. પોતે એક પરાક્રમી પિતાનો પુત્ર હોવાનું એના હૈયે ગૌરવ છે. એને શત્રુના ખોળે ભલે ને વહાલથી વધાવાનું મળ્યું પણ એમાં સ્વાભિમાન ઘવાતું લાગે છે. દુશ્મનના પ્રેમ પણ લેવાની સ્થિતિમાં મુકાવું પડે એ એને અકાર્ય લાગે છે. રાજા એક લઘુબાળમાં આ બધું જોઈ ચકિત બને છે.

**નાનો પણ વજકણ વજનદાર :-**

ત્યાં મંત્રી કહે છે, 'દેવ ! આમાં શું આશ્ચર્ય પામવા જેવું છે ? એક નાની ચણોઠી જેવડો પણ અગ્નિકણ શું મોટી ઘાસની ગંજી બાળી નાખવા સમર્થ નથી ? નાનકડો પણ વજકણ ભારે વજનના સ્વભાવનો હોય છે ને ? બસ એ રીતે મહા યશસ્વી કુળમાં જન્મેલા રાજપુત્રો સત્ત્વ, પોરસ, માન, ગૌરવ વગેરે ગુણોની સાથે ઉછરેલા હોય એ સ્વાભાવિક છે. અને મહારાજા ! બીજી પણ વાત છે કે આવા જીવો એ સામાન્ય પુરુષો નહિ, પણ દેવલોકમાંથી ચ્યવીને બાકીનું સુખ ભોગવવા અહીં અવતરેલા હોય છે.'

મંત્રી જગતમાં વિશિષ્ટ વસ્તુની અલગ ખાસિયત હોવાનું બતાવે છે એ જો જડ પદાર્થોમાં હોય તો ચેતન આત્માઓમાં પણ કાં ન હોય ?

મંત્રીના વચનથી રાજા સંતોષ પામે છે, અને બાળકની મહાનતા દેખીને એને કહે છે,-

'પુત્ર મહેંદ્રકુમાર ! તું મને શત્રુજન ન માનીશ. જ્યારથી તું અહીં આવ્યો ત્યારથી તને જોતાં તો તારા પિતા મારા મિત્ર બની ગયા છે, અને તું મારો પુત્ર બન્યો છે માટે જરાય અશાંતિ ન કર. શત્રુપણાની કલ્પના મૂકી દે, અને અહીં તારું જ ઘર છે એ રીતે સમજીને આનંદ કલ્લોલ કર. બધું સરસ થાય એવું હું કરીશ.' એમ કહીને રાજાએ બાળકના ગળામાં રત્નની કંઠી પહેરાવી દીધી; અને મંત્રીને કહ્યું,



'જુઓ, આની તમારે એવી સંભાળ-સરભરા કરવી કે એને એનું પૂર્વનું ઘર યાદ જ ન આવે. એવું બધું જ કરવું કે અપુત્રિયા એવા મારે આ જ પુત્ર થાય.'

**શત્રુપુત્રથી ડર કેમ નહિ ?**

**ગુણજ્ઞ રાજાની વસ્તુકદર જુઓ.** દુશ્મનનું બાળક છે માટે પીડવા-તિરસ્કારવા લાયક કે રાંકડું માની ઉવેખવા લાયક નહિ, કિન્તુ પોતાને પુત્ર નથી તો પુત્ર જેવો બનાવવા યોગ્ય સુધી લેખે છે.

**પ્ર.**- ત્યારે હેં ડર ન લાગે કે 'આ દુશ્મનનો બાળક હોઈ કદાચ દુશ્મન પાકે તો ?'

ઉ.- ના, એ પુત્રનાં લક્ષણ પારણામાંથી જુએ છે. આ બાળના બોલ કેટલા વ્યવસ્થિત અને પુખ્ત વિચારભર્યા છે ! એના પર એને પ્રેમથી સારી રીતે ઉછેરીને ઠેઠ રાજવીપણા સુધી પહોંચાડવાનો ઉપકાર કરવામાં આવે, તો શું એ કૃતઘ્ન, નિમકહરામ, અને વિશ્વાસઘાતી નીવડે ? ના; પ્રાયઃ નહિ, ત્યારે અપવાદરૂપે તો પોતાના જ દીકરા ય દ્રોહ ક્યાં નથી કરતા ? દુશ્મનથી ય ભૂંડા નીવડે છે ને ? એવા અપવાદના દાખલા જોઈ ડરતા ન બેસાય. નહિતર સારો વ્યવહાર કે સારી પ્રવૃત્તિ જ નહિ ચાલે. અલબત

**બીજા સાથેના જીવનમાં જરૂરી તકેદારીઓ :-**

**આપણે દ્રોહના ભોગ ન બનીએ એ માટે આ તકેદારી રાખવાની કે**

મૌલિક ગુણ જોઈને પગલું માડવું. નહિતર મૂળમાં જ નાલાયક સાથે સંબંધ વધારવાથી સાપને દૂધ પાવા જેવું થાય.

આપણી પરોક્ષમાં એટલે કે બહાર એ કેવો વર્તે છે, તેમજ વિશેષે કરીને આપણા માટે કેવા અભિપ્રાય ઉદ્ગાર કાઢે છે એની બાતમી મેળવવી જોઈએ. કેમકે આપણી આગળ તો ડહાપણથી વર્તે, પણ બહાર ઉદ્ધતાઈ, તોછડાઈ, કપટ, ઈર્ષ્યા, હરામીપણું વગેરેના વર્તાવ રાખે, અગર આપણું હલકું બોલે, ઘસાતું બોલે, તો પછી આપણે ગમે તેટલું સાચવીએ મહેનત કરીએ છતાં કોક વાર એને વાંકું પડ્યે એ આપણો દ્રોહ કરવાનો.

(૩) ત્રીજી તકેદારી આ રાખવાની કે સામાની કક્ષા મુજબનો જ વ્યવહાર રાખવાનો. દા.ત. નાના છોકરાને બહુ લાડ લડાવો તો મોટો થયે એ ભારે પડે. નોકરને બહુ મોટો ભા કરો તો અવસરે માથે જ ચડી બેસે. નાનડિયાને બહુ માન આપો તો એને મન નાનુ સરખું રાજ્ય મળ્યું થઈ જાય; તેમ ગંભીરતા ન રાખતાં બહુ હસતાં-ખીલતાં રહો તો કહે છે ને કે **'નાના શું હસે, એ માનથી ખસે;'** અર્થાત્ અપમાન પામે. એટલે ઉચિત વ્યવહાર જોઈએ.

(૪) ત્યારે આ પણ એક જરૂરી ચીજ છે કે સામા સાથે સંબંધ રાખ્યા પછી દિલમાં એના પ્રત્યે વાત્સલ્ય રાખવું જોઈએ. કદાચ ક્યારેક આપણા મનથી વિરુદ્ધ પણ કાંક બની જાય છતાં દિલમાંથી વાત્સલ્ય ન ખસે, દ્વેષ-દુર્ભાવ ન આવે. નહિતર એ દુર્ભાવનો સામા પર એનો પડઘો પડે છે; ને આપણી વાણી અને વ્યવહાર પર પણ પડઘો પડે છે; તે એ રીતે, કે બહાર એની નિંદા કરવાનું મન થાય; તેમ એને એવા અણછાજતા હૃદયભેદી બોલ સંભળાવવાનું બની જાય. એવું બધું ન બને માટે ભૂલ કરતા એવા પણ એના પર આપણા હૈયે હેત જ વસેલું રહેવું જોઈએ.

(૫) એટલે જ એની ગેરહાજરીમાં એની કદી નિંદા ન કરવી, પણ ઊલટું એનો સદ્ભુત વાસ્તવિક ગુણ હોય તે ગાવો; જેથી એ સાંભળનારો પેલાને જઈને કદાચ કહે, તો એના પરથી એને આપણા પર સદ્ભાવ વધે.

(૬) ત્યારે એ પણ જરૂરી છે કે સમક્ષમાં એની ઉપબૃંહણા કરવી. અર્થાત્ અવસરે એણે સારું કર્યાનું સમર્થન કરવું, પ્રશંસા કરવી, પ્રોત્સાહન ચડાવવું, અને એવા પ્રસંગે જરૂરી ભોગ આપીને વિશેષ કદર પણ કરવાની.

(૭) એવું જ સામાની તુચ્છ તુચ્છ ક્ષતિઓ થાય એ માટે વારે વારે એને ઠપકાર્યા કરવો નહિ. નહિતર એને આપણા પર અભાવ ઊભો થતો જાય. એવું તો કેટલુંય દરગુજર કરવું પડે. પછી નિરાંતે બેઠા હોઈએ ત્યારે શાંતિથી સુધારાના પ્રોત્સાહનભર્યું એવું એવું સમજાવાય કે એ પછી વગર કહ્યે આપમેળે ક્ષતિઓ સુધારવા લાગે. ક્યારેક ભૂલ માટે કહેવું પડે તે પણ બીજાઓની વચમાં નહિ, પણ ખાનગીમાં કહેવાય. તેમ ભૂલ કહેતાં પહેલાં કંઈક સારું કહેવાય, જેથી એનું આકર્ષણ વધે, હૃદયમાં ભૂલનું સાંભળવાનો ઢાળ ઊભો થાય.

(૮) ત્યારે એ પણ એક જરૂરી તકેદારી છે કે જેમ આપણી જરૂરિયાતમાં આપણે બીજાની સેવાની-મદદની-સારા આશ્વાસનની અપેક્ષા રાખીએ છીએ, તેમ સામાને પણ એવી સેવા આદિની અપેક્ષા છે એ સમજી રાખી એની જરૂરિયાતમાં આપણે એ બજાવવાની તૈયારી રાખવી જોઈએ. એને આપણા સંબંધી તરીકે કે આપણા માણસ તરીકે અપનાવ્યા-સ્વીકાર્યા પછી એની જરૂરિયાતમાં આપણે એની ખબર જ ન પૂછીએ, ને એ સિદાય, પીડાય અને જુએ કે આ કાંઈ આપણો કશો હિસાબ ગણતા નથી, તો એ પણ માણસજાત છે ને ? હૈયે કેટલો ભાવ ટકાવી શકે ?

(૯) આ પણ એક અતિ આવશ્યક ચીજ છે કે આપણાથી નાનડિયાને આપણે અવરનવર સારું સંસ્કરણ આપ્યા કરવું જોઈએ તે પણ એવા પ્રેમથી અપાય, ને સારી કોઈ એની કાળજી સેવા કરવા પૂર્વક અપાય, કે એ સંસ્કરણના આપણા



બોલ હોંશથી ઝીલે. સંસ્કરણના ચાલુ પ્રયત્ન વિના તો સમજી રાખો કે આજના વિષમ કાળમાં બગડવાના સંયોગો અને નિમિત્તો ભરચક ઊભા છે; એ પેલાને બિગાડાના માર્ગે જ આગળ લઈ જશે.. પત્નીના પતિ કે દીકરાના બાપ યા શિષ્યના ગુરુ બન્યા પછી આ સારા સંસ્કાર નાખવા પાછળ અવરનવર સમય કાઢીને એ પત્ની, પુત્ર કે શિષ્યને સારી વાતો કરી સંસ્કાર નાખવાનું-વધારવાનું નથી કરવામાં આવતું તો એના લીધે એ વધુ બગડવાનું બને છે. એવા આજે ઘણા દાખલા મળશે. જીવનમાં જેમ બીજી બીજી જવાબદારીઓ સમજી એને માટે સમય આપીએ છીએ એમ આ પણ એક મહાન જવાબદારી સમજવી જોઈએ અને એની પાછળ સમયનો ભોગ આપવો જ જોઈએ. નહિતર આપણે જ એના દ્રોહી બનવાનું થાય.

આવી આવી તકેદારીઓ બરાબર રાખવામાં આવે અને એને યોગ્ય પ્રયત્ન રખાય, તો આપણા સંબંધમાં આવેલ માણસ આપણા પર સાચા દિલના સદ્ભાવવાળો બન્યો રહે, તેથી આપણો દ્રોહ ક્યારેય ન કરે, નિમકહરામ ન થાય, વિશ્વાસભંગ નહિ કરે. બાકી તો એ તકેદારીઓમાંની એક યા બીજી ન સચવાતા સામાના ભાવ તૂટી જાય છે, મંદ પડી જાય છે, દુર્ભાવ ઊભા થાય છે, ને એ ક્યારેક પછી એને એવા વર્તાવ કરાવે છે કે જે આપણી પ્રત્યે દ્રોહરૂપ થાય, વિશ્વાસભંગરૂપ બને.

**બીજાનો વિચાર રાખવાનું શું કામ ?**

માત્ર આપણી પ્રત્યે આપણો ગણાતો માણસ દ્રોહી ન થાય એટલા માટે જ નહિ, પણ આપણું એક સુંદર જીવન ઘડવા માટે પણ આ તકેદારીઓ જાળવવી અત્યંત જરૂરી ને લાભદાયી છે. એનું કારણ આ છે કે આપણે જગતની વચ્ચે રહીને જ જીવન જીવવાનું છે એ સમજી રાખવાનું. આપણે કાંઈ એકલાઅટૂલા કોઈ જંગલમાં નથી વસતા. લોકની વચ્ચે જ રહીએ છીએ. તેથી બીજાઓના સંબંધમાં તો આવવું જ પડે છે પછી ત્યાં એમને અનુલક્ષીને આપણે કાંઈ તકેદારી ન સાચવીએ તો આપણે નિષ્ઠુર અને ટીકાપાત્ર બનીએ છીએ. એ ટીકા આપણે સહન કરી શક્તા નથી. બીજાનું એક ચડેલું મોઢું પણ સહવાની આપણી તાકાત નથી. ઝટ એ આપણા હૃદયનો અસર કરી જાય છે. તો પછી બીજાઓથી બેપરવા જીવન કેમ જીવાય ?

બીજાના કડવા મોંની જો આપણને અસર થાય છે તો બીજા પ્રત્યે બેપરવા કેમ બનાય ?

લોકના અને આપણા ભલા તરફ નજર રહેવી જોઈએ જેથી એનું કે આપણું

ભૂંડું થાય એવું ન આચરી બેસીએ. આપણી સ્વાર્થસાધનાઓ કે સ્વહિતની સાધનાઓ વખતે બીજાના અહિતમાં આપણે નિમિત્ત ન બની જઈએ એ ધ્યાન તો ખાસ રાખવું જોઈએ. આવો બીજાનો વિચાર નહિ, એની પરવા નહિ એ હૃદયની નિષ્ઠુરતા ગણાય.

રાજાએ દુશ્મનના બાળકને પોતાના પુત્રની જેમ સંભાળવા મંત્રીને ભલામણ કરી તો દીધી, પણ અહીં હવે જુદી જ ઘટના બને છે. નિમિત્ત મળતાં માણસની વિલક્ષણવૃત્તિ કેવી સજાગ બને છે એ આમાં જોવા મળે છે. નિમિત્તનું આગમન થયું કે અંતરમાં ઉછાળો ઊછળે છે. અહીં આ માળવદેશના બાળ રાજપુત્રનું આગમન એ નિમિત્ત બન્યું છે, એના પર જુઓ કોની કેવી વૃત્તિ ઊછળે છે અને શી ઘટના બને છે.

**રાણીને કોપ :-**

એકવાર બન્યું એવું કે સુમંગળા નામની અંતઃપુરની સ્થવિરા આવીને રાજાના કાનમાં કાંઈક કહી જાય છે. રાજા એ સાંભળીને એકદમ વ્યાકુળ થઈ પટ્ટરાણીના મહેલ તરફ ઊપડે છે. ઉપર જઈને જુએ છે તો મહારાણી પ્રિયંગુશ્યામા ત્યાં છે નહિ. પૂછે છે ત્યાં સુમંગળાને, 'મહારાણી ક્યાં છે ?'

એ કહે છે 'મહારાજા શું કહું ? એ તો નથી ભોજન કરતા કે ન સ્નાન. તેમ ખૂબ રુદન કર્યા કરે છે.'

**સ્ત્રીઓને કોપનાં ૫ કારણ :-**

રાજા ચોંક્યો,- 'અરે ! એવું તે શું બન્યું કે રાણીએ ખાવાનું બંધ કર્યું, ને રોયા કરે છે ? એટલો બધો ક્રોધ આવવાનું શું કારણ ? હા, સ્ત્રીઓને કોપ પાંચ કારણે થાય છે,- (૧) પતિ તરફથી પ્રેમનો ભંગ થાય, (૨) પોતાને પતિ સંબોધન અજુગતા નામથી કરે, (૩) સેવકજન અવિનય કરે, (૪) શોક્ય ઝગડો ઊભો કરે, યા (૫) સાસુ કોઈ એવી બડાઈ મારે, ટોણો મારે. પરંતુ અહીં આમાનાં કોઈ કારણનો પ્રસંગ જ દેખાતો નથી. કેમકે

(૧) મારે મન આ મહારાણી મારી રાજ્યસંપત્તિની માલિક તો શું, પણ મારા જીવતરની ય સ્વામિની છે. એટલે મારા દિલમાં એના પર અપરંપાર સ્નેહ છે, પછી સ્નેહનો ભંગ કરવાનો પ્રશ્ન જ ક્યાં છે ? ત્યારે

(૨) નામના સંબોધનમાં અજુગતુ થવાનો ય કોઈ સંભવ નથી; કેમકે હું આખા અંતઃપુરને 'પ્રિયે !' 'દેવિ !' એવા સંબોધનથી જ બોલાવું છું.

(૩) તેમ પરિવાર પણ એવો ગુણિયલ છે કે કોઈ એનું ઉદ્ધતાઈ-આજ્ઞાભંગ કરે એવું નથી.



(૪) તો, શોક્યના ઝગડાને ય કોઈ અવકાશ નથી, કેમકે બધી ય રાણીઓ આને એક સ્વર્ગની દેવીની જેમ માને છે, ને દેવીની સાથે કોઈ થોડું જ ઝગડે ?

(૫) ત્યારે છેલ્લું કારણ સાસુના બડાઈટોણાંનું; તેનો પણ અહીં કોઈ સંભવ નથી; કેમકે મારા માતાજી તો ક્યારના ય દેવલોક પામી ગયા છે.

તો પછી મહારાણીને કોપ કરવાનું શું કારણ હશે ?

આમ રાજા મુંઝવણમાં પડ્યો, કિન્તુ હવે એ સમય ન બગાડતાં ઝટ તપાસ જ કરવા તલપાપડ છે. એટલે પૂછે છે 'ક્યાં છે દેવી ?'

સુમંગળા કહે છે 'કોપઘરમાં.'

રાજા ઝટ ત્યાં પહોંચી જાય છે.

સ્ત્રીના કોપનાં કારણો જુઓ કેવાં તુચ્છ છે ! કેટલી છીછરી બુદ્ધિનાં છે ! પતિના પ્રેમમાં જરા ઓછાશ દેખી કે મન બગડ્યુ છે. એમાં કાંઈ ભલીવાર ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૯,તા.૧૧-૧૧-૧૯૬૭**

**જ્ઞાતાધ્યયન સૂત્રમાં તેતલીપુત્રનું ચરિત્ર** મૂક્યું છે. એમાં એની પસંદ કરીને પરણેલી પત્ની પોટ્ટિલાના મનને એકવાર એમ લાગી ગયું કે 'પતિનો મારા પર પ્રેમ હવે પહેલા જેવો નથી દેખાતો.' બસ પડી વિકલ્પોમાં. બીજા-ત્રીજા-જોગી જોગણ વગેરેના પ્રયોગના ફાંફા મારી જોયા. કાંઈ ધાર્યું થયું નહિ. એમાં એને ત્યાં સાધ્વીજી ગોચરી આવ્યા. એમની પાસેથી કોઈ ઉપાય અર્થે એમની આગળ એ કહે છે.

'મહારાજ ! હું બહુ દુઃખી છું.'

'એવું તે શું દુઃખ છે તને ?' સાધ્વીજીએ પૂછ્યું.

'શું કહું મહારાજ ? મારા પતિનો મારી પ્રત્યે પ્રેમ ઓછો થઈ ગયો છે.'

**ખરી અફસોસી કઈ થવી જોઈએ ? : સાધ્વીની ધર્મવાણી :-**

સાધ્વીજી કહે છે, 'અરે ગાંડી ! કેમ એમ માની લીધું ? અને કદાચ એમ હોય તો ય શું તારે ખાનપાન, વસ્ત્ર-દાગીના, નોકર-ચાકર, સુખ-સગવડમાં કમીના આવી ? જો ના, તો પછી તારે દુઃખ શું ? અને તને આ લાગી આવે છે પણ

તને કદી ય શું એ અફસોસી થઈ કે અરેરે ! પરમાત્માની બીજા ભક્તોની જેમ મારી પર એટલી કૃપા કેમ નથી ઊતરતી ? તો શું એવું દુઃખ થયું કે હાય આ વાસનાઓ મને કેમ પીડી રહી છે ?...અને

વસ્તુસ્થિતિ તો એ જો કે તને ખરેખર દુઃખ વાસનાની આગનું છે કે પતિના ઓછા પ્રેમનું છે ? તારા દિલને કામવાસના ન પીડતી હોત તો તારે પતિના લાડકા

પ્રેમની અપેક્ષા જ શાને હોત ? પછી એ પ્રેમ ઓછો કે બિલકુલ નહિ એનું તને દુઃખ જ શાનું લાગત ?

તું દુઃખી તો એટલે છો કે કામની આગથી ઊભી સળગી રહી છો, કે જે પરલોકનાં દીર્ઘ કાળનાં દારુણ દુઃખોમાં રિબાવાનું ઊભું કરી રહી છે. શું કામ એ મૂળ દુઃખ રાખી રહી છે ? ને શા સારુ તારા પતિને ખોટો દોષ દે છે ? આ વાસનાની ભૂલમાં તો જીવ અનંતા કાળ આ દુઃખદ ભવચક્રમાં ભટક્યો. હવે આ ઉત્તમ માનવભવે એ ભૂલ કાં ન સુધારી લેવી ?

**પોટ્ટિલાને અસર : મોટું નુકસાન શામાં ? :-**

સાધ્વીજીની આ તત્ત્વવાણીથી પોટ્ટિલાના આંતરચક્ષુ ખૂલી ગયાં, એને લાગ્યું કે 'આમની વાત સાચી છે. પતિનો પ્રેમ મળ્યો તેથી આત્માનું શું દળદર ફિટ્યું ?' પ્રેમની એષણા મૂકી દઈ એણે સમ્યક્ત્વ સહિત શ્રાવકના વ્રતો સ્વીકાર્યા.

વાત આ છે કે પતિનો પ્રેમ મળ્યો કે પ્રેમભંગ થયો એમાં કશી બહુ ભલીવાર નથી. છતાં સ્ત્રીજાત એમાં મુંઝાઈ જાય છે. ત્યારે રીસનાં બીજા કારણ પોતાને સંબોધન માન કે પ્રેમભર્યા નામથી ન થાય, સેવકજન અવિનય આચરે, શોક્ય વિરુદ્ધ હોય, કે સાસુ બડાઈ ટોણો મારે, એ બધામાં બહુ નુકસાન નથી. નુકસાન તો આવા ઊંચા ભવમાં એ અહિતકર વિષયો રૂડા લાગે, એના પર વૈરાગ્ય ન થાય, દેવ-ગુરુ-ધર્મ પર શ્રદ્ધા-બહુમાન ન થાય, જીવનમાં ત્યાગ-તપસ્યા-વ્રતનિયમ વગેરે ન આચરાય, એનું મોટું છે.

રાજા દઢવર્મા પોતાની પટ્ટરાણીની રીસ જાણી એના પર વિચારે છે કે સ્ત્રીઓને તુચ્છ કારણોએ રીસ ચડે છે પરંતુ અહીં તો એને ય કોઈ સ્થાન નથી. તો પછી રીસ કેમ ? ખેર, એને જ પૂછવા દે !

સુમંગળાને પૂછે છે 'ક્યાં છે મહારાણી ?'

પેલી કહે છે, 'મહારાજ ! એ કોપ-ઘરમાં છે.'

રાજા તરત જાય છે કોપ ઘરમાં. જઈને જુએ છે તો રાણી કૃશ શરીર અને મ્લાન મુખવાળી બની ગઈ છે. એના મનમાં ભારે દુઃખ છે. છતાં એ રાજાના આવવા પર વિનયથી ઊભી થઈ ગઈ, અને રાજાને પોતાનું આસન બેસવા આપ્યું.

રાજા પૂછે છે 'પ્રિયે પ્રિયે ! કેમ આ નિષ્કારણ દુઃખ કરી રહી છે ? મારી જાણમાં તો મારા હાથે કોઈ તારો અપરાધ થયો નથી. ત્યારે શું તારું કોઈએ અપમાન કર્યું ? અથવા કાંઈ ઇચ્છાપૂર્તિ ન થઈ ? મારા બેઠે તારે શી કમીના હોય ? અકારણે આ રીસ કરવાનું શું કારણ ? અથવા જેણે તને રીસ ચડાવી હોય એને હું હજાર સોનૈયાનું દાન કરું કે જેણે એમ કરીને ય આ તારા નયનો કમળથી અધિક શોભાભર્યાં કર્યા ? આવું અપૂર્વ નયન દર્શન કરાવીને ય આમ તો અપકાર કરનારા એવા એણે પણ મારા પર



ઉપકાર કર્યો હોવાનું માનું છું.'

આ સાંભળીને રાણી જરા હસી પડી, ને કહે છે, 'દેવ ! તમારી કૃપાએ મારે બધું સારું છે; પરંતુ પેલા માળવરાજના આવેલા પુત્ર મહેંદ્રકુમાર જેવો, મંદભાગ્યવાળી મારે, પુત્ર નહિ, એથી મને મારી જાત પર કંટાળો અને તમારા પર રીસ ચડી છે.'

આ સાંભળી રાજા વિચારે છે, 'અહો ! જુઓ અવિવેકી નારીજાતના અસંબદ્ધ પ્રલાપ ! એને પુત્ર નહિ એમાં મારા પર રોષ, રીસ. આવાં જ જૂઠાં વચનોથી એ કામી જનોનાં હૃદયને હરી લે છે. રાણીને એ કહે છે,-

'દેવિ ! એમાં શો ઉપાય ? પુત્ર થવો એ તો દૈવને આધીન છે, એમાં પુરુષાર્થને ક્યાં અવકાશ છે ?'

**'अत्थो विज्जा पुरिसत्तणाइं अण्णाइं गुणसहस्साइं ।**

**देव्वायत्ते कज्जे सव्वाइं जणस्स विहडंति ॥'**

-અર્થાત્ જે કાર્ય થવું માત્ર ભાગ્યાધીન છે, એ કાર્ય પાછળ ગમે તેટલા પૈસા, વિદ્યા-કળા, પુરુષાર્થ, કે બીજા હજારો ગુણો ખરચો, તો પણ જો ભાગ્ય વિપરીત હોય તો તે બધા ય વેડફાઈ જાય છે. ભાગ્ય જુદી દિશામાં કામ કરતું હોય અને પૈસા એનાથી સામી દિશામાં ફળ લાવવા ખરચાય, તો તેથી કાંઈ એ ફળ આપે નહિ, પરિણામ તો ભાગ્યાનુસાર જ આવવાનું. કેટલાય સટોરિયા ભાગ્યની પડતી દશામાં પૈસાના જોરે મનમાન્યો વેપાર કર્યે ગયા અને પાયમાલ થઈ ગયા. એકાદ સોદામાં પરિણામે ભાગ્ય જરા નબળું દેખાયું ત્યાં ડહાપણ તો એ હતું કે એને પરખીને એવા વેપાર બંધ કરી ઘરે બેસી જવું હતું.

**પરંતુ મૂઢતા-અજ્ઞાનતાના અંધાપામાં માણસ ભાગ્યચક્રની કામગીરી જોઈ શકતો નથી,** તેથી મૂડી અને બુદ્ધિના ભરોસે દોડે છે કે 'આમ કમાઈ લઈશ,' પરંતુ બંને ય વેડફી નાખે છે, અને એવી પછાડ ખાય છે કે કદાચ જિંદગીમાં ય ઊંચો ન આવે.

**ભાગ્યના આધારે શું ?**

પૈસા કમાવવા, પરિવાર મળવો, આબરૂ જાળવવી, બીજાને આપણા બોલ પર આકર્ષવા વગેરે વગેરે બાબત ભાગ્યને આધીન છે. ભાગ્ય જો એ થવાની સામે વિપરીત હોય તો ગમે તેટલી મહેનત કરી વાળે, પણ કાંઈ વળે નહિ. રાવણ વિદ્યાઓના બળે, લાવ-લશ્કર-શસ્ત્ર વગેરેના આધારે ઘણું ય ઝઝુમ્યો, પણ ભાગ્ય વિપરીત હતું તો એનું જ સુદર્શન ચક્ર લક્ષ્મણને મારવા ફેંકેલું, તે લક્ષ્મણની કતલ કરવાને બદલે એની આગળ સેવક જેવું થઈને ઊભું, અને લક્ષ્મણે એ રાવણ સામે ફેંક્યું તો પૂર્વે એ રાવણની માલિકીનું છતાં હવે એનું ભાગ્ય ફર્યું છે ને ? તે એનું ગળું કાપીને લક્ષ્મણ પાસે આવી ઊભું.

**વિફરેલું ભાગ્ય એ સાધનસામગ્રી, હોશિયારી, મહેનત કે ઢગલો ગુણો, કશાને ગણતું નથી.**

**સીતાજી** મહા ગુણિયલ હતા, તેમજ એમનું સતીત્વ સો ટચના સોના જેવું હતું, છતાં ભાગ્ય ફર્યું તો એ ગુણો બધા એમ જ ઊભા રહ્યા, અને 'રાવણના ઘરે રહી આવ્યા માટે અસતી' એવું કલંક એમના પર ચડી ગયું. એમના ગુણોની અને લાયકીની કોઈ શરમ એ ભાગ્ય પર પડી નહિ.

**ગુમાન કે ખેદ કેમ રોકાય ? :-**

એટલે જ માણસે આ વિચારવા જેવું છે કે ભાગ્યાધીન બાબતમાં પૈસા હોશિયારી વગેરેના મદ કર્યા શી કામના કે 'હું આમ ફળ લાવી દઉં ?' તેમ ખેદ પણ કરવો શું કામ કે 'હાય છતે પૈસે ને છતી હોશિયારીએ આ મારે કેવું વાંકું જોવાનું આવ્યું ?' ત્યાં તો એક જ વિચાર જોઈએ કે પૈસાદિનાં અભિમાન ખોટાં છે. ભાગ્યનું ચક્ર ફરતાં એ ખેદાન-મેદાન કરી નાખશે, તેમ અદશ્ય ભાગ્યના યોગે ઊલટું બની ગયું, ત્યાં ખેદ કરવો નકામો. ભાગ્યનો રાહ સ્વતંત્ર છે, પણ એ કોઈ મારા પૈસા-હોશિયારી કે ગુણોના કાબૂમાં નહિ. ચાલવા દો ચાલે તેમ આપણે માત્ર જોયા કરવાનું શું બને છે. ખરું કામ નવું સારું ભાગ્ય કમાવવા સુકૃતોમાં લગાવવાનું.'

**સીતાજીની વિચારણા :-**

સીતાજીએ શું કર્યું ? પતિથી જંગલમાં તરછોડાઈ ગયા, તો કલ્પાંત ન કર્યો કે 'હાય ! હું મહારાણી અને મારી આ દશા ? હું ગુણિયલ અને પતિને મારા સતીત્વની ખાતરી છતાં એ જ મને આ સ્થિતિમાં મૂકે ?' ના, કોઈ જ એવો ખેદ નહિ. એમણે તો એક જ વિચાર્યું કે 'આમાં મારા ભાગ્યનો જ દોષ છે. એટલે મારે કોઈને ય ભાંડવાની કે હલકા ગણવાની જરૂર નથી. પૂર્વના કોઈ મારા દુષ્કૃત્યે આવું દુર્ભાગ્ય ઊભું થયું હશે, તો હવે નવાં દુષ્કૃત્યો ન કરતાં અરિહંત પરમાત્માનું શરણું લઉં. અરિહંતા મે સરણં. પ્રભુ ! આ જે બની રહ્યું છે તેમાં હું અબૂઝ છું, અશક્ત છું; મારે તો અચિંત્ય શક્તિ-અચિંત્ય જ્ઞાનવાળા એવા તમારું જ શરણ છે. મારે પૂર્વની સંપત્તિ હોદ્દો કે હોશિયારી, કોઈનો ય આધાર નથી, મારે તો તમારો જ આધાર છે.' બસ, આ વિચાર પર સીતા ગર્ભિણી અને વન વગડામાં એકલા અટૂલા પડી જવા છતાં સ્વસ્થ રહ્યાં.

અહીં રાજા દઢવર્મા રાણીને એ જ કહે છે કે 'પુત્ર મળવો એ ભાગ્યાધીન વસ્તુ છે. ત્યાં મોટી રાજ્યસંપત્તિ કે તમારા ગુણો, યા મારી હોશિયારી કે પુરુષાર્થનું કાંઈ ઊપજે નહિ. તો નિષ્કારણ રીસ શા સારુ કરો ?'

**રાણીનું પુત્રાર્થે ઉપાય સૂચન :-**



પણ રાણીએ મનમાં ઉપાય ધારી રાખ્યો એટલે એ કહે છે,

'દેવ ! હું નિષ્કારણ નથી રીસાઈ. આપનું વચન તો દેવતાઓ પણ ન ઓળંઘી શકે, સ્વીકારી જ લે. છતાં આપને એ બાબતની કશી ચિંતા જ નથી. શું જો આપ કોઈ દેવતાની આરાધના કરો અને મારા માટે એક પુત્રની પ્રાર્થના કરો, તો મારો મનોરથ સફળ ન થાય ? નાથ ! મંદ ભાગ્યવાળી એવી મારા પર મહેરબાની કરો,' એમ કહેતીક રાણી રાજાના ચરણે હાથ જોડી માથું મૂકી દે છે.

**પ્રાર્થના ક્યારે ફળે ? :-**

આમે ય રાજાને રાણી પર ભારે પ્રેમ તો છે જ અને એમાં વળી એ રાજાને પગે પડી કાકલૂદીભરી અરજી કરે, તો રાજાની મજાલ છે કે એનો બોલ ન ઉઠાવી લે ?

આપણે પરમાત્મા પાસે પ્રાર્થના તો કરીએ છીએ, પરંતુ કેમ એ ફળતી નથી ? કહો, એક તો એમના પર એવો પ્રેમ-એવી શ્રદ્ધા નથી; તેમજ બીજું એ કે એવી કાકલૂદીભરી હાર્દિક અરજી કરતા આવડતું નથી.

**પ્રભુ પર શ્રદ્ધા આ,** કે 'જે કાંઈ મારે સારું થયું છે ને થશે એ મારા પ્રભુથી જ થયું છે ને થશે. જગતમાં સારી પુણ્યાઈ પણ ભગવાન દ્વારા જ મળે છે, જેનાંથી સારું સારું બની આવે છે; તેમ સારાં આત્મહિત પણ ભગવાનના જ આલંબને ઊભાં થાય છે તો પછી આડાઅવળા ફાંફાં કાં મારું ? એકમાત્ર પ્રભુને જ ન વળગ્યો રહું ?' આવી પ્રભુ પર પ્રભુની અચિંત્ય શક્તિ-અચિંત્ય પ્રભાવ ઉપર આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસ જોઈએ. એના પર પ્રેમ ઊભો થાય.

**પ્રભુ પર પ્રેમ આ,** કે 'નાથ ! આ જગતમાં તમારા વિના મારું કોણ છે ? કવિ કહે છે,-

**'મેરા કોઈ ન જગતમેં, તુમ છોરી હો જિનવર જગદીશ;**
**પ્રીત કરું અબ કોન શું, તું ત્રાતા હો મોહે વિશ્વાવીશ.'**

-તું જ મારે વીસે વસા રક્ષક છે. જીવનમાં આપત્તિઓ આવતાં પ્રભુ ! તારું સ્મરણ મને રાહત આપે છે. ગુસ્સો કે અભિમાનનો પ્રસંગ આવતાં હું તારી ક્ષમા-લઘુતાની યાદ કરું છું ને મને એ ક્રોધાદિ કષાયોથી બચાવે છે. પુણ્યની કચાશે સગવડ-સામગ્રી મને ઓછી મળી એ વખતે તારું ધ્યાન મને દીનતાથી બચાવે છે. અર્થાત્ વૈભવાદિ ઘણું તને છતુ મળેલું છતાં જે તે કરેલ એનો ત્યાગ અને અપનાવેલી કષ્ટમય અકિંચન સ્થિતિ, એનું સ્મરણ મને જોમ આપે છે, દીનતા, ઓશિયાળા, અને રોદણાથી બચાવી લે છે. ત્યારે અહીં લીધેલો એકમાત્ર તારો આશરો ભવાંતરમાં તો વળી કેટલીય ઊંચી હૂંફ અને માતબર સ્થિતિ આપે છે ! આવા મારા ત્રાણ પ્રાણ અને શરણભૂત પ્રભુ ! તારા વિના બીજા કોની સાથે પ્રીત કરું ? મારા

નાથ ! તું જ મારે વહાલો, તું જ મારો પ્યારો, ને તું જ મારા મનમોરનો મેહ છે. મારા માથાનો મુગટ, હૈયાનો હાર અને મારા આત્માને જઈ જઈને ઠરવા માટે આત્મારામ તું જ છે.'

**પ્રાર્થના ગદ્ગદ દિલે :-**

પ્રભુ પર આ શ્રદ્ધા ને આ પ્રેમ હોય, પછી પ્રભુની આગળ કાકલૂદીભરી પ્રાર્થના થાય, તો શું મજાલ છે કે એ ફળ્યા વિના રહે ? ફળે જ, બાકી દિલમાં શ્રદ્ધાઓ બીજા પ્રત્યે બેઠી હોય, પ્રેમ બીજા ઉપર જામેલા હોય, ત્યાં પ્રાર્થના શ્રદ્ધા-ફરતાં દિલમાંથી ઊઠી હોય ? એ શાની ફળે ? તેમ પ્રાર્થના કરતાં દિલ ગદ્ગદ ન થતું હોય, હૈયે અડ્યા વિના, હૈયું કંપ્યા-કકળ્યા વિના, શુષ્ક હૈયે પ્રાર્થનાના શબ્દ નીકળતા હોય, તો એમાં ય 'પ્રાર્થના' યાને પ્રકર્ષથી અર્થન છે જ ક્યાં ? ખરેખર માગવા-યાચવાનું છે ક્યાં ? ખરેખર યાચવાનું કેવું ? જેમ ત્રણ દહાડાનો ભૂખ્યો ભિખારી આશાસ્પદ દાતાર પાસે યાચે એવું; જ્યાં યાચનારને લાગે કે 'મારે ખરેખર આ વસ્તુ જોઈએ છે; એના વિના હું ટળવળી રહ્યો છું, દુઃખી છું, સિદાઈ રહ્યો છું, એના વિના મારે ચાલે એવું જ નથી; અને તે આ દાતાર આપે જ એમ છે.' પ્રભુ આગળ આવું લાગે તો પ્રાર્થના ગદ્ગદ દિલની થાય.

ત્યારે પૂછો જોઉં આત્માને, કે ભગવાનની આગળ રોજ સ્તુતિ બોલે સ્તવન ગાય અને જયવીયરાય સૂત્ર બોલે, એમાં જેની જેની માગણી કરાય છે, તે તે વસ્તુ શું ખરેખર તારે જોઈએ જ છે ? એ મળ્યા વિના શું તું દુઃખી છે ? સિદાય છે ! ટળવળે છે ? અને એ માગે છે ? કે એમજ બોલવા પૂરતું જ બોલે છે ?

બસ, વાત આ છે કે એ 'ભવનિવ્વેઓ, માર્ગાનુસારિતા, ગુરુજનપૂજા વગેરેની ખરી ભૂખ લગાડો, 'એ મારે જોઈએ જ છે. એના વિના હું ટળવળું છું, એના વિના મારે ચાલે એવું જ નથી;' દિલમાં આ ભાવ જગાડો; તો એ પ્રાર્થના વાંઝણી ન જાય.

રાણીને રાજા પર શ્રદ્ધા છે, પ્રેમ છે, ને ગદ્ગદ દિલે પ્રાર્થના કરે છે કે 'તમે ગમે તે દેવને આરાધી એની પાસે પુત્રની માગણી કરો.'

રાણીની આ પ્રાર્થના મંજૂર થાય છે; રાજા કહે છે 'જેમ તું કહે છે તેમ મારે અવશ્ય કરવાનું.'

**પ્રભુને પ્રાર્થનાનું બળ :-**

એક સામાન્ય માણસ આગળ પ્રાર્થના મંજૂર થાય, અને ત્રણ લોકના નાથ આગળ પ્રાર્થના મંજૂર ન થાય ? એમ માનવું એ પ્રભુ પર અશ્રદ્ધા છે, પ્રભુને નિર્બળ માનવા જેવું છે, અકિંચિત્કર માનવા જેવું છે. દૃઢ શ્રદ્ધા જોઈએ કે પ્રભુને



પ્રાર્થના કરવાથી અચિંત્ય સિદ્ધ થાય. હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે;

**'प्रार्थनात एव इष्टसिद्धिः'**

પ્રાર્થનાથી જ ઈષ્ટની સિદ્ધિ થાય, મનગમતું મળે; પ્રાર્થના ન કરે, ને પોતાના પુરુષાર્થના ગુમાનમાં દોડે, એને ઈષ્ટસિદ્ધિ નહિ. આપણું શું ગજું ? તાકાત દેવાધિદેવની છે. હિતનો માર્ગ એ બતાવે છે, એ જાણે છે. હિત અહિત અતીન્દ્રિય પરોક્ષ વસ્તુ છે. સર્વજ્ઞ એને જાણે; આપણે ન સમજી શકીએ. એમણે જોયું કે 'સ્ત્રીના આસને બેસવું એ અહિત છે.' ત્યાં આપણને 'શી રીતે અહિત થતું હશે, એનાં પુદ્ગલો કેવી અસર કરતા હશે,' એની શી ખબર પડે ? સ્ત્રીના બેઠાં પછી એનાં સૂક્ષ્મ પુદ્ગલો ત્યાં ચોંટ્યા એ થોડા જ આપણને દેખાય ? એની છૂપી અસર થોડી જ દેખાય ? એવા હિત-અહિતના જાણકાર તો એ ભગવાન જ. એમની આગળ હિતની પ્રાર્થના કરીએ તો આપણું અહંત્વ દબાય, એમનું શરણ મન પર આવે, અને આપણને એવો એક ફોર્સ મળે, તાકાત મળે, કે જેથી પુરુષાર્થ સફળ થાય. ગણધર ભગવાન આ પ્રાર્થનાબળ અને અરિહંત ભગવાનનું શરણ લેવાનો પ્રભાવ સમજતા હશે ત્યારે જ એમણે તેવાં તેવાં સૂત્ર મૂક્યાં ને ? જુઓ.

- **'તિત્થયરા મે પસીયંતુ'**
- **'આરુગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ'**
- **'ધમ્મો વડ્ઢઉ...ધમ્મુત્તરં વડ્ઢઉ'**

વગેરે શું છે ? ભગવાનના પ્રભાવથી વસ્તુ સિદ્ધ થાય છે એ હિસાબ ઉપર તો 'હોઉ મમ તુહપ્પભાવઓ...ભવનિવ્વેઓ, મગ્ગાણુસારિઆ...' 'મારે તમારા પ્રભાવથી હો ભવનિર્વેદ, માર્ગાનુસારિતા...' વગેરે કહ્યું ને ? વીતરાગ ભગવાન કૃતકૃત્ય છે, એ કશું કરવા નથી બેસતા; પરંતુ એમના અચિંત્ય પ્રભાવથી એ બધું બની આવે છે હકીકત છે. માટે તો એવી ગણધરવાણી છે કે 'તમારા પ્રભાવથી હો.' એ કાંઈ અસત્ય કે ઔપચારિક બોલે નહિ, અતિશયોક્તિ કરે નહિ. હકિકત જ એવી છે કે પ્રભુના પ્રભાવે વસ્તુ સિદ્ધ થાય છે. પૂછો,

**પ્ર.**- પ્રભુના પ્રભાવથી સિદ્ધિ થવામાં પ્રમાણ શું ?

ઉ.- બીજા કોઈને નહિ કિન્તુ પ્રભુને નમીએ, પૂજીએ, જપીએ, યાદ કરીએ, વિનવીએ, તો મહાન વસ્તુઓ સિદ્ધ થાય છે, તે એમ થયાના ઢગલા બંધ દાખલા મળે છે ત્યારે, બીજાને નહિ પણ પ્રભુને નમવા વગેરેની સિદ્ધિ થાય એમાં પ્રભુની કોઈ વિશેષતા હોવી જોઈએ એ તો ખરું ને ? એ વિશેષતા એ પ્રભાવ શું છે એ કહી શકતા નથી. એ આપણી કલ્પનામાં ન આવે. માટે જ એ પ્રભાવ અચિંત્ય છે; પણ છે ખરો એમનો એવો કોક પ્રભાવ કે જેથી એમને જ નમો-વિનવો તો

વસ્તુસિદ્ધિ થાય છે એ હકીકત છે. માટે એમની આગળ વારંવાર નમસ્કાર શરણ અને પ્રાર્થનાની જરૂર છે.

**રાજાની પુત્ર અર્થે દેવસાધના :-**

રાણીની પગે પડીને પ્રાર્થના કરવા પર રાજા જે વસ્તુ ભાગ્ય પર છોડતો હતો એ વસ્તુ દેવની સહાયથી બનવાનું માની લે છે. દેવતાના પ્રભાવથી વસ્તુ કેમ ન બને ? અનુકૂળ ભાગ્ય કેમ ન જાગે ? એ એના મન પર આવી ગયું. તેથી હવે રાણીને કહે છે, 'ભલે હું દેવને પ્રસન્ન કરીને પુત્ર માગીશ, માટે તમે ખેદ સંતાપ ન કરો અને સ્નાન-ભોજન વગેરે કાર્યમાં લાગી જાઓ.'

દુશ્મનનો સારો પુત્ર આવી ચડ્યો, એણે કેવી વસ્તુ ઊભી કરી ? જીવનમાં એકાદ નિમિત્ત મન પર ચડી જાય તો શું શું નથી કરતું ? આપણને ભગવાન મળ્યા, એ પણ જો મન પર વસી જાય, મનને એમ થાય કે 'અહો ! આ ભગવાને પોતે જન્મોની સાધનાથી ભગવાનપણું મેળવ્યું તો હું પણ એ રીતે કેમ ન મેળવી શકું ?' તો આપણા જીવનમાંય અવનવી સાધનાઓ ને અવનવા પુરુષાર્થ ખીલી ઊઠે.

**સારા નિમિત્તને મન પર લેવું જોઈએ, ને નરસાનો વિચાર જ ન કરવો.**

હવે રાજાએ ભોજનાદિ પતાવી મંત્રીઓને ભેગા કર્યા અને બનેલી હકીકત કહી કહે છે 'હું હવે કોઈ દેવની સાધના કરવા જવાનો, અને પુત્રનું વરદાન લઈને જ પાછો આવીશ.'

મંત્રીઓ સાંભળીને ખુશ થાય છે, ને કહે છે,-

'મહારાજ ! સુંદર વિચાર છે દેવની પ્રાર્થનાનો. અલબત પુત્રનું વરદાન મેળવવાનું કાર્ય ભગીરથ છે, છતાં એમ તો કાયર અશક્તિમાન માણસોને એક તણખલા જેવું તુચ્છ કાર્ય પણ મોટા પહાડ જેવું લાગે; બાકી શક્તિ-પુરુષાર્થ-વીર્યોલ્લાસના ભરેલા માટે તો મહાન પર્વત જેવાં કાર્ય પણ તણખલા જેવાં સહેલા થઈ જાય છે. તેથી જે આપે વિચાર્યું કે 'કુપિત થયેલું ભાગ્ય પણ મારા કાર્યને ફેરવી નહિ શકે. શું ગુસ્સે થયેલું શિયાળિયું કેસરી સિંહને કાંઈ અટકાયત કરી શકે ?' આ વિચાર્યું તે યોગ્ય જ છે. અને એનું કારણ વિચાર્યું તે પણ બરાબર છે કે,-

**जाव य न देंति हियय़ं पुरिसा, कज्जाइं ताव विहडंति ।**
**अह दिण्णं चिय हियय़ं, गुरूं पि कज्जं परिसमत्तं ॥**

જ્યાં સુધી કાર્યને માણસ હૈયું ન આપે ત્યાં સુધી જ કાર્ય સિદ્ધ ન થાય. બાકી હૈયું દીધું કે મોટું પણ કાર્ય પૂરું થયું જ સમજો. માટે આપનો વિચાર સુંદર છે. પણ હવે કયા દેવની સાધનામાં લાગવું એ અંગે અમે અમારો નમ્ર અભિપ્રાય રજુ કરીએ છીએ.'



રાજા અને મંત્રી બંને આ સમજે છે કે કાર્યને હૈયું આપો અર્થાત્ હૃદય પર આ વાત લઈ લો કે મારે આ કાર્ય કરવું જ છે, તો પછી એ કેમ સિદ્ધ ન થાય ? પૂછો,-

**પ્ર.- શું ભાગ્ય મનધાર્યું મેળવવામાં પાછા ન પાડે ?**

ઉ.- આમાં બે વાત છે;

(૧) એક તો લાયક માણસ એવા અયોગ્ય અશક્ય કાર્યને હૃદય પર લે જ નહિ. પોતાની પાસે પૈસો ય નથી, ને વિચારે કે હું કરોડ રૂપિયા કમાયા વિના રહું નહિ, એ અશક્ય કાર્ય થયું. અથવા ધારે કે 'હું પૈસા વેરીને અમુક સ્ત્રીને વશ કર્યા વિના રહું નહિ, એ અયોગ્ય વિચાર છે.

**લાયક માણસ અશક્ય વિચારે નહિ, કે શક્ય પણ અયોગ્ય વિચારે જ નહિ.**

**લાયક બનવાની ચાવી :-**

જો અશક્ય કે અયોગ્ય વિચારે તો લાયક વિચારક શાનો ? આ એક લાયકાત કેળવવા-વધારવાની ચાવી છે કે આપણે અયોગ્ય કે અશક્ય ન વિચારીએ.

**કાયર બનાવનાર અજ્ઞાન અને ભ્રમ :-**

(૨) બીજી વાત આ છે કે શક્ય અને યોગ્ય માટે પણ જે આ વિચાર આવે છે 'ભાગ્ય યાને કર્મ તો કેટલાંય એવાં છે કે જેને આપણે શુભ યોગ શુભ દ્વારા 'કુ' માંથી 'સુ' માં યાને નરસામાંથી સારામાં ફેરવી શકીએ યા હટાવી શકીએ' ત્યારે આ આપણે નથી જાણતા તેથી એની અજ્ઞાનતામાં એવો ભ્રમ સેવીએ છીએ કે 'આપણને બાધક કર્મો નડે છે, ને તે તો સિલકમાં પડ્યા એટલે આગળ ઉપર ભોગવવા જ પડવાના.' પછી કાયરતા આ ઊભી થાય છે કે 'હાય ! જો કાર્ય ઉપાડું તો પછી પેલાં કર્મ આવીને નડે એટલે આઘા જઈને પાછા પડવાનું થાય, ને મારા બાર વાગી જાય !'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૬,અંક-૧૦,તા.૧૮-૧૧-૧૯૬૭**

**મૂર્ખતા ક્યાં ? સ્વાર્થમાં કાયરતા નહિ :-**

ખૂબી તો આ છે કે કોઈ ક્ષમા, કોઈ ત્યાગ, તપ, વ્રત વગેરે ધર્મ સેવવાની વાત આવે ત્યારે જ આ કાયરતા ઊભી થાય છે, પણ ધંધો કરવા જતાં કે ભોજન કરવા જતાં યા લગ્નાદિ દુન્યવી સંબંધમાં જોડાવા જતાં આ કાયરતાને સેવતા નથી નહિતર ત્યાં કેમ એવો વિચાર નથી કે 'હાય ! ધંધો કરવા જઉં અને એવાં નઠારાં કર્મ આવી નડે ને લેવાના દેવા થાય તો ? નોકરી કરવા જાઉં ને એમાં પાપોદયે

શેઠની-ગ્રાહકની યા દુકાનના બીજા માણસોની પ્રપંચજાળમાં ફસાઈ જાઉં તો ? જમવાનું કરું ને કોઈ અશુભના ઉદયે માંહી માખી વગેરે આવી જતાં ઊલટી થાય તો ? યા ગેસના દબાણે કાંઈ ઊંધું પડે તો ? લગ્ન કરું ને કર્મ એવાં આવી નડે કે પત્ની દુશ્મન યા દુશ્શીલ પાકે તો ? મિત્રાચારી જોડું ને મિત્ર દગો કરે તો ?' દુન્યવી સ્વાર્થ સાધવા જતાં આવી આવી કોઈ કાયરતા નથી ઊભી થતી; પણ ગુનો બિચારી ધર્મસાધનાનો-સુકૃતાચરણાનો ને ગુણાભ્યાસનો કે એ કરવા આડે અજ્ઞાન-ભ્રમ-કાયરતા આવી જ ઊભા છે ! આ કેટલી મૂર્ખતા અને સ્વહિતઘાતકતા કે સ્વાર્થમાં કાયરતા નહિ, ને પરમાર્થમાં કાયરતા !

**સાવધાની અને પુરુષાર્થથી કર્મ પાછાં પડે છે. :-**

**વિચારવું તો એ જોઈએ કે** જેવી રીતે ધંધો-નોકરી કરતાં સાવધાની ન રહે તો જે અશુભ કર્મ આવીને નડે છે, તે એવા જટિલ નથી કે આવીને નડે જ; પણ સાવધાની રાખતાં એ કર્મ બીજારૂપે ભોગવાઈને નષ્ટ થઈ જાય છે. તેથી આપત્તિ નથી ઊભી થતી; એમ જેવી રીતે ભોજન સાવધાનીથી કરાય તો બિનસાવધાનીમાં ઉદયમાં આવનારાં અશાતાકર્મ આ સાવધાનીને લીધે ચાલુ શાતાકર્મનાં ભેગા ભળી પ્રદેશ-ઉદય પામી કોરેકોરાં ભોગવાઈ જવાનાં, અશાતા નહિ વર્તાવાની; એવી રીતે કોઈ ધર્મ કોઈ સુકૃત, કે કોઈ ગુણનો અભ્યાસ સેવવા-સ્વીકારવા જતાં સાવધાની અને યોગ્ય પુરુષાર્થ જાગતા રાખવાથી એવાં કેટલાંય વિઘ્નભૂત કર્મ એમજ કોરેકોરાં ભોગવાઈ ખતમ થાય છે, ને કાંઈ પાછા પડવાનું થતું નથી, ધીરે ધીરે શું તપના અભ્યાસથી આગળ નથી વધાતું ? શું પાછા પડાય છે ? દાન, સેવા, પરોપકારાદિના સુકૃતના અભ્યાસ કરવા જતાં શું આપત્તિઓ જ આવે છે ? શું ક્ષમા દયા ગંભીરતાદિ ગુણનો અભ્યાસ કેળવવા જતાં નુકસાની ઊભી થાય છે ?

સમજી રાખો કે આત્મામાં એવાં તો કેટલાય ઢગલો બાધક કર્મ છે કે જે સાવધાની અને સત્પુરુષાર્થથી પોતાના મૂળરૂપે વિપાક ન દેખાડતાં પ્રદેશરૂપે ઉદયમાં આવી કોરેકોરાં ખતમ થાય છે. પછી એનાથી ડરવાનું શું ? ડરી ડરીને ધર્મથી આઘા રહેવાનું શું ?

**નિકાચિત નડવાનો ડર નકામો :-**

**પ્ર.-** પણ જે એવાં નહિ કિન્તુ સચોટ નડનારાં કર્મ છે તે નડતાં તો પાછા પડવાનું થાય ને ?

**ઉ.-** એટલે ? તો તો સમજી રાખો કે ધર્મ નહિ કરો સુકૃત નહિ કરો, ગુણ નહિ કેળવો, તો પણ એ જટિલ કર્મ પોતાનો ભાવ ભજવશે જ. દા.ત. તપ કરવા જતાં કોઈ નિર્ધારિત નિકાચિત કર્મના ઉદયે ટી.બી. કેન્સર જેવી વ્યાધિ



આવી, તો તે તો તપ ન કર્યો હોત તો પણ આવત. દુનિયામાં જુઓ ને કે શું તપસ્યા કરનારાને જ ટી.બી. કેન્સર વગેરે વ્યાધિઓ આવે છે ? કે એ ન કરનારા ઢગલાબંધ માણસોને ય વ્યાધિઓ આવે છે. હોસ્પિટલો અને દવાખાના કોનાથી ઊભરાય છે ? ખાનારાઓથી કે તપસ્વીઓથી ? તપસ્વી તો એમાં કોક જડે તો ભાગ્યશાળી ! સેંકડે એક ટકો નહિ મળે. એટલે વ્યાધિ કે અશક્તિનાં કર્મ ઉદય પામવાના ડરમાં તપધર્મ ગુમાવવાનું થશે, ને નિર્ધારિત નિકાચિત કર્મ ઉદયમાં તો આવવાના જ. દાન કરીને કદાચ પૈસા ઓછા થાત, તે દાન ન કરવા છતાં તેવાં નિશ્ચિત અશુભ કર્મના ઉદયે ઓછા થવાના તે થવાના. કર્મ જો એવાં જટિલ પડેલાં છે તો તમે ક્યાં જાઓ ? ધર્મ સુકૃત કરો યા ન કરો, પણ એ પોતાનો ભાવ ભજવવાના તે ભજવવાના જ. મૂર્ખાઈ આટલી કે ખોટી કાયરતામાં ઉત્તમ ધર્મસાધનાની-સુકૃતાચરણની અને ગુણાભ્યાસની તક ગુમાવી.

**એટલે કાયરનો બંને રીતે મરો છે.** (૧) નિકાચિત અશુભના ઉદયની પીડા તો નિશ્ચિત જ; પણ ધર્મ કરવાની સુંદર તક ગુમાવી, એકલા પાપારંભ અને પાપ-વિચારોમાં રુલ્યો. તેમજ (૨) અનિકાચિત કેટલાંય કર્મ સાવધાની અને સત્પુરુષાર્થથી ઠેકાણે પડે એવા હતા તે ય એમ ઠેકાણે ન પડ્યા, ને ધર્મ કરવાનું ગુમાવ્યું.

કરમ કરમ શું કરો છો ? 'આઘા જઈને પાછા પડાય તો ?' એવી કાયરતા શું રાખો છો ? ભગવાને આખો મોક્ષમાર્ગ સ્થાપ્યો, ને ધર્મ સુકૃત અને ગુણોના સેવનમાં તથા દોષ-દુષ્કૃત-પાપની અટકાયતના જે પુરુષાર્થ કરવાનું ઉપદેશ્યું, તે આ હિસાબ પર જ કે એથી આત્માના એવાં કેટલાંય અનિકાચિત કર્મો એમજ નાશ પામી જાય એવાં છે, તે તે અવશ્ય કોરેકોરાં ખતમ થાય જ છે, નહિતર તો બધું જો અકબંધ એવું ને એવું ભોગવવું જ પડતું હોત તો તો જીવ મોક્ષમાર્ગની સાધના ન કરી શકે, કે ન એમાં આગળ વધી શકે. એટલે પછી મોક્ષમાર્ગ જેવી વસ્તુ જ ન રહે. પછી મોક્ષ પણ શાનો હોય ? બસ, જુનાં કર્મના ઉદયે નવાં પાપ સેવવા જ પડતા હોય અને આ નવાના ઉદયે વળી આગળ પર પાપસેવન નિશ્ચિત હોય, તો થઈ રહ્યું, સંસાર અખંડ ધારાએ શાશ્વત કાળ ચાલ્યા જ કરે ! મોક્ષની વાત જ શી ?

પણ ના, 'મોક્ષ છે, મોક્ષના ઉપાય છે,' એ સૂચવે છે કે એ મોક્ષોપાય સાધવામાં આમ અશુભરૂપે ઉદયમાં આવત એવાં કેટલાંય અનિકાચિત કર્મ કોરેકોરાં ખતમ થાય છે; અને એમ થતાં થતાં આત્મા ઊંચે ઊંચે ચડતો જાય છે.

**કર્મ અને ધર્મપુરુષાર્થનાં આ સાયન્સને લક્ષમાં રાખી ધર્મ સાધનારાઓ જીવન જીતી જાય છે; અને ન સમજનારાઓ તથા કાયર બન્યા રહી ધર્મ પુરુષાર્થથી આઘા રહેનારાઓનો મરો થાય છે.**

માટે વિઘ્નથી ડરી કાયરતા કરવી ખોટી. હિંમત રાખી ધર્મ સુકૃત અને ગુણના અભ્યાસમાં લાગ્યા જ રહેવું જોઈએ, આગળ આગળ વધવું જ રહે. એમાં સફળતા જ મળવાની.

રાજા દઢવર્મા એ જ વિચારે છે, અને એના મંત્રીઓ એ જ કહે છે કે 'મહારાજ ! વાત આપની સાચી છે કે જ્યાં સુધી કાર્યને હૃદય નથી આપ્યું ત્યાં સુધી જ એ સફળ ન થાય; પણ હૃદય જો આપ્યું તો કાર્ય પૂર્ણ થયું જ- સફળ થયું જ સમજો. અને લૌકિક શાસ્ત્રો કહે છે પુત્ર વિના સદ્‌ગતિ નહિ. તો હવે પુત્રના વરદાન અર્થે કયા દેવની ઉપાસનામાં લાગવું એ અંગે અમારો નમ્ર વિચાર આ છે, કે-

'આપને વળી મહાદેવજી, ભવાની, વગેરે દેવી-દેવતા પાસે જઈ સાધના કરવાનું શું કામ છે ? એમાં તો પ્રાણનાશનો સંશય રહે છે. આપ આપની રાજ્યલક્ષ્મીની અધિષ્ઠાત્રી કુળદેવીની જ સાધના કરી એની જ પાસે વરદાન માગો જે ચિરકાળથી આપના વંશમાં અનેકાનેક પરાક્રમી પૂર્વજોને પકવતી આવી છે. અને પૂર્વજોએ એને આરાધેલી છે, એ રાજ્યલક્ષ્મી આપના વારસદારને પણ કેમ નહિ પકવે ? માટે એની જ આરાધના કરો.'

મંત્રીઓની વાત યુક્તિસરની હતી, તેમ રાજાને પોતાના બાહોશ મંત્રીઓ પર શ્રદ્ધા પણ હતી તેથી એણે એમની વાત સ્વીકારી લેતાં કહ્યું,- 'અરે નિર્મળ બુદ્ધિના ધરનારા મંત્રીઓ ! સારું સારું તમે સુંદર કહ્યું. પૂર્વ પુરુષોએ જે અનિંદ્ય કાર્ય કર્યું હોય, પુત્રે પણ તે જ કરવું જોઈએ એવો લોકમાં નિયમ છે. વળી ખરી વાત એ છે કે રાજ્યલક્ષ્મી દેવતાનું દર્શન પણ દુર્લભ છે તો વરદાન તો કેટલુંય દુર્લભ ગણાય ? તો મને તો લાગે છે કે એના દર્શનમાત્રથી બધું સારું થઈ જશે.' બસ, સભા બરખાસ્ત થઈ.

આમાંથી ત્રણ મહાન વસ્તુ શીખવા મળે છે કે

(૧) જે તે દેવી-દેવતાની આરાધનામાં લાગી પડવા કરતાં એક નિશ્ચિત ફળદાયી દેવને જ વળગ્યા રહી એમની જ શ્રદ્ધા રાખી એમની આરાધનામાં મગ્ન રહેવું.

(૨) પૂર્વ પુરુષો જેમની આરાધના કરતાં કરતાં આબાદી પામતા આવ્યા હોય એના પર જ શ્રદ્ધા રાખવી.

(૩) જે દેવતાએ પૂર્વે લાંબા સમયથી મહાન ફળો દેખાડ્યા કર્યા હોય, આપણાં પણ ફળ માટે એમને જ વળગવું.

**અરિહંત જ કેમ ઉપાસ્ય ? :-**

હવે આ પરથી અરિહંત પરમાત્માની જ એકમાત્ર શ્રદ્ધા કરી એમની જ સાધનામાં લાગ્યા રહેવાનું ફલિત થાય છે, એનું કારણ આ છે, કે એ સિદ્ધ હકીકત છે કે



(૧) વીતરાગ જિનેશ્વર ભગવંતની તોલે રાગાદિયુક્ત કોઈ દેવ આવી શકે નહિ. તો પછી આવા સર્વ દોષમુક્ત અને અનંતગુણસંપન્ન પરમાત્મા મળ્યા પછી બીજામાં મોં ઘાલવાની જરૂર જ શી ?

(૨) બીજું એ છે કે કોઈ પણ મુમુક્ષુ મોક્ષાર્થી જીવને રાગાદિ દૂષણો દૂર કર્યા વિના ચાલી શકે જ નહિ. વીતરાગ બન્યા સિવાય મોક્ષ ન જ થાય. તો પછી વીતરાગ બનવા માટે સામે આદર્શ કેવો જોઈએ ? સરાગી કે વીતરાગ ? જીવનમાં સત્યવાદિતા કેળવવા માટે આદર્શ તરીકે સારા સત્યવાદી જ નજર સામે રહેવા જોઈએ ને ? બ્રહ્મચારી બનવા ઇચ્છનારે નજર સામે સર્વથા સ્ત્રીસંગ-રહિત સંપૂર્ણ બ્રહ્મચારીને જ રાખે તો ધ્યેય તરફ આગળ વધાય કે અબ્રહ્મચારી સ્ત્રીસંગીને રાખે તો ? બસ એ જ પ્રમાણે અનાદિ અનંત કાળથી જ્યારે આપણે રાગ-દ્વેષાદિના યોગે મરી રહ્યા છીએ. તો હવે એનો સંગ છોડવાનું વીતરાગને ભજવાથી થાય ? કે રાગવાળાને ?

**દુન્યવી ચીજ માટે પણ સરાગ દેવ ન મનાય :-**

**પ્ર.-** પણ મોક્ષ ન થાય ત્યાં સુધી તો દુન્યવી ચીજોની જરૂર માટે સરાગ દેવને ભજવા પડે ને ?

ઉ.- ના, આ માટે ત્રીજો મુદ્દો સમજો.

(૩) જીવને આ લોક અને પરલોકમાં જે ઉત્કૃષ્ટ સારું અરિહંતપ્રભુના પ્રભાવે થાય છે એ બીજા કોઈના પ્રભાવે થતું નથી, એનું કારણ આ છે, - કે કેઈ જીવો જીવનભરના પાપી છતાં પણ અંતકાળે અરિહંતદેવનાં ધ્યાનમાં મન લગાવવાથી ઉચ્ચ સદ્‌ગતિ પામ્યા છે.

- શૂળી પામેલા ચોરને શ્રાવકે અરિહંત-નમસ્કાર આપ્યો તો એ મરીને દેવ થયો.
- ચંડપિંગલ ચોર પણ એ રીતે મરતાં અરિહંત-નમસ્કાર પામ્યો તો રાજપુત્ર થયો.
- સમળી બાણે વિંધાઈ મરતાં એ નમસ્કાર પામી તો સુદર્શના રાજકુમારી થઈ.
- કમઠતાપસના લાકડાનો અર્ધબળ્યો સાપ પાર્શ્વનાથ ભગવાનનું મુખ દેખી અને અર્હન્નમસ્કાર પામી મરીને નાગકુમાર દેવલોકનો ઇંદ્ર ધરણેન્દ્ર થયો.

**મહાપુણ્યદાતા પ્રભુ શું અલ્પ પુણ્ય ન આપે ? :-**

ત્યારે આ વિચારવા જેવું છે, કે જે વીતરાગ-અરિહંત પરમાત્માનો આટલો બધો પ્રભાવ છે કે એમના ધ્યાન-નમસ્કાર દ્વારા ઉચ્ચ સદ્‌ગતિનાં મહાપુણ્ય ઊભાં થાય, એ પ્રભુનો શું એથી ઓછાં પુણ્ય ઊભાં કરવાનો પ્રભાવ ન હોય ? જેનામાં કરોડો રૂપિયા આપવાની તાકાત છે એનામાં શું હજાર-બેહજાર આપવાની તાકાત ન હોય ?

આ જીવનની અનુકૂળતારૂપે જે સગવડ-સામગ્રી, આપત્તિ નિવારણ જોઈએ એ નાની ચીજ છે અને ભવાંતરે સદ્ગતિની પરંપરા મળે એ મોટી વસ્તુ છે. મોટા કલ્પવૃક્ષ અને ચિંતામણિ કે શ્રીમંત-સમ્રાટો અહીંની મહાન સુખસગવડો આપી શકે છે, પરંતુ પરલોકમાં સદ્ગતિ નહિ. પરંતુ અહીંનું કે પરલોકનું એ મળે એ પુણ્યની દરમિયાનગીરીથી. નાની ચીજનું પુણ્ય નાનું, મોટીનું મોટું. ત્યારે મોટું પુણ્ય જો અરિહંત પ્રભુના પ્રભાવે મળી શકે છે, તો શું નાનું પુણ્ય ન મળી શકે ? એમ અહીંની આપત્તિઓ એ નાની ચીજ અને પરલોકમાં દુર્ગતિ એ મોટી ચીજ. નાની આપત્તિઓનું પાપ નાનું, ને મોટીનું પાપ મોટું. નાનીને દૂર કરનાર હજી મળે, પણ મોટી આપત્તિરૂપ અધમ ભવ રોકનાર કોણ મળે ? ત્યારે જો અરિહંત પરમાત્માના પ્રભાવે મોટી આપત્તિનાં નિવારણ અને પાપક્ષય થઈ શકે છે તો શું નાની આપત્તિનાં નિવારણ અને એનાં પાપક્ષય ન થઈ શકે ?

**અહીં અરિહંતની ઉપાસના કેમ નથી ફળતી ? :-**

**પ્ર.**- તો અહીં અમે અરિહંતની ઉપાસના કરીએ છીએ, છતાં કેમ અહીંની આપત્તિઓ નથી ટળતી ? કેમ સગવડ નથી મળતી ?

ઉ.- તો શું એમ કહી શકશો કે અરિહંતદેવથી નથી ટળતી પણ બીજા રાગી-દ્વેષી દેવથી ટળે છે ? જો એમ હોત તો તો આ દુનિયામાં એવા દેવ-દેવીને ભજનારા કરોડો માણસ છે; એ બધા જ આપત્તિ વિનાના બની ગયા હોત. કેમ નથી બનતા ? કદાચ કોકમાં બનતું દેખાય કે અમુક દેવની માન્યતા, બાધા રાખી ને પછી આપત્તિ ગઈ, ત્યાં પણ એ ખરું જોતાં પુણ્યોદયે પાપ દબાયાથી ગઈ હોય છે, અને એ દેવને માત્ર જશ આપવાનું કરાય છે.

**અનિકાચિત કર્મ પર મહાન અસર :-** છતાં આનો અર્થ એ નથી કે અરિહંતદેવનો ય પ્રભાવ અહીંની આપત્તિ ટાળવાનો નથી. નિકાચિત પાપકર્મના ઉદયે આપત્તિ હોય તો એ ટાળવાની તાકાત કોઈનામાં નથી. મહાત્માઓ અરિહંતદેવના પરમ ઉપાસક હતા છતાં કેટલાકોએ જીવલેણ આપત્તિ ભોગવી. નિકાચિત કર્મની આપત્તિઓ તો વેઠવી જ પડે છતાં અનિકાચિત કર્મોની આપત્તિઓ દૂર થઈ શકે છે, અને તેમાં અરિહંત પ્રભુનો પ્રભાવ જબરદસ્ત કામ કરે છે. મહાવીર પ્રભુના મહાન ભક્ત રાજા શ્રેણિકને નિકાચિત કર્મના યોગે નરકગમનની આપત્તિ ન ટળી શકી, પરંતુ નરક તરફ દોટ મૂકી રહેલ નાસ્તિક રાજા પ્રદેશીને ન થયું, પણ ઊલટું દેવગતિમાં ગમન થયું. અરિહંતદેવનો અચિંત્ય પ્રભાવ મહર્ષિઓ કહેતા આવ્યા છે, અને ભવ્યાત્માઓ અનુભવતા આવ્યા છે.

**અરિહંતના પ્રભાવ પર શ્રદ્ધા છે ? :-**



**પ્ર.**- પરંતુ એ તો પરભવની આપત્તિ મટે ને ? અરિહંતના પ્રભાવે શું અહીંની આપત્તિ મટે ?

ઉ.- અરે, અહીંનીય મટે, પણ અરિહંતના પ્રભાવની શ્રદ્ધા જોઈએ ને ? બોલો તમને અરિહંતદેવ ઉપર તો હજી શ્રદ્ધા હશે પરંતુ એમના પ્રભાવ ઉપર એમની અચિંત્ય શક્તિ ઉપર શ્રદ્ધા છે ખરી ? અરે અરિહંત ઉપરે ય શી શ્રદ્ધા છે એ ય વિચારણીય છે.

**પ્ર.**- કેમ વળી ? એમને ભજવાથી અને એમનો ઉપદેશેલ મોક્ષમાર્ગ આરાધવાથી મોક્ષ મળે છે, સદ્ગતિ મળે છે એ શ્રદ્ધા છે જ ને ?

ઉ.- એમાં શ્રદ્ધા શી રહી છે એ તપાસો. પોતાના ભજવાના અને માર્ગ આરાધવાના પુરુષાર્થની તાકાત ઉપર શ્રદ્ધા છે કે એ સદ્ગતિ અને મોક્ષ આપે જ; પરંતુ એમાં અરિહંતની તાકાત કંઈ કામ કરે છે એવું મનમાં બેઠું છે ? મારા પુરુષાર્થે ભલું કર્યું કે કરે છે એમ લાગતું હશે, પરંતુ ખરેખર તો અરિહંતદેવ જ ભલું કરી રહ્યા છે એવું લાગે છે ખરું ? ધ્યાનનો-સ્મરણનો પુરુષાર્થ તો એનો એ જ, પરંતુ અરિહંતદેવમાં ખુદમાં એવો કોઈ જાદુ છે, ચમત્કાર છે, પ્રભાવ છે કે ધ્યાન-સ્મરણમાં એમને લાવો તો અજબ ભલું થાય; માટે ફળ થવામાં એમનો પ્રભાવ મુખ્ય કામ કરે છે, અરિહંતમાં આવો અદ્ભુત પ્રભાવ છે, અને તે પ્રભાવ શું છે એ આપણે કળી શકતા નથી માટે એમનો પ્રભાવ અચિંત્ય છે, આ શ્રદ્ધા છે ખરી ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૧૧,તા.૨૫-૧૧-૧૯૬૭**

અરિહંત વીતરાગ છે, સર્વશ્રેષ્ઠ ગુણસંપન્ન છે, સચોટ મોક્ષમાર્ગ ઉપદેશી ગયા છે, તેથી એમના પર પ્રીતિ બહુમાન થાય એ જુદું, પણ એમના પર શ્રદ્ધા હોવી કે 'આ જ તારનારા, આ જ મોક્ષદાતા, સ્વર્ગદાતા અને સુખદાતા,' એ જુદું. શ્રદ્ધામાં તો પ્રીતિ ઉપરાંત એમના પ્રભાવ એમની અચિંત્ય શક્તિ ઉપર અટલ વિશ્વાસ જોઈએ. આ જો હોય તો મનને એમ કેમ ન થાય કે 'આપત્તિ એમના પ્રભાવે જ જશે, માટે એમનું જ ધ્યાન-ઉપાસના કરવા દે, અર્થાત્ બીજી-ત્રીજી ચિંતા અને ભાંજગડ કરવાને બદલે ધ્યાનમાં સ્મરણમાં એમને જ લાવવા દે, ઉપાસના એમની જ કરવા દે.'

આ શ્રદ્ધા કોના ઉપર થઈ ? ધ્યાન અને ઉપાસના પર ? કે અરિહંતપ્રભુ પર ?

**ધ્યાન-ઉપાસનામાં ફોર્સ કેમ આવે ?**

ભૂલા પડતા નહિ, નહિતર ધ્યાન-ઉપાસનામાં ફોર્સ નહિ આવે, ખરેખરા

ઉપકારી પ્રત્યે એમની તાકાત અને એમનો ઉપકાર માનવાની કૃતજ્ઞતા નહિ હોય તો પાયાનો ગુણ કૃતજ્ઞતા ખૂટવાથી ઉપરની સાધનામાં બળ ક્યાંથી આવવાનું હતું ? ધ્યાન-સ્મરણ-ઉપાસનામાં એ ભાવ જોઈએ કે 'પ્રભુ તું જ તારણહાર છે, તારા પ્રભાવે અનંતા તર્યા છે, અનંતા સુખી થયા છે, તો મારે પણ તારો જ આધાર છે, તું જ મારે શરણ છે, ત્રાણ છે, પ્રાણ છે, તું જ સુખકર્તા-હિતકર્તા અને દુઃખનિવારક-અહિતનિવારક છે.' માત્ર એમના માર્ગની નહિ પણ એમની ખુદની પર આ શ્રદ્ધા જોઈએ. તો જ એમના ઉપકારને જાણ્યો ગણાય, મનમાં કૃતજ્ઞભાવ લાવ્યા ગણાય. એ લાવવાથી પછી ધ્યાન-સ્મરણ-આરાધનામાં ફોર્સ આવે છે, વેગ, બળ, જુસ્સો આવે છે, ને એથી આ લોક પરલોકની મહાન પણ આપત્તિ ટળી મહાસંપત્તિઓ મળે છે.

**પ્ર.**- પરલોકનું તો બને, પણ આ લોકનું કેમ બને ?

ઉ.- શું કામ ન બને ? જેમનામાં પરલોકની મહાઆપત્તિ નિવારવાનો અને મહાસંપત્તિ સંપાદન કરવાનો પ્રભાવ છે, એમનામાં શું આ જીવનની મામૂલી આપત્તિ નિવારી મામૂલી સંપત્તિ ઊભી કરવાનો પ્રભાવ ન હોય ? ન હોવાનું માનવું એ અશ્રદ્ધા છે, અને એ અશ્રદ્ધા પરલોકની બાબતમાં પણ નડશે. ત્યાં ય એવી જોરદાર શ્રદ્ધા નહિ થવા દે કે 'પ્રભુ ! તારા જ પ્રભાવે ભવાંતરે સદ્ગતિ અને સગવડો મળશે.' અહીં માટે પણ આ શ્રદ્ધા પહેલી જોઈએ કે મારા અરિહંતદેવ તો પરલોક-ઉપયોગી મહાપાપક્ષય અને મહાપુણ્યોપાર્જન કરાવનારા પ્રભાવવાળા છે, એટલે સામાન્ય પાપક્ષય અને સામાન્ય પુણ્યોપાર્જન કરાવનારા પ્રભાવવાળા તો જરૂર છે.

**અરિહંત પ્રભાવે અહીં આપત્તિ ટળ્યાના દાખલા :-**

**શ્રીમતી** પર નાખુશ પતિએ અંધારામાં ઘડામાં સાપ મૂકી રાખેલો તે એને કહે છે કે 'પેલા ઘડામાંથી ફૂલની માળા લાવજો.' શ્રીમતી એની શ્રદ્ધા મુજબ અરિહંતદેવનું સ્મરણ કરી ઘડામાં હાથ ઘાલે છે અને ખરેખર સાપને બદલે એના હાથમાં ફૂલની માળા જ આવે છે.

**નિર્ધન-દરિદ્ર બનેલો શિવકુમાર** ધનના લોભમાં જોગીના ફંદામાં ફસાયો. પેલાને સુવર્ણ પુરુષ સાધવો છે, તેથી આ શિવકુમારનો ભોગ લઈ સુવર્ણ પુરુષ બનાવવા માટે આને ઉત્તર સાધક બનાવ્યો.

હવે જોગીના જાપ કરતાં કરતાં અગ્નિકુંડ પાસે મૂકેલ તલવાર સાથેનું મડદું શિવકુમાર પર ઘા કરવા બેઠું થતું દેખાય છે ત્યાં શિવકુમાર ભડક્યો. એણે તો ઝટ પોતાના પિતાની શિખામણ મુજબ પરમેષ્ઠિમસ્કાર-અરિહંતનું સ્મરણ ખૂબ શ્રદ્ધાથી



કરવા માંડ્યું. બસ, મડદું ઊઠતું ઊઠતું નીચે પડી ગયું.

જોગી ચમકીને પૂછે છે 'અલ્યા તું કાંઈ મંત્ર ગણે છે ?' કહે છે કે 'મને ભાઈસાબ મંત્ર કયાંથી આવડે ?'

જોગીએ ફરીથી જાપ શરૂ કર્યો. ફરીથી મડદું ઊઠવા જાય છે, પણ શિવકુમારની અરિહંત પરની શ્રદ્ધા સાથેના ધ્યાનથી મડદું પાછું પડી ગયું. એટલે વળી જોગી એને ધમધમાવે છે. પણ આનો ગરીબ દેખાવ અને ગરીબ વાણી એને શાંત કરી ત્રીજી વાર જાપમાં ચડાવે છે. બસ હવેની વેળા તો જ્યાં મડદું ઊઠવા જતાં શિવકુમારે અધિક અટલ અરિહંત શ્રદ્ધાએ સ્મરણ કરવા માંડ્યું કે મડદાએ ઊઠીને શિવકુમારને બદલે જોગીનો સંહાર કરી નાખ્યો અને જોગીનું મડદું અગ્નિમાં પડતાં સુવર્ણપુરુષ થઈ ગયું.

સુવર્ણપુરુષ એટલે સુવર્ણમૂર્તિ. રોજ ને રોજ એમાંથી સુવર્ણમય અંગ કાપોને બીજે દિવસે અખંડ સુવર્ણ મૂર્તિ તૈયાર. દરિદ્રનારાયણ શિવકુમારને આ જોઈ હરખનો પાર તો શું પણ અરિહંતપ્રભુની શ્રદ્ધાનો પાર ન રહ્યો. એની આંખમાં ઝળઝળિયાં આવી ગયા, મનને એમ થાય છે કે-

**શિવકુમારનો પશ્ચાત્તાપ :-**

'અરે ? હું કેટલો બધો મૂર્ખ કે લોફરોની સોબતે ચડી વ્યસની થઈ ગયેલો, ધર્મ ભૂલેલો, મને મારા પિતાજી ઘણુંય સમજાવતા કે 'આ કુસંગ છોડ, વ્યસનો છોડ, ધર્મ કર,' પણ હું માનતો નહોતો. તો મેં મૂર્ખાએ બાપના મર્યા પછી કુસંગ અને વ્યસનોમાં બાપની બધી મૂડી તારાજ કરી નાખી, દરિદ્ર નિર્ધન બની ગયો. પછી કયા એ કુમિત્ર મને ઓથ આપવા આવ્યા? કયા વ્યસને મને બચાવ્યો ? અને અહીં આવી જીવલેણ આપત્તિમાં કોણ મારું રક્ષણ કરવા આવ્યું ? મરી ગયો હોત આ જોગીની માયા જાળમાં; જીવતો કપાઈ બળી ગયો હોત, ભલું થજો એ મારા કલ્યાણપિતાનું કે એમણે મને છેવટે છેવટે આપત્તિમાં નમસ્કાર-મંત્ર ગણવા અને અરિહંત પરમાત્મા પર શ્રદ્ધા રાખવાનું આપ્યુ, તો એ આધાર પર હું આ જીવલેણ કષ્ટમાંથી ઊગર્યો અને દરિદ્રતા ટળી-ટળી તે એવી ટળી કે બેઠે બેઠે રોજ સુવર્ણ. અંગ આપે એવો સુવર્ણ પુરુષ મળ્યો. વાહ રે મારા પિતા ! વાહ રે મારા અરિહંત ! નાથ તમારો કેટલો આભાર માનું ? પ્રભુ ! તુંજ મારે સાચું શરણ છે, સાચો તારણહાર છે, સાચો સુખદાતા છે.'

અરિહંતદેવ પર આવી અટલ-અનન્ય-શ્રદ્ધા એમના અચિંત્ય-અમાપ પ્રભાવ પર સચોટ શ્રદ્ધા શું કામ ન કરે ? આ જીવનમાં પણ કેમ ચમત્કારિક કલ્પના બહાર આપત્તિનિવારણ અને સંપત્તિસંપાદન ન સાધી આપે ? ત્યારે પૂછો ને,

**પ્ર.-** પણ એમાં તો પોતાનો પાપોદય ટળવાનો હોય અને પુણ્યોદય જાગવાનો હોય તો એવું બની આવે. એમાં અરિહંતનો પ્રભાવ શો ?

ઉ.- અરિહંતદેવનો પ્રભાવ આ જ કે એમનું અતિશય શ્રદ્ધાપૂર્વક આલંબન કરો એટલે એ અનિકાચિત પાપકર્મોને તોડી નાખે, અને સુસ્ત પડી રહેલા પુણ્યને જગાડી એને ઉદયમાં લઈ આવે. ત્યારે નિકાચિત કર્મો ભલે તૂટે નહિ, પરંતુ એની નવાં પાપો કરાવવાની અનુબંધશક્તિ નષ્ટ થઈ જાય પછી એ ઉદયમાં આવી અશુભ કે શુભ ફળ દેખાડી જાય એટલું જ ; પણ કોઈ નવાં પાપ કરવાની બુદ્ધિ ન જગાડે, નવેસરનાં પાપકર્મ ન બંધાવે.

સારાંશ, આ લોક અને પરલોકની આપત્તિઓ નિવારવાની અને સંપત્તિઓ ઊભી કરવાની સચોટ અને અનન્ય તાકાત અરિહંતપ્રભુમાં છે. માટે એ તત્ત્વ પર અનન્ય શ્રદ્ધા જોઈએ. મન રાત ને દિવસ રટે,-

**'મારે સારું થાય ને નરસું ટળે તે મારા અરિહંતથી જ.**

**'બસ. મારે તો મન એક અરિહંત.'**

**'પ્રભુ ! મારે તુમ શું કામ; અવરશું નહિ.'**

આ અટલ શ્રદ્ધા હૈયે ઉછળતી રહે પછી આપત્તિની શી મજાલ છે કે એ ઊભી રહે ? સંપત્તિ કેમ તણાઈ ન આવે ?

પેલા મંત્રીઓએ દઢવર્મા રાજાને એ સલાહ આપી કે 'બીજા દેવી-દેવતાને આરાધવાનું શું કામ છે ? જે રાજ્યલક્ષ્મીએ આપના પૂર્વજોને સર્જ્યા-પાળ્યા-પોષ્યા છે, તે શું આપનો વારસદાર નહિ સરજી આપે ? બસ, આરાધના એની જ કરો,'

રાજાએ એ સલાહ તરત માન્ય કરી લીધી. હવે જુઓ એ કેવી પદ્ધતિથી આરાધના કરવા જાય છે અને કેટલી હદ સુધીની આરાધના કરે છે.

**આરાધના વિધિ :-**

રાજાએ હવે કુળદેવી રાજ્યશ્રીની આરાધના કરવા બેસવું છે એટલે એણે પૂર્વવિધિમાં યક્ષ રાક્ષસ વગેરેને બળિદાન આપ્યાં. પછી યાચક-દીન-અનાથ-દુખિયારાને ભરપૂર દાન દઈ એમના મનોરથ પૂર્યા. પોતાના નોકર ચાકર વગેરેને પરિવારને મનઃસંતોષકારી ભેટો કરી, બાદ સ્નાન કરી, ચોક્ખાં વસ્ત્ર પરિધાન કરી, પુષ્પ-માળાદિ પૂજાપાની પૂર્ણ સામગ્રી લઈને પૂર્વદિશામાં શુકન જોઈ દેવગૃહમાં પેસે છે. પેસીને દેવ દેવીને પુષ્પ અર્પણ કરે છે, અને દેવીને આગળ રત્નની ફરસી ભૂમિતળ ઉપર પુષ્પો બિછાવે છે; એક ગાલીચા જેવું કરે છે.

તમે ય ભગવાનની પુષ્પપૂજા-વરખપૂજા કરો છો ને ? પણ પ્રભુની આગળ આ રીતે ભૂમિને શણગારો છો ખરા ? ના, ત્યાં તો તમને એમ લાગે છે કે



'પ્રભુના અંગ પર પુષ્પ ચડ્યા એ તો પૂજા થઈ કહેવાય, પણ જમીન પર મૂક્યા એ તો નકામા ગયા.' કેવી અજ્ઞાનદશા !

**'પૂજા' એટલે શું** એ સમજો છો ? પ્રભુને ચોંટાડી દેવું એ જ પૂજા ? સારો મહેમાન, સમજો ને કે બારમહિને હજારો રૂપિયા ખટાવનાર શેઠ તમારા ઘરે આવ્યો હોય તો એની ભક્તિમાં શું શું કરો ? એને પીરસ્યું ને એમાંથી એણે થોડું જ ખાધું, બાકી પડતું મૂક્યું, તો પડી રહેલું નકામું ગયું એમ કરી પેટ બાળો ? કે શેઠના 'વાહ ! તમે તો બહુ ચીજો અને સરસ સરસ બનાવી, શું કામ આટલી બધી મહેનત લીધી ?' એવા શબ્દો પર નાચો ? કહો ખરા કે 'ના રે ના, શેઠ ! આમાં શું બહુ કર્યું છે ? આપ જે અમારું કરો છો એનું તો આ લાખમાં ભાગ જેટલું ય અમે નથી કર્યું.'

'પણ આ ભાણામાં બધું વધી પડ્યું એ નકામું ગયું ને ?'

'ના રે ના શેઠ ! એ તો આપની ભક્તિમાં પીરસ્યું એટલે જ અમારા મનના ભાવ પૂરા થયા તે લેખે લાગ્યું ગણાય. ઓછું કરીએ-ઓછું પીરસીએ, એમાં તો અમારા હૈયાના ભાવ કંજૂસ રહે, કૃતજ્ઞતા ભૂલે, આપના પ્રત્યે ભક્તિના પૂર ન ઊછાળે. એ તો ભરપૂર તૈયારી અને ભરપૂર પીરસણ કરીએ તો જ અમારું હૈયું ધરાય, ભાવોલ્લાસ ભર્યું બને.'

કહો ને આવું કાંઈ ? તમારા ભાવ પૂરા કરવાનો હેતુ બતાવો ? કે શેઠનું પેટ ચિકાર ભરવાનો હેતુ બતાવો ? શું એમ કહો ખરા કે 'શેઠ અમે તો સમજેલા કે આપ ઘણું ખાશો એટલે આટલું બધું બનાવેલું ને પીરસેલું ?' ના કહો, કેમ ? એમાં અવિવેક છે, જંગલીપણું છે. બસ, તો પછી દેવાધિદેવ માટે કેમ એવો વિચાર આવે છે કે પેલા શેઠે જેટલું ખાધું એ કામનું એની જેમ પ્રભુના અંગે ચડ્યું એટલું જ કામનું, બાકી આગળ ભૂમિ પર પથરાય એ નકામું ?

શેઠના માટે બીજી બીજી કેટલી સજાવટ કરો ? ઘર કેવું શણગારો ? બે ચાર સારા સંબંધીઓને શેઠના સ્વાગત અર્થે કેવા બોલાવી રાખો ? બધું એક શેઠની ભક્તિ અર્થે. ત્યારે શું પ્રભુની પૂજા માટે એવું કશું કરવાનું નહિ ? આજુબાજુ કોઈ સજાવટ નહિ ? પૂજામાં સાથે કોઈને નહિ લઈ જવાના ?

રાજાની પૂજા પૂર્વની વિધિ પણ ભૂલવા જેવી નથી.

દઢવર્મા રાજાને દેવીની આરાધનાનું એક મહાન કાર્ય કરવું હતું તો તે શરૂ કરતાં પહેલાં દાન, ભેટ વગેરે કર્યું. શા માટે ભાઈ ! એ કરવાનું ? કારણ આ છે કે,

**કોઈપણ મહાન કાર્ય પાર પાડવું હોય તો એની સાધના સુંદર દ્રવ્ય-ક્ષેત્ર-**

કાળ-ભાવની અનુકૂળતા વચ્ચે થવી જોઈએ.

'દ્રવ્ય' એટલે સાધનામાં ઉપયોગી વસ્તુઓ એ શક્ય ઊંચી કોટિની જોઈએ; જેમકે, પૂજાની સાધનામાં સારા પુષ્પ વગેરે સામગ્રી; તપની સાધનામાં પોતાનો કેળવાયેલો ખડતલ આત્મા; શીલધર્મની સાધનામાં મહાશીલધારી મહાપુરુષોનાં ચિત્ર, યોગ્ય પહેરવેશ, વળી આ બધામાં સારું પ્રેરક વાંચન, સારો સંસર્ગ-સત્સંગ, વગેરે 'દ્રવ્ય' કહેવાય.

'ક્ષેત્ર' એટલે સાધનાની આસપાસની જગા; એ અનુકૂળ જોઈએ, અર્થાત્ પવિત્ર પ્રેરણા કરે એવી, અને જીવોની શાંતિભર્યા વાતાવરણવાળી; જેથી કોમળ શાંત વાતાવરણમાં એના અણુઓ મનને પ્રફુલ્લિત કરે. જીવોના ત્રાસભર્યા આર્તનાદ ચાલુ હોય તો ક્ષેત્રનું વાતાવરણ ક્ષુબ્ધ રહે છે, દુઃખની હાય, નિસાસા, અને શોક વગેરેથી ગ્લાનીભર્યું રહે છે, એવા ક્ષેત્રમાં વિવેકીને સારો ઉલ્લાસ ઉછરંગ ઉમંગ શી રીતે જાગે-ટકે-વધે ? માટે ક્ષેત્ર પણ એવા વાતાવરણથી મુક્ત જોઈએ.

'કાળ' પણ અનુકૂળ જોઈએ, અર્થાત્ શુભ શુકન-શબ્દ-મુહૂર્તવાળો અને પ્રસંગને ઉત્તેજના કરે એવો જોઈએ.

'ભાવ' અર્થાત્ પોતાના ચિત્તના ભાવો સુસ્તી ભર્યા નહિ પણ ઉત્સાહભર્યા, ઉકળાટ નહિ પણ સૌમ્યશાલી, ને નિરાશા નહિ કિન્તુ આશાવંતા હોવા જોઈએ. કેમ એમ ? કહે છે ને કે 'રોતો જાય એ મુઆની ખબર લઈ આવે.'

**કાર્ય કેમ બગડે છે ? :-**

સામાન્ય રીતે માણસને વસ્તુની કાળી બાજુ જોવાની-રોદણાં રોવાની અને બગડેલા-ગુમાવેલા અંશ તરફ જ લક્ષ લઈ જવાની આદત હોય છે. પછી ત્યાં શક્ય સારું કરવાનો ઉલ્લાસ જ ક્યાંથી ઊઠે ? એ તો વસ્તુની ઊજળી બાજુ જુએ, ગુમાવ્યા કરતાં હાથમાં કેટલું બચેલું છે અને એનો શો સદુપયોગ શક્ય છે એ જુએ, હવે કેટલું સારું નીપજાવી શકાય એમ છે, એના તરફ દૃષ્ટિ રાખે તો ઉત્સાહ-ઉલ્લાસ-ઉમંગ ઊઠે, ટકે અને ઠીક પુરુષાર્થ ચાલુ રહે. ત્યારે પૂછો જો,

**પ્ર.**- આ રીતે પહેલું તો એ જોવાનું કે કશું કાંઈ બચ્યું છે કે નહિ ? જોતાં આવડવું જોઈએ.

**આપણી પાસે શું છે ? એક દૃષ્ટાંત :-**

એક માણસ પડતીમાં આવતો ગયો. પછી તો નિરાશા-નિસાસામાં એવાં ઊંધા વેતરણ કરતો ગયો કે ઉપરથી હતું એ ગુમાવ્યું. હવે સાવ દરિદ્ર-નિરાશ- હતાશ-દેવાદાર બની એક સંતની પાસે ગયો અને બહુ દુઃખ સાથે પોતાનાં રોદણાં રુએ છે, ને કહે છે. કરગરે છે, ભાઈસાબ ! કાંઈ મંત્ર-યંત્ર બતાવો તો હું ઊંચો આવું.'



**સંત સાધુની પાસે ક્યારે જવાનું ને કેમ જવાનું ?** સારાસારી હોય ત્યારે નહિ, એમજ ને ? કારણ કે એમાં સુકૃતશક્તિઓ ઊભી છે સંત કંઈક સુકૃત કરવાનું ચીંધે તો ? આ ભય છે. જેને સુકૃતનો ભય હોય અને દુષ્કૃતનો પાપનો ભય રહે ? કહેશો 'ભય સુકૃતનો નથી પણ પૈસા ખરચાઈ જવાનો, કે કાયાદિથી યથેચ્છ લહેર કરવાનું ઊડી જવાનો ભય છે,' તો એથી ડર્યા ડર્યા સંત પાસે ન ગયા, સુકૃત કાંઈ ન કર્યા, તેથી શું કંચન-કાયા અને લહેર શાશ્વત ટકી જ રહેવાના છે, કે પુણ્યે આપેલી બક્ષીસ એક દિ' ઊડી જતાં, પુણ્યનો દ્રોહ કરી એને પુષ્ટ નહિ કરવાના ભયંકર ગુનાની સજાના ભોગ બનવું પડશે ?

સંત પાસે ક્યારે જવાનું ? ખુવાર થયા પછી. જે ખુવાર થયા પછી જાય એ પણ શા માટે જવાનો ? એજ પૂર્વનાં દુન્યવી લહેરના અમન ચમનિયાં પાછા મળે એ માટે જ ને ? તો એમાં એ સંત પાસેથી સારું શું લઈ આવે ? સંત તો આત્માનું કંઈક સુધરે એવું કરવા અને કહેવા બેઠા છે, ત્યારે આને જડ માયાનું સારું થાય એ જોઈએ છે; ત્યાં મેળ શી રીતે ખાય ?

માટે ખરી રીતે તો સારાસારીમાં તો પહેલાં સંત પાસે જવું જોઈએ, અને સંતની પાસે જવું તે પણ પોતાના આત્માનું કાંક ભલું થાય એ માટે; નહિ કે જડ માયાની બોલબાલા સારુ. એથી શું વળવાનું ? જડની પાછળ ઘેલા થઈને તો અનંતો કાળ રખડ્યા.

પેલો દરિદ્ર બેકાર હતાશ નિરાશ થઈ સંતને મળ્યો કરગરે છે 'મારી પાસે કાંઈ રહ્યું નથી, હું દુઃખી છું. મને કાંઈ યંત્ર-મંત્ર બતાવો તો તમારો ઉપકાર માનું'

**બનાવટી સંત શું કરે છે ?** આવું જ કાંઈક દોરા-ધાગા, જંતર-મંતર, બજારની ભાવતાલની રુખ, મુહૂર્ત-જ્યોતિષ-નિમિત્ત વગેરે. આજે એમાં કેટલાય બિચારા ફસાઈ ખુવાર થઈ ગયા. ધરમથી તો ગયા, પણ ધનથી ય ખતમ થઈ ગયા. એવા બનાવટી સંત ગમે, પછી સારા સંત શાના ગમે ? એટલે ધર્મ ક્યાંથી પામે ? ક્યાંથી ધર્મમાં આગળ વધે ? અને નસીબ છે નહિ, તેમ પુણ્યના માર્ગ લઈ પુણ્ય વધારવું નથી, પછી પડતા ભાગ્યમાં જે કાંઈ કરવા જાય એમાં પછાડ ન ખાય, ધન વગેરેથી ખુવાર ન થાય, તો બીજું થાય પણ શું ? આમ ધરમ અને ધન જવાથી આ લોક અને પરલોક બંને ય ખુવાર જ થાય ને ? બનાવટી સંતો આવી ખુવારીની કતલેઆમ ચલાવે છે, જીવને ઉત્તમ માનવભવમાંથી ભ્રષ્ટ કરી કેટલાય નીચા ભવોની સગવડમાં સાથ પૂરી આપે છે, ટેકો કરી આપે છે.

આ સંત તો સાચો સંત હતો, એટલે એને ધર્મ પમાડવો હતો, યોગ્ય લાઈને ચડાવવાનો સારો ઉપદેશ કરવો હતો; તેથી પેલાને યુક્તિથી સમજાવવા કહે છે,

'તમારી પાસે શું કાંઈ જ નથી રહ્યું ?' પેલો કહે છે, 'ના મહારાજ ! કશું જ બચ્યું નથી. ઊલટો દેવાદાર થઈ ગયો છું.'

'શું જૂઠ બોલો છો ? હજારોનો માલ દબાવીને કહો છો દેવા સિવાય મારી પાસે કાંઈ નથી'

'મહારાજ ! આપને કોણે કહ્યું કે મારી પાસે હજારોનું દબાવેલું છે ? આપની આગળ હું જૂઠું કહું ? ખરેખર મારી પાસે હજારો નહિ સેંકડો નહિ, એક રાતો પૈસો નથી.'

'પૈસા નહિ હોય, માલ તો હશે ને ?'

'ના રે ના, માલ-બાલ બધું જ ખતમ છે. કશું જ બચ્યું નથી. ઉપરથી દેવું થઈ ગયું છે.

સંત કહે છે, 'ના એમ નહિ; છતાં એમ કરો કે જો ક્યાંકથી તમારી પાસે માલ નીકળે તો તમારે એ બધો મને સોંપી દેવો અને હું તમને રૂપિયા પચાસ હજાર મળે એવું કરી આપું.'

'કબૂલ કબૂલ મહારાજ !'

પેલો કબૂલ થતાં સંત કહે છે, 'જુઓ ત્યારે પહેલાં થોડી વિધિ કરી લઈએ. મને આ તમારો એક હાથ આપી દો.'

'અરે ! મહારાજ, એ કેમ અપાય ? પછી એક હાથે કામ કેમ થાય ?'

'પણ હું તમને એના રૂા. ૧૦,૦૦૦ અપાવું.'

'ના એ ન બને'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૧૨,તા.૨-૧૨-૧૯૬૭

સંત કહે છે, 'તો લો આ કાગળમાં લખો કે દસ હજારમાં હાથ નથી આપવો કેમકે એ કામ લાગે એવો માલ છે. ઠીક ત્યારે એક પગ આપી દેશો ? એના રૂા. ૨૦,૦૦૦ અપાવું.'

પેલો કહે,'અરે પગ ? શી વાત કરો છો ? પછી હું ચાલી શી રીતે શકું ?'

'ઘોડી લઈને ચલાશે ને ?'

'હોય મહારાજ ! ઘોડી તે ઘોડી. આખા પગે જે ચલાય-ઊતરાય-ચડાય એવું ઘોડીથી થોડું જ બને ?'

'તો લખો, વીસહજારમાં પગ પણ નથી આપવો. ઠીક ત્યારે એક આંખ ને કાન આપી દેશો ? રૂપિયા રોકડા ૪૦,૦૦૦ અપાવું,



'અરે ! આંખ-કાન એક આપું એટલે કાણો ને કાનકટ્ટો થાઉં ? પછી સરખું જોવું-સાંભળવું શી રીતે કરું ?'

'તો માત્ર નાક આપી દેશો ? રૂા. ૫૦,૦૦૦ અપાવું ?'

'વાહ ! તો પછી નાકકટ્ટો બન્યે આબરૂ શી રહે ?'

સંત કહે છે, 'તો લખો આંખ કાન નાક રૂા. ચાલીસ ને પચાસ હજારમાં ય નથી આપવા. હવે ગણો જો સરવાળો. ૧૦ + ૨૦ + ૪૦ + ૫૦ હજાર એટલે કેટલી રકમ થઈ ? ૧,૨૦,૦૦૦ ત્યારે રૂપિયા; એક લાખ ને વીસ હજાર કરતાં ય વધુ કિંમતના તમારી પાસે હાથ-પગ-આંખ-કાન-નાકનો માલ છે, એ સાબિત થયું. એ માલ દબાવી બેઠા છો, આપવો નથી, ને મારી પાસેથી રૂા. ૫૦,૦૦૦ જોઈએ છે ? કબૂલાત ક્યાં ગઈ ?'

પેલો વિચારમાં પડી ગયો કે 'શું કહેવું ?'

સંત કહે છે, 'વિચાર શું કરો છો ? કાંઈ સમજો છો ? આ તમારી પાસે કિંમતી હાથ-પગ-આંખ-કાન-નાક છે, એનો ઉપયોગ કરતા નથી આવડતો ને ભીખ માગવા નીકળ્યા છો ? સારા કુળના માણસ થઈ ભીખ માગતા શરમ નથી આવતી ? શું ભીખના હાંલ્લા શીકે ચડશે ? એમ ભીખ માંગીને દેવું પૂરું થશે ? ને લીલાલહેર થઈ જશે ? છતે અખંડ હાથ-પગ-આંખે ઉદ્યમ કરતા નથી આવડતો ? અને વિશેષ તો એ જુઓ કે,

**માણસ પાસે ખરો અમૂલ્ય માલ છે :-**

'તમારી પાસે આ માનવ જિંદગીરૂપી માલ હજી હાથમાં છે એ કેટલી કિંમતનો માલ છે ? એમ ચક્રમ પાગલ નહિ પણ સ્વસ્થ શાણું વિચારક મન અને બુદ્ધિશક્તિનો માલ છે એની કિંમત કેટલી ? એથીય આગળ જુઓ કે તમારી પાસે દેવદર્શનભક્તિ, ગુરુની ઉપાસના, દયા, પરોપકાર, મૈત્રી આદિ ભાવના, વૈરાગ્ય ઇંદ્રિયનિગ્રહ, કષાયશમન, અને તદ્દન સરળ છતાં બહુમૂલ્ય ભગવત્પ્રાર્થના, આ બધાનો પુરુષાર્થ કરવાની કેટલી બધી અમૂલ્ય શક્તિ મળેલી છે ? એનો ય ઉપયોગ નથી કરવો નિષ્ઠાપૂર્વક એ પરમ કિંમતી પુરુષાર્થશક્તિ લેખે લગાડવી નથી, એથી મહાપુણ્ય વધારવું નથી કે જે પાપને ઠેલે; અને ખોટાં રોદણાં ને યાચના કરતાં ફરવું છે ? કદાચ મેં તમને રૂપિયા મળે એવું કરી આપ્યું તો ય પેલો પુરુષાર્થશક્તિનો સદુપયોગ કર્યા વિના જીવન પૂરું કરી નાખ્યું પછી પરલોકમાં ક્યાં જઈ પટકાશો, એનો વિચાર આવે છે ? રૂપિયા તો ભાગ્ય હશે તો જ મળશે, તમારા ધારવા કે ભીખ માગવા માત્રથી નહિ મળે; ત્યારે આ સત્પુરુષાર્થશક્તિનો સદુપયોગ તો તમારા હાથની વાત છે ધારો એટલો કરી શકો. પછી ફાંફાં શું મારો છો ? પેલું તો તમારા હાથની વાત

નથી, ને આ તો હાથવેંતની વસ્તુ, એ ગુમાવી રહ્યા છો ?'

સંતના ઉપદેશ પર પેલો દરિદ્ર મુગ્ધ થઈ ગયો, પગમાં પડ્યો, કહે છે 'મહારાજ ! આજ તો આપે મારી આંખ ખોલી નાખી એક તો ખરેખર હાથ-પગ-આંખ વગેરે સાચા માલની ઓળખ કરાવી જેથી ઉદ્યમી બનું ભીખણિયો નહિ, ને બીજું પરલોકની દૃષ્ટિ જગાવી હાથવેંતમાં રહેલ દેવદર્શન-સાધુસેવા પરોપકાર-સદ્ભાવના-શમ-દમ-પ્રાર્થના આદિની કિંમતી પુરુષાર્થશક્તિનું ભાન કરાવ્યું, એનો સદુપયોગ કરી લેવાનું બતાવ્યું, આ બે મહાન વસ્તુ બતાવીને તો આપે મારા પર અઢળક ઉપકાર કર્યો છે. હું આપની ક્ષમા માગું છું કે પહેલાં આપ એક સંતની પાસે મેં ભીખ માગી બસ, હવે હું યોગ્ય ઉદ્યમે લાગી જઈશ, વખત આવ્યે આપની માફક સંત બનીશ'

જુઓ આ માણસ પહેલાં વસ્તુ બગડ્યાની જ દૃષ્ટિથી જોતો હતો, ત્યારે હજી કેટલું મારી પાસે બચ્યું છે એના તરફ દૃષ્ટિ જ નહિ હતી; એટલે નિરાશા, દીનતા, યાચના વગેરેમાં ઘસડાતો. હવે સંત વચનથી બચેલું ઘણું દેખાયું, તો ઊંચા ઉદ્યમમાં ખૂબ હોંશપૂર્વક લાગી ગયો. એમાં ય વિશેષ કરીને નિઃસ્વાર્થ ભાવે સાચી મૈત્રી આદિ ભાવના ઇંદ્રિય-નિગ્રહ કષાયશમન અને ઉભય કાળ ગદ્ગદ દિલે પ્રભુને શુદ્ધ પ્રાર્થના કરવામાં લાગ્યો, એથી એનું પુણ્ય ખૂબ વધ્યું, ખૂબ વધ્યું, તે સાચો સુખી થઈ ગયો.

આપણી વાત એ હતી કે સાધના માટે યોગ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈએ, એમાં યોગ્ય ભાવ તરીકે આવા ઉત્સાહભર્યા ભાવ, ઊજળી બાજુ તરફ દૃષ્ટિ, બચ્યા પર દૃષ્ટિ, મૈત્રી આદિ ભાવ, વગેરે જોઈએ. ક્ષેત્રમાં જીવોના આર્તનાદ-રહિત, સુખશાંતિ ભર્યા સારા વાતાવરણવાળું ક્ષેત્ર જોઈએ. એ માટે જીવોને દાન, ભેટ, અભય વગેરે કરવું જોઈએ. મહોત્સવ, પર્યુષણ; મોટા સમૂહ ધાર્મિક કાર્યક્રમો વગેરેમાં આ ખાસ જરૂરી છે.

દૃઢવર્મા રાજાએ એ કર્યું. પહેલાં દાન ભેટ વગેરે કર્યા, એ સાધના માટેની પૂર્વવિધિ; પછી દેવીની આગળ મણિરત્નની ભૂમિ પર પુષ્પ ગાલીચો ધૂપ વગેરે કર્યું. હવે એ પોતે ઘાસના આસન ઉપર ઢીંચણ પર રહી દેવીને નમસ્કાર કરી અંજલિ જોડીને એને સંબોધી કહે છે.

**રાજાની ભીષ્મ પ્રતિજ્ઞા :-**

'હે તેજસ્વી હારથી સુશોભિત અને કૌસ્તુભમણિના કિરણોથી વ્યાપ્ત દેવી ! મારી આ વિનંતી સાંભળ કે તું જ કમલા લક્ષ્મી શ્રી હ્રી કાન્તિ અને સમૃદ્ધ નિર્વાણી, યાવત મહા શાંતિસંપદા તું જ છે. માટે ત્રણ રાત્રિની અંદર તું મને દર્શન



આપજે; નહિતર તલવારની ધારથી છેદેલું મારું મસ્તક સ્વીકારી લે જે.'

બસ, એટલું બોલીને પ્રણામ કરી આસન પર બેસી ગયો. રાજા સાધના કરવા આવ્યો છે એ નિશ્ચિત ફળવતી કરવા માટે; તેથી કેવો નિર્ધાર જાહેર કરે છે. કાર્યસિદ્ધિ કેમ થતી હશે ? દેવ-મહાદેવને કેવી રીતે અનુગ્રહકારી બનાવાતા હશે ? ઢીલી પોચી સાધનાથી ? કે 'કરેંગે યા મરેંગે' ના નિર્ણયવાળી સાધનામાં બેસીને ?

**'વર્તમાન કાળનો એક સચોટ પ્રસંગ :-**

એક શહેરમાં અમને એક ભાઈ મળ્યા. આજે તો એ મુનિ બની ગયા છે. પરંતુ દીક્ષા લેતા પહેલાંની આ વાત છે એ મને કહે, 'સાહેબ ! મારે એક વાર વેપારમાં ભારે ગૂંચ આવી ગઈ, રૂપિયા બે ત્રણ લાખનો પ્રશ્ન હતો. શું કરવું, એ મૂંઝવણ હતી; પરંતુ મને અત્રેના મંદિરના મૂળનાયક ભગવાન પર બહુ શ્રદ્ધા હતી, તે આમેય કેટલીય વાર પ્રભુજીની સામે બેસી એકાગ્રતાથી પ્રભુને મારા ચિત્તમાં નિર્મળતા અને સમાધિ માટે પ્રાર્થનામાં લાગી જતો; અને ખરેખર સાહેબ ! મારે કહેવું જોઈએ કે એથી પ્રભુના પ્રતાપે મારામાં ઘણો સુધારો થતો આવતો, બીજાની પ્રત્યેના દ્વેષ, તિરસ્કાર, ઈર્ષ્યા, દુર્ભાવ વગેરે કેટલાય દોષો નામશેષ જેવા બની ગયેલા. અમારા ઘરમાંથી જરા સ્વભાવ બરાબર નહિ, પણ મને એમના પ્રત્યે ય દિલમાં કાંઈ ખોટું લાગતું નહિ હું તો વિચારતો કે 'સવ્વે જીવા કમ્મવસ.' એટલે વારંવાર સમાધિ-સદ્બુદ્ધિની દિલની પ્રાર્થનાથી મને અવસરે અવસરે આ લાભ દેખાતો હતો કે જીવનની ઊંચીનીચી ઘટનાઓમાં મારા મનમાં મલિનતા કે હાયવોયને એવું સ્થાન નહિ મળતું.

તેથી આ રૂપિયા ૨-૩ લાખના પ્રશ્ન વાળી ગૂંચ અંગે શો રસ્તો લેવો એ મુંઝવણ ટળી ધર્મધ્યાનમાં ચિત્તની સ્વસ્થતા રહે એ માટે મેં તો મારા જીવનના એક જ આધાર માનેલા પ્રભુજીની આગળ હું બેસી ગયો. મનોમન પ્રભુને સંબોધીને કહ્યું 'નાથ ! હું આ મુંઝવણમાં છું અને તમારે મને માર્ગદર્શન આપવાનું છે કે મારે શું કરવું ? હું જવાબ લઈને ઊઠવાનો છું. જવાબ નહિ મળે ત્યાંસુધી પ્રભુ ! હું અહીં જ બેઠો રહીશ.' બસ પછી એકમાત્ર પ્રભુનું સ્મરણ ને પ્રભુના પ્રભાવનું ગુણગાન વગેરે કરતો બેઠો. કલાક થયો, બે કલાક થયા, કસોટી થવા માંડી. પણ મેં તો મનમાં નિરાંત વાળી હતી કે ભલે ને રાત પડી જાય, આખી રાત બેસી રહેવું પડે, પણ મને મારા નાથ પાસેથી જવાબ મળવાનો છે. પ્રભુ સેવકને સમાધિ આપે જ. પ્રભુ પોતે સમાધિ સિદ્ધ કરનારા બન્યા છે, તો એમના પ્રભાવે મને સમાધિ કેમ નહિ મળે ? જરૂર મળશે. બસ સાહેબ ! મનના નિર્ધારથી બેઠો હતો, હૃદયમાં અટલ શ્રદ્ધા હતી, કલાક પર કલાક જવા માંડ્યા, પરવા ન કરી, દેરાસરમાં

હવે હું એકલો જ રહેલો, આમે ય પૂજારી જાણે, કે ભાઈ અવરનવર પ્રભુ પાસે બેસે જ છે, તેથી એણે કાંઈ પૂછ્યું ગાછ્યું નહિ. સમય વધુ થતો ગયો પણ મનને થતું કે આમે ય બહાર જઈને મુંઝવણમાં સળગવું છે; એના કરતાં મારા વીતરાગ ભગવાન આગળ ઠંડક સારી છે, વીતરાગનો મહિમા અનંત છે. બસ, પ્રાર્થના ફળી, અવસર આવી લાગ્યો, એકાએક મારા મનની સામે જવાબ દેખાયો કે તું આમ કર. સ્પષ્ટ જાણે ચોક્ખા અક્ષર વાંચીએ એવો ભાસ થયો. પ્રભુનો ખૂબ ઉપકાર માન્યો. વંદના કરીને ઘરે આવી એ પ્રમાણે કર્યું ને ગૂંચ ઊકલી ગઈ. મન પ્રભુના પ્રભાવ અને પ્રભુ પ્રત્યેની કૃતજ્ઞતાથી ગદ્ગદ થઈ ગયું, 'પ્રભુ ! તમારો કેટલો ઉપકાર માનું ! નાથ ! મારે કોણ છે તમારા વિના બીજું ?'

એ ભાઈની વાત પૂરી થઈ. પરમાત્મા પરની આસ્થાથી એમનું મન સુખી સંસાર પરથી પણ વધુ ને વધુ વિરક્ત થતું ગયું. ને હવે તો એ દીક્ષિત પણ થઈ ગયા.

વાત આ છે કે પ્રાર્થના અટલ શ્રદ્ધા અને નિર્ધારવાળી જોઈએ. 'હશે, જોઈએ છીએ, થશે તો ઠીક નહિતર પછી બીજો ઉપાય શોધશું;' એમ નહિ એતો એકમાત્ર નિર્ધાર કે 'પ્રભુથી જ સારું થવાનું છે. મારા જિનેશ્વર ભગવંતની અચિંત્ય અમાપ શક્તિ છે, પ્રભાવ છે, અનંત કરુણા છે મારે તો એ જ એક એમનું જ શરણ છે.' આ નિર્ધાર હોય અને ઉદ્દેશ કોઈ મલિન લોભ લાલચનો નહિ, કોઈનું બગાડવાનો નહિ, અહંત્વ-સત્તા-ઠકરાઈ-બાદશાહીનો નહિ, કેમકે એમાં ભારે અસમાધિ છે, ચિત્તની અસ્વસ્થતા ઉકળાટ છે, કિન્તુ ઉદ્દેશ સમાધિવર્ધક સાધનાનો હોય તો એ પ્રાર્થના કેમ ન ફળે ?

**જગતના છલાછલ ઊભરાતા પુણ્ય જે ચિત્તસ્વસ્થતા શાંતિ સ્ફૂર્તિ ન આપે એ વીતરાગ અચિંત્યપ્રભાવી પ્રભુનું આલંબન આપે છે, એકમાત્ર લીધેલું શરણ આપે છે.**

અહીં રાજા દઢવર્મા નિર્ધાર કરીને બેઠો કે 'ત્રણ રાતમાં દેવીનું દર્શન મળવું જોઈએ, નહિતર મસ્તક કાપીને ધરી દઈશ.' આવા નિર્ધાર પાછળ કસોટી તો થાય, પણ પરાક્રમી પુરુષ ધીરજ ન ગુમાવે, તેમ જરૂર આવી લાગ્યે મૃત્યુની ય પરવા ન કરે. મનને એમ થાય કે

**શ્રદ્ધાની વિચારણા :-**

'જો વાજબી માગણી ફળે એવો પ્રભાવ કામ કરતો નથી દેખાતો, તો એમાં પ્રભાવની ખામી નથી પણ એને ઝીલવાની ને એને અનુકૂળ થવાની જે શ્રદ્ધા જોઈએ તેની મારામાં ખામી છે. ત્યારે જો એ ખામી જ હોય તો જીવને ય શું કરવું છે ? મૃત્યુ આવીને ય એ શ્રદ્ધા અખંડ બની જતી હોય પાવરફુલ થઈ જતી હોય, તો એ પરલોકમાં બહુ ઉપયોગી થશે. ત્રણ લોકના નાથ ઉપર ને એમના પ્રભાવ



ઉપર એવી શ્રદ્ધા નથી માટે તો રખડીએ છીએ, અને જડાસક્તિ, હું-પદ, ઈર્ષ્યા, ધિક્કાર, દુર્ભાવ, અ-મૈત્રી વગેરે ખતરનાક દોષોમાં અને હલકટ નિષ્ફળ ઉપાયોમાં રખડીએ છીએ. અહીં હવે કદાચ મરણ પણ વધાવી લઈને નાથ પર અને નાથના અચિંત્ય અમાપ પ્રભાવ ઉપર અનન્ય શ્રદ્ધા બની જતી હોય તો એના જેવી ધન્ય ઘડી બીજી કઈ ?'

રાજાને પહેલી રાત વીતી, બીજી વીતી, ત્રીજો દિવસ પણ પસાર થવા માંડ્યો, કિન્તુ દેવીનું દર્શન થયું નહિ. છતાં રાજા સ્વસ્થ છે, નિરાંતે એ તો સાધનામાં બેઠો અને સંકલ્પ બોલી દીધો ત્યારથી દેવીના ગુણગાન કરવાનું ચાલે છે. તે એક રાત, બીજો દિવસ, બીજી રાત, ત્રીજો દિવસ..., એકજ કામ કરતો બેઠો છે દેવીની કૃપા, એના ભૂતકાળના ઉપકારપરાક્રમો, ને એની વત્સલતા વિચારી રહ્યો છે.

**જાપ-સ્તુતિ-વંદના ભાવભર્યા કેમ બને ?**

આરાધના શેનું નામ ? એનું કે જ્યાં આરાધ્યનાં ગુણગાન હૈયે વસ્યાં હોય, એમનો ઉપકાર એમની દયા, એમનું વાત્સલ્ય વગેરે નજર સામે તરવરતા હોય. નવકારમંત્રની આરાધના કરો છો ને ? એમાં કોની આરાધના છે ? અરિહંતદેવ આદિ પંચપરમેષ્ઠીની. તો એમની એ આરાધના વખતે વચમાં વચમાં મનમાં થાય છે ને કે 'આ પરમેષ્ઠી ભગવંતો કેવા મહા ગુણિયલ ! કેવા ગુણગણના ભંડાર ! એમનો કેટલો બધો ઉપકાર ! કેવી અનુપમ દયા અને વાત્સલ્ય !' જો ના, અને એકલી કોરી નામની માળા ગણાય છે. કોરે કોરો જાપ થાય છે, તો એ એવો ફળે શી રીતે ? હૈયે એ બહુ અસર પણ શી રીતે કરે ? એ તો પેલા ગુણગાન ઉપકારસ્મરણ અને દયાવિચારથી દિલ ભાવિત થયું હોય તો જાપની ભારે અસર નીપજે. ભાવોલ્લાસ વિશિષ્ટ કોટિનો આવે. એના પર પુણ્ય પણ વિશિષ્ટ કોટિનું ઊભું થાય. પાપ પણ તેવા રકમબંધ તૂટે.

**બસ, જાપ વખતે ખાસ લાવવાનું આ છે કે આરાધ્યના ગુણો ઉપકારો પ્રભાવ વાત્સલ્ય વગેરે કેટલા બધા અનુપમ એના ખ્યાલથી હૈયું ભરાઈ જતું હોય,** કદાચ આંખ પણ ભીની થઈ જાય. 'આવા આપનો મને જાપ મળ્યો ? સ્મરણ મળ્યું ?' એ અહોભાગ્ય લાગે.

અંતકાળના પ્રભુસ્મરણથી જીવો કેમ સુંદર સદ્ગતિનાં ઢગલો પુણ્ય કમાઈ ગયા ?

કહો, એ સ્મરણની સાથે આવું કાંક રાખીને હૃદય ગદ્ગદ ને મનના ભાવ વિશાળ તેજિલા વેગિલા બનાવેલા તેથી. આરાધ્ય પ્રભુના આ જગત પર ને મારા પર અનુપમ ઉપકાર છે. એવો ઉપકાર બીજો કોણ કરી શકે ? એમનામાં અનંતગુણો મઘમઘી રહ્યા છે. જીવો પર અને મારા પર એમનું કેટલું બધું અથાગ વાત્સલ્ય !

વાહ મારા પ્રભુ !' આ ભાવ વારંવાર દિલ પર આવ્યા કરવા જોઈએ; તો જાપ સ્તુતિ વંદના વગેરે ખૂબ ભાવભર્યા બને. અહીં રાજા દેવીની આરાધના ગુણગાન આદિથી કરી રહ્યો છે.

**રાજા પ્રતિજ્ઞા મુજબ :-**

રાજાને દેવીનાં ગુણસ્મરણ કરતાં એક રાત ગઈ, બીજી ગઈ, ત્રીજી પણ ગઈ, કિન્તુ દેવીનું દર્શન થયું નહિ. હવે પોતાને તો પ્રતિજ્ઞા છે કે 'ત્રણ રાત્રિમાં જો દર્શન નહિ દે તો મારું માથું આપી દઈશ' એટલે દર્શન ન થતાં રાજાનું મોઢું ભયંકર રોષમાં ચડી ગયું. તરત એણે તીક્ષ્ણ ખડગ હાથમાં લીધું અને કહે છે,

'દેવી ! તું સ્વર્ગ પાતાલમાં કે ક્ષીરસમુદ્રના કમળવનમાં ગમે ત્યાં હો; હવે તલવારની ધારથી છેદીને આ મારું માથું તને સમર્પિત કરી દઉં છું. તે તું સ્વીકારી લેજે.'

બસ એમ કરીને પોતાની ગરદન પર તલવારનો ઘા ઉગામે છે. સાત્ત્વિક માણસ છે, એટલે કરેલી પ્રતિજ્ઞામાંથી પાછો હટવા તૈયાર નથી, પ્રતિજ્ઞા મુજબ દેવી-દર્શન ન મળ્યું તો પોતાનું માથું કાપી દેવીના ચરણે ધરી દેવા તૈયાર થઈ ગયો છે. પૂછો ને,

**સત્ત્વનું મહામૂલ્ય :-**

**મરીને સુખ-સુકૃત જતા કરવા કેમ તૈયાર ? :-**

**પ્ર.-** દેવીના એક દર્શન માટે આટલું બધું ? એમ માથું કાપી મરી જવા કરતાં જીવતો રહે તો કેટલાય સુખવિલાસ કરી શકે ને કેટલાંય સુકૃતો પણ કરી શકે ને ?

ઉ.- વાત સાચી, પણ સાત્ત્વિક માણસોને મન વચનની પ્રતિજ્ઞાની સંકલ્પની કિંમત હોય છે, વચન તે વચન. પ્રતિજ્ઞા તે પ્રતિજ્ઞા. એનું પાલન કરવામાં સર્વ સુખવિલાસ અને સર્વ સુકૃત છે, બાકી તો સંસારના સુખવિલાસ શા કિંમતના છે ? ક્ષણજીવી, પરાધીન, વિયોગથી દુઃખમાં પરિણમનારા અને અમૂલ્ય સુકૃતક્ષણોને બરબાદ કરનારા, એ જ કે બીજું કાંઈ ? એની પાછળ સ્વાધીન સુખદ અને સુસંસ્કારથી અમર બનનાર સુકૃતને જતા કરવા ? ત્યારે, **પવિત્ર વચનબદ્ધતા જેવા મહાન સુકૃતની પાછળ તો આત્મા જેવું અલૌકિક સત્ત્વ કમાય છે કે જે ભવાંતરે પણ અનેકાનેક સુકૃતોને જન્મ આપે છે.**

**સાચાં સુકૃતો સત્ત્વમાંથી જન્મે છે.**

સત્ત્વ છે તો સુકૃતની હામ રહે છે, ઉલ્લાસ રહે છે, સત્ત્વના નાશે સુકૃતશક્તિ સુકૃતઉલ્લાસ નાશ પામે છે. સત્ત્વ વિના કરેલાં સુકૃત મુડદાલ જેવા બનવાનાં.

**ભરવાડ પુત્રનો સત્ત્વ-ઉલ્લાસ :-**

શાલિભદ્રના જીવ ભરવાડપુત્રે જીવનમાં પહેલી વાર મેળવેલી ખૂબ મનગમતી



ખીર ખાઈ જવાની લાલચ દબાવી દેવાનું સત્ત્વ કેળવ્યું, તો મહાતપસ્વીનાં પાત્રે બધી ય ઠાલવી દેવાનું મહાન સુકૃત ઉલ્લાસભેર કર્યું. સત્ત્વ ન કેળવ્યું હોત તો મન વાળી લેત 'ભાઈ ! જવા દો મહારાજ ભલે જાય. આપણે ક્યાં પહોંચતા છીએ તે દાન દઈ શકીએ ?' તો શું દાન કરી શક્યો હોત ? એમાં કદાચ માતાએ આવીને હુકમ કર્યો હોત કે 'શું ખાવા મંડ્યો છે ? દઈ દે મહારાજને, હું તને બીજી આપીશ,' તો વળી દેત, પણ તે શું સત્ત્વથી દેત ? કે રોતડ હૃદયે ? મનમાં તો થાત 'આપ ભાઈ આપ મહારાજને, મા કહે છે એટલે આપ્યા વિના નહિ ચાલે. પણ ફિકર નથી માતા બીજી ખીર આપણને દેવાની છે.' આ શું ? ખાવાનું સત્ત્વ કે દેવાનું ?

**સત્ત્વ વિના સુકૃતના ઉલ્લાસ નહિ. સુકૃતમાં ભલીવાર નહિ.**

**મુડદાલ સુકૃત અને જ્વલંત ધનસંગ્રહ-ખાનપાનાદિ એ નિઃસત્ત્વની વિશેષતા છે.**

**સાત્ત્વિકની વિશેષતા જ્વલંત સુકૃતો અને મુડદાલ ધનસંગ્રહ-ખાનપાનાદિમાં છે.**

તપાસજો જીવનું સત્ત્વ પ્રાણમાં ધબકતું રહે છે ? ધનમાલ કમાવવા, સંગૃહીત કરવા, ને મનમાન્યા ખાનપાનાદિ અને ભોગવિલાસ ઉડાવવા, એ તો અનાર્યો મ્લેચ્છો અને ઢેડભંગી ય કરે છે. શું એમાં સત્ત્વ છે ? એમાં પડેલા એ દાન-પરોપકાર સત્ય-નીતિ વિશ્વાસપાલન વગેરે કરી શકે ? તો એ દાનાદિથી વિરુદ્ધ ચાલીને લોકવિખ્યાત, સુખી, અને સદ્‌ગતિગામી બની શકે ? ના, એ તો સત્ત્વથી સુકૃતના આચરણે જ થાય માટે સુકૃતોનું સેવન એ જ જીવનકર્તવ્ય કહેવાય. એ સારું સત્ત્વ જોઈએ.

**પ્રતિજ્ઞાપાલન એ અલૌકિક સુકૃત છે.** એમાં દાખવેલું સત્ત્વ અમર બની એના સુસંસ્કાર એવા સુંદર ઊભા કરે છે કે આગળ ને આગળ નવાં નવાં સુકૃતનું જોમ આપે. પ્રતિજ્ઞા લેવામાં ય સત્ત્વ વિકસે છે અને પાળવામાં પણ સત્ત્વ વિકસે છે. કેટલાક કહે છે ને કે 'એમ ને એમ પાળીશું, બાધાનું પ્રતિજ્ઞાનું શું કામ ?' એમને ખબર નથી કે

**બાધાનું આ કામ છે કે સત્ત્વ વિકસાવવું છે.** અંદરનું ખમીર ઊછળે ત્યારે પ્રતિજ્ઞા કરાય છે; ને પાળતાં પણ અંદરનું મન કહે છે કે પ્રતિજ્ઞા એટલે પ્રતિજ્ઞા; મારે એને વળગી જ રહેવાનું.' ગમે તેવી લાલચ આવે કે સ્નેહીઓના દબાણ આવે, પણ પ્રતિજ્ઞાના હિસાબે ટકી રહેવાનું બને છે.

ત્યારે, આ જીવનમાં પાપ છોડવા અને ધર્મ કરવો એ તો આવશ્યક છે જ, કિન્તુ સત્ત્વ વિકસાવતા જવું એ પણ બહુ જરૂરી છે, અને પ્રતિજ્ઞાઓથી એ સહેલું સુલભ બને છે. સત્ત્વના જ અધિકાધિક વિકાસ ઉપર ગુણસ્થાનકની પાયરીએ ઉપર ઉપર ચડાય છે, યાવત્ અપૂર્વકરણ અને ક્ષપકશ્રેણી મંડાય છે, જેના દ્વારા વીતરાગ

સર્વજ્ઞ બનાય છે.

**દેવી પ્રગટ થાય છે :-**

રાજા દઢવર્મા પોતાની પ્રતિજ્ઞાના પાલનમાં દઢ છે, ત્રણ રાત વીતતાં દેવીનું દર્શન ન મળ્યું તો હવે તલવાર ખેંચી પોતાના ગળા પર ફેરવી દેવા તૈયાર થઈ ગયો, દેવીને ઉદ્દેશીને કહે છે 'લે હવે હું આ મારું મસ્તક તને અર્પણ કરી દઉં છું.' એમ કહેતાંક જ્યાં ઝટકો લગાડવા જાય ત્યાં જ દેવીએ પ્રગટ થઈ એનો હાથ થંભાવી દીધો. રાજાએ તરત પ્રણામ કર્યા.

**રાજા અને દેવીનો મધુરો સંવાદ :-**

દેવી કહે છે 'કેમ શું છે ? આટલું બધું સાહસ શા માટે ? મોટા યુદ્ધોમાં વિજયશીલ એવું આ ખડગરત્ન તારા કોમળ ગળા ઉપર ચલાવવાની કેમ જરૂર પડી ?'

રાજા ઉત્તર કરે છે કે દેવી ! કારણ એ જ કે ત્રણ દિવસ-રાત તારા દર્શનાર્થે ભોજન વિના બેસવા છતાં મને તું દર્શન નથી દેતી.'

દેવી કહે 'અહો ! મહારાજ દઢવર્મા ! ત્રણ રાત્રિનો તું તપસ્વી એટલામાં અસહુ બની ગયો ?'

રાજા બોલે છે, 'ભોજન ન મળ્યાની અસહિષ્ણુતા નથી, ધનવાળાને એક તણખલા જેટલો પણ પરાભવ થાય એ મોટા મેરું જેવો લાગે છે.'

દેવી નરમ પડી કહે છે 'બોલ, શું કાર્ય છે ?'

રાજા માગણી કરે છે, 'સર્વ કળા અને જ્ઞાનનો ભંડાર, રાજ્યધુરાને વહન કરવા સમર્થ, અને કુળમાં સૂર્ય જેવો તેજસ્વી એક રૂપાળો પુત્ર મને આપ.'

હવે જુઓ દેવી હળવી મજાક કરે છે ! એ કહે છે, 'તે તેં શું મને પુત્ર સોંપેલો છે જેથી આમ પુત્ર માગે છે ?'

'ના સોંપ્યો નથી. તારો પોતાનો જ દે'

દેવી કહે, 'મારે વળી પુત્ર ક્યાં છે ?'

રાજા સહેજ હસીને કહે છે 'વાહ ! જેણે ભરતચક્રી સગર ચક્રી, માધવ, નળ વગેરે દીકરા પકવ્યા, એવી તારી પાસે એકેય પુત્ર નથી ?'

દેવી કહે છે, રહેવા દે હસવાની વાત. જા તારે એક પુત્ર થાઓ' કહીને દેવી અદશ્ય થઈ ગઈ.

રાજાને કાર્યસિદ્ધિ થઈ ગઈ. એટલે ત્યાંથી જઈ સ્નાનાદિ કરી દેવોની પૂજા, વડીલજનોને નમસ્કાર, સ્નેહીઓને પ્રેમાલાપ, આશ્રિતોને સ્નેહવચન તથા દાન વગેરે કરી મંત્રીઓને બોલાવી બનેલી હકીકત કહે છે.

**કાર્ય સિદ્ધ થવા ઉપર આ બધું ઔચિત્ય છે.** પછી ત્યાં એ વિચાર નથી



ઊઠતો કે 'પરાક્રમ તો મેં કર્યું, એમાં બીજા બધાને મારે વળી નમવા-બોલાવવાનું કે દાન સત્કાર કરવાનું શું કામ ?' કેમ આવો વિચાર નહિ ? કહો, એટલા જ માટે કે એ સમજ છે કે

(૧) કાર્યની સિદ્ધિ થવામાં દેવતાદિ વડીલોનો પ્રભાવ અને આશીર્વાદ મહાન કારણભૂત છે. તો કૃતજ્ઞતારૂપે એમનું ઉચિત કરવું જ જોઈએ.

(૨) કાર્ય સિદ્ધ થવાનો આનંદ અને એના લાભ એટલા બધા ઊંચા છે કે (i) એની આગળ અભિમાન કે ધનપ્રેમ લૂલા પડી જાય છે; તેથી નમસ્કાર-પૂજા-વિનય અને દાન સહેજે બની આવે, તેમજ (ii) એ આનંદમાં બીજાને ભાગીદાર બનાવવાનું મન થાય.'

**જીવનમાં આ બે મહાન તત્ત્વ ખૂબ જરૂરી છે;** (૧) એક વડીલો અને ઉપકારીઓના ઉપકારનું મૂલ્યાંકન કરવા સાથે એમની ઉચિત સ્વાગત-સરભરા તથા (૨) પ્રાપ્ત થયેલ કે થનાર કિંમતી લાભને એવું મહત્ત્વ આપવું કે એની આગળ આરામી, અભિમાન અને લક્ષ્મી તુચ્છ લાગે, ઉચિત દાનનો સંકોચ ન કરાવે.

તમે જિનભક્તિથી થતા લાભને જો આ રીતે મૂલવો તો પછી એમાં પોતાના ભરપૂર દ્રવ્ય અને સમયનો વ્યય કરવા હંમેશા ઉત્સાહિત જ હો.

**જે મંદિર-ઉપાશ્રય વગેરે તમને લાખોનાં પુણ્ય આપે. એને કશું આપવાનું નહિ ?** શું લૂખ્ખા-બાકસ જિનદર્શન, લૂખ્ખી પૂજા, લૂખ્ખાં ગુરુવંદન, લૂખ્ખું જિનવાણીશ્રવણ ? બધું જ શું રાતી પાઈના ઘસારા વિનાનું લૂખ્ખેલૂખ્ખું જ કરવાનું ? લાભ લાખોનો લેવાનો ને જોખવાનું કાંઈ નહિ ? બજારમાં સામાન્ય પણ માલ મફતમાં મળે છે ખરો ? એમ મેળવવા જાય તો હરામખાઉમાં ખપે ને ? તો અહીં સાધારણમાં તોટા કેમ ? કૃતજ્ઞતા નથી, હરામખાઉગીરી છે. દેવ-ગુરુ-ધર્મ વહાલા, લાભ વહાલો; પણ મારો પૈસો મને વધુ વહાલો; એટલે એમની ખાતર પૈસાને ન જતા કરું.' આવી ગોઝારી ધન-મૂર્ચ્છા છે; અને કરોડોની કિંમતના તથા જનમ-જનમના સગા દેવ-ગુરુ-ધર્મ કરતાં કોડીની કિંમતના નાશવંત ધનની વધુ કિંમત માની છે. ત્યાં પછી એ શ્રેણિક સુલસા જેવા અરિહંતપ્રેમ, કુમારપાળ-વસ્તુપાલ જેવી ગુરુભક્તિ, અને વિમળશા-ધરણશા (ધના પોરવાલ) જેવા ધર્મરંગ ક્યાંથી આવે ?

કહે છે 'અમને દેવ-ગુરુ-ધર્મ માટે એવી ભાવના કેમ થતી નથી ? ઊછળતો રસ કેમ નથી ?'

ક્યાંથી હોય ? હરામખાઉ બન્યા રહી લાભ લૂંટવા હોય પછી પ્રેમ અને રસ શાના જાગે ?

**દેવ-ગુરુ-ધર્મના જો પ્રેમ અને રસ જગાડવા હોય તો એમની એકે-એક બાબતમાં તન-મન-ધનનો ભોગ આપવો જોઈએ.**

રાજાએ મંત્રીઓને હકીકત કહી કે દેવીનું વરદાન કેમ મળ્યું, એટલે મંત્રીઓ કહે છે, 'મહારાજ ! અમે તો કહ્યું જ હતું કે જ્યાં સુધી માણસ કાર્યને હૃદય નથી આપતો ત્યાં સુધી જ કાર્ય ન સીઝે, જો હૃદય આપ્યું તો કાર્ય સિદ્ધ થયું જ સમજો.'

પછી રાજાએ રાણીને શુભ સમાચાર સંભળાવ્યા એટલે રાણી હર્ષિત થઈ કૃતજ્ઞતાથી હાથ જોડી કહે છે 'આપે મારા પર મોટી મહેરબાની કરી' કૃતજ્ઞતા તો જીવનમાં ડગલે ને પગલે બજાવવાની છે.

**રાણીને સ્વપ્ન :-**

બસ હવે દેવીનું વરદાન છે કે 'પુત્ર થાઓ.' એ કાંઈ અફળ જાય નહિ; જાય તો મોટા માણસનું વચન શું ? એ તો તુચ્છ ક્ષુદ્ર-અધમ માણસના બોલ કે જેમને એ નિષ્ફળ કરવામાં, રદબાતલ કરવામાં અને 'અભી બોલા અભી ફોક' એમ ફેરવી તોળવામાં કોઈ આંચકો નહિ, વિચાર નહિ.

**ઉત્તમ જનો તો વચનબદ્ધ હોય; માટે જ પહેલું તો બોલે જ તોલીને; અને પછી બોલ્યું પાળે જ.**

દેવીએ એવી કોઈક અનુકૂળતા કરી કે રાણીના ઉદરમાં ગર્ભ રહ્યો. એ રાતે એને એક સુંદર સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં એણે જોયું કે ચંદ્રને સુગંધથી ભરપૂર એક કમળની માળા વિંટળાઈને પડી છે.

સ્વપ્ન જોઈને જાગી. ખરાબ સ્વપ્ન આવ્યું હોય તો તો જાગીને પાછા સૂઈ જવું જોઈએ. જેથી એનું ફળ બેસે નહિ, એ નિષ્ફળ જાય. પરંતુ આ તો સારું સ્વપ્ન છે; તેથી રાણી જાગીને ધર્મધ્યાનમાં પરોવાય છે, મહાપુરુષોની કથા સંભારે છે, ઈષ્ટદેવનું સ્મરણ કરે છે, સ્તુતિ-ગુણગાન કરે છે, અને એમ કરીને રાત્રિ પસાર કરે છે. પ્રશ્ન થાય કે

**પ્ર.-** 'સ્વપ્ન સારું છે તો ફળવાનું જ છે, એમાં પછી ધર્મધ્યાનની શી જરૂર ?'

ઉ.- સામાન્ય રીતે આ નિયમ છે કે કિંમતી વસ્તુની પાછળ યોગ્ય પરિકર હોય. ગરીબ કે મધ્યમ માણસ બહાર એકલો નીકળે, પણ શ્રીમંતની સાથે કોઈને કોઈ સહચારી હોય છે. તાંબા-પિત્તળની ચીજ એમ ને એમ મૂકાય; પણ ઝવેરાતનો દાગીનો યોગ્ય ભાજન કે બોક્સમાં રહે છે. નગરજનનો પ્રવેશ એમજ થાય છે, પણ મોટા શ્રીમંત કે રાજા યા મહાત્માનો પ્રવેશ સ્વાગતપૂર્વક કરાવાય છે બસ, એ રીતે સારા બનાવની આગાહી કરનારું સ્વપ્ન આવ્યું, તો એનું આગમન ધર્મધ્યાનથી વધાવવું જોઈએ. તો જ એની કિંમત આંકી ગણાય, એનું ગૌરવ કર્યું



લેખાય. ગૌરવ કરાયા પ્રમાણે એ ફળદાનમાં ચોક્કસ બને છે.

**વિશિષ્ટ ધર્મસાધનામાં પણ એવું જ છે.** દેવતાઓ મેરુ ઉપર પ્રભુનો જન્માભિષેક ઊજવી પછી એની ખુશાલીમાં એના ગૌરવમાં નંદીશ્વરદ્વીપે જઈ ઉત્સવ કરે છે અરે ? ત્યાં જ શું, પણ ઇંદ્ર પ્રભુને માતા પાસેથી મેરુપર્વત પર લઈ જાય છે તે એકલો અટૂલો નહિ, પણ પોતાના પાંચ રૂપ કરી વજ્ર-છત્ર-ચામર ઉલાળતો લઈ ચાલે છે. મહાન વસ્તુ સાથે પરિકર જોઈએ, જેથી એનું ગૌરવ થાય.

આ સૂચવે છે કે

આપણો ધર્મ સાધવાનો હિસાબ અને વિવેકી બનવાનો શિરસ્તો આવો જોઈએ કે આપણે એ મહાન ધર્મ અને ધર્મના અંગનું ગૌરવ લેખનારા બની રહ્યા હોય. ને તે પરિકર ઊભું કરીને થાય. પ્રભુની પૂજા ભણાવી; તો એની પાછળ દાન હોય. મોટા ગુરુનાં પગલાંનો ઘરે લાભ મળ્યો તો એની પાછળ સુકૃત હોય. સારી યાત્રા કરી આવ્યા, તો એનું એક યા બીજા સુકૃતથી ગૌરવ કરાય. પૂર્વપુરુષો જુઓ મહાત્માઓનાં આગમનની વધામણી મળવા પર દાન કરતા ને ?

રાણી સારા સ્વપ્નદર્શન પાછળ ધર્મધ્યાન કરીને રાત્રિ પસાર કરે છે. પ્રભાતે ઊઠીને રાજા પાસે જઈને પ્રણામ કરી વધામણી આપે છે, 'દેવ આજે રાત્રિએ આપના પસાયે મેં એક સુંદર સ્વપ્ન જોયું,' એમ કહી સ્વપ્નની વિગત કહે છે વડીલની આગળ સારી વાતનું નિવેદન જોઈએ. રાજા ખૂબ જ હર્ષિત થઈ જાય છે, કેમકે (૧) રાણીની ઇચ્છા પૂર્ણ થવાનું, (૨) પોતાને વરદાન મેળવવાનો ભારે પરાક્રમ સફળ થવાનું, અને (૩) પોતાને યોગ્ય વારસદાર મળવાનું દેખે છે.

**સારી વસ્તુનો આનંદ ક્યારે થાય ?**

આત્મામાં કોઈ પણ ગુણ કે ધર્મ પામ્યાનો આવો આનંદ જોઈએ. એ તો જ બને કે પાપના, પાપ-સામગ્રીના આનંદ ઓછા થાય. નહિતર જો એ ભરચક ભર્યા હોય તો ગુણ કે ધર્મ પામ્યાના આનંદને જગા જ શાની રહે ?

**નરસી વસ્તુના આનંદ મંદ પડે તો સારીના આનંદ ઊછળતા થાય.**

જીવનભર નોકરી કરનારાને જો નોકરીમાં આનંદ નથી તો શ્રીમંતાઈનો રસ રહે છે. મોક્ષ અને ધર્મના રસનું પણ એવું જ છે. સંસારનો આનંદ ઊડે, તો મોક્ષનો રસ જાગે; પાપનો પાપક્રિયાનો આનંદ ઊડે તો ધર્મનો ખરો રસ જાગે. આરંભ-સમારંભાદિ પાપ અકારાં લાગે તો સામાયિકનો સાચો રસ ઊભો થાય.

રાજા રાણીના સ્વપ્નકથન પર ખુશી થઈ જઈ કહે છે, 'અહો ! તમે સુંદર સ્વપ્ન જોયું એ સૂચવે છે કે તમે એક મહાન પુત્રને જન્મ આપશો.'

રાણી રાજાનો બોલ કિંમતી લેખી ઝીલી લે છે; એ કહે છે, 'સ્વામી ! આપે કહ્યું તેમ જ હો મને એ બહુ ગમ્યું, મેં એ સ્વીકારી લીધું. હું એને વધાવી લઉં છું. મારા પર આપે મોટી મહેરબાની કરી' એમ કહી એ રાજાના પગમાં પડે છે.

**વડીલનાં વચનના આદર કરવા જોઈએ.** તે એનાં ગૌરવ અને સ્વીકાર દેખાડીને થાય, માનવવિવેકમાં જ આ બની શકવાનું છે, બનાવવું જ જોઈએ. પશુના અવતારે ક્યાં આ શક્ય છે ? પ્રશંસા કરાય, સ્વીકાર કરાય, અને 'મહેરબાની કરી' એમ કહી પગે લગાય. વડીલે હિતશિક્ષા આપી એના આ રીતે આદર કરાય છે ખરા ? કે કાંઈ નહિ 'એ તો (Ordinary) સામાન્ય,' એમ ગણી મૂંગા રહેવાય છે ? અગર બસ 'સારું' એટલું કહી પતાવાય છે ?

**સારી ચીજનું ગૌરવ કર્યા વિના એ આપણી સગી શી રીતે થવાની હતી ?**

**પાપી દુનિયાદારીનો રસ ધર્મનું ગૌરવ નથી કરવા દેતો :-**

સારો મહેમાન આવે તો એનું ગૌરવ કરવું પડે છે. તો સારી શિખામણ આવી તો એનું ગૌરવ નહિ કરવાનું ? મહેરબાની નહિ માનવાની ? વડીલના એ ઉપકાર બદલ પગે નહિ પડવાનું ? એકલી પાપી દુનિયાદારીનો રસ હૈયે ભરચક ભર્યાનાં આ લક્ષણ છે કે સારી શિખામણ, સારી સલાહ અને સારાં માર્ગદાનનો એવો આદર નથી કરાતો, ગૌરવ નહિ, વધાવવાનું નહિ, મહેરબાની માનવાની નહિ, ને પગે પડી કૃતજ્ઞતા વ્યક્ત કરવાની વાત નહિ, તો પછી પશુ-જીવન કરતાં શી વિશેષતા ? વ્યાખ્યાન તો સારાં સાંભળ્યાં, પણ પછી એના આદર ગૌરવ મૂલ્યાંકન અને કૃતજ્ઞતા શી કરી ? શું ગુરુને પગે પડી કહ્યું ખરું કે આપે બહુ ઉપકાર કર્યો ? કેટલો અમૂલ્ય બોધ દીધો ? કેમ નથી થતું આ બધું ? કહો, હૈયે એકલી પાપી દુનિયાદારીનો રસ ભર્યો પડ્યો છે. તો એવી એકલી જ દુનિયાદારીનો રસ હૈયે ભર્યો રાખી અહીંથી મરીને પછી પરલોકમાં કેવા અવતારે જવાનું ? આપણા પૂર્વજોનો શો સારો વારસો આપણે ગ્રહણ કર્યો ? જીવનમાં શો ઉતાર્યો ? આ બધું વિચારવા જેવું છે. ચરિત્રગ્રંથો પણ આપણને આવું બધું ઘણું ઘણું શીખવે છે; માત્ર એમાંથી તારવણીઓ કાઢવી જોઈએ, કાઢવાની ગરજ જોઈએ.

રાજા હવે જુઓ આટલા સુંદર સ્વપ્ન આવવા પર કેવાં એનાં ગૌરવ કરે છે. એણે દેવોની પૂજા કરી, પૂજ્યોની ભક્તિ કરી, સ્નેહીઓને સન્માન્યા, દીન અનાથને



દાન દીધાં,...શું શું ? માત્ર એકલાં વાજાં વગડાવવાનું નહિ; આ બધું ઉચિત વર્તન જોઈએ. એ મૂળ વસ્તુનાં ફળની કક્ષા વધારે છે, ફળને ઉચ્ચ બનાવે છે. એક કુળદીપક દીકરો, કુળમાં સૂર્ય સમાન પુત્ર શી રીતે મળે ? પૂર્વ ભૂમિકામાં એવાં કશાં ગૌરવ કર્યા વિના ? એમ દેવાધિદેવ પાસેથી અને ગુરુ પાસેથી ઉચ્ચ ધર્મની પ્રાપ્તિ શી રીતે થાય ? ભૂમિકામાં કશું કર્યા વિના ? કશો ભોગ આપ્યા વિના ?

**મફતખાઉની રીતરસમ રખાય છે એટલે જ ઉચ્ચ ધર્મપ્રાપ્તિની સામગ્રી મળવા છતાં એ ધર્મ પ્રાપ્ત નથી થતો.**

સ્નાત્ર સારું ભણાવ્યું, પણ પછી પૂજારીને-દહેરાના માણસને દાન દીધું ? બહાર દીનદુઃખીને સંતોષ્યા ? દેવાધિદેવનો પગે પડી ઉપકાર માન્યો ખરો કે 'પ્રભુ ! તેં મારા પર બહુ મોટી મહેરબાની કરી કે આ મહાન સ્નાત્રનો લાભ આપ્યો ? આજે હું એની કૃતજ્ઞતારૂપે આટલી રકમનું સુકૃત કરીશ. આજ આ વિગઈ રસનો ત્યાગ કરીશ,'...આમાંનું કાંઈ કરવાનું નહિ, ને હૈયામાં ધર્મનો ઊછળતો રસ જમાવવો છે ! જામે ?

**શરીર-રોગ જેવું આત્મ-રોગ પાછળ કેટલું ? :-**

એક શરીરના રોગમાં કોઈ સેવા કરી જાય, દવા દે, અરે આશ્વાસન દઈ જાય, તો એનો કેટકેટલો ઉપકાર માનવાનું કરાય છે, પછી એનો બદલો વાળવાનો તલસાટ રહે છે, અને શક્ય સેવા કરી છૂટાય છે; તો પછી આત્માના રોગમાં કોઈ સેવા-દવા-આશ્વાસન આપે એનું કશું કરવાનું નહિ ?

આત્માને વિષય-મૂઢતા, ઈન્દ્રિયગુલામી, કષાયતાવ, મદ-ઈર્ષ્યાદિ વિકારો વગેરે કેટકેટલું વળગ્યું છે ? કેટલી પીડાઓ છે ! એના નિવારણ માટે દેવદર્શન-પૂજન, સ્નાત્ર, આંગી, ગુરુવંદન, વ્યાખ્યાન-શ્રવણ, હિતશિક્ષા, સારાં ત્યાગ-તપ-વ્રત-નિયમ, શાસ્ત્ર વગેરે મળે, એ સેવા-દવા-આશ્વાસન મળવા રૂપ છે. એ મળે એની પાછળ કઈ કૃતજ્ઞતા બજાવો છો ? શો ભોગ આપો છો ? ના, કાંઈ નહિ, મફતખાઉં તે પચી જશે ! પચે ? એમ હૈયે ધર્મના રંગ ઊછળે ?

રાજાએ ઉચિત પૂજા-સત્કાર-દાનાદિ કરી સભા ભરી. કેમ ? સ્વપ્નનો ચોક્કસ પરમાર્થ જાણવો છે, એટલે જ માત્ર મંત્રીઓ કે જ્યોતિષીઓ જ નહિ, પણ અનેક બુદ્ધિમાનોને તેડ્યા. ત્યાં મોટા રાજાઓ, મોટા વીર પુરુષો, મોટા વૈદ્યો, વિદ્વાન બ્રાહ્મણો, કવિઓ, પુરોહિતો, વારાંગનાઓ, ચિત્રકારો, લક્ષણ-શાસ્ત્રીઓ, સેનાપતિઓ, ધાતુવાદીઓ, શુકન-સ્વપ્ન-વેત્તાઓ, નિમિત્તિયાઓ વગેરે આવ્યા. એમ કહો કે કોઈ એવી કળા, એવું વિજ્ઞાન નથી કે જેના જાણકાર એ સભામાં ન હોય.

હવે રાજા કહે છે,

'હે મંત્રીઓ ! આજે મહારાણીએ કમળની માળાએ વિંટળાયેલ ચંદ્રને સ્વપ્નમાં જોયો. તો એનું શું ફળે ?'

ત્યાં સ્વપ્નશાસ્ત્રીઓ કહે છે, 'મહાપુરુષની જન્મદાત્રી સ્વપ્નમાં ચંદ્ર, સૂર્ય, વૃષભ, સિંહ, હાથી વગેરે જુએ છે તેથી આ સ્વપ્ન કોઈ મહાન પુરુષના જન્મની આગાહી કરે છે.'

રાજા કહે,'આ તો તમે ચંદ્રનું ફળ કહ્યું, પરંતુ સાથેની કમળમાળાનું શું ફળ ?'

પેલો કહે છે, 'એ પણ સૂચવે છે કે આપને એવી એક પુત્રી પણ થશે.'

બધા સાંભળી રહ્યા છે. પરંતુ મુખ્યમંત્રી **દેવગુરુને** આ વાત મગજમાં બેસતી નથી; તેથી એ કહે છે, 'મહારાજા ! પુત્રી થવાનું સૂચન તો તો જ મનાત કે માળા ચંદ્રની સાથે જુદી હોત. પણ આ સ્વપ્નમાં તો કમળમાળા ચંદ્રને વિંટળાઈને પડી છે તેથી એમ આગાહી થાય છે કે પુત્રને આ કોઈ પૂર્વ જન્મના સ્નેહવાળી પત્ની થશે.'

દૃષ્ટિની ઝીણવટ અને ચોકસાઈ છે કે વસ્તુ યા પ્રસંગમાંથી બરાબર યોગ્ય તારવણી કઢાય. રાજાને મંત્રીની એ વાત મગજમાં બેસી જાય છે એટલે સ્વીકારી લે છે કે 'બરાબર, એ રીતનો જ સંભવ લાગે છે'

**મહાનનાં આગમનને શું શું ? :-**

બસ, સભા બરખાસ્ત થઈ. રાણી ગર્ભ વહન કરે છે, અને (૧) એથી એ અધિક શોભવા લાગે છે. સારા ગર્ભના પ્રભાવે,

(૨) એનામાં દયા, દાન અને દાક્ષિણ્ય, વિનય, વિદ્યા, અને વિજ્ઞાન વગેરે વધવા લાગે છે;

(૩) રાજાને અધિક પ્રિય બને છે;

(૪) પરિવારને અધિક પ્રસન્ન કરનારી થાય છે;

(૫) શોકય રાણીઓનું એના પર બહુમાન વધે છે;

(૬) એ સગાંને સારું દેવાવાળી બને છે;

(૭) નગરવાસીઓને આનંદરૂપ થાય છે.

(૮) સાધુ પુરુષોનો વિનય કરનારી, સજ્જનોને અનુકૂળ વર્તનારી, અને જીવો પર અનુકંપાવાળી બને છે.

મહાન આત્માનાં આગમનનાં આ બધાં લક્ષણ છે કે એ આવું બધું પ્રવર્તાવે. એથી ઊલટું અધમના આગમને સમજવાનું. આથી એ પણ સૂચિત થાય છે કે માનવતાના વિકાસમાં શું શું આવે ? આવું જ બધું કે દયા, દાન, વિનય, બહુમાન,



લોકપ્રિયતા વગેરે વગેરે ઝળકી ઊઠે. માનવ બન્યા છીએ, તો હવે માનવતા વિકસાવવા આવી બધી વિશેષતાઓ ઝળકાવવાની છે; એ ભૂલશો નહિ. પૈસા વધાર્યે ગયા, ખાનપાનાદિ સારાં કર્યે ગયા, રોફ-સત્તા બજાવ્યે ગયા, હુંપદમાં તણાયા, એ કોઈ માનવતાને શોભાકારી તત્ત્વો નથી. શોભાસ્પદ તત્ત્વો તો દયા, દાન, વિનય, ભક્તિ-બહુમાન, લોકપ્રિયતા વગેરે જ ગણાય.

રાણીને ગર્ભનું વહન કરવા સાથે સારા દોહદો થાય છે એ રાજા પૂર્ણ કરે છે.

**રાજપુત્રનો જન્મ :-**

ગર્ભનો કાળ પૂર્ણ થતાં રાણી સારા તિથિ-કરણ-નક્ષત્રમાં અને ઉચ્ચ ગ્રહોના યોગમાં એક સુંદર પુત્રને જન્મ આપે છે. તરત જ દાસી જઈને રાજાને વધામણી આપે છે, 'મહારાજા ! એક બહુ ગમતા સારા સમાચાર આપું કે મહારાણી સાહેબે આપને આનંદકારી એવા પુત્રરત્નને હમણાં જ સુખપૂર્વક જન્મ આપ્યો.

રાજાને આ સાંભળી એટલો બધો હરખ ઊછળી ઊઠે છે કે દાસીને એ પોતાના અંગ પરના હાર-કુંડળ વગેરે દાગીના ઉતારીને આપી દે છે. મહાન વસ્તુની પ્રાપ્તિનો આનંદ પૈસાને તુચ્છ લેખાવે છે, એટલે એનો ત્યાગ કરવામાં સંકોચ કે આંચકો નથી આવતો, રાજાને મન 'ક્યાં મહાન પુત્ર ? અને ક્યાં આ તુચ્છ લક્ષ્મી ?' એટલે મહાનની પ્રાપ્તિમાં એની કદર લક્ષ્મીના દાનથી જ થાય એ સ્વાભાવિક છે.

**શું વધુ વહાલું ? :-**

લક્ષ્મીની કિંમત ઘટાડીને જે મહાન આધ્યાત્મિક વસ્તુ, આત્મહિતકર તત્ત્વ અને એના દાતાની કિંમત આંકવામાં આવે તો જ લક્ષ્મીનો વ્યય સરળ બને. 'આ બધું વહાલું, પણ મારા પૈસા મને વધુ વહાલા' એ વૃત્તિ રાખવામાં આવે ત્યાં ઉચિત દાન-ભક્તિ વગેરે નહિ થઈ શકે. 'હાય પૈસા ?' વાળો સારી વસ્તુની શી કદર કરી શકે ? પણ એક ખૂબી છે કે છોકરી પરણાવવી હશે તો ભારે ધનવ્યય કરશે, કરીને આજુબાજુનું બધું દીપાવશે; વાંધો આવે છે માત્ર આત્મહિતકર પ્રસંગના કે પદાર્થના સંબંધમાં. એ પ્રેમના ટકા સૂચવે છે કે કેટલો પ્રેમ આત્મહિતની વસ્તુનો, અને કેટલો દુનિયાદારીનો તથા લક્ષ્મીનો ? જ્યાં પ્રેમ ઓછો, પછી હૈયું એવું મળવાની-ભળવાની શી વાત ?

**જન્મોત્સવ :-**

રાજાએ પુત્રજન્મનો મોટો ઉત્સવ કર્યો. કેદીઓને અને પાંજરે પૂરેલા પંખીઓને છોડી મૂકાવ્યા, વાજાં વાગ્યાં, રાજમહેલમાં વારાંગનાઓ નૃત્ય કરે છે નગરમાં અનેક પ્રકારની વિનોદ-મનોરંજન કરાવનારી ટોળીઓને કામ કરતી કરી દીધી,

જેથી નગરજનો આનંદ લૂંટી શકે. અર્થીઓને એવાં દાન પણ સારાં દેવામાં આવ્યાં, સ્નેહીઓનાં વાત્સલ્ય કરાયાં, રાજાને સામંત રાજાઓ નગરશેઠિયાઓ વગેરે કિંમતી ભેટણાં લાવી ધરે છે; તો રાજા પણ સામેથી એવી ભેટો દે છે.

ત્યારબાદ રાજાએ સિદ્ધાર્થ નામના જ્યોતિષીને બોલાવ્યો. એ આવીને રાજાને વધાવે છે, ને પર્ષદા-ઉચિત આસન પર બેસે છે. રાજા એને પૂછે છે, 'કહો, કુમારના જન્મ વખતે ગ્રહોની દૃષ્ટિ કેવી છે ?'

**જન્મગ્રહફલાદેશ :-**

જ્યોતિષી કહે છે, 'મહારાજ ! આ સમયે આનંદ સંવત્સર, શરદ ઋતુ, કાર્તિક માસ, વિજયા તિથિ, બુધવાર, હસ્ત નક્ષત્ર, કન્યા રાશિ, સુકર્મ યોગ, અને સૌમ્યગ્રહથી દૃષ્ટ લગ્ન છે. બધા ગ્રહો ઉચ્ચ સ્થાનમાં રહેલા છે, અને પાપગ્રહો અગિયારમે છે. તેથી આ પુત્ર ચક્રવર્તી કે ચક્રવર્તી જેવો રાજા થશે.' પછી રાજાના પૂછવાથી જ્યોતિષીએ જુદી જુદી રાશિઓમાં જનમ થવાનાં તે તે ફળ બતાવ્યાં. બાદ રાજાએ એનાં વચનનો સ્વીકાર કરી એને સાત હજાર રૂપિયાનું દાન અપાવ્યું.

**પુત્રનું નામકરણ :-**

જન્મોત્સવ બાર દિવસ ચાલ્યો. બારમે દિવસે મોટા ઋષિ જેવા મહાબ્રાહ્મણોને નોંતરી પુત્રનું નામ શું પાડવું તે પૂછે છે. પેલા કહે છે 'આપને જે રુચે તે.' ત્યારે રાજા કહે છે 'સ્વપ્નમાં ચંદ્ર પર કુવલય (કમળ)ની માળા જોઈ છે, માટે નામ કુવલયચંદ્ર હો; તેમજ આ પુત્ર શ્રીદેવીએ આપેલો છે, તેથી બીજું નામ શ્રીદત્ત એવું હો.' બધા ખુશી થઈને વધાવી લે છે.

ધર્મી આત્માએ પુત્રજન્મની પાછળ થતી આ બધી વિધિ પરથી સમજી રાખવા જેવું છે કે પુત્રજન્મ એ તો લૌકિક સંપત્તિ છે, ને જો એ આ આ રીતે વધાવાય છે તો જીવનમાં તેવા તેવા વિશિષ્ટ ધર્મના લાભસ્વરૂપ લોકોત્તરસંપત્તિ વખતે એને કેવી રીતે વધાવવી જોઈએ ? સાંભળીએ છીએ ને કે શ્રેણિક રાજા મહાવીરપ્રભુની સુખશાતાના સમાચાર લાવનારને સોનૈયા કે અલંકારથી ખુશ કરતા.

**રામજી ગંધાર શ્રાવકની ગુરુભક્તિ :-**

હીરસૂરિજી મહારાજના ખંભાત પાસે આગમનની વધામણી આપનાર માણસને ભક્ત સમજી શ્રાવકે ઇનામમાં ચાવીનો ઝૂડો આપી, ઝૂડામાંથી ગમે તે એક ચાવી પસંદ કરી લેવા અને 'તે ચાવીના કબાટ-તિજોરી કે ગોડાઉનનો માલ તને મળશે' એમ કહ્યું. પેલાનું બિચારાનું ભાગ્ય સાંકડું, તે ખાસી મોટી ચાવી પસંદ કરી, તો ય એના ગોડાઉનમાં રહેલ દોરડાની કિંમતરૂપે રૂપિયા અગિયાર લાખ એને મળ્યા. પછી રામજી શ્રાવકે લાખો રૂપિયાના ખર્ચે ગુરુનો પ્રવેશ મહોત્સવ કર્યો, એમાં દાન



પણ ખૂબ દીધું. સાંસારિક જીવનમાં દીકરાનાં જન્મ ભવ્ય રીતે વધાવાય, તો ધર્મ ધર્મગુરુનાં આગમન ભવ્ય રીતે ન વધાવાય ? ભારે ભોગ ન અપાય ?

**આવા કોઈપણ વિશિષ્ટ ધર્મની પ્રાપ્તિ વખતે શક્ય ઉચિત વધામણું જોઈએ; નહિતર એ તેવું ફળે નહિ.**

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૧૪,તા.૧૬-૧૨-૧૯૬૭**

આ પરથી સમજાશે કે સારામાં સારાં વ્યાખ્યાન સાંભળ્યા છતાં ફરિયાદ કેમ રહે છે કે અમને એની અસર પછી ટકતી નથી એનું શું કારણ ? કારણ આ જ કે ઉત્તમ જિનવાણી મળ્યા પર એની ખુશાલી ને કોઈ સક્રિય ભોગ આપીને એને વધાવાતી નથી. એવું જ કોઈ વિશિષ્ટ ગુરુશિક્ષા મળે, કોઈ અપૂર્વ શાસ્ત્ર શીખવા મળે, કોઈ વિશિષ્ટ સ્નાત્રાદિ પૂજા યા પ્રભુની વિશિષ્ટ આંગીના દર્શનનો લાભ મળી આવે, કોઈ વ્રત નિયમાદિ ધર્મનો ખાસ લાભ થઈ જાય, વગેરે વગેરેમાં એના પર ભોગ આપવાનું થાય એ જરૂરી છતાં નથી કરાતું, પછી એની જબરદસ્ત શુભ અસર કેવી રીતે ટકે ?

**વૈભવ જોતાં દૃષ્ટિ એના કારણ ધર્મ પર કેન્દ્રિત :-**

અહીં રાજપુત્ર કુવલચંદ્રનો જન્મ રાજાએ ભવ્ય રીતે વધાવ્યો. પછી પાંચ ધાવમાતાઓ રોકી એનો ઉછેર કરવામાં આવે છે. બીજના ચંદ્રની જેમ એ વધી રહ્યો છે; રાણીઓ અને સામંત રાજાઓના હાથમાં રમાડાઈ રહ્યો છે. આઠ વર્ષની ઉંમરે અષ્ટમીના ચંદ્રની જેવો બની એ હવે લેખાચાર્ય-કળાચાર્યને સોંપવામાં આવે છે. પુણ્યના મહાન પ્રભાવ છે કે પુત્રે અહીં જન્મીને તરત કાંઈ પરાક્રમ નહિ કરેલું છતાં એ ઊંચા સન્માન પામે છે. એટલે જ આવા વૈભવ-સન્માન સાંભળતાં મનને એના ઓરતા ન થતાં પુણ્યના ઓરતા થવા જોઈએ. મનને એમ થાય કે 'હું એવાં ઉચ્ચ પુણ્ય કેમ ઉપાર્જું ! અને આમ ફળને બદલે કારણ પર દૃષ્ટિ ગઈ એટલે પુણ્યનાં કારણરૂપ ધર્મ ઉપર દૃષ્ટિ કેન્દ્રિત થાય. તો દુનિયામાં એવા વૈભવ-સન્માન જોઈને મફતિયા રાગાદિ દ્વારા પાપનાં પોટલાં ન ઊભા કરતાં ધર્મબુદ્ધિ વધે, ધર્મના મનોરથ અને યોજનાઓ ઘડાય, ને તેથી પુણ્યનો ને પાપક્ષયનો લાભ થાય.

**કળા-વિદ્યા ઝટ કેમ શીખાય :-**

રાજપુત્ર આઠ વર્ષનો થતાં રાજા હવે એને કળાચાર્યને સોંપે છે. પણ કેવી રીતે ? કળાઓ શીખવા માટે એક અલાયદી જગામાં સ્વતંત્ર મકાન કરાવી એમાં કુવલયચંદ્રને કળાચાર્ય સાથે રાખવામાં આવે છે. ત્યાં કોઈ કુટુંબીજન વગેરેનો પ્રવેશ

નહિ; એમને મળવાનું નહિ. જેથી કળા-વિદ્યા સારી રીતે શીઘ્રતાથી અને એકાગ્રતાથી શીખી શકે; તેમ આ સંસ્કરણની વયમાં કોઈ ખોટા સંસ્કાર ન પેસી જાય. બાર વરસ એમ ચાલ્યું. માતાપિતાએ એ સમય દરમિયાન મોહ કેવા બાજુએ મૂક્યા હશે ? મોહઘેલા સ્નેહીસગાં અને તોફાનો મૂકાવ્યા હશે ? વિદ્યા અને સંસ્કાર સારા શી રીતે પ્રાપ્ત કરાય ?

**ખોટું એક પણ વાતાવરણ ન રખાય તો સારી વિદ્યા અને સારું સંસ્કરણ મળે.** નહિતર જીવને અનંત અનંત કાળના ખોટા રસ અને ખોટી વાસનાઓ તો ચાલી જ આવે છે, હવે અહીં આ ઉચ્ચ ભવમાં એના પોષક સંયોગ મળે પછી એ બધું ખોટું ઘસારે પડવાનું ? કે સારી રીતે દૃઢ થવાનું ? દા.ત. જીવને જગતનું આડું ને અવળું, રાખ ને ધૂળ, ઉપયોગીને નિરુપયોગી જોવા-સાંભળવાનો રસ તો છે જ; હવે અહીં એ બધું ફાવે તેટલું કરતા રહેવાય, તો એ આદત મજબૂત થતી જવાની કે બીજું કાંઈ ? નાનપણથી એમ ડાફોરિયાં મારતા રહેવાય, આચર-કૂચરમાં આંખ અને કાન ઘાલતા રહેવાય, તો એની આદતો મજબૂત જ બનવાની; પછી મોટા થયે એ સારી રીતે ચાલ્યા કરે એમાં શી નવાઈ ? એટલે તો આ ફરિયાદ ચાલુ જ છે કે 'ચિત્ત અમારું સ્થિર કેમ નથી રહેતું ? કેમ આડા અવળા વિચારો આવે છે ? આંખ ગમે તે કેમ દોડી જાય છે ? કાને મફતિયું બોલાતું કેમ પકડાઈ-સંભળાઈ જાય છે ?' નાનપણથી એવી આદત પડી હોય, પોષાઈ હોય, એટલે એવું ન બને તો બીજું શું બને ? અને એ પોષનાર છે નિમિત્ત અને વાતાવરણ. બિનજરૂરી કે બાધક દૃશ્યો અને શબ્દો આંખ-કાન સામે આવ્યા કરે એટલે અનાદિના રસિયા એ એમાં મોં ઘાલવાના. માટે બચપણમાં એવાં નિમિત્તો અને વાતાવરણથી આઘા રહેવાય, તો જ જે ને તે, આચર ને કૂચર, આડું ને અવળું કશું જ આંખ-કાન પર નહિ લેવાય, જોવાશે-સંભળાશે નહિ; ને તેથી ખોટી આદતો પોષાશે નહિ, ખોટું સંસ્કરણ વધશે નહિ.

બોલો, બાળકો પર આ ધ્યાન ક્યાં રાખો છો ? ગમે તેવા વિદ્યાર્થીઓની સ્કૂલમાં છૂટા મૂકી દો છો; મહોલ્લામાં કે બહાર રમતા છૂટા મૂકો છો; ઘરમાં ભણવા બેસે તે પણ છૂટા ચોરા જેવા ભાગમાં. ત્યાં એ આંખ-કાન અને ચિત્તને કેટલું રખડાવવાનો ? એવાં નિમિત્ત-વાતાવરણમાં તો એને નરસું ઘણું ઘણું મળવાનું; પછી સારું ઘડતર ક્યાંથી થાય ? જૂના ખરાબ રસ અને ખરાબ સંસ્કારો શી રીતે ઓછા થવાના ?

ત્યારે તમારે મોટાને પણ શું છે ? જેટલાં બિનજરૂરી તથા બાધક નિમિત્તો અને વાતાવરણમાં આંખ-કાન ઘાલો, એટલો આત્મા એમાં તણાવાનો; એટલી



મનની ચંચળતા ચાલ્યા કરવાની, માટે તો ઘરમાં બેસીને સામાયિક કરો એના કરતાં ઉપાશ્રયમાં કરો એમાં ફરક પડી જાય છે. ઘરમાં તો આંખ-કાન સામે કેટલું ય ફજૂલ તથા બાધક વાતાવરણ યાને દૃશ્ય અને શબ્દ આવ્યા જ કરે છે, ત્યાં પછી ચિત્ત એમાં ગયા વિના શી રીતે રહેવાનું હતું ? અને એવા ચંચળ ચિત્તે સારી એકતાના જાપ-ક્રિયા-અધ્યયનની સાધના શી રીતે થઈ જ શકે ?

**જીવનમાં આ બહુ જરૂરી છે કે આપણા આંખ-કાન-ફજૂલ અને બાધક નિમિત્તરૂપ દૃશ્યો અને શબ્દો પર ન જાય.**

એમાં ય બચપણમાં આ અત્યંત જરૂરી; જેથી ખોટી આદતો પોષાય નહિ, ઘડતર સારું થાય, કે જેથી પછી મોટા થયે જાગ્રત રહીને એવા મફતિયાં કે બગાડનારાં નિમિત્તો અને વાતાવરણ પર આંખ કે કાન ન લઈ જવાય. દૃઢવર્મા રાજાએ પોતાના દેવી પાસેથી વરદાન માંગીને મેળવેલા એકના એક પુત્રને વિદ્યા અને સંસ્કાર આપવા માટે આ યોજના કરી છે કે એક અલાયદા અલિપ્ત મુકામમાં એને કલાચાર્ય પાસે મૂક્યો છે; જ્યાં પોતાનો કે દીકરાની માતાનો યા બીજા કોઈ સગાંસ્નેહીનો સહવાસ જ નહિ. માત્ર હોશિયાર કલાચાર્યનો સંપર્ક, જે એનામાં રસપૂર્વક નવનવી વિદ્યાઓ અને ઉત્તમ સંસ્કાર આપ્યા જ કરે છે, આપ્યા જ કરે છે. આવું કેટલો કાળ ? બાર વરસ. ગ્રંથકાર કહે છે **'બારસ વરિસાઈં ઠિઓ અદીસમાણો ગુરુયણેણં.'** વડીલજનો ન દેખે એ રીતે કુવલયચંદ્ર આઠનો વીસ વરસે પહોંચ્યો ત્યાં સુધી કેળવાયો. આ રીતમાં એનું કેટલું વ્યવસ્થિત ઘડતર અને કળાવિદ્યાઓમાં કેવી નિષ્ણાતતા થાય ?

**પુત્ર પિતા પાસે :-**

બસ, સર્વ કળા અને શાસ્ત્રમાં પારંગત થઈ કુમાર આવ્યો પિતા પાસે. ભારે સ્નેહ અને ઉત્કંઠાભર્યા હૃદયે પિતાના પગમાં પ્રણામ કરે છે. રાજા પણ અનન્ય સ્નેહ અને ચિરકાળના વિરહથી ઉદ્ભવેલ આંસુ ભરી આંખે એના મસ્તક પર હાથ લંબાવી, સાથે આવેલ ઉપાધ્યાયને પૂછે છે, 'કેમ ? કુમારે કળાસમૂહ ગ્રહણ કર્યો ?'

ઉપાધ્યાય કહે છે, 'દેવ ! નથી ગ્રહણ કર્યો.'

આ સાંભળતાં જ રાજા એકદમ વજ્રના જેવો આઘાત પામે છે, પૂછે છે 'કેમ નહિ ?' એને શંકા પડી ગઈ કે શું કુમાર ઉદ્ધતાઈથી વર્ત્યો ?' અગર ઠોઠ નિશાળિયો બન્યો રહ્યો ? છે શું ? કેમ આ ના કહે છે ? ને જો ખરેખર એમજ બન્યું હોય તો બાર વરસ એમ પસાર કરવાનું પ્રયોજન શું સર્યું ? તેમજ કળા-વિદ્યા ગ્રહણ કરવાના અવસરે એ ન કર્યું તો પછી અનવસરે તો ગ્રહણ કરવાની

વાતે ય શી ? ત્યારે એ વિના ભાવી જિંદગી કેવી રેઢિયાળ ?

**માનવકાળ એ ધર્મ-અભ્યાસનો કાળ :-**

માનવભવમાં આ બધું લાગુ પાડવાનું છે. માનવભવ એટલે ધર્મકળા-ધર્મવિદ્યાનાં શિક્ષણ-સંસ્કરણનો ધરખમ અભ્યાસ કરી એમાં નિષ્ણાત બનવાનો અવસર. જેમ બાળ-કુમારકાળ વીત્યા પછી કળા-વિદ્યાના અભ્યાસ ન થાય, એમ માનવકાળ વીતી ગયા બાદ ગુણોનો ને ધર્મનો અભ્યાસ નહિ થાય. તો ગુણોના અને ધર્મના સારા અભ્યાસ અને નિષ્ણાતતા વિના પરભવના કાળે જિંદગી કેવી રેઢિયાળ અને દોષ-દુષ્કૃત્યોભરી બને ? કાળ ઓળખવાની જરૂર છે. બાળકને નાદાન મનથી ખાવું-પીવું-ખેલવું તો ગમે, પણ એમાં જ સમય વીતાવ્યે બરબાદી; એમ આપણને અહીં ઘર-દુકાન-કુટુંબ, આરંભ-પરિગ્રહ-વિષયો, ખાન-પાન-મોજ ગમે તો ખરી, પણ એમાં જ અમૂલ્ય માનવકાળ વીતાવી નાખ્યે કેટલી બરબાદી ? માટે નાદાન મનના સામે ન જુઓ કે એને શું ગમે છે. બાળકને નગમતા પણ માર્ગે વડિલો દોરે એમ એ વર્તે છે, એવી રીતે આપણને કપરા પણ લાગતા ધર્મમાર્ગે જ્ઞાનીઓ દોરે એમ આપણે વર્તવું જોઈએ. નહિતર પછી **'ધર્મેણ હીનાઃ પશુભિઃ સમાનાઃ' ધર્મ વિનાના મનુષ્યો પશુ જેવા છે,** એ હકિકતના પાત્ર બનીએ.

અહીં રાજાને શંકા પડી ગઈ કે શું કુમારે કશી વિદ્યા-કળા ગ્રહણ ન કરી ? એ આઘાત પામ્યો. ત્યાં ઉપાધ્યાય તરત ખુલાસો કરે છે.

**કળાગ્રહણ ન કર્યાનો ખુલાસો :-**

મહારાજ જરાય ખેદ ન કરો. આપ સમજો છો તેવું નથી. કિન્તુ કુમારે કળા નથી ગ્રહણ કરી એનો ભેદ આપની આગળ રજુ કરું છું. જુઓ આ જગત ઉપર પહેલા રાજા પ્રજાપતિ તો પોતે જ ધર્મ-અધર્મની વ્યવસ્થા-વહેંચણ કરનાર હતા. પછી એમણે પોતાના ભરત વગેરે સો પુત્રોને કળા શિખવી. તે એમણે ગ્રહણ કરી એમણે પણ એમના પુત્રોને-પૌત્રોને એ આપી. એમ કરતાં પરંપરાએ કળાસમૂહ રાજાઓમાં ઊતરતો આવ્યો. હવે કાળ એવી હાનિ પામ્યો છે કે એ ઉત્તમ કળાસમૂહને ગ્રહણ કરવા અને ધારી રાખવા સમર્થ કોઈ જ માણસ આ પૃથ્વીમંડળ પર રહ્યું નહિ. તેથી કળા બિચારી અશરણ બની ગઈ, એમાં એને આ કુમાર જડી આવ્યો, તેથી પોતે જ આવીને કુમારને સ્વયં વરી. તેથી મેં કહ્યું કુમારે કળાગ્રહણ કરવાનો પ્રયત્ન જ નથી કર્યો. એનો ભાવ આ, કે કળાએ ખુદે આવીને કુમારનું ગ્રહણ કર્યું છે' કહેવાનું તાત્પર્ય એ છે કે કુમારને કળા-વિદ્યા ભણવામાં કાંઈ મહેનત જ કરવી પડી નથી; જાણે બતાવી ને આવડી, અર્થાત્ કળાવિદ્યા કુમારને સ્વયં વરી ગઈ.



રાજાને આ સાંભળી ભારે ઉત્સાહ ચડ્યો. મનને થયું 'વાહ ! કુમારની કેવી ઊંચી યોગ્યતા !' કુમારને હરખભેર ખોળામાં લઈ આલિંગન દે છે. પછી પૂછે છે ઉપાધ્યાયને, 'કુમારે કઈ કઈ કળાઓ ગ્રહણ કરી ?'

ઉપાધ્યાય કહે, 'દેવ સાંભળો, લેખન, ગણિત, વ્યાકરણ, તર્ક, નાટ્ય, ગીત-વાજિંત્ર, જ્યોતિષ, વેદ, ગંધર્વ, કાવ્ય, સ્વપ્નશાસ્ત્ર, શુકનશાસ્ત્ર, અશ્વવિદ્યા, હસ્તિવિદ્યા, લક્ષણશાસ્ત્ર, દંતકર્મ, લેપ્યકર્મ, ચિત્રકર્મ, ધાતુ-રત્ન-ક્ષારાદિ પરીક્ષા, વેપાર...' વગેરે કેટલીય વિદ્યાઓ-કળાઓ ગણાવી.

કુમાર બાર વર્ષમાં આટલું બધું શીખ્યો ? એમ તમને આશ્ચર્ય થાય; પરંતુ એ સમજી રાખો કે ભણાવવાની ચોક્કસ પ્રકારની પદ્ધતિ હોય તો થોડા સમયમાં ઘણું ઘણું શિખવી શકાય છે; અને ભણવાનું પણ ચીવટ દઈને તથા રોજનાં પાકાં પુનરાવર્તન સાથે હોય તો સારામાં સારું શીખી શકાય છે.

**આજની શિક્ષણપદ્ધતિની વાત** તો કરવા જેવી નથી. એક બંગાળના પંડિત આવેલા તે કહેતા કે આજે ઘણા ઘણા ડિગ્રીધરો જોતાં દેખાય છે કે **પંડિતો વધ્યા પરંતુ પંડિતાઈ ઘટી ગઈ છે.**

કાશીના પંડિત કહેતા હતા કે મોટી મોટી એમ એ. વગેરેની ડિગ્રી ધરનારા સંસ્કૃતના પ્રોફેસરોને ત્યાંના પ્રાચીન પંડિતોને પૂછવા આવવું પડે છે, કેમકે પંડિતોનો બોધ એટલે ગ્રંથોના ગ્રંથો મોંઢે ! જાણે Living Library જીવંત જ્ઞાનભંડાર જોઈ લો. આપણી પ્રાચીન શિક્ષણપદ્ધતિ જ એવી છે કે વિદ્યા મગજમાં સ્થિર થઈ જાય.

ત્યારે અંગ્રેજોએ દાખલ કરેલી નવી શાળા-પદ્ધતિમાં તો વિદ્યા પુસ્તકમાં જ પડી રહે છે, વિદ્યાર્થીને એનો પરિચય મળે છે, પરંતુ બોધ ખંડ-ખંડ હોશિયારી જેવો. કહે છે ને 'Jack Of All, Master Of None' બધાનો જાણકાર કહેવાય પણ એકેયની નિષ્ણાતતા નહિ, કેમકે વિદ્યા પુસ્તકસ્થ, પણ હૃદયસ્થ નહિ. આજના છોકરાઓ પરીક્ષા પછી ઉનાળાની રજાઓ બાદ શાળામાં આવે અને જો ત્યાં જ એની ફરીથી પરીક્ષા લેવામાં આવે તો કેટલા વિદ્યાર્થી પાસ થાય ? અને પહેલા-બીજા નંબરના પણ વિદ્યાર્થીને માર્ક કેટલા મળે ?

આજની ગ્રંથ-લખવાની પદ્ધતિ પણ અજબ છે. ગ્રંથમાં ૫૦-૧૦૦ શાસ્ત્રોના રેફરન્સ દેખાય, અમુક અમુક પાઠસાક્ષીઓ જોવા મળે, પરંતુ એનો શું એ અર્થ છે કે એવા બધા ય લેખકને એટલા બધા શાસ્ત્રોનો સારો બોધ છે ? ના રે ના, એ તો તે તે શાસ્ત્રોની પ્રસ્તાવનાઓ જોવાની, એમાંથી પોતાના લેખના વિષયોમાં જે સહેજ પણે ક્યાંક સમર્થન મળે એવી એકાદિ એકાદિ વાત શોધી ગ્રંથમાંથી એના પાઠ સાથે તારવી લેવાની. અને પોતાના લેખમાં દાખલ કરી દેવાની. અથવા

એમેય ગ્રંથોના ગમે તે વચલા બે ચાર પાનાં જોયા, એમાંથી એકાદ એકાદ વાત સહેજ એવી મળી આવે કે જેને પોતાના લેખમાં ગમે ત્યાં ગમે તે રીતે જોડી શકાય. બસ, એના પાઠ તથા ગ્રંથનામ સાથે એમાં દાખલ કરી દીધી, અને આવી ૫૦-૭૫ સાક્ષીઓ આવી એટલે લેખનો દેખાવ મહાપંડિતાઈનો ગણાય.

**ખરી અભ્યાસ પદ્ધતિ :-**

જોવાનું તો એ છે કે જે શાસ્ત્રનો-વિદ્યાનો ભણેલો ગણાતો હોય એના હવે સામે પુસ્તકનો આધાર લીધા વિના એને મોંઢે મોંઢે ભણાવતા આવડે છે ? પોતે મોંઢે એવું સમજાવતો જાય, કે પછી વિદ્યાર્થી પોતાની મેળે પુસ્તકની લીટીએ લીટી બરાબર સમજી શકે. શિક્ષક પાસે ગમે ત્યાં ને ગમે ત્યારે વિદ્યા માગોને, એ તો જાણે જીવંત શાસ્ત્રની જેમ બોલવા જ માંડે. કારણ એક જ કે પોતે ભણેલા તે ચોક્કસ પદ્ધતિએ અને ગુરુનો મહાવિનય-સેવા સાચવીને. **વિનય વિના વિદ્યા નહિ.** આજે આ પાયાની વસ્તુ વિનય ક્યાં છે ? વિદ્યાર્થી નિરાંતે પાટલી પર બેઠાં બેઠાં સાંભળે અને માસ્તર કે પ્રોફેસર ઊભો ઊભો ભણાવે. ગુરુની સેવા ક્યાં છે ? તેમ ભણાવવાની પદ્ધતિમાં પણ આખા વિષયનું વિભાગીકરણ કરી દરેક વિભાગમાં ગણતરીબંધ મુદ્દાઓ ગોઠવીને એવું સંકલનાબદ્ધ રીતે આપવાનું કરાય, કે વિદ્યાર્થી આંગળીના વેઢે એ બધું ગણી બતાવે; તેમ એ દરેક મુદ્દાનું વિવેચન પણ એવું એની વ્યાખ્યા, એનાં લક્ષણ, એનાં દૃષ્ટાંત, ગુણ-દોષ વગેરે મુદ્દાસર રીતે કરાય કે એ વસ્તુ વિદ્યાર્થીની નજર સામે દર્પણ-ચાટલાની જેમ ખડું થઈ જાય, સરળતાથી મોંઢે થઈ જાય, એ પદ્ધતિ પણ ક્યાં છે ? એ નહિ, પછી વિદ્યાર્થી રોજ ને જ્યાંથી તે તે ગ્રંથ શરૂ કર્યો ત્યાંથી પહેલેથી બધું પારાયણ રોજ ને રોજ કરી જાય એ પદ્ધતિ ય ક્યાં છે ? એ તો આજનું ભણેલું ઘરે જઈ આજે કે કાલે જોઈ લે એટલે પત્યું; બીજે દિવસે ત્રીજે દિવસે...એમ રોજ એ જોવાનું યાદ કરવાનું કરે છે જ કોણ ? માત્ર પરીક્ષા વખતે જરા આડી અવળી મહેનત કરી જવાની, ૩૦૦ પાનાની ચોપડીમાંથી ૬૦ પાના જેટલાની વાત પૂછાય, એમાં ય આઠમાંથી ગમે તે પાંચ પ્રશ્નના ઉત્તર લખવાના એમાં ય ૧૦૦ માંથી ૩૫ માર્ક લાવવાના, એટલે તે વિષયમાં પાસ ! આ આજની શિક્ષણ-પદ્ધતિ છે. એમાં પછી બોધ કેવો હોય ?

**કુમારની વિશેષ હોંશિયારી ક્યાં ? :-**

રાજકુમાર કુવલયચંદ્ર પુરુષની બહોંતર કળામાં પારંગત થઈ ગયો છે, બાર વર્ષમાં ઘણું ઘણું શીખી આવ્યો છે. ઉપાધ્યાયે બધાની વિગત આપી. ત્યારે રાજા પૂછે છે 'આ બધામાં કુમારે કઈ કળા વિશેષ રૂપે ગ્રહણ કરી અને પચાવી દીધી છે ?'

ઉપાધ્યાય જવાબ કરે છે, 'મહારાજા ! કુમારને જે જે કળા આમ સામાન્યરૂપે



શિખવાડી, પણ કુમાર તો તે તે કળામાં અધિકરૂપે નિષ્ણાત થઈ ગયો છે. એટલે કોઈ કળા એવી નથી કે જેમાં વિશેષ પારંગતતા પ્રાપ્ત ન કરી હોય. છતાં મારે કહેવું જોઈએ કે કુમાર સકલ સૌભાગ્યના કારણભૂત અને સત્પુરુષની પહેલી લાયકીરૂપ દાક્ષિણ્ય પહેલું શીખ્યો છે. દાક્ષિણ્યથી (૧) એ બીજાની પ્રાર્થનાનો ભંગ નહિ કરે, અને (૨) અકાર્ય કરતાં શરમથી અચકાશે, બીજું પોતાના ઉત્તમ કુળને શોભાવનાર અને માન-પ્રતિષ્ઠાને વધારનાર વિનયને સુંદર આત્મસાત્ કર્યો છે. વળી અવસરે શું બોલવું, શું દેવું, શું કરવું, સ્વભાવ મધુર અને મૃદુતાભર્યો રાખવો, વગેરેની હોશિયારી વિશેષ પ્રાપ્ત કરી છે. અરે ! વિરોધીને પણ અપ્રિય લાગે એવું બોલવાનું એને નથી આવડતું. બધી કળા એને આવડી, પણ સ્નેહી કે દુશ્મનને પીઠ દેખાડવાનું એને નથી આવડતું.'

રાજા આ સાંભળીને ખુશી થઈ જાય છે, કહે છે 'સુંદર સુંદર'; કહેતાક કુમારના અંગ-પ્રત્યંગ સામે જુએ છે તો એ પણ સારા ઘડાયેલા જોઈ તોષ અનુભવે છે.

અહીં જોવાની ખૂબી છે કે ઉપાધ્યાયે છેલ્લે જઈને વિશેષ જાણકારી કયા વિષયમાં બતાવી ? બીજી કોઈ કળા-વિદ્યામાં નહિ, કિન્તુ દાક્ષિણ્ય, વિનય, અવસરોચિત બોલ-ચાલ, મધુર સ્વભાવ, સ્નેહીની વફાદારી, ગમે તેવા દુશ્મન કે સંકટ-આપત્તિ સામે નીડરતા વગેરેમાં હોશિયારી આવ્યાનું કહ્યું; અને તે હોશિયારી એટલે માત્ર એનું ભાષણ કરવાની નહિ, કિન્તુ એને જીવનમાં સુંદર પરિણમાવ્યાની, અમલી કર્યાની હોશિયારી.

**નવી પ્રજાના દરદનું નિદાન :-**

આ ઉપરથી સમજાશે કે, આજે સ્કૂલ-કોલેજ-યુનિવર્સિટી વગેરેનો વિસ્તાર અને મોટી મોટી ડિગ્રીઓ વધી જવા છતાં ગુનાહિત માનસ કેમ વધી ગયાં છે ? કેમ આજે વિદ્યાર્થી-જગત ઉલ્લંઠ બનતું જાય છે ? કેમ એની મોટી ફરિયાદો કરવી પડે છે ?

કારણ આ જ છે કે દાક્ષિણ્ય, વિનય, સેવા, અવસરોચિત વાણી અને વર્તાવ, મધુર મુલાયમ સ્વભાવ, સ્નેહીની વફાદારી, સંકટમાં નીડરતા, વગેરેમાં વિદ્યાર્થીને પારંગત બનાવવાનું મુખ્ય લક્ષ જ નથી; એ માટે કોઈ જ શિક્ષણ-સંસ્કરણનો પ્રયત્ન જ નથી. વિશેષ એ જ શિખવવું જોઈએ એ વાત દૃષ્ટિમાં જ નથી. ઊલટું માસ્તરો સિનેમા-ફિલ્મોની તથા બહારની દુનિયાની બિભત્સ, વિલાસી, ઉલ્લંઠ વાતો કહી ગભરું વિદ્યાર્થીના મનના અજુગતા ઉશ્કેરાટ વધારે છે, દાક્ષિણ્યાદિને બદલે અકાર્ય કરવાની રુચિ, અનુચિત બોલ, ચાલ અને કઠોર સ્વભાવને વેગ આપે છે. એટલે 'ફર્સ્ટક્લાસ પાસ' 'ફોરેઈન-રિટર્ન્ડ' વગેરે પર સન્માન-ગૌરવ થાય, પછી ભલે ને એ દાક્ષિણ્યાદિથી પરવારેલો હોય, એમાં શી નવાઈ ?

**માબાપોએ ખાસ ધ્યાન રાખવા જેવું છે, કે** સંતાનોને આજની નિશાળો અને મિત્રસંપર્કોમાં આ દાક્ષિણ્ય-વિનય-સેવા-મધુરસ્વભાવ, આદિનું શિક્ષણ નથી મળવાનું, તેથી એમને નાનપણથી જ પોતે જ એનું શિક્ષણ આપવું. એ માટે રોજ એમને પાસે બેસાડી ૦ા-૦ા કલાક સત્સંગ આપવો, નિશાળે શું ભણી આવ્યો, શું કરી આવ્યો, એની હાજરી લેવી, એમાં આવેલા અનર્થની સામે રદિયા-નુકસાન બતાવી એની અસરો ભુંસાવી નાખવી; અને સારી સારી ગુણવર્ધક વાતો કહેવી, દુનિયાના અનુભવ બતાવવા. આ રોજ, જાણે પ્રતિજ્ઞા હોય તે રીતે થવું જોઈએ. તમારા બીજાં સત્તર કામ હોય એ ગૌણ કરો, પરંતુ આ શિક્ષણકાર્ય મુખ્ય રાખો. નહિતર તમારા જ સંતાન દ્વારા ધર્મપરંપરાને ધક્કો પહોંચશે; ને એમાં મુખ્યપણે જવાબદાર તમે ગણાશો.

કુવલયચંદ્રકુમારની આ દાક્ષિણ્યાદિમાં વિશેષ પ્રવીણતા જાણી રાજાને ભારે તોષ થયો. હવે એ કુમારને એની માતા પાસે મોકલે છે. માતા પણ એનો વિનયાદિ જોઈ આશીર્વાદ આપે છે કે 'દીકરા ! સત્પુરુષના સ્વભાવને યોગ્ય તેં હૃદય બનાવ્યું છે, તું દીર્ઘ આયુષ્યવાળો થજે, દેવો ગુરુજનો વગેરેના પ્રભાવે સદા ઉદયવંતો બનજે.'

હવે અહીં એ જોવાનું છે કે હજી કુમાર હમણાં જ બાર વરસે માતાપિતાને ભેગો થાય છે અને ત્યાં કેવો એક અકસ્માત અણધાર્યો બનાવ બને છે કે જેથી માતાપિતાથી એ દૂર મૂકાઈ જાય ! બને છે એવું કે પ્રતિહાર આવીને રાજાને સમાચાર આપે છે. કે 'રાજવાટિકાએ જવાનો અવસર થયો છે.' એટલે રાજા સવારી સાથે બહાર નીકળવાની તૈયારી કરે છે. એ કહે છે, 'જાઓ સંગ્રામને યોગ્ય અશ્વોની પારખ નિમિત્તે આપણે આજે ઘોડેસવારી જ કરીએ. માટે ઘોડાઓ કઢાવો, અને કુમારને પણ સાથે આવવા જણાવો !'

રાજાના હુકમ મુજબ તરત તૈયારી થઈ ગઈ કુમારને પણ સમાચાર અપાયા, ભણેલો ગણેલો અને ઉંમરલાયક બનેલો પણ કુમાર માતાના આશીર્વાદ લેવા જાય છે, ને માતાને પ્રણામ કરી હકીકત કહે છે, ત્યાં એના માથે હાથ મૂકીને માતા કહે છે,

'વત્સ ! જાઓ જેમ બુદ્ધિમાન વડીલ ફરમાવે તેમ કરો અને સુખી થાઓ.'

આમાં પુત્રની લાયકી જો જો, અને માતાનો વિવેક જો જો. માતા નહિ જાણતી હોય એવી તો કેટલીય વિદ્યાઓ અને કળાઓમાં પુત્ર નિષ્ણાત બનેલો છે, છતાં મા તે મા, અને પોતે પુત્ર તે પુત્ર.

**ભણતરની મોટાઈ કરતાં ઉપકારિતાની મોટાઈ અને ગુણિયલતાની મોટાઈ ચડી જાય છે.**



અરિહંતપ્રભુ અને સિદ્ધભગવાનનું જ્ઞાન સરખું છે, ઉપરાંત સિદ્ધને ચાર ગુણ વધારે છે; છતાં અરિહંતની વિશેષતા એ, કે એ ઉપકારી છે, કેમકે સિદ્ધ થયેલાને સિદ્ધ બનાવનાર અરિહંતદેવ છે. માટે પંચ પરમેષ્ઠીમાં પહેલું સ્મરણ અરિહંતનું કર્યું, પહેલો નમસ્કાર અરિહંતને કર્યો. એ દૃષ્ટિએ મોટાઈ અરિહંતની પહેલી સ્થાપી.

બસ, એ રીતે પુત્ર ભલે બહુ ભણેલો હોય છતાં માતા એની ઉપકારક છે, તેથી માતાની એના કરતાં વડાઈ જ ગણાય. ઉપકારીની વડાઈ ભૂલવામાં તો કૃતજ્ઞતા ચુકાય.

**કૃતજ્ઞતા ચૂકવી એટલે પાયાની ખરાબી કહેવાય.**

'જયવીયરાય' સૂત્રમાં ગુરુજનપૂજાસેવા જે મંગાય છે એને લૌકિક સૌંદર્ય કહી, એ હોય તો જ લોકોત્તર સૌંદર્ય આવે. એમ વ્યાખ્યાકારે કહ્યું છે. અર્થાત્ ગુરુજનસેવા પાયામાં જોઈએ. ગુરુજનસેવામાં શું આવે ? ઉપકારી માતાપિતા, વિદ્યાગુરુ વગેરેની કૃતજ્ઞતા મન પર લેવાનું આવે; એમના પ્રત્યે પૂજ્યભાવ ધરવાનું, અને એમની ભક્તિ કરવાનું આવે. એ ન હોય તો પછી શુભગુરુયોગ અને એમના વચનની સેવારૂપ લોકોત્તર સૌંદર્ય ક્યાં સસ્તું પડ્યું છે કે એ એમજ મળી જાય ? એટલે જ કુવલયચંદ્રકુમાર માતાને પ્રણામ કરી આશીર્વાદ લે છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૧૫,તા.૨૩-૧૨-૧૯૬૭**

**વિવેકનું મહત્ત્વ :-**

ત્યારે માતાનો પણ વિવેક કેવો કે એ પુત્રને કહે છે કે 'વડીલ અર્થાત્ તારા પિતાજી બુદ્ધિમાન છે. એવા એ કહે તેમ તું કર અને સુખી થા.' વિવેકી જ મા આ માને કે દીકરાએ એના બાપનું કહેલું માનવા લાયક છે, માનવું જ જોઈએ. 'પોતાને બાર વરસે પુત્રમુખ જોવા મળે છે, એટલે બાપ પુત્રને ભલે કહે ચાલો ઘોડેસવારી ખેલવા, પણ પોતે પુત્રને પાસે બેસાડી રાખવાનો; નહિ જવા દેવાનો,' એ વાત અહીં નથી. તેમ 'પુત્રે કરવાનું તે પોતાના વિચારથી કરવાનું નહિ.' એવી માન્યતા પણ અહીં નથી. એ વિવેકનો પ્રતાપ છે.

**વિવેક એટલે સાર શું, અસાર શું, મુખ્ય શું, ગૌણ શું, મહાન શું, સામાન્ય શું, મહત્ત્વય કોને અપાય, કોને ન અપાય, વગેરેની સાચી સમજ.** એ વિવેક કહેવાય.

વડીલનો આદેશ એ મુખ્ય છે, પોતાની ઇચ્છા એ ગૌણ છે.

સંસાર અર્થ-કામ એ અસાર છે, ધર્મ એ સાર છે.

પરમાત્મા અને ગુરુ મહાન છે, આપણી જાત સામાન્ય છે.

કાયા તથા જડ વસ્તુઓ અને સ્વાત્મા, એ બેમાંથી સ્વાત્માને જ મહત્ત્વ આપવું જોઈએ.

આ બધું વિવેકથી બને.

**અવિવેકી શું શું કરે છે ?** વિવેક ન હોય એના હિસાબ આથી ઊંધા હોય. એ આત્મા કરતાં કાયાને જ મહત્ત્વ આપશે; ધર્મ કરતાં પૈસા ટકા અને વિષય સુખોને સારભૂત ગણશે; પરમાત્મા ને ગુરુ કરતાં પોતાની જાતને મહાન સમજતો હશે; અનિત્ય વિનશ્વર કંચન-કાયા-કુટુંબ વગેરેને જાણે કાયમી લેખીને વર્તશે; પર એવી કાયાને સ્વ જાત માની સ્વાત્માને યાદે ય નહિ કરે. અશુચિ કાયાને પવિત્ર માનવાનું કરશે, અને વારે વારે એને પવિત્ર રાખવાની જ મહેનત કરશે. આવા અવિવેકીપણાથી જ અવળા ધંધા કરી જીવ અનાદિ સંસારમાં ભટક્યા કરે છે; પહેલાં વિવેક આવે, તો પછી અવળા ધંધા છૂટી સત્પુરુષાર્થ લાધે.

**વિવેકના લાભ :-**

શાસ્ત્રો ભણવાનો અને જિનવચન સાંભળવાનો ઉદ્દેશ આ છે કે આત્મામાં વિવેક વધતો જાય. એ ભણવા-સાંભળવા છતાં વિવેક ન વધે તો મહેનત એળે ગઈ. વિવેકની વૃદ્ધિ થાય તેમ તેમ નવા સત્પુરુષાર્થના વિકાસ થતો રહે, એમાં જોમ વધતું જાય. એથી ચિત્તની-હૃદયની પ્રસન્નતા-પ્રફુલ્લિતતા-પવિત્રતાનો મહાન લાભ થાય; દુર્ધ્યાન અને ખોટા વિચારો અટકે; એથી કેટલાંય થોકબંધ અશુભ કર્મ બંધાતા અટકી જઈ શુભ કર્મનું ઉપાર્જન વધતું આવે. ત્યારે ભવાંતર વળી કેટલો બધો સુંદર નીપજે ! મૂળ પાયામાં વિવેકનો દીવડો જાગતો જોઈએ.

કુમાર કુવલયચંદ્રને વિવેકી માતાનો આદેશ-આશીર્વાદ મળ્યો, પછી એ પહોંચ્યો પોતાના પિતા પાસે. બાપ એનું માપ કાઢવા ઘોડાની જાતિઓ પૂછે છે. કુમાર વિદ્યાર્થી તૈયાર છે, અઢાર જાત ગણાવે છે. એનું ભાષણ લાંબું થતાં રાજા કહે છે, ‘બસ, હવે વિશેષ પછી સાંભળશું, ચાલો અત્યારે સવારીમાં.’ કુમાર એક ઘોડા પર આરૂઢ થાય છે, રાજા અને બીજા અમલદારો પણ એકેક ઘોડા પર સવાર બને છે.

**સવારી ઊપડી.** જ્યાં એ રાજમાર્ગ પર આવે છે ત્યાં નગરજનો કુમારનું અદ્ભુત રૂપ અને અશ્વ ચલાવવાની સુંદર આવડત જોઈ ખૂબ આકર્ષિત બને છે. એમાં ય સ્ત્રીઓ એ જોવા માટે દોડતી કેવાં કેવાં ભાન ભૂલે છે, કેવી કામવિવશ બને છે, પ્રશંસા કરે છે, વગેરેનું વર્ણન ચરિત્રકારે અભ્યાસપૂર્ણ લખ્યું છે. એમાં કવિ લખે છે કે કામવિવશ બનેલી સ્ત્રીઓ કોઈ નાચી ઊઠે છે. કોઈ પોતાની સખીનો હાથ દબાવે છે, તો કોઈ પોતાના અંગ, નાભિપ્રદેશ, છાતી વગેરે ખુલ્લા



દેખાડે છે, ત્યારે વળી બીજી પોતાના સાથળને સખીજનના શરીર સાથે દબાવે છે. આ બધાં મદન-મદનાં લક્ષણ છે, કામુક સ્ત્રીઓ આવાં અપલક્ષણો આચરીને ભોળાને ભુલાવે છે, કહે છે ને કે આજની કોલેજ કન્યા એમ જ ૭-૭, ૧૦-૧૦, ૧૫-૧૫ વિદ્યાર્થીઓને રમાડતી હોય છે. કન્યાઓના ને સ્ત્રીઓના આજના વેશ, અંગપ્રદર્શન, ને ચેનચાળા વગેરેમાં તણાતી યુવાન પ્રજા સદાચારી અને સાત્ત્વિક ક્યાંથી બનશે ?

**મનની લોહી પર અસર**-શરીરશાસ્ત્ર કહે છે કે માનસિક લેશ પણ વિકાર થવાથી લોહી ઊકળવા માંડે છે.

**વિકારાધીન લોહીનો ઊકળાટ વીર્યને ઓગાળે છે, વિકૃત કરે છે; અને એ રીતે ક્રમશઃ વીર્યનાશ થતો આવે છે.**

પછી સત્ત્વ ક્યાંથી ટકે કે વિકસે ? આજના સિનેમા, રેડિયોગીત, જાહેરાતો, છાપાની નવલિકાઓ, તથા કોઈના દુરાચારના સમાચાર, વગેરે વગેરે પ્રજાનું વીર્ય હણી-હણી એને નિઃસત્ત્વ બનાવી રહેલ છે. પૂર્વના કાળે પણ ભવાઈ વગેરે પતનસાધનો હતાં, પણ એટલું સમજતા કે આ આત્માને અહિતકર છે; તેથી માનવભવના મોંઘેરા કાળે આમાં ફસવું એ મૂર્ખાઈ છે. આજની વાત ન્યારી છે; પતનસ્થાનો ભારે વધી ગયાં ! વધી જવા છતાં એમાં કાંઈ ખોટાપણું લાગતું નથી ! પછી કોઈ વારે ય એથી દૂર ખસવાનું તો હોય જ શાનું ?

**આજની પ્રજાનું પતન :-**

આમ પતનનાં સાધનભૂત પહેરવેશ, અંગોપાંગ પ્રદર્શન સ્ત્રીરૂપદર્શન, ચિત્તમાં ગિલગિલિયાં કરાવે એવી વિલાસી કથાનાં વાંચન વગેરેમાં ફસાઈ ગયે કેવા વીર્યનાશ થતો આવે છે, અને એનાં કેવા ખતરનાક પરિણામ જન્મે છે, એનું આજના ભોળાઓને ભાન નથી. ‘આટલું જોયું-વાંચ્યું એમાં શું બગડી ગયું ? ઊલટું એમાં મઝા આવે છે. નવલિકામાંથી જાણવાનું મળે છે;...’ આવાં આવાં ઘેલાં આંધળિયા કરી એમાં ઝંપલાવે છે.

**પ્રત્યેક મોહમૂઢ રૂપદર્શન કે રૂપશ્રવણ યા રૂપસ્મરણ શરીરના રાજાતુલ્ય વીર્યને ધક્કો પહોંચાડે છે.**

**વળી ઈરાદાપૂર્વકના એ દર્શન-શ્રવણ-સ્મરણ જીવનાં સત્ત્વગુણનો પણ નાશ કરે છે.**

**વીર્યના નાશે મન-ઈંદ્રિયો દૂબળા :-**

શરીરનું વીર્ય અને આત્માનું સત્ત્વ તો જીવના અભ્યુદયમાં મહાન ભાગ ભજવે છે. એના પર મનની સ્ફૂર્તિ અને ઓજસ વિકસ્વર રહે છે.

વીર્યનો નાશ થયો તો મન કચરાપટ્ટી અને હલકટ વિચારોમાં ભમ્યાં કરશે,

ચંચળ બન્યું રહેશે, ઉત્તમ-ઉદાત્ત ભાવનાઓ માટે અશક્ત જેવું રહેવાનું. શરીરમાં પણ જોમ નહિ, એટલે એ મુડદાલ જેવું રહી સત્પરાક્રમ, સત્ક્રિયા વગેરેમાં સુસ્ત રહે. ઇન્દ્રિયો પણ વીર્યના અભાવે દુર્બળ પડી જાય.

**સત્ત્વના નાશે સુકૃતની હોંશ નહિ.**

ત્યારે સત્ત્વ હણાતું રહ્યું તો આત્મા મલિન વૃત્તિઓ, મેલી લાગણીઓ અને કામ-ક્રોધાદિના આવેશોને સહેજ સહેજમાં પરવશ થવાનો. કોઈ સારાં સુકૃત કે સદ્ગુણની વાત આવી તો સત્ત્વહીનતાને લીધે એની કોઈ હોંશ જ નહિ જાગે. દેખીએ છીએ ને કે કોઈ દાન ટીપ-ટપ્પાની વાત આવી કે કેટલાય માણસોના મન ખેદમાં પડે છે કે 'આ ક્યાં આવ્યું ?' જરાક શા ત્યાગની વાત આવી તો મન માંદું પડી જાય છે કે 'આમાં આપણું કામ નહિ.' કેમ એમ ? સત્ત્વ હણાઈ ગયું છે, નહિતર દા.ત નિયમ કરવાનો આવ્યો કે 'મહિનામાં ૫ કે ૧૦ દિવસ મીઠાઈ ન ખાવી,' હવે આમાં શી મોટી વાત હતી ? આમે ય ક્યાં રોજે રોજ મીઠાઈ ખાવાની આવે છે ? પણ નિયમ કરવાની વાત આવી ને ? એટલે સત્ત્વહીનતાને લીધે માંદા મનને એમ થાય છે કે 'બાધા કરું ને કદાચ ખાવાની તક મળી જાય તો શું થાય ?' આશામાં ને આશામાં જીવ મરે છે. પોતાનું લલાટ માપતો નથી કે 'ચાલુ સંયોગ મુજબ પોતાનું પુણ્ય સબળું છે કે દૂબળું ? પુણ્ય કેટલું પહોંચે છે ?' અને પુણ્યના તેવાં નાણાં વિના આશામાં તણાય છે કે 'કદાચ મને મળશે' શું પુણ્યના નાણાં વિના સુખ-સગવડનો માલ મળવાનો છે ?

**પુણ્ય નથી વધારવું એ કમનસીબી :-**

પાછી ખૂબી તો એ, કે પુણ્ય વધારવાનું મન નથી થતું. નહિતર તો હજીય એમ થાય કે પુણ્ય વધારવાથી કાં તો એ પુણ્યની ઉદીરણા થયે વહેલું ઉદયમાં આવી લાભ દેખાડે, અથવા પુણ્યજનક સુકૃતનું નિમિત્ત પામી ખજાને પડેલું સુસ્ત પુણ્ય જ ઉદયમાં આવી જાય ને માલ મળે એવું બને. પણ ના, પુણ્ય વધારનારા સુકૃત નથી કરવાં, સદ્ગુણ નથી કેળવવા, સારા સારા વિચારો અને સારી સારી ભાવનાઓમાં નથી રમતા રહેવું. આ કેવી મોટી માનવના અવતારે કમનસીબી છે ? વિટંબણા છે ? હજીય આ કરીને પછી જો આશા રાખતો હોય તો વાજબી ગણાય; પરંતુ એની જીવનમાં જરૂર જ નથી લાગતી. સંપત્તિ વખતે તો વાતે ય શી ? ત્યાં તો બસ એક જ વાત છે કે 'આપણને સારું મળ્યું છે ને ? તો લહેર કરો, જેને નથી મળ્યું એ બિચારા ધરમ કરે, તપ કરે, સામાયિક-પડિક્કમણું-પૌષધ કરે, વ્યાખ્યાન સાંભળે; પણ આપણને ક્યાંથી એવી ફુરસદ હોય ?' છે ને મદ અને બેપરવાઈ ? કારણ શું ? 'ધર્મની શ્રદ્ધા તો છે' એવું તો માને છે, પણ સત્ત્વ



નથી, એટલે એવા ધર્મપુરુષાર્થ કરી શકતો નથી, પછી ન કરવાનો બચાવ તો કરવા જોઈએ ને ? માટે ફુરસદનું બહાનું આગળ કરે છે. લક્ષ્મી અને એનાથી મળતા ભરપૂર વિષયોએ એને ગળિયો કરી નાખ્યો, એનું સત્ત્વ હણી નાખ્યું છે, એટલે જ આ વાત છે કે સત્ત્વ અને વીર્યનો નાશ ન કરો, પણ એને વિકસાવો, એનો વધારો કરતા ચાલો.

**કુવલયચંદ્રનું શું થાય છે ?**

વાત આ હતી કે રાજકુમાર કુવલયચંદ્ર નગરમાં થઈને ઘોડેસવારીએ નીકળ્યો છે ત્યારે નગરની કેટલીક સ્ત્રીઓ ભાનભૂલી બને છે, કામવિવશ થઈ મોહના ચેનચાળા કરે છે. ચક્ષુ ઇંદ્રિયનો મનોહર વિષય મળતાં સત્ત્વહીન બને છે. સવારી તો આગળ ચાલી, અને બધા નગર બહાર આવી ઊભા. ઘોડાઓનું પારખું કરવું છે કે કેવા તેજી ઘોડા છે, તેથી નગરની બહાર આવી ઘોડાઓને દોડાવી મૂકે છે. એમાં રાજા અને કુમારે પણ પોતાના ઘોડા દોડતાં મૂકી દીધા.

**કુમારનો ઘોડો આકાશમાં :-**

બસ, એટલીજ વાર. એવું એક મહાન આશ્ચર્ય થયું કે કુમારનો ઘોડો આગળ વધ્યો તો ખરો, પરંતુ જમીન પર નહિ, કિન્તુ તત્કાલ આકાશમાં જ ઊડ્યો. આકશ જાણે જમીન, તે એના પર ચારે પગે પગલાં કુદાવતો એટલી બધી ઝડપથી દોડ્યો કે થોડી જ વારમાં એ દૂર આકાશમાં અદૃશ્ય થઈ ગયો. રાજા અને બીજાઓ તો આંખો ફાડીને જોઈ જ રહ્યા કે 'આ શું ? ઘોડો, અને આકાશમાં દોડે છે ? એનો પીછો પણ શું પકડે ? કેમકે એની ગતિ-એનો વેગ અસાધારણ હતો. હજી આ લોકો જરાક વિચાર કરે કે શું કરવું એટલામાં તો એ દેખાતો જ બંધ !

**માણસનું ધાર્યું શું થાય ? અને અણધાર્યું શું અટકાવી શકાય ?** રાજાના મનને કે બાર વરસે ભણી ગણી તૈયાર થઈ હમણાં જ જોવા મળેલા સુપુત્રની ઘોડેસવારીની સુંદર કળા જોવા મળશે, ને પછી મહેલમાં પાછા વળ્યે એની સાથે પ્રેમગોષ્ઠી, પ્રીતિભોજન વગેરેના આનંદ મળશે, પરંતુ આવું કાંઈક ધારેલું ક્યાં પાર પડવાનું રહ્યું ? તો નહિ ધારેલી આ આપદા આવી ઊભી કે પ્રાણપ્યારા કુમારને વિચિત્ર ઘોડો આકાશમાં ક્યાંય ઊંચે દૂરનો દૂર ઉપાડી ગયો.

**જીવની જબ્બર મૂઢતા :-**

માણસનું ધારેલું ઘણું નથી બનતું અને અણધાર્યું બને છે એ ચલાવી લેવાય છે, પણ એને એનો કદી કંટાળો નથી આવતો એ કેવું આશ્ચર્ય ? કેવી જબ્બર મૂઢતા ? વિચાર નથી આવતો કે 'હાય ! આ તે કેવી દુર્દશા ? કેવી સાંસારિક વિટંબણા કે ધાર્યું બને નહિ, અણધાર્યું બન્યા કરે એવી જિંદગીની લોથ ખેંચ્યા

કરવાની ? તો પછી પાગલ મન શા સારું એવી બધી ધારણાઓ અને ઈચ્છાઓ જ કર્યા કરતુ હશે ? વળી પુણ્યનાં તેવાં નાણાં જ પહોંચતા નથી એટલે તો અણધારી આફતો આવે છે. તો પછી, એવા પ્રબળ પુણ્યના અભાવમાં રાંક જીવ શા સારું એમ માની બેસે છે કે 'મારે તો બધું અનુકૂળ જ રહે ? મારે કોઈ જ આપત્તિ-પ્રતિકૂળતા ન જ આવવી જોઈએ ?'

**બે ય બાબતો જીવને મૂર્ખ બનાવે છે,**

**(૧) એક તો, દૂબળા પુણ્યે પણ ઈચ્છાઓનો ધસારો રખાય તે; અને**

**(૨) બીજું, પુણ્યની કચાશ છતાં એકલા સુખનો જ હક-દાવો મનાય તે.**

બે ય ખોટા છે. ઈચ્છાઓનો ભાર પણ ખોટો અને એકમાત્ર સુખ-સગવડનો જ હકદાવો ય ખોટો.

**(૧) ધાર્યું ન બનવા પર ઈચ્છાઓ ઓછી કરો.**

**બહુ ઈચ્છાઓનાં નુકસાન**

**બહુ ઈચ્છાઓ-ધારણાઓ કર્યે જવામાં,**

(૧) જીવની પહેલાં તો લોલુપતા વધે છે.

(૨) અધીરાઈ વધે છે.

(૩) અ-ધરપત-અતૃપ્તિ પોષાતી રહે છે.

(૪) ચિત્ત એમાં વિહ્વળ-વ્યગ્ર-વ્યાકુળ રહે છે. જેની ઈચ્છા કરી એટલે એ હવે કેમ મળે, કેમ સિદ્ધ થાય, અગર અણગમતું ટાળવાની વાત હોય તો એ કેમ ટળે, એ ધ્યાન એ વ્યગ્રતા-વ્યાકુળતા રહ્યા કરવાની.

(૫) જીવ એના ઉપાયમાં ફાંફા માર્યા કરવાનો, પછી આત્મહિતની પ્રવૃત્તિ હાથમાં લીધી હોય તો ય એમાં સ્થિરતા નહિ, અને જીવ પેલામાં ભમ્યા કરવાનો. માણસ અસ્થિરતાની બૂમો માર્યા કરે છે, 'મારું ચિત્ત કેમ ધર્મશાધનામાં સ્થિર રહેતું નથી ?' એમ ફરિયાદ કર્યા કરે છે, પરંતુ એ નથી જોતો કે જીવને નવનવી ઈચ્છાઓ કેટલી સતાવ્યા કરે છે ?

**ચિત્તની અસ્થિરતાનું યાને ચંચળતાનું આ મોટું કારણ છે કે ડાઘાની જેમ નવનવી ઈચ્છાઓ ઊભી હોય છે અથવા ઊભી થાય છે.**

દા.ત. કાઉસ્સગ્ગમાં ધ્યાનમાં ઊભા, પરંતુ ત્યાં શરીર પર માખી કે મચ્છર બેઠો; હવે જો એ ઉડાડવાની ઈચ્છા ઊભી થઈ તો પેલું ધ્યાન ખોટકાવાનું, ચિત્ત એમાં સળંગ એકધારું નહિ ચાલવાનું. એ તો એ ઈચ્છા દબાવવી જ પડે કે 'મારે આ ધ્યાન પૂરું કરવા સુધીમાં એને ઉડાડવા જ નથી, એ ઊડે એમ હું ઈચ્છતો પણ નથી,' તો ચિત્ત એમાં નહિ જાય.



એમ મંદિરમાં પ્રભુદર્શને ગયા, ભાવભક્તિ કરો છો, એમાં ઘડિયાળ પર નજર ગઈ અને ઈચ્છા થઈ કે 'હવે જલ્દી ઘરે પહોંચી જઈ નાસ્તાપાણી પર ગોઠવાઈ જવું, નહિતર ઠંડું પડી જશે,' તો બસ, દાળમાં ડપકો પડ્યો, ચિત્ત ચંચળ બન્યું, એ ભાવભક્તિમાં સ્થિર રહે નહિ. એ તો ત્યાં મન મજબૂત કરી એ ઈચ્છાને રોકાય કે 'મારે એવી નાસ્તાની ઉતાવળ નથી; 'તો મન વિહ્વળ ન થાય.

**સાધના શુદ્ધ કેમ બને ? :-**

એટલા માટે તો 'યોગદષ્ટિ સમુચ્ચય' શાસ્ત્રમાં વિશુદ્ધ યોગબીજની સાધના માટે સંજ્ઞાનું રોકાણ અને નિરાશંસભાવ જરૂરી ગણ્યા. અર્થાત્ એ કહે છે, કમમાં કમ જ્યાં સુધી સાધના કરે છે ત્યાં સુધી આહારસંજ્ઞા, વિષયસંજ્ઞા વગેરે સંજ્ઞાને અટકાવ, એને ઊઠવા ન દઈશ, 'તેમજ આ ધર્મસાધનાનાં ફળરૂપે કોઈ માલ, માન, વાહવાહ વગેરે ઈચ્છીશ ના.' કેમ વારું ? એટલા જ માટે કે જો આહારસંજ્ઞાથી ખાવાની, કે વિષયસંજ્ઞાથી સારું જોવાની-સાંભળવાની વગેરેની ઈચ્છા થઈ, તો એમાં તણાનારું ચિત્ત સાધનાથી સ્થિર ક્યાંથી રહી શકે ? એમ તુચ્છ ભૌતિક ફળની ઝંખના બની રહેતી હોય, તો પણ ચિત્ત એમાં ગયા કરશે, એટલે પણ સાધનામાં એ સ્થિર નહિ રહી શકે. તો એવા ચંચળ ચિત્તથી સાધના શુદ્ધ ન બની શકે; મેલીઘેલી સાધના બનવાની; અને એથી દળદર કેટલું ફિટે ?

બસ, શુદ્ધ સાધના માટે કહો, કે ચિત્તની સ્થિરતા માટે કહો, ઉપાય આ છે કે ઈચ્છાઓ પર અંકુશ મૂકો. જો નાની મોટી ઈચ્છાઓની ખણજ ઊઠ્યા કરી, તો એ ચિત્તને જપવા નહિ દે, સારામાં સારી ધર્મસાધનાને પણ ડહોળી નાખશે. ભલે ને શ્રી સિદ્ધગિરિ ઉપર પ્રભુ આદીશ્વર દાદાને પૂજવા ઊભા, કે એમની ચૈત્યવંદન-સ્તુતિ આદિ ભાવભક્તિ શરૂ કરી, પરંતુ કુટિલ ઈચ્છાઓનાં ધાડાં કે એકાદ પણ ભળતી ઈચ્છા મનને એમાંથી ઊંચકશે, વિહ્વળ કરશે.

**પ્રભુદર્શનમાંથી ઊંચકનાર ઈચ્છા :-**

તમે જાણો છો કે પ્રભુનાં દર્શને ઊભા દર્શન કરી રહ્યા છો, અને વચમાં કોઈ આડો ઊભો, ત્યાં જો એ ઈચ્છા ઊભી થઈ કે આ ક્યારે ખસે ? તો દર્શન અને પ્રભુસ્મરણમાંથી ચિત્ત ઊંચકાઈ પેલાના ખસવાના વિચારમાં જવાનું. વળી ત્યાં પેલો આડે ઊભેલો ક્યારે ખસે, માત્ર એટલી ઈચ્છાથી જ કામ નહિ પતે; પેલો જો ખસવામાં વાર કરશે તો ગુસ્સો-અરુચિ-ઉદ્વેગ પણ ઊઠવાના. એટલે મોટા આદેસરદાદા મળવા છતાં ચિત્ત રાગદ્વેષમાં પડી જવાનું. જે વીતરાગ પાસે તો રાગદ્વેષથી બચવાનું શીખવાનું છે, ત્યાં જ રાગદ્વેષની હોળી ! કોણે ઊભી કરી ? નવી જાગેલી ઈચ્છાએ.

ત્યારે તમને સહેજે પૂછવાનું મન થશે કે,

**પ્ર.- તો શું પ્રભુદર્શનમાં આડે ઊભા રહે એ ખસી જાય એવું ન ઇચ્છવું ? અને ન ઇચ્છવું તો પછી કરવું શું ?**

ઉ.- પરંતુ અહીં એ જુઓને કે ઇચ્છા કર્યા પછી ચિત્તની પરિસ્થિતિ કેવી બને છે ? ઇચ્છા ભલે સારી કે 'આડે ઊભેલો ખસી જાય તો પ્રભુનાં દર્શન સારાં થાય,' પરંતુ એ જુઓ કે

(૧) એ ઇચ્છાની પાછળ મનમાં શાંતિ રહે છે કે ઊકળાટ થાય છે ?

(૨) સામાનું ખસી જવું તમારા હાથમાં છે ?

(૩) તમારી ઇચ્છા છે કે 'એ ખસે,' અને નથી ખસતો ત્યાં સુધી મન દર્શનમાં કે કષાયમાં ? અને

(૪) આવાં માત્ર બાહ્યથી અર્થાત્ ચર્મચક્ષુએ જ દર્શનો કરવાના સંતોષમાં અંતરમાં કાંઈ ઉતારવાનું થશે ?

શા સારું ફાંફા મારો ? જીવે એવાં કોરાં બાહ્ય દર્શન તો આ જનમમાં ય ઘણાં કર્યાં, અનંતાકાળમાં અનંતા કર્યાં, પણ હજી એ સ્થિતિ ક્યાં ઊભી થઈ છે કે પ્રભુનાં બહુ દર્શનથી હવે પ્રભુ જોવામાં આનંદ આવે છે, એવો રૂપસુંદરીઓનાં મોંઢાં કે છૈયા-છોકરા યા સ્નેહીઓનાં મોંઢા જોવામાં નથી આવતો ?

એવું ક્યાં છે કે હૈયામાંથી એનો રસ ઊડી જઈને વીતરાગની મુદ્રા જોવાનો જ અખૂટ રસ ઊભો થઈ ગયો હોય ?

એ સ્થિતિ ક્યાં છે કે સગાસ્નેહીઓના મોંઢાં નજરે બહુ ચડ્યા કરતા હોય તેથી મનને ગ્લાની થતી હોય કે 'વારે વારે રાગ કરાવ્યા કરે એવા આ રાગભર્યા મોંઢાની સામે ક્યાં અથડાવાનું આવ્યું ? ક્યાં સુધી આ લપમાં ઘસડાયા કરવાનું ?

**દર્શન આભ્યન્તરમાં કરો :-**

કેમ આ સ્થિતિ નથી ? કહો બાહ્યથી પ્રભુદર્શન કર્યાં પણ આંતરથી ક્યાં કર્યાં છે ? જરાક કોક દર્શનમાં આડો ઊભો કે દર્શનમાંથી ઊછળી પડ્યા, ગયા ગુસ્સામાં. ખરી રીતે તો એવા અવસરે બાહ્ય દર્શન મૂકી આભ્યન્તર દર્શનમાં ઊતરવાની તક આવી. મનને એમ થાય કે 'ચાલો સારું થયું ભાઈ વચમાં આવ્યા એ. હવે મને તક મળી કે લાવ આભ્યન્તરમાં દર્શન કરું. આડે ઊભેલા ભાઈની આરપાર જોઉં કે ભગવાન હૂબહૂ દેખાય છે ? અથવા આંખ અર્ધ-મીંચીને તપાસું કે ભગવાન આબેહૂબ દેખાય છે ? પ્રભુની કેવી સુરત ? કેવો ચહેરો ? કેવું લલાટ, ચક્ષુ, નાસિકા ? હોઠ બીડેલાની કેવી આકૃતિ ? ગાલ-હડપચી કેવાં ?'

જો આ કાંઈ દેખાતું નથી, તો દર્શન કેવાં કરેલાં ? પ્રભુને શા જોયા ? પ્રભુ



કશા ધ્યાનમાં ન લેવાના હોય તો બે મિનિટ શું, બાર મિનિટ ઊભા રહીને પણ શું કરવાનું ? વચમાં કોઈ આડે ઊભો કે ન ઊભો તેથી શી વિશેષતા ? જો મુદ્રા ધ્યાન પર નથી લેવી.

**પ્રભુદર્શનની શી જરૂર ? :-**

**પ્ર.-** પણ પ્રભુનાં દર્શને તો પ્રભુનું જીવન જ વિચારવાનું ને ? પ્રભુની બાહ્ય આકૃતિ ધ્યાનમાં ન લીધી તેથી શું ?

ઉ.- તો તો પછી કોઈ આડો ઊભો અને પ્રભુની આકૃતિ ન દેખાઈ એમાં શો વાંધો આવ્યો કે જેથી આડે ઊભેલા પ્રત્યે ઊકળી ઉઠાય છે ? પ્રભુની મુખમુદ્રા જો ધ્યાનમાં નથી લેવી, તો દર્શન થાઓ કે ન થાઓ સરખું છે. પ્રભુના જીવનનો વિચાર તો પ્રભુને સ્મરણપટ પર લાવીને થઈ શકે છે.

**પ્ર.-** તો શું દર્શનની જરૂર નથી ?

ઉ.- જરૂર તો મોટી છે. હા, જેને પ્રભુની મુદ્રા ધ્યાન પર નથી લેવી એને જરૂર શી ? બાકી તો પ્રભુનાં દર્શનનો મોટો લાભ છે.

**પ્રભુદર્શને વીતરાગમુદ્રા નજર સામે આવે; તેથી વીતરાગતાના ગુણો અને વીતરાગનું પૂર્વનું સાધક જીવન તથા પછીનું અનાસક્ત જ્ઞાનમય જીવન સ્મરણમાં લાવી શકાય.**

આ જીવની એવી ટેવ બની ગઈ છે કે બાહ્યનાં દર્શને તેવા તેવા આંતરિક ભાવ જાગે છે. કાપડિયાને જોતાં કાપડનો વિચાર, અને ઝવેરીને જોતાં ઝવેરાતનો વિચાર આવે છે. બૂઢી માતાને જોતાં માતૃ-ભક્તિનો ભાવ જાગે છે અને યુવાન પત્નીને જોતાં કામરાગનો ભાવ જાગે છે. તો પછી સહજ છે કે વીતરાગ પ્રભુને જોતાં એમનાં જીવન સુકૃતો અને ગુણોનો વિચાર આવે.

**રત્નો મૂકી કાંકરા વીણવાની દુર્દશા :-**

વાત આ હતી કે પ્રભુનાં દર્શન કરતાં કોઈને આડે ઊભેલા જોઈ એ કેમ ખસે એવા વિચારમાં ચિત્ત ચાલ્યું જાય છે; પણ કરેલાં દર્શનના સ્મરણનો કે વીતરાગના ગુણોનો વિચાર ત્યાં નથી આવતો. આ કેવી કમનસીબી ? અત્યારે તો આ સ્મરણ કે વિચાર કરવાનો અવસર છે, દર્શનની ક્રિયામાંથી ખસી ગયા પછી તો બીજાં કાર્યમાં પડ્યે એનો અવસર જ ક્યાં ? છતાં મૂઢ જીવને એ કોઈ દર્શનની આડે ઊભું ત્યારે પ્રભુનાં ગુણો સુકૃતો અને ઉપકારો યાદ કરવાનું સૂઝતું નથી, ને 'પેલો કેમ ખસે, કેમ ખસે,' એની રટણા સૂઝે છે ! આખી રત્નની ખાણ મળી છતાં કાંકરા વીણી ભેગા કરાય એ કેવી દુર્દશા ?

**ખોટી ઈચ્છાઓ :-**

કહો, રાંક જીવને ઈચ્છાઓ નિરંકુશ નિર્મર્યાદ પણે કરવા જોઈએ છે. સંયોગો પ્રમાણે ચલાવી લેવાનું અને મનને ધરપત રાખવાનું પાલવતું નથી; તે પાર વિનાની ઈચ્છાઓ કર્યે જાય છે.

**ફજૂલ ઈચ્છાઓ એ ઝેરી નાગણ છે; એ ચાલુ પવિત્ર વિચારસરણીને મૂર્ચ્છિત કરી દે છે.**

તમે ગમે તેવા સુંદર વિચારમાં ચડ્યા હો, પરંતુ જ્યાં કોઈ ફજૂલ ઈચ્છા જાગી કે તરત પેલી સારી વિચારધારા બંધ ! કેમકે મન એ ઈચ્છાની પૂર્તિની ગડમથલમાં પડી જાય છે. પ્રભુના નામનો જાપ કરતા હો, મન પ્રભુના વિચારમાં લાગ્યું હોય, પરંતુ જો એવી કોઈ ઈચ્છા જાગી કે 'લાવ જોઉં પેલું કોણ આવ્યું ?' તો બસ ખલાસ, મન અને આંખ બહારમાં જશે. ત્યાં પ્રભુની ચાલુ વિચારધારા બંધ પડવાની. બાહ્ય ઉચ્ચારણ કે આંતર ઉચ્ચારણ ખાલી જાપ કરશે પણ મન એમાંથી ઊંચકાઈ ગયું. ત્યારે મન વિનાની પ્રવૃત્તિનો કેટલો લાભ ? લાખ રૂપિયાના લાભને બદલે પાંચ રૂપિયાનો લાભ ! કોણે મહાલાભ ગુમાવરાવ્યો ? ફજૂલ ઈચ્છાએ. એ એવી ખતરનાક છે કે સારામાં સારા તત્ત્વચિંતન, શાસ્ત્રસ્વાધ્યાય, પરમાત્મ-સ્મરણ, કે અનિત્ય-અશરણાદિ શુભ ભાવનાની ધારાને તોડી નાખે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૬,અંક-૧૬,તા.૩૦-૧૨-૧૯૬૭**

ઉ.- ફજૂલ ઈચ્છાઓ રોકવાનો એક ઉપાય એ છે કે 'ચલાવી લેતાં શીખો.' જેની ઈચ્છા થાય છે એના વિના ચલાવી લેવાનું કરાય તો ઈચ્છા એમ જ શમી જાય. જા.ત. જાપ કરતાં જિજ્ઞાસા જાગી કે 'જોઉં પેલું કોણ આવે છે ? શું બોલે છે ?' ત્યાં તરત જ મન સમજી જાય કે 'મારે એ જાણ્યા વિના ચાલશે,' તો ત્યાં એ જિજ્ઞાસા એમજ શમી જવાની.

એમ તો આપણે જીવનમાં ઘણું ય ચલાવી લઈએ છીએ, ઘણીય વસ્તુ વિના, સગવડ વિના ચલાવી લઈએ છીએ; તો પછી ફજૂલ ઈચ્છાઓ પૂરી કર્યા વિના કેમ ન ચલાવી શકીએ ? ગરીબ માણસને પુણ્ય પહોંચતું નથી, પૈસા પહોંચતા નથી, તો મેવા-મીઠાઈ-રેશમી વસ્ત્રો અને ગાડી મોટર ગમતી છતાં એની ઈચ્છા એ ક્યાં કરે છે કે મારે આ જોઈએ ? એણે તો સમજી મૂક્યું છે કે 'આપણું એટલું પુણ્ય નથી, એટલે એ કિંમતી વસ્તુ વિના ચલાવી લેવાનું; અને ચલાવી લઈએ એથી કાંઈ જીવન અટકી પડતું નથી; તો મૂકને એની ઝંખના કરવાનું.'



આમ જો જીવનમાં ઘણી ય વસ્તુ ગમતી હોવા છતાં એની ઈચ્છા નથી કરવામાં આવતી કે 'આ મારે જોઈએ,' તો પછી એવી ફજૂલ વાત-વસ્તુ કે જેમાં કાંઈ માલ નથી એ મેળવવાની કે જાણવાની ઈચ્છા શા સારુ કરવી ? ફજૂલ વાત-વસ્તુઓ જો જુઓ કેવી કેવી હોય છે ?

**ફજૂલ વાત-વસ્તુના નમૂના :-**

દા.ત. કપડું પહેરીને ચાલ્યા, કપડાના છેડે જરા કરચલી દેખી, હવે એને સરખી કરવી એ, જુઓ તો, મામૂલી ચીજ છે. એમાં બહુ માલ નથી. પરંતુ જીવને એમ ને એમ યા દેવદર્શનાદિ ક્રિયા વખતે એ કરચલી પર ધ્યાન જતાં ઝટ એને સરખી કરવાનું મન થાય છે, ઈચ્છા થાય છે, અને આ ઈચ્છા પેલી સુંદર દેવદર્શનાદિની વિચારધારાનો ભંગ કરે છે. શું અહીં ઈચ્છિત વસ્તુમાં માલ છે ? કરચલી સરખી થાય એ શું કોઈ મોટો નિર્મળ યશ અપાવે છે ? શું ધર્મક્રિયા શોભાવે છે ? કશું જ નહિ, છતાં ય આવી મામૂલી ઈચ્છા ય રોકવાનું સત્ત્વ નથી. નિઃસત્ત્વ અજ્ઞાન જીવ આવી ફજૂલ ઈચ્છા કરીને મહાકિંમતી સાધના યાને અતિ અમૂલ્ય શુભ ભાવની ધારા તોડી નાખે છે. એવી ઈચ્છા પર જરાક કાબૂ મૂકી દે, તો કેટલો બચી જાય ?

એવું આડાઅવળા ડાફરિયાં મારવામાં કે કોણ આવ્યું કોણ ગયું એ જોતા રહેવામાં થાય છે. એમાં ય અંદરખાને જોવા જાણવાની ઈચ્છા થઈ હોય છે, પરંતુ જે જાણવું છે, તે ફજૂલ છે, માલ વિનાનું છે. અહીં પણ એવી ઈચ્છાને જતી કરી દે, મનને મનાવી દે કે એવું આચરકુચર અંટસંટ જાણીને શો ફાયદો ? ઊલટું એવા કચરા મગજમાં ઘાલવાથી મગજ નિર્બળ ફાસફૂસિયું થાય છે, તેથી તત્ત્વની વાતો ઉપયોગી વાતો મગજમાં રમતી રાખવાનું કૌવત રહેતું નથી; મન એમાં સ્થિર રહી શકતું નથી.

**મન સ્થિર કેમ બને ?**

**(૧) એ તો ફજૂલ માલ વિનાની વાતવસ્તુ મગજમાં ન ઘાલવાનો નિર્ધાર કરાય, ને ન જ ઘલાય, તો જ ઉપયોગી ઉત્તમ વાતમાં મન સ્થિર રહે,**

**(૨) એ માટે એવું ફજૂલ જાણવાની કે મેળવવાની ઈચ્છાઓ જ બંધ કરી દેવી જોઈએ.**

**રાંક જીવ ઈચ્છાઓનો મોટો ભાર ઊંચકે છે.** પણ હવે એ ઓછો કરી નાખવાની ખાસ જરૂર છે. એથી ધાર્યું ન બનવાની વિટંબણાથી પીડાવું ન પડે. ધાર્યું ન બને એ વિટંબણા જ છે ને ? તો ધારી જ શું કામ મૂકીએ ? થવા દો કાળ-કર્મ અને ભવિતવ્યતા મુજબ થાય તે. આપણે ખોટી ધારણાઓ-ઈચ્છાઓ કરવી જ નહિ. પછી એ મુજબ ન બને એની ચિંતા નહિ. ખૂબી તો એ છે કે

ચિંતા કરવાથી વળતું કાંઈ નથી. વળે તો હજી ઉપાય કરવાથી કાંઈ વળે. ચિંતાથી શું વળે ? પણ ઇચ્છા-ધારણા એ ચિંતાને ઊભી કરે છે.

'કુવલયચંદ્ર રાજકુમાર ઘોડો સારો ખેલાવશે, પછી મહેલમાં જઈ આનંદ-વિનોદ મારે થશે,' આવી રાજાની ધારણા કુમારનો ઘોડો આકાશમાં દૂર ઊડી જવાથી કડકડભૂસ થઈ, ને ચિંતા ભારે થઈ. ઇચ્છા-ધારણા કરો એટલે કદાચ એ ન સીઝવાનો ભય અને તેથી ચિંતા સળગવાનો ભય ઊભો છે.

આ ધાર્યું ન બને એની વાત થઈ. એમાં થતી વિટંબણા ટાળવા માટે મૂળમાં ધારણા ઇચ્છા પર જ કાપ મૂકી દેવો એ વાત થઈ. મને પ્રતિકૂળ બની આવે ? વગર ઇચ્છ્યે એ બની આવે છે અને દિલને ઉદ્વેગ થઈ આવે છે. એ રોકવા શું કરવું ?

**ઉદ્વેગ કેમ :-**

અહીં તપાસો કે ઉદ્વેગ કેમ થાય છે ? એટલા માટે થાય છે કે જીવ એ અણધાર્યું પ્રતિકૂળ બન્યું એને અજુગતું માને છે. શા માટે ભાઈ ? અજુગતું ? જે કાંઈ પ્રતિકૂળ બની આવે તે પોતાનાં અશુભ કર્મ વિના તો બને જ નહિ. જો અશુભ કર્મ છે તો પ્રતિકૂળ આવે જ. અનુકૂળ ચાલતું હતું તે શુભ કર્મની ધારાના પ્રભાવે. એમાં કચાશ પડી, ધારા તૂટી, ને અશુભ કર્મ ઉદયમાં આવ્યાં એટલે અણધાર્યું પ્રતિકૂળ આવ્યું.

**ઉદ્વેગ ટાળવા વિચાર :-**

હવે જો આ શ્રદ્ધા મજબૂત હોય કે 'શુભ કર્મથી અનુકૂળ મળે અને શુભની કચાશે અશુભથી પ્રતિકૂળ મળે' તો પ્રતિકૂળ બની આવતાં યા અનુકૂળ અણધાર્યું અટકી જતાં મનને થાય કે 'મારાં શુભ કર્મની કચાશે આમ જ બને ફિકર નહિ, પુણ્યના નાણાં ઓછાં હોય તો સુખ-સગવડનો માલ ઓછો મળે એ સહજ છે. તો જ્યારે મારે પુણ્યની કચાશ છે, તો એટલાં સુખ કે સગવડની આશા શા સારું રાખવી ? એનો હકદાવો શા માટે રાખવો ?'

જીવને અનુકૂળતામાં ઓછપ આવે કે પ્રતિકૂળ બની આવે ત્યારે ખેદ કેમ થાય છે ? 'હેં આ ઠીક ચાલતું હતું તે કેમ બગડ્યું ? કેમ આ પ્રતિકૂળ આવ્યું ?' આવી ફરિયાદ કેમ થાય છે ? કહો મનથી જાણે માની મૂક્યું છે કે 'હું તો એકલી સુખસગવડનો જ અધિકારી છું, મારે વળી દુઃખ અગવડ પ્રતિકૂળતા શાની આવે ?' આમ સુખનો જ હકદાવો રાખવા જતાં દુઃખ આવ્યે ફરિયાદ થાય છે. પોતાની જમીન પર પોતાનો હકદાવો રાખ્યા પછી સગો ભાઈ પણ એ જમીનમાંથી એક હાથ પણ જમીન દબાવે તો ઝગડો થાય છે ને ? 'હેં મારી જમીન શાનો દબાવે ?' એવું મનમાં ઊઠે છે ને ? એવું સુખસગવડમાં કમીના પડતાં કે દુઃખ-સગવડ



ઊભી થતાં, મનને થાય છે કે 'આ કેમ ?' રોદણાં શરૂ થાય છે, હાયવોય સંતાપ આકુળતા-વ્યાકુળતા મનને પીડે છે, ત્યાં ચાલુ સારી ધર્મસાધના પણ કોરાણે પડી રહે, મન એમાંથી ઊઠી જાય, અને પેલા વલોપાતમાં પડે છે. આ બધું શાના ઉપર ? પુણ્યની કચાશ છતાં સુખસગવડ પર હકદાવો રાખવા પર.

**યોગ્ય વિચારણા :-**

સુખસગવડ મળે એ ભોગવી લે પણ જો એના પર હક્ક ન રાખે 'કે મારે તો આવું જ હોય, આવું મળવું જોઈએ,' પણ સમજી રાખે કે 'આપણું કાંઈ એવું સબળ પુણ્ય નથી કે બધુ ટીપટોપ અનુકૂળ મળે. પુણ્યના અધુરા છીએ, પુણ્ય પાતળું છે. અધુરા કે પાતળા પુણ્યમાં બધી જ અનુકૂળતાના હકદાવા શા રાખવા ? અનુકૂળ ઓછું ય મળે, પ્રતિકૂળ પણ આવે એ સ્વાભાવિક છે. તો ફિકર નહિ આવવા દો એને;'-આવું વારંવાર મનમાં ઘુંટી રાખ્યું હોય, તો પછી અનુકૂળતામાં વાંધો પડતાં કે અચાનક અણધાર્યું પ્રતિકૂળ આવી પડતાં મનને ખેદ નહિ થાય, રોદણું કે ફરિયાદ નહિ ઊઠે કે 'આવું કેમ થયું ?' ગરીબ માણસ બજારમાં બધું જુએ છે, પણ રોદણાં ક્યાં રુએ છે કે 'આ માલ મને કેમ મળતો નથી ?' કેમ આ વેપારી પેલાને માલ આપે છે ને મને નથી આપતો ?' ના, કશી ફરિયાદ નહિ, કચવાટ નહિ, રોદણાં નહિ. કેમ નહિ ? સમજી મૂક્યું છે કે 'આપણી પાસે નાણાં નહિ તેથી માલ મળવાનો કોઈ હક્ક નહિ, વગર હકે ઓરતા શા કરવા કે આ કેમ ન મળે ને પેલું કેમ ન મળે ?' આ સમજ હોય પછી રોદણું શું ? એમ પુણ્યની કચાશનો ખ્યાલ હોય અને એથી જ એકલી સુખ-સગવડનો હકદાવો ન રખાય, તો અનુકૂળતામાં વાંધો પડતાં કે અણધાર્યું પ્રતિકૂળ આવી ચડતાં કોઈ રોતડવેડા કે ફરિયાદ નહિ ઊઠે.

**પોતાના પુણ્યનું માપ કાઢો :-**

માણસે પોતાની પ્રાપ્તિ ઉપર પોતાના પુણ્યનું માપ કાઢી રાખવું જોઈએ. કોઈ મોટો શ્રીમંત છે, પૈસા સારા કમાય છે, તેમ સ્વભાવ-વર્તાવ સારા છે, છતાં સગાં સ્નેહી તેનું વચન જો ઝીલતા નથી, એમને એ જો વહાલો-મનોરમ નથી લાગતો, તો એણે સમજી રાખવું જોઈએ કે 'સારી કમાણીના હિસાબે લાભાંતરાયનો ક્ષયોપશમ સારો છે, પણ આદેય નામકર્મ અને સૌભાગ્ય નામકર્મનું પુણ્ય તેવું મળ્યું નથી, એમાં કચાશ છે; માટે સહેજે પોતાનું વચન ન ઝીલાય; પોતે સામાને વહાલો ન લાગે. એવી પુણ્યની કચાશ હોય પછી એવો હક શા માટે માનવો કે મારું વચન બધા કેમ ન માને ? મને બધા કેમ વહાલથી ન આવકારે ?

**હકદાવા છોડવાથી બચાવ અને લાભ :-**

પ્રાપ્તિ ઉપર પુણ્યનું માપ કાઢવાથી ખોટા હકદાવા નહિ કરાય. પછી વગર હકનું ન મળવા પર રગડા-ઝગડા નહિ કરાય, નિસાસા નહિ નખાય, દુર્ધ્યાન-સંકલ્પ-વિકલ્પ નહિ થાય. પુણ્યનું માપ કાઢી, પુણ્યની કચાશ સમજીને સારી અનુકૂળતા-સગવડોના હકદાવા છોડી દેવાથી કેટલો બધો બચાવ ? લાભ કેટલા બધા ? સમજી લીધું કે તે તે બાબતમાં આપણું પુણ્ય જ કાચું છે, તો બીજાના આદર-સન્માન લેવા, વહાલ લેવા ખોટા વલખાં ન મારવાં. શા સારુ માનવજીવનનો અમૂલ્ય સમય અને અમૂલ્ય તન-મન-ધનની શક્તિનો એવા નિષ્ફળ માર્ગે અપવ્યય કરવો ? એના કરતાં લાવ ને દેવ-ગુરુ-સંઘ-શાસ્ત્રની જ શક્ય સેવા સરભરા ન કરું ? શેઠને ત્યાં ત્રણ આંટા મારવા કરતાં સાધુ ભગવંત પાસે જ ત્રણ આટા કાં ન મારું ? વહાલા-વહાલેસરી પાછળ પૈસા ખરચવા કરતાં મારા દેવાધિદેવ અને અને એમના શાસનની સેવામાં ધન કાં ન ખરચું ?' આમ કેટલાંય સુકૃત અને શુભ કૃત્યોનો લાભ થાય. આ બધું શાના ઉપર ? પોતાનાં પુણ્યની કચાશ સમજી સુખસગવડનો હકદાવો છોડી દેવા પર. પછી અણધાર્યું બને એના પર અફસોસી નહિ. એમ ઈચ્છાઓ-ધારણાઓ ઓછી કરી નખાય તો ધાર્યું ન બનવા પર જે ઉદ્વેગ થાય છે તેને જગા જ નહિ મળે.

**કુમાર ક્યાં ? :-**

કુમાર કુવલયચંદ્રને ઘોડો આકાશમાં ઊડી દૂર ઉપાડી જાય છે એના પર પિતા રાજા 'આ અણધાર્યું શું બન્યું ? ધાર્યું ક્યાં રહ્યું ?' એવી અફસોસીમાં પડે છે. અહીં કુમાર વિચારમાં પડ્યો કે,

'અરે ! આ કેમ ઊડ્યો ? લાગે છે કે કોઈ દેવ જ આ ઘોડાના રૂપમાં આવ્યો હશે. તો લાવને છરી કે બાણના પ્રહારથી જોવા દે આ કોણ છે ? કાં તો એ પડશે, યા પોતાનું રૂપ પ્રગટ કરશે.'

કુમારે હજી દુનિયા જોઈ નથી, દુનિયાના પ્રપંચ અનુભવ્યા નથી, પરંતુ એણે જે બાર વરસ કળા-વિદ્યા સાથે સત્ત્વ, દાક્ષિણ્ય, નીડરતા વગેરેનું શિક્ષણ મેળવ્યું છે એ એને આવા સમયે ગભરાટવશ ન બનવા દેતાં બાહોશ બનાવે છે. એને એવો ભય પણ નથી લાગતો કે 'ઘોડો શરીથી ઘાયલ થતાં કદાચ આકાશમાંથી નીચે પડે ને મારા પછડાઈને હાડકાં ભાંગે તો ?' કેમ ભય નહિ ? સાહસિક છે, એટલે સમજી રાખ્યું છે કે ઘોડો પડે તો મને કૂદીને નીચે ભૂસકો મારતાં શી વાર ? પૂર્વે બધી તાલિમ લીધી છે.

**ભણાવવાનું શું શું ? :-**



તમારા છોકરા બહુ આગળ આગળ ભણે છે ને ? વર્ષો વીતાવે છે ને ? એમ.એ;એમ.કોમ. વગેરે ડિગ્રીઓ લે છે ને ? એમાં કેટલા વરસ ગાળે ? સત્તર વરસ ? તે સીધે સીધા દર વરસે પાસ થાય તો; નહિતર ૧૮,૧૯,૨૦ વરસ પણ ખરા ને ? છતાં એનામાં આવી હોય આ નીડરતા ? શું દેખાય એનામાં આ સત્ત્વ, આ સાહસ, અને ઊંચેથી નીચે ખેમકુશળ કૂદી પડવાની આવડત ? શું ભણાવો છો ? માત્ર રૂપિયા કમાવાની વિદ્યા. પણ એકલા રૂપિયા કમાયે દળદર શું ફીટશે ? જીવન કુશળતા ભર્યું, સુખમય શાંત અને સાત્ત્વિક, તથા બીજાને અનેક રીતે ઉપકારી નીવડનારું શી રીતે જીવી શકશે ? શું આ જરૂરી નથી ? એકલા રૂપિયા જ જરૂરી છે ?

**હેં, રૂપિયા પહેલા જરૂરી ?**

**કે આ કુશળતા, સત્ત્વ, પરોપકાર વગેરે પહેલા જરૂરી ?**

આ ગુણો વિનાના માણસો એકલા રૂપિયા પર તો કબૂતરાની જેમ કાયર-મૂઢ અને સ્વાર્થાંધ જીવન જીવે છે; અથવા પિશાચી-રાક્ષસી લીલા ખેલતું જીવન જીવે છે. માટે રૂપિયાની વિદ્યાનાં મહત્ત્વ ન આંકતાં, આ હોશિયારી અને ગુણોની વિદ્યાનું મહત્ત્વ આંકી એની તાલિમ આપવાની જરૂર છે. અમે આ કહી શકીએ ? કહીએ છીએ એટલા માટે કે જિનેશ્વર ભગવાનના શાસનની સુંદર આરાધના કરવા માટે ગુણો, સાધના માટે સત્ત્વ, આપત્તિમાં નીડરતા, તથા દેવ-ગુરુની ઉપાસના અને ધર્માનુષ્ઠાનમાં કુશળતા, પરોપકારબુદ્ધિ વગેરે ખૂબ જરૂરી છે; એ હોય તો જ સુંદર કોટિની આરાધના થાય. તપાસજો કદાચ તમારી આરાધનામાં ય એ જોમ નહિ, ને દુન્યવી જીવનમાં ય એવો માલ નહિ દેખાતો હોય, તો એની પાછળ આ સત્ત્વ વગેરે ગુણોની ખામી જ કામ કરી રહી હશે. એ ખામી પણ નાનપણથી ગુણોનું શિક્ષણ નહિ મળ્યું એના કારણે છે. તો હવે એ ક્યાં અને ક્યારે મેળવવાના ? પરંતુ કમમાં કમ છોકરાઓનાં તો એવાં શિક્ષણ ઘડતર-કરવાનો માથા પર ભાર જરૂર રાખો.

**પ્ર.- પણ એવું ઘડતર શિક્ષણ કરવું કેવી રીતે ?** નિશાળમાં તો શીખવાતું નથી.

ઉ.- એ તો આજની હકીકત છે. માટે ઘરે ઘડતર કરો.

(૧) એવો રોજનો ઘરે કાર્યક્રમ રાખો કે રાત પડ્યે સંતાનને પાસે બેસાડી એવી કથાઓ કહેવાની, એવાં તત્ત્વ સમજાવવાનાં, એવાં અનુભવ આપવાના.

(૨) વળી અવારનવાર સત્ત્વ-નીડરતા-કુશળતા-પરોપકાર ખીલે એવાં કાર્યમાં એમને જોડવાના. એમાં ચોપડીનું ભણતર બગડે એવી બીક રાખશો મા; નહિતર ઘડતર નહિ થાય.

**ઘડતર વિનાના કોરા ભણતરની કોઈ કિંમત નથી.** છોકરામાં વિનય-સેવા કૃતજ્ઞતા-દાક્ષિણ્ય આવે એ માટે એને પિતાએ એની માતાના કાર્યમાં પણ જોડવો જોઈએ. તો જ સારું ઘડતર થાય. નહિતર તો કોરું ભણી ભણીને એ ઉલ્લંઠ થશે. માતાને અવગણશે, વિષયાંધતામાં પત્નીનો પૂજારી થશે. એમ એનામાં સત્ત્વ ખીલે એ માટે ત્યાગ-તપ-સહિષ્ણુતાનો પણ મહાવરો આપતા રહો.

(૩) સારા મુનિમહારાજો કે ઉત્તમ શ્રાવકજીવન જીવનારા સુબુદ્ધ શ્રાવકો-વિદ્વાનો પાસે વિદ્યાર્થીઓને રસ પડે એવા ધાર્મિક-આધ્યાત્મિક શિક્ષણ-સંસ્કરણ અપાવવાના કાર્યક્રમ યોજો, જેથી એને 'વિશ્વ શું; ? વિશ્વમાં પોતે કોણ ? વિશ્વ સાથેના પોતાના સંબંધ શા ? વિશ્વનું સંચાલન શી રીતે ચાલે છે ? આત્માની અવનતિ કેવી અને શાથી ? ઉન્નતિ શી અને કયા ઉપાયોએ ? તત્ત્વો ક્યા ? આચાર શા ? માનવજીવનની મોટી કિંમત કેમ ?'...વગેરે વગેરેનું હૃદય-સ્પર્શી ભાન થાય, અંતરાત્મા જાગે, જ્ઞાનદૃષ્ટિ ખૂલે, આપણા પરાક્રમી પૂર્વજોનો ગૌરવવંતો ઈતિહાસ જાણવા મળે, એમાંથી પ્રેરણાઓ લે, હૃદય પરિવર્તન થાય, જીવન સુવ્યવસ્થિત બનાવે. આ આજના કાળે શક્ય છે.

(૩) એક ઉપાય સાહિત્યનો છે. આજના છોકરા છોકરીઓને વાંચવાનું બહુ વધી ગયું છે. સારું સારું જો વાંચવા નહિ આપો તો કચરાપટ્ટી ઘણું સાહિત્ય બહાર પડે છે તે વાંચી વાંચીને મગજ ખરાબખસ્ત કરી નાખશે. આજના છાપાના અહેવાલો, નવલિકાઓ, નોવેલો, મેગેઝિનો, વગેરે ઘણું વંચાય છે. સાહિત્યકારો પ્રકાશકો અને છાપાવાળાઓ પૈસા કમાવાનો ધંધો લઈ બેઠા છે. વિષયોન્માદી માનવમનને ગલગલિયાં થાય એવું સાહિત્ય ઠમઠોક બહાર પડે છે; જેથી વિષયભૂખ્યા બહુ જીવો એને ખરીદી જાય એટલે પેલાઓને ધીખતી કમાણી થાય. આના પર આજની ગભરું પ્રજાની દશા કઈ ? વાસનાઓનાં ઉત્તેજન કેવા જાલિમ થાય ? વિકારોનો હલ્લો કેવો ઊઠે ? આવાં પાપ સાહિત્ય સામે જો (equivalent) સમાન-આકર્ષક-આધ્યાત્મિક ભવ્ય પ્રેરણાથી ભરેલું સાહિત્ય નહિ મૂકો તો નવી પ્રજાનું રક્ષણ શી રીતે કરવાના હતા ?

ઉત્સવ-મહોત્સવથી સંતોષ માનો છો, પરંતુ આજનાં અશ્લીલ અને કામોત્તેજક સાહિત્ય, સિનેમા અને ઉદ્ભટ વેશ-વર્તાવથી વહી જતી નવી આર્ય પ્રજા અને સુધરેલી પ્રૌઢ પ્રજાને એ કારમી વિષયાંધતા, વિલાસિતા અને ઉદ્ભટતાથી પાછી વાળવા કશું કરવાનું છે ? પેલાં ઝેર ઓકાવી નાખવા કોઈ યોજના છે ? કાંઈ ખરચ કરવાનો ખરો ? ના, એનો કશો વિચાર કરવો નથી, કાંઈ કરવાની કશી જરૂર જ લાગતી નથી, પછી ભલે ક્રિશ્ચિયનો એનું ફેલાવે, આર્ય-સમાજીઓ, બૌદ્ધો, યોગ-



આસનવાળા, અને સોનગઢ કાનજી મતવાળા તથા તેરાપંથીઓ એમનું ચલાવે, આપણે કશું કરવું-કરાવવું નથી,' આ માન્યતા લઈને બેસી ગયા છો. ભવિષ્યનો વિચાર છે ? નાક રાખવા અને જગતમાં નામના લેવા હજારો રૂપિયા તોડી નાખતાં આવડે છે, સમ્યગ્જ્ઞાન ફેલાય એવું સાહિત્ય પ્રચારવા કાંઈ ખરચવું નથી.

નક્કર ઉપાયો યોજ્યા વિના નવી પ્રજામાં સારું ઘડતર-સંસ્કરણ નહિ આવે. કુમાર કુવલચંદ્ર ઘડાયેલો છે, સંસ્કારી છે, તેથી નીડરતા, સત્ત્વ, સ્વસ્થતા વગેરે રાખી પોતાને આકાશમાં ઊંચકી જતો ઘોડો ઘા ખાવાથી ભલે નીચે પડે તો પડે પણ પોતે તાગ કાઢવા નક્કી કર્યું કે આ કોઈ ગુપ્ત દેવ તો અશ્વરૂપ કરી નથી આવ્યો ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૧૭,તા.૬-૧-૧૯૬૮**

**અશ્વને છરી :-**

કુમારે જરા નીચા વળી અશ્વના પેટમાં છરી ભોંકી દીધી. બસ એટલી જ વાર; છરી ભોંકાતા અશ્વના પેટમાંથી લોહી નીકળવા માંડ્યું, અને એ સડસડાટ નીચે નખાઈ ગયો. કુમાર અચંબો પામે છે કે 'આ શું ? જો આ દેવ હોય તો લોહી નીકળે નહિ, ને જનાવર હોય તો આકાશમાં ઊડે નહિ. શું સમજવું ?'

કુવલયચંદ્ર વેરાન જંગલમાં એકલો અટૂલો મૂકાઈ ગયો છે. પણ એને કોઈ ડર નથી, યા તુચ્છ ચિંતા-સંતાપ નથી કે 'હાય ! અહીં હું ખાઈશ શું ? પીઈશ શું ?'

**જવાંમર્દનાં જીગર ડરપોક નહિ, તેમ તુચ્છ સંતાપવાળાં નહિ.**

એવા ડર-સંતાપ તો કાયરને ભળાવ્યા. કદી વિચાર્યું છે કે જીવન કેવા જીગરનું જીવવામાં મઝા શાબાશી અને અભ્યુદય ? કાયર કે શૂરવીર ? કાયર જીગર રાખવામાં શું આપત્તિ નથી આવતી ? આવે તો નથી વેઠવી પડતી ? રોગ જરા-મૃત્યુ કશું નથી આવતું ? બધું આવે છે, ને વેઠવું ય પડે છે. તો પછી કાયરતા રાખ્યે શું વળ્યું ? જીગર જવાંમર્દનું રાખી જીવન જીવનાની બલિહારી છે. મન હોંશમાં રહે છે. આપત્તિમાં પણ મન ફોરું રહે છે. ત્યારે બાકી મારે તો દૃઢ શ્રદ્ધા છે કે 'લલાટમાં લખેલું જ બનવાનું છે.'

**કુમારને આકાશવાણી :-**

કુમાર કુવલયચંદ્ર ભર જંગલમાં એકલો અટૂલો આકાશમાંથી નીચે મૂકાઈ ગયો, ઘોડો ખતમ થયો છે. એને કોઈ ગભરામણ નથી, પણ આશ્ચર્ય છે કે 'આ અપૂર્વ ઘોડો કોણ ? અને મને કેમ અહીં લઈ આવ્યો ?' ત્યાં આકાશવાણી થાય છે,

'રે રે કુવલયચંદ્ર ! સાંભળ, હજી તારે દક્ષિણ દિશા તરફ એક ગાઉ જવાનું છે, અને પૂર્વે કદી નહિ જોયેલું જોવાનું છે.' આકાશમાં આ બોલાતી વાણી સાંભળીને કુમારને વળી વિશેષ આશ્ચર્ય થયું કે 'અરે ! આ કોઈ મારું નામ પણ જાણે છે ? અને મને દક્ષિણ તરફ જવાનું કહે છે, તો તો લાવ દક્ષિણ દિશામાં જાઉં શું દેખવા મળે છે' એ તો ચાલ્યો આગળ.

**અટવી કેવી છે ? :-**

ત્યાં વિંધ્યાચળની મોટી અટવી છે. કવિ અહીં પ્રાકૃત ભાષાની ખૂબીથી એક જ શબ્દના બે અર્થ થાય એ રીતે અટવીનું ઉપમા દ્વારા વર્ણન કરે છે. કહે છે અટવી કેવી છે ? તો કે એક રણભૂમિ જોઈ લો. કેમકે જેમ યુદ્ધભૂમિ ઉપર ચાલુ યુદ્ધ વખતે બાણો ફેંકાતા હોય અને તલવારો ઝીંકાતી હોય, તેથી એ ભૂમિ એનાથી વ્યાપ્ત દેખાય, તેમ અહીં પણ સેંકડો 'શર'નામના ઘાસના છોડ ઊગેલા છે, તેથી એ પણ એથી વ્યાપ્ત છે. વળી અટવી જાણે જિનેશ્વરદેવોની આજ્ઞા, શાસન જોઈ લો. કેમકે જેમ એ શાસન મહાવ્રતોને લીધે જેવા તેવાથી ઝટ પ્રવેશ ન થાય તેવું, અને શ્રાવકોથી સેવિત હોય છે, એમ આ અટવી પણ 'મહવ્વય' અર્થાત્ મોટા સમૂહોથી સહેલાઈથી ફરી ન શકાય એવું તથા 'સાવસય' એટલે કે સેંકડો શ્વાપદો-જંગલી પશુઓથી સેવાતી છે. આવી અનેક ઉપમાઓથી શોભતી આ અટવી છે. કુમાર એ અટવીમાં અંદર અંદર ચાલ્યો જાય છે.

**વિચિત્ર દૃશ્ય :-**

કુમારે એવી અટવીમાં આગળ જતાં જતાં એક આશ્ચર્ય જોયું. વિકરાળ ક્રૂર ઘાતકી કહેવાય એવા સિંહ વાઘ વરુ વગેરે પ્રાણીઓ ત્યાં શાંત રીતે ચાલતા હતા ! ખૂબી તો પાછી એ હતી કે એની જોડાજોડ સસલાં હરણિયા વગેરે પશુ પણ નિર્ભયપણે ચાલતા હતા. શિકાર અને શિકારી બંને જાતના પશુ વચ્ચે મિત્રાચારી દેખાતી હતી. કુમાર આ જોઈ ચમત્કાર પામ્યો કે 'આ શું ? આ પરસ્પર વિરોધવાળા પ્રાણીઓ વિના-વિરોધ સાથે શાંતપણે ફરે છે !' મનને થયું કે શું આ જંગલ કે આ પ્રાણીઓ જ વિચિત્ર હશે ? ના, આ તો આ પૃથ્વીલોકની જ વસ્તુ છે. એમાં બીજા કરતાં આવી વિલક્ષણતા શાની હોય ? સનાતન કાળથી જે પરસ્પરને દુશ્મન દેખનારા પ્રાણીઓ, તે આવા પરસ્પરમાં પ્રેમથી વર્તનારા શાના હોય ?

**હલકા ભવે જનમવા માત્રથી બક્ષિસ :-**

સંસારની લીલા જ આવી છે કે બિલાડી ઉંદરને, સિંહ-વાઘ બકરીને કે હરણિયાને શિકાર તરીકે જ દેખે. એનો અર્થ એ કે તેવા તેવા પ્રાણીને એ જન્મસિદ્ધ બક્ષિસ. અહીં મનુષ્ય તરીકેના જનમમાં ભલે તે તે પ્રાણીને શિકાર તરીકે ન લેખ્યા



હોય, પરંતુ કોઈ રાત્રિભોજન આદિ પાપાચરણ અને ગાઢ આસક્તિ-રાગ-દ્વેષ-મિથ્યાત્વ વગેરે દુષ્ટ ભાવના લીધે જ્યાં બિલાડી-વાઘ-વરુ આદિના અવતારે જીવ જઈ પડ્યો કે જનમથી ઉંદર હરણ વગેરેને શિકાર તરીકે જ દેખે. પછી અહીં કરતાં ય કેવાં ઘોર ઘાતકી પાપાચરણ શરૂ થઈ જાય ? એનાં ફળરૂપે પછી હલકા ભવોની પરંપરા ચાલે ?

માટે જ એવા અધમ અવતારને નીપજાવનારા પાપાચરણો અને દુષ્ટ ભાવોથી બચવા જેવું છે. જીવનમાં કેટલાય પાપકૃત્યો કુટુંબીઓની શરમથી કે મૂઢલોકનાં અનુકરણથી યા લોકને સારું લગાડવા થાય છે; પરંતુ ત્યાં કર્મને શરમ રહે એવી નથી કે પાપકર્મ ન ચોંટે, પુણ્યને સારું લાગે એવું નથી કે એ ખુશ થઈ આત્મામાં આવી જાય.

**કર્મ તો જીવનાં પોતાનાં આચરણ અને ભાવને જુએ છે,** પણ જીવે એ સેવતાં લીધેલ નિમિત્તને નહિ. કોઈએ આપણને વગર ગુને ફટકાર્યા અને આપણે ગુસ્સો કર્યો, તો કર્મ એ નથી જોતું કે 'આ ગુસ્સામાં તો બીજાનો વાંક હતો માટે માફ કરો,' ના,

**જીવ પ્રત્યે કર્મસત્તાએ તો એક જ સૂત્ર રાખ્યું છે** કે બીજાના વાંકે પણ તેં મન બગાડ્યું તો લે સજા; અને તારો વાંક છતાં તેં પછીથી સમજુ બની મન સુધારી દીધું ? પાકો પસ્તાવો તપસ્યા આદરી ? તો લેતો જા ઇનામ. ખંધક મુનિ અને ઝાંઝરિયા મુનિના ઘાતક રાજાએ મુનિના વાંક વિના મહાત્માનો ઘાત કર્યો છતાં પછીથી મન સુધાર્યું તો સર્વ કર્મ નાશ કરી મોક્ષ પામ્યો. નાગદત્ત શેઠનો બાપ બોકડો બનેલો એના વાંક વિના ચંડાળે એને કાપી નાખ્યો, એમાં બોકડાએ મન બગાડી કાળી લેશ્યા કરી તો એ નરકમાં ઉત્પન્ન થયો.

**જોગીનું દૃષ્ટાંત : જ્ઞાન છતાં કર્મ ન છોડે :-**

શાસ્ત્રમાં એવો પ્રસંગ આવે છે કે એક માણસ બીજા ઉપર ખોટો આરોપ ચડાવે છે, જેથી પેલાને બિચારાને ભયંકર સજા થાય છે. આ આરોપ ચડાવનાર વ્યક્તિ એવું જાલિમ અનુબંધવાળું પાપ ઉપાર્જે છે કે એના પર ૧૦૮ ભવ સુધી તહોમત ચડ્યા કરે. એમાં જ્યારે છેલ્લો એકસો આઠમો ભવ થાય છે, ત્યારે હવે કર્મ સાવ ઘસાતું છે તેથી એ વૈરાગી જોગી થાય છે, અને એને સંયમ-તપસ્યાથી અવધિજ્ઞાન જેવું વિભંગજ્ઞાન થાય છે. એમાં એ જુએ છે કે 'બહુ પૂર્વ ભવનાં પાપાચરણને લીધે અહીં પણ આરોપ ચડવાનો, અને પોતે એમાંથી બચી શકવાનો નહિ.' તે બને છે એવું કે પોતે એક નગરની બહાર ઉદ્યાનમાં ધ્યાનમાં છે, અને એક ચોર કોકની રત્નપેટી ચોરી દોડ્યો આવે છે. પાછળ કોટવાળોને આવતા જોઈ

ચોર રત્નપેટી આ જોગી પાસે મૂકી દે છે અને ભાગી જાય છે. કોટવાળોએ આવીને જોગી પાસે પેટી પડેલી જોતાં જોગીને રાજા પાસે ઉપાડી ગયા. રાજા કહે છે 'અરે દુષ્ટ ! આ જોગીના બનાવટી વેશમાં રહી આ ધંધા કરે છે ?' સિપાઈઓને કહે 'જાઓ આને શૂળીએ ચડાવી દો.'

હવે અહીં જોગી ખુલાસો કરે તો ય તે કર્મસત્તા હેઠળ માનવા કોણ તૈયાર છે ? જોગી નિર્દોષ છે, તો ય કર્મસત્તા ક્યાં બચવા દે એમ છે ? ત્યારે જોગીપણાની રુએ જંગલમાં ભાગેલા ચોરની હકીકત કહે એમ નથી. એટલે સરવાળે આ, કે 'કર્મનાં લેખાં પૂરા કરો.' જોગીને શૂળીએ ચડવું પડ્યું.

**કર્મ કેવળજ્ઞાનીને ય ન છોડે :-**

**પ્ર.**- જ્ઞાન હતું તો બીજા જ સ્થાને જઈને બચી શકે નહિ ?

**ઉ.**- પ્રશ્ન અધૂરી સમજનો છે. જ્ઞાન હતું તો કેવું જ્ઞાન હતું ? એવું કે 'પોતાની ઉપર આરોપ ચડવાનો.' આ જાણેલું. બસ, હવે બીજા સ્થળે જાય તો ય શું ? ત્યાં કોઈ એવો જ બનાવ બની આવે કે આરોપનું નિમિત્ત ઊભું થઈ જ જાય. કર્મસત્તા ક્યાં છોડે ?

**નિકાચિત કર્મ રક્ષકની આંખમાં ધૂળ નાખે :-**

આ તો અવધિજ્ઞાનીની વાત છે, પરંતુ મહાવીર પ્રભુ તો કેવળજ્ઞાની હતા, સર્વજ્ઞ હતા, એમને બચવાના ઉપાય ન જડે ? પણ ના, નિર્ધારિત કર્મના ઉદય એમને ય છોડે નહિ. ગોશાળો આવીને એમના ઉપર પણ તેજોલેશ્યા મૂકી બેઠો. અલબત્ત આ પ્રભુના શરીરમાં પેસી શકી નહિ, પણ પ્રદક્ષિણા દઈને ગઈ એથીય પ્રભુને છ મહિના ગરમીની પીડા રહી. પ્રભુ વીતરાગ સર્વજ્ઞ હતા એટલે ભલે એ-સર્વજ્ઞ પહેલેથી બીજાને કહે નહિ કે 'ગોશાળો મારા પર આ રીતે તેજોલેશ્યા મૂકવાનો છે, માટે તમે સાવધાન રહેજો;' પરંતુ જઘન્યથી એક ક્રોડ દેવતા તો સાથે રહેનારા ખરા ને ? તે ક્યાં ગયા કે કોઈને ય આ સૂઝ પડી નહિ કે 'લાવ ગોશાળાને પહેલેથી રોકું ?' કહો, પ્રભુનું પૂર્વબદ્ધ નિકાચિત કર્મ ઉદયમાં આવવાનું તે કોઈને ય સૂઝ ન પડવા દે, બધાયની આંખમાં ધૂળ નાખે,' બધાયને ગફલતમાં અનુપયોગ-અજાણમાં નાખી દે.

**બે મહાન તત્ત્વ :-**

વાત આ છે કે,

(૧) કર્મસત્તા જો કેવળજ્ઞાનીને ય ન છોડે તો પછી આપણા શા ભાર કે એ આપણને છોડે ? માટે જીવનમાં સીધી લાઈને ચાલવા છતાં આવતી પીડાઓ -આપદાઓને આપણાં જ કર્મનાં નિર્ધારિત અનિવાર્ય ફળ સમજી એમાં આકુળવ્યાકુળ



ન થવું, બીજાને ગુનેગાર ન સમજવા, અને એ સહર્ષ સહી લેવી.

(૨) આપણે સીધી લાઈને ચાલવા છતાં દેખીતાં બીજાનાં નિમિત્તે આપણને પીડા આવી, ત્યાં જો આપણે મન બગાડ્યું, ને બીજા પર દ્વેષ, કાળીલેશ્યા વગેરે કરી, તો કર્મને શરમ નથી, એ તો તરત જ અશુભ રૂપે આપણા આત્મા પર ચોંટી જ જશે, ને એનાં ફળ પરલોકે ભૂંડા આવીને ઊભાં રહેશે.

**કામાંધ શ્રેષ્ઠિપુત્રનું દૃષ્ટાંત**

એક નગરમાં એક શેઠને કન્યા પરણાવવાની હતી. પરણાવવાનું તો એક અમુક શ્રેષ્ઠિપુત્ર સાથે નક્કી કરેલું, એટલે તે વરઘોડે ચડીને અહીં પરણવા આવ્યો. પરંતુ એ કન્યાને તો બીજા એક શ્રેષ્ઠિપુત્ર સાથે પ્રેમ હતો, ને એ પણ આ કન્યાને બહુ ચાહતો, તેથી એ પણ વરઘોડો લઈને અહીં પરણવા આવી ગયો, અને દમ મારીને કન્યાના બાપને કહે છે 'મારી સાથે જ તમારી કન્યાના લગ્ન થવા જોઈશે; નહિતર હું બીજા સાથે હરગિજ એનાં લગ્ન નહિ થવા દઉં.' બસ, ત્યાં આડ નાખીને ધામા નાખ્યા એણે.

**માનવ ભવે કર્તવ્ય :-**

છે ને શિરજોરી ? માનવજાતમાં પણ આવાં તોફાની તત્ત્વ હોય છે તેથી બીજાઓને બહુ વિમાસવું પડે છે. પણ પેલાને ક્યાં પડી હોય છે ? એને તો અશુદ્ધ પુણ્યના યોગે પિશાચી બળ મળ્યું છે, પિશાચી પૈસા અને સત્તા મળી છે તે એના આધારે જોર મારતા જ ફરવું છે. જંગલી પશુ અને મ્લેચ્છ જેવા મનુષ્યના અવતારે તો આવાં કામ કર્યાં, પણ ઉત્તમ આર્ય માનવ અવતારે પણ એ જ ? ખરી રીતે તો ઉત્તમ આર્ય મનુષ્યના અવતારે એનાં મૂલ્યાંકન કરી એથી ઊલટી રીતભાત જોઈએ. અર્થાત્ પૈસો-બળ-સત્તા-વિદ્વત્તા વગેરે મળ્યું છે, પણ એના પર શિરજોરી જોહુકમી નહિ, કિન્તુ અતિ નમ્રતા મૃદુતા ને સહનશીલતા રાખવી જોઈએ.

**સાચું તત્ત્વ** એ છે, સાત્ત્વિક્તા એ નમ્રતા-સહનવૃત્તિમાં છે. પેલામાં તો નર્યો તામસભાવ છે. સામો ગુસ્સો કરતો આવ્યો એને દબડાવી નાખવો એમાં સાત્ત્વિક ભાવ નથી, પણ તામસ્ પ્રકૃતિ છે. સાત્ત્વિક ભાવનો વિકાસ તો એમાં, કે એનો કોઈ પ્રતિકાર નહિ, સામનો નહિ, બચવાની તમન્ના નહિ, પણ સહર્ષ સહી લેવાનું. દુષ્ટોના ઉપસર્ગમાં મહાવીર પ્રભુએ શાંત-પ્રશાંત મનથી એ સહવાનું કર્યું હતું તો પછી સત્ત્વ એવું ખીલ્યું એવું વિકસ્યું કે એના પર અંતે અપૂર્વકરણ, સામર્થ્ય-યોગ, અને ક્ષપકશ્રેણી માંડી કેવળજ્ઞાન લીધું.

**અજ્ઞાન લોક સામે ન જુઓ :-**

મનુષ્ય-ભવમાં આ બહુ મજેનું કાર્ય છે કે જે કાંઈ સહવાનું આવે, જાતે

દબાવાનું આવે તે આવવા દો, એને શાંતિથી સહન જ કરવાનું. જરાય ઊકળવાનું નહિ, કોઈ જ અભિમાન-ગુસ્સો-રોષ-રોફ બતાવવાના નહિ જ. નાનેથી મોટું આ સહવા-દબાવાનું જેટલું જેટલું કરાયે જાય એટલી એટલી અંદરખાને સત્ત્વ-માત્રા વધતી જ જાય છે. લોક બાયલા કહે, મીઠું જ બળ્યું નથી એમ કહે, પરંતુ એવા મૂઢ-અજ્ઞાન લોકો સામે જોતા નહિ. આપણા વીર પૂર્વજો સામે જોજો.

પેલા શ્રેષ્ઠિપુત્રે કન્યાના બાપને દમ દેખાડ્યો, કન્યાના લગ્ન ન થવા દેવા હઠ કરીને બેઠો. શેઠ બાપ મુંઝવણમાં પડ્યો કે શું કરવું ? અંતે એણે નગરના રાજાનો આશરો લીધો. રાજાને જઈને આ આપત્તિ ટાળી આપવા વિનંતિ કરી. રાજા કહે છે 'ચાલો હું જાતે આવીને પતાવી આપું છું.' એમ કહીને રાજા પોતે ત્યાં આવે છે.

હવે જુઓ, માણસ કર્મની એક આફત ટાળવા માટે મથે છે, ત્યારે કર્મ કેવી બીજી જ આફત લાવીને ખડી કરે છે. કર્મની શિરજોરીમાં માણસનું ધાર્યું શું થાય ? ત્યારે પ્રશ્ન થાય,

**પ્ર.**- તો શું માણસે કાંઈ ધારવું જ નહિ ?

ઉ.- અહીં વિવેક વાપરવાનો છે. એવું ધારેલું શું કામનું કે જે પાર જ ન પડવાનું હોય ? એમ ધારીને શું ફળ મેળવ્યું ? ધારવું તો તે કે જે પોતાના હાથની વાત હોય, જેને પોતે નિપજાવી શકે, જે ધારેલું સફળ થાય.

**પ્ર.**- એમ તો આ કર્મપરાધીન જીવનમાં એવું તે શું છે કે જે ધારેલું પાર પાડવાની ખાતરી રખાય ?

**ધાર્યું શું શું સફળ થાય ? :-**

ઉ.- ધાર્યું પાર પડે એવી બે વસ્તુ છે.

(૧) જેમાં પુણ્યનો ટેકો હોય, એ ધારેલ પાર પડે છે. ચાલુ ઠીક પરિસ્થિતિ પરથી અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના અનુકૂળ સંયોગ પરથી માપ કાઢી શકાય કે આપણને પુણ્યનો ટેકો છે.

શરીરનું આરોગ્ય ઠીક ચાલે છે, અને ભૂખ લાગી છે, ત્યાં ધાર્યું કે 'ખાઉં એટલે શરીર કામ કરવા સશક્ત રહે,' તો એ ધારેલામાં પુણ્યનો ટેકો કહેવાય અને માપસર ભોજન કરાય એ દ્રવ્યસંયોગ અનુકૂળ થયો ગણાય, ત્યાં ધારેલું સફળ થાય.

હવે જો આરોગ્ય બરાબર નથી, દા.ત. શરીર સુસ્ત છે, બહુવાર પેશાબ થયા કરે છે, તો એ અજીર્ણનું લક્ષણ છે, 'અજીર્ણે બહુમૂત્રતા' એમ વૈદ્યક શાસ્ત્ર કહે છે. એમાં પુણ્યનો ટેકો ન ગણાય એટલે ત્યાં 'ખાઉં ને સશક્ત થાઉં' એવી ધારણા કરી ખાય તો એ ધારેલું સફળ ન થાય.



એમ આરોગ્ય તો બરાબર છે એટલે પુણ્યનો ટેકો છે, પરંતુ થોડીવાર પહેલાં જ પેટ ભરીને ખાધું છે અને હવે ધારે કે 'આ પેંડા આવ્યા છે તે ખાઉં એટલે શક્તિ સારી મળે' તો એ ધારેલું ત્યાં પેંડા ખાવાથી સફળ ન થાય, શક્તિને બદલે રોગ આવે. કેમ એમ ? આરોગ્યના પુણ્યનો ટેકો તો હતો, પરંતુ અનુકૂળ દ્રવ્ય-ક્ષેત્ર...આદિ પૈકી અનુકૂળ ભાવનો સંયોગ નહોતો. અનુકૂળ ભાવ આ, કે સાચી આહાર લેવાની રુચિ યાને ભૂખ. તે નહિ એટલે ધારેલી શક્તિ શાની આવે ? ધાર્યું કારગત ન નીવડે.

વેપારમાં પણ એવું છે. પુણ્યનો ટેકો ન હોય અને વેપાર ખેડે તો ધારેલા નફાને બદલે ખોટ આવે. ધારેલું સફળ ન થાય. એમ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો સંયોગ અનુકૂળ ન રાખે તો ય પછાડ ખાય. પ્રતિકૂળ-દ્રવ્યાદિથી વેપલો કરે, લેવાના દેવા થાય, ધાર્યું સફળ ન થાય. આ એક વાત થઈ.

(૨) ધાર્યું સફળ શું થાય એનો બીજો મુદ્દો આ છે કે આત્મહિતનું જે ધારવામાં આવે અને એને અનુકૂળ સામગ્રી બનાવાય, તો તે ધારેલ આત્મહિત સધાય આ બહુ મહત્ત્વની વાત છે.

એક વસ્તુ સમજી રાખો કે **જેટલી બહારની પ્રાપ્તિ છે એ પુણ્ય-પાપને આધીન છે, અને જે અંદરની વસ્તુ છે એ પુરુષાર્થને હિસાબે પ્રાપ્ત થાય છે.** દા.ત. પૈસા એ બહારની વસ્તુ છે, તો એ મળવા-ટકવામાં મુખ્યતયા પુણ્ય કામ કરે છે. પુરુષાર્થ ગમે તેટલો, પણ પુણ્ય પ્રમાણે એ મળે, ટકે. ત્યારે સમ્યકત્વ-જ્ઞાન-ક્ષમા વગેરે એ અંદરની વસ્તુ છે, એ મળવા-ટકવામાં મુખ્યતયા પુરુષાર્થ કામ કરે છે. પુરુષાર્થ જેવો જોરદાર એ પ્રમાણમાં એની પ્રાપ્તિ અને ટકાવ થાય.

**બાહ્ય પ્રાપ્તિ આંતરિક પ્રાપ્તિમાં ફરક કેમ ?**

એટલા માટે, કે અંદરની વસ્તુ આત્માનાં સ્વરૂપમાં તો પડી જ છે, પરંતુ એના પર કર્મનાં આવરણ લાગી ગયેલા હોવાથી એ બહાર પ્રગટ દેખાતી નથી. તેથી હવે જેટલો પુરુષાર્થ કરી એ કર્મની દિવાલો-કર્મનાં આવરણ તોડો એટલા પ્રમાણમાં એ વસ્તુ પ્રગટ થાય, ત્યારે આરોગ્ય પૈસા પરિવાર પ્રતિષ્ઠા વગેરે બહારની વસ્તુ આત્માના શુભાશુભ કર્મના ઉદયથી મળે છે. ત્યાં કર્મની મુખ્યતા રહે છે. પુરુષાર્થ તો ગૌણ, દહીંમાંથી માખણ કાઢવા એનું વલોણું કરતી વખતે એમાં જેવો પાણી નાખવાનો ઉપયોગ, તેવો અહીં કર્મ ઉદયમાં આવવા પુરુષાર્થનો ઉપયોગ. બાકી તો જેમ દહીં જેટલું કસદાર એટલું માખણ નીકળવાનું, એમ પુણ્ય જેટલું જોરદાર એટલા પૈસા-પ્રતિષ્ઠા વગેરે મળવાના ને ટકવાના.

**આત્મહિત કેમ પુરુષાર્થને આધીન ? :-**

આત્મહિત એ આત્માની અંદરની વસ્તુ છે. એના પર કર્મનાં આવરણ ચડી ગયા છે; એને તોડવાની જરૂર છે તેથી એમાં પુરુષાર્થની મુખ્યતા છે, અને પુરુષાર્થ પોતાની ધારણા પ્રમાણે થાય છે. એટલે અહીં ધાર્યું સફળ થવાનો આધાર પુરુષાર્થ પર રહેવાનો. જેવો ને જેટલો પુરુષાર્થ કરીએ તેના પ્રમાણમાં હિત પ્રગટ થાય. દા.ત. દિલથી ધારીએ કે 'મારે ક્ષમા નમ્રતા રાખવી છે,' પછી જેવો પુરુષાર્થ અજમાવીએ તે પ્રમાણે એ અજમાવી શકાય; ને પુરુષાર્થ તો આપણા હાથની વસ્તુ છે, તેથી એના પર ધાર્યું સફળ થાય છે.

બસ, વાત આ હતી કે પેલા કન્યાના બાપે ધાર્યું કે 'મારી દીકરીને પરણવા મને નાપસંદ એવો બીજો ઉમેદવાર પણ આવી ગયો છે અને હઠ કરીને દમ મારતો બેઠો છે, તેથી રાજાને વચમાં લાવું તો રાજા એને હટાવી આપે અને મને પસંદ ઉમેદવાર સાથે દીકરીનું લગ્ન થઈ જાય.' પરંતુ આ એની ધારણા તો બહારની વસ્તુ અંગે હતી, તેથી એ સફળ થવામાં તો પુણ્યનો ટેકો અને સંયોગો ભાગ ભજવે. ત્યારે પુણ્ય કાંઈ પોતાના હાથની વસ્તુ નથી, એટલે એ અનુકૂળ જ ઉદયમાં આવે ને ધાર્યું કામ થાય એવો નિયમ નહિ. અહીં એવું જ બને છે કે રાજા જાતે શેઠના ઘરે પતાવવા આવે છે, પણ શી ખબર એમાંથી શું નીકળશે ?

**રાજાએ શું કર્યું ? :-**

કહો, રાજા આવે પછી કાંઈ બાકી રહે ? પરંતુ ના, કન્યાનું ભાગ્ય તો નથી તો પોતાના માનીતા ઉમેદવારને પરણવાનું, કે નથી તો બાપે પસંદ કરેલા ઉમેદવારને પરણવાનું. એટલે અહીં એવું બને છે કે જ્યાં રાજા ઘરે આવ્યા પછી શેઠ પોતાની શણગારેલી દીકરીને લાવી રાજાના પગે પાડે છે, અને રાજાને ઓળખાવે છે કે આ મારી કન્યા છે, ને આને પરણવા બીજો ખોટો ઉમેદવાર આવીને ધામા નાખી બેઠો છે. તો આપ એને હટાવવાનું કરી આપો એવી મારી આપને પ્રાર્થના છે.' આ વિધિ કરે છે ત્યાંજ રાજા આ સુંદર રૂપવતી કન્યા જોઈને પોતે જ એના પર મોહી જાય છે, અને મનમાં વિચારે છે કે 'આને તો મારી પટ્ટરાણી બનાવવા લાયક છે. માટે હમણાં અહીંનો આ પ્રસંગ એકવાર ખોરંભે નાખું, પછી મારી ધારણા સફળ કરવાનો રસ્તો કાઢી લઈશ'

**જગતમાં કોઈનો ય ભરોસો નહિ :-**

જુઓ કર્મની વિચિત્રતા. રાજાને રક્ષણ કરવા બોલાવ્યો, તે ભક્ષણ જ કરવા ધારે છે. આ જગતમાં કોનો વિશ્વાસ કરી શકાય ? કોઈનો ય નહિ. કવિ આત્મારામજી મહારાજ કહે છે,



**'જિન સેવો નિજ આતમરૂપી, અવર ન કાંઈ સહાયી;**
**સખીરી, ચાહ લાગી જિન ચંદ્રપ્રભ પ્રભુકી.'**

જગતમાં બીજું કાંઈ પણ સહાયભૂત નથી માટે કોઈના ય ભરોસે રહો નહિ, ન કોઈ જડ વસ્તુના, કે ન કોઈ ચેતનના, પૈસા કે પરિવાર, શેઠ કે મિત્ર કોઈના ય ભરોસે લાગ્યા રહેવા જેવું નથી. માત્ર વીતરાગ-જિનેશ્વરદેવને ભજો; કેમકે વીતરાગને અનન્ય ભાવે ભજતાં વીતરાગ બનાય છે. કહો કે વીતરાગ આપણા પોતાના આત્મારૂપે છે, આપણો આત્મા વીતરાગ છે, પરંતુ કર્મના પડળ જામી પડવાથી વીતરાગતા ઢંકાઈ ગઈ છે, ને જીવ રાગ કરે છે, દ્વેષ કરે છે, કામ-ક્રોધ-લોભ-માન-મદ-માયામાં પડે છે. પરંતુ જો નજર સામે વીતરાગનું આલંબન રખાય, 'એ વીતરાગનું સ્વરૂપ એ મારું અસલી સ્વરૂપ છે, રાગ-દ્વેષાદિ તો મારું વિકૃત રૂપ છે, એ હવે ન રહેવા દઉં,' આ ધ્યાન પર રખાય તો પછી હૃદયની વૃત્તિઓ અને વિચાર-વાણી-વર્તાવની પ્રવૃત્તિઓ એને છાજતી, એને અનુકૂળ ને એ તરફ લઈ જતી રખાય. એટલે ક્રમે કરીને વીતરાગ બની આ કુટિલ સંસાર કારાગારથી મુક્ત થઈ જવાય.

એટલે બીજાની અપેક્ષા બીજાનો ભરોસો મૂકી દેવાધિદેવ અરિહંત-વીતરાગ પ્રભુનું જ શરણું લો. વીરવિજયજી કવિ કહે છે,

**'સાચી એક માયા રે જિન-અણગારની.'**

એક માત્ર જિનેશ્વરદેવ અને અણગાર યાને સંસાર ત્યાગી મુનિની જ મમતા સાચી નીવડે. કાયા-માયા-કુટુંબની મમતા તો અંતે પોકળ જ નીવડવાની. મમતા કરો, ભરોસો મૂકો, તો દેવાધિદેવ અને સાધુ ઉપર.

**રાજાનો પેંતરો :-**

શેઠ બિચારો રાજાના ભરોસે રાજાને ઘરે લઈ આવ્યો, તો રાજા પોતે જ કન્યાને ઝડપવા ચાહે છે. હવે ઝડપવી કેમ એ માટે રસ્તો કાઢે છે. શેઠને એ રાજા જાણે વિચારમાં પડી જઈ કહે છે 'આ બધી ધાંધલ જોઈ મારું મગજ ભમી ગયું છે. તેથી હાલ લગ્ન બંધ રાખો, બંને ઉમેદવારને રવાના કરો; ને પછી હું નિકાલ કરી આપીશ.' એમ કહીને રાજા ઊઠીને ચાલતો થયો.

હવે શેઠ પણ શું કરે ? આમ તો પેલો બીજો યુવક ખસે એમ નથી, તેથી શેઠે બંનેને કહી દીધું કે હાલ લગ્ન મુલત્વી રાખ્યા છે, માટે પધારો પોતાના સ્થાને.

**માનવભવેથી પાછા ભવચક્રના ઘરે :-**

પત્યું, બંને આવ્યા હતા રૂપસુંદરીને પરણવા, તે લાચાર બની સિધાવ્યા ઘેર પાછા ખાલી ખાલી. મોહમૂઢ જીવનું ય આવું જ છે; પૂર્વ ભવમાં સુકૃત કરી અહીં સારા કુળમાં આવ્યો, તે શિવસુંદરીને પરણવાની મુલત્વી રહી અને જીવને પાછું ભવચક્રના ઘરમાં પાછા સિધાવાનું થાય છે.

કહો અહીં શા માટે જનમ્યા છો ? મોક્ષ-શિવસુંદરીને પરણવા ? કે ફરી પાછા સંસારની ગતિઓમાં ભટકવા ? હવે જો સંસારના વિષયો પરના મોહના આશરે રહેશો તો કેવું પરિણામ આવશે ?

**દિવાન દ્વારા મંત્રણા :-**

રાજાની દાઢમાં કન્યા ભરાઈ છે, તેથી મહેલ પર જઈ દિવાનને બોલાવીને પોતાની ઈચ્છા જણાવી. પછી કહે છે 'જુઓ તમે આપણી સાથે એનાં લગ્નનું ગોઠવી લાવો.'

દિવાન શેઠને પોતાના મુકામ પર બોલાવીને કહે, 'જુઓ, તમારે બે ઉમેદવારનો રગડો છે. બંને ય પહોંચતા છે. એને બળાત્કારે હટાવવામાં લગ્ન તો થઈ જાય. પરંતુ પછી એ હટાવેલો યુવક કદાચ તમારા જમાઈને નુકસાન કરી બેસે તો ? એથી રાજા વિમાસણમાં પડ્યા છે. પરંતુ મને એક વસ્તુ લાગે છે કે તમારી કન્યા રાણી થવા યોગ્ય રૂપવાળી છે; તેથી જો તમે કન્યાને મહારાજાની સાથે જ પરણાવી દો, તો તો પછી તો બંને પરસ્પર ઈર્ષ્યામાં દબાશે, તેમ મજાલ નથી બંનેમાંથી એકેયની, કે એ મહારાજાને યા તમારી દીકરીને કશું કરી શકે. હા, આમાં એટલું મુશ્કેલ છે કે રાજાસાહેબ માનવા જોઈએ. પરંતુ તમારી ઈચ્છા હોય તો હું મહારાજાને સમજાવું અને તમે પણ વિનંતિ કરો કે મારી કન્યાને આપ જ પરણવાનું સ્વીકારવા મહેરબાની કરો.'

શેઠ વિચારમાં પડ્યા કે 'આ વળી નવો ફણગો ફૂટ્યો. પરંતુ આ ભાવમાં કશું ખોટું નથી. મારી દીકરી રાજરાણી થતી હોય તો સોનાથી પીળું શું ?' બસ, દિવાનને કહે છે 'ખુશીથી એમ બનતું હોય તો કરો. પરંતુ જુઓ ભાઈસાહેબ ! રાણી બનાવીને પછી ખૂણે ન બેસાડી દેવાય. મહારાજાએ એને જીવનભર પ્રેમથી રાખવી જોઈએ.'

દિવાન કહે છે, 'હું, મહેનત કરું, પછી તો જેવું તમારું ને કન્યાનું ભાગ્ય.'

હોશિયાર છે દિવાન. વાણિયાને જરાય લાગવા દેતો નથી કે 'આ તો રાજા



પોતે પરણવા આતુર છે.' એ તો હજી એમ જ લગાડે છે કે 'મારે મહેનત કરવાની છે, બાકી બનવું ન બનવું ભાગ્યને આધીન છે.'

**કુશળ સેવકો સ્વામીની આબરૂ બરાબર સાચવે છે.** પુત્ર પિતાનો સેવક, પત્ની પતિની, શિષ્ય ગુરુનો સેવક, નોકર શેઠનો સેવક, એ બધાએ આ ધ્યાનમાં રાખવું જોઈએ. સ્વામીની આબરૂ એ સેવકની આબરૂ. સેવકને એમ થવું જોઈએ કે 'હું બને તેટલો મારા સ્વામીને જશ અપાવું, એમની પ્રતિષ્ઠા સાચવું, વધારું,' તો એ સેવકપણું કહેવાય, સ્વામીની હલકાઈ થાય અને જશ પોતાના ખાતે જમે કરે એ સેવા કરનારો શાનો ?

દિવાને શેઠને કહ્યું 'પછી મળજો. હું અવસર જોઈને મહારાજાને વાત કરીશ.' આ ય હોશિયારી. તરત નથી પતાવવું કે 'ઊભા રહો હું રાજાને વાત કરી આવું.' એમાં કદાચ વણિકને ગંધ જાય તો કે 'આ તો પહેલેથી ગોઠવેલું લાગે છે ?' ના, એ તો એમ મનાવે છે કે આ વાત મોટી છે એટલે અવસર જોવો પડે, યોગ્ય અવસર દેખાય ત્યારે જ મહારાજાને કાને આવી વાત નખાય.'

બસ શેઠ એના ઘેર ગયો મનમાં તરંગ ઘડતો કે વાહ ! મારી વણિકકન્યા રાજરાણી થાય તો કેવું સારું.' ભગવાનને પ્રાર્થના કરે છે 'હે ભગવાન ! આ દિવાનથી રાજા સમજી જાય એવું કરજો'

**ભગવાનને ક્યારે યાદ કરવાના ?**

**અને ભગવાન પાસે કેવાં કામ કરાવવાના ?**

આપણી બલિહારી છે. જ્યાં સુધી બધું સીધું ચાલે, અનુકૂળ ચાલે, ત્યાં સુધી તો આપણી કાયા-કુટુંબ અને એના સંબંધી વસ્તુ જ મગજમાં રમ્યા કરે, માત્ર ભગવાન નહિ. બધું સારું મળ્યું ભગવાનના રુડા પ્રભાવે; પણ 'ગરજ સરી વૈદ વેરી'ની જેમ ભગવાન પાસેથી ગમતું મળી ગયા પછી ભગવાનને યાદ કરવાની શી જરૂર ?

કવિઓ ગાય છે, **'પ્રભુ ! મારે તુમશું કામ'**

ત્યારે ત્યારે એમ ગાવાનું કે **'પ્રભુ ! મારે ધનશું કામ.'**

ભગવાનની કેટલી જરૂર ? ક્યારે જરૂર ?

**મોહરાજા ધર્મરાજાની ઠેકડી કરે છે :-**

દુઃખ આવતાં 'હે ભગવાન !' પણ એ જરાક ઓછું થતાં કેમ ? તો કે ધન-માલ-પરિવારની જ માળા, ભગવાનને યાદ જ કોણ કરે છે. પછી તો મળેલી સગવડમાં ખૂંચી જવાનું મોહરાજાની ધર્મરાજા પ્રત્યે આ ઠેકડી છે. એ ધર્મને કહે છે, 'લઈ જા લઈ જા તું મારા સેવક જીવને ભગવાન પાસે. પણ એને મનગમતું મળી

જાય એટલી જ વાર છે. પછી જો એ ભગવાનને યાદ કરે તો મારું નામ કાઢી નાખજે.' મહાઉપકારી ભગવાનને જ ભૂલવા એ નઘરોળતા નફ્ફટતા હરામિતા કહેવાય કે બીજું કાંઈ ? આજના છોકરા શું કરે છે ? માબાપ પાસેથી આખો જનમ, બધો ઉછેર, શિક્ષણ, ધંધો અને ઘરવાળી મળી ગઈ એટલી વાર. પછી કેમ ? તો કે જુઆરું. માબાપને ઓળખે છે જ કોણ ? યાદ જ કોણ કરે ? એવી સ્થિતિ આપણી ભગવાનની પ્રત્યે હોય તો એ હરામીવેડા કે બીજું કાંઈ ?

**શેઠની કન્યા રાણી :-**

પેલો વણિક કન્યાને રાજા સ્વીકારી લે એટલા માટે ભગવાનને યાદ કરે છે 'હે ભગવાન ! રાજા મારી કન્યા સ્વીકારી લે એવું કરજે.' અહીં દિવાને રાજાને ચોકઠું ગોઠવાઈ ગયેલું સમજાવ્યું. પછીથી શેઠ દિવાનને પૂછવા આવ્યો અને દિવાને જાણે રાજાએ માંડ માન્યું એમ સમજાવી અહેસાન ચડાવ્યું. લગ્ન નક્કી થયાં, ને કુંવરીને રાજા સાથે પરણાવી દેવામાં આવી.

**યુવક ઝૂરે છે :-**

અહીં તો વાત પતી. પણ પેલો ઉધમાત કરનાર ઉમેદવાર યુવક એમ કેમ જપ્યો રહે ? એને આ કન્યા પર અને કન્યાને એના પર બહુ પ્રેમ હતો. એટલે એ તો ઝૂરી રહ્યો છે કે 'હાય ! આ કન્યા હાથમાંથી ગઈ. પણ હવે હું એનો સંયોગ કેમ સાધું.'

**વિષયની વાસના અને ચામડાના પ્રેમ ભૂંડા છે.** જીવને એ અંધ બનાવે છે. એની લતમાં કરવામાં આવતાં કર્મો પાછળ કેવી ભયંકર ખુવારી છે એ દેખવા દેતા નથી એ તો દારૂના નશાથી જેમ જીવને ઉન્મત્ત-મૂર્છિત જેવા કરે છે. પછી ફાવે એટલાં પાપાચરણ, હિંસાદિ પાપો, માયા-પ્રપંચ, મદ, વગેરે કેઈ દોષ-દુષ્કૃત્યો સેવરાવે છે.

**એવી વાસના અને સ્નેહ એ સદ્‌બુદ્ધિને ઝેર દે છે;** સદ્‌બુદ્ધિને ખતમ કરી નાખે. માનવના અવતારે પણ એની સદ્‌બુદ્ધિને ચેલેન્જ છે કે 'તારી મજાલ શી કે તું અહીં ઊઠી શકે યા રહી શકે ?' રાવણ સીતા પાછળની વાસનામાં સદ્‌બુદ્ધિ ગુમાવી બેઠો. આર્દ્રકુમારે પૂર્વ ભવની સ્ત્રી અહીં કન્યા થયેલી એની પાછળનો પ્રેમ ઊભરાઈ આવ્યો તો એ પ્રેમ ખાતર મહાવૈરાગ્યથી લીધેલું ચારિત્ર પણ છોડ્યું. **વાસના અને પ્રેમ જીવને અશક્ત-મુડદાલ ને નિઃસત્ત્વ-માલવિનાનો બનાવે છે.**

**વાસના ને પ્રેમ આગળ વધીને તામસી, અતિ તામસી બનાવે છે.** રાજા ભર્તૃહરી પિંગલામાં મુગ્ધ બનેલો તે એણે સાચી સલાહ આપનાર નાના ભાઈને દેશનિકાલ કર્યો. રાજા પ્રદેશી સૂર્યકાન્તા રાણીના પ્રેમમાં અંધ ને નાસ્તિક બનેલ, સ્વયં વાસના ને પ્રેમના આવેશે એને નગરમાં ધર્મની વાત કરનાર કોઈ પણ જોગી



સંન્યાસી સાધુને પેસવા દેવાની મનાઈ કરી દીધી. આ શું ? અતિ તામસ ભાવ. વાસના ને વિષયપ્રેમ બીજું શું આપે ?

**સ્ત્રીના વેશે :-**

બસ, આ યુવક પણ એવો વિષયાંધ-વાસનામૂઢ અને એ રાણી બનેલ ઉપર હજી પણ અંધ પ્રેમના આવેશમાં તણાય છે કે એને મળવા-ભેટવાના તલસાટમાં એણે રસ્તો કાઢ્યો. સ્ત્રીનો વેશ પહેરી રાણીના એકાંતના વખતે એની સખી તરીકે એ એના મહેલ પર પહોંચ્યો. રાણી એને સ્વીકારશે ? એ કશું વિચારવું નથી. કેટલો અધમ અને જોખમી રસ્તો ?

**પ્રેમ અને વાસનાનો આવેશ સજ્જનતા અને જોખમની બેપરવાહી કરાવે છે.** માનવનું ખોળિયું મળ્યાથી શું, જો આ અંધ આવેશ ઊભા રાખવા છે ? જોવું હોય તો આમાં નીચતા અને જોખમ જોઈ શકાય, એવી બુદ્ધિ મળી છે. પરંતુ એવી છતી બુદ્ધિનો ઉપયોગ કોને કરવો છે ? જનાવરને તો બિચારાને એ નીચતા ને જોખમ સમજવાની બુદ્ધિ જ નથી મળી, તેથી સહેજે એમાં એ તણાય; પરંતુ અહીં તો ભાનભૂલો માણસ છતી બુદ્ધિએ બુદ્ધિનું દેવાળું કાઢે છે. આવું બુદ્ધિનું દેવાળું કઢાવનાર પ્રેમ અને વાસનાના આવેશ મૂકવા નથી, તો પછી સજ્જનતા ય ક્યાંથી રહેવાની ? અને આગામી જોખમ પણ શાનું વિચારાય ?

**રાણી શું કહે છે ?**

પેલો યુવક સ્ત્રીવેશે રાણી પાસે જઈ ઊભો એટલે રાણી કહે છે 'આ તમે શું કર્યું ? કેમ અહીં આવ્યા ?'

યુવક કહે છે 'હું તારા વિના જીવી નહિ શકું. તું આવવાની ના કહે તો હું આપઘાત કરું, તારો મારા પર પ્રેમ તું ભૂલી જાય છે ?'

રાણી કહે 'પ્રેમ તો નથી ભૂલી, પરંતુ હવે સંયોગ ફરી ગયા ત્યાં શું થાય ? હવે તો ચાલુ સંયોગમાં સંતોષ રાખવો જ રહ્યો.' રાણી એક બાઈ માણસ છે, પણ યોગ્ય કહે છે. ત્યારે આ મરદ પણ વાસનાનો ગુલામ કહે છે,

'સંયોગ ફરી ગયા, પરંતુ આ રીતે તો હું અહીં આવી શકું ને ? ને તું મને આનંદ આપી શકે ને ? ના કહીશ તો મારે મોત વિના બીજો ઉપાય નથી,' એમ કહી રોવા બેઠો.

**શરમમાં ભયંકર અકાર્ય : કર્મની માફી ન મળે :-**

રાણી વિહ્‌વળ થઈ; પૂર્વના પ્રેમની શરમમાં તણાઈ; ના કહી શકી નહિ; ને યુવકનું ત્યાં આવવું જવું અને રાણી સાથે અકાર્ય સેવવું ચાલુ થઈ ગયું.

મોહની કેવી વિટંબણા છે ? રાણી ખરેખર ઉન્માર્ગે જવા ઇચ્છતી નથી,

પરંતુ યુવક પરનો મોહ શરમથી એ માર્ગે તાણી જાય છે. ખોટી શરમ કેવું ભુલાવે છે ? કર્મસત્તાની માફી મળે ?.

**પ્ર.**- પરંતુ રાચીમાચીને પાપ ન થતું હોય એનો ફેર તો પડે ને ?

ઉ.- એટલે શું કહેવું છે ? પરસ્ત્રીગમન અને પરપુરુષગમનના ભયંકર ગુનાની સજા ન મળે ? આ ગુનો એવો છે કે પોતાને અધમાધમ રાગ જાગ્યા વિના થતો નથી. ભલેને શરમથી તણાવું પડ્યું, તોય ત્યાં શરમ-દાક્ષિણ્યના લીધે કામરાગ ભભૂક્યો, ને એ સદાચારની મર્યાદા ઉલ્લંઘીને થયો, માટે ભયંકર ગુનો છે, માફી ના મળે. એથી ભવાંતરે દુર્ગતિઓ ને કુઅવતારોની પરંપરા, નપુંસકપણું, ખસી, મરેલા છોકરા જનમવા, નીચગોત્ર, દૌર્ભાગ્ય, અશાતા વગેરે ભયંકર સજાઓ છે; ને આ ભવમાં ય ભયંકર રાજ્યદંડ, લોકનિંદા, દુશ્મનપ્રહાર વગેરેનો સંભવ છે. આને અહીં પણ એવું બને છે એ કેટલું ભયંકર છે તે જુઓ.

એકવાર રાજા એવા કસમયે અણધાર્યો મહેલમાં આવી ચડે છે કે જ્યારે પેલો યુવક ત્યાં આવ્યો છે. બારણા બંધ છે; રાજા તરાડમાંથી જુએ છે તો સ્ત્રીના વેશમાં પેલો ખેલ ખેલતો દેખાય છે. રાજા સ્તબ્ધ થઈ ગયો કે આ શું ? ભયંકર ગુસ્સો ચડ્યો પરંતુ ત્યાં કશું ન કરતાં એ બહાર નીકળી પહેરગીરને પૂછે છે કે 'અંદર કોણ આવ્યું છે ? અને કેટલા વખતથી આવે છે ?'

સિપાઈ કહે 'એ તો રાણી સાહેબની સખી છે, અને કેટલાય વખતથી રોજ આવે છે.'

રાજા કહે 'હવે એ બહાર નીકળે એટલે એને પકડીને રાજ્ય દરબારમાં લઈ આવજે, જો ભૂલતો નહિ, ગફલતમાં ન જાય'

સિપાઈ કહે 'હાજી સાહેબ. બરાબર પકડી લાવું છું.'

રાજા ગયો રાજસભામાં. અહીં પેલો બહાર નીકળે છે એટલે દરવાન કહે છે 'ચાલો તમને મહારાજા સાહેબ બોલાવે છે.'

આ ગભરાયો કે 'કોણ જાણે રાજા કેમ બોલાવે છે, ને શું ય કરે ?' તેથી કહે છે 'હમણાં મારે કામ છે તેથી પછી મળીશ.'

સિપાઈ કહે 'નહિ, હમણાંજ ચાલો.'

યુવક કહે 'અમારું સ્ત્રીઓનું શું કામ છે ?' હમણાં નહિ અવાય.'

સિપાઈ કહે 'ગરબડ નહિ. હમણાં જ આવવું પડશે. નહિતર પકડીને લઈ જઈશું.'

હવે શું કરે ? તો ય ડૂબતો તણખલું લે, એમ યુવક કહે છે 'ઊભા રહો, રાણી સાહેબને પૂછી લો.'

સિપાઈ કહે 'અરે ! એમને શું પૂછે ? ચાલો છો કે નહિ ?



પેલો ના ના કહેતો રહે છે અને સિપાઈઓ એને પકડીને રાજસભામાં લઈ ગયા. સભા વચ્ચે ખડો કર્યો.

રાજા પૂછે છે 'કોણ છો !'

આ કહે 'હું રાણી સાહેબની સખી છું.'

રાજા કહે 'સખી કે સખો ?'

યુવક જ્યાં બોલ્યો કે 'નહિ નહિ હું સખી છું.' ત્યાં જ રાજાએ સિપાઈઓને હુકમ કર્યો કે આનાં બધાં કપડાં ઉતારી નાખો. નાગો કરો એટલે ખબર પડે કે આ સખી છે કે સખો.

**યુવકનાં કપડાં ઊતરે છે :-**

બસ, ખલાસ, યુવકનાં મોતિયાં મરી ગયાં. ધ્રુજારી છૂટી, પણ કરે શું ? જમના દૂત જેવા સિપાઈઓ એને ઘેરી વળ્યા, અને એને પકડી રાખીને એના કપડાં ઉતારે છે. યુવકની ચસકવાની તાકાત નથી, ભાગવાની તો વાતે ય શી ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૧૯,તા.૨૦-૧-૧૯૬**

**કઈ અક્કલ પર ઉધમાત ? :-**

એક માનવી પણ રાજસત્તાની પકડમાંથી ચસકવું ને ભાગવું જો અશક્ય, તો પછી કર્મસત્તાની પકડમાંથી ચસકી શકાય ? નાસી ભાગી શકાય ? કઈ અક્કલ પર આરંભસમારંભ, ઈન્દ્રિયોના રૂપરસાદિ વિષયોના ભોગવટા, પૈસાટકાનો પરિગ્રહ, અને ખાઉં-ખાઉંની નિરંકુશતા, તથા એ બધા પાછળ રાગ-દ્વેષ-ક્રોધ-લોભ-ઈર્ષ્યા-મદ પ્રપંચ વગેરેનાં પાપાચરણ આંખ મીંચીને કરી રહ્યા છો ? શું કર્મસત્તા છોડવાની છે ? આ અઢળક પાપસેવન બધું કર્યું-કારવ્યું રદબાતલ જશે ? કે કર્મસત્તાની જાલિમ પકડમાંથી, એ એકેકા પાપના દારુણ નતીજા ભોગવ્યા વિના, નહિ છૂટાય ? બાપ રે બાપની ચીસેચીસ પાડવા છતાં લેશ પણ છૂટકારો લેશ પણ સજા કમી નહિ થાય ?

**'હાંજી બળમદથી દુઃખ પામિયા, શ્રેણિક વસુભૂતિ જીવો રે;**
**જઈ ભોગવ્યાં દુઃખ નરકતણાં, મુખે પાડતાં નિત્ય રીવો (ચીસો) રે...'**

શ્રેણિક અને કૃષ્ણ મહારાજા જેવા તીર્થંકરના જીવ છતાં આજે નરકમાં ચીસેચીસ પાડી રહ્યા છે, કેમકે કર્મસત્તાના ત્રાસમાંથી છૂટકારો નથી.

**આજે કતલખાનામાં શું, અનાર્ય મ્લેચ્છોના ઘરમાં શું, કે બીજે શું, જીવો દારુણ દુઃખ ભોગવી રહ્યા છે, તે શું છે ?**

**પૂર્વ માનવના અવતારે કરેલ અઢળક પાપાચરણથી ઊભી થયેલી કર્મસત્તાના એ કોયડા ઝીકાઈ રહ્યા છે.**

**વિશ્વના જીવો શું કહે છે ? :-**

સાંભળવા કાન હોય તો વિશ્વના એ અત્યંત દુઃખી જીવો જાણે કહી રહ્યા છે કે 'ભાઈ માનવો ! ભૂલા પડશો નહિ. આ અમે ય એક દિવસ તમારા જેવા મનુષ્ય હતા, અમને સાધુસંતો 'ના ના' કહેતા હતા, છતાં અમે આંખ મીંચીને પાપાચરણમાં પડી રહ્યા, રાચીમાચીને, ઊછળી, ઊછળીને, કોઈ અંકુશ વિના વિષયોના સંગ, આરંભ-સમારંભ, ખાનપાન અને પરિગ્રહપાપ સેવ્યા; તેથી આ દશામાં ફસાઈ જવું પડ્યું છે. માટે તમે ચેતજો, અમારા જેવા આંધળિયા કરતા નહિ.'

યુવકને કર્મસત્તાની પકડમાંથી શે છૂટાય જો એક રાજસત્તાની પણ પકડમાંથી નથી છૂટાતું ? પેલા યુવકનાં બધાં કપડાં ખેંચી લઈ નગ્ન કરવામાં આવ્યો. સભા સ્તબ્ધ થઈ ગઈ કે 'આ શું ? સ્ત્રીના કપડામાં પુરુષ ?'

**યુવકને ભયંકર સજા :-**

રાજા યુવાનને ટોણો મારે છે કે 'કેમ ? તું સખી કે સખો ? હરામખોર ! આ ધંધા કરે છે ? સિપાઈઓ ! જુઓ એના આંખ-કાન-નાક-જીભ ખતમ કરો, ને બજાર વચ્ચે એના શરીરની ચામડી ઉતારી નાખી એના પર મરચાં-મીઠાનાં પાણી છાંટો ને એને સાટકા લગાવો.' રાજાએ એને નરક જેવી ભયંકર સજા ફરમાવી દીધી.

આ સાંભળતાં જ યુવકના હાંજા ગગડી ગયા, હવે કેવું સહવાનું આવશે એની કલ્પનામાત્રથી ધ્રૂજી ઊઠ્યો. રાજાને પગે પડી રોતો કકળતો માફી માગે છે, પણ રાજા સાંભળે જ શાનો ? એ તો કહે છે 'હરામી ! આ તારી સજા તો લોક પણ જુએ એટલે લોકોને ય ખબર પડી જાય. આપણે જો આવો કોઈ દુરાચારનો ધંધો કર્યો છે તો એની આવી ભયંકર કડક સજા ભોગવવી પડશે. પાપ કરતાં પાછું વળીને જોયું નહિ, ને હવે માફી જોઈએ છે ? સિપાઈઓ ! લઈ જાઓ આને, બરાબર હુકમ પ્રમાણે ફટકારો એને.'

રાજાનો હુકમ એટલે શી વાર ? માણસો લઈ ગયા એને, આંખ ફોડી નાખી, જીભ-કાન-નાક કાપી નાખ્યા, અને શરીર પરથી ચામડી ઊઝરડી નાખી. પેલો ચીસેચીસ પાડે છે પણ અહીં દયા કોને છે તે અટકે ? અંગ ઉપર મીઠાંમરચાના પાણી છાંટે છે, અને સાટકા લગાવે છે. નગરમાં ત્રાસ ફેલાઈ ગયો. 'પરસ્ત્રી સાથે ખેલ ખેલશે એની આ દશા કરવામાં આવશે' એવી રાજા તરફથી લોકોને જાહેરાત સંભળાવવામાં આવે છે.



વિચારો, ત્રાસ કેવો-કેટલો ભોગવવો પડ્યો ? હજી આ તો અહીંનો એક મનુષ્યનો આપેલો ત્રાસ છે. પરંતુ એ તો પરિમિત. નરકમાં પરમાધામી જે ત્રાસ આપે છે, એ તો આના કરતાં કેઈગુણો ભયંકર ! રોમે રોમે તીક્ષ્ણ સોયો ભોંકે, ભજિયાંની જેમ તેલમાં તળે, મકાઈડોડાની જેમ ભઠ્ઠીમાં શેકે, શેરડીની જેમ કોલુંમાં પીલે...વગેરે વગેરે ત્રાસ કેટલી હદનો ? સાંભળતાં કમકમી ઊપજે, ત્યારે વેઠતાં શું શું ને કેવું કેવું થાય ? શાનું ફળ એ ? દુરાચરણનું.

દુરાચારના ચડસે લાગેલ મનુષ્યને એનું પરિણામ વિચારવું નથી કે કેવું આવશે. પરંતુ પરિણામ થોડું જ એને છોડે ? જગત મોટું પ્રદર્શન છે, એમાં આવા વિવિધ દુઃખદ પરિણામ ભોગવનારના દશ્યો ઠામઠામ નજરે ચડે છે. એ સૂચવી રહ્યા છે કે એક માનવ-અવતારે કેઈ દુરાચરણના ખેલ ખેલેલા. આ જોઈને પોતાની જાત માટે વિચાર આવવો જોઈએ કે 'હું ય એવા ખેલ ખેલીશ તો મારીય આ દશા થશે. માટે દુરાચરણથી દૂર ભાગું.'

**યુવકને દુઃખમાંય દુર્દશા :-**

પેલો યુવક બિચારો કારમી પીડા ભોગવી રહ્યો છે. છતાં એની કમનસીબી તો એ કે એમાં ય એને પાપનો પસ્તાવો અને આત્મનિંદા સૂઝતી નથી. એને તો રાજા અને રાજાના માણસો ઉપર અત્યંત પ્રબળ રોષ ચઢે છે, મનોમન એમ થાય છે કે 'આ પાપીઓ, હાય હાય, મને આ લાયો આપે છે ? મારા હાથમાં આવે તો એમનાં ચામડાં ઊખેડી નાખું.' એમાં એણે નરકનાં ભાતાં ભેગા કર્યાં ! નરકનું આયુષ્યકર્મ ઉપાર્જ્યું. કારમા દુઃખમાં ય કેવી દુર્દશા ?

**મહામૂઢતા કેવી ? :-**

આ તો પોતાની ભૂલે જ આપદા આવી છે, છતાં વ્યાકુળતા-વિહ્વળતાનો ને બીજા પર દ્વેષનો પાર નથી. આપદા શાંતિથી સહવી નથી. મહામૂઢતા કે બીજું કાંઈ ? તો પછી પોતાની ભૂલ વિના જ સામાના અનાડીપણાથી કે ગેરસમજથી આપત્તિ આવે તો શાંતિ રાખવાની વાત કેટલી બધી દોહિલી ? છતાં એટલું સમજી રાખો કે એ દોહિલી પણ શાંતિ સદા સુલભ કર્યા વિના ઉદ્ધાર નથી. ગુણસ્થાનકની ઊંચી ઊંચી પાયરીએ ચડવું હોય તો કષાયો-દુર્ધ્યાન-કુવિકલ્પો કર્યે ગયે તો વળવાનું કાંઈ નહિ; ને ભવાંતરની મહાદુર્દશા ખડી થઈ જવાની.

**આપણી ભૂલ હો ન હો, છતાં આપણા પર આવી પડેલી આફતમાં આપણું મન જો બગાડ્યું તો તિર્યંચ-નરકગતિનાં કારમા દુઃખનાં ને દુર્દશાના આંધણ મુકાય છે.**

બિલાડા વગેરેના અવતાર જ એવા કે એમાં દુઃખ ઉપરાંત બુદ્ધિજ ભયંકર પાપભરી. ત્યાં જનમવા માત્રથી ઊંદર વગેરે પ્રાણીઓ ઉપર જોરદાર દ્વેષ અને ઘાતબુદ્ધિ.

### કુમાર કુવલયચંદ્રે શું કલ્પ્યું ?

આમ છતાં અહીં કુવલયચંદ્રકુમાર જોઈ રહ્યો છે કે આવા જંગલમાં આ શું કે સિંહ ને હરણિયું, વાઘ ને સસલું વગેરે પ્રાણીઓ તદ્દન મિત્રભાવે ચાલી રહ્યા છે ? બધા જ શાંત છે, સ્વસ્થ છે, કોઈજ ઉધમાત એમને નથી. શું કારણ ? એને વિચારતાં એ કલ્પના થઈ કે જરૂર અહીં નજીકમાં કોઈ એવા મહાત્મા વિચરતા હશે કે જેમના ભરપૂર કરુણામય હૃદયમાંથી નીકળેલી કરુણાપ્રભા આ પ્રદેશમાં વિસ્તરી રહીને આવા શિકારી પશુઓને પણ તદ્દન શાંત બનાવી રહી છે. અસ્તુ, ચાલ જોઉં આગળ શું છે.

કુમાર કુવલયચંદ્રે આગળ જતાં જતાં દૂર એક વૃક્ષ નીચે એક મહાત્મા મહર્ષિ બેઠેલાં દેખ્યા. એમની જમણી બાજુ એક દિવ્ય પુરુષ અને ડાબી બાજુ એક સિંહ શાંત રીતે બેઠેલો જોયો.

**મહર્ષિ કેવા હતા ?** તપ અને નિયમોથી સુકાયેલા અંગવાળા; છતાં તેજ-આત્મતેજ-ઓજસથી જ્વલંત દીપ્તિમાન હતા. જાણે સ્વરૂપે ધર્મ જ હોય ના ? અથવા મૂર્તિમંત ઉપશમ જ ન હોય ? એવા એ મહામુનિ હતા. શોભા સૌંદર્યનું તો જાણે ઘર; જાણે કાંતિનું મુકામ, ગુણોનો ખજાનો, ક્ષમાની ખાણ, બુદ્ધિનું મંદિર ને સૌમ્યતાનું નિવાસ.

મહામુનિ-મહર્ષિની વિશેષતાઓમાં શું બતાવ્યું ? વિદ્વત્તા નહિ, વ્યાખ્યાન-શક્તિ નહિ, બહુ પરિવાર નહિ; કિન્તુ તપ, નિયમ, આત્મતેજ, અહિંસાદિ ધર્મ ઉપશમ, આત્મ-સૌંદર્ય ગુણનિધાન, ક્ષમાભંડાર સદ્‌બુદ્ધિવૈભવ અને સૌમ્યતા.

કેમ એમ ? એટલા જ માટે કે વિદ્વત્તા તો ભલે બીજા પ્રકારે પણ દુનિયાના માણસમાં હોય, અને શાસ્ત્રવિદ્વતા કોઈક પડતર સાધુમાં ય સંભવે. તેમ પરિવાર તો અભવી આચાર્ય પાસે પણ મોટો હોય છે. તેથી એ કાંઈ થોડા જ મહામુનિ છે ?

**આત્મા ઉચ્ચ સ્તર પર** ત્યારે આવે છે કે જ્યારે એનામાં તપ-નિયમ અહિંસાદિ, ઉપશમ-સૌમ્યતા અને ઔદાર્ય આદિગુણો આવે. માનવજીવન જીવીને પહેલું આજ કરવા જેવું છે કે આ બધું પ્રાપ્ત થાય, પછી ભલે પ્રારંભે-પ્રારંભે એ તપનિયમાદિ આત્મવૈભવ ઉત્કૃષ્ટ કોટિનો નહિ સહી, તો ય નોંધપાત્ર નીચેની કક્ષાનો સ્વાત્મામાં જગાવવામાં આવે. જીવન મળ્યું છે એટલે જીવાઈ તો જશે, પણ લુહારની ધમણની જેમ શ્વાસોચ્છ્‌વાસ લઈ-મૂકીને, યા પશુની જેમ આહાર-વિષય-પરિગ્રહ-નિદ્રાના જ કુંડાળામાં અટવાઈ રહી ને. પસંદ છે તમને આવું જીવન ? સારું સારું ખાધુંપીધું, ભોગવ્યું ભેગું કર્યું. માન-સન્માન કમાયા અને આરામી કરી, બસ જીવન સફળ; એમ ? એટલું તો જનાવરને ય પુણ્ય પ્રમાણે મળે, ને આવડે.



બુદ્ધિમાન માનવ તરીકેની શી વિશેષતા-શી મહત્તા આવી ? મહત્તા-વિશેષતા-ઉચ્ચતા લાવવી હોય તો આ લાવો, વિવિધ તપ, નાના મોટા સંયમ નિયમ, ઉપશમ પ્રવાહ, અહિંસા-સત્ય-નીતિ-બ્રહ્મચર્ય વગેરે.

**મુનિ સૂર્યના દૃષ્ટાંતે :-**

કુમારને એવા મહામુનિ દેખી અપૂર્વ આનંદ થયો; મનને થયં કે 'વાહ ! ઉપશમની મૂર્તિસમા આ મહર્ષિના પ્રભાવે ચારે બાજુનું વાતાવરણ શાંત ઉપશાંત બની જાય એમાં નવાઈ નથી. એક સૂર્ય પોતે તેજસ્વી તેજોમૂર્તિ છે, તો જગતના વાતાવરણને પ્રકાશમય કરી દે છે ને ? ધન્ય જીવન ! ધન્ય અવતાર ! પ્રશાંત બનેલો સમુદ્ર કેટલો બધો ભવ્ય લાગે છે ? કુમાર જુએ છે કે આવા મહર્ષિની પાસે વળી દિવ્ય પુરુષ અને સિંહ બેઠેલા છે. એ તો જાણે એમ દેખાય છે કે ધર્મ અર્થ અને કામ જ આ સ્વરૂપે અહીં બિરાજમાન થઈ ગયા છે ! મુનિ જાણે સાક્ષાત્ ધર્મ જ છે, અને દિવ્ય પુરુષ અને સિંહ અર્થ કામ છે. અથવા ત્રણે લોકનો સાર ઉદ્ધર્યો અને અહીં જાણે મહર્ષિ દેવ અને સિંહરૂપે બેસાડી દીધો એવું લાગે છે ! એટલે જ મેં પૂર્વે સાંભળેલું કે 'હજી આગળ જા, તારે અદૃષ્ટપૂર્વ જોવાનું છે,' તે ખરેખર પહેલાં કદી નહિ જોયેલું, અપૂર્વ જોવા મળ્યું.

કુમાર આગળ વિચારે છે કે શાસ્ત્રમાં અને લોકમાં સંભળાય છે કે 'મહર્ષિઓ અને દેવો દિવ્યજ્ઞાનને ધરનારા હોય છે. તો લાવ હું અશ્વથી થયેલ મારા અપહરણ અંગે મહર્ષિને પૂછું.' આવા મહાત્મા મળી ગયા તો શું કામ બાકી રાખવું ?

**સ્વાગત ઉપચાર :-**

પરંતુ કુમાર નજીક જઈ પૂછવા જાય એ પહેલાં જ મહર્ષિ પોતે જ એને કહે છે, 'અરે કુમાર કુવલયચંદ્ર ! તને સ્વાગત હો; આવ.'

મહર્ષિના મુખકમળથી ઝરતી આ કોમળ વાણી સાંભળીને કુમાર આવર્જિત થઈ ગયો, રોમાંચ સાથે વિનય અને પ્રેમથી એ પ્રણામ કરે છે મહર્ષિના ચરણકમળે. **મુનિ એને સકલ ભવભયને દૂર કરનારી અને મોક્ષ સુખ આપનારી 'ધર્મલાભ'ની આશીષ આપે છે.** સાથેનો દિવ્ય પુરુષ કુમારના સ્વાગત અર્થે પોતાની હથેલી લંબાવે છે; એટલે કુમાર પણ પોતાની હથેલીથી એને ગ્રહણ કરી પ્રણામ કરે છે.

**'ધર્મલાભ'ની આશીષ કેવી કહી ?** ભવભય મિટાવનારી અને શિવસુખ અપાવનારી. શું એટલી આશીષે ભવભય મિટે ? હા, જેને સંસારની વિષય કષાયની હોળીનો ખરેખર તાપ લાગ્યો હોય એને આ આશીર્વાદ મળતાં જાણે પોતે ઉપશમના શીતળ કુંડમાં નાહ્યો એવું લાગે છે. આ શબ્દમાંથી ભવ્ય પ્રેરણા મેળવે છે. શબ્દ બોલાય છે કોના મુખમાંથી ? જેમણે જીવનમાં એકલો ધર્મ ઉતાર્યો છે

અને પાપને તિલાંજલિ આપી છે, જે સમસ્ત જીવરાશિને પોતાના તરફથી અભયદાન આપી એમના બંધુ બનેલા છે, એવા મહાત્માના મુખમાંથી કરુણા-રસભર્યો 'ધર્મલાભ' શબ્દ નીકળે છે, એ કેમ મહાન ધર્મપ્રેરણા ન આપે ? પછી તો સામાને ધર્મનાં એવાં મંડાણ થાય છે કે જે એને આગળ વધારી સંપૂર્ણ કર્મક્ષય સુધી લઈ જઈ ભવચક્રના ભ્રમણનો અંત પમાડે અને શાશ્વત મોક્ષસુખમાં ઝીલતો કરી દે. 'ધર્મલાભ થાઓ.' એ આશીષમાં આ તાકાત છે, પણ નહિ કે 'પુત્રવાન ભવ' 'ધનવાન ભવ' વગેરેમાં. એવી આશીષ મળતાં તો અજ્ઞાન મોહમૂઢ જીવમાં વિષયલાલસાની આગ વધુ સળગે છે. બિચારા એ લાલસામાં રુલી તો રહ્યા છે, એમાં એના આશીર્વાદ મળતાં બળતામાં ઘી હોમાય એટલે ભડકો મોટો થાય એવું બને છે. પોતે સંસારત્યાગી, વિષયવિરાગી, અને એમના સંપર્કમાં આવનારને એવા ભડકા વધારી આપે ?

**મુનિ આમંત્રે છે :-**

કુમાર કુવલયચંદ્રને મુનિએ 'ધર્મલાભ'ની આશીષ આપી. પછી કહે છે, 'કુમાર ! તને વિચાર આવ્યો કે હું પૂછું કે મારું અપહરણ કોણે કર્યું ને શું કારણ ? ચિંતા ન કર, આ બધું હું તને કહીશ.'

મુનિ પોતે જ કુમારના પૂછ્યા વિના કુમારના દિલની વાત કહે છે તેમજ એનાં હૃદયની જિજ્ઞાસા પૂરવા આમંત્રે છે એટલે તો કુમારને હરખનો પાર ન રહ્યો. એ ફરીથી પ્રણામ કરીને મુનિને કહે છે 'ભગવંત ! આપે તો સેવક ઉપર બહુ ભારે મહેર કરી કે સેવકના હૃદયનું ઇચ્છિત આપ કહેશો,' એમ કહીને ત્યાં કુમાર મુનિના સામે હાથની અંજલિ જોડીને બેઠો.

**મોટા પાસે સાંભળવાની આ રીત છે, કે** હાથ જોડીને મોટાના મુખ પર દૃષ્ટિ રાખીને બેસવું. હાથ છૂટા થાય નહિ, ડાફરિયાં મરાય નહિ ત્યારે મોટાને ય સંભળાવવામાં રસ રહે; નહિતર રસ પણ તૂટી જાય અને અભાવ જેવું ય થાય. તો એ પણ હકીકત છે કે વસ્તુ એની એ છતાં અંતરના સુંદર ભાવ સાથે મળે તો એ વસ્તુ મહામૂલ્યવતી બની જાય છે. દેખો છો ને કે પૂર્વ કાળના મહાન પુરુષોએ બહુ ઊછળતા અને ભારે ભોગ આપવા સાથેના સુંદર ભાવથી જિનપ્રતિમા ઘડી, તો આજે પણ એ પ્રતિમાઓ દર્શન-પૂજન કરનારને ઉચ્ચ શુભ ભાવોમાં તરબોળ કરે છે ને ? એવું અહીં છે. ગુરુઓ શિષ્યો-શ્રોતાઓની યોગ્ય વર્તણુક દેખી ખૂબ સદ્ભાવ અને રસ સાથે શાસ્ત્રની વાતો સંભળાવે છે એ પેલાને ઉચ્ચ શુભ ભાવ જગાડનારા બને છે. એટલે પહેલી જરૂર યોગ્ય ગુરુ પ્રત્યે શ્રોતા-શિષ્યની યોગ્ય વર્તણુકની છે.



**હાથ જોડેલા રાખવાથી મહાન ગ્રાહકભાવ ખડો થાય છે.**

**દૃષ્ટિ ગુરુમુખ પર કેન્દ્રિત કરવાથી એકાગ્રતા અને ગુરુ-ગુરુવચન તરફ ઝોક ઊભો થાય છે.**

આ પાયાની જરૂરિયાતો છે. એ ભાવો એટલે સહેજે જ્ઞાનાવરણાદિકર્મનો ક્ષયોપશમ (આંશિક નાશ) ઊભો થશે, ને ઉત્તમ વસ્તુની પ્રાપ્તિ-પરિણમન માટેની ભૂમિકા ખડી થશે. પછી થોડું પણ મળેલું, પાણી પર તેલબિંદુ વિસ્તરે એમ, હૃદયપટ પર વિસ્તાર પામશે. આ રીતે આત્માનો અભ્યુદય કરવો ક્યાં કઠિન છે ? અનાદિના મદ-મોહ વગેરે ચોટ્ટાને દબાવવાનું શું કપરું છે ? હાથ જોડી દૃષ્ટિ કેન્દ્રિત કરી સાંભળવાનો અભિગ્રહ કરીને બેસો અને સાંભળો. ભલે કલાકનો, ૦ા કલાકનો, પણ અભિગ્રહ-પ્રતિજ્ઞા કરીને સાંભળવાનું જેથી મન ઢીલું પડે નહિ સુસ્ત-બિનસજાગ બને નહિ.

હવે કુમારને મહર્ષિ ભવ્ય વાતો સાંભળાવે છે.

## • મહર્ષિની ભવ્ય વાણી •

મહર્ષિ કહે છે, 'હે કુમાર ! જ્યાં સુધી જીવ સિદ્ધિધામ-મોક્ષપદ નથી પામતો ત્યાંસુધી આ સંસારમાં નારક-તિર્યંચ-મનુષ્ય અને દેવના ભવોમાં એવી કોઈ વસ્તુ નથી કે જે અનંતા જીવો ન પામતા હોય.'

એનો અર્થ એ કે સંસારની ચીજ મળવાની કોઈ નવાઈ નથી. છતાં જીવ નાહક એમાં મોહ પામે છે.

**પ્ર.-** 'શું ત્યારે મળે એટલે એના પર મોહ-મમતા થાય એમાં વાંધો છે ?'

ઉ.- હા, વાંધો ખરોસ્તો. જીવનું ઘોર અજ્ઞાન છે કે એ એના પર મોહ-મમતા કરે છે. એની વિલક્ષણ ખાસિયત સમજતો નથી. મહર્ષિ તે સમજાવવા કહે છે,

**જેના પર મમતા એના પર દ્વેષ :-**

'હે મહાનુભાવ ! જેના વિયોગમાં જીવો અહીં મોહમૂઢ મનવાળા બન્યા થકા જીવિત પણ ધારણ નથી કરતા, અને પ્રાણત્યાગ કરે છે, કાલાન્તરે એને જ લેશ પણ જોવા શક્તિમાન નથી હોતા. એટલી બધી એના તરફ નફરત અને દ્વેષ છે કે એની સામું જોવા તૈયાર નથી. ભવ પલટાતાં તો આ બને છે, પરંતુ કેટલીક વાર એકજ ભવમાંય આવું બને છે. માતા ચુલનીએ બ્રહ્મદત્તને જન્મ આપ્યો, ને એના પર એને અથાગ પ્રેમ હતો; પરંતુ ચુલની વિધવા બન્યા બાદ બીજાના પ્રેમમાં પડી, તો પછી ઉંમરમાં આવી ગયેલા બ્રહ્મદત્તને જોવા જ તૈયાર નહોતી, તે એનો ફેંસલો કરવાનો ઘાટ ઘડ્યો. મહર્ષિ કહે છે,

**જેનું રક્ષણ એની કતલ :-**

'ભાગ્યવાન ! જેને પોતાના પ્રાણથી પણ અધિક માની પોતાની શક્તિએ એનું રક્ષણ-પાલન-પોષણ કર્યું, બીજા કોઈ ભવમાં એ જ વ્યક્તિને પોતે તલવારાદિ શસ્ત્રના પ્રહારથી ચીરી નાખે છે.' કેવી દુર્દશા ? આ સંસારમાં શું નથી બનતું ?

**મહેશ્વરદત્ત બ્રાહ્મણે** એના બાપનું સારું જતન બરદાસ્ત કરેલ, પરંતુ એ બાપ દીકરાને દેવીને પાડાનો ભોગ આપવાની ભલામણ કરતો મર્યો, તો પોતાના જ ઘરમાં પાડીના પેટે પાડો થયો, અને મહેશ્વરદત્તે જ બાપના શ્રાદ્ધદિને એ જ પાડાને ભોગ આપવા રેંસી નાખ્યો, ટૂકડા કરી નાખી એના માંસથી બ્રાહ્મણો જમાડવાનું કર્યું ! જેનું ભવિષ્ય આવું આવવાનું હોય એના પર અહીં મોહ-મમતા કર્યા શા લેખે લાગ્યા ? એમાં શું ડહાપણ કર્યું ? હજી ય ખોટી મમતા ન કરી હોત તો સંભવ છે બાપને શિખામણ દેવાનું મન થયું હોત કે હવે તો જવા બેઠા; ભગવાનને છોડી બીજામાં મન શું ઘાલો ? પરલોકે પાડો ય ઓથ નહિ આપે, દેવી ય નહિ આપે, ને હું ય નહિ આપું. ઓથ આપશે તો તે પરમાત્મા જ આપશે. ચિત્ત એમનામાં જ રાખો ! પણ ખોટી મમતા ન હોય તો આ કહે ને ?

ત્યારે જીવની દુર્દશા કેવી ? માતા પિતા સ્ત્રી પુત્ર વગેરે પર અથાગ મમતા ધરે છે પણ એ જોતો નથી કે પૂર્વના કોઈ ભવમાં આ એકેક જણે મારી કતલો કરી છે, પછી ભલે એ કસાઈ ને હું બોકડો હોઈશ. અથવા કોને ખબર ભવિષ્યમાં ય આ મારી કતલ કરનારા થાય. ત્યારે 'સામા જ આવું કરે છે, ને જીવ પોતે તો ડાહ્યોડમરો છે' એવું ય નથી. એ પણ એવું કરે છે. એ મહર્ષિ કહે છે,

**જેની ચંપી એનું વિદારણ :-**

'હે કુમાર ! જે કોમળ હાથથી જેણે બીજાના શરીરની ચંપી કરી, એ જ મૂઢ એને કરવત કે યંત્રથી ફાડે છે, ક્યાં મમતા કરવી ?'

આ બધું કોણ કરાવે છે ? અજ્ઞાન. પરભવે ખબર નથી કે 'જેને કરવત વગેરેથી ચીરું છું એ પૂર્વનો મારો કોઈ અતિપ્રિય સ્નેહી છે.' એજ પેલા મહેશ્વરદત્તને બન્યું. એણે બ્રાહ્મણોને પાડાના માંસથી જમણ આપ્યું ત્યારે માંસની ગંધથી મહેશ્વરદત્તની માતા જે શેરીમાં કૂતરી થયેલી તે ખેંચાઈને આવી, ઘરમાં પેઠી. દીકરાને ઓળખ નથી, તેથી આમ તો માતાની શરીરચંપી કરેલી, પરંતુ કૂતરીએ ઘર અભડાવ્યું માની એના પર કાષ્ઠની કમઠારનો ઘા કર્યો. એમાં કૂતરીની કેડ ભાંગી ગઈ, તે બિચારી ચીસો પાડતી લચકાતી લચકાતી બહાર ગઈ, ક્યાં રહ્યા માતાપિતા પરના સ્નેહ ?

**સંસારની રંગભૂમિ પર એક વાર સ્નેહનું નાટક કરવું, ને બીજી વાર કતલેઆમનું નાટક ભજવવું, એ નાટકિયાગીરી અને મૂર્ખતા જ કે બીજું કાંઈ ?**



તો શું વ્યવહાર ન સાચવવો ? આવો પ્રશ્ન અસ્થાને છે. વ્યવહાર યાને માથે ધરેલ જવાબદારી અદા કરવી એ એક ચીજ છે અને ખોટા સ્નેહના સવાસલાં કરવા એ બીજી ચીજ છે.

શું સ્નેહ વિના વ્યવહાર સચવાય ? કેમ ન સચવાય ? અરે ! ઘણાય સાચવો છો. સ્નેહી મળે એને કહો છો 'કાંઈ કામ હોય તો કહેજો,' પણ અંતરમાં એવો કોઈ સ્નેહ નથી ઊભરાતો કે એ ગમે તે કામ કહે ને ગમે તે કરવા ખુશી હો. કેટલાક સાથે લગ્નાદિમાં વ્યવહાર સ્નેહ વિના સાચવો જ છો ને ? આ તો સમકિતી જીવની વાત છે. શું બોલો છો ?

**'સમ્યગ્દષ્ટિ જીવડો, કરે કુટુંબ-પ્રતિપાળ;**
**અંતરસે ન્યારો રહે, જ્યું ધાવ ખેલાવત બાળ.'**

સમકિતી આત્મા અંતરથી સ્નેહ વિનાનો રહીને કુટુંબનું પાલન કરે છે. ધાવમાતા રાજપુત્રનું પાલન કરે છે ને ? શું એને એના પર પોતાના પુત્ર જેવો સ્નેહ છે ? ના, એ તો માત્ર પગાર પૂરતી જ સેવા છે. દેખીતું પાલન પોતાના પુત્ર કરતાં વધુ મહેનત અને સામગ્રીથી રાજપુત્રનું કરે છે, છતાં સ્નેહ ખરેખરો તો પોતાના પુત્ર પર છે. તે જો કોઈ સાપ આવતો હોય કે મકાનને આગ લાગી હોય, તો ત્યાં વર્તાઈ જાય છે. બે બાળકમાંથી પહેલું પોતાનું બાળક સંભાળશે, પછી રાજપુત્રને; કેમકે રાજપુત્રને સાચવવા-પાળવાનો વ્યવહાર અંતરના સ્નેહ વિનાનો છે. સમકિતીને સંસારવ્યવહાર આ રીતે પસાર કરવાના હોય.

**જેનું દૂધ પીધું એનું જ લોહી પીએ છે. :-**

મહર્ષિ કહે છે, 'હે નરોત્તમ ! તું એ જો, કે જીવે એક ભવમાં જે માતાના સ્તનપાન કર્યાં ને જીવી મોટો થયો, બીજા કોઈ ભવમાં એ જ માતા જીવનું લોહી પીએ છે.' આ કેવી રીતે બને ? પુત્ર પોતે મરીને સંસારે ભટકતાં ભટકતાં શિકારી પશુ થયો, ને માતા ત્યાં જંગલનું નિર્દોષ પ્રાણી થયું, તો પેલો આનું લોહી પીવાનો. ત્યારે માતા-પુત્રના ભવમાં પરસ્પર કરેલી મમતાના શા અરમાન રહ્યા ? અનંતાકાળથી આ ભવચક્રમાં ભટકતા જીવને બીજા જીવોના વિવિધ દ્વેષી-પ્રેમીના સંબંધમાં આવવાનું સુલભ છે, સુશક્ય છે, એમાં એ પ્રેમ અને દ્વેષ બંને ય કરીને મરે છે; ભવમાં ભટકતો રહે છે.

**જેને પ્રમાણ એના જ લાતે ચૂરા :-**

મહર્ષિ કહે છે, 'જેને પૂજ્ય વડીલ તરીકે માની એમના ચરણે નિત્ય પ્રણામ કર્યા, આ વિચિત્ર સંસારમાં કોઈ ભવે એમને જ લાતે મારી મારી ચૂરી નાખ્યા.' આ પણ શક્ય છે. ધારો કે એ વડીલનો જીવ પ્રમાદમાં પડી એકેન્દ્રિય માટીમાં જન્મ્યો, ને પેલો પ્રણામ કરનારો કુંભાર થયો તો એ માટીને લાવીને શું કરવાનો ? પગ નીચે કૂટી કચરીને ભૂક્કોસ્તો. અથવા આ શેઠને પેલો વડીલ એ ગુલામ થયો, તો રોફમાં પેલાના ગુના પર એને લાતે મારી મારી કૂટશે. જીવને સજા તો પોતાના દુષ્કૃત-પાપ-કષાયાદિ પ્રમાદ જ કરે છે, પરંતુ એમાં નિમિત્ત તરીકે એક વખતના પૂજક-સેવક જીવને બનાવી એની જ પાસે માર મરાવે છે !

**જેની પાછળ રુદન એનો જ હોમ :-**

મહર્ષિ આગળ જણાવે છે, 'હે સુબુદ્ધ ! આ વિલક્ષણ સંસારમાં જેના મૃત્યુ પર જીવ એકવાર ચોધાર આંસુએ રોયો-કકળ્યો ને માથા તથા છાતી કૂટી, બીજીવાર બીજા કોઈ ભવે એ જ મરનાર જીવના શરીરના માંસથી એ રોનારો જીવ ત્યાં કોઈકનું મૃતકાર્ય કરે છે, મૃત્યુ ભોજનાર્થે એનો હોમ કરે છે.'

**કેવી કરુણતા ?** અહીં 'હાય, મારો વહાલો મરી ગયો ! ઓ મારા ભગવાન ! મારું મોત કેમ ન થયું ?' એમ બોલી બોલી જે રોકકળ કરે છે, તેજ રોનારો જીવ વખત આવ્યે ભવાંતરે મિથ્યા ધર્મમાં ફસ્યો કોઈ સગાનાં શ્રાદ્ધ વગેરે નિમિત્તે ભોગ આપવા, પેલો જીવ બિચારો જનાવર થયો છે તે એને પકડીને ટૂકડા કરી એનું માંસ ચડાવે છે, માંસથી બ્રાહ્મણો જમાડે છે ! આવાં ઘોર કૃત્યો કરનારા ને બીજા જીવોને રેંસી નાખનારાને ખબર છે ખરી કે આ જ જીવો એકવાર તારા પ્રાણપ્યારા સ્નેહી હતા, ને એ મર્યા ત્યારે રોઈ રોઈને માથાં ને છાતીઓ કૂટી હતી ? શું જોઈને અહીં એને જ કાપી કૂટી રહ્યો છે ? અરે એ પંચેન્દ્રિય જીવ બન્યો ન હોય પણ કદાચ ફળનો જીવ બન્યો હોય, તો ય એના પર એના જ એક વખતના સ્નેહીથી આ કાપાકાપી ને છુંદામણ સંભવિત છે. અજ્ઞાનવશ ખબર નથી કે આ કયા જીવ પર આપણે આજે ઉજાણી ઉડાવીએ છીએ; એ પૂર્વનો આપણો પુત્ર હશે, મા હશે શી ખબર ?

**પ્ર.**- તો શું ખાઈએ પીઈએ નહિ ?

**ઉ.**- ખાધા પીધા વિના ક્યાં રહેવાના છો ? પણ એટલું જો સમજો કે આ જેની હિંસા-આરંભ-સમારંભ કરી રહ્યા છીએ, એ પૂર્વે આપણા પ્રાણથી અધિક



વહાલા સગા હતા; તો કમમાં કમ અહીં એ જ જીવોનાં કલેવર કચરતાં-ખાતાં રાચીએ માચીએ તો નહિ ? જગતના પદાર્થો ઉપરનો મોહ ઉતારવા માટે આ એક સચોટ વિચારણા છે કે 'એ પદાર્થો તે જીવોના કલેવર છે કે જે એક વખતે આપણને પ્રાણથી અધિક વહાલા હતા. માટે આજે એની સાથે પ્રસંગ પડ્યો છે તો એમજ કામ ચલાવો, એના પર રાગ-આસક્તિ-મમતા કરવાની જરૂર નથી.' આ વિચારણા મનમાં નિશ્ચિત કરીને રાગના ઉછાળા દાબવાનો અભ્યાસ કરવા માંડો, જુઓ મન કેટલું બધું ફોરું અને પ્રફુલ્લિત રહે છે. રાગ ઓછો કરવા માંડ્યો પછી એ વસ્તુ કે વ્યક્તિમાં કાંઈ વાંધો-વચકો પડ્યો તો ય મનને એવો ઉદ્વેગ નહિ થાય; કેમ કે,

**સ્નેહી જીવો માટે રાગને દાબીને એ વિચારણા** કરી રાખી હતી કે 'આમને કોઈ જનમમાં મેં એમને અગર એમણે મને ભયંકર રીતે કચરેલા છે, અને કોને ખબર હજી ભાવી ભવોમાં એવું શું ય ન બને ? માટે ઠીક છે અત્યારે સંબંધ છે તો નિભાવવાનો, બાકી રાગમાં હૈયાથી ઊલટી પડવાનું નહિ;' આવું વિચારી રાખ્યું પછી વાંધો ઊભો થાય એમાં શો એવો ચિત્તક્લેશ થાય ?

**એમ, જડ વસ્તુ માટે પણ રાગ દબાવવા એ જ વિચાર** કે 'આ પણ એવા જીવોના કલેવર છે કે જેમને કોક ભવમાં મેં ખૂબ પ્રેમથી મહલાવેલા, પ્રાણથી પ્યાર કરેલા. આજ એ સ્થિતિ આવી બની છે કે એ જ જીવોને કચરી-કૂટીને એનાં કલેવર ભોગવવાનું આવ્યું છે. તો શા આના પર રાગ કરવા ?' આમ રાગ ઓછો કર્યા પછી એ ચીજમાં વાંધો-વચકો પડ્યો તેથી કાંઈ મન નહિ બગડે.

**માતા પત્ની બને ! :-**

મહર્ષિ કુવલયચંદ્રને કહે છે, 'હે કુમાર ! એ પણ જો, કે એક વાર જીવે જેના પ્રત્યે અત્યંત ભક્તિ અને બહુમાનથી માતા તરીકે પૂજી, બીજા ભવમાં કામરાગના મોહથી 'આ તો મારી પત્ની છે' એમ કરીને એની જ સાથે કામના ખેલ ખેલે છે.'

મહર્ષિએ પહેલાં પ્રેમપાત્ર પર હિંસાના તાંડવ ખેલાતા બતાવ્યા, હવે અહીં પૂજ્ય માતા સાથે વિષયરંગ ખેલાતા બતાવે છે. જગતમાં ભટકતા જીવની આ કેવી બિભત્સ દશા છે ? અહીં માતા તરીકે માનતો હોય ત્યાં લેશ પણ કામનો વિચાર ન આવે. ભવ પલટાતાં એ જીવ પૂજાપાત્રને બદલે કામપાત્ર બને છે. વિચાર આવે છે ખરો કે જેની સાથે અહીં કામના સંબંધ બાંધ્યા છે એને કોઈ ભવમાં પૂજ્ય માતા તરીકે સન્માની હશે ? તો પછી જીવ એનો એ છતાં આજે ભવ પલટાયો, એથી મોહમૂઢ કલ્પના ? જીવની બુદ્ધિનું ક્યાં ઠેકાણું છે ? કૂતરીના

ભોટિલાને મોટું થયે એજ કૂતરી માતા સાથે ભોગલુબ્ધ બનેલું જોઈએ તો દુગંછા ઊપજે, અને અહીં ભવ ફર્યો છે માટે કોઈ જ દુગંછા નહિ ? સંસારના આ કઢંગા નાટકને ઓળખી લેનારા ભવ્યાત્માઓ તો એટલા જ માટે સંસારને અસાર, નિર્ગુણ અને બેહૂદો, તથા એટલા જ માટે ન રાખવા લાયક સમજે છે, વૈરાગ્ય પામી જાય છે, અને એનો ત્યાગ કરી દે છે.

**બેહૂદાં પલટા :-**

સંસારમાં બેહૂદું તો કેટલું બધું છે કે મહર્ષિ કહે છે, 'હે મહાનુભાવ ! એક વખતે માતાનો પુત્ર એ બીજી વખતે એજ માતા પત્ની બની એનો પતિ થાય છે. તો એક વખતનો પતિ એ જ બીજીવાર એનો દુશ્મન થાય છે, ને પછી પાછો ત્રીજી વાર એનો જ પુત્ર બને છે. ત્યારે એક વખતની પત્ની એ જ બીજી વખત માતા થાય છે, અને માતા એ વળી પત્ની બની બેસે છે. ત્યારે એક વખતનો શેઠનો નોકર એ પછીથી એ જ શેઠનો શેઠ બને છે અને શેઠ એ નોકર બની બેસે છે, અસાર તુચ્છ સંસારમાં જીવોની આ ગતિ થાય છે.'

**અનેક ભવોનું ચિત્ર :-**

કેવી વિચિત્રતા ? દૃષ્ટિ On the whole યાને સમગ્ર રૂપે અનેક ભવો ઉપર પડવી જોઈએ; તો જ આ વિચિત્રતા નજરમાં પડે. એમાં એ રીતે જોવાય કે જાણે સામે આપણા જુદાં જુદાં ભવોનું ચિત્રપટ છે. એના એકેક બ્લોકમાં એકેક ભવ ચિતરેલો છે, એમાં જે જુદા જુદા સગાંઓ છે, તે પછી-પછીના ભવોમાં વિચિત્ર બેહૂદાં વિરુદ્ધ સંબંધમાં આવેલા દેખાય. જુઓ જોવાની મઝા. એક ચિત્રમાં આપણે જે વ્યક્તિને માતાના વેશમાં એના પગે પડી નમસ્કાર કરીએ છીએ, બીજા ચિત્રમાં એ જ વ્યક્તિના પત્નીના વેશમાં સેવા-નમસ્કાર લઈએ છીએ, એને કડક હુકમ યા સજા કરીએ છીએ. કેવું કઢંગુ દૃશ્ય ! કઢંગી હાલત ! આમાં ક્યાં આપણી વિવેકબુદ્ધિ રહી ? શી સ્થિતપ્રજ્ઞતા રહી ? સ્થિરપ્રજ્ઞા એનું નામ કે જેમાં એક શુભ ભાવ દિલમાં ધર્યો એમાંથી ચલવિચલ ન થવાય. માતા તરીકે પૂજયતાનો ભાવ ધર્યા પછી હવે એને જ પત્ની બનાવી એના પ્રત્યે કામવાસનાનો ભાવ ધરવાનો ? સ્થિર બુદ્ધિ કયાં રહી ?

**વ્યવહાર કેવો ?**

**પ્ર.**- પણ વ્યવહાર તો પાળવો પડે ને ?

ઉ.- આ પલટાતા વ્યવહાર તમને કેવા લાગે છે ? કઢંગા કે શોભાભર્યા ? માટે જ જ્ઞાનીઓ સંસારને અસાર કહે છે, ફેંકી ફગાવી દેવા જેવો બતાવે છે. વ્યવહાર શોભાભર્યો ને અપનાવવા-વધાવવા જેવો હોય તો ત્રીજી સંસારભાવના



શું કામ ભાવવાની હોય ? શી રીતે ભાવવાની છે એ ? સંસાર પર ઘૃણા લાવીને, કે 'અરેરે ! આ તે કેવો કંઢગો સંસાર કે એમાં પિતા પુત્ર બને ને માતા પત્ની બને ? ક્યાં સુધી ચલાવવાનો આવો બેઢંગો સંસાર ?'

મહર્ષિ કહે છે, 'હે સુબુદ્ધ કુમાર ! એટલા માટે હંમેશા આ ભાવના કરવા જેવી છે કે નિશ્ચિત રીતે કોઈ પણ જીવ કોઈનો ય બાપ નથી, માતા નથી, પુત્ર-પુત્રી નથી કે પત્ની, તેમ મિત્ર પણ નથી ને શત્રુ પણ નથી, અથવા નથી તો સગો, કે ન સ્વામી યા ન નોકર. એ તો પોતે પૂર્વ ભવે પોતાના મોહના ભાવને અનુસારે જેવા શુભ કે અશુભ કર્મ સંગૃહીત કર્યા તેના તેના વિપાકના અનુસારે એવા મોહથી ભાગ્યહીન જીવો એ ભાવ વેદે છે.'

'અહીં મારા બાપ સારા મનગમતા; મારો દીકરો મનગમતો; માતા એવી; પત્ની પણ બહુ સારી મનગમતી મળી, વગેરે વગેરે મોહના ભાવથી તેવા તેવા મોહનીય કર્મ ઉપાર્જે છે, સાથે બીજા સુકૃતથી શુભ કર્મ પણ ઉપાર્જે, એટલે ભવાંતરે આ પુણ્યના યોગે મનગમતા સગા આવી મળે અને પેલા મોહનીય કર્મ પણ ઉદયમાં આવે એટલે તેવો તેવો મોહ કરાવે છે.'

મહર્ષિ કહે છે 'ત્યાં પણ તેજ કારણે એ મૂઢ મનવાળા જીવો એવાં પાપ કર્મ બાંધે છે કે જે લાખો ભવો સુધી પાપી બુદ્ધિએ ભોગવવા યોગ્ય હોય.' કેવી કરુણ દશા ! ઊંચા માનવ ભવે હલકી તુચ્છ મોહબુદ્ધિઓ રાચી માચીને કરી, એના કટુ ફળ પછી લાખો ભવો સુધી વેદવાનાં, ને તેય પાછા વેદાય ત્યારે બુદ્ધિ પાપી ! બેવડો મરો. સંસારની સગાઈના ફાંસલામાં જનમ જનમ ભટકવાનું, ને એમાંય બુદ્ધિ સારી ન મળે; પાપબુદ્ધિમાં જ રોળાવાનું. એ તો તો જ બચાય કે જો આ ઉચ્ચ ભવે આવી ભયાનકતા સમજી જઈને 'આ મારા વહાલા બાપા, મારી વહાલી મા, મારી વહાલી પત્ની, મારો વહાલો દીકરો,' વગેરે મોહબુદ્ધિઓને વોસિરાવે; સમજે કે આમાં શું મારાપણું ને વહાલાપણું કરવા જેવું છે ? આ તો એવી બાલિશ ચેષ્ટા છે કે મહર્ષિ કહે છે,-

**રમતા બાળક જેવા સંસારી :-**

'જેમ બાળકો રેતીમાં રમતાં ભીની રેતીથી કલ્પિત જૂઠાં ઘર કરે છે, અને મૂઢતાથી એક બીજાને કલ્પિત માતા પિતા પુત્ર બનાવે છે, એ જ પાછા ઝગડે છે, વળી પાછા ભેગા ખાય છે, ને અંતે કલ્પિત કરેલી સગાઈઓ ભૂલી જઈ પોતપોતાના જુદા જુદા ઘરે જાય છે, એવું આ સંસારરૂપી રેતીના પટમાં બાળ જેવા મૂર્ખ બાલિશ જીવોનું છે.' એ પણ શું કરે છે ? આ જ, કે ઘર બાંધવું, પોતાનું માનવું, બાપ-દીકરા, ધણી-ધણિયાણી વગેરેના કલ્પિત સંબંધ ઊભા કરવા, એમાં ય પછી પરસ્પર

ઝગડવું, પાછા ભેગા જમવા બેસવું, ને અંતે આ બધું પડતું મૂકી દરેકે પોતપોતાના કર્માનુસાર આ વિરાટ વિશ્વમાં બીજ ક્યાંય પોતાનું સ્થાન કરી લેવું, ત્યાં ચાલ્યા જવું. સંસારમાં આ સિવાય બીજું શું છે ? સંસારી જીવો એટલે રમતા બાળક જેવા; ને સંસારસગાઈ એટલે બાળચેષ્ટા, એમાં જીવ મૂઢ બની જીવન આખું ને ભવના ભવ પસાર કરે છે. કયાંય કયારેય વિચારે ય કરવાનો નહિ ? કયાંય અટકવાનું નહિ ?

મહર્ષિ કહે છે, 'હે કુમાર ! આવા અસાર સંસારમાં ક્રોધ-માન-માયા-લોભ અને મોહથી મૂઢ મનવાળા અને એમ પણ જે અનુભવ્યું તે તું સંભાળ.'

**મહર્ષિ કથા કહે છે :**

એક વત્સ નામનો દેશ છે, જ્યાં દેવતાઈ જેવા મહેલો અને મંડપો સૂચવી રહ્યા છે કે લોકો પુણ્યશાળી છે. એ દેશમાં કોશાંબી નામની રમ્ય નગરી છે. એની આસપાસ કિલ્લો અને કિલ્લાની બહાર ઊંડી પાણીની નહેર વહે છે. કેમ જાણે આ ચારે કોર જગતથી વિંટળાયેલ અને બહાર નિર્મળ પાણી છે જેને એવો જંબૂદ્વીપ ન હોય. ત્યાં પાણીના સરોવર એવા છે કે જેમાં કમળો ન હોય એવું નથી. તેમ કમળ એવા છે કે જેને સેવનારા હંસ ન હોય એવું નથી.

નગરનો રાજા પુરંદરદત્ત નામે છે. રાજા એવો પરોપકારી છે કે અનેકાનેક દીન-દુઃખીજનો તેમજ અનેક પંડિત પુરુષોને વિશ્રામભૂત છે. રાજા બીજા પણ બહુ બહુ ગુણો ધરાવે છે, પરંતુ ખામી મોટી એક જ છે કે એને જિનવચનની શ્રદ્ધા નથી. આ વાતનું એના વાસવ નામના મહામંત્રીને મોટું દુઃખ છે. કેમકે એ ઔત્પાતિકી વૈનયિકી કાર્મિકી અને પારિણામિકી એ ચાર પ્રકારની બુદ્ધિ ઉપરાંત નિર્મળ સમ્યકત્વને ધરનારો છે.

**ચાર પ્રકારની બુદ્ધિ :-**

**ઔત્પાતિકી બુદ્ધિ એટલે** એવી બુદ્ધિ કે જેનાથી માણસ હાજરજવાબી હોય. કોઈ પ્રશ્ન કોઈ સમસ્યા કોઈ ગૂંચ એની આગળ રજૂ થઈ કે તરત એનો સુયોગ્ય જવાબ-ખુલાસો-ઊકેલ એને સ્ફુરી આવે. દા.ત. શાસ્ત્રમાં આવે છે કે રોહાને રાજાએ કહ્યું 'તું મારી પાસે એવી રીતે આવજે કે રાતે નહિ, તેમ દહાડે નહિ, ચાલતો નહિ, તેમ વાહનમાં નહિ, છત્ર સાથે નહિ તેમ છત્ર વિના ઉઘાડો નહિ.' રોહાએ ઔત્પાતિકી બુદ્ધિથી બકરી પર સવાર થઈ માથે ચારણી ધરી સંધ્યાકાળે આવવાનું કર્યું. અકબર-બીરબલની કે ભોજ-કાળીદાસના ટૂચકા આવે છે તે ઔત્પાતિકી બુદ્ધિના દાખલા છે.

**વૈનયિકી બુદ્ધિ** એટલે ગુરુનો વિનય કરતાં કરતાં જે અવસરે ઉચિત બુદ્ધિ સૂઝે



તે. જેમકે શાસ્ત્રમાં દૃષ્ટાન્ત આવે છે કે બે બ્રાહ્મણ વિદ્યાર્થી નદીએ જતા હતા. ગામની બહાર જંગલમાં થઈને જવાનું હતું. બેમાંથી વૈનયિકી બુદ્ધિવાળા વિદ્યાર્થીએ જંગલની વચમાં કહ્યું. જો અહીંથી એક આંખે કાણા હાથી પર ગર્ભવતી રાણી બેસીને ગઈ છે અને સંભવ છે નદી કિનારે એને પુત્ર જન્મ્યો હશે. તો ચાલ જલ્દી, દક્ષિણા મળશે.' ગયા ઝટપટ, અને બરાબર તેમ બનેલું, દક્ષિણા મળી. પછી નદી કિનારે એક બાઈ ઘડો ભરીને જેવી નદીમાંથી બહાર નીકળી કે તરત કિનારા પર પગ ખચકાતાં ઘડો પડીને ફૂટી ગયો ને પાણીનો રેલો નદીમાં પહોંચ્યો. બાઈ રોવા લાગી. વિદ્યાર્થીઓએ પૂછતાં કહે છે 'એક તો મારો દીકરો પરદેશ ગયેલો વરસોથી પત્તો નથી, માંડ ઘર ચલાવું છું એમાં વળી આ ઘડો ફૂટી ગયો.' બુદ્ધિ વિનાનો વિદ્યાર્થી કહે છે 'ત્યારે હવે આ ઘડાના ફૂટવા પરથી સમજી લે કે તારો દીકરો પણ મરી ગયો.' બીજો પેલો વૈનયિકી બુદ્ધિવાળો કહે છે, 'એવું અપશુકનીયું ન બોલ.' બાઈને કહે 'મા ! જા ઘરે તારો દીકરો હમણાં જ પરદેશથી આવેલો તને મળશે.' બાઈ ઘરે ગઈ, વિદ્યાર્થીઓ પણ પછી ગુરુ પાસે પહોંચી ગયા.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૨૧,તા.૩-૨-૧૯૬૮**

પેલી રાણીની હકીકત બરાબર બની આવવા બુદ્ધિ વિનાનો વિદ્યાર્થી ગુરુ સાથે લડે છે કે 'તમે આ બીજા વિદ્યાર્થીને ખાનગી-ખાનગીમાં ઘણું ઘણું શિખવાડી દીધું છે એટલે તો જંગલમાં એમ જ વગર જોયે રાણી કાણા હાથી ઉપર જતી ને ગર્ભિણી, વળી તરત પુત્રને જનમ આપવાવાળી, આવું બધું કહી દીધું. તમે પક્ષપાત કરો છો.'

એટલામાં પેલી બાઈ ભેટણું લઈને આવી અને બુદ્ધિવાળા વિદ્યાર્થીને ચાંલ્લો કરી શ્રીફળ આપે છે.

ગુરુ પૂછે છે 'શાનું આ ભેટણું ?'

બાઈ કહે, 'ઘણી ખમ્મા તમારા આ શિષ્યને કે એણે કહ્યા બરાબર મને ઘરે પહોંચતાં દીકરો મારો પરદેશથી આવી ચડેલો મળ્યો.'

ત્યાં પેલો બુદ્ધિહીન વિદ્યાર્થી તડુક્યો 'જુઓ, આ પણ દાખલો છે કે તમે એને એવી વિદ્યા ખાનગીમાં શીખવી છે કે એને આવું બધું આવડે.'

ગુરુ કહે છે 'એવું કશું નથી. જે કાંઈ શીખવ્યું તે મેં તમને બંનેને સાથે રાખીને જ શિખવાડેલું છે. તું ભ્રમણામાં ન પડ. જો આ વિદ્યાર્થી પાસેથી જ ખુલાસો માગીએ કે કેમ આ બધું એને સ્ફુર્યું ?'

**વિદ્યાર્થીએ કયા કયા આધાર પર જાણ્યું ?**

વિદ્યાર્થીને પૂછતાં વિદ્યાર્થી કહે છે, ''ગુરુજી ! અમે જંગલમાં થઈને જતા હતા ત્યારે રસ્તામાં હાથીના પગલાં જોયા, તેથી હાથી ગયાનું જાણ્યું. વળી જોયું તો રસ્તાની એક બાજુના જ ઝાડ પર મોં મારેલાં દેખ્યાં, તેથી લાગ્યું કે હાથી આખે કાણો હશે. આગળ જતાં એક મોટા ઝાડ નીચે વિસામો ખાવા બેઠા તો ત્યાં પાસે છોડવા પર રેશમી લાલ તંતુ વળગેલા દેખ્યા. એથી કલ્પના કરી કે હાથી પર કોણ જતું હોય ? નગરમાં રાજાને ત્યાં જ હાથી છે, અને રેશમી તંતુ કાંઈ રાજાના પોષાકના નહિ, તેથી રાણીની સાડીના જ હોવા જોઈએ. વળી એ બાઈ ત્યાં લઘુશંકા કરવા બેઠી હશે તે પરથી પણ સ્ત્રી હોવાનું જાણ્યું. વળી એ ત્યાંથી ઊઠી હશે તે એનો પંજો ધૂળમાં ઊઠેલો દેખ્યો. એ પરથી વિચાર્યું કે જો શરીર જ ભારે હોય તો બંને હાથ આગળ થાપીને ઊઠે, પણ આ તો જમણી બાજુ જ પંજો દેખ્યો તેથી જાણ્યું કે એ ગર્ભવતી અને તે પણ ગર્ભમાં પુત્ર હોવો જોઈએ. વળી પંજો સારી રીતે દબાયેલો તેથી કલ્પ્યું કે રાણીને પ્રસૂતિનો સમય એકદમ નજીકનો છે. આ હિસાબે મેં કહ્યું કે ચાલ રાણી હાથી પર ગયેલી લાગે છે. નદીકાંઠે સંભવ છે કે એણે પુત્રને જન્મ આપ્યો હોય. તો આપણને દક્ષિણા મળશે.

''પછી આ બાઈને જે કહ્યું તે એ સમજીને કે ઘડો માટીનો હતો તે ફૂટીને માટી માટીમાં ભળી ગઈ; અને પાણી નદીનું હતું તે રેલાઈને નદી ભેગું થયું, જે જેમાંથી છૂટું પડ્યું તે તેને મળી ગયું, તેથી લાગ્યું કે આ માતાનો પુત્ર એને આવી મળવો જોઈએ. જેમાંથી જે જન્મ્યું તે એને પાછું ભેગું થાય એ પરથી બીજી કલ્પના શી થાય ?''

આ સાંભળી ગુરુ પેલા બુદ્ધિહીન વિદ્યાર્થીને કહે છે, 'જો આમાં મારું કશું શીખવેલું નથી. એની બુદ્ધિને જ એ સૂઝ્યું છે; અને એવું સૂઝવાનું કારણ એનો વિનય છે. ભણવા કરતાં પણ એણે ગુરુવિનય સાચવવા પર પહેલું લક્ષ રાખ્યું છે. ક્યારેક એ વિનય ચૂક્યો નથી. એથી એની બુદ્ધિ એવી વિકસ્વર થઈ છે કે સામે આવેલ મુદ્દા પર યોગ્ય અનુમાન કરી શકે.

**આજના વિદ્યાર્થી-વિદ્યાર્થીની :-**

આજે આની કિંમત ભૂલાઈ ગઈ છે. તેથી કેળવણીના નામે આર્ટસ્-સાયન્સ કોમર્સ-એન્જિનીયરિંગ વગેરે વગેરે શિખવાડાય છે, પરંતુ પાયાના ગુણ વિનય માટે કશો વિચાર નથી કરવામાં આવતો. નથી એનું કોઈ શિક્ષણ, યા ન તો એનો અભ્યાસ. પરિણામ દેખો છો ને ? છોકરા માબાપ સામે ઉદ્ધતાઈથી વર્તે છે, શિક્ષક-પ્રોફેસરને હિસાબમાં ગણતા નથી. જરૂર પડ્યે શાળા-કોલેજ સામે બળવો-



તોફાન ભાંગફોડ પણ કરે છે. અમને એક કોલેજિયન વિદ્યાર્થી કહેતો હતો કે ક્લાસમાં એક છોકરી અમેરિકન નગ્ન સ્ત્રીપુરુષનાં ચિત્રવાળી ચોપડી ખોલીને જોતી હતી, પ્રોફેસર જોઈ ગયા, એને કહ્યું કે 'તમારે આવી ચોપડી ન રખાય.'

**વિદ્યાર્થીની કહે છે, 'તમારે ભણવાની બાબતમાં જ કહેવાનો અધિકાર છે, બાકી બીજી વાતોમાં હું સ્વતંત્ર છું. તમે મને કાંઈ કહી શકતા નથી'**

બોલો, છે ને અવિનય અને અનાચારની બેહદ ? આ તો પ્રોફેસરે જોયું એટલે બહાર આવ્યું, બાકી તમને ખબર નથી કે તમારા છોકરા-છોકરી ખાનગીમાં કેવાં બિભત્સ ચિત્રો ફોટા ને ચોપડીઓ માસિકો રાખે છે, જુએ છે, વાંચે છે; પછી એનાથી જાગેલા કામના ઉન્માદ એની પાસે શું નહિ કરાવે ? એ જ કોલેજિયન છોકરો કહેતો હતો કે આજની કોલેજિયન વિદ્યાર્થીનિઓ ઘરે કહે છે 'ઘર સાંકડું છે, ભણવાનું ફાવતું નથી, માટે, લાયબ્રેરીમાં વાંચવા જાઉં છું. ત્યાં પુસ્તકો પણ મળી શકે.' હવે શું માબાપને ખબર-ખાતરી છે ખરી કે 'એ લાયબ્રેરીમાં ગઈ કે બગીચામાં યા ક્યાં ગઈ ? લાયબ્રેરીમાં ય કોઈ વિદ્યાર્થી સાથે બેઠી અડપલાં કરે છે ? કે વાંચે છે ?' ગમે તેવા રસ્તે જાય તો એને આજે ભય છે ? ના, સાધનો શોધાઈ ગયાં છે, પછી ડર શાનો ? એક વેપારી કહેતો હતો કે મારી દુકાનેથી સાધનો ૮૦ ટકા કોલેજિયન યુવક-યુવતીઓ લઈ જાય છે. આમાં સદાચારનું શિક્ષણ જ ક્યાં રહ્યું ? માબાપને છોકરી કમાઈ લાવે છે એટલું જ જોવું છે. પછી એ ક્યાં હરે-ફરે છે, શું કરે છે, એ શું કામ જુએ ? ત્યારે વિનયનું શિક્ષણ પણ ક્યાં છે ?

વિનય વિના વિદ્યા નહિ; અર્થાત્ માણસને હૃદયથી માણસ બનાવે એવી વિદ્યા અવિનીતમાં પરિણમે નહિ. કવિ કહે છે,

**'વિનય વડો સંસારમાં, ગુણમાં અધિકારી;**
**માને ગુણ જાયે ગળી, પ્રાણી જોજો વિચારી,**
**રે જીવ ! માન ન કીજિએ.'**

સંસારમાં વિનય એ મોટી ચીજ છે; (૧) ગુણો માટે એ અધિકારી બનાવે છે. (૨) વિનયથી બુદ્ધિ સ્વચ્છ બને છે, (૩) કુશાગ્ર અને વસ્તુસ્થિતિની ગ્રાહક બને છે. પેલા વિદ્યાર્થીએ ગુરુનો વિનય પહેલો સાચવેલો એટલે એની બુદ્ધિ એવી બની ગયેલી, તે ચમત્કારિક અનુમાન કર્યાં. આ વૈનયિકી બુદ્ધિ.''

**'કાર્મિકી બુદ્ધિ'** એટલે કોઈ પણ જાતના ધંધા-વ્યવસાયનું કર્મ કરતાં કરતાં એની હોશિયારી આવી જાય, અને એમાં બુદ્ધિ કુશાગ્ર ચાલે એ. આજે સાંભળવા મળે છે કે મોટા કારખાનાઓમાં કોઈક યંત્ર અટકી પડ્યું હોય તો મોટા બે હજારના પગારદાર ઈજનેર કદાચ મુંઝાય છે, પણ વર્ષોથી ત્યાં કામ કરતો મશીનમેન ઝટ

ગૂંચ ઊકેલી કાઢે છે. કેમકે એને કાર્મિકી બુદ્ધિ બની ગઈ છે. સુથારના નાના છોકરાને ઓજાર ચલાવતાં ને વસ્તુ બનાવતાં જાણે રમતવાત ! કોલેજ શીખેલા ફાંફા મારે. સારી પાઠશાળામાં યા માબાપ કે સાધર્મિકના હાથ નીચે તૈયાર થયેલ નાના છોકરાને પ્રતિક્રમણ-પોષધ વગેરે કરવાની હોશિયારી કેટલાય મોટી ઉંમરના માણસમાં નથી દેખાતી. આ કાર્મિક બુદ્ધિ છે.

**'પારિણામિકી બુદ્ધિ' એટલે** જેથી વસ્તુ ઉપર ઝટ પરિણામ સુધી પહોંચી જાય એ. શાસ્ત્રમાં આવે છે કે,

**છોકરાનું દૃષ્ટાંત :-**

એક છોકરો એની માતા સાથે ક્યાંક જમવા ગયો. જમવાની રુચિ હતી નહિ, પણ માતાના આગ્રહથી જવું પડ્યું. માતાએ કેમ આગ્રહ કર્યો ? 'મફતનું સારું મળતું હોય તો શું કામ છોડવું ?' આ જીવની અનાદિની કુમતિ છે. એમાંથી પાકટ બનેલ માબાપ પણ ક્યાં બાદ છે ? બસ,

**હરામનું લેવા-ખાવાની વૃત્તિમાં પછી સારા વિચાર, સારી ભાવના ક્યાંથી આવે ?**

**ચાહો છો સારા વિચાર ?** તો મફતિયું ને હરામનું લેવા-ખાવાની લત બાજુએ મૂકજો. એ માટે પહેલા નંબરમાં દેવ, ગુરુ અને માબાપ પ્રત્યે કૃતજ્ઞતા પહેલી બજાવવી પડશે, ભોગ પહેલો આપવો પડશે. દેવાધિદેવના પ્રભાવે આ માનવ સદ્‌ગતિ અને બીજી કેટલીય પુણ્યાઈ મળી. હવે દેવાધિદેવની ભક્તિમાં કશું લઈ જવું નથી, તો એમનો દીધેલો માલ હરામનો ભોગવવાનો થાય. એથી બુદ્ધિ હરામી બને. માટે રોજ પ્રભુભક્તિમાં પોતાની ચીજ લઈ જઈને ભક્તિ કરવી જોઈએ, એમ ગુરુની સેવામાં અને માબાપની ભક્તિમાં પોતાના દ્રવ્યનો ભોગ આપવો જોઈએ. નહિતર હાડકાં હરામ અને બુદ્ધિ હરામી થશે. પછી એના પર જીવનમાં કશું લીલું વળશે નહિ.

પેલી માતાના આગ્રહે છોકરો જમવા ગયો, અને માતાની શરમથી સારી રીતે જમ્યો. પણ ઘરે આવ્યો ને એને ઊલટી થઈ. ઊલટીમાં બધું કફ-પિત્તભરેલું નીકળ્યું. એ જોઈને છોકરાને વિચાર આવ્યો કે અહો આ શરીર કેવું ? જો આમાં આવું જ ભરેલું છે તો ખાધેલા ખોરાકનું પરિણામ કેવું ? એવું આ સંસારમાં અનેક પ્રકારના રાગદ્વેષ અને મોહમાયાથી ભરેલી પ્રવૃત્તિ કર્યાનું ફળ કેવું ? બસ એ વિચાર પર એને વૈરાગ્ય જાગ્યો, અને સંસારત્યાગ કરી ચારિત્રજીવન સ્વીકાર્યું. આ કઈ બુદ્ધિ પર ? પારિણામિકી બુદ્ધિ ઉપર.

**અભયકુમારનું દૃષ્ટાંત :-**



પરિણામ સુધી વિચારણા લઈ જવાય એ પારિણામિકી બુદ્ધિ. અભયકુમારે મહાવીર પ્રભુને પૂછ્યું કે 'પ્રભુ ! આપના શાસનમાં છેલ્લા રાજર્ષિ કોણ ?'

ભગવાને કહ્યું 'જો આ પેલા ઉદાયન મુનિ બેઠા છે એ જ છેલ્લા રાજર્ષિ.'

બસ, અભયકુમારે એના પર વિચાર કર્યો કે ત્યારે જો હું રાજા થાઉં, તો મને દીક્ષા ન મળે; અને તો તો પછી **'રાજ્યશ્રી એ નરકશ્રી'**; કેમકે એમાં એટલા બધા આરંભ-સમારંભ પરિગ્રહ અને પ્રપંચ કરવાના હોય. તરત આવીને પિતા શ્રેણિક જે એને રાજ્ય સોંપવા તૈયાર હતા, એમને સમજાવ્યું કે

'જો હું રાજા થઈશ તો સંસારમાં ભટકતો થઈ જઈશ. મહાવીરપ્રભુનો ભક્ત હું, મહાવીરપ્રભુના ભક્ત એવા આપનો પુત્ર થઈ નરકાદિમાં ભટકતો થાઉં એવું આપ ઈચ્છો છો ? પ્રભુએ કહ્યું છે કે છેલ્લા રાજા થઈને દીક્ષા લેનાર તો ઉદાયન થઈ ગયા, એટલે હવે હું રાજગાદી લઉં તો મને દીક્ષા ન મળે, ને મારી દુર્ગતિ થાય. માટે મને કૃપા કરી ચારિત્રની રજા આપી દો.'

ક્ષાયિક સમકિતના ધણી શ્રેણિક ના પાડે ? અભયકુમારે દીક્ષા લીધી. પિતાએ રાજ્ય સોંપવાની વાત કરવા પર પ્રભુ પાસેથી જાણી લઈને રાજ્ય સ્વીકારના પરિણામ સુધી જે આ બુદ્ધિ અભયકુમારે દોડાવી એ પારિણામિકી બુદ્ધિ.

**રાજા-મંત્રીનો સંબંધ :-**

વાત આ ચાલે છે કે કુવલયચંદ્ર કુમારને મહર્ષિ કહી રહ્યા છે કે કોશાંબી નગરીના રાજા પુરંદરદત્તનો મહામંત્રી વાસવ ઔત્પાતિકી વગેરે ચાર પ્રકારની બુદ્ધિનો ધણી છે, અને નિર્મળ સમ્યક્ત્વને ધરનારો છે. રાજા આ મહામંત્રીના ઉપર એટલી બધી આસ્થા અને બહુમાનવાળો છે કે એને દેવની જેમ, ગુરુની જેમ, પિતાની જેમ અને મિત્રની જેમ માને છે. રાજાને મન મંત્રી એટલે પોતાનો એક નોકરિયાત નહિ, પરંતુ (૧) મહાગુણિયલ, મહાબુદ્ધિનિધાન, સચ્ચારિત્ર અને તત્ત્વદૃષ્ટિવાળો હોઈ દેવ-ગુરુની જેમ ઉપાસના કરવા યોગ્ય છે, (૨) પીઢ તથા રાજાનો એકાંત નિઃસ્વાર્થ હિતૈષી હોઈ પિતાની જેમ સલાહ સ્વીકારવા યોગ્ય છે, અને (૩) સ્નેહાળ તથા ગંભીર હોઈ એક હૃદયના મિત્રની જેમ પ્રેમ ને વિશ્વાસ કરવા યોગ્ય છે.

**દેવ અને ગુરુ કેમ માન્ય છે ?** એટલા જ માટે કે એ ગુણના ભંડાર છે, જ્ઞાનના ખજાના છે, અને સચ્ચારિત્ર તથા નિર્મળ તત્ત્વદૃષ્ટિવાળા છે. બંનેમાં ફરક એટલો કે દેવ પરાકાષ્ઠાએ પહોચ્યા છે, ને ગુરુ પહોંચવાના માર્ગ ઉપર છે. માટે બંનેની ઉપાસના ગુણ, જ્ઞાન તત્ત્વદૃષ્ટિ અને સચ્ચારિત્રમાં આગળ વધારે છે. એટલે આ તત્ત્વો-આ વિશેષતાઓ જોઈને ઈષ્ટ દેવ તથા ઉપાસ્ય ગુરુ નક્કી કરે એ ભૂલો

ન પડે. એ મૂકીને ચમત્કાર તથા ફટાટોપ-આડંબર પર લોભાવાનું થાય તો સાચાને બદલે ભળતા બનાવટી દેવ-ગુરુને વળગવાનું થાય. ત્યારે જાણો છો ને ? કે

- જેની દાળ બગડી એનો દહાડો બગડ્યો;
- વસ્ત્ર ખરીદવામાં ભૂલ થઈ એને ૨-૪ મહિના બગડ્યા;
- ધાન્ય ભરવામાં ભૂલ થઈ એને વરસ બગડ્યું;
- પત્ની કરવામાં ભૂલ થઈ એને એક જિંદગી બગડી;

પરંતુ ઈષ્ટદેવ-ગુરુ શોધવામાં ગફલત થઈ, ને ભળતા જ માથે ધરી એને સેવ્યે રાખ્યા, એને ભવોભવ બગડ્યા. કેમકે ભળતા દેવ એટલે રાગાદિ દોષોવાળા, કામ આદિ લીલાવાળા, અસર્વજ્ઞ, ઘણી વસ્તુનાં અજ્ઞાનવાળા અને હિંસાદિ અસત્ ચારિત્રવાળા. એમને આદર્શ તરીકે સામે રખાય, એમના અજ્ઞાનતામૂલક આદેશો મનાય તો શું મળે ? તેમજ ગુરુ પણ ભળતા એટલે એવા જ કોક દેવની પૂંઠે લાગેલા. તેથી મિથ્યાતત્ત્વને માનનારા, સૂક્ષ્મ અહિંસાદિ વિનાના, અને ઉપદેશ પણ એવો આપનારા. આવા દેવ-ગુરુને વળગવામાં જીવનમાં શું મળે ? શું આવે ? ધર્મના નામ હેઠળ અધર્મ, પાપ; તત્ત્વના નામે અતત્ત્વ; ગુણના નામે દોષ; અને ચારિત્ર્યના નામે અચારિત્ર-અસંયમ, આજે જગતમાં આવું ચાલતું દેખાય છે ને ?

ત્યારે આ બહુ ભયંકર છે કે દોષ, પાપ, અસંયમ, અતત્ત્વ વગેરેને ગુણ, ધર્મ, ચારિત્ર અને તત્ત્વ તરીકે જ સ્વીકારી લેવાય. હૃદય એમાં બહુ નિષ્ઠુર બને. પાપને પાપ તરીકે સમજે છતાં આચરતો હોય ત્યાં તો હૃદય કોમળ રહે અને કોઈક દિવસે ય પાપથી બચે; કેમકે પાપ એટલે ત્યાજ્ય તો સમજે જ છે. પરંતુ ધર્મ તરીકે જ માને પછી એથી બચવાની એ છોડવાની વાત જ ક્યાં ? એમ દોષને જ ગુણ માની બેસે, ને અસંયમને જ ચારિત્ર માની આચરે ત્યાં એનાથી બચવાની વાતે ય શી ? ઊલટું આ એક જીવનમાં એનો એ તરીકે અસ્ખલિત અખંડ આદર એવા કુસંસ્કાર પોષી આપે કે જે જીવને જનમ-જનમ અધોગતિમાં ડૂબાડૂબ રાખે માટે દેવ-ગુરુ માથે ધરવામાં બહુ સાવધાન રહેવું જોઈએ. ભોળા થયે ન ચાલે.

**સુગુરુના વેશમાં કુગુરુઓ શું કરે છે ?** આરંભ-સમારંભ-પરિગ્રહ અને ઈન્દ્રિયવિષયોને ધર્મમાં ખપાવી આપે છે 'મકાન બાંધો, કારખાનું કરો, પેઢી ખોલો, તો લો, આ વાસક્ષેપ નાખજો, આબાદી વધશે અને આબાદી થશે તો ધરમ વધશે,'' આવા ઊંઠા અને ધતિંગ કુગુરુઓ ચલાવે છે 'પરણીને આવ્યા તો લો અમારા આશીર્વાદ 'બંનેનું સૌભાગ્ય અખંડ રહો' તેથી પરસ્પર ધર્મના પ્રેરક બનાશે; આ મહા અજ્ઞાન ચાલે છે.''પૈસા માટે ધખો છો ? લો આ મંતર-જંતર, આ પારસનાથની સાધના, આ ભાવ-તાલ આંક-ફરક, એથી પૈસાનો ઢગલો થશે.



પછી ધરમ ખૂબ કરજો,'' આવાં નાટક ચાલે છે. કુગુરુ એટલે બીજું શું કરે ? ભોળા-મૂર્ખ-લાલચુ જીવોને રવાડે ચડાવી પાપને જ ધર્મ તરીકે પકડાવી દે. પછી આ કુશિક્ષણ એને સુગુરુ પકડવા જ ન દે. તેમ એવી સરિયામ પાપપ્રવૃત્તિઓને ય એ ધર્મ તરીકે જ માની માનીને સેવવાનો. ત્યાં હૃદયમાં એનો અરેકારો કે 'અરે ! આ પાપો હું ક્યાંસુધી નભાવીશ ? આવા સુંદર મનુષ્યભવે આવ્યો તો ય આ પાપ બંધ કરવા નથી ? મારું શું થશે ?' વગેરે ખેદ કરવાનો ક્યાં રહે ? માનેલા ગુરુએ જ લગ્ન ઉપર, મકાન દુકાન વેપાર પૈસા ઉપર સિક્કો મારી આપ્યો, પછી એને પાપરૂપ લેખવાના જ શાના ? એને તો હોંશે હોંશે સેવવાના. કુગુરુના પલ્લે પડવામાં આ દુર્દશા આત્માની ઊભી થાય છે.

ભગતો ય જબરા હોય છે, જરૂર પડ્યે સુગુરુને ય ભુલાવી નાખે. કહેશે 'સાહેબ ઘેર પગલા કરો, વાસક્ષેપ-મંગળિક કરી આપો.' કેમ ભાઈ ? મનમાં બેઠું છે કે એથી ઘરમાં કુટુંબમાં આબાદી રહે, વંશવેલો વધે, ખાધે-પીધે સુખી રહેવાય. શું આ બધું સંસારનું કારખાનું જ અકબંધ અખંડ ચાલે એમજ ને ? એના પર ગુરુનો સિક્કો લગાડવાનો ?

**પ્ર.-** ધરમની ભાવના વધે ને ?

**ઉ.-** ધરમની ભાવના વધે એ ખરેખર ઈચ્છો છો ? ગુરુના પગલાં કરાયાં, ને એ જ વખતે ગુરુના ઉપદેશથી પત્ની કે પુત્ર-પુત્રી બ્રહ્મચર્ય વ્રત માગે તો લેવા દો ખરા ? એ હજાર પાંચસો રૂપિયા શુભ ખાતે ખરચવાની પ્રતિજ્ઞા લે તો મંજૂર કરો ખરા ? પણ કહોને કે 'અમારે ત્યાં એવું કોઈ કરે એમ જ નથી એની અમને ખાતરી છે.' વાતો છે ધર્મભાવના લાવવાની; બાકી પાપનું કારખાનું અખંડ ચાલે એ જ નેમ છે.

ગુરુનો વાસક્ષેપ શા માટે ? ધર્મ માટે ? કે પાપ માટે ? ધર્મ માટે હોય તો વાસક્ષેપની સાથે કોઈ ધર્મ લેવો છે ખરો ? ના, 'એકલો વાસક્ષેપ નાખો.' મનમાં બેઠું છે કે 'ગુરુનો વાસક્ષેપ ચમત્કારિક છે. એથી પૈસા-ટકા, સુખ વૈભવ વગેરે સારું મળે. શરીર સારું ચાલે. એટલે દુનિયામાં દોડધામ સારી થઈ શકે.' બસ, ગુરુ પાસેથી પાપ જ પોષવાની વાત હોય, એ ગુરુનો ભગત છે કે ઠગત ? પણ કુગુરુઓએ આ ખેલ બતાવ્યા હોય એટલે ભોળા લોક ભૂલા કેમ ન પડે ?

**વિષય-કષાયરક્ત ઈષ્ટ દેવથી સંસાર :-**

ત્યારે, ઈષ્ટ દેવ પણ અસંયમ, આરંભપરિગ્રહ, દુષ્ટતાડન, ભક્તઆબાદી વગેરે કરવાની લીલાવાળા હોય, રાગદ્વેષની પ્રવૃત્તિ કરતા હોય ત્યાં એના ભક્તને આદર્શ કેવો મળે ? એને શું રાગાદિની પ્રવૃત્તિ અને વિષય-કષાયમાં કશું ખોટું લાગે ખરું ?

**રાગાદિથી થતી હિંસાદિની પ્રવૃત્તિ તથા વિષયો અને કષાયો તો સંસારના વર્ધક છે.** એને જ કર્તવ્ય તરીકે માનીને ચાલે એને ઊંચે આવવાનું રહ્યું જ ક્યાં ? એ છોડવાની વાતે ય શી ? એ તો દેખે છે કે 'મારા ઇષ્ટ દેવ પાસે આ બધું ઊંચા સ્વરૂપમાં છે છતાં એ દોષિત નથી, તો પછી હું એ રાખવામાં દોષિત શાનો ?' બસ, એમાં કોઈ દોષ માન્યા વિના એને સેવ્યે જાય, તો અશુભ કર્મ કેવાં ભયંકર બંધાય ? અને કુસંસ્કાર કેવા જોરદાર જામ થાય ? પછી કુદેવ-કુગુરુના પલ્લે પડી જવામાં ભવોભવ બગડે એમાં શી નવાઈ ? ત્યારે શું વિષય-કષાય સંસારમાં ભમાવતા નથી ? એ ન હોય તો ભવભ્રમણ હોય જ શા કારણે ?

**ઇષ્ટ દેવ કેવા ? :-**

માટે આ વાત છે કે ઇષ્ટ દેવ તો સર્વદોષ, સર્વવિષયકષાયથી મુક્ત, વીતરાગ અનંત ગુણસંપન્ન, સર્વજ્ઞ, અને સર્વથા શુદ્ધ ચરિત્ર-ચારિત્રવાળા જોઈએ. ત્યારે ગુરુ પણ સર્વપાપથી મુક્ત, ત્રિવિધ ત્રિવિધે અહિંસાદિ ધર્મના પાલક, અનંતજ્ઞાની સર્વજ્ઞ, વીતરાગના વચનના જ અનુસારે સમ્યગ્ જ્ઞાનના ઉપાસક, અને ક્ષમાદિ ગુણના દરિયા જોઈએ. એવા જ દેવ અને ગુરુને માથે ધરાય; એમના જ અનુયાયી બનાય, એમની જ આજ્ઞાના ઉપાસક થવાય, એથી જીવન દોષમુક્ત અને ગુણયુક્ત થતું આવે, કર્મના ભાર ઉતારતું આવે ને સદ્ગતિના પંથે લાગી જાય.

વાસવમંત્રી આવો દેવ કે ગુરુ નથી, તેમ રાજા આવા દેવ-ગુરુનું સ્વરૂપ સમજતો નથી, પણ મંત્રી સમ્યગ્દૃષ્ટિ હોઈ દેવ-ગુરુનાં લક્ષણની છાયાવાળો છે, સુયોગ્ય મહાબુદ્ધિનો નિધાન, તત્ત્વદૃષ્ટિવાળો, અને સચ્ચારિત્રવાળો છે, તેથી રાજા એને દેવ-ગુરુની જેમ માને છે.

(૩) **પિતાની જેમ માનવા પાછળનો હેતુ :-**

ત્યારે મંત્રીને રાજા પિતાની જેમ કેમ માને છે ? એટલા જ માટે કે કલ્યાણ પિતા એ સંતાનનો નિઃસ્વાર્થભાવે એકાંતે હિતૈષી અને હીતની જ સલાહ આપનારો હોય છે. પોતાના સ્વાર્થ ખાતર સંતાનના અહિતને જ હિત તરીકે મનાવી એમાં જોડે એ તો બાપ છે કે સાપ છે ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૬,અંક-૨૨,તા.૧૦-૨-૧૯૬૮**

સંતાનના સારામાં સારા હિતચિંતક કે મોટામાં મોટા વિશ્વાસઘાતી બને તો કોણ બને ? માબાપ. કેમકે બચ્ચું જન્મીને તો શું, પણ ગર્ભમાં આવે ત્યારથી માતાપિતાના વ્યવહારની એના પર અસર પડે છે. જન્મ્યા પછી પણ સૌથી વધુ



માબાપના પરિચયમાં અને એમની છાયા નીચે હોય છે. છોકરા બીજા છોકરાઓ સાથે રમશે-ખેલશે પણ માથે માતાપિતાની છાયાનો ભારે ભાર રાખે છે. શાળાએ જાય ત્યાં ભલે, શિક્ષકની છાયા નીચે આવે પણ 'મારી બા, મારા બાપુજી કહે તેમ મારે કરવાનું, આ ભાવ હૈયે ભર્યો રાખે છે. બસ, ગર્ભથી માંડી આ બધી સ્થિતિ સુધીમાં બાપ ને મા બચ્ચા પર ધારી છાયા નાખી શકે છે, અને એના ઊંડા પાયા પડે છે. હવે જો માતાપિતા છાયા ધર્મની નાખે તો દીકરામાં એ ઊતરવાથી હિતના માર્ગે આગળ વધે. આમ માતાપિતા સાચા હિતચિંતક બન્યા. પરંતુ જો છાયા રંગરાગની ને વિષય-કષાયોમાં ચકચૂર બનવાની નાખી તો સંતાન પૂર્વ જનમના ધર્મસંસ્કાર ભૂલી વિષયમગ્ન અને કષાયમગ્ન બનવાના. માબાપે શું આપ્યું ? આત્માનું ઉચ્ચ માનવભવે આગમન છતાં અધોગતિમાં પાડનાર અહિતમાં અધઃપતન આપ્યું. નાનપણથી માબાપ જ આ આપે પછી આજના શિક્ષક એથી જુદું શું આપવાના ? આમ માબાપ જ સંતાનનું અહિત કરે છે કે બીજું કોઈ ? ઊગતા સંતાનને શી સમજ છે કે ક્યાં જવું, શું કરવું, શામાં મારું હિત છે ? અત્યંત નિકટમાં માતા અને પિતા છે; એ દોરવે એમ સંતાન દોરાય છે. એ જો પુત્રના એકાંતે નિઃસ્વાર્થ હિતૈષી છે તો હિતના માર્ગે ચડાવી દે છે. પુત્ર એવા માબાપને પૂરા ભાવથી હિતના સલાહદાતાર લેખે છે. અહીં રાજા પુરંદરદત્ત પણ વાસવમંત્રીને પિતાની જેમ માને છે; કેમકે એને હિતનો સલાહદાતાર સમજે છે.

(૪) **મિત્રવત્ કેમ માને ? :-**

વળી રાજા મંત્રીને મિત્રવત્ પણ માને છે. કારણ ? મિત્ર દુઃખ-આપત્તિ-ચિંતામાં આશ્વાસન સહાય આપી રાહત કરે છે. આજે કેટલેક સ્થાને દેખાય છે કે સગો ભાઈ આઘો રહે છે, ને મિત્ર સહાયક ને ઠારનારો બને છે. જો કે આમાં કેટલીક વાર આ પણ એક કારણ હોય છે કે ભાઈને ભાઈ નથી ગમતો ને મિત્ર ગમે છે; ભાઈની સાથે સારાસારી નહિ એવી દોસ્તદાર સાથે; છતાં દુઃખ આપત્તિ ચીજ એવી છે કે સારો માનવ કોઈપણ કરુણા કરે; તો ભાઈએ તો વિશેષ કરુણા કરવી જોઈએ. છતાં કાળની બલિહારી છે કે મિત્ર વહારે ધાય ને ભાઈ આઘો રહે. તો મિત્રને ય વળી એવું બને છે કે એ પણ એના ભાઈને સહાયક ન બનતો હોય. કેવો કાળ ? કોણ જાણે સમાન લોહીમાં જ વિરોધી તત્ત્વ ભર્યાં હશે કે ભાઈ-ભાઈનો મેળ ન મળે ? જીવન અહીં કેટલું જીવવાનું ? છતાં ભાઈ-ભાઈ વચ્ચે ઉંદર-બિલાડીનાં વૈર ? વિચાર શૂન્યતા છે. વિચાર જ નથી કે,

**અહંત્વ ને દુન્યવી માલમિલકત કે જેની ખાતર વૈરવિરોધ ઊભા કરાય છે, એ તો જોતજોતામાં અંતકાળે વિખરાઈ જશે, પણ પેલા અભિમાન, લોભ અને વૈર-**

**વિરોધનાં શલ્ય સાથે ચાલશે,**

શા સારું આ મૂર્ખાઈ ? ભાઈ હો કે મિત્ર હો, અરે શત્રુ પણ કાં ન હો, કિન્તુ એની આપત્તિના પ્રસંગે આપણું માનવ-હૃદય દ્રવિત થવું ઘટે. પશુ-હૃદય કે પિશાચહૃદય હોત તો જુદી વાત હતી. પણ માનવહૃદયે કઈ ચાલ ? કઈ રીત ? કઈ વૃત્તિઓ રખાય ?

**વાસવમંત્રી** રાજા પ્રત્યે સહાય-સહાનુભૂતિ અને કિંમતી સલાહ આશ્વાસન દેનારો છે તેથી રાજા એને મિત્ર જેવો પણ માને છે. મંત્રીને દુઃખ માત્ર એક વાતનું છે કે 'રાજા જિનવચનના મુદ્દલ પરિચયમાં નથી.' પોતે બાહોશ છતાં જૈન તત્ત્વ રાજાની આગળ મૂકવાનો અવસર નહિ દેખતો હોય તેથી લાચાર હતો, અને એના મનમાં દુઃખ રહ્યા કરતું કે રાજા માનવભવે કરવાની મુખ્ય કમાઈથી વંચિત રહે છે.

**સમકિતીને દુઃખ ક્યું હોય ? :-**

મંત્રીને આ દુઃખ કેમ ? કારણ એ, કે એ સમ્યગ્દૃષ્ટિ હતો, ને સમ્યગ્દર્શનને એટલી બધી ઊંચી ચીજ માનતો હતો કે વિદ્યા, વિજ્ઞાન અને દાનાદિ ધર્મમાં એને ચૂડામણિ જેવું લેખતો, જૈનતત્ત્વનાં રહસ્યને એણે ગ્રહણ કર્યું છે. એટલે આ સમજ છે કે મોટી વિદ્યા બળ, વિજ્ઞાન ખરું અને દાનાદિ ધર્મ ખરા, પણ જો સાથે સમ્યગ્દર્શન હોય તો જ શોભતા અને સચોટ ફળ આપનારા બને. કેમ એમ ?

**'દાનાદિક કિરિયા નવિ દીએ, સમકિત વિણ શિવશર્મ.'**

-આ શાસ્ત્રના આધારે ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજનું વચન છે. સમ્યકત્વ વિના દાનાદિ ક્રિયા મોક્ષસુખ ન આપે. એનું કારણ, મોક્ષસુખ મેળવવા સમ્યક્ચારિત્ર જોઈએ, અને એ સમ્યગ્દર્શન વિના આવી શકે નહિ. દાનાદિ ક્રિયાઓ સમ્યક્ચારિત્ર તરફ લઈ જનારી છે, પરંતુ સમ્યગ્દર્શન હોય. તો જ પૂછો,

**સમ્યક્ત્વ વિના સમ્યક્ચારિત્ર કેમ નહિ ? :-**

આનું કારણ સ્પષ્ટ છે. સમ્યક્ચારિત્ર મૂળમાં બે વસ્તુ માગે છે;

(૧) સંસાર અને સંસારના વિષયો ઉપર શુદ્ધ વૈરાગ્ય, અને

(૨) વીતરાગ-સર્વજ્ઞ ભગવાને પોતાના અનંતજ્ઞાનમાં જેવું ચારિત્ર મોક્ષસાધક તરીકે પ્રત્યક્ષ જોયું છે, જોયું છે કે આવા સ્વરૂપવાળા ચારિત્રથી સર્વકર્મના ક્ષયરૂપ મોક્ષ થાય, અને જગતને એ બતાવ્યું છે, એવું ચારિત્ર અર્થાત્ ચારિત્રના એમણે કહેલ મૂળ ગુણો અને ઉત્તર ગુણો મહાવ્રત અને તત્પોષક ચર્યા જોઈએ.

**સમ્યક્ત્વના બે અંશ :-**

હવે જુઓ કે સમ્યગ્દર્શનમાં જ આ બેના અંશ મળે છે. સમ્યક્ત્વ ભવનિર્વેદ-મૂલક છે.



**ભવનિર્વેદ હોય તો જ સમ્યક્ત્વ આવે.**

**ભવનિર્વેદ એટલે** સંસાર તથા સંસારના વિષયો અને એની ખાતર કરાતા ક્રોધાદિ કષાયો ઉપર ભારે નફરત, અરુચિ, ગ્લાની. મનને એમ થાય કે 'મારા જીવને પર પદાર્થોની આ શી વિટંબણા ? હું તો મારા શુદ્ધ જ્ઞાનસ્વરૂપમાં નિરાંતે ઝીલતો રહું ? કે આ પરવસ્તુઓની વેઠ કર્યા કરું ? ભ્રમણાથી માનું છું કે મને એનાથી સુખ-આનંદ મળે છે, પરંતુ એ ક્યાં મારે સ્વાધીન છે ? જોતજોતામાં વીણસી જાય છે. પાછા એ તરતમતાવાળા છે એટલે ખુદને મળેલા કરતાં બહાર ઊંચા પદાર્થ દેખાતાં આનો આનંદ કપાઈ જાય છે, પેલાના ઓરતા થાય છે. વળી એ ભાગ્યને પરાધીન હોઈ ભાગ્ય કરે તે જ બને, એટલે એ મારી ઈચ્છા અને પ્રયત્નને બહુ ગણતા નથી. તો પછી મારે નાહક શેકાવાનું જ ને ? તો શા સારુ એની ઝંખનાઓ અને દોડધામ કર્યા કરું ? સારાંશ ? કાંઈ માલ નથી એ સંસારના વિષયોમાં. એમ કષાયોમાં ય કાંઈ માલ નથી; કેમકે એને ય પલટાતા રહેવું પડે છે. વળી એમાં હૈયું સ્વસ્થ નહિ, પણ ઊકળતું રહે છે. તો શી એની વેઠ કરવી અને વિહ્વળતા વહોરવી ?' આમ વિષયો અને કષાયો-સ્વરૂપ સંસાર પ્રત્યે નફરત થાય, ગ્લાની થાય, આસ્થા ન રહે. આ ભવનિર્વેદ.

સમ્યક્ત્વ એક તો આ ભવનિર્વેદ માગે છે, ને બીજું યથાર્થ તત્ત્વ અને મોક્ષમાર્ગની સચોટ શ્રદ્ધાની અપેક્ષા રાખે છે; અને એ તો સર્વજ્ઞે કહેલા જ સાચા હોય. એટલે સર્વજ્ઞના વચનની તથા એ વચને કહેલ તત્ત્વો અને મોક્ષમાર્ગની અટલ શ્રદ્ધા જોઈએ, એ શ્રદ્ધા હોય તો જ સર્વજ્ઞે કહ્યા મુજબ મોક્ષમાર્ગ-ચારિત્રનું યથાર્થ પાલન દિલથી થાય.

શ્રદ્ધા ન હોય તો (૧) યથાર્થ ચારિત્ર હાથમાં જ ન આવે; અગર (૨) કદાચ આવે તો ય એનું પાલન બરાબર ન કરે, અથવા (૩) બરાબર કરે તો પણ મોક્ષની ઈચ્છાથી નહિ, કિન્તુ કોઈ સંસારસુખના ઈરાદે. આ એકેય વાતે મોક્ષ ન થાય. માટે,

**મોક્ષને સારુ નિરાશંસભાવે સમ્યક્-ચારિત્રનું મોક્ષાર્થ યથાર્થ પાલન જોઈએ;**

ને એ મૂળમાં એના કહેનારા સર્વજ્ઞ ભગવાનનાં વચન પર શ્રદ્ધા જોઈએ; કેમકે સર્વજ્ઞ જ યથાર્થ ચારિત્રમાર્ગ બતાવી શકે.

આમ, સમ્યગ્દર્શન ભવનિર્વેદ યાને સંસાર પર વિરાગભાવ અને સર્વજ્ઞવચનની શ્રદ્ધા માગે છે. શ્રેણિક-કૃષ્ણ મહારાજ વગેરેમાં એ બંને હતા.

**શ્રેણિક કેમ વિરાગી ? :-**

ભવવૈરાગ્ય હતો તેથી શ્રેણિક અભયકુમારને રાજ્યભાર સોંપી નિવૃત્ત થવાની

ઈચ્છાથી અભયને રાજ્ય મળતું છતાં અને અભયકુમાર સિવાય બીજો તેવો યોગ્ય સંભાળનાર ન દેખાવા છતાં, જ્યાં અભયકુમારે સંસારત્યાગની સંમતિ માગી તો શ્રેણિકે ખુશીથી સંમતિ આપી દીધી; કેમકે પોતે ભવવૈરાગ્યવાળા હતા. સંસારને એક ભયંકર જેલખાનું અને કતલખાનું સમજનાર માણસ બીજાને એમાંથી નીકળી જવામાં અંતરાય કેમ કરે ?

**કૃષ્ણ કેમ વિરાગી ? :-**

કૃષ્ણ મહારાજ (૧) પોતાની છોકરીઓ ઉંમરમાં આવતાં એને સમજાવીને સંસારત્યાગના માર્ગે ચડાવી દેતા; (૨) થાવચ્ચાપુત્રની દીક્ષા વખતે પોતાની રાજધાનીમાં એમણે એવો ઢંઢેરો પિટાવેલો કે જેને કોઈને સંસારત્યાગ કરવો હોય, એની પાછળવાળાની ચિંતા પોતે સંભાળી લેશે. (૩) અંતકાળે એમણે પણ શ્રેણિકની માફક અનુમોદના કરેલી કે 'ધન્ય છે તે મારા કુટુંબીઓને કે જેમણે પ્રભુ પાસે સંસાર ત્યજી ચારિત્ર લીધું, અને પોતાના આત્માનું કલ્યાણ સાધ્યું !'

ત્યારે શ્રેણિક-કૃષ્ણ બંનેની સર્વજ્ઞવચન પરની શ્રદ્ધા પણ અદ્ભુત હતી. રાજ્ય ખટપટ સંભાળતા છતાં એમના દિલમાં આ શ્રદ્ધા અખંડ વહેતી, સર્વજ્ઞ પ્રભુએ કહેલ જીવ-અજીવ-આશ્રવ-સંવર વગેરે તત્ત્વ પર સચોટ આસ્થા રહેતી; તેથી આશ્રવભૂત રાજ્ય, ખજાના, સત્તા, પરિવાર વગેરે પર અંતરનો રસ નહોતો.

**શ્રેણિકની પરીક્ષા :-**

દેવે પરીક્ષા કરવા રસ્તે જતા શ્રેણિકની આગળ તળાવના કિનારે સાધુનું રૂપ કરી માછલા પકડતો હોવાનો દેખાવ કર્યો. શ્રેણિક એને કહે છે.

'સાધુ થઈ આ ન કરાય.'

પેલો દેવ કહે 'હું એકલો થોડો જ કરું છું ? બીજા કેટલાય સાધુ આવા ધંધા કરે છે. જૈન શાસનમાં બધું ચાલે.'

શ્રેણિક કહે 'ખબરદાર આવું બોલ્યો તો ? તું નાલાયક એટલે બીજા નાલાયક ? ને સર્વજ્ઞના શાસનને ખોટો વગોવે છે ? મૂક આ ધંધો, નહિતર ઉતાર કપડાં, તને બીજો સારો ધંધો અપાવી દઉં.'

દેવે જોયું કે શ્રેણિકની સર્વજ્ઞશાસન પર અજબ શ્રદ્ધા છે; તરત પ્રગટ થઈ પ્રશંસા કરી.

**વાસવમંત્રીનું કેવું સમ્યગ્દર્શન ? :-**

વાસવમંત્રી આ સમ્યગ્દર્શનને ધરનારો છે, અને માને છે કે દાનાદિ ધર્મ શું, કે મોટી મંત્રવિદ્યાઓ યા શાસ્ત્રવિજ્ઞાન શું, એ બધાને માથે સમ્યગ્દર્શન એ મુગટમણિ છે. સમ્યક્ત્વ હોય તો જ એ બધાની શોભા છે, ફળવત્તા છે; નહિતર એ દાનાદિ



બધું હોય પણ સાથે મિથ્યાત્વ, મિથ્યારુચિ, કલ્પિત તત્ત્વની માન્યતા, અજ્ઞાન, મૂઢ ગણતરીઓ અને મનનાં ઘેલાં વલણ ધોરણો હોય તો એ દાનાદિ-વિદ્યા-વિજ્ઞાન બધું કુરૂપ છે, નિષ્ફળ છે. આ હિસાબે જ અભવી જેવા જીવો ચારિત્ર પણ પાલન કરવા છતાં સંસારમાં ભટકતા રહે છે.

કુવલયચંદ્ર ચરિત્રના કર્તા વાસવમંત્રીના સમ્યક્ત્વવાસિત હૃદયની સ્થિતિ બતાવતાં લખે છે,

**'जिण-वयण-बाहिरं सो पडिवज्जइ कासकुसुम-लहुययरं ।**
**मण्णइ सम्मद्दिट्ठिं मंदरभाराओ गरुययरं ॥'**

અર્થાત્ તે વાસવમંત્રી જિનવચનથી બાહ્યને એટલે કે (i) જિનવચનને નહિ કહેલ એવા કલ્પિત તત્ત્વ અને કલ્પિત ધર્મને અથવા (ii) જિનવચનથી નિષેધ કરાયેલ વસ્તુને ઘાસ પરના ફૂલ કરતાં પણ વધુ હલકી માને છે, અને સમ્યગ્દષ્ટિને મેરુ પર્વતના ભાર કરતાં ય વધુ વજનદાર ગણે છે.

કેવી સચોટ નિર્મળ હૃદયપરિણતિ ! જિનવચનથી બાહ્ય મિથ્યા મતો શું, કે જગતની આત્મહિતઘાતક જડસંપતિ શું, યા મોટી લક્ષ્મી કે બીજાં સુખદ સાધનો ઊભા કરનાર આરંભસમારંભ અને વટ-રોફ-મહત્ત્વાકાંક્ષા શું, મંત્રીને મન બધું જ ઘાસના ફૂલ જેટલુંય કિંમતી નહિ, વજનદાર નહિ. ત્યારે સમ્યકત્ત્વ-તત્ત્વશ્રદ્ધા-તત્ત્વદૃષ્ટિ એ મેરું કરતાં વધુ વજનદાર. એટલે ? અજ્ઞાનીઓની મિથ્યા કલ્પનાઓ અને કલ્પિત પદાર્થો ફૂટી કોડીની કિંમતના ય નહિ, લેશ પણ માન્ય નહિ. ત્યારે જિન-સર્વજ્ઞના કહેલ તત્ત્વ જ સાચાં અને સ્વીકાર્ય, તત્ત્વ જે સ્વરૂપનાં, તે રીતે સ્વીકાર્ય. એમાં દા.ત. આશ્રવ હેય સ્વરૂપનાં તો એ આશ્રવોને અર્થાત્ ઈન્દ્રિયવિષયો કષાયો વગેરેને ત્યાજ્યરૂપે જ માનવાના; હરહંમેશ ચિંતા કે આ ક્યારે છૂટે ?

સમ્યગ્દષ્ટિને ભારે વજનદાર સમજવાના હિસાબે મંત્રીના મગજ ઉપર એનો જ મુખ્ય ભાર હતો. એથી જ દેવતાઈ સમૃદ્ધિઓ કે મોટા ઈન્દ્રની ઠકરાઈ પણ અકિંચિત્કર લાગતી, આવું મહાકિંમતી સમ્યગ્દર્શન પામ્યા બદલ એને અત્યંત આનંદ હતો. તેથી જ, રાજાને સમ્યક્ત્વની છાયા જ નહિ એ ખટકતું હતું.

મંત્રીને રાજા પુરંદરદત્ત જિનવચનથી તદ્દન અપરિચિત હોવાનું દુઃખ હોવાના કારણે એ દુઃખ ટાળવાનો અવસર જોતો હતો. એમાં એકવાર અવસર આવી મળ્યો. બન્યું એવું કે પોતે એક દિવસ સવારે આવશ્યક ક્રિયા કરીને સ્નાન કરી પૂજા માટેની તૈયારી કરે છે. પૂજાને યોગ્ય સ્વચ્છ વસ્ત્ર પહેરી અરિહંત પરમાત્માની પૂજા અર્થે મંદિર તરફ વળે છે. રાજાનો મોટો મંત્રી છતાં એની ધર્મચર્યા જોવા જેવી છે. સમ્યક્ત્વને કેવું ભારે એક અતુલ નિધાન પામ્યા જેવું સમજે છે એનું માપ

આના પરથી નીકળે છે.

**સમ્યક્ત્વ એટલે જિનેશ્વર દેવ અને જિનવચન પર અથાગ રાગ. એ જો હોય તો એની પાછળ કોઈ જોખવાનું હોય કે નહિ ?** કોઈ ભોગ આપવાનો હોય કે નહિ ? 'મને ભગવાન બહુ ગમે છે પણ મારા પૈસા મારી સુખસગવડ વધારે ગમે છે' એ કેમ ચાલે ? એટલે તો ભગવાનની સેવામાં અને એમનાં વચનની આરાધનામાં પૈસા-સુખ-સગવડનો ભોગ નથી અપાતો, નહિતર ભગવાન જો વધુ વહાલા હોય તો એમની સેવામાં ઓછા વહાલા પૈસાટકા-સુખસગવડ વગેરેમાંથી થોડો જ ભોગ ન અપાય ? પ્રભુની પૂજામાં લઈ જવા પોતાનું કશું ન મળે ? પ્રભુના સંઘની સેવા માટે કશા ય કામ નહિ લાગવાનું ? જિનવાણી સાંભળવા માટે કશી ગરજ ન હોય ? અને છતાં પણ માનવાનું કે 'મારામાં સમ્યક્ત્વ છે, મને ભગવાન અને ભગવાનનાં વચન બહુ વહાલા છે ?' પેટપૂજા-પત્નીપૂજા-વેપારપૂજા...એમાંની એકેય વિના ન ચાલે, અને જૈન ગણાવા છતાં જિનેન્દ્રદેવની પૂજા વિના ચાલે ?

વાસવમંત્રી પૂજાની તૈયારી કરે છે.

**મંત્રી પાસે માળી આવે છે :-**

જ્યાં અરિહંતપ્રભુના મંદિરમાં એ જવા જાય છે ત્યાં બહારના ઉદ્યાનનો સ્થાવર નામનો રખેવાળ માળી આવી પહોંચે છે. પ્રણામ કરીને પુષ્પનો કરંડિયો ધરતાં એ ઉઘાડીને એમાંથી આંબાની મહોર લઈ કહે છે,

'દેવ ! વધામણાં કરું છું. આ વસંતઋતુનો સમય આવી ગયો છે. એની નિશાની તરીકે આ આંબાની મહોર સ્વીકારો' એમ કહીને મંત્રીને એ આપે છે. આપતાં કહે છે, 'વળી બીજી પણ એક વાત છે, સાહેબ ! ઉદ્યાનમાં ધર્મનંદન નામના આચાર્ય આવીને ઊતર્યા છે.'

**મંત્રીનો રોષ :-**

મંત્રીને આ સાંભળતાં રોષ આવી ગયો તે મહોરને શ્વેત લતાની ઉપર ફેંકતા એને કહે છે, 'અરે અનાર્ય ! આચારહીન ! ખરેખર તું સ્થાવર તે બરાબર સ્થાવર પૃથ્વીકાયાદિ જેવો જડ જ છે કે જે તું મને બહુ આદરપૂર્વક અને પ્રધાનપણે પહેલી વધામણી બાળનારી વસંતઋતુની આપે છે અને પછી ઠારનારા આચાર્ય ભગવાનનું આગમન કહે છે ને તેય અનાદરથી અને ગૌણપણે કહે છે !

**ક્યાં વસંત ? ને ક્યાં આચાર્ય ભગવાન ?** વસંતઋતુ તો ખીલેલી મંજરીઓ પર ઘૂમતા ભમરાઓના ઝંકાર દ્વારા કામવાસનાની આગ સળગાવનારી છે; ત્યારે પૂજ્ય આચાર્ય ભગવાન તો કામાગ્નિથી પીડાતા ભવ્યાત્માઓને જિનવચનરૂપી



અમૃતજળથી કામાગ્નિ શાંત કરવા દ્વારા ઠારનારા છે. એક દુઃખદ સંસારમાં ભટકવાની સગવડ કરી આપે; ત્યારે બીજા ભવભ્રમણને અટકાવવાનું કરી આપનારા ! પછી ભાન નથી તને કે કોની વધામણી પહેલી અને બહુ આદરપૂર્વક કરાય ?' વિચારો મંત્રીનું દિલ. મંત્રીના દિલમાં સમ્યગ્દર્શનનો જામી પડેલો ઝળકાટ અહીં દેખાઈ આવે છે.

**સમ્યક્ત્વ જીવના દિલમાં દેવ-ગુરુ-ધર્મને પ્રધાન સ્થાને બેસાડે છે, અને બીજું બધું ગૌણ સ્થાને.**

પછી એ દેવ-ગુરુ-ધર્મ માટે જરાય અજુગતું બોલાતું સાંખી શકે નહિ. સામનો કરવાની તાકાત ન હોય તો ય અંતરમાં બળાપો ભારી હોય. આજે સાધુઓ અને ધર્મની વિરુદ્ધ કેટલું લખાઈ-બોલાઈ રહ્યું છે ? એથી હૈયું બળે છે ખરું ? કે જરૂર પડ્યે એવાને ય મીઠું લગાડાય છે ? કદાચ ટેકો પણ અપાય છે ? તમારા બાપનું હલકું બોલે તો ? કહોને આજે તો એ ય ચલાવી લેવાનો જમાનો આવ્યો છે. કેમ વારું ? એટલા માટે કે પેલાઓ બાપને નિંદે પણ છોકરાને વખાણે છે ને ? એટલે એનો અર્થ તો એ જ ને કે તમારી જાતનું સારું બોલે એ જ ગમે છે. પછી સગી માનું કે બાપનું ભૂંડું બોલાય તો એ સાંભળી લેવામાં વાંધો નહિ ? જે સંતાન માબાપની નિંદા સાંભળી લે એ દેવ-ગુરુની ને ધર્મની હલકાઈ સાંભળતાં શાનો કકળી ઊઠે ? આ કેવો જમાનો ? વિકાસનો કે અધઃપતનનો ?

**જમાનાની અસર ન લો :-**

બહાર ગમે તે હો, પણ તમને આર્યત્વનો પ્રેમ હોય, આર્યદેશ-આર્યકુળમાં જન્મી ગયાનું ગૌરવ અને આનંદ હોય તો તમારા દિલમાં તમારા ઘરમાં ને તમારા કુટુંબમાં જમાનો ઘાલતા નહિ; નહિતર કર્મથી ફેંકાઈ જશો, ફેંદાઈ જશો. તમારો પોતાનો આત્મા ધર્મનું ઘર મટી પાપનું ઘર બનશે. જે દેવ-ગુરુ-ધર્મના આધારે તમારી ઊજળાશ છે એને જ છેહ દેવાનું થશે. આજની જીવનપદ્ધતિ, આજની ખોરાકની રીતરસમ, રહેણીકરણી, વેશભૂષા વગેરે ભયંકર છે, આર્યત્વ અને ધર્મનું વિસ્મરણ કરાવનારા છે તથા પાપબુદ્ધિ, પાપભાવનાઓ અને પાપી વૃત્તિઓને જગાવનારા-પોષનારા છે. ક્રોડો ભવોએ પણ દુર્લભ એવા આર્ય માનવ અવતારને પામીને તેથી તદ્દન વિરુદ્ધ રસ્તે ચડી જવાનું થશે. દેખાદેખીમાં મરવા જવું નથી. પાગલ દુનિયાને સારું લગાડવામાં અને દુષ્ટ ઈન્દ્રિયોને મહેકાવવા-મહાલાવવામાં આત્માનો કચ્ચરઘાણ છે.

મંત્રીનું સમ્યગ્દર્શન એને માળીના મુખે આચાર્ય ભગવંતનો અનાદર દેખી અકળાવી મૂકે છે. છતાં એને યોગ્ય ઠપકો આપીને પણ આચાર્ય ભગવાનના

આગમનની વધામણી મળી એની પાછી કદર કરે છે ઝટ હાક મારે છે, 'કોણ છે બહાર ?' ત્યાં જ સિપાઈ હાજર થાય છે, એને મંત્રી કહે છે, 'આ માળીને અડધો લાખ ચામડાની દીનાર (સિક્કા) અપાવી દે.'

**રામજી ગંધાર શ્રાવકની મોટી વધામણીભેટ :-**

આટલી બધી ભેટ ? ખબર નથી આચાર્ય ભગવાન હીરસૂરીશ્વરજી મહારાજ ખંભાતના નાકે પધાર્યા એની વધામણી લઈ આવનાર માણસને રામજી ગંધાર શ્રાવકે શું આપ્યું ? ચાવીનો ઝુડો ફેંકી એને કહે છે 'લે આમાંથી ગમે તે ચાવી કાઢી લે, એ ચાવીનો માલ તને ભેટ.'

પેલો બિચારો ભોટ, તે મોટી ચાવી કાઢી, છતાં આ ગુરુભક્તને દયા આવી કે 'બિચારો અજ્ઞાનતા વશ ઓછું લઈ જાય છે.' એટલે એને કહે છે, 'અરે ! જો જો સારી ચાવી કાઢ.'

મૂરખ સમજે છે કે 'શેઠને મોટી ચાવીમાંથી બહુ માલ જતો ખટકે છે તેથી મને આમ કહે છે. પણ હું તો હાથમાં આવ્યા પછી કેમ છોડું ?' એમ વિચારીને જાણે લઘુતા બતાવતો ઠાવકે મોંઢે કહે છે, 'શેઠ ! મારે ગરીબને તો એ બરાબર છે.'

શેઠ સમજે છે કે 'બિચારાનું ભાગ્ય જ એવું છે. તો ભલે એમ હો' ઝટ મુનિમને બોલાવી કહી દીધું કે આ ચાવીની વખારનો માલ એને બક્ષિસ કરી દો.'

ચાવી શાની નીકળી ? દોરડાની વખારની. પેલો બિચારો કહે 'ભાઈ સાહેબ ! હું આ દોરડાને લઈને શું કરું ?' ત્યાં શેઠે બજારના વેપારીઓને બોલાવી વખારના કુલ દોરડાની કિંમત અંકાવી. કેટલી રકમ થઈ ? શું ધારો છો ? રૂા. ૫૦૦-૧૦૦૦ ? ના, અગિયાર લાખ રૂપિયા ! શું શેઠની છાતી બેસી ગઈ ? ના, ખુશી થઈને એટલી રકમ રોકડી પેલાને અપાવી દીધી.

**શું કિંમતી ? રૂપિયા કે ગુરુ ? કોણ વધારે વહાલું ?** પૈસા કે દેવ-ગુરુ ? મોક્ષમાર્ગનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન લાવો એટલે આ સમજાશે. તમને તો એમ લાગે છે કે 'દેવગુરુ પર પ્રેમ રાખીએ એમની સેવા કરીએ પણ આવા વધામણી વગેરેમાં નકામા પૈસા શા સારું વેડફી નાખવા ?' કેમ એમ જ ને ? 'સામાન્ય થોડા ફૂલ વરખ ઠીક છે, પણ બહુ ફૂલ સોનાના વરખ બાદલુ વગેરેમાં પૈસા નકામા શા માટે બગાડવા ? એવું જ લાગે છે ને ? ગુરુનું પ્રવેશ-સ્વાગત હોય, ગહુંલી કરાય, આજનું મોંઘુદાટ શ્રીફળ ને રૂપિયો મૂકાય, તે તો દેખાદેખી કરવું પડે માટે ? કે દિલના ઉછરંગથી ? ત્યાં એમજ લાગે ને કે આ તો નકામો ભોજક લઈ જશે ? ગુરુ કરતાં પૈસા પર કેટલી શ્રદ્ધા-પ્રીતિ છે ?

**વધામણીમાં મોટા દાનનું રહસ્ય :-**



ખબર નથી કે 'આ દેવાધિદેવ અને ગુરુ મળ્યા છે એ ધનની મૂર્ચ્છા કપાવવા માટે મળ્યા છે. લક્ષ્મીની મૂર્ચ્છા વિષયોની લાલચ તો ભવમાં ભટકાવનારી છે. દેવ-ગુરુની ભક્તિનું આલંબન મળ્યું એ નિમિત્ત પામીને તો લક્ષ્મીને કાંકરા ગણવાનો અને દેવ-ગુરુને હીરા લેખવાનો સોનેરી અવસર મળ્યો. નાદાન ! આવું કદરદાનીનું નિમિત્ત મળવા છતાં જો એમની કદર નહિ કરે અને લક્ષ્મીને તુચ્છ નહિ લેખવે, તો નિમિત્ત વિના તો શું કરી શકવાનો હતો ? મોટા મોટા વધામણીદાન, ગુરુપ્રવેશખર્ચ, સારી પૂજા-ઉત્સવ-યાત્રાદિ થયાનાં આનંદના દાન વગેરેનું આ રહસ્ય છે કે 'આવા અવસરે મારા દિલમાં દેવ-ગુરુ-ધર્મનું અતુલ મહત્ત્વ સ્થપાઈ જાઓ અને લક્ષ્મી કાંકરાતુલ્ય ભાસવા દો, જેથી ભવાંતરે આની વાસના મને એ જ આપે; એ જ કરાવે.'

સિદ્ધગિરિ સંઘ લઈને આવવાનો લહાવો રાજા કુમારપાળે લીધો અને ખાલી એની ઈંદ્રમાળ પહેરવાની ઉછરામણીમાં મહુવાનો જગડ શ્રાવક કેમ સવા ક્રોડ રૂપિયા બોલ્યો ? એની પાછળ આ એક હેતુ છે કે 'ગુરુ કળિકાળસર્વજ્ઞ આચાર્ય મહારાજ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી અને વિશાળ સાધુસાધ્વીની સંખ્યા, સામંત રાજાઓ, મોટા કરોડપતિઓ અને રાજા કુમારપાળે પોતે, આ બધાની હાજરીમાં આદેસર ભગવાનની સન્મુખ ઈંદ્રમાળ પહેરવા જેવું ઘણું દુર્લભ પવિત્ર સુકૃત કરવાનું મળે છે તો એનું મહામૂલ્ય હૃદયમાં ઘર કરી જવા દો; અને સવા ક્રોડ રૂપિયા જેવી મોટી ધનની રકમનું તુચ્છપણું હૃદયમાં અંકિત થઈ જવા દો,' આ તમન્ના હતી, એ શી રીતે થાય ? એટલું ધન ફેંકી દઈને.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૬,અંક-૨૩,તા.૧૭-૨-૧૯૬૮**

**બસ, હૈયામાં ધર્મનું ઊંચું મૂલ્ય અને ધનની તુચ્છતા સચોટ બેસી જાય તો ન્યાલ થઈ ગયા.** અને એથી ઊલટું 'દેવ-ગુરુ-ધર્મ તો So, So સામાન્ય, ને પૈસા કિંમતી, એમ ન ઉછાળાય' એવું હૃદયમાં વસી રહ્યું, તે પણ સુંદર નિમિત્તને અવગણીને, તો ન્યાલ નહિ, બેહાલ થયા.

દેવગુરુના જ પ્રભાવે પૂર્વના પુણ્યના યોગે પૈસા મળવા ઉપર દેવ-ગુરુ-ધર્મને અવગણતા ચાલ્યા, આ ઓછા બેહાલ છે ? 'હાય પૈસા ! હાય પૈસા !' રટતા રહ્યા, આ કેવી દુર્દશા ? મમ્મણશેઠ એમાં સાતમી નરકે ગયો. ભૂખડી બારસ ! દીકરાને સ્કૂલ-કોલેજનું ભણાવવા મોટા ખર્ચે પુસ્તકો લવાય, ફીઓ ભરાય, ટ્યુશનો રખાય, પણ ધાર્મિક ભણાવવા માટે કશો ખર્ચ નહિ ? વર્ષે વર્ષે નવા નવા ધાર્મિક પુસ્તક

વસાવવાના નહિ, પાઠશાળામાં ફી ભરવાની નહિ, ઘરે ધાર્મિક શિક્ષકનું ટ્યુશન રાખવાનું નહિ, પાઠશાળાના ફંડમાં કશું દેવાનું નહિ. કેમ એમ ? ધર્મની એવી કદર-કિંમત નથી, પૈસાની કિંમત છે. છતાં દિલમાં સમ્યગ્દર્શન ઝળહળે છે, કેમ ?

**રાજાને ઉદ્યાનમાં લઈ જવાની હોંશિયારી :-**

સમ્યગ્દર્શનને મહાકિંમતી માનનારો વાસવમંત્રી માળીને આચાર્ય ભગવંતની પધારામણીની વધામણી આપવા બદલ ૫૦ હજાર દીનાર અપાવી દે છે. પછી પૂજાનું કાર્ય પતાવી પેલી આંબાની મંજરી (મહોર) લઈને રાજા પાસે જાય છે. જુઓ રાજાને જિનવચન તરફ ખેંચવો છે તો કેવી સીફતથી આ વસંતનું નિમિત્ત પકડી લે છે !

રાજાને મહોર આપતાં કહે છે, 'મહારાજા ! આપની વસંતલક્ષ્મીએ પોતાની દૂતીની જેમ આ મંજરી મોકલી છે. તે સ્વીકારો.'

રાજા સહર્ષ તેનો સ્વીકાર કરતાં કહે છે, 'અહો ! સર્વ જનને આનંદકારી શું વસંતઋતુ આવી ? ચાલો એની મનોહરતા જોવા જઈએ.'

મંત્રી કહે છે, 'જેવી આપની આજ્ઞા. પધારો'

**આચાર્ય ન દેખાવા પર મંત્રીને ચિંતા :-**

બસ, રાજા અને મંત્રી ઊપડ્યા ઉદ્યાને. ત્યાં અનેક જાતના વૃક્ષો છોડવાઓ લતાઓ વગેરેની શોભા નિરખતા ફરે છે. પરંતુ ત્યાં મંત્રીને આચાર્ય ભગવંત કે એમના સાધુ કોઈ જ દેખાતા નથી, તેથી મનમાં ચિંતા થાય છે કે 'અરે ! આ શું થયું ? માળી ખોટું તો કહી જાય નહિ. ત્યારે શું આચાર્ય ભગવંત સૂત્ર-અર્થ પોરિસી કરીને બીજે વિહાર કરી ગયા ? જો એમ બન્યું હોય તો આ સારું ન થયું. હું ય એઓશ્રીના દર્શનથી વંચિત રહ્યો અને રાજાને પમાડવાનું પણ રહી ગયું ! રે વક્ર વિધિ ! આ તેં શું કર્યું ? કાનને ગુરુ-આગમનના સમાચારનો અમૃતરસ પીવડાવી ગુરુનું દર્શન ન આપ્યું ? આ તો તેં એક બાજું મોટું નિધાન બતાવીને બીજી બાજુ આંખો જ કાઢી લીધી.'

**સમકિતીનું હૃદય :-**

મંત્રીનું સમ્યક્ત્વ ગુરુની ખોટમાં કેવો શોક કરાવે છે ? ગુરુનું આગમન થયું એટલે જાણે ઘેબરનું ગાડું મળ્યું, મોટું નિધાન આવ્યું ! હવે એમનાં દર્શન નથી થતાં એ જાણે આંખો ખૂંચવાઈ ગઈ ! શું જુએ છે ગુરુની મુલાકાતમાં ? ઘરવાસમાં સુસ્ત બની જનારી ધર્મભાવનાને નવપલ્લવિત થવાનું; એથી પરલોક ખાતે પુણ્યાનુબંધી પુણ્યની રકમો જમા કરાવવાનું. દિલમાં આ ગણતરી રમતી હોય એનું હૃદય ગુરુના આગમને મેઘના આગમન પર મોર નાચવાની જેમ નાચે, અને ગુરુનો વિરહ થતાં



ખિન્ન ઉદાસ નિરાશ થઈ જાય એ સહજ છે.

**મુનિ ક્યાં હોય ? :-**

મંત્રીને આ ચિંતા તો થઈ, પણ પછી તરત જ મનને થયું કે 'અરે ! આ હું શું વિચારી રહ્યો છું ? મુનિઓ આવા જીવાકુળ પ્રદેશમાં શાના રહે ? અહીં તો જ્યાં ત્યાં ઝીણા ઝીણા મહોર પાંદડા ને પરાગ પડેલા છે. એ સચિત્ત સજીવ છે. મુનિઓને આવા સ્થાનમાં રહેવું કલ્પે નહિ; માટે જોવા દે આની પાછળની ચોક્ખી જગામાં સંભવ છે આચાર્ય ભગવંત સપરિવાર બિરાજ્યા હોય.'

**ચતુરાઈથી રાજાને આકર્ષે છે :-**

આમ છતાં રાજાને આ પ્રયોજનની ગંધ નથી આવવા દેવી. એટલે નવો જ પ્રશ્ન ઉઠાવી કહે છે,

'મહારાજા ! આપને યાદ છે ? આપે કુમાર અવસ્થામાં એક અશોક (આસોપાલવ) વૃક્ષ રોપેલું, તો હવે એ સારું ઊગ્યું હશે કે નહિ ?'

રાજા કહે 'હા, હા, ઠીક યાદ કર્યું. લાવો પાછળ જઈ એની તપાસ કરીએ.' ઊપડ્યા એ તરફ.

**આત્મહિતચિંતકની આ હોંશિયારી કે સામાને એવી કુનેહથી દોરે કે એ આપોઆપ હિતના ઉપાય તરફ વળે.**

નાના પુત્રો અંગે આ ઘણું કરી શકો. કૃષ્ણ વાસુદેવ પાસે ભેટમાં કિંમતી અશ્વ આવ્યો, ત્યાં રહેલા શાંબ અને પાલક કહે 'મને આ અશ્વ આપો; મને આપો.' કૃષ્ણજી કહે છે 'જે કાલે સવારે શ્રી નેમિનાથ ભગવાનને ભાવથી પહેલું વંદન કરે તેને આ ઈનામમાં મળશે.' શું કર્યું આ ? અશ્વના બહાને આત્મહિતમાં જોડ્યા. પાલક તો વહેલી પ્રભાતે ઊઠી અશ્વના લોભમાં અંધારે પહોંચ્યો પ્રભુ પાસે, ને વંદના કરી. શાંબે વહેલા જાગી શય્યાની બહાર નીકળી 'રાત્રિના જવું એ જીવહિંસાનું કારણ થાય' સમજીને ત્યાં જ રહ્યો પ્રભુને નિર્મળ નિઃસ્વાર્થભાવે વંદના કરી. સવારે પ્રભુને કૃષ્ણજીએ પૂછતાં પ્રભુએ કહ્યું કે 'ભાવથી પહેલું વંદન શાંબે કર્યું, દ્રવ્યથી પાલકે કર્યું,' અશ્વ શાંબને મળ્યો.

તમને આવું આવડે ? નાના બાળકોને લાલચથી ધર્મમાં જોડી શકો. પછી નિરાંતે બેસાડી જો સમજાવો કે 'જુઓ તમને સારી વસ્તુ તો આમેય લાવી આપીએ; પરંતુ તમે જે સાચું બોલ્યા, દેવદર્શન પૂજા કરી, સામાયિક કર્યું, તપ કર્યો, એ આ ઈનામ માટે ન કરો તો તમને એટલું બધું પુણ્ય મળે કે જેથી અહીંથી મર્યા પછી તમને સારી ગતિ મળે, કૂતરા બિલાડા ન થવું પડે.' આ સમજુતી કરો એની ભારે અસર પડે, ને છોકરા લાલચ વિના ભાવથી ધર્મ કરવા લાગે. એમાં વળી આ કથા

સમજાવો કે રાજા સિદ્ધરાજની ખંડણીના નાણાંથી સાજનમંત્રીએ ગીરનારના મંદિરોના ભવ્ય જીર્ણોદ્ધાર કર્યા પછી રાજાને પૂછ્યું 'તમારે આનું પુણ્ય જોઈએ છે કે નાણાં ?' તો રાજાએ કહ્યું 'પુણ્ય જ જોઈએ. નાણાં તો મૂકીને જ મરવું પડે; જ્યારે, પુણ્ય તો પરલોકે સાથે આવે.' આ કથા સમજાવો એટલે તો છોકરાના મનમાં પાકું ઠસી જાય કે "ધર્મનું ફળ ઊભું રાખવું, પણ અહીં એનો બદલો ન માગી લેવો.'

સંતાનનું આત્મહિત સધાવવું હોય તો કુનેહથી કામ લેવું જોઈએ. અહીં મંત્રીએ કુનેહથી કામ લીધું તો રાજા પોતે જ કહે છે કે 'ચાલો પેલું અશોકવૃક્ષ જોવા પાછળના ભાગમાં જઈએ.' મંત્રી સમજે છે કે 'એક વાર રાજાને આચાર્ય ભગવંત અને મુનિ મહારાજોના દર્શનમાં આવવા દો પછી તો જ્ઞાની ગુરુ સંભાળી લેશે.' ઊપડ્યા પાછળના ભાગમાં. ત્યાં થોડેક છેટે રાજા જુએ છે તો મુનિઓ જોવામાં આવ્યા.

**એ મુનિમહારાજો કેવા છે ? :-**

ધર્મના મહાસાગર જેવા, કેમકે એમનામાં ૫ મહાવ્રત, ૮ પ્રવચનમાતા, ૫૭ સંવર, ૧૨ તપ, ૧૦ સામાચારી, ૯ બ્રહ્મચર્યગુપ્તિ, પંચાચાર, ૧૦ યતિધર્મ વગેરે ભરચક ભરેલું હોય એટલે ધર્મના મહાસમુદ્ર જેવા જ લાગે ને ? મુનિઓ ક્ષમાગુણથી ગુરુ હતા. ભારે હતા. એટલે દ્વેષ-ક્રોધાદિ તરફ તણાઈ ન જાય એવા હતા; વળી ઉપસર્ગ-ઉપદ્રવને સહન કરે એવા હતા. સૂક્ષ્મ અહિંસાદિ મહાવ્રતને ધારણ કરનાર હતા. તે જાણે મુનિઓરૂપી વૃક્ષ ઉપર ફળ, મનગુપ્તિ વચનગુપ્તિ અને કાયગુપ્તિ એટલે કે વિચાર-વાણી-વર્તાવ અસત્ સદંતર બંધ અરે સત્ ભરચક ચાલુ, એ જાણે પુષ્પ, તેમજ ૧૮૦૦૦ શીલના અંગ એ પાંદડાં. આવા મુનિઓ ત્યાં કેટલાંક જીવ-અજીવના પ્રકાર વગેરે વિસ્તારને જણાવનારાં શાસ્ત્ર ભણી રહ્યા છે, કાર્યાકાર્ય આચાર બતાવનાર આચારાંગ સૂત્ર વિચારી રહ્યા છે, કોઈ સ્વસિદ્ધાંત-પરસિદ્ધાંતને જણાવનાર સૂયગડાંગ સૂત્રનું પરાવર્તન કરે છે, તો કોઈ 'ઠાણાંગ' કોઈ 'સમવાયાંગ,' 'ભગવતી'...યાવત્ કોઈક બારમા અંગ 'દૃષ્ટિવાદ'નો સ્વાધ્યાય કરી રહ્યા છે.

મુનિ-પરિવાર મોટો છે એટલે કેટલાક પ્રજ્ઞાપના વગેરે સૂત્રો, કેટલાક પ્રત્યેકબુદ્ધ-સ્વયંબુદ્ધના રચેલાં શાસ્ત્રો, તો કેટલાક વળી પ્રમાણશાસ્ત્રોના સ્વાધ્યાયમાં પરોવાયેલા છે. વળી ત્યાં કોઈક મુનિઓ ધર્મ-કથક છે. કેટલાક વાદી છે, કેટલાક નિમિત્ત-મંત્રવિદ્યા-વિજ્ઞાનના જાણકાર જિનવચનના સમર્થ સિદ્ધાંતોનું પુનરાવર્તન ચિંતન મનન કરતા બેઠા છે; તો કેટલાક એવા તપસ્વીઓ છે કે જેમણે પોતાની



કાયાને હાડપિંજર-શી બનાવી છે; ત્યારે કેટલાક મુનિ ભિક્ષુપ્રતિમાના કઠોર અભિગ્રહોનું પાલન કરી રહ્યા છે. કેટલાક વળી વીરાસને ને કેટલાક પદ્માસને રહ્યા ધ્યાન ધરી રહ્યા છે.

આ બધાની વચમાં મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યાય એ ચાર જ્ઞાનને ધરનારા ધર્મનંદન નામના આચાર્ય ભગવંત નક્ષત્રોની મધ્યે પૂર્ણિમાના પૂર્ણ ચંદ્રની માફક શોભતા બિરાજે છે.

આ જોઈને રાજા પૂછે છે 'અરે વાસવમંત્રી ! આ બધા કોણ છે ?'

મંત્રી કહે છે 'મહારાજા ! આ તો ત્રિલોકને વંદનીય દેવોથી પણ વંદન કરાવા યોગ્ય મહામુનિઓ છે.'

'તો આ બધાની વચમાં રાજા જેવા પેલા કોણ ?'

'મહારાજા ! એ સ્વયં મોક્ષમાર્ગે લાગી સંસાર અટવીમાં જે જીવોને સદ્ગતિના દિશાવિભાગનું ભાન નથી, જે મિથ્યામતિઓના માર્ગે ચાલે છે, એવાઓને મોક્ષનગરના માર્ગે લગાડનારા ધર્મનંદન નામના આચાર્ય અને ભગવાન છે. એ દેવોને પણ વંદનીય છે. લાવો આપણે એમને ધર્મ-અધર્મ સંબંધમાં કાંક પૂછીએ.

રાજા પણ એમ સાવ જિજ્ઞાસા વિનાનો નથી. તેથી મંત્રીની વાતમાં સંમત થાય છે. બંને જણ ત્યાં આગળ વધી આચાર્ય ભગવંતની પાસે પહોંચે છે. જઈને મંત્રી સ્તુતિ કરે છે.

'હે આઠ કર્મરૂપી પર્વતને ભેદવા સમર્થ વજ્ર જેવા ! હે સંસારસમુદ્રને પાર કરી જવા માટે સુઘડિત જહાજ સમા ! હે દુર્જય એવા પણ કામને જીતનારા ! હે ક્ષમાના ભંડાર ! હે ઘોર પરીસહોના વિજયથી 'જયવંતા' શબ્દને પ્રાપ્ત કરનારા ! હે ભવ્યજીવોરૂપી કુમુદના વનને વિકસ્વર કરનાર ચંદ્ર ! અને અજ્ઞાનના મહા અંધકારને નાશ કરનાર સૂર્ય સમા ભગવંત ! આપ જય પામો, આપ જ અમારે શરણ છો, નાથ છો, બાંધવ છો, મિત્ર છો કે જે જીવોને જિનવચન બતાવી સર્વ સુખનું કારણ બનો છો.'

**'જય સરણં તુમં ચિય, તં નાહો બંધવો તુમં ચેવ;**
**જો સવ્વસુક્ખમૂલં જિણવયણદેસી સત્તાણં.'**

**સ્તુતિ કરીને મહર્ષિને ત્રણ પ્રદક્ષિણા દે છે,** પછી મંત્રી એમના પગે પડીને પ્રણામ કરે છે એટલે રાજા પણ પ્રણામ કરે છે.

મહર્ષિ કહે છે 'ધર્મલાભ, સ્વાગત હો તમને. બેસો.'

ત્યાં બીજા પણ ઉત્તમ જીવો અને કાર્પટિકો, એટલે કે અંગ પર એક કપડું વીંટી તીર્થયાત્રાદિએ નીકળી પડેલા જોગી જેવા, ત્યાં આચાર્ય ભગવંત પાસે આવેલા

નમસ્કાર કરીને બેઠાં. આચાર્ય મહર્ષિ લોકોપચારની રૂએ રાજાના શરીરની ખબર પૂછે છે, 'કેમ ? શરીર કુશળ છે ને ?'

રાજા કહે છે, 'પ્રભુ ! આજ આપનાં ચરણનાં દર્શનથી.'

રાજા વિચાર કરે છે, 'અહો આ આચાર્ય ભગવંતનું રૂપ અસાધારણ દેખાય છે ! લાવણ્યે ય અસામાન્ય છે ! યુવાનીનું જોમ અનુપમ દેખાય છે ! મહાવિદ્યાઓને ધરનારા હશે. લાવ એમને હું પૂછું કે આવા મહા સુખદ સંયોગો છતાં આપને સંસાર પર વૈરાગ્ય થવાનું શું કારણ ?'

**સંસાર પર ત્રણ કારણે વૈરાગ્ય :-**

આચાર્ય મહારાજ ચાર જ્ઞાનના ધણી છે, સામાના મનનું પણ જાણે છે એટલે તરત રાજાને વગર-પૂછ્યે કહે છે, 'ભાગ્યવાન તું મારા વૈરાગ્યનું કારણ પૂછવા માગે છે; કિન્તુ'

**(૧) એત્થ નરનાહ ! નવરં, ચઉગઈ-સંસાર-સાયરે ઘોરે;**
**વેરગ્ગ-કારણં ચિય, સુલહં પરમત્થ-રૂવેણં.**
**(૨) જં જં જયમ્મિ મણ્ણઇ, સુહ-રૂવં રાય-મોહિઓ લોઓ;**
**તં તં સયલં દુક્ખં, ભણંતિ પરિણાય પરમત્થા**
**(૩) તિણ્હા-છુહા-કિલંતા, વિસય-સુહાસાય-મોહિઆ જીવા;**
**જં ચિય કરેંતિ પાવં, તં ચિય ણાણીણ વેરગ્ગં.**

(૧) **'હે રાજન ! આ ચારગતિમય ઘોર સંસારમાં પરમાર્થથી વસ્તુ-સ્વરૂપે જોઈએ તો વૈરાગ્યનાં જ કારણ સુલભ છે.**

(૨) **રાગથી મોહિત થયેલા મનવાળા લોકો આ જગતમાં જે જે વસ્તુને સુખરૂપ માને છે, તે તે બધું પરમાર્થના જ્ઞાતા બધું દુઃખરૂપ હોવાનું કહે છે.**

(૩) **વિષયતૃષ્ણા અને ભૂખથી પીડાતા પ્રાણીઓ વિષયસુખના આસ્વાદથી મૂઢ બની જે પાપો કરે છે તે જ જ્ઞાનીને-સમજુને વૈરાગ્યનું કારણ બને છે.'**

**(૧) ચાર ગતિમય સંસાર વૈરાગ્યહેતુ :-**

(૧) મહર્ષિ વૈરાગ્યની જડ બતાવે છે. પહેલું તો આ ભટકવાની ચાર ગતિવાળો સંસાર એ જ ભયાનક છે. કોઈ ગતિમાં સ્થિર જીવ જ નહિ. કોઈ એક ગતિમાં ગમે તેવું સુખ જોવા મળ્યું, પણ ત્યાંથી મરીને બીજી ગતિઓમાં ભટકતા થવું જ પડે; અને ગતિઓમાં ક્યાં બધે સુખનાં પોટલાં ઠારી મૂક્યા છે ? નજરે દેખાય છે ને વિવિધ પ્રાણીવર્ગમાં દુઃખનાં પોટલાં ? તો મોટા ભાગે દુઃખમાં જ શેકે એવી નરકાદિ ગતિઓમાં જીવોને ભટકતા જ રહેવું પડે એ સંસાર કેવો ભયાનક ? પ્રશ્ન થાય,



**પ્ર.-** 'પરંતુ એમાં થોડો પણ સુખાસ્વાદ તો મળે છે ને ?' આનો ઉત્તર,

**(૨) બધું દુઃખરૂપ એ વૈરાગ્યહેતુ :-**

ઉ.- ક્યાં સુખ છે ? જે જે વસ્તુ સુખરૂપ લાગે છે તે તે બધું જ દુઃખરૂપ છે. માત્ર રાગના આવેશનો અંધાપો ભારે, એટલે એ રાગાંધ દશામાં અજ્ઞાન જીવને દુઃખરૂપતા દેખાતી નથી. બાકી,

**તટસ્થપણે પૂર્વાપર સ્થિતિ (૧) વસ્તુની અને (૨) જીવની પોતાની જુએ તો દુઃખરૂપતા તરત સમજાય એવી છે.**

**(૧) જીવની પૂર્વાપર સ્થિતિ :-**

મૂર્ખ બાળક ખસ-ખરજવાની ખણજ ખણવાના આનંદથી એને સુખરૂપ માને તેથી કાંઈ ખરેખર એ સુખરૂપ થોડું જ છે ? સમજુ માબાપ તો એને દુઃખરૂપ માની એ દૂર કરવાની દયા જ કરાવે છે. એવું જ જગતના પદાર્થો અંગે જ્ઞાની સમજે છે કે આ બધા ભલે જીવને ખણજ-તૃષ્ણા ઊભી કરી ખણવા તુલ્ય એના સંપર્કથી આનંદ મનાવે, પણ એ ખરેખર દુઃખરૂપ જ છે, તેથી એને દૂર કરવાના અને એની ખણજ મિટાવવાના ઉપાય બતાવે છે. જેમ ખણજમાં લોહીનો વિકાર હોવાથી તેમજ એને ચળવાને કારણે પાછી ચળ ને લોહીવિકાર વધવાથી જીવની પૂર્વાપર સ્થિતિ રોગરૂપ કહેવાય; માટે વચલો આનંદ એ ખરેખર સુખ નહિ, ને એને ઊભો કરનાર ખરજવું રોગ એ સુખરૂપ નહિ; એમ વિષયરાગ એ જીવનો વિકાર, અને વિષયસંપર્ક પાછી રાગવૃદ્ધિ-વિકારવૃદ્ધિ કરનાર, બંને સ્થિતિ રોગરૂપ. તેથી વચ્ચે થતો આનંદ અને એને ઊભો કરનાર વિષયો એ સુખરૂપ નહિ. જનમનાં ખરજવાના દરદીને એની રોગરૂપતાનું ભાન નહિ, અને અનાદિના વિષયરાગના દરદી જીવને એની રોગરૂપતાનું ભાન જ નથી હોતું.

આ જીવની પૂર્વાપર સ્થિતિની વાત થઈ.

**(૨) વસ્તુની પૂર્વાપર સ્થિતિ :-**

**હરામી સ્ત્રી અને મુનિમ :-**

હવે વસ્તુની પૂર્વાપર સ્થિતિ વિચારવા દા.ત. જુઓ કે કોઈને હરામખોર બાયડી મળી હોય, ને એ ક્યાંક કબાડું કરી આવી પૈસા લઈ આવે, અને એનાથી ધણીને સારું સારું ખવરાવી કરી સુખ દેખાડે, ધણી એ સુખના ઉપર એને શાબાશી આપે, એટલે પેલી પાછી એથી કબાડાં વધારે, તો શું ધણીને એ સ્ત્રી સુખરૂપ ગણાય ? અથવા સમજો કે કોઈ મુનિમ શેઠના નામે બહારથી પૈસા લઈ આવે, એમાંથી થોડા પોતાના કરી લઈ, થોડા લાવીને શેઠને આપે અને કહે 'આ મેં આપના નામે વેપાર કરેલો એનો નફો લો,' શેઠ એ લઈને રાજી થાય, એને

શાબાશી આપે; પછી પેલો એ શાબાશી ઉપર બીજે કબાડું વધારી પૈસા લઈ આવે ને એમાંથી થોડા શેઠને વેપારનો નફો ગણાવીને આપે, તો શેઠને શું એ મુનિમ સુખરૂપ ગણાય ? બંને દાખલાનો જવાબ 'ના.' કેમકે એમાં તો એ સ્ત્રીવસ્તુ કે મુનિમવસ્તુના પૂર્વાપર રંગ ખતરનાક છે.

બસ, એ જ રીતે આ જગતના પદાર્થો એવા ખતરનાક રંગ કરે છે, અને પેલા ધણી અને શેઠની જેમ જીવના માથે ભયંકર જોખમ ઊભું કરે છે. તેથી વચલી સ્થિતિનો આનંદ એ વાસ્તવિક સુખ ન ગણાય; એ દેખાડનાર વિષયો સુખરૂપ ન ગણાય. એ વિષયો આવી આવીને તો જીવનું પુણ્ય ખતમ કરે છે, કેમકે પુણ્યથી એ વિષયોની પ્રાપ્તિ થાય એટલે એટલું પુણ્ય પૂરું થાય; તેમજ હિંસાદિ પાપો ને રાગાદિ દોષો ઊભા કરી ભરચક પાપ જમા કરે છે. આમ પુણ્ય વેચી વેચી એકલા પાપની ખરીદી કરવાનું-ભરતી કરવાનું થાય છે. આમાં સુખરૂપતા શી રીતે ? પેલા ધણીને કોઈ દિવસે એ સ્ત્રીથી ધક્કો કે ધોખો આવી મળે, પેલા શેઠને એક દિવસે નામે ધીરનાર આવીને તકાદો કરનારા થાય, ત્યારે ખબર પડે કે 'હાય હાય ! આ સ્ત્રીને આ મુનિમને સુખરૂપ માન્યા એ મેં ભયંકર ભૂલ કરી, ખાલી ભ્રમણામાં જ તણાયો.' એવી સંસારી રાગાંધ જીવની દશા થાય છે. કર્મના માર આવી પડે ત્યારે પોકનો પાર નહિ.

**ભૂતિયો બંગલો :-**

આમ સાંસારિક માની લીધેલા સુખમાં જીવની પોતાની અને સામા વિષયની પૂર્વાપર સ્થિતિ જોવા-વિચારવામાં આવે તો વિષયો કશાય સુખરૂપ ન લાગે, દુઃખરૂપ જ લાગે. અજાણમાં ભૂતિયો બંગલો સસ્તામાં ખરીદ્યો, થોડો વખત ત્યાં રહેવાનું સુખ જોયું, પણ પછી એમાંના ભૂતે પત્ની કે છોકરાને પીડાઓ શરૂ કરી; અને એ ભૂતની પીડાઓ છે એવી ખબર પડી, ત્યાં શું એ બંગલો સુખરૂપ લાગે ? ના, કેમકે એની પૂર્વાપર સ્થિતિ ખરાબ, તેથી દુઃખરૂપ જ લાગે. એ જ રીતે સંસારના વિષયો દુઃખરૂપ છે. આવા સંસાર પર વૈરાગ્ય કેમ ન થાય ?

**(૩) પાપો કરવાં પડે એ વૈરાગ્ય હેતુ :-**

મહર્ષિએ આગળ એ બતાવ્યું કે માત્ર દુઃખનાં જ કારણે નહિ, કિન્તુ સંસારનાં પાપોનાં કારણે પણ સંસાર પર વૈરાગ્ય થાય એવું છે આ પણ વિચારતાં સમજાય એવું છે. જગતમાં જોઈએ છીએ કે જીવો ભૂખના માર્યા અને વિષય લાલસા તથા ધન-તૃષ્ણાના માર્યા કેવાં કેવાં પાપ નથી કરતા ? તો પોતાને પણ ક્યાં પાપો નથી કરવા પડતાં ? પાછું વળી અહીં કદાચ એવા એટલા ભયંકર પાપ ન આચરવા પડતા હોય, છતાં અહીં સ્થિર તો બેસી રહેવાનું નથી, એટલે મરીને આ સંસારમાં



બીજી કોઈ સ્થિતિમાં મૂકાતાં, જીવને વળી કેવાં ભયંકર પાપો આચરવાં પડશે ? અહીં ભલે ઓછાં પાપે જો એકલી સંસારની જ માયા-મમતા રાખી, તો પછીથી કઈ સારી નિષ્પાપ જીવનની સ્થિતિ મળવાની હતી ? કહો, વધુ પાપાચરણ કરાવે એવા જનમ મળે છે; તો શું કરવાનો આવા સંસારને ? આવા ઊંચા માનવભવે આવીને જો પાપ છોડવાની કે ઓછાં કરવાની તક મળે છે, અને એથી ભાવી સ્થિતિ સદ્ધર નિષ્પાપ બનાવી શકાય છે, તો પછી શું કામ પાપભર્યા સંસાર પર મોહ રાખી પાપને પોષ્યા કરવાં ?

આ રીતે વિચારતાં પણ સંસાર પરથી રાગ, આસ્થા ઊઠી જાય એવું છે; વૈરાગ્ય ઝળહળી ઊઠે એવો છે. સંસારમાં પાપાચરણ ક્યાં શોધવું પડે એમ છે ? જીવ-જીવમાં એ પ્રત્યક્ષ દેખાય છે. ગિરોલી-બિલાડીને કેવી પાપલેશ્યા સતત ? ભૂખ્યા સિંહ-વાઘ-વરુ કેવાં પાપ કરે છે ? ભૂખની પીડા વધી જવાથી અગ્નિશર્માએ લાખો પૂર્વના માસખમણ સાથેની સમતા ખોઈ ગુણસેન રાજા પર ભવોભવ મારવાનું વૈર ઊભું કર્યું. ત્રિપૃષ્ઠ વાસુદેવ તીર્થંકરનો જીવ છતાં અને ત્યાં વિચરતા તીર્થંકર શ્રેયાંસનાથ ભગવાન મળવા છતાં વિષયતૃષ્ણા અને સત્તાના મદમાં રહ્યો તો મરીને સાતમી નરકે ગયો. ત્યાં ક્રોધ કષાયનાં પાપ કેવાં ? પછી ત્યાંથી નીકળીને સિંહ થયા. ત્યાં કેવાં ક્રૂર હિંસાનાં પાપો ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૨૪,તા.૨૪-૨-૧૯૬૮**

પાપભર્યા જીવન પર જેને ભારોભાર સૂગ ચડે ને એમાં આત્માની મહા વિટંબણા દેખાય, એને સહેજે થાય કે 'આ પાપો કરાવનારો સંસાર જ મૂળમાં ખતરનાક છે. સંસાર ન હોય તો જીવને શા સારુ પાપો કરવાં પડે ? એટલે સંસાર પર સહેજે નફરત જાગે, વૈરાગ્ય થાય.'

મહર્ષિ એ જ કહી રહ્યા છે કે

"જીવોને ચારે ગતિમાં જે દુઃખો છે, ને ભૂખ-તરસ અને તૃષ્ણાના માર્યા વિષયસુખાસ્વાદમાં લંપટ જીવો જે પાપો કરે છે, એ જ એવા ભૂખ આદિના દુઃખભર્યા અને પાપોત્તેજક સંસાર પર વૈરાગ્ય કરાવનાર છે.

"હે નરેન્દ્ર ! તું જો કે જગતમાં પારધીઓ-શિકારીઓ કેવા નિર્દય હોય છે ! માછીમારો, ગળાફાંસ ઘાલનારા, કસાઈઓ, ગામ પર ધાડ પાડનારા, સાર્થના ઘાતકો, તીરતાકું, ગોલંદાજી કરનારા, માંસાહારીઓ કેવાં કેવાં અધમાધમ પાપો કરે છે !

ત્યારે ધનના લોભિયા વનને કેવા દાવાનળ દે છે, પૃથ્વી ખોદી નાખે છે, પાણીના બંધ બાંધે છે, ધાતુઓ ધમે છે, વનસ્પતિઓના કેવાં છૂંદા કરે છે !

"બીજા પણ કેઈ જીવો કેવાં મહારંભો ઉપાડી જીવઘાત કરવામાં જરાય સંકોચ અરેરાટી નથી અનુભવતા ! કેવા પરિગ્રહની પૂંઠે પડ્યા રહે છે !

"એ બિચારા એકલા પાપકીચડમાં ખૂંચી બહુ બહુ ક્રોધ-માન-માયા-લોભ-મોહને પોષી રહ્યા હોય છે. પાછું એમાં એને નથી કોઈ પસ્તાવો કે નથી દુષ્કૃતની નિંદા, પછી શું કામ પાસેથી પાછા હટે ? જીવનમાં ગુરુ પાસે કોઈ પાપપ્રકાશન નહિ, કે નહિ કોઈ પાપત્યાગના વ્રત-નિયમ. રાત ને દિવસ બસ, એક જ ધૂન કે 'મનમાન્યું ખાઉં, ગમે તેમ કરી પૈસા લાવું, અને નિરંકુશ રંગરાગ ઉડાવું.' એટલે જીવન પાપોથી જ વ્યાપ્ત !

"હે સુબુદ્ધ ! ખૂબી તો પાછી એ કે એવા ઘોર પાપોમાં કશું ખોટું માનવાની વાત પણ દૂર; ઉપરથી એમ માને છે કે 'આ અમારો પ્રામાણિક કુલાચાર છે. અથવા ખુદ વિશ્વકર્તા બ્રહ્માજીએ જ અમારા માટે આવી આજીવિકા ગોઠવેલી છે.' -એવા ઘોર હિંસાદિ પાપો પ્રત્યે કોઈ જ સૂગ-સંકોચ-સંતાપ નહિ ને ઊલટું એને ધર્મ કુળધર્મ તરીકે માની બીજાને પણ જીવનનિર્વાહના ઉપાય તરીકે એ શીખવે છે ! પાપની કેવી દેશવ્યાપી ને કાળવ્યાપી સ્થિતિ !

"હે રાજવી ! એ બિચારા મૂઢ જીવોને ખબર નથી કે આનાં કટુ ફળ તરીકે કેવી ઘોર-અતિઘોર દુઃખ-ત્રાસભરી નરકમાં અસંખ્ય વર્ષો સુધી રીબાવું પડશે ? જે પ્રિયાપુત્રાદિ ખાતર જીવે આવા ભયંકર પાપો કર્યા એ બધા તો નદી કિનારે આ મરેલા જીવને બાળીને, નદીમાં સ્નાન કરી ઘરભેગા થશે, જ્યારે આ જીવને એકલાને પરલોક પહોંચી જઈ એકલાને જ દુઃખની ભઠ્ઠીમાં શેકાવું પડશે. અરે ! બાળ્યા પછી ક્યાં, બાળ્યા પહેલાં જ અહીંથી પ્રાણ પૂરા થઈ જતાં જ સગાની સામે જ એ પાપોના કર્મ જીવને ઉપાડી સીધો નરકમાં ઝીકી દે છે !

## નરકગતિનાં દુઃખ, એ નરકો કેવી છે ?

'કુવલયમાળા' ના રચયિતા આચાર્યપુંગવ શ્રી ઉદ્યોતનસૂરિજી મહારાજ અહીંથી મહર્ષિ ધર્મનંદન આચાર્ય મહારાજે વર્ણવેલ ચાર ગતિનાં દુઃખોનું વિસ્તારથી વર્ણન કરે છે. આપણે એને ટૂંકમાં જોઈએ.

**નરકમાં ઉત્પત્તિ કેવી ? :-**

મહર્ષિ પુરંદત્ત રાજાને કહે છે, 'હે નરનાથ !' અહીં ઘોર પાપો કરી જીવો જે નરકમાં જાય છે તે કેવી છે એ સાંભળ. નરકમાં નરકવાસ ઘોર અંધકારથી



ભરેલા, ને ક્યાંક તો અતિઉષ્ણ ત્યારે ક્યાંક અતિશીત હોય છે; અને એમાં મેદ-મજ્જા-ચરબી-લોહી-રસી-પરુ-માંસ વગેરે બિભત્સ પદાર્થો જ્યાં ત્યાં વેરાયેલા રહે છે. વજ્ર જેવા મુખવાળા પક્ષીઓ કે જે નરકના જીવોને તિક્ષ્ણ ચાંચો ભોંક્યા જ કરે એ ભરચક હોય છે. જીવોને ત્યાં સાંકડી નળીવાળા મોંની કુંભીમાં પચાવું પડે છે. એમાંથી જીવ શે બહાર નીકળે ? પરમાધામી દેવો એને કોચી કોચીને કાઢે છે. બહાર નીકળ્યો એટલી જ વાર. પાસે જ ભયંકર સિંહ અને શિકારી કૂતરા ફાડી ખાવા તૈયાર હોય છે.

**નરકમાં ઊકળતા રસ-કરવત-આગ-યંત્ર :-**

ફડાઈ ચવાઈ એમાંથી છૂટે કે તરત પરમાધામી એને ઊકળતા તાંબા-સીસાના ધગધગતા રસમાં નાખી ઊકાળે છે, વળી બહાર કાઢી તીક્ષ્ણ કાંગરાવાળી કરવતથી વહેરે છે, યંત્રમાં પીલે છે, ધગધગતી ભઠ્ઠીની આગમાં નાખી શેકે છે. એ નરક-પાલ દેવો જગતમાં જે જે દુઃખ ગણાય તે તે લાવીને આ નારકીના જીવો પર ચલાવે છે, મૂત્ર-રસી-પરુ-શ્લેષ્મ વગેરે અતિ-દુર્ગંધી બિભત્સ પદાર્થોની ભરેલી કુંભીમાં જીવોને નાખી દે છે. એમાં એ બિચારાના હાથ પગ વગેરે અંગો ગળવા લાગે છે. પાછા એ જ્યાં અંગો વિકસવા માંડે છે, ત્યાં એ સાંકડી કુંભીમાં સમાતા નથી, એટલે જ્યાં એ કુંભીમાંથી બહાર મોંઢુ કાઢે છે ત્યાં પરમાધામીઓ 'અરે ! મારો કાપો, છેદો ભેદો ફાડો, પકડો આ પાપીને છોડો નહિ,' એમ કહેતાંક બહાર નીકળેલા એ નરક-જીવો ઉપર ભાલા-તલવાર-બરછી વગેરેથી તૂટી પડે છે. ખડગથી કાપાકાપી, ખંજરથી ઘોંચાઘોંચ ને ભાલાથી ભોંકાભોંકી ચાલે છે. પાછા વળી એ જીવોના કપાયેલા અંગો પારાની કણીઓની જેમ ભેગા થઈ આખું શરીર બને એટલી જ વાર; તરત એની પૂંઠમાં શૂળી ભોંકી શૂળી પર એને બેસાડવામાં આવે છે.

ખ્યાલ કરજો નારકીનાં દૂઃખોનો.

**નારકોની વિનંતિ :-**

આમ, ઉપરાપર પીડા-વેદનાઓનો પાર નથી ત્યાં જરાય વિલંબ વિના એના પર પત્થર, ઢેફા, લાકડીના પ્રહાર, ને તલવારના ઘા ઝીકવામાં આવે છે. એવી વેદનાઓથી અતિ ત્રાસ પામેલા જીવો ગરીબડા રાંક-દીન બની કરુણ સ્વરે રોતાં રોતાં વિનંતિ કરે છે,

હે ! સ્વામી ! મહેર કરો મહેર કરો. આ અમે અતિ દુઃખિત થઈ આપને હાથ જોડી વિનવીએ છીએ કે 'એવો અમારો શો અપરાધ છે કે શું પાપ કર્યું છે, જેથી આટલું ઘોર દુઃખ ?'

**પરમાધામીના ટોણાં :-**

એ વખતે પેલા પરમાધામી એમના માથામાં મોઘર મારતાં નિષ્ઠુર સ્વરે કહે છે, 'અરે નાદાન ! જ્યારે તું પૂર્વ ભવે જીવોને મારી નાખતો હતો ત્યારે નહોતો પૂછતો કે મેં એવો શો અપરાધ કર્યો છે કે આ જીવોને મારવા પડે છે ? ને હવે પૂછે છે કે શો અપરાધ કર્યો છે ? ત્યાં જીવોને ફાડીફાડીને માંસ ખાતો, મનફાવે તેટલાં જૂઠાં બોલતો, ચોરીઓ કરી લોકોનાં હૃદય કકળાવતો, ત્યાં નહોતો પૂછતો કે 'મારો શો અપરાધ છે ?' જ્યારે પરસ્ત્રીમાં મન મોહિત કરી બીજાની યુવાન સ્ત્રીઓ સાથે ભોગમાં રમતો ત્યારે મૂઢ ! તને પાપની અપરાધની ગમ નહોતી પડતી, ને હવે અપરાધ પૂછે છે ? મેં શું પાપ કર્યું પૂછે છે ?'

પરમાધામી આ એકેક પાપને યાદ કરાવતાં સાથે જ એના શરીર પર મોટા લોખંડી ઘણના ઘા ઝીકતા જાય છે. એટલે આ ટોણાં સાંભળવા જેટલા કાળ માટે પણ શસ્ત્રપ્રહારાદિની કારમી પીડા બંધ નથી. પાછા એ પરમાધામી એને સંભળાવે છે, 'અરે દુષ્ટ ! પૂર્વે જ્યારે ભારે લોભમાં પડ્યો કેઈ પાપધંધા કરતો હતો, શિકાર ખેલી ગભરું જીવોને હણતો, ધનના ઢગલા પર ગાઢ મૂર્ચ્છા કરતો, જાતિ-કુળ-બળ વગેરેના મદમાં અંધ બની બીજાની પેટ ભરીને નિંદા કરતો, મોટા આરંભ સમારંભ-જૂઠ-અનીતિ અને સંરક્ષણના રૌદ્ર ધ્યાનમાં ચડતો, ત્યારે ત્યારે તને પાપનો વિચાર કરવા ફુરસદ કે શ્રદ્ધા નહોતી ને હવે પાપ પૂછે છે ? અરે પાપી ! મૂર્ખ છતાં જાતને સમજદાર માની રાગ-દ્વેષ-કામ વગેરેમાં ખૂંચેલા પામરોને દેવ-ભગવાન- પરમાત્મા માની બખાળા કાઢતો કે 'આ સિવાય વળી કોણ વીતરાગ સર્વજ્ઞ દેવ જ છે ? યજ્ઞાદિની હિંસાઓ બતાવનારા વેદ વિના બીજાં કયાં શાસ્ત્ર જ પ્રામાણિક છે ?' ને એમ બોલી પવિત્ર સંયમવાળા મુનિઓની નિંદા કરતો. અથવા નાસ્તિક બનીને 'દેવો નથી, સ્વર્ગ-નરક નથી. મારો, પાડાઓને ઊભા ચીરો, માંસ ખાઓ, ઈંડા ખાઓ, દારૂ પીઓ, રંડીઓ નચાવો, વેશ્યા-વિધવા-કુમારિકા-સધવા ગમે તેની સાથે ખેલ ખેલો...વગેરે લવારા કરતો, ને ત્યારે પાપની ચિંતા નહોતી, ને હવે પૂછે છે કે મેં શું પાપ કર્યું ? ગુરુઓ કહેતા કે પાપ ન કરાય, ત્યારે રોફથી એમનો સામનો ને હાંસી કરતો, ને હવે અમારી આગળ ગરીબડો થઈ ભાઈસાબી કરે છે ?'

**ભયંકર બાજપક્ષી :-**

એમ કહેતાં એ દુષ્ટ દેવો એના અંગો ખંડખંડ કાપી કાપી આકાશમાં ફેંકે છે. એને સમડા જેવા પક્ષી ગ્રહણ કરી તોડી તોડીને ચાવે છે. નરકના જીવના આત્મપ્રદેશ એ અંગોમાં પણ પ્રસરેલા હોય છે તેથી પક્ષીથી કોંચાતા ફડાતા ચવાતા કારમી વેદના અનુભવે છે તે 'હાય હાય !' એમ કરુણ વિલાપ કરે છે. છતાં એ દેવોને ક્યાં દયા છે ? તે પાછા અંગો સંધાઈ અખંડ શરીર બનતાં અગ્નિમાં નાખી તપાવે છે.



**નરકની તરસ-ભૂખ :-**

ત્યાં એ નારકી જીવો બિચારા બૂમ મારે છે 'હે સ્વામી ! અમે બળી ગયા, અમને તરસ લાગી છે,' એ વખતે પરમાધામી કહે છે 'અરે પાણી લાવો પાણી,' એમ કહેતાંક એ જીવોના મોં પહોળા થઈ જાય છે એમાં ધગધગતા તપેલા તાંબા-સીસાના રસ રેડે છે. પેલા ભયંકર દાહથી રાડ પાડી ઊઠે છે 'અરે ! બસ બસ સ્વામી ! અમારી તરસ મટી ગઈ, માફ કરો, પણ આ નિર્દય દેવો તો મોંમાં સાણસા ઘાલી મોં પહોળા કરે છે, ને એમાં ગળા સુધી નળી ઉતારી એમાં લાય જેવા સીસાના રસ રેડ્યે રાખે છે. પછી વળી 'લ્યો ભૂખ્યા થયા હશો આ તમને માંસ રસ બહુ વહાલો હતો, લ્યો ખાવા આપીએ, એમ કહી એ નારકોના ગળામાં સાણસો રાખી ઘોર ધગધગતા લોઢાને ઘાલે છે. એથી ભયંકર બળતા ને ઓગળી જતા એ અતુલ વેદના ષામે છે.

**વૈતરણી નદી :-**

ત્યાંથી એ જીવો ચારે દિશામાં દોડે છે, ને આગળ વૈતરણી નદી જુએ છે. એને શીતળ પાણીભરી માની ઠંડક માટે એ તરફ દોટ મૂકે છે. પરંતુ એ તો ઓગળેલા ધગધગતા ગરમલાય તાંબા-સીસા-પરુના રસની ભરેલી હોય છે. વળી આ મૂઢ જીવોની પાછળ પેલા જમદૂતો દોડતા આવે છે, 'હણો હણો, મારો કાપો, છેદી નાખો' એવી રાડો પાડતા હોય છે, તેથી બચવા દોડતા એ જીવો વૈતરણીને દાહ મિટાવનારી માની શીતલતા લેવા તેમજ જમદૂતોના પ્રહારથી બચવા નદીમાં ઝંપલાવે છે, ત્યાં એ આખા ને આખા બળે છે અને નદીના પ્રવાહમાં તણાય છે. ઘણું ય બહાર નીકળવું હોય પરંતુ કેમ જાણે ગુંદરના કીચડમાં કે શિલાજંતુમાં ન ફસાયા તે હોય, એકદમ બહાર નીકળી શકતા નથી. એમાં ધગધગતા તાંબા-સીસા-પરુના રસમાં લાય અપરંપાર ઊઠી છે, એટલે બહાર નીકળવા મથે છે. કરુણ વિલાપ કરે છે, ને કેટલોય કાળ એમ જણાતા બળી બળીને માંડ કિનારે આવતા બહાર નીકળી એ દાહથી બચવા દોડે છે.

વિચારજો નરકગતિના ત્રાસ. આ કલ્પના નથી હોં, સર્વજ્ઞ ભગવાનને જૂઠ બોલવા કોઈ કારણ નથી, ને એમણે કહેલી આ સત્ય હકીકત છે; અને તે આજે પણ ત્યાં ચાલુ છે.

**અગ્નિમય નદીરેતી :-**

વૈતરણી નદીમાંથી માંડ બહાર નીકળેલા એ જીવો કિનારે ઠંડી રેતી માની એના પર આળોટવા જાય છે, પરંતુ તે તો ભાડભુંજાની સોપારી શેકવાની તપાવેલી રેતી કરતાં અનંતગુણી ગરમ હોય છે. એમાં એ બિચારા બળીને સોપારીની જેમ

શેકાઈ ખાખ જેવા થવા લાગે છે.

**અહીંની સુંવાળાશ ભારે પડશે :-**

વિચારવા જેવું છે કે અહીં માનવના અવતારે ગરમીની ઋતુમાં ગરમીથી બચવા અનેક પ્રકારના ઉધમાત કરે, ઠંડકનો રસિયો જ્યાં ને ત્યાં ઠંડકને શોધતો ફરે, ચોવીસે કલાક વિજળીના પંખા કે એરકન્ડીશન રૂમ વગેરે પર આગ્રહ રાખ્યા કરે એની આવા નરકસ્થાને કઈ દશા ? કુદરત કર્મસત્તા એવી છે કે 'જીવ તને જે અનિષ્ટ વિષયો પર બહુ દ્વેષ હોય, એવા કારમા અનિષ્ટમાં તને લઈ જઈ ઝીકું' જે મનગમતા વિષય ઉપર ભારે રાગ હોય તેનું હવે પરલોકમાં સ્વપ્નું ન દેખવા દઉં' એમ જાણે કહેતી ઈષ્ટથી સદંતર દૂર રાખી અત્યંત ભયાનક અનિષ્ટમાં ઝીકે છે એટલે જ અહીં 'ઠંડી પડી' 'ગરમી લાગી' વગેરે સુંવાળપ બહુ કરવા જેવી નથી.

**સુંવાળપથી બચવા ઉપાય :-**

સ્પર્શેન્દ્રિયના એ વિષય તો આ જગતમાં ચાલુ રહેવાના. એની રતિ-અરતિ, હર્ષ-ઉદ્વેગથી બચવા જે અનિષ્ટ આવ્યું નભાવી લેવા મનને બીજી દિશામાં વાળવા જેવું છે. વાણિયો બે નંબરનો ચોપડો લખવા ઘરના અંદરના ઓરડામાં બેસી હિસાબ લખતાં ઘામ-ગરમી કેવો ભૂલે છે ! ચાર કલાકે લખાઈ ગયા પછી લાગે કે 'હાય ! ગરમી બહુ પડે છે' અલ્યા પણ ચાર કલાક ગરમી ક્યાં ગઈ હતી ? કિન્તુ હિસાબના ધ્યાનમાં ખબર જ કોને પડી છે કે ગરમી કેવી પડે છે બસ, એ રીતે આપણું મન કોઈ રુચિકર તત્ત્વના, ભાવનાના, તીર્થયાત્રા સ્મરણના કોઈ ચરિત્રકથાના કે ગણતરી બંધ નવકાર જાપના વ્યવસાયમાં રોકી રાખીએ, યા નરકનાં દુઃખ કે મહાપુરુષોએ સહર્ષ વેઠેલા ઘોર ઉપસર્ગ વિચારીએ તો અહીંની ઠંડી-ગરમી કે જે નરકની અપેક્ષાએ મામૂલી ગણાય, તેમાં ચિત્ત ન જાય.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૬,અંક-૨૫,તા.૨-૩-૧૯૬૮**

**અસિપત્ર વનની પીડા :-**

મહર્ષિ ધર્મનંદન આચાર્ય મહારાજ પુરંદરદત્ત રાજાને કહે છે, 'હે નરોત્તમ ! જો કે પેલા નરક જીવો અગ્નિ જેવી રેતીમાં શેકાયા પછી જ્યાં એ સામે દેખાતા અસિપત્ર વનમાં ઠંડક લેવા દોડે છે ત્યાં ઝાડ પરના ખંજર-કુહાડી-તલવારના ધારદાર ફળાં ને ચક્ર-ભાલા-શૂળીની તીક્ષ્ણ અણી જેવાં પાંદડાં ને ફળ ધડાધડ કરતાંક આ જીવોના માથાને શરીર પર પડી માથાં ચિરાય છે, ને ગાત્ર છેદાય છે. ચીસોચીસ પાડતાં એ દોડે પણ વનમાંથી એકદમ શે બહાર નીકળી શકે ? દોડતા



જાય ને ઉપરથી ધડાધડ શસ્ત્ર જેવા પત્ર-ફળ શરીર પર ઝીકાતા જાય. છેદન-ભેદનનો પાર નહિ. અહીં કોકની કોણી વાગતાં ચડભડ કરે એને ખબર છે ખરી કે ત્યાં આ ઘોર પીડામાં શું થશે ?

**મહાવાયુનાં તોફાન :-**

જ્યાં એ જીવો માંડ માંડ અસિપત્ર વનમાંથી બહાર નીકળે છે, ને ખુલ્લા મેદાનમાં 'હાશ ! બચ્યા' કરતા આવે છે ત્યાં જ એમના તીવ્ર અશુભ કર્મના ચાલુ ઉદયે બચવાની વાત શી ? તરત જ મહા વાયુ વિંજાય છે અને એથી મોટી મોટી શિલા જેવા પત્થરો માથા પર આવી ઝિકાવા માંડે છે, ને ભયંકર પવનવેગથી શસ્ત્રો જેવા પત્થર આવી શરીરનાં ગાત્રો સાથે અથડાય છે એથી માથા ઊભાં ચીરાય છે, ગળાથી ડોકાં જુદા થાય છે, ને આંખ ફૂટે, કાન કપાય, ને છાતી-પેટ-પીઠ-હાથ-પગ છેદાય-ભેદાય છે. પવન પણ સખ્ત અગ્નિની જ્વાળા જેવો ગરમ ફુંકાય છે એ ય જીવોને બાળી રહ્યો હોય છે. વગડો જુએ તો છેડો જ ન દેખાય; ને ધડાધડ પત્થરમારનો ચારેકોર વરસાદ ! છતાં રાડો ને ચીસો પાડતાં આગળ આગળ દોડે છે.

અહીં બીજાના અણગમતા શબ્દ સહન થતા નથી, દિલમાં ઊથલપાથલ થાય છે, ગમે તેવી સારી વિચારણા ચાલતી અટકી પડે છે, ને રોષ-ફફડાટ થાય છે. ત્યાં ક્યાં વિચાર છે કે પેલા પત્થરોની ધડાધડીનો વરસાદ વરસશે ત્યારે શું કરીએ ? એ કેમ સહન થશે ? અહીં તો બહુ મામૂલી મનોદુઃખ છે. એ ન થવા દેવા સહર્ષ સહન કરવાનું સૂત્ર રાખ.

**ગુફાના ભયંકર ત્રાસ :-**

પેલો પત્થરોના ઘા ખાતા નરકજીવો દોડતા દોડતા જ્યાં સામે પર્વતની ગુફા જુએ છે ત્યારે છૂટકારાનો દમ ખેંચે છે કે 'હાશ ! આમાં પેસી જઈએ એટલે આ પત્થરઝડીથી બચાય;' પણ એના અશુભોદયે નરકમાં બધું જ એને પીડવા-રીબાવવા માટે જ હોય છે એટલે જ્યાં એ જીવો ગુફામાં પેસે છે ત્યાં જ માથા પર ઊંચેથી ધડધડ કરતી મોટી શિલા તૂટી પડે છે. એની નીચે શરીરના ચૂરેચૂરા થઈ જાય છે. વેદનાનો પાર નથી. જુએ છે કે આપણે ભૂલ્યા, અહીં ક્યાં આવી ભરાણા ? એટલે માંડ ઊઠી બહાર નીકળવા દોડે છે ત્યાં ગુફાની વજ્ર જેવી દિવાલ બે સામસામેથી ધસી આવી એ જીવોને ભીંસમાં લઈ કચરીને એમને રોટલા જેવા કરી નાખે છે. કેવી ઘોર પીડાઓ ? ક્યાંય શાંતિ છે ? જે કાંઈ શાંતિસ્થાન માને એ બધું એને કારમો ત્રાસ આપનારું બને છે.

**વિકુર્વિત શિકારી પશુ :-**

ગુફામાંથી માંડ બહાર નીકળી ત્યાં દેવોએ વિકુર્વેલા વૈક્રિયશક્તિથી ઉપજાવી

કાઢેલા સિંહ-શિયાળિયા-બાજપક્ષીઓ એ જીવોના શરીર પર તૂટી પડે છે, અને એનાં ગાત્રોને વજ્ર જેવી દાઢોથી ચાવવા લાગે છે. વળી એક બીજા પશુ-પક્ષી દાઢ-દાંત-પંજામાં ભરાવી એના શરીરની ખેંચા ખેંચ કરે છે, આવા આવા ત્રાસ અને વેદનાઓનો પાર નથી એ તો ત્યારે એ જીવને ભારે સંતાપનો વિચાર આવે છે કે,

**નરકના જીવોનો સંતાપ :-**

'અરે ! અમે મૂઢ બનીને પૂર્વે કેવાં અકાર્ય કર્યાં ?

**तइओ च्चिय मह कहियं, नरए किर एरिसीओ वियणाओ ॥**

**ण य सद्दहामि मूढो एण्हिं अणुहोमि पच्चक्खं ॥**

એ અકાર્ય કરતા મને ગુરુઓએ કહ્યું હતું 'ભાઈ ! નરકમાં આવા આવા પ્રકારની વેદનાઓ અકાર્યના ફળરૂપે ભોગવવી પડે છે પરંતુ એ વખતે મેં એના પર શ્રદ્ધા ન કરી, અને હવે હું અહીં એ પ્રત્યક્ષ અનુભવી રહ્યો છું'

'હા ! હા ! મને પૂર્વે રોકતા જ હતા કે' અરે ! આ જીવોને માર નહિ, જૂઠાં ન બોલ, ચોરીઓ ન કર, પરસ્ત્રી પર આંખ ન નાખ, ધનના પરિગ્રહ ન વધાર, પણ મેં તે માન્યું જ નહિ તો જે પૈસા ખાતર એ પાપો કર્યા તે દ્રવ્ય આજે ક્યાં છે ? ક્યાં મારો બચાવ કરવા આવે છે ? જે કુટુંબીઓ ખાતર 'આ હિંસા કર્યા વિના તો ચાલે નહિ, જૂઠ-અનીતિ વિના ન નભે પૈસા ગમે તે પ્રપંચ કરીને લાવવા જ જોઈએ, મહા આરંભ-સમારંભ કરીએ તો જ આ બધાને મોજ-આનંદ કરાવી શકાય, જીવતર નભી શકે.' વગેરે વગેરે ઓઠાં ધરી ધરીને એ પાપો સેવ્યાં તે તારું કુટુંબ હે નાદાન જીવ ! ક્યાં ગયું ? એમાંનું કોણ તને અહીં બચાવવા આવે છે ? પૂર્વે પેટ ભરીને બીજાની નિંદાઓ કરી-ઈર્ષ્યા કરી, છળપ્રપંચ-અભિમાન સેવ્યાં, ગુરુ કહેતા કે આ બધું ન કર, તે તેં માન્યું નહિ, તો હવે એનાં આ કેટલાં દારુણ પરિણામ ભોગવવાં પડે છે ?

સમ્યક્ત્વ પામેલા જીવો ક્ષણવાર આવો કોઈ સંતાપ કરે છે. મહામિથ્યાત્વીને તો આવું સૂઝે જ શાનું ? એણે તો પૂર્વ ભવે પણ 'સ્વર્ગ-નરક કોણે જોયા છે ?' વગેરે લવારા કરેલ, અશ્રદ્ધા કરેલી, તેના રૂઢ સંસ્કાર અહીં પણ કેમ સૂઝવા દે ? ત્યારે ચિંતા-સંતાપ કરનારને પણ એ નિરાંતથી કરવાનો અવસર નથી રહેતો. કેમકે અનેક પ્રકારની જાલિમ પીડાઓ ત્યાં નવનવી ઊભી થયા જ કરે છે કે જે અત્યંત અસહ્ય હોય. વનના મોટા ચારે બાજુથી લાગેલા દાવાનળ એ જીવોને વચમાં રાખીને શેકે-બાળે, કઢાઈઓમાં કળકળતા ઊકળેલા તેલમાં તળાવું પડે, યંત્રોમાં પીસાવું પડે,...એવું એવું કેટલુંય ચાલે છે. એ ઓછામાં ઓછું ૧૦ હજાર વર્ષ, અને વધુ આયુષ્ય હોય તો વધારેમાં વધારે ૩૩ સાગરોપમ સુધી. ૧-૧



સાગરોપમ ૧૦-૧૦ કોડાકોડી પલ્યોપમનો,૧-૧ પલ્યોપમમાં અસંખ્ય વર્ષ જાય.

મહર્ષિ રાજાને કહે છે, 'હે રાજન્ ! એ નરકના ભીષણ દુઃખોમાં રીબાવાની જે પીડાઓ છે તે ધ્યાનમાં લે તો પછી સંસાર પર વૈરાગ્ય થવાનું કારણ શું પૂછે છે ? આ સંસારનાં પાપો પાછળ ઊભી થતી આવી નરકવેદનાઓ સહેજે સંસાર પરથી આસ્થા ઉઠાડી દે. પાપો આચરતાં બોલવું સહેલું 'પરલોક કોણે દીઠો છે ? સ્વર્ગ નરક વગેરે તો કોઈ દોઢડાહ્યાએ માત્ર ઊપજાવી કાઢેલી વાતો છે. આપણે કાંઈ માનતા નથી ને એવાં કોઈ સ્થળ જ નથી પછી ત્યાં જવાની વાત શી ? છતાં જો જવાનું થશે તો જોઈ લઈશું,' પણ જીવન પાપમાં પૂરું કરી આવી જાલિમ નરકપીડાઓ આવીને ઊભી રહે ત્યારે શે સહી જાય ? કેટલાક વળી વિચારે છે કે 'પાપો આજ છોડું છું કાલ છોડું છું,' પણ અપુણિયા એમજ પાપોમાં સબડતા મરે છે. પછી પાપના એવા ચીકણા ભાવે નરકનું આયુષ્ય બાંધી જો નરકમાં પડ્યા તો કઈ દશા ?

માટે હે નરનાથ ! જે આત્મા સાવધાન બની પુણ્ય-પાપને સમજે છે એ સારા નરસા ભાવને પણ સમજે છે; અને એથી નરસા ભાવથી દૂર રહી સદા સારા ભાવમાં રમે છે.

નરકમાં નારકીના જીવોને રીબાતાં જે દુઃખ થાય છે તેનું વર્ણન તો સર્વજ્ઞ ભગવાન જ કરી શકે; અમારા જેવા મૂર્ખ ક્યાંથી કરી શકે ?

મહર્ષિના આ કહેવાનો સાર એ છે કે એ દુઃખો અહીંનાં દુઃખો કરતાં અનંતગુણા છે. એની અપેક્ષાએ જો વિચારીએ તો જાણે અહીં કોઈ દુઃખ જ નથી. માટે તો કહેવાય છે કે ત્યાંની એકલી એક ગરમીનું પણ દુઃખ એટલું બધું છે કે ત્યાંના જીવને અહીં લાવીને મોટી અગ્નિની ભઠ્ઠીમાં સુવાડ્યો હોય તો એને છ મહિના ઊંઘ આવી જાય એવી ઠંડક લાગે, ત્યારે નરકનાં બીજાં કપાવા-છૂંદાવા પીસાવા વગેરેનાં દુઃખ તો જુદા, પણ માત્ર ગરમીનું દુઃખ પણ કેવું ઉગ્ર ?

**નરકનાં દુઃખ પર બોધપાઠ :-**

**સારાસારીમાં ધર્મ કરે :-**

નરકનાં આ દુઃખ જો ધ્યાનમાં રહે તો મનને એમ થાય કે અહીં જ્યારે એની આગળ વિસાતવાળું કોઈ દુઃખ જ નથી એટલે કે બહુ સારાસારી છે, તો પછી આ સારાસારીમાં કષ્ટપૂર્વક ધર્મ કાં ન સાધી લઉં ? આગ્રહપૂર્વક ગુણો કાં ન કેળવી લઉં ? મન મારીને ઇંદ્રિયોના વિષયોથી વિરામ કેમ ન પામું ? દિલ પર બળાત્કાર કરીને પણ કષાયોને કાં ન દાબું ? સારાસારીમાં આ નહિ કરું તો પછી દુઃખની ઝડીઓ વરસશે ત્યારે શું કરી શકવાનો હતો ? વળી સારા-સારીની સાથે

ધર્મ કરવાની જે સામગ્રી અહીં છે તે બીજે ક્યાં મળે ?

નરકનાં દુઃખ ભૂલીને બૂમો મારીએ છીએ કે મારે બહુ દુઃખ. ધર્મ કરવાનું, ગુણો સાચવવાનું, વિષયોને દૂર રાખવાનું, ને કષાયોને દાબવાનું મહાકલ્યાણકર કાર્ય સામે આવે ત્યારે જીવને દુઃખનાં બહાનાં રજુ કરી છટકવાનું મન થાય છે કે 'મારું શરીર ક્યાં સારું છે ? મારે ધંધાની કેટલી હાડમારી છે ? કુટુંબ ક્યાં એટલું અનુકૂળ છે ? પૈસાની ક્યાં છૂટ-સગવડ છે ? મારું મન ક્યાં મજબૂત છે ? ધર્મ કરવા જઈએ ને આઘા જઈને પાછા પડીએ તો ? એટલે ? દુઃખ કષ્ટ આવે તો ?' આ કેવાં બહાનાં છે ? દુઃખ નરકનાં ધ્યાનમાં છે ?

નાદાન જીવને ખબર નથી કે આ બહાના હેઠળ દાનાદિ ધર્મ વિસારી 'પેસા પૈસા, હાય પૈસા !' કરી ધંધાધાપા સાચાં-જૂઠ, કાળાં-ધોળાં વગેરેથી પરિગ્રહનાં ને ધનતૃષ્ણાનાં પાપ કરે છે, શબ્દ રૂપ-રસ વગેરે વિષયોના સંગનાં પાપ નિરંકુશપણે કરે છે, 'ખાઉં ખાઉં' એ ખાનપાનની સંજ્ઞા પણ કોઈ વ્રત-નિયમ-તપ વિના અબાધિત છૂટી રાખે છે, એમ હિસાબ વિના જ ગુસ્સો-રોફ-અભિમાન-દંભ-માયા વગેરે સેવ્યે જાય છે, આ બધામાં તને ખબર છે ખરી કે 'ક્યાંક નરકનું આયુષ્ય જો બંધાઈ ગયું તો અહીંના કરતાં કેવા અનંતગુણ દુઃખમાં ધકેલાઈ જવું પડશે ?

નાગદત્ત શેઠનો બાપ બોકડો બની કસાઈના છરા હેઠળ કપાઈ મર્યો છતાં એ દુઃખમાં કષાયમાં ચડ્યો તો મરીને પહેલી નરકમાં ગયો દુઃખનું બહાનું ક્યાં ચાલે ?

બ્રહ્મદત્ત ચક્રવર્તીની એક બ્રાહ્મણે પ્રપંચથી આંખો ફોડાવી નાખી. આમ ચક્રવર્તી પોતે બિન-ગુનેગાર ગણાય. છતાં 'લાવ જગતના બ્રાહ્મણોની આંખો ફોડાવી નાખું એ ઉધમાતમાં પડ્યો અને વહાલી પટ્ટરાણી કુરુમતિની આસક્તિમાં તણાયો, તો મરીને સાતમી નરકમાં ગયો. અહીંના કયા બહાનાએ એને ઉગાર્યો ?

વાસુદેવોને ઠકરાઈ અને વૈભવ-વિલાસ મળે છે, ત્યાં વિષયરાગ, વિષયભોગ ને કષાયો ઓછા કરવાનું કોઈ ઉપદેશે, તો એનું મન બચાવ કરે છે કે 'મારું ક્યાં ગજું છે ? આપણી તાકાત નહિ.' પરંતુ મર્યા પછી શું ? બચાવ મળે ? ના, એ તો મરીને નરકમાં સધાવે છે.

**પ્ર.**- પણ એ તો નિયાણું બાંધીને આવ્યા હોય છે ? નરકમાં જાય છે ને ?

ઉ.- તે શું પૂર્વ ભવે કરેલ નિયાણાએ ત્યાં જ અહીંથી નરકમાં જવાનું આયુષ્ય બંધાવેલું ? અથવા એ અહીં બંધાવવા આવે છે ? કર્મના બંધનો આધાર તો કર્મ બંધાવાના સમયે આત્માના કેવા ભાવ છે કેવા પરિણામ-અધ્યવસાય છે, એના પર છે. નિયાણાંનો ભાવ તો પૂર્વ ભવમાં હતો, પણ અહીં વાસુદેવના



ભવમાં નરકાયુ-કર્મ બાંધતી વખતે શું ? કહો એ નિયાણાંના પ્રતાપે દૃઢ કરેલ વિષય-કષાયની જોરદાર પરિણતિના લીધે અહીં પણ એ પરિણતિ રહી, ને તેથી નિરંકુશપણે વિષયભોગમાં આસક્ત રહ્યા, ને અંધપણે કષાય સેવનમાં રાચ્યા-માચ્યા; એના લીધે બગડેલા ભાવથી નરકના કર્મ ઊભા કર્યા. તો હવે પોતાના જીવનમાં વિચારો કે વિષયભોગની આસક્તિ નથી ને ? કષાયોને રોકવાનું ચાલુ છે ને ? કે હજી વિષય કષાયમાં ડુબાડૂબ છે ?

લક્ષ્મણજી વાસુદેવ હતા. એ શું ગુણિયલ નહોતા ? છતાં એમની વિષય-કષાયમાં રક્તતા કેવી કે એ એમને ચોથી નરકમાં લઈ ગઈ ? રાવણ સમ્યગ્દષ્ટિ હતો. અરિહંત પ્રભુનો ભક્ત હતો, અવસરે અરિહંતદેવની ઠાઠથી પૂજા-ભક્તિ કરતો, પરંતુ કામસંજ્ઞા, માનકષાય, વગેરે એને ચોથી નરકમાં ઘસડી ગયા. વિષય-કષાયોની કેવી ભયંકરતા ?

**માટે દાનાદિ ધર્મ કરો એ જેટલું જરૂરી છે; દેવદર્શન-પૂજા-વ્રત-નિયમ સામાયિક તપસ્યા વગેરે જેવા જરૂરી છે; એટલો જ અને એવો વિષય-કષાયનો ત્યાગ જરૂરી છે.**

જો એ ત્યાગ નહિ કરાય તો વિષય-કષાયની રમણતા ખતરનાક નીવડશે. આચાર્ય આર્યમંગુ મહાન પ્રભાવક અને સંયમી છતાં આહાર અને રસના વિષયની રમણતાએ એમને દેવલોકની દુર્ગતિ જેવી જક્ષની યોનિમાં ફેંકી દીધા. અગ્નિશર્માએ લાખો પૂર્વના માસખમણની ઘોર તપસ્યા કરેલી છતાં એને (૧) આહાર-સંજ્ઞા ભભૂકી ઊઠી, (૨) સ્વમાન હણાયું લાગ્યું, ને (૩) ક્રોધકષાય ધખાવ્યો, તો પરિણામે ભવોભવ કાળાં પાપ કરનારો અને અનંત સંસાર ઉપાર્જનારો બન્યો.

ધર્મ કરવો હજી ગમે છે, પણ ઇન્દ્રિયોના વિજય, સુખો પર ઝેર વરસાવવું નથી, ક્રોધાદિ કષાયો જીવલેણ માનવા નથી, પછી એનાથી ડરવાની અને બચવાના પ્રયત્ન કરવાની વાત ક્યાં ? એ નહિ, તો તરવાનું ક્યાં રસ્તામાં પડ્યું છે ? જેમ ધર્મ ગમે છે એમ વિષય-કષાયો ન ગમવા જોઈએ. એ અણગમતા કરવા માટે જ અનેકવિધ વ્રતનિયમો અને જિનભક્તિ-ગુરુ સત્સંગ તથા અનેક આચાર-અનુષ્ઠાનો છે. એ કરીને પણ વિષય-કષાયના ત્યાગ કરતા ચાલવાનું છે.

ધર્મનંદન આચાર્ય મહારાજ નરકગતિના ભયંકર દુઃખો બતાવી તિર્યંચ ગતિનાં જાલિમ દુઃખોનો ખ્યાલ આપે છે.

આચાર્ય ભગવાન રાજાને કહે છે,

'હે પુરંદરદત્ત મહારાજા ! જે તને વિચાર થયો કે 'આ મુનિને સંસાર પર વૈરાગ્ય થવાનું શું કારણ હશે ?' તે પર હવે સમજાયું હશે કે જ્યાં સંસારની ચારે

ગતિઓમાં દુઃખ દુઃખ ને દુઃખ છે, તો પછી એવાં સંસારદુઃખો અનુભવ્યા પર હવે બીજું જ કોઈ વૈરાગ્ય કારણ પૂછવું છે ? એ દુઃખોનો કરુણ અનુભવ જ સંસારને ઝેર જેવો લગાડે એવો છે. એમાં વૈરાગ્ય ન થાય એ આશ્ચર્ય છે. વૈરાગ્ય થવામાં શું આશ્ચર્ય છે ? 'હે મહાનુભાવ ! તું એટલું તો જો કે, સર્વે જીવો સર્વ જાતિઓમાં ને સર્વ યોનિઓમાં અનંતી વાર ઉત્પન્ન થયા છે, ને એમાં બહુ કર્મ પરંપરા બહુ વાર સરજીને અનંત વાર મરણ પામ્યા છે, આ અપાર જન્મ-મરણની પીડા સર્જનાર કર્મ પરંપરા અટકાવવી હોય તો આટલી વાતો ખૂબ ધ્યાન પર લે;

**જન્મમરણ રોકવા શું કરવું ? :-**

જીવોની હિંસા ન કરે. સજ્જનોનાં અપમાન-દબામણી કરીશ નહિ. જીવો પર ખૂબ દયા કેળવજે. એ માટે સ્વભાવ સહિષ્ણુ રાખી કદી ક્રોધને અવકાશ ન આપીશ. દુષ્ટ માણસો સાથે મિત્રતા ન કરજે.

જીવનમાં જૂઠને પેસવા ન દઈશ. સત્ય-સંયમ અને તપથી જીવનને સુશોભિત રાખજે.

ચોરીનું-અનીતિનું કાંઈ જ લઈશ ના. પરસ્ત્રી પર જરાય દૃષ્ટિ પણ ન નાખવી.

જાતિનું કુળનું અભિમાન કે કોઈપણ જાતનો મદ ન કરીશ. જ્ઞાન-વિદ્યા-હોશિયારીથી ફુલાઈશ નહિ. દુઃખી લોકોની મશ્કરી ન કરીશ.

દીનદુખિયા પર દયા કરજે, દેવો અને ગુરુજનની પૂજા કરજે, સેવકોથી પરાઙ્મુખ ન થવું. મિત્રજનને આવકારવા. એમની તરફ વંચના ન કરવી.

સંતોષ કેળવવો. મનથી નમ્રતા-લઘુતા રાખવી. દાનતત્પર રહેવું. કોઈનીય નિંદા ન કરવી, પણ બીજાના ગુણ ગ્રહણ કરવા. જાતની પ્રશંસા ન કરવી. હંમેશા ગુણરત્ન પર બહુમાન રાખી એના જ અર્જનમાં પ્રયત્નશીલ રહેવું.

સજ્જનો સાથે મિત્રાચારી રાખવી. પોતાને આપત્તિ આવે ત્યારે વજ્રથી ઘડાયેલા જેવું કઠિન હૃદય રાખવું પણ વિહ્વળ ન થવું, સમૃદ્ધિમાં છકી ન જવું.

ધર્મ, આચાર અને ગુણોનો ખપ કરવો, સંકટમાં ઢીલા ન પડવું; કોઈના ય એ ધર્મ આદિ પર ઈર્ષ્યા-અસૂયા ન રાખવી. વાણી કટુ ન બોલવી. હાસ્ય-મશ્કરીમાં પણ બીજાના હૃદયને વીંધે એવો બોલ ન કાઢવો.

**મંત્રીનો પ્રશ્ન :-**

આ પ્રમાણે આચાર્ય મહારાજનો ઉપદેશ ચાલ્યો જાણી વાસવ મંત્રીને લાગ્યું કે 'આ તો કથાંતર થઈ, વાત બદલાઈ;' એટલે એ પૂછે છે. 'ભગવંત ! જે આ સંસારને દુઃખરૂપ બતાવ્યો, મૂળ એ સંસારનું જ કારણ શું ?' કેમ આજે સંસાર



ચાલ્યા કરે છે ?

આચાર્ય મહારાજ કહે છે,

**कोहो य माणो य अणिग्गहीया माया य लोहा य पवड्ढमाणा ।**
**चतारि एए कसिणा कसाया सिंचंति मूलाइं पुणब्भवस्स ॥**
**अण्णाणंधो जीवो, पडिवज्जइ जेण विसम दोग्गइ मग्गे ।**
**मूढो कज्जाकज्जे एयाणं पंचमो मोहो ॥**

અર્થાત્ ક્રોધ અને અભિમાન નિરંકુશ પ્રવર્ત્યા કરે, તેમ માયા અને લોભ વધતા જ રહે, તો એ ચારે કષાયો આ દુઃખદ સંસારમાં વારંવાર જન્મના મૂળ સીંચે છે. વળી અજ્ઞાનથી અંધ બનેલો જીવ આ સંસારની વિષમ દુર્દશાઓ પામીને કાર્યાકાર્ય-કર્તવ્યાકર્તવ્યમાં મૂઢ બને છે, એ પણ સંસાર ચાલવાનું પાંચમું કારણ છે. એને મોહ કહે છે.

**'કષાય' એટલે :-**

'કષાય' શબ્દ કહી રહ્યો છે કે કષ એટલે સંસાર અને આય એટલે લાભ, જેનાથી સંસારનો લાભ થાય એનું નામ કષાય. ક્રોધ-માન-માયા-લોભ એ જ સંસારનો લાભ કરાવવાનું કામ કરે છે. એના પર અંકુશ ન મૂકો અને એ ફાવે એટલા સેવ્યે જાઓ તો એથી સંસાર યાને સંસરણ એટલે કે ચારે ગતિમાં જન્મ-મરણ અને ભટકવાનું સારી રીતે ચાલ્યા કરે. જીવન જોતાં દેખાય છે કે ક્યાં આ ચારમાંથી એક યા બીજાનું સેવન નથી ? ઘડીમાં કશાક ઉપર ક્રોધ, દ્વેષ, ઈતરાજી જાગે છે, તો ઘડી પછી જીવ અભિમાનમાં તણાય છે. અથવા માયા-કપટ-પ્રપંચ-દંભ-વિશ્વાસઘાત જેવી લાગણીમાં ચડે છે. અથવા લોભ, રાગ, મમતા, તૃષ્ણા, લાલસા જેવી કોઈ ને કોઈ લાગણી ખડી થાય છે.

**કર્મ કેમ બંધાય છે ? :-**

બસ, એ બધા કષાય એ આત્મા પર એકજાતની ચિકાશ છે. એ આત્મા પર કર્મરજ ખેંચ્યા જ કરે છે. તેલિયું વસ્ત્ર વાતાવરણમાંથી રજને ખેંચ્યા જ કરે છે ને ? આ કર્મરજ એવી છે કે જાણે ગૂમડું ! એ પાકે એટલે પીડા આપે. ગૂમડામાંથી જેમ રસી વહે, પરું નીકળે, દુર્ગંધ મારે, એમ કર્મરજ પાકવાથી જીવને વિવિધ દુઃખો ઊભાં થાય છે. એનું મૂળ કષાય.

**કષાય કેમ કરાય છે ? :-**

ત્યારે પ્રશ્ન થાય કે જીવ આવા દુઃખનાં કારણભૂત કષાયો કેમ કર્યા કરતો હશે ? એનો ઉત્તર આ છે કે એ અજ્ઞાનથી અંધ છે. એને ભાન નથી આવતું કે

'આ કષાયો કરી કરીને હું સંસારમાં અનંતાનંત કાળથી વારંવાર જન્મ અને દુઃખો પામ્યા કરું છું.' એની એ મોહમૂઢ દશા છે.

- **મોહમૂઢતા જુઓ કે કેટલું ભૂલાવે છે ?** મારે કર્તવ્ય શું ? અકર્તવ્ય શું ?
- હિતકારી શું અને અહિતકારી શું ?
- કોણ હિતૈષી ને કોણ દુશ્મનની ગરજ સારનારા ?
- ખરેખરું સુખ કઈ વસ્તુ આપે, ને દુઃખમાં કોણ ડુબાડે ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૬,અંક-૨૬,તા.૯-૩-૧૯૬૮**

મોહને લીધે મૂઢ બનેલા જીવને આનું કશું ભાન નહિ. તેથી કષાયો કરી કરી પાર વિનાના હિંસાદિ અકાર્યો સેવ્યે જાય છે. મોહમૂઢ ખાવાના લાલચુની કઈ દશા હોય છે ? રોગ વધતા જાય, બૂમ માર્યા કરે કે 'મને ગેસ થાય છે, જીરણ જ્વર રહે છે. ખાંસી-કફ થાય છે. તો ય પાછો મનગમતું ખાયા કરે છે ને ? જુગારી હારતો જાય, પૈસા ગુમાવતો જાય, તો ય જુગાર ખેલ્યા જ કરે છે ને ? બસ એવી દશા સંસારી જીવની છે. અજ્ઞાન-મોહ-અવિવેકને લીધે દુઃખનાં જ કારણ સેવ્યે જાય છે, એવી જ કાર્યવાહી કર્યે જાય છે કે જેથી સરવાળે દુઃખ જ પામે. બધું મોહમૂઢતા અને ક્રોધાદિ ચાર કષાયને આભારી છે.

હવે અહીંથી આગળ ધર્મનંદન આચાર્ય મહારાજ આ પાંચના દરેક પર એકેક કથા કહે છે, પણ તે ત્યાં હાજર એવા જીવંત માણસની જ જીવનકથા, જીવનપ્રસંગો, કે જેમાં ક્રોધ વગેરે એકેક કેવી કેવી ભયાનક કરણી કરાવે છે એ જોવા મળે છે. પ્રસંગ એવા કે એ જોઈને એમ થાય કે 'અરે ? આ કષાય આટલે સુધી તાણી જાય છે ? તો મારે મારા કષાયોનો ય શો વિશ્વાસ કરવો ? માટે હવે મૂક એની લપ. મારે એવા દુઃખદ કષાય કે મોહ કરવાની શી જરૂર છે ? શા માટે હવે આ જાણીને એમાં હું ફસું ? એના સંસ્કાર દૃઢ થવાથી તો આગળ પર વિચિત્ર સંયોગોમાં કોને ખબર એ કેટલા ય ઉગ્ર કોટિના ભભૂકે ? ત્યાં પછી એના લીધે અકાર્યો કેવા ભયંકર થાય ? માટે હવે અત્યારથી જ એને શાંત કરતો ચાલું.' આચાર્ય મહારાજ જે જીવંત અને ત્યાં હાજર રહેલ માણસોનાં ચરિત્ર કહેવાનાં છે, એ આવી શુભ પ્રેરણા આપનારાં છે. માટે એને ખૂબ ધ્યાનમાં લઈ દિલમાં પ્રેરણા ઊભી કરજો. મુખ્ય મુદ્દો આ ધ્યાનમાં રાખજો કે

**કષાયોનો ચાલુ અભ્યાસ હશે તો વિચિત્ર સંયોગોમાં કષાય બહુ જોરમાં ભભૂકી ઊઠવાનો સંભવ છે. માટે એને અત્યારથી જ દાબો.**



**ક્રોધ કેવો ખરાબ ? :-**

રાજા પુરંદરદત્તને આચાર્ય મહારાજ કહે છે, 'નરેન્દ્ર ! કષાયોમાં પહેલો ક્રોધ જ એકલો એવો ભયંકર છે કે ક્રોધે ભરાયેલો મનુષ્ય કેવો અંધ બને છે કે એ અર્થ-અનર્થ કશું જોતો નથી 'આ મારા ક્રોધથી લાભ થશે કે નુકસાન ?' એ તરફ એની દૃષ્ટિ જ નહિ. એમ ક્રોધવશ જે કરવા જાઉં છું તેમાં ધર્મ થશે કે અધર્મ ? એ કર્તવ્ય છે કે અકર્તવ્ય ? પરિણામે દુર્ગતિ મળશે કે સદ્‌ગતિ ?' ઇત્યાદિ કશું વિચારતો નથી. આ કાંઈ જ વિચારવાનું નહિ એટલે પછી ક્રોધના લીધે મિથ્યા વિકલ્પમાં ચડેલો એ સગા ભાઈ-બેનને પણ મારનારો બને છે જેમકે આ પુરુષ'.

ત્યાં સભામાં તો અનેક બેઠેલા છે, એટલે ચોક્કસ કયો માણસ ? એ જાણવા રાજા પૂછે છે 'ભગવન્ ! કોણ એ પુરુષ ? અને એણે શું કર્યું હતું ?'

આચાર્ય ભગવાન કહે છે, 'જે આ તારી ડાબી બાજુ બેઠો છે તે. એણે ક્રોધથી પકડાઈ શું કર્યું હતું તે તું સાંભળ.'

આમ કહીને હવે મહર્ષિ એનું ચરિત્ર કહે છે. ચરિત્રકારે આમાં સુંદર કવિત્વ, ઉત્પ્રેક્ષાઓ, વર્ણનો, વગેરે વિસ્તારથી રજુ કર્યું છે, પરંતુ આપણે સમય પ્રમાણે સંક્ષેપથી કથા જોઈએ.

## ક્રોધ પર ચંડસોમનું ચરિત્ર

દુષ્કૃત્યનો બેવડો માર :-

કાંચી નામનો દેશ છે, એમાં કાંચી નામની રાજધાનીની નગરી છે. એની નજીકમાં એક રગડા નામનું ગામ છે એમાં એક સુશર્મદેવ બ્રાહ્મણ રહે. બિચારો જન્મથી દરિદ્ર અને પાછો ક્રોધી પ્રકૃતિનો. કેમ એમ ? કહો, દરિદ્રતા લાવનાર પૂર્વ કર્મ કેવા હશે ? એની પાછળ કેવાં દુષ્કૃત્ય કર્યાં હશે ! એનાં ફળરૂપે જો એવાં લાભાંતરાયાદિ કર્મ ઊભાં થાય, તો સાથે એ દુષ્કૃત્યમાં ભળેલા કષાયોના સંસ્કાર પણ ઊભાં થાય જ ને ? એ સંસ્કાર શું છે ? એ પણ એવાં મોહનીયકર્મ. એનું પરિણામ શું ? આ જ કે એક બાજુ પેલા અંતરાયકર્મ ઉદયમાં આવે ત્યારે બીજી બાજુ આ કષાયમોહનીયકર્મ પણ સાથોસાથ ઉદયમાં આવે. એટલે એક બાજુ ધનના લાભનો અંતરાય અર્થાત્ દરિદ્રતા, અને બીજી બાજુ કષાયનું જોર. આમ દુષ્કૃત્યસેવનનો બેવડો માર પડે છે, દુઃખ અને પાપિષ્ઠતા.

**કલહખોર ન થવું હોય તો ક્રોધને દાબો :-**

સુશર્મદેવ બ્રાહ્મણ દરિદ્ર પણ હતો અને સાથે ચંડ પ્રકૃતિનો ક્રોધિષ્ઠ હતો. ક્રોધનો માર્યો એ કેટલીય વાર બીજાઓ સાથે ઝગડા કરતો. ક્રોધનું ફળ એજ આવે. ઝગડાખોર ન બનવું હોય તો મૂળમાં ક્રોધને જ દાબવો જોઈએ. એને જો ઊઠવા

દીધો તો એ પછી જપવા નહિ દે. એ તો ક્ષમા-સમતા-સૌમ્યતાના મન મજબૂત કરી, અભ્યાસ પાડવા જોઈએ, જેથી કલહ - ટંટાના પ્રસંગ ન ઊભા કરાય.

**પુત્ર ચંડસોમ :-**

આ બ્રાહ્મણને બે પુત્ર, એક પુત્રી. એમાં મોટો પુત્ર ભદ્રશર્મા નામ હતો. તે આ જ બાપનું ફરજંદ ને ? સાથે પોતાનાં એવાં કર્મ લઈને આવેલો તે બાળપણથી જ ભારે ગુસ્સાખોર, ચંચળ, અસહિષ્ણુ, ગર્વિષ્ઠ, નિષ્ઠુર-ભાષી અને નિષ્ઠુર હૃદયનો ! છોકરાઓ સાથે ખેલે ત્યાં એ નઠોરતા-ગર્વિષ્ઠતા અને અસહિષ્ણુતાથી એ બિચારાને પીટતો. એથી છોકરાઓએ એનું નામ ચંડસોમ પાડ્યું. એને એવા નામથી ક્યાં ગભરાવાનું કે શરમાવાનું હતું ? નફ્ફટને બેઆબરૂની પરવા નહિ. તે એ તો પોતાની ગુસ્સાખોરી, ગર્વિષ્ઠતા વગેરે અધમતાને અજમાવ્યે જ જતો.

આટલું છતાં કોક પુણ્ય લઈને આવ્યો હશે તે એને સુશીલ-સદ્ગુણી બ્રાહ્મણકન્યા પરણવા મળી. માબાપે એનાં લગ્ન કરી બીજા નાના પુત્ર-પુત્રીને એને સોંપ્યા; અને સારી રીતે સંભાળવા ભલામણ કરીને તીર્થયાત્રાએ નીકળી પડ્યા.

**આર્યદેશનો આ મહિમા કે** ખાસી ઉંમર સંસારના ખટલામાં ઘસરડ્યા પછી આત્માનું સુધારવા માટે સંસારથી નિવૃત્તિ લે, અને ભગવદ્ભજન પરોપકાર વગેરેમાં લાગે. તો પૂછો,

**પ્ર.-** એમાં 'સો ચૂહા માર કે બિલ્લી હજ કરનેકો ગઈ' જેવું ન થાય ?

**ઉ.-** ના, ત્યાં તો બિલાડીના દિલમાંથી ઉંદર મારવાનો ભાવ નથી ગયો. એટલે હજ કરવાની વાત દંભ છે. ત્યારે અહીં તો ઉંમર થતાં હવે સંસારનો પ્રપંચ ખોટો લાગે છે, માયાજાળ લાગે છે, એમાં જીવનની બરબાદી સમજાય છે, તેથી તીર્થયાત્રા ભગવદ્ભજન, સેવા, પરોપકાર, ઇંદ્રિયસંયમ, તપ વગેરેને કલ્યાણકર માની જીવનને સફળ કરનારા સમજી એને આદરે છે. પ્રશ્ન થાય,

**પ્ર.-** તો પછી 'સો ચૂહા મારકે' વાળી કહેવત નકામી છે ?

**ઉ.-** ના, એનો ભાવ એ છે કે

(૧) સમજદાર બનવા છતાં ય ખૂબ પાપો કરી લેવા ને પછી દુનિયાને દેખાડવા ધર્મ કરવા નીકળી પડવું એ અજ્ઞાનદશા છે.

(૨) અથવા, એક બાજુ પાપો કરવામાં બાકી ન રાખવી, ને બીજી બાજુ લોક જાણે એવી કોક ધર્મકરણી કરી નાખવી એ દંભ છે.

અથવા મામૂલી ધર્મ કરી માનવું કે 'મારાં પાપ આથી ધોવાતાં જાય છે, બસ પાપો કર્યે જવામાં વાંધો નહિ,' આ અજ્ઞાનદશા છે. કેમકે,

**ધર્મ કરવાનો છે તે પાપોને ઝેર માનીને.** પછી એવું બને કે કોઈને પહેલેથી



પાપ ઝેર તો લાગ્યા હોય, પરંતુ પોતાની નિર્બળતાના યોગે પાપોને ફગાવી દેવાની તાકાત ન હોય, તે મોટી ઉંમરે વીર્યોલ્લાસ જાગે, તો ત્યાં એ વિરક્તભાવે સંસાર ડહોળ્યા પછી પાપોને પડતાં મૂકી આત્મહિત સાધવા ઉજમાળ બને. ત્યારે કોઈને વળી પાપ પહેલેથી ઝેર લાગ્યાં ન હોય, છતાં મોટી ઉંમરે પાપોની વિટંબણા અનુભવવા પર એ ઝેર જેવાં લાગે, તો તેથી ત્યાં, રાચીને સંસાર ડહોળ્યા બાદ પણ હવે એ પાપોને ફગાવી દઈ આત્મહિત સાધવા ધર્મમાર્ગે સંચરે. એટલે આર્યદેશના વાતાવરણની આ ખૂબી કે છેવટે મોટી ઉંમરે પાપોને ઝેર જેવાં લગાડી જીવને એમાંથી ઊભો કરી દઈ ધર્મમાં જોડી દે. આ સૂચક છે, ધર્મ કરવાનો તે પાપને ઝેર માનીને કરવાનો.

**ઉપવાસ શા માટે ? ખાવું એ ખોટું** છે માટે, ખાવામાં બહુ પાપ કરીએ છીએ માટે ક્યારેક ક્યારેક પણ એ છોડી ઉપવાસ કરો, એમ થાય એટલે ઉપવાસ કેવી રીતે કરવાનો ? ખાવાનું પાપ ઝેર માનીને કરવાનો.

બોલો આ રીતે ઉપવાસ કરો છો ? જો ના, તો આજ વાંધો છે કે પછી પારણામાં લીલાલહેર લાગે છે. પાછો જ્યારે ઉપવાસ કરવાનો આવે ત્યારે ઉપવાસ એટલી હોંશથી નથી થતો જેટલી હોંશથી ખાવાનું થતું હોય. એટલે જ ઉપવાસને દહાડે કરમાઈ ગયા જેવા થવાય છે, ને ખાવાને દહાડે પ્રફુલ્લિત થયા જેવા બનાય છે.

ઉપવાસમાં કરમાવાનું ?

**ખાવું એ તો પરઘરમાં જવા જેવું છે. ને ઉપવાસ એ પોતાના ઘેર આવવા સમાન છે.** પોતાના ઘેર આવવાનું હોય ત્યાં કરમાઈ જવાનું હોય ? કાણ-મોકાણે પરગામ જવાનું હોય છે ત્યાં પ્રફુલ્લિતતા નથી હોતી; પેલાના ઘરના આગ્રહપૂર્વક ચાહ-પાણી ભોજન ખાતાં આનંદ નથી હોતો. ખાવા માટે ત્યાં કાંઈ ચાર દિવસ હોંશથી વધારે રહેવાનું મન નથી થતું. એમ અહીં ખાવું એ પાપ છે, ને ખાનપાનના પુદ્ગલોરૂપી પરઘરે જવું એ શરીરને ત્યાં કાણમોકાણે જવા જેવું લાગતું હોય, શરીરને ભૂખ લાગી અગર જીભડીને ખરજવા જેવી ખણજ ઊઠી એટલે એની તૃપ્તિ, સ્વસ્થતા, આનંદરૂપી સગો મરી ગયો. એથી શરીરને ત્યાં કાણમોકાણ થઈ. હવે આત્માને આ પ્રસંગ આવ્યો કે પોતાના સંબંધી શરીરને ત્યાં કાણમોકાણ આવી; એટલે પરપુદ્ગલ પાસે જવું પડે છે. તો ત્યાં આનંદમંગળ શાનો ? એ તો કાણ પતાવીને છૂટ્યા માની ઊભા થવાનું. આ વિચારણા હોય તો,

**ઉપવાસના દિવસે 'આજે કાણે નથી જવાનું' એનો આનંદ હોય, પ્રફુલ્લિતતા હોય.**

આ તો કેવું છે કે ઉપવાસને દહાડે હજી તો સવારના દસ જ વાગ્યા હોય

છતાં મોઢું જાણે દિવેલ પીધા જેવું સુસ્ત, ઉદાસ ! કોઈ પૂછે 'કેમ ઢીલા ?' તો રોતડ જેવા ઢીલા શબ્દે કહેશે 'આજે મારે ઉપવાસ છે.' અરે ! અત્યારમાં આ શું ? આમે ય ખાવાના ચાલુ દિવસે કોક વાર એવા કામકાજમાં પડ્યા દસ વાગી જવા સુધી કાંઈ ખાધું પીધું નથી છતાં કોઈ સુસ્તી નથી. તો આજે કેમ ? કહો, ઉપવાસ એટલે 'આજે પ્રિય ખાવાનું નથી મળવાનું' એની કલ્પના માણસને મારે છે. ખાવું ખોટું ક્યાં લાગ્યું ? લાગ્યું હોય તો આજે એ પાપ ટળ્યાનો હરખ ન હોય ? વાત આ છે કે,

**પાપને ઝેર માન્યા વિના ધર્મ પર ખરો આદર નહિ ઊભો થાય.**

પાપની કિંમત ન અંકાય તો જ ધર્મની કિંમત અંકાય;

પાપ માલ વિનાનાં લાગે ત્યારે ધર્મ કિંમતી લાગે.

કરો કરો આ જીવનમાં આ ખાસ કરવા જેવું છે કે પાપોને ઝેર માનતા જઈએ, કિંમત વિનાના માનતા જઈએ; અને શક્ય પ્રમાણમાં પાપોનો ત્યાગ કરતા ચાલીએ. પછી જુઓ ભગવાન અને ધર્મ ખરેખરા મીઠાં લાગશે; જીવ એમાં ભળશે.

**ચંડસોમની પત્ની પર :-**

પેલા ચંડસોમના માતાપિતા જીવનના પાછલા ભાગમાં ઘરવાસના પાપખટલામાંથી છૂટવા તીર્થયાત્રાએ નીકળી પડ્યા. અહીં ચંડસોમ ઘરનો સુકાની બન્યો. એને માબાપે જે સુશીલ બ્રાહ્મણકન્યા નંદિની પરણાવી આપી છે તેને ચંડસોમની તેવી કાંઈ સુખી સ્થિતિ નહિ એટલે એવાં સારા ભોજન મળતાં નથી કે અંગ લુષ્ટપુષ્ટ બને. તેમ એવી જાતના શોભા આપે એવાં વસ્ત્ર અલંકાર પણ મળતા નથી કે એ જેથી સુશોભિત વેશ પણ કરી શકે. એમ એવા કોઈ રંગવિલાસ પણ ઉડાવવાના છે નહિ. આમ છતાં એનાં મોં પર એવું લાવણ્ય તરવરી રહ્યું છે કે એ ગામના જુવાનિયાઓની આંખોનો શિકાર બની જાય છે. પેલી બિચારી કાંઈક કામે બહાર જાય કે યુવાન પુરુષો એની સામે ને સામે આંખો તાકતા ફરે છે. પોતે સુશીલ છે એટલે સામે એ જોતી નથી, પરપુરુષ પર દૃષ્ટિ નહિ, છતાં જુવાનિયાની આ એના ઉપર દૃષ્ટિની ફેંકાફેંક અને દર્શનથી મલકાટ જોતાં ચંડસોમ અકળાઈ ઊઠે છે. એને પત્નીના ઉપર ઈર્ષ્યા-અસૂયા જાગે છે.

**પુણ્યની વિચિત્રતા :-**

છે વાંક આમાં કાંઈ પત્નીનો ? પણ નબળો માટી બૈયર પર શૂરો. ચંડસોમ પોતે પેલા જુવાનિયાઓને અટકાવી શકતો નથી, ઝાડી શકતો નથી, એટલે પત્ની પર બળે છે. બિચારીનો બીજો કશો વાંક નહિ; પણ એને આવું લાવણ્ય કેમ મળ્યું ? એજ એનો ગુનો, તે પતિના પ્રેમને સૂકવી નાખનાર બળાપો ઊભો કરે. આવું લાવણ્ય મળવાનું પુણ્ય કઈ જાતનું ? પાપાનુબંધી પુણ્યમાં તો એવું કે એ



પોતાના ભોગવનાર જીવને જ એના પર પાપ કરાવે. પણ અહીં સ્ત્રી પોતે સુશીલ છે, પવિત્ર જીવન જીવનારી છે, ને એને પતિ તરફથી બળાપો મળે છે. એ બળાપાનાં નિમિત્તભૂત એનું લાવણ્યપુણ્ય એ બીજા પાપનાં મિશ્રણવાળું ગણાય.

જીવ આ જીવનમાં કેટલાંક પુણ્ય લઈને આવે છે, પણ સાથે એવાં પાપ-અશુભકર્મ પણ લઈને આવે છે, કે એ ય એનો ભાવ ભજવતા જાય. એટલે પેલા પુણ્યથી એકાંત સુખની સ્થિતિ ન હોય; સાથે દુઃખ ભેગું મળે.

**પુણ્યમાં પાપનાં મિશ્રણ કેમ ? :-**

આ બાઈ પાસે એવા દૌર્ભાગ્ય નામ કર્મ છે કે એથી એને પતિ તરફથી બળાપો મળે. આવાં અશુભ કર્મને ઉપાર્જાવનાર કોણ છે ? હૈયાના કલુષિત ભાવ, અને બાહ્ય તેવી પ્રવૃત્તિ. જીવ એક બાજુ ધર્મ કરે, તપસ્યા કરે, એટલે એક બાજુ પુણ્ય તો ઊભું થાય; પણ બીજી બાજુ એના જીવનમાં પાપપ્રવૃત્તિઓ, અનુચિત બોલ, અને હૃદયમાં ચીકણા રાગદ્વેષના સંક્લેશ રહ્યા કરતા હોય એથી અશુભ કર્મ પણ સાથે સાથે બંધાતા જાય એમાં ય કર્મબંધનું અંતિમ કારણ તો હૈયાના ભાવ. એ સારા નહિ એટલે આત્મામાં કર્મકચરો વધે. પછી બીજી બાજુ ક્યારેક સારા ભાવે કરેલ સુકૃતથી પુણ્ય ઊભું થાય, એ આગળ ઉપર સુખ દેખાડે, પણ આ કચરો પોતાનું ફળ પીડા પણ ઊભી કરે જ.

નંદિનીને બહારનાઓ તરફથી આંખોનાં આક્રમણ અને ઘરમાં પતિ તરફથી બળાપો, આમ બેવડો માર મળે છે.

ખેર ! એ તો એનાં કર્મે મળે છે, પણ એમાં પતિ જે ઈર્ષ્યા કરી રહ્યો છે એ પતિનો વાંક ખરો કે નહિ ?

અલબત્ત ખરો.

એમાં પતિનો શો વાંક ! એને બળતરા તો પત્નીનાં કર્મ કરાવે છે ને ?

**આપણા પર બીજાને દ્વેષ આપણાં જ કર્મે ? :-**

ના, એકાંત નથી કે એકલાં પેલીનાં કર્મ જ એમાં કારણભૂત હોય. એમાં પતિની પોતાની પણ ખરાબ આત્મદશા સૂચવે છે. માટે જ પત્નીને આવો પતિ મળવાના ભાગ્યમાં એક હિસ્સો પત્નીના સંસારસુખ દેનાર પુણ્યનો અને બીજો હિસ્સો આવી ખરાબ આત્મદશાવાળો પતિ આપનાર પત્નીના જ પાપનો. એમાં એ આવ્યું કે પતિ જે એવી ખરાબ આત્મદશાવાળો છે એ આ પત્નીનાં કર્મે નહિ, પણ એ તો પતિની પોતાની સ્વતંત્ર સ્થિતિએ; પોતાનાં જ પાપે, અને વધારામાં અહીંના અસત્ પુરુષાર્થે.

**જીવ જીવનાં કર્મ જુદાં :-**

દરેક જીવનાં પોતાનાં કર્મ અને સંસ્કાર જુદા જુદા છે કે નહિ ? છે જ. એમ પુરુષાર્થ પણ અલગ અલગ રહેવાના. આ જ હિસાબે અહીં પતિ ચંડસોમ પત્ની પર જે ઇર્ષ્યાળુ બને છે તે પોતાની જ કર્મ-સંસ્કારની મૂડી અને પુરુષાર્થના હિસાબે.

**કર્મ છતાં સમજથી બચાય :-**

આ પરથી આપણને શીખવા મળે છે કે આપણને તેવાં તેવાં બહારનાં નિમિત્તોને લીધે ગુસ્સો, અભિમાન, રોફ, રોષ વગેરે જાગતા હોય તો મુખ્યપણે આપણા પોતાનાં જ કર્મ-સંસ્કારના કારણે. પણ જો એ સમજી જઈને એ ગુસ્સા વગેરે પર બાહ્ય ઉધામો કરવાનો પુરુષાર્થ ન કરીએ તો બચીએ. બાકી એ કલુષિત ભાવો જાગવા પર ઊંધું વેતરતા હોઈએ, અને ખોટા વિચારો કરતા હોઈએ તો તે આપણા જ અસત્ પુરુષાર્થના વાંકે.

**આપણા ગુસ્સામાં સામાનો દોષ કેમ નહિ ?** એટલા જ માટે કે જે પ્રસંગમાં આપણે ગુસ્સો કરીએ છીએ તેવા કે તેથી પણ ઉગ્ર પ્રસંગમાં વિચારક ઉત્તમ પુરુષ ક્ષમા-સમતા ને કરુણા ધારણ કરે છે ને ? જો સામા નિમિત્તના જ આધારે બધું બનતું હોય તો એમને ગુસ્સો કેમ ન આવે ? એ શી રીતે ક્ષમાશીલ રહી શકે ? એટલે ખરી વાત આ છે કે

**આપણા કલુષિત ભાવ એ આપણી જ કર્મ-સંસ્કારની મૂડીના હિસાબે જ છે.**

અલબત એના પર વળી ખોટા વિચાર, એલફેલ વાણી-બબડાટ અને તેવી તેવી અસત્ પ્રવૃત્તિના પુરુષાર્થ કરીએ એટલે વધુ બગાડીએ છીએ. કિન્તુ એ પણ બગાડો મુખ્યતયા સામાનાં નિમિત્તનો નહિ, કિન્તુ **બગાડો આપણી પોતાની અધમ આત્મદશાના ઘરનો છે.**

**જીવનઢંગનો આધાર કોના પર ?**

એટલે આપણા એવા જીવનઢંગ માટે આપણી સારી-ખરાબ આત્મદશા જ ખાસ જવાબદાર છે. આપણે બહાનું કાઢીએ કે 'શું કરીએ, અમને માણસ ખરાબ મળ્યા છે એટલે અમારે ગુસ્સો કરવો પડે છે.' પરંતુ ત્યાં આપણે આપણી આત્મદશા કેવી છે એનો વિચાર નથી કરતા અગર 'ના, એ તો સારી છે' એવા ભ્રમમાં રહીએ છીએ. આપણે આમ ને આમ આત્મદશા અંગે અજ્ઞાન કે ભ્રમ રાખ્યા કરીએ તો પછી એને સુધારવા માટે વિચાર જ ક્યાં કરવાનો ?

**આત્મદશા સુધરે ખરી ?**

આત્માની દશા ખરાબ હોય ને એથી વાતવાતમાં ગુસ્સો કે અભિમાન, હરખ કે ઉદ્વેગ, લોભ ને મૂર્ચ્છા આવ્યા કરતા હોય, છતાં એવું નથી કે 'ભાઈ, એ તો જેવાં આપણા પૂર્વનાં કર્મ ને સંસ્કાર, એવી દશા રહ્યા કરે, એમાં આપણે



શું કરી શકીએ ?' ના, એવું નથી, પ્રયત્નથી એને સુધારી શકીએ છીએ. જો એવું ન હોત તો મોક્ષમાર્ગનું અસ્તિત્વ જ ન હોત, અને કોઈ જીવની સદ્‌ગતિ કે મોક્ષ થાત જ નહિ. કેમકે જીવે ભૂતકાળમાં તો ઊંધું ચીતર્યું છે, તેથી એવાં ખરાબ જ કર્મ ને કુસંસ્કાર લઈને આવ્યો છે એટલે, એના પર આત્મદશા ખરાબ જ રહ્યા કરત. એથી પાછાં નવાં કર્મ અને સંસ્કાર ખરાબ જ રહેવાના; એના પર એવી જ આત્મદશા ખરાબ જ રહ્યા કરત. એથી પાછાં નવાં કર્મ અને સંસ્કાર ખરાબ જ રહેવાના; એના પર એવી જ આત્મદશા ચાલત. એમ જો એને સુધારી શકવાની સ્થિતિ જ ન હોય તો સદ્‌ગતિ શી રીતે થાય, ને મોક્ષ તો થાય જ શાનો ?

ચંડકૌશિક સાપ અધમ આત્મદશા લઈને આવેલો હતો. તો મહાવીર પ્રભુનાં દર્શન અને વાણીએ પણ એ દશા શી રીતે કરી શકે ? છતાં ફરી છે એ હકીકત છે. તો જ એ દુર્ગતિના રવાડે ચડી જવાને બદલે ઊંચી દેવની સદ્‌ગતિ પામ્યો છે. આપણે બહાનાં કાઢીએ છીએ કે શું કરીએ, અમારી આત્મદશા જ ભૂંડી હોય ત્યાં તેવાં તેવાં નિમિત્ત મળતાં અમે બગડીએ નહિ તો શું થાય ? પરંતુ અહીં વિવેક સમજવા જેવો છે.

**ખરાબ આત્મદશામાં બે તત્ત્વ કામ કરે છે;** એક તો આપણાં પોતાનાં પૂર્વ અશુભ કર્મ અને બીજો આપણો એના પર અસત્ પુરુષાર્થ. દા.ત. પૂર્વેથી ક્રોધ મોહનીય કર્મ લઈ આવ્યા છીએ એ નિમિત્ત પામી ઉદયમાં આવે એટલે અંતરમાં ક્રોધની આગ સળગે. પછી એના પર બહાર આંખ ચડાવાય, બડબડાટ ને ધમધમાટ કરાય, એ અસત્ પુરુષાર્થ કર્યો કહેવાય. આ બે ભેગા થઈ અધમ આત્મદશા ઊભી કરે છે. અહીં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે

**અસત્ પુરુષાર્થ એ કોઈ કર્મના ઉદયનું કાર્ય નથી.** એ તો આત્મામાં જેમ કર્મ છે, જેમ જ્ઞાન-દર્શનનો ઉપયોગ છે, એમ મન-વચન-કાયાનો યોગ પણ છે, યોગપ્રેરક વીર્યસ્ફુરણ છે. એ સત્ ફોરવવું કે અસત્ એમાં જીવની પોતાની મુખત્યારી છે. વિવેકી જીવ સદ્ વીર્ય ફોરવી સત્ યોગ જગાવશે, ને અવિવેકી અસત્ વીર્યની ફોરવણી કરી અસત્ યોગમાં પડશે. તાત્પર્ય, જીવ પુરુષાર્થ બાબતમાં સ્વતંત્ર છે. તેથી જ જીવોમાં વિચિત્રતા દેખાય છે કે કેટલાક જીવ નાના કષાય-પ્રસંગે બહાર મોટો ધમધમાટ કરે છે, ત્યારે કેટલાક વળી મોટા કષાયપ્રસંગે ય બહાર થોડો ધમધમાટ કરે છે. અંતરમાં કેટલા પ્રમાણમાં ઊકળાટ ઊઠ્યો એની પોતાને તો ખબર પડે છે ને ? હવે એના પર વિચારણા અને બહાર મુખમુદ્રા, વાણીવિલાસ વગેરે કેવા કરવા છે તે પોતાના હાથની વાત છે એ જેવા કરે એવો યોગ ઊભો થયો.

**કર્મના ઉદયમાં જીવે આ અસત્ યોગની સહાય દીધી એટલે એ જીવ મરેલો પડ્યો.** એની આત્મદશા પૂર્વે બગડેલી હતી તે અહીં વધુ બગાડી. દૂરથી પરસ્ત્રી દેખાતાં અંતરમાં રાગનો વિકાર ઊઠ્યો એ કર્મોદય; પરંતુ પછી એની સામે તાકીને જોવાનો પુરુષાર્થ કર્યો તો એવા અસત્ યોગના મિલાનથી આત્મદશા ભૂંડી થવાની. અનીતિ-અન્યાયથી પૈસા લેવાનું મન થયું તો એ અશુભ કર્મનો ઉદય થયો; કિન્તુ હવે એ કેમ મેળવવા એની યોજનાના વિચારમાં પડ્યા, આગળ પ્રવૃત્તિ કરી, તો એ એને અસત્ યોગની સહાય દીધી ત્યાં મોત ! આત્મદશા બગડી. મદ કે ઈર્ષ્યા યા ક્રોધનો ભાવ કર્મના ઉદયે જાગ્યો, છતાં જો એના પર મેલી વિચારણા કરવા માંડી તો એ એને અસત્ મનોયોગની મદદ આપી, તેથી આત્મદશા વધુ બગડી. માટે એથી બચવા આ જ કરવાનું છે કે આપણે એવા દુષ્ટ ભાવ જગાડનારા અશુભ કર્મોદયની સામે સત્ યોગ ઊભો કરવાનો છે. એ સત્ યોગ એટલે સારી શાસ્ત્રીય રીતની વિચારણા, ક્ષમા-વૈરાગ્યાદિના બોલ, અને તેવી શુભ પ્રવૃત્તિ.

**પ્ર.**- આ બધું ય સાચું, પણ નિમિત્ત જ ખરાબ મળે ત્યાં શી રીતે બચાય ?

ઉ.- આ તમે એકલા જ કહો છો ? ઘણા લોકો એમ કહે છે કે 'અમારે તો ઘણું ય સારા રહેવું હોય, પરંતુ અમને નિમિત્ત ખોટાં મળે છે ત્યાં શું થાય ?' પરંતુ વિચારો કે ચંડકોશિક સાપને પ્રભુ મહાવીરદેવનું નિમિત્ત કેટલું બધું ઉમદા મળ્યું છે ? મહાવીર ભગવાન જેવા ધ્યાનમાં ઊભા છે ! અને દર્શન આપી રહ્યા છે ! હવે અહીં ચંડકૌશિક સાપ બહાનું કાઢે કે 'શું કરું મારે તો ઘણી ય શાંતિ રાખવી હોય, પરંતુ આ કોઈ મારી સામે મારા સીમાડામાં આવીને હઠ કરીને ઊભા રહે એટલે ગુસ્સો ચડે ને ?' તો આ એનું બહાનું કેટલું બધું પોકળ છે ? 'અલ્યા ! જો તો ખરો કે તારા આંગણે આ કેવી પરમ દયાળુ દિવ્ય વિભૂતિ આવી ઊભી છે !' એના આનંદને બદલે ઈર્ષ્યા કરવી છે ? એમ તો ઈર્ષ્યાળુની સામે કેઈ સારા માણસ હોઈ, એથી પેલાને ઈર્ષ્યા સળગ્યા કરે. એટલે એ સજ્જનોનો વાંક ? સારા માણસો ગુનેગાર ?

**પ્ર.**- પણ ગુનેગાર એનાં કર્મ તો ખરાં જ ને ?

ઉ.- એટલે ? પછી એમાં એ ખરાબ તેથી આત્મદશા ખરાબ જ ચાલ્યા કરે ? એમાં સુધારો જ ન થઈ શકે એમ ને ? તો તો પછી ચંડકૌશિક કેમ સુધરત ?

**ચંડકોશિકનો ધીખતો પુરુષાર્થ :-**



માટે કહો, એવું નથી. ખરાબ પણ આત્મદશા સુધારવી હોય તો પુરુષાર્થની દિશા ફેરવવાથી સુધરી શકે છે, ચંડકોશિકે એ કર્યું છે. મહાવીરપ્રભુનું વચન 'બુજ્ઝ બુજ્ઝ ચંડકોશિયા,' એ પામીને સત્ પુરુષાર્થ જગાવ્યો, ધ્યાન દીધું કે 'આ શું કહે છે ?' એના પર જાતિસ્મરણ જ્ઞાને પોતાની પૂર્વ ખરાબી જોઈ. એ ઉપર કાળા પશ્ચાત્તાપનો પુરુષાર્થ જગાવ્યો; હવે એ ગુસ્સાની ખરાબી તોડી નાખવાના દૃઢ મનસૂબાનો પુરુષાર્થ જગાવ્યો, પ્રભુની સામે એનો સંકલ્પ કરવાનો અને દરમાં પાછા વળી શાંત પડી રહેવાનો તથા ક્ષમાભંડાર પ્રભુને જ નજર સામે રાખ્યા કરવાનો પુરુષાર્થ જગાવ્યો; સેંકડો હજારો કીડીઓએ એને ઘોર ચટકા મારી મારી વીંધી નાખવાના ઉપદ્રવને સહી લેવાનો, પોતાની કાયા અને સુખશીલતા સામેના કડક મનથી, સહર્ષ સહવાનો પુરુષાર્થ જગાવ્યો, તો આ બધા ધીખતા સત્ પુરુષાર્થથી આત્મદશા સુધારી નાખી ને મરીને દેવલોકની સદ્‌ગતિ પામ્યો. બસ,

**મુખ્ય લક્ષ્ય આત્મદશાના સુધારાનું :-**

**વીતરાગ પ્રભુનાં દર્શન-પૂજન-ગુણગાન સાધુસેવા-સત્સંગ-જિનવાણીનું શ્રવણ વગેરે સદ્ નિમિત્તો પામી પામીને આપણે આ કરવાનું છે કે આપણી આત્મદશા સુધારતા જઈએ.** તપ-જપ અનુષ્ઠાનો કરીને પણ આત્મદશાનો સુધારતા જવાનું કાર્ય કરવાનું છે. આ બધાં નિમિત્તોમાં વિચારસરણી જ એવી ચલાવ્યા કરવાની છે કે જે આપણી આંતરદશાને નિર્મળ બનાવતી આવે. પછી, શું ધર્મપ્રવૃત્તિ વખતે, કે શું બહાર વિચારસરણી અને વાણી સારી રાખ્યા કરવાની જાગૃતિ અને પુરુષાર્થ ચાલ્યા જ કરતા હોય; એટલે સહેજે ખરાબ પણ આત્મદશા સારી થતી આવે.

**આત્મદશા સુધારવી એટલે શું ?**

**પહેલા નંબરમાં આ, કે પાપો અને દોષો ઝેર જેવા લાગે.**

હૈયામાં એના પ્રત્યે હરખ નહિ, ઉદ્વેગ હોય; નિશ્ચિંતતા નહિ, ભય હોય, આ વસ્તુ વિવેકના ઘરની છે. વિવેક આવ્યો કે 'પાપોનો ત્યાગ સારો, પાપો ખોટાં; પાપો એ આત્માની શોભા નથી, સુંદરતા નથી, નાલેશી છે, ખરાબી છે,' આવી ઓળખ થઈ, પછી હજી કદાચ પાપો તરત છોડી દેવાનું ન બને, પરંતુ એના પર નફરત તો થવી જોઈએ ને ? દિલમાં એના ઉપર અભાવ તો થાય જ ને ?

**પાપોની વૃત્તિ ક્યારે અટકે ? :-**

આત્મદશા સુધરવામાં આ પહેલું જરૂરી છે, કેમકે હિંસાભર્યા આરંભ-સમારંભો -વિષયો-પરિગ્રહ ઇત્યાદિ પાપો અને કામ-ક્રોધ-લોભ-મદ-માયાદિ દોષો જ મૂળમાં ખરાબ નહિ લાગે એના પર અંતરમાં અભાવ નહિ હોય અને એના બદલે એ સરિયામ કર્તવ્ય લાગશે. સારા લાગશે, એમાં કશો જ વાંધો નહિ લાગે, તો પછી

એ બેફામ રીતે કરવાની વૃત્તિ ક્યાંથી અટકવાની ? એની પાછળ વૈર-વિરોધ-ઈર્ષ્યા સ્વાર્થાંધતા વગેરે પૂરા આચરવાની કનિષ્ઠ વૃત્તિ ક્યાંથી જવાની હતી ? એવી હલકટ આત્મદશા તો આપણે અનંતા કાળથી રાખતા જ આવ્યા છીએ; ને વર્તમાનમાં અનાર્ય-મ્લેચ્છ માણસો, ઢેડભંગી અને અધમ જનો, તથા પશુઓ-પક્ષીઓ પણ રાખતા દેખાય છે. તો આપણે પણ એ રાખીને આ સુંદર ધર્મશાસન સાથે ઉચ્ચ માનવ અવતાર પામ્યા પર શી વિશેષતા કરી ? આત્મદશા કઈ સુધારી ? ત્યારે શું એમ સમજો છો કે ધર્મ પણ બહારથી ક્રિયારૂપ કરી લીધો અને અંદરથી આત્મદશા ન સુધારી, તો કલ્યાણ થઈ જશે ? ભૂલા પડતા નહિ.

**આત્મદશાને સુધાર્યા વિના ઉદ્ધાર નથી. એ માટે પાપો-દોષોને ભયંકર માનવા જ જોઈએ.**

માનવજીવનમાં આત્મદશા સુધારવાનું તો એક મહાન કાર્ય છે, અવશ્ય કર્તવ્ય છે અને એ કરવાની સોનેરી તક અહીં મળી છે. જીવ જે ઊંચો આવે છે, ઉપર ઉપરના ગુણસ્થાનકે ચઢે છે, ઊંચી ઊંચી સાધનામાં આગળ વધે છે, એ બધું આત્મદશા સુધરવા પર, ને વિશેષ વિશેષ શુદ્ધ થવા પર, અભિમાન, આપમતિ, તૃષ્ણા, જડરાગ વગેરે ગલીચ લાગણીઓથી છૂટતો આવવા પર.

**પ્ર.-** પણ આત્મદશાની ગમ જ ન પડતી હોય તો ?

**ઉ.-** શું આપણે આ બધી અહંકારાદિની પકડ નથી જાણી શકતા ? આપણે સ્વસ્થ બેઠા હોઈએ અને એમાં કોક એવો વિચાર આવી જાય છે, કાંઈક યાદ આવી જાય છે, અગર સામે કોઈ પ્રસંગ બની આવે છે, ત્યાં અંતરમાં એ મેલી લાગણી ઊઠે છે. જોઈએ તો આપણને ખબર પડે છે કે આ લાગણી ઊઠી. એનાથી પકડાયા આપણે. ક્ષણ પહેલાં આપણે સ્વસ્થ બેઠા હતા, ને હવે એ કષાયનો ભાવ જાગ્યો, એ સમજાય એવું છે. એ જ આપણી આત્મદશાનું માપ, કે દશા ખરાબ.

**આત્મદશા સારી રાખવી હોય તો આ વિચારણા છે કે,**

'પહેલું તો આ ખરાબી છે' એવી સમજ મારે સદા જીવંત રાખવી જોઈએ. નિમિત્ત ગમે તે મળો, પ્રસંગ ગમે તે બનો, પણ એ પર કષાયના મેલા ભાવમાં મારે પકડાવાની શી જરૂર ? નિમિત્ત કે પ્રસંગ પર તટસ્થપણે વિચારી શકાય કે 'આ તો કોઈ કર્મના હિસાબે ઊભું થાય છે, યા કાળના પ્રભાવે યા ભાવીભાવના બળે બને છે, એના પર આપણી વિહ્વળતા શું કામ કરી શકવાની હતી ? આપણે આત્મદશા બગાડીએ તેટલા માત્રથી એના પર કોઈ અસર નથી પડવાની, એનાથી બચી શકવાના નથી. આપણને બાહ્ય નિમિત્ત કે પ્રસંગ અનિષ્ટ હાનિકારક લાગતો હોય તો આપણે શાંતિથી ત્યાંથી ખસી જવું એ ઉપાય ગણાય; પરંતુ અંતરમાં



ઉકળાટ શા માટે ? સામાને કહેવા જેવું લાગતું હોય તો શાંતિથી કહી દેવું. અરે ! એવા પ્રસંગમાં કડક શબ્દથી પણ કહેવાય, કિંતુ અંતરમાં સાવધ રહીને કે 'આપણી આત્મદશા આપણે ન બગાડીએ. જગતમાં બનનારું બને છે તે પાંચ કારણના હિસાબે. ત્યાં આપણે જાતે બગડવાની જરૂર નથી.'

**આત્મદશા કોણ બગાડે છે ? :-**

મુખ્ય વાત આટલી સમજી જ રાખવાની કે

**આપણે જ આપણી આત્મદશા બગાડીએ છીએ.** એને બગડતી અટકાવવી હોય તો અટકાવી શકીએ છીએ. બહારનાને, દોષ દેવા કરતાં જાતને ઓળખવાની જરૂર છે.

મહાવીર પ્રભુને જોઈને સંગમ દેવતા બગડ્યો તે શું બગાડો મહાવીર પ્રભુના કારણે થયો ? ના, એ તો એ દેવતાની આત્મદશા જ ભૂંડી હતી, અને એને એ ભૂંડાશની કોઈ ચિંતા નહોતી, તેથી એ બગડ્યો અને પ્રભુ પર જુલ્મ વરસાવ્યા. જો એના બગડવામાં ભગવાનને કારણ કહીએ તો તો એનો અર્થ એવો થાય કે જગતમાં સજ્જનો દુર્જનોને બગાડે છે, કેમકે એમની સજ્જનતાનું નિમિત્ત પામી દુર્જનો દ્વેષમાં ચડે છે, ઈર્ષ્યા-અસૂયા કરે છે, અનાડીપણું આચરે છે પણ આવું થોડું જ કહેવાય ? દુર્જનો જે બગડે છે તે તો પોતાની ખરાબ આત્મદશાના કારણે બગડતા હોય છે, એમાં સજ્જનોનો કોઈ વાંક ન ગણાય.

બસ, આ રીતે જાત માટે વિચારવાનું છે કે જગત તો ઘણું સારું છે; પણ આપણી આત્મદશા ભૂંડી છે, તેથી આપણે બગડીએ છીએ.

હવા ફેરફાર થાય છે ત્યારે શું બધા જ માણસો માંદા પડે છે ? ના, જેનાં શરીર દૂબળાં હોય, જે એવા વખતે પણ ચાલુ પૂરો આહાર લેતા હોય, યા ભારે પદાર્થો આરોગતા હોય, એના પર એ હવાનો ફેરફાર કામ કરી જાય છે. એટલે મૂળમાં મુખ્યપણે પોતાની સ્થિતિ જ બગાડામાં જવાબદાર છે.

**પ્ર.- તો શું નિમિત્ત એ કારણ નથી ? :-**

**ઉ.-** કારણ હો, પરંતુ માણસે બચવું હોય તો શાના પર દૃષ્ટિ રાખીને બચાય, એ વિચારો. જો એકલું નિમિત્તને જ દોષ દીધા કરશે અને પોતાની સ્થિતિ નહિ સુધારે તો પછી વગર નિમિત્તે ય બગડવાનો. ખરાબ સ્થિતિ એટલે કે ખરાબ હોજરી અને ખાઉકલા સ્વભાવની ખરાબીના જ હિસાબે. તો પછી હવા ફેરફાર નહિ હોય તો ય ખાઈ ખાઈને તબીયત બગાડવાનો. એટલે નિમિત્ત એ કારણ હોવાની ના નથી, એટલે તો ખરાબ નિમિત્તોથી આઘા જ રહેવાનું છે. પરંતુ પોતાની ખરાબીનો વિચાર પણ પહેલો જોઈએ એટલે જ એ ખરાબી પર હલકાં નિમિત્તોથી

ભડકવાનું છે. એવું જ આત્મદશા માટે છે કે પોતાની આત્મદશાની ખરાબી ખૂબ લક્ષમાં રહેવી જોઈએ. મોટો દોષ એને જ દેવો જોઈએ કે જગત ખરાબ નથી. હું જાતે ખરાબ છું. તેથી બગડું છું. અલબત આપણે સમજતા હોઈએ કે 'આપણે કાંઈક સુધારો પ્રાપ્ત તો કર્યો છે પરંતુ એવી નિર્બળતાવાળા છીએ કે ખરાબ નિમિત્ત મળવા પર આપણો સુધારો આવરાઈ જાય, આપણે ખરાબી ઊભી કરીએ,' તો એ સમજીને ખરાબ નિમિત્તથી આઘા ને આઘા રહેવું જોઈએ.

દા.ત. આરોગ્યના નિયમ જાણ્યા, પોતાના આરોગ્યની તમન્ના પણ જાગી, કિન્તુ પ્રલોભનોમાં બચાય એવું મનોબળ નથી, તો બહેતર છે કે એવાં પ્રલોભનથી આઘા જ રહેવું. એવી બાધા-નિયમ જ રાખી લેવા કે 'મારે આ વસ્તુ ત્યાગ. અગર આટલા પ્રમાણથી અધિકનો ત્યાગ. પછી એવો નિયમ વરસ કે મહિના માટે ન બન્યો તો છેવટે આજના દિવસ માટે, અગર સામે આવેલા પ્રસંગ પૂરતો નિયમ. એમ પ્રલોભનથી બચાય તો નબળું મન ફસાઈ ન પડે.

એવું જ સદાચાર-બ્રહ્મચર્યની વૃત્તિ ટકાવવા માટે સમજવાનું છે. આપણે કોઈ સ્થૂલભદ્ર જેવા પાકા મનોબળિયા નથી એ જાત માટે સમજી શકીએ છીએ. સદાચાર ગમે છે, બ્રહ્મચર્ય ગમે છે, છતાં મનોબળ એવું મજબૂત નથી કે પ્રલોભક સંયોગમાં દૃષ્ટિ ય ઊંચી ન થાય, ને રૂપ વગેરેનો લેશમાત્ર વિચાર પણ ન જાગે. આવી નિર્બળ મનવાળી આપણી આત્મદશાનો ખ્યાલ સ્ત્રીદર્શન, સ્ત્રીના વિચાર, મોહક શ્રવણ કે મોહક વાંચનથી આઘા જ રહેવું જોઈએ. આપણી વૃત્તિ ભલે ખરાબ નથી પણ એના ભરોસે પ્રલોભક સંયોગમાં પડાય નહિ; કેમકે **વૃત્તિની આત્મદશા સારી હોવા છતા મનોબળની આત્મદશા એવી સારી નથી માટે એને તેવા સંયોગ નહિ આપવા.**

**મનોબળની આત્મદશા સુધારવા આ પણ** એક ઉપાય છે કે ખરાબ સંયોગો ને પ્રલોભક નિમિત્તોથી આઘા ને આઘા રહેવું; જેથી વિચારસરણી સારી ચાલ્યા કરે અને કુસંસ્કારો ભૂંસાતા આવે, ખરાબ સંયોગો ને નિમિત્તોમાં રહેવાથી તો નબળા મનના હિસાબે વિચારો અશુભ આવ્યા કરે, ને તેથી મન વધુ નબળું પડતું જાય. એટલે ત્યાં અખતરા ન કરાય. એ તો વિચારસરણી સારી ને સારી રાખ્યા કરીએ તો મનોબળ વધતું આવે. મનની આત્મદશા સુધરતી આવે.

વાત આ છે કે બગડવા-સુધરવામાં આપણી આત્મદશા બહુ જવાબદાર છે. પેલા ચંડસોમની બિચારાની આત્મદશા જ ઈર્ષ્યાભરી છે એટલે પોતાની રૂપાળી પત્ની સુશીલ હોવા છતાં ગામના જુવાનિયાઓ એના પર તાકીને જુએ છે એથી ચંડસોમ પત્ની પર બળે છે. પત્નીનો વાંક ખરો ? રૂપાળી છે એ વાંક ગણાય ?



તો પોતે પાણી ભરવા કરવા બહાર જાય ને કામી માણસો એના પર તાકે એમાં એનો વાંક ગણાય ? ના, છતાં ચંડસોમ કોના વાંકે એના પર બળે છે ? જુવાનિયા વાંકા છે તો જુવાનિયાની ઉપર બળતરા થાય, પરંતુ પત્ની પર બળવાનું કારણ ? કહો, એમાં તો ચંડસોમની આત્મદશા જ કારણભૂત છે. પોતાનો ઝેરિલો સ્વભાવ જ પોતાને બાળી રહ્યો છે.

## • કુપુરુષનાં ૪ લક્ષણ •

'કુવલયમાળા'કાર અહીં કહે છે,

**'अत्थाणऽभिनिवेसो, ईसा, तह मच्छरं गुण-समिद्धे ।**
**अत्ताणंमि पसंसा, कुपुरिस-मग्गो फुडो एसो ॥'**

**અર્થાત્ (૧) અસ્થાને અભિનિવેશ-દુરાગ્રહ-હઠાગ્રહ, (૨) ઈર્ષ્યા, (૩) ગુણસમૃદ્ધ પુરુષ પર માત્સર્ય, અને (૪) આત્મપ્રશંસા, એ સ્પષ્ટ કુપુરુષનો માર્ગ છે.**

ખરાબ માણસનાં આ ચાર લક્ષણ છે. પછી ભલે એમાંનું એક પણ હોય, તો ય તે કુપુરુષતા છે, સત્પુરુષતા નહિ,

## • અભિનિવેશ •

**(૧) પહેલું અસ્થાને અભિનિવેશ :-** એટલે કે જ્યાં મમત કરવા જેવી ન હોય પકડ ન રાખવા જેવી હોય, હઠાગ્રહ કરવા યોગ્ય નહિ, ત્યાં મમત-પકડ રાખે એ કુપુરુષતા.

(i) એવા કેટલાય ચીકણા વડેરાઓ હોય છે કે ઘર ચલાવતાં મામૂલી મામૂલી વાતની પકડ પકડી કુટુંબને લબડધક્કે લેતા હોય છે, ને તેથી એ કુટુંબીને અકારા થઈ પડે છે. ખરી રીતે ત્યાં મામૂલી વાતમાં એકવાર ઠપકો આપ્યો તો ચાર વાર જતું કરવું જોઈએ. પાછો ઠીક અવસર દેખાય તો શાંતિથી સમજાવાય પણ આ પાલવતું નથી એટલે બડબડ ઠોક્યે જવાય છે. એમાં કુટુંબીનો સદ્‌ભાવ ગુમાવે છે. આ અસ્થાને અભિનિવેશના લીધે છે.

(ii) એમ કેટલાકને કુટેવ હોય છે કે વાતચીત કરતાં કોઈ એવી બિનમહત્ત્વની વાત ઉપર પકડ પકડશે કે પછી એના પર ચોળીને ચીકણું કર્યા કરશે. આ અસ્થાન-અભિનિવેશ છે. એથી સામાની ઈતરાજી-અરુચિ ઊભી કરશે. પરંતુ એવા મતાગ્રહીઓને એની પરવા નથી હોતી. એ તો મનથી હોશિયારી માને છે કે 'આ હું સામાને કેવું સરસ ઠસાવી રહ્યો છું. અલ્યા પણ એ તો જો કે તારા બોલવા પર સામો રુચિથી કાન ધરે છે ? એના મોં પર ખુશખુશાલી દેખાય છે ? કે મોં ઠાવકું કરે છે ? ફરીથી એ તારી જોડે વાત વિચાર કરવા ઈચ્છે છે ? વાત કરવા

શાંતિથી બેસે છે ?' ના, એ કશું જોવું નથી, પોતાના મતાગ્રહમાં ચાલ્યા કરવું છે.

(iii) એમ, અસ્થાને અભિનિવેશ એટલે જે વાત વસ્તુ પર આપણો અધિકાર ન હોય, જે વસ્તુ જ્ઞાનિગમ્ય હોય, શાસ્ત્ર જુદી રીતે કહેતું-કરતું હોય, ત્યાં આપણી કલ્પના પર જુદો મદાર બાંધી એની પકડ રાખવી. શેઠ બહુ કમાતો હોય, પરંતુ નોકરે સમજી રાખવું જોઈએ કે હું મારા પગાર જેટલો અધિકારી, ત્યાં મમત ન કરાય કે 'શેઠ બહુ કમાય છે તો મને કેમ વધુ ન આપે ?'

એમ 'જીવો મોક્ષે જવા છતાં સંસાર ક્યારેય કેમ ખાલી નહિજ થવાનો ?' એ વસ્તુ જ્ઞાનિગમ્ય છે. ત્યાં મમત કરાય કે 'પણ કોઠીમાંથી દાણો કાઢતાં કાઢતાં એક દિ' તો ખાલી થાય જ ને ? એમ સંસાર કેમ ખાલી ન થાય ?' તો આ મમત ખોટી. ભાઈ ! એ તો જ્ઞાનિગમ્ય છે ? કે ખાલી ન જ થાય, શું કામ મમત રાખે ? જે વાત **અપરિમિત** ભૂતકાળમાં ન બની, એ હવે **પરિમિત** ભવિષ્યકાળમાં શી રીતે બને ? કાળની અને મોક્ષે જવાની આદિ છે ? ના, અનાદિથી એ ચાલે જ છે. તો એવા પાર વિનાના છેડા વિનાના કાળમાં ખાલી થવાનું ન બન્યું, એ કાંઈ સૂચવે છે ખરું કે નહિ ? એજ સૂચવે છે કે **'જીવો એટલા બધા અનંતાનંત છે કે પેલા અપરિમિત કાળને ય ટપી જાય માટે સંસાર કદી ખાલી નહિ થાય.'**

છતાંય બુદ્ધિમાં આ ન બેસતું હોય તો એને જ્ઞાનિગમ્ય, સર્વજ્ઞદષ્ટિ-સર્વકથિત સમજી 'સંસાર ખાલી થવો જ જોઈએ' એવો અભિનિવેશ કરવો રહેવા દે, મમત ન કર.

## • ભવિતવ્યતાનું રહસ્ય •

એવું જીવનો મોક્ષ અમુક કાળે નિયત છે એવું જ્ઞાની સર્વજ્ઞે પહેલેથી જોયું છે એટલે એવી જ નિયતિ-ભવિતવ્યતા જ્ઞાનીએ જોઈ છે, છતાં એમણે જ પાછો મોક્ષ માટે ધર્મ પુરુષાર્થ કરવાનું ફરમાવ્યું છે. કહ્યું છે જેટલો પ્રબળ પુરુષાર્થ રાખશો એટલા વહેલા મોક્ષે જશો. પુરુષાર્થમાં પાછા પડી પ્રમાદમાં પડશો તો સંસારમાં વધુ રખડશો' એમ કહ્યું છે ને ? કેમ ભાઈ ! એમને આમ કહેવાની શી જરૂર ? એ તો જાણે જ છે કે અમુક કાળે જ આ મોક્ષે જવાનો છે. પછી શું પ્રબળ ધર્મ પુરુષાર્થ કરવાથી વહેલો મોક્ષમાં જવાનો હતો ? છતાં કેમ એનો ઉપદેશ આપ્યો ? શા સારું મહાવીર પ્રભુ ગૌતમ મહારાજને કહેતા હતા કે **"સમયં ગોયમ ! મા પમાયએ, હે ગૌતમ એક સમયનો પણ પ્રમાદ ન કરીશ"** શું ભગવાન નથી જાણતા કે 'આ ગૌતમ આ જ ભવના અંતે નક્કી મોક્ષે જનાર છે ? જાણે જ છે. છતાં જ્યારે એવી અપેક્ષા રાખે છે કે ગૌતમ પ્રમાદ ન કરે, અને એ પ્રમાણે કહે છે, ત્યારે એની પાછળ કાંઈ રહસ્ય તો હોવું જ જોઈએ ને ?



રહસ્ય આ જ કે જ્ઞાની જે આ ભવને અંતે ગૌતમનો મોક્ષ નક્કી જુએ છે એ પોતાના ઉપદેશથી અને ગૌતમના અપ્રમાદના પુરુષાર્થથી જ મોક્ષ નક્કી જુએ છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૨૮,તા.૨૩-૩-૧૯૬૮**

**કર્મનો જેમ બંધ પ્રમાદથી થાય, એમ ક્ષય અપ્રમાદ રાખે તો** જ થાય. મોક્ષ એટલે સર્વકર્મક્ષય, એ અપ્રમાદથી જ થાય, અને અપ્રમાદ પુરુષાર્થથી સાધ્ય છે. કેમકે જીવને પ્રમાદનો અનંત અભ્યાસ છે. એટલે જીવ ચાહીને અપ્રમાદ રાખે તો જ બને. પોતાના પ્રયત્ન વિના કાંઈ ભવિતવ્યતા એ રખાવી ન દે, માટે એવા પ્રયત્નનો ઉપદેશ જ્ઞાની આપે છે.

**મોક્ષ નક્કી થવાની વસ્તુમાં પુરુષાર્થ-પ્રયત્ન કરવાની વસ્તુ ગર્ભિત સમાયેલી જ છે.**

**મોક્ષ માર્ગ કેમ ઉપદેશ્યો :-**

આ હિસાબે જ જ્ઞાનીઓનો સાચો મોક્ષમાર્ગ બતાવવાનો ઉપદેશ છે. નહિતર શું કામ એ બતાવે ? પણ એવો ઉપદેશ એ અપેક્ષાએ છે કે જીવો સાચા મોક્ષ માર્ગને નહિ જાણવાથી અજ્ઞાનમાં અટવાય છે. અસત્ પુરુષાર્થ કરે છે, ને સંસારમાં ભમતા રહી મોક્ષ પામી શકતા નથી. જો એમને આ જણાવવામાં આવે તો એ એનો પુરુષાર્થ કરે અને કર્મબંધનથી બચી કર્મનો ક્ષય કરીને મોક્ષે જાય. 'આ જો અપેક્ષા ન હોય તો યથાર્થ મોક્ષમાર્ગ પ્રભુએ બતાવવાનો કોઈ અર્થ નથી. મોક્ષમાર્ગના ઉપદેશની પાછળ જીવોને એનો પુરુષાર્થી બનાવવાની અપેક્ષા છે.

**ભાવી નિશ્ચિત છતાં પુરુષાર્થનો ઉપદેશ :-**

માટે તો જ્ઞાની પોતે જીવોનો મોક્ષ ચોક્કસ સમયે જાણવા છતાં કદી એમ કહેતા નથી કે 'તમારે નિશ્ચિત કાળેજ મોક્ષ થવાની, ભવિતવ્યતા છે, માટે પુરુષાર્થ કરો એ નકામો છે.' ના કદી આવું કહેતા નથી. અરે ! એ જુઓ કે કવચિત્ જવલ્લે કોકને મોક્ષ પામવાનો ચોક્કસ સમય કહે તો પણ એને પુરુષાર્થનો ઉપદેશ તો આપે જ છે. ગૌતમસ્વામી ખેદ કરતા હતા કે 'હેં ત્યારે મને કેવળજ્ઞાન નહિ ? મારો મોક્ષ નહિ ?' ત્યારે ભગવાને કહ્યું, 'ગૌતમ ! ખેદ ન કરીશ. આ ભવને અંતે જ તારો મોક્ષ છે. આપણે બે સરખા થઈશું.' આમ કહેનારા પ્રભુ પાછા એમને કહે છે **'સમયં ગોયમ મા પમાયએ.'** એટલે પુરુષાર્થ તો ચાલુ જ રાખવાનું કહે છે. એમ કોઈકને નિયત ભાવી બતાવી દે એ જુદી વસ્તુ, છતાં સર્વ સામાન્ય ઉપદેશ તો મોક્ષમાર્ગના ધીખતા પુરુષાર્થનો જ કરે છે, પણ અસત્ પુરુષાર્થ

કર્યા કરવાનો કે કે નિષ્ક્રિય થઈને બેસી રહેવાનો અને નિશ્ચિત્ત ભાવી ઉપર એટલે કે ભવિતવ્યતા ઉપર આધાર રાખવાનો નહિ. કારણ એક જ, કે એ નિશ્ચિતભાવી આ સત્પુરુષાર્થ ઉપર જ થવાનું જાણે છે.

**ભવિતવ્યતા એકલી કારણ નહિ :-**

એટલે, જ્ઞાનીઓનો સત્પુરુષાર્થનો ભરચક ઉપદેશ સૂચવે છે કે 'એકલી ભવિતવ્યતા હોતી ય નથી અને એ કશું કરી ય શકતી નથી. એ તો કાળ, સ્વભાવ, પુરુષાર્થ,' અને શુભકર્મપ્રેરિત સારાં નિમિત્ત કારણોને સાથે લઈને જ કામ કરે છે, માટે ભ્રમમાં તણાવા જેવું નથી કે 'ભવિતવ્યતા હશે એમ બનશે. જ્ઞાનીએ દીઠું થશે;' કેમકે જ્ઞાનીએ તો આ પણ દીઠું છે કે **'પુરુષાર્થ કરીને જ મોક્ષ થશે.'**

**પુરુષાર્થ કેમ એમ જ ન થાય ? :-**

**પ્ર.**- જ્ઞાનીઓએ દીઠો હશે ત્યારે પુરુષાર્થ પણ થઈ જ જશે ને ? ચાહીને આપણા મનથી પુરુષાર્થ કરવાનું શા માટે ?

**ઉ.**- પુરુષાર્થ વસ્તુને ઓળખવી ભૂલ્યા. પુરુષાર્થ એમજ થઈ જાય એવી વસ્તુ નથી. પુરુષાર્થ એમજ થઈ જતો હોય અને ચાહીને કરવાનો ન હોય, તો જ્ઞાનીએ એનો ઉપદેશ શા માટે કર્યો ? વિના ઉપદેશે શું એમના દીઠા મુજબ નહિ થઈ જાય.

**જ્ઞાનીએ સ્વયં જોવા ઉપરાંત ઉપદેશ પણ પુરુષાર્થ કરવાનો કર્યો છે એ જ સૂચવે છે કે એ પુરુષાર્થ એમ જ થઈ જવાની વસ્તુ નથી, પરંતુ ચાહીને કરવાની વસ્તુ છે.** માટે જ્ઞાનીએ દીઠા પ્રમાણે, ભવિતવ્યતા હશે તેમ બની જ આવશે એવો એકાંત અભિનિવેશ-દુરાગ્રહ રાખવાની જરૂર નથી. એ અસ્થાને અભિનિવેશ છે, અસ્થાન-અભિનિવેશ રાખવો એ કુપુરુષનો માર્ગ છે. સજ્જને તો એવા અભિનિવેશ છોડી જ્ઞાનીઓના અનુભવ અને ઉપદેશને અનુસરવું જોઈએ.

## • ઈર્ષ્યા •

(૨) **કુપુરુષતાનું બીજું લક્ષણ** ઈર્ષ્યા છે. ઈર્ષ્યા માણસને અધમ બનાવે છે. પણ એ બીજી બાજુ તપ, જપ, દયા, દાન વગેરે કરતો હોય તો ? તો શું ? એ ગુણો ભલે ઉત્તમતાના ઘરના હોય, પરંતુ ઈર્ષ્યા તો અધમતા લાવે જ. ને એ અધમતા કાંઈ ખાલી ન જાય, એ એનો ભાવ ભજવે જ. એ અહીં પણ દુઃખી કરે અને પરલોકમાં વળી ભારે અનર્થ કરે..

**ઈર્ષ્યાના અહીં નુકશાન :-** ઈર્ષ્યાને લીધે અહીં, (i) છતે ખાનપાનાદિની અનુકૂળતાએ પણ બળ્યા કરવાનું થાય; સંતાપ રહ્યા કરે; અને બીજું ગમે તેવું સુખ હોય, પણ સંતાપ એ જ દુઃખ.



(ii) એ ખાધાપીધાનું થતું લોહી પણ બાળે, તપાવે, ને તપેલું લોહી આગળ જઈને રોગ ઊભા કરે એ જુદું પાછું.

(iii) ઈર્ષ્યાના માર્યા સામાની ગુણ, સુકૃત અને ધર્મસાધનાની છતી અનુમોદનાય કરવાનું ન સૂઝે એટલે એ લાભ પણ નષ્ટ.

(iv) ઊલટું એમાં ય કોઈ ખામી જોવાનું મન થાય; ને એ ઝેરી સંસ્કાર નાખે.

(v) ઈર્ષ્યા સામાની નિંદા ય કરાવે; ને નિંદામાં પોતે જ દુર્જનતા વહોરે. વળી એ નિંદા જો પેલાના કાન પર પહોંચી તો એ દુશ્મન થાય, વિરોધી થાય; ને કદાચ એ અવસર આવ્યે આ નિંદકના ગેરલાભમાં ઊતરે, અગર સહાયક ન બને.

(vi) ઈર્ષ્યા ભૂંડી છે. એના વિચાર બહુ આવ્યા કરે. તેથી સદ્ વિચારણાનો સમય ખાઈ જાય. દેવ-ગુરુ-ધર્મની સેવામાં ચિત્ત ન લાગવા દે.

(vii) ઈર્ષ્યા કે નિંદા કરનારને ભાગ્યે જ લાગશે કે 'આ હું ખોટું કરું છું; એથી મારો કષાય પોષાય છે.' ઊલટું માનશે કહેશે કે 'આમાં ઈર્ષ્યા શાની કરી કહેવાય ? નિંદા શાની ? એમ તો મને એના માટે માન છે. બાકી આ તો હું હકીકત કહું છું.' શું છે આ ? ઈર્ષ્યા પર માયા; ને નિંદા પર સત્યકથનનો સિક્કો. આમાં સમ્યક્ત્વ ક્યાં રહે ? એ કષાય અનંતાનુબંધીનો થવાથી સમ્યક્ત્વનો નાશ કરે.

વિચારજો ઈર્ષ્યાનાં નુકસાન. આ તો અહીંનાં; પણ પરલોકનાં નુકસાનો પણ કેટલાં ને કેવાં ?

**ઈર્ષ્યાનાં પરલોકે નુકશાન :-**

(૧) ઈર્ષ્યા કરનારો માયા રમે છે એટલે સ્ત્રીવેદ નામનું કર્મ બાંધે છે, તિર્યંચગતિ ય બાંધે; સાથે ઈર્ષ્યા એ અશુભ ભાવ છે તેથી બીજા કેટલાંય અશુભ કર્મ બંધાય; જેમકે અશાતાવેદનીય, અપયશનામકર્મ, દૌર્ભાગ્યનામકર્મ, અનાદેયનામકર્મ, અશુભ વર્ણ-રસ-ગંધ-સ્પર્શ નામકર્મ, વગેરે. આ બધાનું ફળ વિચારજો, કે એ કર્મ ઉદયમાં આવીને શું શું પરખાવે ? કેવાં કેવાં દુઃખ આપે ?

(૨) એટલું જ નહિ, પણ વિશેષ નુકશાન તો એ કે ઈર્ષ્યાને લીધે જ મોહનીય કર્મની પ્રકૃતિઓ બંધાય અર્થાત્ કુસંસ્કાર ઊભા થાય, એ પાછા ભવાંતરમાં ઉદય પામીને જીવને પાપી બનાવે; પાપો સેવરાવે; તામસી કૃત્યો કરાવે.

**ઈર્ષ્યાળુ કુંતલારાણી :-**

જાણો છો ને પેલી કુંતલા રાણીને ? એણે શોક (સપત્ની) રાણી પર એની

જિનભક્તિના ઠાઠ અંગે ઈર્ષ્યા કર્યા કરી, તો મરીને કૂતરી થઈ; અને એ થયા પછી પણ એ જ શોકરાણી ઉપર ઈર્ષ્યાથી ભસભસ કરવા માંડ્યું. એ તો સારું થયું કે શોકરાણી ભલી હતી, તે જ્ઞાની મળવા પર દુઃખથી પૂછે છે કે 'ભગવંત ! પેલી બિચારી મારી બેન રાણી વહેલી ગુજરી ગઈ. તે મરીને ક્યાં ગઈ ?' ત્યારે જ્ઞાનીએ એને રાજગઢ બહાર ભસતી રહેલી એ કૂતરીની ઓળખાણ આપી; ને રાણીએ જઈને એને 'બોધ પામ, બોધ પામ કુંતલા ! સમજ સમજ કુંતલા !' એમ વારંવાર કહેતાં કૂતરીને જાતિસ્મરણ (પૂર્વ જન્મનું જ્ઞાન) થયું; ને બોધ પામી પાપનો પશ્ચાત્તાપ કરે છે; ને અનશન કરી સ્વર્ગે જાય છે. તે આ તો આવું નિમિત્ત મળ્યું તો એના આલંબને ઊગરી; તિર્યંચના ભવમાં પણ ઈર્ષ્યા વોસિરાવી, ફગાવી દીધી ને જાતનો ઉદ્ધાર કર્યો. પરંતુ આવું નિમિત્ત કેટલાને મળે ? માંડ લાખોએ એક નીકળે તો ? બાકી ઈર્ષ્યાથી પરલોકમાં મરવાનું છે. દુઃખો તો ભોગવો જ, પણ પાપો ય કરો, આનું પરિણામ ?

(૩) એ પાપો નવાં અશુભ કર્મ ઊભા કરવાનાં એથી હલકી ગતિ, દુઃખ અને પાપની પરંપરા ચાલવાની.

(૪) ત્યારે પરભવે એ દુર્ગતિ દુઃખો અને પાપરસમાં ધર્મ તો સૂઝે જ શાનો ? ધર્મ ખાતેથી ડિસ્મિસ.

બીજાનું સારું ખમાતું નથી, બળતરા થાય છે, બીજાને માનપાન મળતાં હોય એ જોઈને દિલ બળે છે, આપણને મળવાનો લાભ બીજો લઈ જાય છે એ જોઈ એના પર દ્વેષ-અરુચિ થાય છે, એ બધું ઈર્ષ્યા છે, અસૂયા છે, અસહિષ્ણુતા છે. એનાં પેલાં બધાં નુકશાન વિચારજો તો ઈર્ષ્યા ઝેરી નાગણથી પણ ભયંકર લાગશે. મનને એમ થાય કે એવી ગોઝારી ઈર્ષ્યા કરતાં પહેલાં નાગણ ડસી જાય તો એટલું બધું નુકશાન નહિ થાય, જે ઈર્ષ્યાથી થાય.

**સિંહગુફાવાસી મુનિ :-**

ઈર્ષ્યા તો એવી ભયાનક છે કે ઈર્ષ્યાના માર્યા કંઈ કરવા જવાય તો એમાંથી વળી નવા જ દોષ ને નવાં નુકશાન ઊભાં થાય. સિંહગુફાવાસી મુનિને શું થયું જાણો છો ને ? સ્થૂલભદ્રમુનિની ગુરુએ એમના કરતાં અધિક પ્રશંસા કરી એ ન ખમાઈ, ઈર્ષ્યા થઈ, તો ગુરુની આજ્ઞા નહિ છતાં સ્થૂલભદ્રજીનો ચાળો કરવા ગયા. પહોંચ્યા કોશા વેશ્યાની બેન ઉપકોશાને ત્યાં ચોમાસું કરવા, પણ એમનું એ ગજુ હતું ? ઉપકોશાના લાવણ્યમય દેહને જોઈ ઢીલાંઢસ ! તે કામવાસના ભભૂકી. વેશ્યા પાસે નિર્લજ્જ બની ભોગની માગણી કરે છે. પેલીય જબરી. શ્રાવિકા બનેલી કોશાની બેન છે ને ! પાછી આર્ય દેશની વેશ્યા; તે સાધુસંતનું આ કામ



નહિ એમ સમજનારી છે. એણે પૈસા માગ્યા.

સાધુ કહે 'હું પૈસા ક્યાંથી લાવું ?'

વેશ્યા કહે 'જાઓ નેપાલ દેશનો રાજા નવા આવેલા સંન્યાસીને રત્નકંબળ ભેટ આપે છે તે લઈ આવો.'

બસ, મુનિ ભર ચોમાસામાં ઊપડ્યા નેપાલ દેશમાં, ને રાજા પાસેથી રત્નકંબળ લઈ પોલા વાંસમાં ઘાલી પાછા ફરે છે. રસ્તામાં જંગલમાં લૂંટારા મળ્યા પૂછે છે' શું છે પાસે ?' આ જૂઠું બોલ્યા 'કાંઈ નથી આ ખાલી વાંસ છે.'

લૂંટારા છોડે ? વાંસ તપાસતાં કાંબળ નીકળી. હવે શું થાય ? મુનિ ગભરાયા કે 'હાય ! આ તો ધક્કો ય નકામો થાય, કાંબળ જાય, ને વેશ્યા ય ન માને' એટલે ચોરોને પગે પડ્યા, હકીકત કહી કાકલુદીભરી વિનંતિ કરી ચોરોને એક સંન્યાસી તરીકે આમના પર દયા આવી, કાંબળ આપી જતા કર્યા.

મુનિ આવ્યા વેશ્યા પાસે, હરખીને કાંબળ આપતાં કહે છે, 'લે બસ ? આ રત્નકંબળ ! હવે તો આનંદ કરાવીશ ને ?'

**મુનિને ઈર્ષ્યાવશ કેટલા દોષો :-**

વિચારો, ગણો એક ઈર્ષ્યા પાછળ ઊંધું વેતરણ કરવા નીકળ્યા તો કેટલા દોષોમાં પડ્યા ? (૧) ગુરુ-આજ્ઞાનો ભંગ, (૨) સાધુને અયોગ્ય વેશ્યાસ્થાને વાસ, (૩) કામવાસનાની ભભક, ને ભોગની ઈચ્છા, (૪) વેશ્યા આગળ દીનતા અને નિર્લજ્જ માગણી, (૫) ચોમાસામાં વરસતા વરસાદે પ્રવાસ જિનાજ્ઞાભંગને જીવ વિરાધના, (૬) રાજા પાસેથી રત્નકંબળનો પરિગ્રહ સ્વીકાર્યો, (૭) વાંસમાં છૂપાવાની માયા, (૮) ચોર આગળ અસત્ય ભાષણ, (૯) ચોરોને પ્રાર્થના, (૧૦) ત્યાંથી છૂટતાં આનંદ અને વેશ્યાના ભોગ મળવાની કલ્પનાનો અનહદ આનંદ

કેટલા દોષો ઊભા કર્યા ? આ તો વેશ્યાની સજ્જનતાએ આટલે અટક્યું; નહિતર વેશ્યા સેવનમાં ચારિત્રનો નાશ વગેરે કેટલાય ભયંકર બીજા દોષો ઊભા થાત. વેશ્યા ડાહી હતી તે રત્નકંબળ લઈ સીધી નાખી ગટરમાં.

મુનિ કહે 'હેં હેં ! આ તું શું કરે ? હું કેટલી મુશીબતે લાવ્યો, અને વળી આ કેટલી બધી કિંમતી તે તું ખાળમાં નાખે છે ?'

**વેશ્યાની હિતવાણી :-**

ત્યારે વેશ્યા કહે છે, 'મને કહો છો, પણ તમે શું કરી રહ્યા છો એ જોવું છે તમારે ? આ કેટલી મુશીબતે ગુરુથી પ્રાપ્ત કરેલ ચારિત્રરત્ન, અને તે પણ કિંમત ન આંકી શકાય એવું અમૂલ્ય ચારિત્ર, તે તમે આ મારી ગટર જેવી કાયામાં હોમવા તૈયાર થયા છો ? શરમ નથી આવતી તમને ? રત્નકંબળની તો શી કિંમત

બળી હતી ? ચારિત્રરત્ન તો જનમ-જનમની જંજાળનો નાશ કરી શાશ્વત મોક્ષનાં સામ્રાજ્ય અપાવે; સંસારની દુઃખદ દુર્ગતિઓનાં ભ્રમણ મિટાવે. ચારિત્ર એ તો દેવાંગનાઓ-અપ્સરાઓથી વિંટળાયેલા સમકિતી દેવો પણ ઝંખે. ગુરુએ કેટલી બધી અપરંપાર કરુણા કરી તમને આવું અણમોલ ચારિત્ર આપ્યું ? તેનો નાશ કરવા તૈયાર થયા છો ? શેની પાછળ ? મારી કાયા પાછળ ? શું ભર્યું છે મારી કાયામાં ? હાડ-માંસ-લોહી-મળ-મૂત્ર સિવાય છે કાંઈ સારું એમાં ! એનો પણ આનંદ કેટલા વખત માટે ? અમરપણું છે ? ને આ ચારિત્રનાશ, પ્રતિજ્ઞાભંગ અને કામભોગથી ક્યાં જવાનું એનો વિચાર છે ? નરકની પીડાઓની શું ખબર નથી ? અગ્નિ-ધીખતી લોઢાની પૂતળી ભેટતાં ને પરમાધામીનાં કામણ-કૂટણ-છેદન વગેરે સહતાં વેદના કેટલી ? ને કેટલા વરસો સુધી ? માટે સમજી જાઓ. મહાકિંમતી ચારિત્રનો નાશ ન કરો.'

મુનિ સાંભળીને થીજી ગયા; પોતાની દુર્દશા માટે આંખમાં આંસુ આવ્યાં, પસ્તાવાનો પાર નથી. વેશ્યાની માફી માગે છે, ને સીધા ગુરુ પાસે જઈ દોષની આલોચના-પ્રાયશ્ચિત્ત કરે છે.

ઈર્ષ્યાના મૂળ પાયા પર કેવું કરુણ નાટક સરજાયું ? આ તો એક ઢંગ. લોકજીવન જોવા જોઈએ તો બીજા કેટલીય જાતના દુઃખદ બનાવ જોવા મળે. માટે રટો,

**ઈર્ષ્યા મ કર જીવડા, ઈર્ષ્યા દારુણ દોષ;**
**ઈહલોક પરલોકે એ કરે, કેઈ અનર્થના પોષ. ઈ૦**
**ઈર્ષ્યા પ્રેર્યો જીવ વળી, કરે અજુગતાં કાર્ય,**
**એવા દોષ સેવે બહુ, બને આર્ય અનાર્ય, ઈ૦**

કુપુરુષતાનું આ બીજું લક્ષણ થયું, હવે ત્રીજા લક્ષણની વાત.

(૩) **કુમાનવનું ત્રીજું લક્ષણ છે ગુણ સમૃદ્ધ પુરુષ પ્રત્યે માત્સર્ય.** એ પણ માનવને કુમાનવ ઠરાવે છે, આ ઈર્ષ્યાને મળતો દોષ છે, પણ ફરક એ, કે પેલામાં અસહિષ્ણુતાનું જોર છે, ત્યારે આમાં હૃદયમાં ઝેર વરસે છે. કુમાનવને પોતાની જાતમાં દોષો ભર્યા રાખવા છે એટલે બિચારો બીજાના ગુણ ક્યાંથી સાંખી શકે ? એને તો એ ગુણવાન પર ઝેર જ વરસે. કૃપણ માણસ શું ઉદાર-દાનવીરને મીઠી નજરથી જોઈ શકે ?

**કૃપણની બળતરા :-**

મમ્મણ જેવો કોઈ માણસ એક દિવસ ઘરે આવી રાંક જેવો નિરાશ થઈને બેઠો. એની ઘરવાળી પૂછે છે 'કેમ આમ ઉદાસ ? શું થયું ? ચાલો જમવા.'

આ કહે છે, 'આજે ખાવું ભાવે એમ નથી.'



પેલી પૂછે 'પણ છે શું ? તબીયત બગડી છે ?'

કૃપણ કહે 'તબીયત ન બગડે ?'

'કેમ શાથી ? શું થયું ?'

આ કહે 'જોને પેલો એક શ્રીમંત કંઈક વધારે કમાયો હશે તે રૂપિયા ઉછાળવા મંડ્યો છે. લોકોને માળો કેવો મફતિયા દાનમાં ફોગટ પૈસા આપી દે છે. એ બાઈ આપણાથી કેમ જોયું જાય ! એ જોઈને મારી તો તબીયત જ બગડી ગઈ, ખાવાની રુચિ જ ઊડી ગઈ છે.'

શું છે આ ? ગુણીના ગુણ ઉપર માત્સર્ય, ખાર, ઝેર વરસે છે. છે એને લેવા દેવા ? કશી નહિ. પૈસા લેવા વાળા જુદા, દેવાવાળો જુદો. દેવાવાળાએ જાતે કમાઈ દેવા માંડ્યા. આમાં આ બળનારનું શું ગયું ? પણ કહેવત છે ને કે 'વરનારનું વરે અને હજામ પેટ કૂટે.' ઉદાર જમાડનારે બેને બદલે બાર ચીજ કરી હોય, લોકો હોંશથી એ જમતા હોય અને જમાડનારની ઉદારતાની પ્રશંસા કરતા હોય. પરંતુ બળતરાખોર માણસથી એ સહાય નહિ; એના મનમાં ઝેર વરસ્યા કરે, ને લવારો કરે 'જોયો મોટો ઉદાર; ઉડાઉ છે ઉડાઉ, શું બે ચીજથી ન ચાલે ?

એને કોણ કહે અલ્યા પણ તારું શું ગયું એણે બાર કરી તો ?'

ના, એ તો કહેશે 'મારું જાઓ કે ન જાઓ એનો સવાલ નથી. આ તો ખોટું ખરચાઈ રહ્યું છે એ અસહ્ય છે' જાતે કૃપણ, તે ઉદારતા જોઈ શકતો નથી.

બસ જેવી આવા કૃપણની દશા, એવી જૂઠા-બોલા, અનીતિખોર, દુરાચારી, છીછરા, ખાઉકલા, નિંદક, ચાડિયા, અભિમાની, લોભિયા વગેરેની દુર્દશા હોય છે એ પણ સત્યવાદી, પ્રામાણિક, સદાચારી, ગંભીર, તપસ્વી, ગુણગ્રાહી, નમ્ર, નિર્લોભી ઈત્યાદિ ગુણસંપન્ન પર ખાર ધરનારા હોય છે.

**ગુણ પર ખાર કેમ ? :-**

**પ્ર.-** ગુણ પર ખાર ધરવાનું કારણ ?

**ઉ.-** કારણ શું ? એક તો સ્વભાવ પડ્યો, ને બીજું, માણસને અભિમાન મારે છે. મનને એમ થાય છે કે 'હું સાચું બોલતો નથી, ને આ વળી શાનો સત્યવાદી બને ? આપણે અનીતિ ચલાવીએ, ને આને નીતિ નીતિ કૂટવા જોઈએ છે ?' કેમ જાણે એના અંતરમાં જ કોક એને ભૂંડો કહી રહ્યો છે, તે ખમાતું નથી; એટલે જાણે એમ ઇચ્છે છે કે જગતમાં સાચું-બાચું, નીતિ-બીતિ જોઈએ નહિ. જેથી ભલે બીજા પોતાની હરોળમાં રહે. અહંત્વ એ બીજાની ઉચ્ચતા ન સહી શકે. જાત હલકી પડે એવું, અભિમાન, કેમ ખમવા દે ?

**સ્વદોષ પર પ્રેમથી અન્યના ગુણ પર ખાર :-**

આપણી જાત માટે આ બહુ વિચારવા જેવું છે કે આપણે ખાઉકલા હોઈએ તો બીજાનો ત્યાગ તપ જોઈ બળતરા નથી થતી ને ? હા, જો આપણને ખાઉકલાપણા પર ઉદ્વેગ હોય, તો ત્યાગી તપસ્વીને જોઈને બળતરા નહિ થાય, આનંદ થશે કે 'વાહ ! કેવો આ ભાગ્યશાળી કે સુંદર ત્યાગ કરે છે, તપ કરે છે ! હું અક્કરમી ખાન-પાનની ઉજાણીમાં પડ્યો છું.' આમ પોતાના દોષ માટે દિલ દાઝતું હોય, દોષ ખરાબ લાગતો હોય, ને ગુણ ગમતો હોય, તો ગુણિયલને જોઈને માત્સર્ય નહિ થાય, અનુમોદના થશે.

ત્યારે એ સૂચવે છે કે દોષ બેઠેલો છતાં જો ગુણવાન પર ઝેર નથી વરસતું પણ દોષ પર ગ્લાની થાય છે, તો એટલી આત્મદશા સુધરી કહેવાય. મોક્ષે જવાના છેલ્લા પુદ્ગલ-પરાવર્ત કાળમાં અનાદિનો સહજ-મલ હ્રાસ પામી જાય, ને એનું એક લક્ષણ આ કે 'અદ્વેષો ગુણવત્સુ ચ' ગુણવાન પર દ્વેષ ન થાય એ ક્યારે બને ?

બે વાત છે, (૧) એક તો પોતે ગુણી છે ને બીજો ગુણવાન નજરે ચડે છે ત્યાં એના પર માત્સર્ય છૂટે છે. (૨) બીજું, પોતે ગુણી નથી ને બીજો ગુણવાન દેખી એના પર માત્સર્ય આવે છે; બે શા કારણે ?

**(૧) ગુણીને ગુણી પર ખાર**

પહેલું, ગુણીને બીજા ગુણિયલ પર ખાર, દા.ત. દાનીને દાની પર, વિદ્વાનને વિદ્વાન પર, તપસીને તપસી પર, ભક્તને બીજા ભક્ત પર ખાર આવવાનું કારણ એ, કે પોતાને ગુણવાન તરીકે માન મળે એ ગમે છે, છતાં પાછું બીજાને એ તરીકે માન મળતું ખમાતું નથી. એમાં જાણે પોતાનું માન ઘવાતું લાગે છે. એવો અહંકાર નડે છે. આવું ખોટું અહંત્વ-અભિમાન નડતું હોય એ બીજા ગુણીને કેમ ખમી શકે ? એના પર પ્રેમ-પ્રમોદ કેમ રાખી શકે ? એ તો ખારથી બળે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૨૯,તા.૩૦-૩-૧૯૬૮**

**ગુણી પર ખારમાં ગર્ભિત શું ? :-**

સંસારની આ કેવી વિચિત્રતા છે કે જીવમાં ગુણ આવવા છતાં બીજાના ગુણને ખમી ન શકે ? આનો અર્થ તો પછી એ થાય કે નજર સામે દોષી આવે તો વાંધો નહિ, ગુણી આવે એ વાંધો. એટલે એનું આંધળું અહંત્વ દોષીને જોઈને ખુશ રખાવે છે. કેમ એમ ? કારણ, પોતે એના કરતાં ઊંચો દેખાય છે ને ? બસ, એથી ખુશી ! કેવી પાગલતા કે દોષીને જોઈ દિલ ઠરે કે 'હાશ, આ બધા મારાથી



નીચી કક્ષાએ છે, દોષભર્યા છે તે ઠીક !' તો હવે વિચારો કે બીજાઓ દોષમાં ખદબદે એના પર ખુશી કરાવનારી અધમતા એને ઊંચે આવવા દે ખરી ? કેટલું બધું અધમ હૃદય ?

**લાગણીનું પૃથક્કરણ : માત્સર્યમાં દોષ પર પ્રીતિ :-**

આપણી લાગણીઓનું પૃથક્કરણ નથી કરતા, એની અંદરમાં છૂપાયેલે ઝેર નથી તપાસતા તેથી નઘરોળની જેમ ફરી શકીએ છીએ; એ જો તપાસીએ તો તો ચોંકી ઊઠીએ.

**વિદ્વાનને બીજા વિદ્વાન પર માત્સર્ય** હોય, એ ખાર રાખે, એને શું ખબર છે ખરી કે એનો અર્થ તો એ કે એ લાગણીની અંદર ગર્ભિત આ છે કે પોતે જ્ઞાન પામેલો બીજા અજ્ઞાનીને જોઈને ખુશી રહે છે કે 'હાશ ! આ અભણ રહ્યો ઠીક છે, જેથી એના કરતાં હું ઊંચો દેખાઉં છું.' આ કેટલું ભયંકર ઝેર ? જગતના જીવો અજ્ઞાનતામાં તો બિચારા પોતાનું નિકંદન સરજી રહ્યા છે. એની અજ્ઞાન દશા પર પ્રીતિનો અર્થ તો એ જ ને કે એના નિકંદન પર ખુશી ?

**તપસ્વીને માત્સર્ય :-**

**એમ, તપસ્વી બીજા તપસ્વી પર** જો ખાર ધરશે તો સહેજે તપ વિનાના ખાઉકલા જીવને જોઈને ખુશી થવાનો. એટલે કે પછી એ ખાઉકલાપણા પર ભયંકર દુર્ગતિમાં ભટકતો થાય એના પર ખુશી જ થઈ ને ? જો એની નાખુશી હોય તો એનાં કારણભૂત ખાઉકલા દોષ પર નાખુશી ન થાય ? અને એ નાખુશી થાય તો એવા દોષવાળા પર દયા ન આવે કે 'અરે ! બિચારો ખાવામાં જ ડૂબીને ભટકતો થશે ?' એવું જો થતું હોય તો તો એ દોષ વિનાના તપસ્વીને જોઈને આનંદ-પ્રમોદ જ થાય ને કે 'વાહ કેવો આ ભાગ્યશાળી કે ખાઉકલા દોષથી બચ્યો !' પરંતુ જો તપસ્યાગુણવાળાને બીજા તપસ્વી પર પ્રમોદ થવાને બદલે ખાર વરસે છે, તો ગર્ભિત એ જ ભાવ આવીને ઊભો રહે છે કે દોષવાળા પ્રત્યે આનંદ છે; એટલે કે બીજાના દોષ પર ખુશી ! પછી ભલે એ દોષવાળો પાપ બાંધે ને ભવિષ્યમાં મહાદુઃખી થાય. ત્યારે ગુણી પર આ માત્સર્યમાં કેવું છૂપું ઝેર ?

**દાનીને માત્સર્ય :-**

એમ, ઉદાર દાની બીજાને ઉદાર દાની જોઈ એના પર ખાર ધરતો હોય તો એના ગર્ભમાં પણ આ જ આવે ને કે એ બીજાને કૃપણ ધનમૂર્છિત જોઈ ખુશી ? એટલે કે બીજાની ધનમૂર્ચ્છા પર ખુશી ? પોતાનામાં ઉદારતા ગુણ તો આવ્યો પણ એ કેવો ઝેરી બન્યો કે બીજાના કૃપણના દોષ પર રાજીપો કરાવે ? આવું બને છે ને કે પોતે એક મોટા શેઠ તરીકે ટીપમાં સો રૂપિયા લખાવ્યા કિન્તુ બીજા નાના

માણસે અઢીસો લખાવ્યાનું સાંભળ્યું કે એના પર દિલમાં કચવાટ થાય છે. 'આ તે વળી કેવો મોટો તે મારાથી વધુ દે ?' એમ એના પર ખાર વરસે છે. એનો અર્થ એ, કે બીજા કૃપણતા રાખે એ આને ગમે.

**ગુણી પર માત્સર્ય શાથી :-**

આવું આવું ગુણીને બીજા ગુણી પર ખાર વરસવાનું તો કેટલેય ઠેકાણે બને છે. આ બધું કોણ કરાવે છે ? કારમું અહંત્વ ને માનાકાંક્ષા. 'બેસ, હું જ ચડિયાતો રહું; મારાથી બીજો વળી કોણ ચડે ?' આ અહંત્વ; ને 'મને જ એક સારા ગુણિયલ તરીકે માન મળે' એવી માનાકાંક્ષા. જીવને આ બંને મારે છે. ત્યારે વિચારવા જેવું છે કે અહંત્વને માનાકાંક્ષા કેવા ભયંકર કે બીજા ગુણિયલ પર ખાર રખાવી, ગર્ભિત રીતે બીજાઓ દોષભર્યા રહે એના પર ખુશી મનાવે છે ? એટલે કે પછી ભલે એ બિચારા દોષવાળા જીવ દુર્ગતિનાં દુઃખ પામે, એના પર કોઈ કરુણા નહિ, પણ જાણે ખુશી ! યા બેપરવાઈ !

**અહંત્વ ને માનાકાંક્ષાથી બીજાના દોષ પર રાજીપો ! :-**

આવું ગોઝારું અહંત્વ અને ગોઝારી માનાકાંક્ષા તમારામાં નથી ને ? ગુણ તો કોઈ ધર્યા, પણ સાથે અહંત્વ-માનાકાંક્ષા નથી ઊભી રાખતાને ? જો રાખી છે તો સમજી રાખજો કે પછી દુનિયા દોષભરી જોવામાં નિરાંત રહેશે; એના દોષ અને દોષની પાછળના કારમા દુઃખ પર કલેજે ઠંડક રહેશે. **કસાઈ સ્વાર્થ ખાતર પશુને મારે, પણ એથી પશુને થતા દુઃખ પર રાજી હોય ? ત્યારે અહીં પોતાને માન મેળવવા ખાતર, પોતે સારો દેખાવા ખાતર બીજાના દોષ પર રાજી !**

**ગુણ ધરાવા છતાં ગુણ પર પ્રેમ નહિ :-**

તો હવે એ વિચારો કે પોતે ગુણી છતાં જો બીજા ગુણી પર માત્સર્ય ધરે તો એની પાસે ગુણ છતાં એને ગુણ ખરેખર ગમ્યો ? ગુણ ગમવાનું એને કહેવાય કે દુનિયામાં ગમે ત્યાં ગુણ હોય એ ગમે, એ જોઈ ખુશી-પ્રમોદ થાય. અહીં તો ઊલટું બીજાના ગુણ પર ખાર વરસે છે, તો ગુણ ક્યાં ગમ્યો ? અને ગુણ જો ગમે નહિ, તો પોતે ખરેખર ગુણ ધર્યો શાનો કહેવાય ? વાસ્તવમાં એ ગુણ નથી, પણ અહંકારરક્ષા અને માનાકાંક્ષાનાં પોષણ માટેનું જ એક સાધન રાખ્યું.

**પ્રભુભક્તિકારક ક્યાં ડૂબે છે ? :-**

દેખાય છે ને કે એક ગવૈયો પ્રભુભક્તિ કરતો હોય પણ બીજા પ્રભુભક્તિ કરનાર ગવૈયાની ઉપર ખાર ધરે છે ? એમ એક સંગીતમંડળ બીજા સંગીતમંડળ પર ? શું આ ? ગુણીને ગુણિયલ પર માત્સર્ય. આના ઉંડાણમાં તપાસો કે દિલમાં શું બેઠું છે ? માનાકાંક્ષા ને અહંકાર જ ને ? બીજો સંગીતકાર કે સંગીત મંડળ હોય



તો અમને એટલું માન ન મળે, ભક્તિમાં અમે એકલા ઊંચા ન ગણાઈએ. 'મનમાં આ બેઠું હોય એટલે ત્યાં પછી સંગીતભક્તિનો ગુણ તો એ માનાકાંક્ષા પોષવા માટેનું એક સાધનમાત્ર થયું, પણ પ્રભુ પર ઓવારી નાખે એવા ભક્તિગુણ તરીકે ગુણ નહિ. ગુણ તરીકે ગુણ હોત તો બીજે પણ એ જોઈ રાજી થાત. ના, ત્યાં તો એમ મન રાજી રહે છે કે 'સંગીતભક્તિ કરનારો હું કે અમે જ એકલા હોઈએ, અને બીજા એ ગુણ વિનાના હોય.' અર્થાત્ બીજામાં એ ગુણના અભાવ પર પ્રીતિ થઈ ! દોષ પર પ્રીતિ ! કેવું ખતરનાક ? હજી પોતાનામાં એવો ભક્તિગુણ ન હોત તો જાતને કમનસીબ માની બીજાના ભક્તિગુણ ઉપર પ્રીતિ થાત, પણ આ તો પોતે ભક્તિગુણ મેળવીને જ એના પરથી પ્રીતિ ઉઠાડી !! માટે કહો,

**અહંકાર અને માનાકાંક્ષા એટલા બધા ભયંકર છે કે એ ગુણ મળવા પર ગુણ પરથી પ્રીતિ ઊઠાડી દે છે, અને બીજામાં દોષ હોવા પર નિરાંત કરાવે છે.**

**ગુણી પર માત્સર્યમાં આવાં અહંકાર-માનાકાંક્ષાનાં છૂપા ઝેર પડેલાં છે.**

આ તો ગુણીને ગુણી પર માત્સર્યની વાત થઈ.

(૨) હવે દોષીને ગુણી પર માત્સર્યની વાત. તે પહેલાં કરી આવ્યા છીએ. એમાંય અહંકારને માનાકાંક્ષા નડે છે. 'હું કૃપણ તરીકે ઓળખાઉં, ને આ વળી શાનો દાની તરીકે પંકાય ?' માટે એના પર માત્સર્ય થાય છે એમ અભણને ભણેલા પર ખાર. એમાં ધન-અજ્ઞાન વગેરે પર એવો ખોટો મોહ છે કે બીજાનાં ધનવ્યય જ્ઞાનપ્રાપ્તિ વગેરે ય સહન કરી શકતો નથી. આત્માની આ કનિષ્ઠ દુર્દશા છે કે ગુણ પર ઝેર વરસે, ને પોતાના દોષ પર પ્રીતિ હોય. કુમાનવનું આ ત્રીજું લક્ષણ.

(૪) **માનવને કુમાનવ બનાવનારી ચોથી ચીજ છે સ્વાત્મપ્રશંસા.** આ ઝટ મગજમાં બેસે એવું નથી કે આપણે આપણી જાતની પ્રશંસા કરતા હોઈએ એ વખતે આપણે સુમાનવ મટી કુમાનવ બનીએ છીએ. બોલો ક્યારે ય જાત પ્રશંસા કરતાં આવો ખ્યાલ આવ્યો છે ? મનને એમ થયેલું ખરું કે 'અરે ? હું મારી જાતે જ મારા ગુણ ગાઉં છું તે ખરેખર એક સારા માનવી તરીકે મટી જાઉં છું ?' ના, તો તો તરત પસ્તાવો થઈને સ્વાત્મશ્લાઘા કરતાં અટકી જવાય, ને કરેલી શ્લાઘાની અસર ભૂંસવા આપણા કોઈ જોરદાર દોષનું લેક્ચર શરું કરાય. પણ એ વાત જ ક્યાં છે ? પોતાના ગુણ ગાવાની વસ્તુને એક મહાદુર્ગુણ ભાસવાની વાત તો દૂર, ઊલટું એમાં હોશિયારી લાગે છે કે કેવી સિફતથી હું સામાને મારી બડાઈ ઠસાઈ રહ્યો છું. એટલે પછી એ કરવા પર હૈયે ગૌરવ રહે છે. ત્યાં સંતાપ પશ્ચાત્તાપ થવાની વાતે ય શી ? તમને લાગશે,

**આત્મપ્રશંસા મોટો દોષ કેમ ? :-**

શું આત્મપ્રશંસા એ બહુ ખરાબ ચીજ છે ?

પણ અનુભવી જ્ઞાનીઓનું આ નિદાન છે કે આત્મપ્રશંસા એ કુમાનવતાને પોષે છે. એની પાછળ હેતુ છે.

**માણસ પોતાની પ્રશંસા ક્યારે કરવા બેસે ?**

(૧) દિલમાં અહંત્વ-ઘમંડ ઊભરાતું હોય કે હું કાંક છું.

(૨) પોતાના બીજા પહાડ જેવા દોષો તરફ આંખમિંચામણા હોય; એ જાણે કાંઈ એવી ખરાબી નથી એમ લાગતું હોય અર્થાત્ મહાદોષોની ખરાબી હૈયાને કોચતી ન હોય, એની શરમ ન લાગતી હોય, નહિતર તો એ ખુશમિશાલ પોતાના ગુણ ગાવા શાનો બેસે ?

(૩) ભારોભાર માનાકાંક્ષા ભરી પડી હોય, જેથી જ્યાં ને ત્યાં માન લેવા માટે સારા દેખાવા માટે ફાંફા મારતા હોય.

(૪) આ માનને એટલું બધું કિંમતી સમજે કે પછી મોટા દેવ, ગુરુ અને મહાપુરુષોને માન મળ્યું કે નહિ, એમનો યશવાદ થયો કે નહિ, એના તરફ દુર્લક્ષ્ય હોય, બેપરવાઈ હોય. ત્યારે તો એમના ગુણાનુવાદ કરવાને બદલે પોતાના ગુણ ગાવા બેસાય ને ? દેવાધિદેવ તો મહા ગુણગાવા-લાયક; પણ એમના ગુણાનુવાદ કેટલો સમય થાય છે એ તપાસજો, ને પોતાના કેટલો સમય ?

(૫) માનાકાંક્ષાના પાપમાં સ્વપ્રશંસા કરતાં એ ય નથી જોવાનું કે 'હું આ સામે કઈ વ્યક્તિ આગળ મારા ગુણ ગાઉં છું ? કોની પાસેથી માન ઈચ્છી રહ્યો છું ? કોણ મને સારો માને એમ ઝંખી રહ્યો છું ? જો એ માબાપ, ગુરુ કે વડીલ હશે તો એમને સારો મનાવ્યા પછી એમની પાસેથી આપણી ખરાબી સુધારવાની શિખામણ ક્યાંથી મળશે ? ત્યારે જો એ મારી પ્રશંસા સાંભળનારો હલકો માણસ છે તો એવા હલકાને આપણા કરવાના ? પછી એની શેહમાં તણાવું પડશે ને એ કોઈ હલકાઈમાં તાણશે તો ?

(૬) સ્વાત્મપ્રશંસામાં આ પણ એક મોટી ખામી છે કે ગુણ તો કદાચ હશે તો મામૂલી, પણ એને બહુ મોટો માનવાનું મન રહેશે, અને એ સ્વવડાઈને પોષવામાં ગુણ આગળ વધારવાનું તેમજ બીજા પણ ગુણો મેળવવાનું ભૂલાઈ જશે. પછી તો સારું કાંઈ કરાશે તે પણ એ લક્ષ રાખીને કે બીજા કેમ મને વખાણે, કેમ એ હું એમની જાણમાં લાવું ?

આવી આવી અનેક ખરાબીઓ કે જે ખતરનાક છે એ સ્વાત્મપ્રશંસા પાછળ પોષાય છે, માટે માણસ ત્યાં માનવ મટી કુમાનવ બને છે.



ચંડસોમ કુમાનવતાનાં 'અસ્થાન-અભિનિવેશ' અને 'પત્ની પર માત્સર્ય' નાં અપલક્ષણમાં તણાયો છે, તેથી સુશીલ પણ પત્નીના માટે હલકું ચિંતવી રહ્યો છે.

**ચંડસોમનું આગળ શું બને છે :-**

**વિષયરંગથી ભવ : એ કેમ ઘટે ? :-**

હવે એવું બને છે કે ચંડસોમના ગામ બહાર એક નટમંડળી આવે છે. એમાં એનો મુખ્ય સંચાલક હરદત્ત નામે છે, એ આખા ગામને નાટક જોવા માટે આમંત્રણ આપે છે. એટલે રાતના પહેલા પહોરે ગામના માણસો નાટક જોવા માટે ચાલ્યા. આવું જોવાનું કોને ન ગમે ? સંસારમાં ભૂલા ભટકતા જીવો ઈન્દ્રિયોના વિષયોના એવા રંગી અને સંગી બન્યા રહ્યા છે કે સ્વપ્નમાં પણ એ જ દોડધામ હોય છે, તો પછી જાગતાં તો પૂછવાનું જ શું ? અજાણ્યે પણ વિષયસંગ થતાં મનના રંગ સતેજ બને છે, તો ચાહીને વિષયસંગ કરી કરી મનના રંગના ભરચક પૂર વહાવવામાં શું બાકી રાખે ? ત્યારે સંસારમાં એથી જ ભટકે છે ને ? આ સૂચવે છે કે

**એવા ભવમાં ભટકાવનારા વિષયરંગ ઓછા કરવા હશે તો સામે વીતરાગ ભગવાનનું સ્વરૂપ અને એમની કલ્યાણ આજ્ઞાની વિચારણા ભરચક પ્રમાણમાં રાખવી જોઈશે,**

તેમજ રંગ ચડાવનાર વિષયસંગ પર કાપ મૂકતા ચાલવું પડશે. મન મારીને પણ આનો ભગીરથ પુરુષાર્થ જગાવાશે તો જ વિષયરંગ ઓછા થતા આવશે.

**આર્યોની કદરદાની :-**

આખું ગામ ચાલ્યું નાટક જોવા. કેમકે મફતમાં મળે છે જોવાનું.

તે, નાટકિયા મફત ચલાવી શકે ?

એમ તો મફત એટલે કે પૈસાની ગણતરી વિના તો કાંઈ નહિ. પણ એ જાણે છે કે સારું દેખાડ્યા પછી ઈનામ લેવા નીકળીશું એટલે સારું મળી જશે. આર્ય પ્રજાની સહજ વૃત્તિ આવી, કે મળ્યાની કદર કરવી. એમાં કૃપણ-મફતિયું જોનારા પણ હોય, કિન્તુ બધા કાંઈ એવા નહિ. તેથી કદરદાન પાસેથી ઠીક ઠીક મળી જાય. અસ્તુ.

**ચંડસોમ વિચારમાં :-**

અહીં જ્યારે ગામના લોકો જોવા ઊપડે છે ત્યારે પેલા ચંડસોમને પણ જોવા જવાનું મન તો થયું જ છે, કિન્તુ એને પત્ની પર ઈર્ષ્યા છે ને ? તે વિચારમાં પડે છે કે આને જોવા કેમ લઈ જવાય ? કેમકે ત્યાં તો જુવાનિયા બહુએ આવવાના; એટલે આના અને એ લોકોના આંખનાં મચકાં ચાલ્યા કરે. પેલું નાટક જોવાનું બાજુએ રહે, અને આ પરસ્પર આંખ-મચકાનું નાટક ચાલ્યા કરે. માટે પત્નીને

લઈને તો જવાય જ નહિ. ત્યારે જોવા તો જવું છે પણ એમ સૂની મૂકીને ય હું એકલોય કેવી રીતે જાઉં ? કેમકે પછી અહીં કોઈક સાધેલા સાથે એનું તોફાન ચાલે.' એમ ઈર્ષ્યાવિશ વિમાસણમાં પડ્યો, અને ખોટી કલ્પના કરી રહ્યો છે.

ઈર્ષ્યાળુને જીવનમાં આવી ને આવી અસાર કલ્પનાઓ અને વિમાસણો કેટલી ય ચાલ્યા કરે છે. હવે એની પાસે ગમે તેટલાં સુખસાધન હોય છતાં એ સુખી ક્યાંથી રહી શકે ? નિરાંત-શાંતિ-સ્વસ્થતા શી રીતે અનુભવે ? એટલે જ કહેવાય કે

**સુખશાંતિ જોઈતી હોય તો ખોટી કલ્પનાઓ અને ઈર્ષ્યાથી બચો.**

નહિતર જાતે જ દુઃખી થશો, જીવનભર એક યા બીજી ચિંતા-સંતાપ-અશાંતિ ચાલ્યા જ કરશે.

**ચંડસોમ ગયો :-**

ચંડસોમને મુંઝવણ તો થઈ, પરંતુ એને પોતાને પાછી નાટક જોવાની લાલસા કૂદાકૂદ કરે તો છે જ. એટલે રસ્તો કાઢે છે પોતાની બેન સોમાને કહે છે, 'બેન ! હું જાઉં છું નાટક જોવા, ને તમે બંને ઘરે આરામ કરજો.' સૂના ઘરમાં જુવાનિયા ન આવે એ ધ્યાન રાખજો.' એના મનને થયું કે 'બેન પત્નીનું રક્ષણ કરશે માટે જવામાં વાંધો નહિ;' તે ભલામણ કરીને ઊપડ્યો.

**બેનને જવું છે :-**

અહીં એના ગયા પછી બેનને થયું કે 'ભાઈ તો ભવાઈ જોવા ગયો, પણ અમારે શું ઘરમાં ગોંધાઈ રહેવાનું ? અમારે એ નહિ જોવાની ?' તે ભોજાઈને કહે છે, 'અલી નંદિની ! ભાઈ તો જોવા ઊપડી ગયો. ત્યારે ચાલને આપણે ય જોવા જઈએ. જીવ્યા કરતાં જોયું ભલું. રોજ ક્યાં આવું જોવાનું આવે છે ?'

નંદિની કહે છે, 'બેન ! તમે તમારા ભાઈનો સ્વભાવ નથી જાણતા ? એ ઘરમાં બેસી રહેવાનું કહી ગયા છે. હવે જો એ જાણે કે આપણે જોવા ગયા, તો કેટલો ક્લેશ ને ધમધમાટ કરે ?'

પેલી કહે 'પણ આપણે પૂરું થતાં પહેલાં પાછા આવી જઈશું.'

નંદિની કહે છે, 'અરે પણ ત્યાં જો આપણને એ જોઈ જાય તો ? માટે હું તો નહિ આવું. તમારે જવું હોય તો તમે જાણો.'

**પરલોક-ભયથી વિષયરંગ પર કાપ :-**

બાઈમાણસોના મન પર કેટલો અંકુશ હોય છે ! ભલે કદાચ પુરુષના ભયથી, કિન્તુ મજેનું નાટક જોવાનું મન માંડી વાળે છે એ મનનો નિગ્રહ છે. પરલોકના ભયથી આપણે પણ એવા કેટલાય વિષયસંગ ઓછા કરી શકીએ,



વિષયરંગ ખેલવા માંડીવાળી શકીએ.

નંદિની ન ગઈ, અને સોમા તો ઊપડી નાટક જોવા.

હવે અહીં નાટક જોવા ગયેલા ચંડસોમને કેવું વિચિત્ર બને છે એ જુઓ. ઈર્ષ્યા-વહેમ અને કુકલ્પનાઓનાં તોફાન કેટલી હદ સુધીનાં ખતરનાક ઊભાં થઈ શકે છે ! ચંડસોમ ભવાઈ જોવા ગયો છે ત્યાં લોકનું ટોળું ભવાઈની આગળ બેસી પડ્યું છે, ને બીજા પાછળથી આવનારા ચારે બાજુ વિંટળાઈને ઊભા છે તેથી ચંડસોમ એમાં ફરતો ફરતો ક્યાંક ઊભા રહેવાની જગા કરી લે છે.

**કોઈ સ્ત્રી-પુરુષનું ધતિંગ :-**

ત્યાં બને છે એવું કે ચંડસોમની આગળ એક બાઈ છે અને ત્યાં પાસેનો પુરુષ ધીરેથી કહે છે, 'અરે સુંદરી ! શું તારું લાવણ્ય અને હોશિયારી છે ! તું તો મારા દિલમાં એવી વસી ગઈ છે કે તારાં તો મને સ્વપ્નાં આવે છે. પણ આજ સુધી મળવાનું થતું નહોતું તે આજે તો તું પ્રત્યક્ષ મળી ગઈ. તારા સૌભાગ્યગુણરૂપી બળતણે મારા કામાગ્નિને વધારી દીધો છે. હવે તે કેમ શાંત થાય ?

જુઓ જગતમાં કામનાં તોફાન. આ નાટક જોવા આવ્યો છે કે સલાડું કરવા ?

**જુવાની દિવાની; અને સંયોગ ભૂંડા.**

માટે જુવાનીમાં માથે પ્રૌઢોનાં દાક્ષિણ્ય, ભય-શરમ જોઈએ; એકાંત વસવા-હરવા-ફરવાનું ન જોઈએ, એવાં પ્રલોભક નિમિત્તોથી દૂર રહેવું ઘટે; અને સત્સંગ ધર્મશ્રવણ-વાંચન-મનન જોઈએ. આ જુવાનિયો અહીં એક યુવતી સાથે એકલો પડ્યો છે; તે એની સાથે મંત્રણા કરે છે, એને લલચાવે છે.

**લબાડને શું કહેવાનું ? :-**

પેલી ય જુવાનીમાં છે ને ? અને એમાં વળી આ પ્રલોભક સંયોગ મળે છે, પછી એ ય કેમ ઉન્માદે ન ચડે ? એટલે એ પણ ભૂલી તો પડે જ છે, એટલે એમ નથી કહેતી કે 'ભૂંડા ! આવું અજુગતું શું બોલે ? શું આપણે તે કૂતરા કૂતરી છીએ કે કૂતરો ગમે તે કૂતરીને દેખે ને એમાં ખેંચાય, યા કૂતરી-કૂતરા પાછળ ખેંચાય, એની જેમ આપણે ભૂંડાઈમાં ખેંચાઈએ ? ખબરદાર જો ફરીથી આવું બોલ્યા તો.'

સામા લબાડને આવું કહેવાનું કે એનાથી આઘા જઈ બેસવાનું એ કરતી નથી, પણ ધીરેથી જવાબ દે છે, 'હું એ તારા ભાવ જાણું છું પણ મારો પતિ ચંડ છે. એ અહીં ક્યાંક હોય અને આ જાણે તો મારા તો બાર વગાડી નાંખે.'

**ચંડસોમને જિજ્ઞાસા :-**

હવે જુઓ અહીં આ બંનેની પીઠ પાછળ ચંડસોમ ઊભો છે. એ આમે ય પત્ની પર વહેમિલો તો હતો જ; અહીં આવ્યો તો ય એના મનને વસવસો હતો

કે 'સૂના પડેલા ગામમાંથી કોક જુવાનિયા સાથે એ કબાડું ન કરે, યા અહીં ન આવી જાય.' એમાં અહીં આ સ્ત્રીના મુખે સાંભળ્યું કે 'મારો પતિ ચંડ છે'... વગેરે, તે 'ચંડ' પરથી પોતાનું જ નામ સમજ્યો, અને ઝટ કલ્પી લીધું કે 'જો, આ મારી શંકા સાચી. એ લુચ્ચી અહીં આવી ગઈ લાગે છે, અને આ લબાડ સાથે મંત્રણા કરી રહી છે, તો હું ય લાવ સાંભળું આગળ શું વાતચીત ચાલે છે'

પેલો પુરુષ એ બાઈના જવાબ પરથી એનું દિલ સમજી ગયો. એટલે પહેલો ઉદ્ગાર કાઢતાં કદાચ એ સંકોચાતો કે ગભરાતો હશે કે 'આ શું જવાબ દેશે ?' પણ હવે જ્યારે બાઈ એના દિલના ભાવનો સ્વીકાર તો કરે જ છે, તો આગળ વધવામાં શા સારુ સંકોચ કે ગભરામણ રાખે ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"     વર્ષ-૧૬,અંક-૩૦,તા.૬-૪-૧૯૬૮**

**પતન કેમ થાય છે ? બગડેલાની શરમથી :-**

જગતમાં આમ જ અનર્થ અટકતા નથી. એકને બુદ્ધિ બગડી, પછી સામેનો એમાં સહેજ સહાનુભૂતિ દેખાડે એટલે પત્યું, કામ આગળ વધે છે. આજના છોકરા-છોકરીઓમાં આ રીતે બદી વધતી જાય છે. પહેલાં એકની બુદ્ધિ બગડે, પછી બીજો એનો ઈન્કાર ન કરે એટલે પેલાને ફાવતું જડે છે ત્યાં એ બીજો સહેજે તો બગડેલો ન હોય, પરંતુ શરમ કે લાલચથી ના ન કહી શકે એટલે પેલાનું કામ આગળ વધે છે, ને બંને પતનના માર્ગે ચડી જાય છે. જો ત્યાં એ શરમમાં ન તણાય, કે લાલચમાં ન પડે, અને સાફ ઈન્કાર કરી દે, સાથે સામાને સારી શિખામણ પણ આપે, તો સંભવ છે કે પોતે તો ન પડે પણ સામો ય પાછો વળી જાય અથવા કમમાં કમ પોતાનો તો બચાવ થાય જ. માટે જ

**ખોટી શરમ એ પતનનું કારણ છે.** પેલી કામલતાના પ્રસંગમાં આવે છે ને કે એ સારી સુશીલ બ્રાહ્મણી છતાં ઘેરો નાખેલા દુશ્મન રાજાના સકંજામાં ફસાઈ પછી રાજાએ એને ઉપાડી જઈ શરમમાં નાખી તો એ પડી, શીલ ગુમાવ્યું, ને રાજરાણી થઈ બેઠી. અંદરનું દિલ ના પાડે છે, પણ શરમે એને દબાવી દીધું. ખરાબ લાગણીને જો જરાક પણ બળવાળી કરી તો એ સારા પણ આંતરિક દિલને નિષ્ક્રિય બનાવવા સમર્થ છે. સમકિતીનું દિલ કેવું ? ઉત્તમ, વૈરાગ્યવાસિત, વિષયોને ઝેર દેખનારું. છતાં કેમ એ વિષયસંગમાં પડે છે ? કારણ, અવિરતિના ઘરનો વિષયરાગ બળવાન બની જાય છે માટે.

**વૈરાગ્ય છતાં રાગ કેમ ? :-**



હા, ભલેને ઝેર માન્યા, પણ ગળામાં વિષયોની મિઠાશ ચોંટેલી હોય અને એને ઊખેડવાનો પુરુષાર્થ-પરાક્રમ નહિ, પછી એ મીઠાશ રાગ કરાવે. એટલે એક બાજુ ઝેર જેવી માન્યતાથી એના પ્રત્યે સૂગ રહે, છતાં બીજી બાજુ અણદાબી મીઠાશથી રાગ સળવળે. સમજદાર રોગી કુપથ્યને કેવું સમજે છે ? ઝેર જેવું. પરંતુ ક્યારેક જો એની મીઠાશનો ચટકો ઊપડી આવે છે તો કુપથ્ય થોડું પણ લેવાનો રાગ થઈ આવે છે ને ? શું ખબર નથી કે 'શરદીમાં બારીનો પવન શરદી વધારશે માટે પવન ભૂંડો ?' ખબર છે, એના તરફ નફરત પણ છે, છતાં ગરમીમાં ઠંડા પવનની મીઠાશ બારી ખોલાવે છે ને ? એવું અહીં વિષયોની મીઠાશમાં બને છે. ત્યાં સમકિતીનો વૈરાગ્ય સાચો, પણ પેલાને અટકાવી શકતો નથી, ને વિષયસંગ પ્રવર્તે છે. અંદરખાને વૈરાગ્યથી આના પર ગ્લાની બેઠી છે, છતાં પરાક્રમના અભાવે એની મીઠાશનો રાગ જોર મારી જાય છે. પરાક્રમ ફોરવે તો તો એને દબાઈ જવું પડે અને વૈરાગ્યની જીત થઈ જાય. પણ એ લાવવું ક્યાંથી ? આનું નામ અંદરનું દિલ સારા ભાવવાળું છતાં ખરાબ લાગણીનું જોર એને દબાવી દે છે, સક્રિય નથી થવા દેતું.

એવું જ ખોટી શરમમાં બને છે. ખોટી શરમની લાગણી ખરાબ, એને પરાક્રમથી જો ન દબાવી તો એ અંદરનું દિલ અકાર્યને ભૂંડું માનતું રહેશે, ને ઉન્માર્ગે ઘસડી જશે માટે પરાક્રમ ફોરવી ખોટી શરમને બાજુએ હડસેલી દો તો જ પતનથી બચાશે.

**બીચારા કેઈ ગભરું બાળકો**-અનાડીના સંપર્કમાં ખોટી શરમથી તણાતાં કુટેવોના ભોગ બને છે. 'સંપર્કમાં ન આવે' એમ આપણે કહીએ, પણ કલાકો સુધી રોજ સાથે ભણવાનું હોય, સાથે ખેલવાનું હોય, સાથે જવા-આવવાનું હોય, પછી શી રીતે સંપર્કથી બચે ? પણ મૂરખ મા બાપને આની ગમ નથી, એટલે એમ જ ડિંડવાણું ચાલે છે.

**પ્ર.** તો શું ભણાવવા નહિ ?

**ઉ.** અમારા ના કહેવાથી થોડા જ અટકવાના છો ? પણ એટલું સમજી જ રાખવું જોઈએ કે 'આજના કાળે કુસંસર્ગ મળવાના જ છે; હવે એ ખોટી શરમમાં કે લાલચમાં ન લપટાય એ માટે રોજ હિતશિક્ષાનો પ્રયત્ન રાખવો જોઈએ.' અને એ પ્રયત્ન આ કે સંતાનોને ઠેઠ બાળપણથી મોટા થાય ત્યાં સુધી રોજ રાતે પાસે બેસાડો અને એને રોજીંદા જાણવા મળતા અનુભવ-દાખલા વગેરે આપી સારી સારી શીખામણ દેતા જાઓ. શિખવાડો કે 'કોઈ ખોટું કામ કરવા કહે તો જરાય શરમમાં પડતા નહિ. ત્યાં તો મોટી રાડ જેવા શબ્દથી એને કહેવું કે શું કહે

છે ? એટલે એ જ શરમાઈ જશે. બીજા કોઈ આ રાડ સાંભળી પૂછવા આવશે કે આ તરફ જોશે તો એ ગભરાઈ જશે. પછી ફરી ખોટા કામનું નામ નહિ લે' સુશીલ બાળા કે બાઈએ સામા લબાડને મોં પર ચંપલ ઠોકીને આમ અટકાવ્યા છે. બચ્ચાને, 'ખરાબ કામ કરીએ તો કેટલું બધું પાપ લાગે, પકડાઈએ તો કેવી કેવી આપદા આવે કેવી કડક સજા મળે,' વગેરે સમજાવવું જોઈએ. એથી એને ખોટાં કામની લાલચ જ ન રહે.

કરવું છે આ ? ના, રાત પડ્યે થાક્યા-પાક્યા સમોવડિયા સાથે ગપ્પાં મારવા છે, કે બહાર ભટકવા નીકળવું છે, પણ માબાપ તરીકેની ફરજ નથી સમજવી, ને આશરે આવેલા અજ્ઞાન અણસમજુ બાળકોનો વિશ્વાસઘાત થાય એની પરવા નથી. પછી શું કામ રોજ પ્રેમથી પાસે બેસાડીને એને હિતશિક્ષા આપો ? જૈન સંસ્કૃતિનો લોપ કરી રહ્યાનું ભાન નથી.

પેલી બાઈએ પેલા લબાડ પુરુષને ખોટા ભાવનો ઈન્કાર ન કર્યો, એટલે એ પુરુષ હવે આગળ વધી કહે છે,

'તારો પતિ ચંડ હોય કે સૌમ્ય, તારે મને મળવું જ જોઈશે; નહિતર પુરુષહત્યા લેજે.' એટલે ? એ જ કે 'તું નહિ મળે તો હું આપઘાત કરીશ.'

શું ? કરે એ આપઘાત ? કશું જ નહિ, માત્ર બોલવાનું બોલીને સામાને ગભરાવવાનું. મરે-બરે કોઈ નહિ. એક અનુભવેલો દાખલો કહું.

**એક ઉલ્લંઠ બાઈનો દાખલો :-**

એક બાઈ રોજ એના પતિને પજવતી; કેમકે એ ખરીદીને લાવેલી હલકી જાતની હતી. પતિ બિચારો ધંધાની મજૂરી કરી મોડી સાંજે ઘેર આવે ત્યારે હજી તો આણે જમવાનું કર્યું નથી ત્યાં પેલી કકળાટ માંડે કે તમે આ ફલાણું ન કર્યું, ને તે ન કર્યું; અમુક ચીજ ન લાવ્યા; ને અમુક ન લાવ્યા. લ્યો આ તમને પરણીને શું સુખી થયા ?'...પછી તો એ જતે દહાડે કકળાટમાં આગળ વધતાં વધતાં બોલવા માંડી કે તમે આવું ચલાવશો તો હું બળી મરીશ.' આ એને સમજાવે, પણ પેલી અટકે જ નહિ.

ધણીએ જોયું કે આમ આ કકળાટ મટશે નહિ ને આ કાંઈ બળી મરે નહિ.

**મોટા ભાગે મફતિયું બહુ બોલનારા કરતા નથી, ને કરનારા બહુ બોલતા નથી.**

આ સમજીને કકળાટ બંધ કરાવવા એક દિવસ એ હવે શો રસ્તો લેવો એ બહારથી નક્કી કરીને ઘરે આવ્યો. પછી જ્યાં આ બાઈનું પુરાણ શરૂ થયું કે 'નહિતર હું બળી મરીશ, હું બળી મરીશ,' ત્યાં એ ભાઈએ ચૂલામાંથી તવી પર અંગારા લીધા, લેતાંક પેલીના તરફ ધસી એના માથે નાખવાનો ડોળ કરતાં કહે



છે 'લે રાંડ બળી મર, બળી મર. તારા એકલ હાથે નહિ બળાય, તે લે આ હું જ તને બાળું, ને મારે રોજનો ટિટિયારો મટે.'

શું પેલી બાઈ માથે અંગારા નખાવવા બેઠી રહે ? ના, જરાય નહિ; એ તો તરત ઊઠી ને ભાગી. આ ય ગુસ્સામાં વિફર્યાનો ડોળ કરી અંગારાની તવી સાથે ઊઠીને પડ્યો એની પૂંઠે, કહે છે, ઊભી રહે લુચ્ચી ! ક્યાં જાય ? આજ તો તને બાળી જ નાખું, એટલે મારે શાંતિ થાય. હરામખોર !

બસ બીજા દિવસથી કકળાટ બંધ.

જગતના જીવોના આવા જ ધતિંગ ચાલે છે. 'હું આપઘાત કરીશ' બોલનારા ખોટા છે. એમ બીજી દમદાટીનું બોલ બોલ કરનારાય ખોટા છે. ત્યારે પ્રેમના ટાયલાં બોલનારા ય ખોટા; ને 'કામકાજ હોય તો કહેજો કામકાજ હોય તો કહેજો' એમ વારે વારે બોલનારા પણ એવા જ. એ જે સમજે ને એવા ભ્રામક બોલમાં ન ફસાય, જ્યારે અણસમજદાર ફસાઈ મરે. આજે ઘણી એવી અવિશ્વસનીય સ્ત્રીઓના ધણી કે પ્રેમી એવા પ્રેમના બોલમાં ફસાઈ-કૂટાય છે.

પેલો પુરુષ જ્યાં કહે છે કે 'તું નહિ મળે તો હું આપઘાત કરીશ' ત્યાં એ બાઈ ભદ્રુ તે ભોળવાઈ ગઈ. ગભરાઈ ગઈ, ને પેલાને કહે છે,

'ના, ના, એવું કરીશ નહિ. હું તને મળું છું. જો, મારો ધણી અહીં ક્યાંક નાટક જોતો બેઠો હશે એટલે ચિંતા નથી. હું મારા ઘરે જાઉં છું. તું આવજે મારા ઘરે.'

**ચંડસોમની વિચારણા :-**

જુઓ વિધિની વિચિત્રતા. પેલો ચંડસોમ પોતાના પર લઈ લે એવા જ શબ્દો એને સાંભળવા મળ્યા. એ પાછળ ઊભો વિચારે છે 'અરે ! ચોક્કસ આ મારી જ વાત ચાલે છે કહે છે ને કે 'તારો ધણી ચંડ હોય કે સોમ...' એટલે આ મારી પત્ની નંદિની જ હોય, એય કહે છે ને કે મારો ધણી અહીં ક્યાંક જોતો બેઠો હશે. એટલે એને ખબર નથી કે આ હું પાછળ જ ઊભો છું. મને નહિ જોઈને તો આ સંતલસ એણે ચલાવી. હવે કહે છે 'ધણી અહીં છે તેથી ચિંતા નથી. હું જાઉં છું ઘરે, ને તું આવજે ત્યાં' કેવી કુશીલા એ ? બસ, નક્કી એ ઘરે પહોંચવાની ને એની પાછળ આ પણ પહોંચી એને ભેગો થવાનો ઓહોહો ! આટલી બધી લુચ્ચી એ ?'

લઈ લીધું માથે પોતાની પત્ની જ કલ્પીને એના પર ઉતાર્યું. આ બધું હવે એ ઝાલ્યો રહે ? વિચારે છે કે ત્યારે મારે હવે શું કરવું ?' એમાં કુદરતી એજ વખતે નાટકિયે ગીત ગાયું કે 'જે માણસ જેને વહાલું હોય, એ જો બીજા સાથે રમે, ને એ પેલો જાણે, તો એના પ્રાણ લે.' બસ, આ એના પ્રસ્તુત વિચારમાં

આગમાં ઘી હોમનારું થયું. ક્રોધથી એ ખળભળી ઊઠ્યો. એટલે એ વિચારે છે, ‘બસ, ત્યારે જાઉં હું ઘરે, પણ ટૂંકા રસ્તે જ જાઉં, જેથી એ બંનેની પહેલાં પહોંચી જાઉં, ને એ આવે કે ખબર લઉં.’ એમ કરીને ઝટપટ ત્યાંથી ભાગ્યો ઘરે.’

ક્યાં ગયું નાટક જોવાનું ? જોવાનો રસ તો હતો ને ? પણ કહો, બીજો રસ બળવાન ઊભો થઈ ગયો એટલે એ દબાઈ ગયો. વાત આજ છે કે,

**ખરાબ લાગણીઓને દબાવવી હોય તો સામે કોઈ સારા રસનું કાર્ય ઊભું કરો.**

**ક્રોધને દબાવવા ઉપાય :-**

દા.ત. ક્રોધની લાગણી વારે વારે સતાવી રહી છે, તો એની સામે નવકારમંત્રના સ્મરણનો રસ ઊભો કરાય. મનને એમ સમજાવાય કે ક્રોધ કરવાથી કદાચ તાત્કાલિક કોઈક લાભ દેખાશે તો ય તે તુચ્છ છે અને દિલથી યાદ કરેલ નવકારનો લાભ અપરંપાર છે. ક્યાં અહીંના લેભાગુને મગજમાં ઘાલવાનું ? ને ક્યાં એ ઉત્તમ પંચ પરમેષ્ઠીને મનમાં વિરાજમાન કરવાનું ? ક્યાં આ ધમધમાટ ? ને ક્યાં એ પરમેષ્ઠીને નમસ્કાર ? જુઓ, મોહમૂઢોને મગજમાં ઘાલવાનું ને પ્રેમ કે ગુસ્સો કરવાનું તો જગતમાં બધે મળે છે, મળ્યું છે, અનંતાનંત કાળ એ કર્યું છે, પણ આ પરમેષ્ઠીને મગજમાં બીરાજમાન કરવાનું ને એમને નમસ્કાર કરવાનું ક્યાં મળે ? તો પછી લાવને આ જ કરું.’ એમ મનને સમજાવાય, તો એનો રસ ઊભો થાય, ને અવસરે એ કામ કરી જાય; ગુસ્સાની લાગણી ભૂલાવી મનને એ નવકાર-સ્મરણમાં લગાડી દે; તે પણ નજર સામે અનંતાનંત પરમેષ્ઠીને લાવીને જાણે દરેકને ચરણે માથું અડાડતો નમસ્કાર કરે છે. એ રીતે કલ્પીને નવકાર પુનઃ પુનઃ યાદ થાય. આ બને ત્યાં ગુસ્સો મોળો પડી જાય.

**પરસ્ત્રીદર્શન રોકવા ઉપાય :-**

એમ દા.ત. પરસ્ત્રી દર્શનનો રસ ઊછળે છે, એમાં આજના જમાનામાં કામના ઉન્માદવાળી મોટી છોકરીઓ અને બાઈઓના ઉદ્ભટવેશ આંખને આકર્ષવા જાય છે. જીવને રસ તો છે જ, પછી આંખ કેમ ત્યાં નહિ જાય ? હવે એને શી રીતે રોકવી ? એક ઉપાય આ છે, કે સારું આંતરદર્શન યા આંતરશ્રવણ કરવું. એટલે આ કરવાનું કે કોઈ સિદ્ધગિરિરાજ જેવી તીર્થયાત્રા યા ખૂબ આહ્લાદક આદીશ્વર દાદા જેવી જિનપ્રતિમા મન પર લાવવાની; ને ક્રમસર જાણે હમણાં જ એ યાત્રા કરી રહ્યા છીએ, યા એ જિનબિંબની પૂજાવિધિ કરી રહ્યાં છીએ, એ આંખ મીંચી મનની અંદરમાં જોવાનું. અથવા જાણે સીમંધર ભગવાન જ અંદરમાં પધાર્યા છે, ને સમવસરણ ઉપર વાણી વરસાવી રહ્યા છે; તે આપણે સામે બેસીને કાન દઈ સાંભળીએ છીએ. મનને સમજાવવાનું કે



**‘ઘેર બેઠા પણ એ ગિરિ ગાવે રે, શ્રી જ્ઞાનવિમળ સુખ પાવે,**
**નાગર સજ્જના રે કોઈ, સિદ્ધગિરિરાજ ભેટાવે.’...**

ઘેર બેઠા ભાવથી ગિરિરાજનાં ગુણગાન કરે, યાત્રા કરે, પૂજન કરે એ વિમળ જ્ઞાન એટલે કેવળજ્ઞાન પામે છે, વિમળ સુખ મોક્ષ પામે છે. તો આવા ઉચ્ચ લાભને દેનારા આ યાત્રા-પૂજાનાં આંતરદર્શનના કાર્યને છોડી, નરકમાં પરમાધામીની ભાલાની અણીઓ આંખમાં ભોંકાવે એવું પરસ્ત્રીદર્શનનું અધમ કાર્ય શા સારુ કરવું ? મનને આ સમજાવીને આંખ મીંચી એ આંતરદર્શનનું કે સીમંધર પ્રભુને મનમાં સાક્ષાત્ સાંભળવાના આંતરશ્રવણનું કાર્ય શરૂ કરી દેવાય, તો પરસ્ત્રીદર્શનનો રસ મોળો પડી એ દૃષ્ટિ બગાડવાનું કાર્ય અટકી જાય.

ચંડસોમને તો પોતાની પત્ની અને પેલા પુરુષની ખબર લઈ નાખવાનો રસ જાગ્યો એટલે નાટક જોતાં બેસવાનો રસ સૂકાઈ ગયો, એ ઊપડ્યો ઘરે, ઝટ પહોંચી ગયો, અને પેલા બેની રાહ જોતો ઊભો બારણા આગળ છૂપાઈને.

અહીં પેલા ત્રાહિત સ્ત્રી-પુરુષ તો કાંઈ આવવાના નહોતા; એટલે આ રાહ જોઈને ત્રાટકી રહ્યો છે કે ‘હમણાં પોતાની એ સ્ત્રી અને પરાયો પુરુષ ઝટ આવશે એટલે હું એમને ખબર પાડી દઈશ,’ પણ એ જલ્દી આવે શાના ?

છતાં એ ક્રોધમાં અંધ બનેલા ચંડસોમને એમ નથી થતું કે ‘ત્યારે શું ખરેખર એ મારી પત્ની જ હશે ? પત્ની હોય તો ત્યાંથી નીકળી ચૂકેલી ઝટ અહીં આવવી જોઈએ કેમ આવી નહિ ? તો હું ભૂલતો તો નથી ? લાવ, ઘરમાં જઈ જોવા દે કે પત્ની ખરેખર ઘરમાં છે કે નહિ ?’ ના, આવો કશો વિચાર એને આવતો નથી. એ તો નક્કી માની બેઠો છે કે ‘એ સ્ત્રી મારી પત્ની જ હતી, ને હમણાં આવશે.’

ઈર્ષ્યા ક્યાંસુધી લઈ જાય છે ? કેવા અસત્ય વિચારમાં ઘસડે છે ? ઠોકર ખાય તો ય ખોટી વિચારસરણીથી પાછા ફરવા ન દે ! અહીં ધાર્યા પ્રમાણે પત્ની ઝટ નથી આવી એ ધારણામાં ઠોકર લાગી. છતાં તો એ પત્ની નહિ હોય’ એમ જોવા તૈયાર નથી. એ તો ઈર્ષ્યાનો માર્યો કલ્પનામાં આગળ વધે છે કે ‘ભલે ને એ ઝટ ન આવી પણ જરૂર એણે પેલાનું ઘર કે કોઈ બીજું સ્થળ સાધ્યું હશે; ને અહીં તો બેન ઘરમાં હોય એટલે કબાડું કરવા અહીં આવે ય શેની ? પણ ફિકર નહિ, એનું કાળું કરીને ય આવવાની તો અહીં જ છે, તે ય નાટક પૂરું થતા સુધીમાં તો આવવી જ જોઈએ; કેમકે મારું એ નાટકમાંથી સમાપ્ત થયે આવવાનું તો જાણે જ છે માટે અહીં જ મને છૂપાઈને ઊભો રહેવા દે, હમણાં આવે કે તરત ખબર પાડી દઉં.’

**ચંડસોમે બેને માર્યા :-**

હજી તો આ વિચાર કરે છે એટલામાં બે જણ આવતા લાગ્યા. અંધારું છે એટલે મોં સ્પષ્ટ ઓળખાય એવા નથી. પરંતુ આ મૂર્ખને ક્યાં ચોક્કસ કરવું છે કે 'આ બંને ખરેખર મારી પત્ની અને પરપુરુષ જ છે કે બીજાં કોઈ ?' એ તો પોતાની પત્ની ને પેલા પુરુષને જ માની બેઠો છે, એટલે જેવા એ બંને જણ બારણામાં પેસવા જાય છે કે તરત જ એમના પર આણે તીક્ષ્ણ શસ્ત્રનો જીવલેણ ઘા કરી દીધો. ઊપડેલી ખણજ શાંત કરીને એ 'હાશ ! પાપીઓને પાપનું બરાબર ફળ દેખાડ્યું,' એમ કલેજે ઠંડક અનુભવે છે.

**ક્રોધના સ્વભાવ અને અભ્યાસ પર કાબુ :-**

કેવી રૌદ્રધ્યાનની નરકદાયી પરિણતિ ! ઘોર કૃત્ય કરવાની કેટલી જાલિમ લેશ્યા, અને એ કરવા પર શી પિશાચી ઠંડક ! ક્રોધને નાનપણથી ફાલ્યો-ફૂલાવ્યો હોય, પોષ્યો, મહાલાવ્યો હોય તો આવી ઊંચી ડિગ્રી-કક્ષા સુધી પહોંચી જાય એમાં નવાઈ નથી. એ તો અવસર પર આધાર છે. મનમાં ક્રોધના સારા અભ્યાસ કર્યા પર એવો અવસર મળે એટલી વાર. જેવો અવસર તેવો ભડકો, પ્રકૃતિ અને અભ્યાસ ક્રોધના બનાવ્યા પછી અવસરે એનો પારો શાનો કાબૂમાં કે માપમાં રહે ? માટે જ એવા અણચિંત્યા અવસરે આપણે જાલિમ ક્રોધમાં ન ફસાઈએ એ માટે અત્યારથી જ ક્રોધના સ્વભાવ અને અભ્યાસ ઉપર કાબૂ મૂકી દેવા જેવા છે; એને અટકાવવા દબાવવા જેવો છે એ પણ વારે વારે, એટલે કે જ્યારે જ્યારે ક્રોધ ઊઠે ત્યારે ત્યારે એને દબાવવો જ જોઈએ અને એના બદલે દયા-ક્ષમા-સમતાનો ભાવ ઊભો કરવો જ. લાંબા ગાળાનો જ્યારે એવો અભ્યાસ થાય ત્યારે ક્રોધિલા સ્વભાવ પર અંકુશ આવે, એ મોળો પડે, ને પછી એવા અવસરે પણ જાલિમ ગુસ્સો ન ઊઠે.

**નાના પણ ક્રોધથી બચવું :-**

બાકી જો ભરોસે રહ્યા કે 'આપણે કાંઈ એવો ઉગ્ર ક્રોધ કરતા નથી,' ને નીચેની કક્ષાના ક્રોધ કરતા રહ્યા તો અવસરે ભાન ભૂલતાં વાર નહિ લાગે. અત્યારે જે એવો ગુસ્સો નથી દેખાતો એનું કારણ તો એવો ભારે અવસર નથી આવ્યો એ છે; બાકી ક્રોધના સંસ્કારનો સ્વભાવ અને અભ્યાસથી ઘડાયેલા પડ્યા જ છે. માટે એવા ખોટા ભરોસે રહી ચાલુ નાના પણ ક્રોધને પંપાળવા દેવા મહલાવવા જેવો નથી.

એ તો ડર જ રહેવો જોઈએ કે 'રખેને હું આ જરૂર પડે ત્યારે ત્યારે ક્રોધ કરતો રહું છું એ ક્યારેક તેવા અવસરે ઉગ્ર રૂપમાં ફાટી નીકળે તો ?' ત્યાં મારા



તો બાર જ વાગી જાય. એવા ઉગ્ર ગુસ્સાનું અહીં ગમે તેવું મનમાન્યું ફળ દેખાતું હોય કે આત્મસંતોષ થતો હોય, પરંતુ એના નરકની અસંખ્ય વર્ષની દારુણ વેદનાના ફળ અસહ્ય છે, માટે એ આવી પડતા અટકાવવા માટે બહેતર છે કે અહીંનાં મનમાન્યા તુચ્છફળ કે આત્મસંતોષ મારે નથી જોઈતા. એ લાવનારા ક્રોધથી સર્યું. એવા ઉગ્ર ક્રોધની પૂર્વ ભૂમિકારૂપ ચાલુ ક્રોધિલા સ્વભાવ અને ક્રોધના અભ્યાસથી સર્યું. આવી ભાવી મહા અનર્થની આગાહી મન પર રાખી ચાલુ ક્રોધ ન કરવાનો દૃઢ નિર્ધાર જોઈએ, બરાબર ખબરદારી સાથેનો પ્રયત્ન જોઈએ. સમજી જ રાખવાનું કે,

**માત્ર ક્રોધ જ શું, કોઈ પણ નાના દેખાતા દોષમાં ય ભાવી મહાદોષનાં બીજ પડેલાં છે.**

એને વાવો-સિંચો-પોષો એટલે અવસર પામીને એમાંથી મોટા ઝાડ ઊગવાના. માટે પ્રારંભથી જ એના પર કાપ જોઈએ.

**ચંડસોમે મારેલા બે કોણ હતા ? :-**

પેલા ક્રોધાન્ધ ચંડસોમે બહારથી આવેલા સ્ત્રી પુરુષ પર જીવલેણ ઘા તો ઠોકી દીધો પણ એને ક્યાં ખબર છે કે આ હું મારા વહાલાને જ હણી રહ્યો છું ? બિચારા પેલા બે પર જ્યાં પ્રહાર પડ્યો કે એ ચીસ પાડી પડ્યા ધરણી પર, એ ચીસ સાંભળીને અંદરથી પત્ની નંદિની ઝટ પ્રકાશ લઈને બહાર દોડી આવી, ને ચંડસોમને હથિયાર સાથે જોઈ બૂમ પાડી ઊઠી કે

'અરે નિર્લજ્જ કસાઈ ! આ તેં શું કર્યું ? તારા જ પ્યારા ભાઈ-બેનને મારી નાખ્યા ?'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૬,અંક-૩૧,તા.૧૩-૪-૧૯૬૮**

**મરાવામાં ભાઈ-બેન ક્યાંથી ? :-**

મરાયેલા એ સ્ત્રી-પુરુષ ચંડસોમના ભાઈ અને બેન હતા. ભાઈ તો વહેલો નાટક જોવા ગયો હતો; પછી ચંડસોમ બેનને સ્ત્રીને ભળાવીને ગયેલો; અને તે પછી બેને નંદિનીને કહેલું કે 'ચાલો આપણે ય જોવા જઈએ.' ત્યારે નંદિનીએ તો ચંડસોમના ગુસ્સાખોર સ્વભાવના હિસાબે ના જ પાડેલી, એટલે નંદિનીને મૂકી, બેન એકલી નાટક જોવા ગયેલી. હવે નાટકમાંથી ભાઈ અને બેન સાથે આવતા હતા, પણ આ મૂરખ ચંડસોમે ક્રોધના અંધાપા અને ઈર્ષ્યાની આગમાં પત્ની નંદિનીને જ નાટક જોવા આવેલી અને પરપુરુષ સાથે મંત્રણા કરતી કલ્પેલી. તે એ પત્ની અને અન્ય પુરુષની કલ્પના પર પોતાને વહાલા પોતાના ભાઈ બેનને

ઓળખ્યા વિના એમના પર તૂટી પડ્યો, ને બેનાં મડદાં નીચે પાડ્યા !

પણ હવે ભાઈ-બેન જ મર્યા જાણી ક્રોધ કે ક્રોધખણજની શાંતિ-ઠંડક ઊભી રહે ?

**અપકૃત્ય કેમ કર્યું ? :-**

ચરિત્રકાર અહીં લખે છે કે 'ચંડસોમે આ પ્રહાર કરતી વખતે પરલોકનો વિચાર ન કર્યો, લોકમાં અપયશની પરવા ન કરી, પુરુષ કોણ છે એ પણ જોયું નહિ, ન્યાય-નીતિની બુદ્ધિ ન રાખી, સત્પુરુષના માર્ગની દરકાર રાખી નહિ, ને ઘા કરી દીધો.' આ ઉપરથી એ સમજવા મળે છે કે એવાં અપકૃત્યથી બચવું હોય ક્યારેય પણ એમાં ન ફસાય એવી સ્થિતિ રાખવી હોય તો,

**અપકૃત્યથી બચવાના ઉપાય :-**

(૧) પરલોકનો વિચાર રાખવો,

(૨) લોકનિંદાનો ભય રાખવો,

(૩) સંયોગની તપાસ, અને સ્થિતિનો ખ્યાલ કરો,

(૪) ન્યાય-નીતિની બુદ્ધિ જાગતી રાખો,

(૫) સત્પુરુષનો માર્ગ નજર સામે રાખો,

દુષ્કૃત્યોથી બચવા માટે અને અમૂલ્ય માનવ-જીવન અજવાળવા માટે આ કેવા સરસ ઉપાય ! જીવન ધન અને શાસનધનની કિંમત સમજો. આપણે અત્યારે કીડામંકોડા નથી, પશુપંખી નથી, પણ માનવ છીએ, શી વિશેષતા પર ? અને શા માટે ? એનો વિચાર લાવો, તો દેખાશે કે **ખાસ બુદ્ધિશક્તિ, વિવેકશક્તિ અને વિશિષ્ટ પુરુષાર્થશક્તિ ઉપર વિશિષ્ટ માનવપ્રાણી છીએ.**

આ શક્તિ મોટા દેવ પાસે પણ નથી. તેમ, આવા વિશિષ્ટ શક્તિસંપન્ન માનવ ભવનો મુખ્ય ઉપયોગ ખાનપાન માનસન્માન મેળવી લેવાનો ન હોય, પરંતુ આત્માનાં ઉર્ધ્વકરણનો હોય, વિશુદ્ધિકરણનો હોય, એ માટે વળી આવા સુંદર જીવનધન ઉપરાંત શાસનધન મળ્યું છે. જગતમાં જુઓ જિનશાસન જેવું બીજું કયું શાસન છે ? શાસને બતાવેલા દેવ-ગુરુ-ધર્મની હરોળમાં આખા વિશ્વમાં જોઈ વળો બીજા દેવ-ગુરુ-ધર્મ ક્યાં છે ? દેવ વીતરાગ-સર્વજ્ઞ ગુરુ નિર્ગ્રન્થ અને ધર્મ સ્યાદ્વાદ યુક્ત જીવાજીવાદિ નવતત્ત્વનાં સમ્યગ્દર્શન-જ્ઞાનમય તથા અહિંસા-સંયમ-તપના સમ્યક્ ચારિત્રમય, બીજે ક્યાં જોવા મળે ? તો પછી આવા સુંદર સર્વશ્રેષ્ઠ શાસન ધનને પામવા પર આપણાં જીવનમાં એનો કોઈ ઉપયોગ નહિ ? ને 'ખા ગયા ખો ગયા' ના ખેલ જેવા ધનાર્જન, કુટુંબરમણ અને ઉદરંભરણના કાર્યમાં જ જીવન બરબાદ ? મળેલા મહા શાસનધનનો ઉપયોગ કરવો હોય તો આ કરો,

**શાસનસંપત્તિના સદુપયોગ માટે :-**



**(૧) પરલોકનો જાગતો વિચાર રાખો** કે 'અહીં જે કાંઈ કરીશ, બોલીશ, વિચારીશ એના સંસ્કારો પડતા જ જશે અને એનો પાક પરલોકે અનુભવવો જ પડશે. સારાનો સારો, ને નરસાનો નરસો.

**પૂર્વના ચાલી આવેલા નરસા સંસ્કારોનો અહીં જેટલો હ્રાસ કરતા ગયા એટલો ભવાંતરે આત્માનો ઉદય થવાનો.**

**એના બદલે એનું જેટલું દઢીકરણ અહીં કર્યું, એટલું મહા અધઃપતન પછીના ભવોમાં વેઠવું પડશે.**

માટે વિષયો અને કષાયોના સંસ્કાર કે જેનાથી અહીં પણ મરી રહ્યો છું એને હવે દઢ કરવા જેવા નથી. એ એની પ્રવૃત્તિ ઉપર કાપ મૂકતા જવાય તો જ બને.' આવો આવો કેટલોય પરલોકનો વિચાર જાગતો રાખવો જોઈએ.

**(૨) એમ, લોકનિંદાથી ડરવાનું રાખો.** હલકી વૃત્તિઓ, હલકી બોલી, હલકાં કૃત્યો, હલકી મિત્રાચારી વગેરેથી લોકમાં અપયશ મળે છે, શાસનધનનો ઉપયોગ કરવો હોય તો આનો ભય રાખી એવી હલકી બાબતોથી આઘા જ રહેવું જોઈએ. 'લોકની શી પરવા ?' એવો ઘમંડ રાખવા જેવો નથી; કેમકે એમ બેપરવાઈ કરીને લડાઈ આચરવામાં લોકના ચિત્તને સંક્લેશ થાય છે, લોકો ધર્મ તરફ સૂગવાળા બને છે. એથી એ બિચારા દુર્લભબોધિ બને છે. તો એમના પ્રત્યે એવી નિર્ઘૃણતા કેમ રખાય ! એમ,

**(૩) દરેક પ્રવૃત્તિ કરતાં આસપાસનાં સંયોગોનો વિચાર જોઈએ.** કાંઈ પણ બોલીએ-ચાલીએ એ પહેલાં આજુબાજુના સંજોગોની તપાસ કરવી જોઈએ, એનો ખ્યાલ કરવો ઘટે. નહિતર ઊંધા વેતરણ થાય, ને પસ્તાવું પડે. ચંડસોમને એ આવીને ઊભું રહે છે.

**(૪) એમ આપણી સ્થિતિનો પણ વિચાર જોઈએ.** દેખાદેખી દોડવામાં આઘા જઈને પાછા પડવાનું થાય. અથવા શક્ય સારું કરવાનું, કાયરતા વગેરેથી, ગુમાવવાનું થાય.

**(૫) વળી ન્યાય-નીતિની બુદ્ધિ સદા જાગતી રાખવી જોઈએ.** આપણે આપણી પ્રત્યે બીજાઓ તરફથી શું ઇચ્છીએ છીએ, ન્યાયી કે અન્યાયી રમત ? નીતિ કે અનીતિખોરતા ? આપણે માલ લેવા જઈએ તો વેપારી નીતિમાન રહે એવી અપેક્ષા રાખીએ અને આપણે બીજાને માલ આપવાનો હોય એ વખતે આપણે અનીતિ કરીએ તો ચાલે ? અનીતિ અન્યાયની બુદ્ધિ તો, બીજો ગમે તેટલો ધર્મ કરો છતાં હૃદયને મહાક્લુષિત કરે છે, અધમાધમ બનાવે છે. મળેલું શાસનધન મળ્યું સાર્થક કરવું હોય તો માર્ગાનુસારિતાનો આ પહેલો ગુણ 'ન્યાયસંપન્નતા'

ગુણ જીવનમાં વણાઈ જવો જોઈએ. બુદ્ધિ જ ન્યાયના માર્ગ પર ચાલ્યા કરે. અન્યાયનો વિચાર જ નહિ, પછી આચરણ શાનું ? ન્યાયનું જ ને ?

**(૬) એમ, શાસનધન અને જીવનધનને ઊંચા ફળવાળું કરવા માટે સત્પુરુષોનો માર્ગ નજર સામે ને નજર સામે જ રાખ્યા કરવાનો.** પૂર્વના મહાન પુરુષો કેવા કેવા પ્રસંગમાં ને કેવી કેવી સ્થિતિમાં કેમ વર્ત્યા એનો ખૂબ અભ્યાસ કરવા જેવો છે. વારંવાર એમનાં સત્પરાક્રમો અને સદ્‌ગુણોનાં વર્તનનાં સ્મરણ રહ્યા કરે, તો આપણા જીવનમાં એ દીવાદાંડીરૂપ બને. આપણને એથી જોમ મળે, જાગૃતિ મળે, માર્ગદર્શન મળે. એમ ને એમ પણ, ઉત્તમ પુરુષોએ કેવી કેવી ઉત્તમ વિચારણાઓ કરી, ભાવનાઓ કરી, કેવા કેવા ઉત્તમ ઉદ્‌ગાર કાઢ્યા, ઉત્તમ આચરણ કર્યાં, વગેરેનું વારંવાર સ્મરણ કરીએ, એથી પણ ચિત્ત નિર્મળ બનતું આવે છે. ત્યારે જીવન જીવવામાં એની છાયા પડે એ લાભ તો જુદો.

જીવનધન અને શાસનધન પામ્યાને સુંદર સફળતા પ્રાપ્ત કરાવવા માટે આ પરલોકનો વિચાર વગેરે સુંદર ઉપાયો છે. એથી ઘણાં ઘણાં અપકૃત્યોથી બચી જવાય. પેલો બિચારો ચંડસોમ ક્રોધ અને ઈર્ષ્યામાં અંધ બનેલો. એ પરલોકવિચાર વગેરે કશું રાખવા તૈયાર નથી, તેથી પોતાની એક અસત્ કલ્પના પાછળ પોતાની પત્ની અને પરપુરુષ માની સ્ત્રી-પુરુષનો ઘાતક બન્યો. પણ હવે જ્યાં ઘરમાંથી એની પત્ની નંદિનીએ આવી રાડ મૂકી કે 'અરે દુરાચારી ! આ તેં શું કર્યું ? તારા જ વહાલા ભાઈ-બેનનો ઘાત કર્યો ?' ત્યાં એ ચોંક્યો.

**ચંડસોમનો પશ્ચાત્તાપ :-**

હવે એનો ક્રોધ અને ક્રોધની ખણજ ઉતાર્યાની શાંતિ ક્યાંય પલાયમાન થઈ ગઈ, ને માથું કૂટતો પોક મૂકીને છાતીફાટ રુદન કરે છે કે 'હા હા આ મેં શું કર્યું ? કેવું ઘોર કૃત્ય કરનારો હું પાપી ? ક્રોધમાં આંધળા બનેલા મેં મારા જ હાથે આ શું કરી નાખ્યું ? હે બાળા સોમા ! હે લાડકા ભાઈ ! તમે ક્યાં ગયા ? આ મેં તમને પ્રાણથી વધુ વહાલા કરી સંભાળ્યા ને મેં જ તમારા પ્રાણ લીધા ? ઓ મા ! ઓ બાપુ ! આ તમારા પ્યારા બચ્ચાઓને મેં મારી નાખ્યા ? કેટલો અધમાધમ નરરાક્ષસ હું'

બીજી બાજુ નંદિની પણ વિલાપ કરવા લાગી, 'હે દિયરિયા ! હે બાળા ! અરે રે આ તમારા પર કેવું મોત !'

**ચંડસોમનો આપઘાત નિર્ણય :-**

ચંડસોમ પણ કલ્પાંત કરે છે.' હાય ! આ મેં ક્રોધમાં શું કરી નાખ્યું ? જે બાળને કેડ પર બેસાડી ફેરવ્યો-રમાડ્યો, એને જ મેં કેમ છેદી નાખ્યો ? હે મારી



બેન ! તારો પ્રેમ કેટલો બધો, ને મેં પાપીએ તારા પ્રાણ લીધા ? હે મા ! તું તો પિતાજીની સાથે તીર્થયાત્રાએ ચાલી પણ મને ખાસ ભલામણ કરતી ગઈ કે દીકરા ! આ બે બાળકોની બરાબર સંભાળ રાખજે. પણ આ મેં પાપાત્માએ શું કર્યું ? અરે ! મારા મનને કોડ હતા કે આમના વિવાહોત્સવ કરીને નાચીશ. પણ જુઓ તો ખરા મેં કેવું ઘોર વૈરીનું કૃત્ય કર્યું ! શું કરું હું ? હું હવે જીવવા લાયક નથી. સમુદ્રમાં ડૂબી મરું ? પર્વત પરથી ઝંપાપાત કરું ? તો પણ મારી શુદ્ધિ ના થાય. સવારે હું લોકોને મોં શું બતાવીશ ? હે પાપિયા જીવ ! દુષ્ટ ! નરાધમ ! બસ, હવે તો તારા માટે ચિતા સળગાવી એમાં ઝંપલાવીને બળી મળવું જ સારું છે.'

**પાપલેશ્યા કરતાં જોરદાર ધર્મલેશ્યા જરૂરી :-**

દુષ્કૃત્યની ભાવનાનો આવેગ વધારે ? કે પશ્ચાત્તાપની ભાવનાનો ? માણસને દુષ્કૃત્ય કરતાં વિચાર નથી રહેતો, તેથી બેફામ પાપલેશ્યામાં ચડે છે. પરંતુ જો ખરેખર પસ્તાવો થાય તો એ દુષ્કૃત્યાચરણનો ડંખ પણ એટલો જબરો હોય છે કે સંતાપની લેશ્યાની હદ નહિ. અને વાત પણ સાચી છે કે જ્યાંસુધી પાપલેશ્યાના આવેગને ટપી જાય એવો અકાર્યસેવન પ્રત્યેના પશ્ચાત્તાપનો આવેગ ન જાગે, દિલદુભામણમાં જોસ ન આવે, એવી જોરદાર ધર્મલેશ્યા ન જાગે, ત્યાંસુધી પાપના ભાર શી રીતે ઊતરી શકે ?

ચંડસોમને ક્રોધ અને ઈર્ષ્યાના જોસમાં બીજું કશું વિચારવાની પરવા નહોતી પણ અત્યારે પોતાના જ હાથે પોતે ક્રોધ-ઈર્ષ્યાથી પ્રેરાઈ અણધારી રીતે સગા ભાઈ-બેનનાં જ જાતે મોત નીપજવ્યાનું દેખે છે, ત્યાં પોતાની કેટકેટલી અધમતા લાગી હશે કે હવે જાતને બળતી ચિંતામાં ઝંપલાવી દેવાનું નક્કી કરે છે.

**લોકને દયા :-**

સવાર પડી. રોકકળથી લોક ભેગું તો થવા જ માંડ્યું હતું, અને એમાં ચંડસોમ ગામ બહાર જઈ ચિતા સળગાવી એમાં પડીને બળી મરવાની તૈયારી દેખાડે છે એથી લોકોને હવે એની દયા આવી જાય છે અહીં પૂછો ને,

**અપરાધી પર ગુસ્સાને બદલે દયા કેમ ? :-**

**પ્ર.-** લોકોને ચંડસોમ પર એણે કરેલી હત્યાથી ગુસ્સો ન ચડે ? દયા શાની આવે ?

**ઉ.-** ગુસ્સો ચડે; પણ જગતમાં જોજો કે અપરાધી જો પોતે જ અપરાધનો ઈકરાર કરતો હશે અને ભારે પસ્તાવો દેખાડતો હશે, તો સામાની એની પ્રત્યે લાગણી ઊભરાય છે જીવનમાં આ અનુભવ કરી જોવા જેવું છે. તમારા હાથે કોઈ ભૂલ થઈ, કોઈ ઉતાવળું કામ થઈ ગયું, અને સામેથી કોઈ પૂછી શકે એવી વ્યક્તિ પૂછવા આવી કે 'કેમ આ કર્યું ?' હવે ત્યાં જો તરત તમે સહૃદયતાથી કહો કે 'આ

મારી ભૂલ થઈ છે. મારા હાથે ઉતાવળ થઈ ગઈ છે,' તો એની અસર પડશે. સામો આવેશમાં ચડીને આવ્યો હશે કે 'આને બરાબર ધમકાવી કાઢવો,' પણ એનો એ આવેશ મોળો પડી જશે. આ તો સામાના પૂછવા પર આટલી સામાન્ય દુઃખ વ્યક્ત કરવા સાથેની ભૂલની કબૂલાતમાં; પરંતુ સામાના વગર પૂછ્યે પણ જો તમે જાતે જ તમારા અપકૃત્યનો ભારે પશ્ચાત્તાપ વ્યક્ત કરતા હો, છાતીફાટ રુદન કરતા હો, ભૂલની સામે હવે કોઈ ભારે સજા જાતે જ લેવાની તૈયારી કરતા હો, તો તો મજાલ નથી કે સામાના દિલમાં એવો ગુસ્સો ટકી શકે ? એને પીગળ્યે જ છૂટકો.

આ કેવો સરસ મંત્ર છે ?

**બીજાના ગુસ્સાને પીગાળી એનામાં દયા ઊભી કરવાનો મંત્ર આ, કે આપણી પોતાની ભૂલનો નિખાલસ દિલે અને દુઃખનાં સંવેદન સાથે સ્વીકાર કરવો.**

ઘડીભર આપણને લાગે કે આમાં આપણું માન હણાય, આપણે હલકા પડીએ, અથવા કેટલીક વાર આપણે કેટલું વાજબી લાગતું હોય તેમાં હવે ગેરવાજબીપણાનું આપણા મોઢે કેમ બોલાય ? પરંતુ આ ટૂંકી દૃષ્ટિનો વિચાર છે. કેમકે વિચારવા જેવું તો આ છે, કે

**માનની લાગણી જીતવા, :-**

શું આપણા માનની રક્ષા લાભદાયી, કે આપણા પર સામાનો સદ્‌ભાવ ટક્યો રહે યા વધે, એ લાભદાયી ? પદાર્થ ઓળખવા જેવો છે; આપણું માન તો આપણા મનથી મળેલું છે, સામો એ મંજૂર કરે કે ન ય કરે; જ્યારે સદ્‌ભાવ તો એના દિલમાં અંકાઈ જાય છે અને એ સામાના દિલમાં આપણા પ્રત્યે ખરું માન ઊભું કરે છે. તો આપણા કલ્પેલા માનના કરતાં આ વાસ્તવ માન શું ખોટું ? વળી સામાને આપણા માટે એ ખરું માન ઊભું થયા પછી તો સામો અવસરે ઉપયોગી થાય છે, આપણા અંગે બહાર સારું બોલે છે. આપણી નિંદા એ સ્વયં કરશે તો નહિ, પણ બીજા કરનારને ય જરૂર પડ્યે રોકશે.

**સામાના સદ્‌ભાવ અને બહુમાન તો બહુ ઉપયોગી છે.** પરંતુ માણસ એના આગામી મહાન લાભ જોતો નથી, તેથી એને મૂકી ભળતા ઉપાયમાં લાગ્યો રહે છે, માનની ભૂખમાં તણાયો અને 'હું કેમ ખોટો પડું ? હું કેમ મારી જાતને હલકી પાડું ?' આવા ખ્યાલમાં ઘસડાયો સામાના સદ્‌ભાવને ગુમાવે છે, દુર્ભાવ વહોરે છે, જે એને જીવનમાં આગળ પર નુકસાન કરનાર બને છે.

ચંડસોમને તો પોતાને જ પસ્તાવો એટલો બધો સળગી રહ્યો છે કે જાતના માનનો વિચાર જ નથી કે જાત હલકી પડવાની ય ચિંતા નથી રહી; એટલે પોતે જ પોતાનાં અધમ દુષ્કૃત્યને જાહેર કરતો એની સજડ સજા તરીકે ચિંતામાં બળી



મરવાની દોડાદોડમાં છે. હવે આ જોઈને ગામવાસીઓને એના દુષ્કૃત્ય પર ગુસ્સો કરવાનો અવસર જ ક્યાં રહે ? હવે તો એના બદલે ચંડસોમ પર લાગણી ઊભરાઈ આવે છે, દયા ઊભરાય છે અને બળી મરતો ગમે તેમ કરી અટકાવવા મથે છે. એને કહે, 'જો ભાઈ ! હવે આ કલ્પાંત રહેવા દે. થઈ ગયું, તે થઈ ગયું. હવે તારા રોવાથી કે બળી મરવાથી કાંઈ મરેલા જીવતા થવાના છે ? માટે મરવાનો વિચારે ય કરીશ નહિ.'

**લોકસહાનુભૂતિના ઉપાય :-**

જોવા જેવું છે કે જે કરેલી ઘોર હત્યામાં લોક પીટવા કે ફિટકારવા તૈયાર થાય, એ જ લોક આટલી બધી સહાનુભૂતિ બતાવે છે ! એનું કારણ, ભૂલશો નહિ, ચંડસોમનો (૧) નિખાલસ ઈકરાર, (૨) બળતા દિલનો પશ્ચાત્તાપ, અને (૩) તેવી ભારે સજા ભોગવી લેવાનો નિર્ધાર છે. આ ફરીથી એટલા માટે યાદ કરીએ છીએ કે લોકની સહાનુભૂતિ મળવાથી અનેક લાભ છે.

**લોકસહાનુભૂતિના શા લાભ ? :-**

(૧) લોક આપણી નિંદા ન કરે એથી આપણા ચિત્તમાં એ નિંદાના નિમિત્તે થતો સંકલેશ, કષાય, ખરાબ ભાવ, અટકી જાય. એથી કર્મ અને કુસંસ્કારનો કચરો ન વધે,

(૨) લોકોને પણ એવા ચિત્તસંકલેશ અટકવાથી બચાવ મળે.

(૩) લોક અનુકૂળ થવાથી આપણને અવસરે બાહ્ય આભ્યન્તરમાં સહાયક થાય; બાહ્ય કાર્યમાં વિઘ્નરૂપ ન બનતાં કમમાં કમ હિંમત-આશ્વાસન-મીઠી નજર દ્વારા મદદરૂપ બને; અને આભ્યન્તર સારા ભાવમાં પ્રેરક-સમર્થક થાય. આપણે એવા સાત્ત્વિક નથી, ને એવા આત્મનિષ્ઠ નથી કે બાહ્યની પરવા મૂકી શકીએ, બાહ્યની અસર ન લઈએ, અને આપણા શુભભાવ તથા સાધનામાં સ્થિર રહીએ. બાહ્યની અસર થાય જ છે. માટે ખરાબ અસરથી બચવાનો લાભ ત્યારે જ મળે કે લોક આપણાથી વિરુદ્ધ ન હોય.

માટે લોકની ઉપેક્ષા કરવા જેવી નથી કે મારે લોકની શી પરવા ? લોકને ચિત્તસંક્લેશ ન થાય એટલી દયા ખાતર પણ લોકોના ભાવ ન બગડે એ ધ્યાન રાખવું જોઈએ.

**ચિતામાં પડતો રોકે છે :-**

ચંડસોમને તો સહેજે સહેજે પોતાના પ્રચંડ પશ્ચાત્તાપ અને સજા ભોગવવાની તૈયારી જોઈ લોક અનુકૂળ થઈ જાય છે. એટલે એને બળી ન મરવા સમજાવે છે. છતાં ચંડસોમ તો દોડ્યો ગામ બહાર, ચિતા ખડકી; સળગાવી, જેટલામાં એમાં

પડતું મૂકે એ પહેલાં જુવાનિયાઓ જઈને એને રોક્યો; પકડી રાખ્યો, અને ત્યાં ગામના પ્રૌઢો પણ આવી ગયા.

ચંડસોમ કહે 'અરે ભટ્ટો ! મને પાપીને મરતો કેમ રોકો છો ?' છતાં એ તો અટકાવી જ રહ્યા છે. આપણે નાની ય ભૂલ કબૂલવા અને એનો સંતાપ કરવા તૈયાર નથી થતા, પણ અહીં જોવા જેવું છે કે ભૂલનો ઈકરાર, પશ્ચાત્તાપ અને જાતે સજા સ્વીકાર લોક પર કેવી જાદુઈ અસર કરે છે.

**પાપ નાબુદીની અજ્ઞાન કલ્પનાઓ :-**

ત્યાં એક સભા જેવું થયું. ચંડસોમ કહે, 'મને મરવા દો,'

ત્યારે લોકો કહે, 'ના; મરે શું કામ ? પાપનું પ્રાયશ્ચિત્ત છે.'

આ કહે 'તો મને પ્રાયશ્ચિત્ત આપો.' લોક એને બેસાડે છે, અને હવે એના મન પરથી ભાર ઉતારવા વારાફરતી એકેક જણ પાપ અંગેનું ખંડ ખંડ લોકશાસ્ત્ર બતાવે છે.

**પાપ નાબુદીનાં અજ્ઞાન શાસ્ત્ર :-**

**(૧) એક જણ કહે છે, 'અકામેન કૃતં પાપમ્, અકામેનૈવ શુદ્ધ્યતિ'** અર્થાત્ ઈચ્છા ઈરાદા વિના પાપ કર્યું હોય તો તે એ બિન-ઈરાદાથી જ શુદ્ધ થઈ જાય છે. તેં કાંઈ ભાઈ-બેનને મારી નાખું એવો ઈરાદો કર્યો નથી, એટલે એ તારા બિનઈરાદાથી જ એ પાપ તારું શુદ્ધ બની જાય છે.

પાપ નાબુદીની આ કેવી અજ્ઞાન કલ્પના છે ? કેમકે અહીં એ તો જાણે ભૂલાઈ જ ગયું છે કે (૧) પેલા નિરપરાધી ત્રાહિત સ્ત્રી-પુરુષને મારી નાખવાનો ઈરાદો અને પ્રયત્ન કર્યો એ જ પહેલો મોટો ગુનો છે. વળી (૨) રાભસ વૃત્તિથી વર્તાય એમાં અજાણ્યે બીજાને નુકશાન પહોંચે એનો ગુનો નહિ ? માણસ રસ્તામાં તલવાર કે લાઠીના અટાપટા ખેલતો ચાલે, ને એમાં અજાણ્યે કોઈ ઝડપમાં આવી જાય તો શું વાંધો નહિ ?'

**(૨) બીજો કહે છે, 'જિઘાંસંતં જિઘાંસીયાત્, ન તેન બ્રહ્મહા ભવેત્.'** અર્થાત્ "મારવાની (મરવાની) તૈયારીવાળાને મારવાની બુદ્ધિ કરે એમાં બ્રહ્મહત્યા ન લાગે ! તારા ભાઈ બેન મરવાની અણી પર હશે એટલે તને મારવાની બુદ્ધિ થઈ. એમાં તને શો દોષ ?" આ પણ કેવું અજ્ઞાન ? એમ તો કસાઈ ખૂની વગેરે કોઈ ગુનેગાર જ નહિ ગણાય. ખરી રીતે તો, મારવાની બુદ્ધિ થઈ. એમાં તને શો દોષ ? આ પણ કેવું અજ્ઞાન ? એમ તો કસાઈ. ખૂની વગેરે કોઈ ગુનેગાર જ નહિ ગણાય. ખરી રીતે તો, મારવાની બુદ્ધિ કરીએ જ મોટો ગુનો છે. પાપબુદ્ધિ જ અટકી જાય તો તો પછી પાપને બંધ થતાં વાર શી ? બાકી કોઈ કૂવે પડવાની



તૈયારી કરતો હોય, તેથી કાંઈ એને ધક્કો મરાય ? મારવાની બુદ્ધિ ખોટી. દોરડાને સાપ માની ઘા કરે, તો સાપ માર્યાનું જ પાપ લાગે.

**(૩) ત્રીજો વળી કહે છે, 'કોપેન યત્કૃતં પાપં કોપ એવાપરાધ્યતિ'** અર્થાત્ ક્રોધથી પાપ કર્યું તો ત્યાં વાંક ક્રોધનો છે. જીવનો શો વાંક ? જુઓ આ સ્વચ્છંદ શાસ્ત્ર ! ક્રોધ તે કોઈ પુરુષ છે કે એનો ગુનો ગણવાનો ? એ તો જીવની જ એક લાગણી છે ને એવી મેલી લાગણીનો કરનારો જીવ જ ગુનેગાર છે. પણ અજ્ઞાન-મૂઢ માન્યતાને આ ક્યાં વિચારવું છે ?

**(૪) ચોથો વળી કહે છે બ્રાહ્મણાનાં નિવેદ્યાત્મા શુદ્ધ્યેત્'** અર્થાત્ બ્રાહ્મણોને પોતાનું પાપ કહી દેવાથી આત્મા શુદ્ધ થાય." આ પણ પાપીઓને ફાવી જાય એવું સૂત્ર છે. બ્રાહ્મણો આગળ કહી દેવાથી જો પતતું હોય તો જીવો પાપાચરણમાં શું કામ બાકી રાખે ? અને પાપીવૃત્તિ અટકે જ શાની ?

**(૫) પાંચમો કહે છે "અજ્ઞાનાદ્ યત્કૃતં પાપં, તત્ર દોષો ન જાયતે.'** અર્થાત્ અજ્ઞાનને લીધે જ પાપસેવન થયું એમાં દોષ ન લાગે." આ પણ કેવી ઘેલી માન્યતા છે ? અજાણતાં સીડીઓથી પડે તો શું વાગે નહિ ? અજાણ્યે ઝેર ખવાઈ જાય તો મરે નહિ ? જગતનો મોટો ભાગ અજ્ઞાનતાથી જ પાપ કરે છે, પછી એને દોષ ન લાગે તો કેમ સંસારમાં ભટકતો રહે છે ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૩૨,તા.૨૦-૪-૧૯૬૮**

અજ્ઞાન લોકો બિચારા ચંડસોમને આશ્વાસન આપવા મથે છે, પણ આશ્વાસન એમ અપાય ? પૂર્વાપર વિરુદ્ધ અને ક્યાંકથી સંબંધ વિનાનું વાક્ય ઉપાડી લાવી ગમે ત્યાં લગાડી દે એ સંગત ન ગણાય. બધા લોકોને આ વાતો તેથી ગળે ઊતરી પણ નહિ. તેમ ચંડસોમનું દિલ પણ આ કબૂલ કરતું નથી. એટલે હવે ત્યાં જે બુઝર્ગ ગણાતા મોટા બઠરભટ્ટ હતા એ કહે છે,

'જો ભાઈ ચંડસોમ ! પાપ તારું મોટું છે. તેથી તું ઘર-સર્વસ્વ બ્રાહ્મણોને દાનમાં દઈ દે, મુંડન કરાવી દે, અને ભિક્ષાથી ચલાવતો, તીર્થોમાં સ્નાન કરતો ભમ. તો તારા પાપની શુદ્ધિ થઈ જશે.'

કહો, હવે આ પ્રાયશ્ચિત્ત તો બરાબર ને ? ના, અંદરનો પાપમળ બહારના જળસ્નાનથી કેમ ચોક્ખો થાય ?

**પાપનો મેલ આત્મા પર છે, ને તીર્થનાં સ્નાનજળ શરીર પર પડે છે. તો શું એથી મેલ શરીરનો ધોવાય કે આત્માનો ?**

એમ થતું હોય તો એ તો એવું થયું કે લુહારણને પ્રસૂતિ છે, ને ઘી કુંભારણ પીએ ? તો તેથી શું લુહારણને પુષ્ટિ મળે ?

ધર્મનંદન આચાર્ય મહારાજ રાજા પુરંદરદત્તને આ કહીને આગળ કહે છે કે 'હે નરનાથ ! પાણીથી શરીરનો મેલ ધોવાઓ, પણ આત્મા પર જે પાપમળ લાગેલો છે તે જળથી શી રીતે સાફ થાય ?' આમ કહીને આચાર્ય મહારાજ પોતે જ જે વિકલ્પો ઉઠાવીને આવી ઘેલી માન્યતાનું નિરાકરણ કરે છે, એને પ્રશ્ન-ઉત્તરરૂપે આ રીતે ગોઠવી શકાય.

**તીર્થજળથી પાપ ધોવાવા પર દલીલ અને ખંડન :-**

**પ્ર.**- શરીરથી આત્મા જુદો ક્યાં છે ? એ તો શરીરના અણુ અણુ સાથે લાગેલો જ છે. તો પછી તીર્થનું જળ શરીર સાથે સંબંધમાં આવ્યું એટલે આત્મા સાથે પણ સંબંધમાં આવ્યું જ ને ? તો તેથી આત્માનો મેલ પણ કેમ ન ધોવાય ?

**ઉ.**- એમ જો શરીરના સંબંધ દ્વારા આત્માના સંબંધમાત્રથી તીર્થજળ આત્માનો પાપમળ સાફ કરતું હોય, તો તીર્થના પાણીમાં રહેલ મગર-મચ્છ વગેરેને તો દીર્ઘ કાળનો એ સંબંધ છે, એટલે એ ધોવાઈ જવાથી એ બધાને સ્વર્ગ જ મળવું જોઈએ.

**પ્ર.**- ના, એમ એકલા સંબંધથી શું વળે ? એ મગર-મચ્છોને પાપમળ ધોવાનો વિચાર જ ક્યાં છે ? એ તો જેને એવો વિચાર હોય એનો પાપમળ સાફ થાય.

**ઉ.**- તો તો પછી તીર્થે ન જવા છતાં દૂર રહેલા લોક પણ એવો વિચાર કરીને પાપમળ ધુએ અને સ્વર્ગે જાય એવું કેમ ન બને ?

**પ્ર.**- ન બને. એમ ન બનવાનું કારણ એ છે કે એકલા વિચાર માત્રથી શું વળે ? એ તો તીર્થજળથી હું મારો પાપમળ ધોઉં એવી વિશિષ્ટ બુદ્ધિ સાથે એને ગ્રહણ કરે તો જ પાપમળ ધોવાય. મગરમચ્છોને એ રીતનું ગ્રહણ ક્યાં છે ?

**ઉ.**- જો એવી વિશિષ્ટ બુદ્ધિનું જ મહત્ત્વ હોય તો તો પછી પાપ ધોવાની બુદ્ધિથી ઘેર બેઠા કૂવાનાં પાણીને લઈને પાપ ધોઈ સ્વર્ગે જવાય એવું બનવું જોઈએ.

**પ્ર.**- એ કેમ બને ? કૂવાનું પાણી થોડું જ તીર્થજળ છે ?

**ઉ.**- તો ભલે એ નહિ સહી, પણ કોઈ તીર્થનું પાણી ઘરે મંગાવી એનાથી પાપ ધોઈને સ્વર્ગે જઈ શકે એવું બને ને ? પણ એવું તો માનતા નથી. કેમકે એમાં તો પછી તીર્થે જવાનું નિરર્થક થાય. એટલે તીર્થજળથી પાપમળ ધોવાની વાત જ નિર્યુક્તિક ઠરે છે.

**મરેલાનાં હાડકાં તીર્થજળે એ કેમ વાહિયાત ?**

એવી જ તર્કરહિત આ વાત છે કે ગમે ત્યાં મરેલાનાં હાડકાં ગંગાનદીમાં પધરાવવાથી એની સદ્‌ગતિ થાય, કેમકે,



(૧) આમાં તો દેહ મૃત-મરેલો છે, એટલે એમાંથી આત્મા ઊડી જ ગયો છે, તો એ ઊડી ગયેલાને શું લાગેવળગે ?

(૨) હવે એ પરલોકમાં ગયેલાને હું તીર્થજળથી પાપ ધોઉં એવો વિચારે ય ક્યાં છે ? અને અહીંના શરીરમાં જ એ પોતે જ નથી, એના દ્વારા પોતાને તીર્થજળનો સંબંધ પણ ક્યાં છે ? તો એ સંબંધ અને વિચાર વિના મળ ક્યાંથી સાફ થાય, ને સદ્‌ગતિ ક્યાંથી મળે ?

(૩) વળી એ પણ હકીકત છે કે મરનાર તો મરતાંવેંત જ પૂર્વે ભવાંતરના બાંધી ચુકેલા આયુષ્ય અને ગતિના હિસાબે, એ ગતિમાં ચાલ્યો ગયો; એ કાંઈ થોડો જ રાહ જોતો બેઠો છે કે મારાં હાડકાં ગંગાનદીમાં પધરાવે પછી આગળ વધું ? અહીંનું આયુષ્ય ખૂટ્યે જીવના હાથની એવી કોઈ વાત જ નથી. એ તો મરીને તરત કર્માનુસાર ઊપડી જ જવું પડે છે. પછી વખત વીત્યે હવે હાડકાં ગંગામાં પધરાવ્યે શું વળે ?

**ચંડસોમ અંતે અહીં :-**

આચાર્ય મહારાજ કહે છે, 'રાજન્ ! આવી રીતે મિથ્યા વાણીથી જેમ જગતના જીવો ઠગાય છે, એમ આ ચંડસોમ પણ ઠગાયો. તે આણે બિચારાએ પોતાનું સર્વસ્વ બ્રાહ્મણોને દાનમાં આપી દઈ મુંડન કરાવી પાપમળ ધોવા માટે તીર્થોમાં ભમવાનું શરૂ કર્યું એ ભમતો ભમતો અહીં આવી ચડ્યો છે, ને આ બેઠો છે.'

બસ, આચાર્ય મહારાજનાં આ વચન સાંભળીને ચંડસોમ ક્યાં બેઠો રહે ? એને તો પોતાની હકીકત સાંભળતાં કંઈ-કંઈ થતું જ હતું, તે હવે એ તો ઝટ ઊભો થઈ ગયો અને પાણી-પાણી થતો આગળ આવી આચાર્યદેવના પગમાં પડે છે, ને ચોધાર આંસુએ રોતાં કહે છે, 'ઓ બાપજી ! આપે જે કહ્યું તે રજેરજ સાચું છે. આપ મહાજ્ઞાની વિના આ મારા મનના ભાવ જેવા જેવા બન્યા તેવું, અને દૂર દેશમાં રહ્યે જે કાંઈ મેં દુષ્ટતા આચરી એ, યથાસ્થિત બીજા કોણ જાણી શકે ને કહી શકે ? અહો ! મેં મૂઢે ઈર્ષ્યા અને ક્રોધમાં આંધળા થઈ સુશીલ પત્નીને કેટલો બધો અન્યાય કર્યો ? અને વહાલા ભાઈ-બેનને કેવા જીવતા મારી નાખ્યા ? પાછો હીનભાગી કેવો કે એ પાપ ધોવાની બુદ્ધિ થવા છતાં અજ્ઞાનીઓની સલાહના રવાડે ચડી જ્યાં લેશ પાપ ન ધોવાય એવા તીર્થજળમાં સ્નાન કરવા અર્થે ભટકવા નીકળી પડ્યો પ્રભુ ! પ્રભુ ! આપ મહાજ્ઞાની છો તો મારો હવે ઉદ્ધાર કરો. મારાં કોઈક આડે હાથે થયેલા પુણ્યની બલિહારી કે મને અહીં આપ મળી ગયા.

**આપ આટલા બધા વિશિષ્ટ જ્ઞાની છો, તો મારાં પાપ કેમ ધોવાય એ પણ આપ જાણતા જ હો.** તો નાથ ! મહેરબાની કરો, અને આવાં ઘોર પાપનો નાશ કરવાનો

માર્ગ બતાવો. એ માર્ગ ગમે તેવો કપરો-કઠિન હશે તો પણ તે આચરવા તૈયાર છું. પાપ કરવામાં પાછું વળી જોયું નથી, કોઈ હદ રાખી નથી, તો પછી પાપનો ક્ષય કરવામાં જે કાંઈ અસહ્ય પણ કરવું પડે એમાં શા માટે પાછી પાની કરું ?'

જ્ઞાનીની બલિહારી છે. સામાની દુષ્ટતા અહીં સભા વચ્ચે ખુલ્લી કરે છે છતાં એને કાંઈ ખોટું નથી લાગતું કે 'મારી આવી વાત આ અજાણ્યા લોકોની વચમાં કેમ કહે છે ? કેમ મને હલકો પાડે છે ?' આવું એના મનમાં નથી થતું, એ બલિહારી જ્ઞાનીની છે. ત્યારે પૂછો

**પ્ર.- જ્ઞાની સામાનાં દુશ્ચરિત્ર કેમ ખુલ્લાં કરે ?**

ઉ.- આમ તો ખુલ્લાં ન કરે પરંતુ અહીં ખુલ્લા કરવાનું કારણ એ છે કે

(૧) એમ તો એ સામાને પોતાને જ થયેલો દુશ્ચરિત્રનો સળગતો પશ્ચાત્તાપ એ જાણે છે.

(૨) બીજું, એના ગામમાં એ વાત ખુલ્લી પડી જ ગયેલી હતી, અને હવે એને ઢાંકવાની એને કોઈ બુદ્ધિ જ નહોતી.

(૩) દુશ્ચરિત્રની શુદ્ધિની જ એને તમન્ના હતી, અને તે આ રીતે કહ્યાથી એને સાચો રાહ અહીંથી મળવાનો વિશ્વાસ ઊભો થાય એવો હતો, ને બોધ લાગવાનો હતો.

(૪) સભામાં કહેવાથી બીજાઓને યાવત્ મોટા રાજા જેવાને પ્રતિબોધ થાય એવું હતું.

(૫) વિશિષ્ટ જ્ઞાનીનો રાહ જુદો; જ્ઞાનમાં યોગ્ય લાગે તે કરે, ને જે કરે એમાં પોતાને કોઈ રાગ-દ્વેષનો વિકાર નહિ.

અહીં આ મજબૂત કારણો છે એટલે સભામાં અવધિજ્ઞાની આચાર્ય મહારાજ ચંડસોમનું ક્લુષિત કૃત્ય કહે છે. આના પર વિચાર કરીએ તો દેખાશે કે બીજાનો દોષ-દુષ્કૃત્ય બહાર ન કહેવાની પાછળ શું શું કારણ છે ?

**પરદોષ અંગે મૌન રાખવાનાં કારણ :-**

(૧) સામાને દોષ-દુષ્કૃત્યનો પશ્ચાત્તાપ નથી, ને આપણે એ અંગે મૌન ન રાખતાં બહાર કહેવા બેસીએ એટલે સામાને દ્વેષનો નવો દોષ ઊભો થાય. સ્વદોષનો ખરેખર પસ્તાવો હોય તો તો મનને એમ થાય કે 'આ ખુલ્લું થવાથી જે મારી હલકાઈ થાય એ નુકશાનની શી કિંમત છે ? ભયંકર નુકશાન તો મારા દુષ્કૃત્યથી જ મને થવાનું છે. મારી બેઆબરૂ કરતાં મારું તે દુષ્ટ કૃત્ય મહાભયંકર છે.' પણ આ ઉમદા વિચાર બહુ ઓછા જીવને આવે, બાકી મોટાભાગે તો માણસને પોતાની દુષ્ટતાનો પસ્તાવો ય નથી, અને લાગે છે કે નુકશાનકારી એ નહિ કિન્તુ બાહ્ય



અણગમતું બને એ છે. એટલે જ

**જે દિવસે આપણને બાહ્ય નુકશાન કરતાં આપણા પોતાના દોષ-દુષ્કૃત્યનાં નુકશાનો ભયંકર લાગશે તે દિવસે સોનાનો સૂરજ ઊગ્યો સમજો. આનો અવકાશ રહે એ માટે પરદોષ અંગે મૌન ભલું.**

પછી તો આપણે બાહ્યને ને બીજાને સુધારવાની ચિંતા કરતાં દોષને સુધારી આપણાં ભાવિ અહિતને સુધારી લેવાની ચિંતામાં પડશું. જગતના જીવોને આ દશા આવવાની બહુ વાર છે; એટલે જ એને એના દોષોનો એવો પસ્તાવો જ ન હોઈ આપણે એનું બહાર ગેઝેટિંગ કરીએ, જાહેર કરીએ, એથી કાંઈ એનામાં સુધારો ન થાય, પણ ઊલટું એનો દ્વેષ વધે. તો જે બોલવાનું સારું ફળ નહિ એ શું કામ બોલવું ? માટે પરદોષ અંગે મૌન જ રાખવું શ્રેયસ્કર છે. આ એક કારણ.

(૨) બીજું કારણ એ છે કે સામાને પોતાનાં દોષ-દુષ્કૃત્ય ઢાંકવાની એટલે કે કોઈ ન જાણી જાય, કોઈ એના તરફ આંગળી ન ચીંધે, એવી વૃત્તિ હોય છે. એટલે આપણે જો એ બહાર ગાઈએ તો એક તો એના મનને દુઃખ થાય, અને બીજું કદાચ હવે એ બીજો અનર્થ કરવા તૈયાર થાય. જેમકે, એવું એનામાં નથી એમ દેખાડવા કંઈક જૂઠ ચલાવે, પ્રપંચ રમે. તો પછી બીજાને દુઃખ થાય એવું શા માટે આપણે કરવું ? એથી ય આગળ વધી બીજાં નવાં પાપ નવા અનર્થ કરવા પ્રેરાય એવું નિમિત્ત શા સારું ઊભુ કરવું ?

**બીજાના દોષ ગાવામાં બીજાને દુઃખ અને પાપબુદ્ધિ આપવાની અધમતા થાય છે.**

**આપણી ઉત્તમતા આ છે કે બીજાને દુઃખ ન દઈએ, બીજાને પાપમાં નિમિત્ત ન બનીએ. એ માટે પણ પરદોષ અંગે મૌન રાખવું હિતાવહ છે.**

(૩) ત્રીજું કારણ એ છે કે મોટા ભાગે જીવોને પોતાના દોષ-દુષ્કૃત્યની શુદ્ધિ કરવાની તમન્ના નથી હોતી. એટલે આપણે એની બૂરાઈ પ્રગટ કરીએ એથી કાંઈ એને એ શુદ્ધિની તાલાવેલી જાગવાની નહિ. તો પછી શી જરૂર પરદોષ ગાવાની ? બીજાના દોષ કહેવાનું જ તો એને સુધારવાના જ ઈરાદે હોય ને ? પરંતુ એથી સામાને થોડો જ વિશ્વાસ ઊભો થવાનો છે કે મને સુધારાનો અહીં સાચો રાહ મળશે ? થોડો જ એને બોધ લાગવાનો હતો ? આવું કોઈ શુભ ફળ પરદોષકથનમાં દેખાય નહિ. **પછી નિષ્ફળ થૂંક ઉડાડવાની શી જરૂર ? એ અંગે તો મૌન જ ભલું.**

(૪) ત્યારે એવું પણ પ્રાયઃ નથી બનતું કે બહાર બીજાની આગળ કોઈના દોષ-દુષ્કૃત્ય કહેવાથી એ સાંભળનારને અને આપણને પોતાને પણ પ્રતિબોધ લાગે,

વૈરાગ્ય થાય, ને પોતાના કષાય અને દુષ્કૃત ઉપર ફિટકાર છૂટે, ઊલટું લગભગ એવું જ બને છે કે પર નિંદા ને પરની હલકાઈ ગાઈને ને સાંભળીને કષાય વધે છે; દોષિત પર દ્વેષ અરુચિ થાય છે. ઉપરાંત એના બીજા સુકૃત-સદ્ગુણ પરથી દૃષ્ટિ ઊઠી જાય છે. આમ આપણને અને સાંભળનારને કષાય ને દ્વેષ વધે અને ગુણદૃષ્ટિ ઊડી જાય એવું પરદોષ ગાવાનું શા માટે કરવું ? **પરદોષ અંગે તો મૌન જ કલ્યાણકારી છે; જેથી સ્વપરના કષાય વધે નહિ અને ગુણદૃષ્ટિ ઊડી ન જાય.**

(૫) ત્યારે એક મોટું કારણ આ છે કે આપણે એવા જ્ઞાની નથી, એટલે આવી પરદોષ પ્રકાશન જેવી પ્રવૃત્તિથી લાભ જ થવાની આપણને ખબર નથી. લાભની ખાતરી વિના પ્રવૃત્તિ કેમ કરાય ? ઊલટું આપણા દિલમાં પરદોષકથન કરવા પહેલાંથી દ્વેષ સળગવા માંડે છે, કથન કરતાં કરતાં એ વધે છે, ને પછી કહી રહીને જાણે ચળ ઊતરી એનો રાજીપો થાય છે. શાનો રાજીપો ! બીજાને હલકો ચિતરી એ હલકો પડ્યાનો રાજીપો ! કેવી આ આપણી અધમતા ? **પરદોષકથનમાં આમ આપણા ચિત્તમાં વિકાર વિકાર ને વિકાર ઊભા થાય છે. માટે પણ પરદોષ અંગે મૌન જ શ્રેયસ્કર છે.**

**સમાજનું ચિત્ર : ઘર ઘર પરદોષ દર્શન :-**

જ્ઞાની જે કરે તેમાં સ્વયં નિર્વિકાર હોય છે, અને લાભ થવાની ખાતરીવાળા હોય છે તેથી એમના રાહ જુદા. એ અવસરે પરદોષકથન કરે. પણ આપણે અજ્ઞાની હોઈ આ બંનેમાં એકેયનું ઠેકાણું નથી, એટલે આપણા માટે તો જ્ઞાનીએ ફરમાવેલ પરદોષમૌન વગેરે માર્ગ જ હિતકારી છે. આ ભૂલવાથી જુઓ જીવનમાં ને જગતમાં કેટલા અનર્થ ઊભા થાય છે, પરદોષ ગાવાના લીધે તો મોટા ભાગે કુટુંબીઓ તરફથી પણ અરુચિ અસદ્ભાવ ઊભા થાય છે, આજ ઘર ઘર આ જોવા મળશે આપણાં જીવનમાં પણ એ અનુભવ ક્યાં નથી ? અને ઘર સિવાય બહાર પણ આ કુટેવથી કેટલાયને આપણા વિરોધી બનાવાય છે, તેમ શ્રોતાના કષાયો વધારાય છે. જવા દો અનર્થનો હિસાબ કાઢવો; પરદોષ ગાવાની પાછળ સમાજ બરબાદ થઈ રહ્યો છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૩૩,તા.૨૭-૪-૧૯૬૮**

**ચંડસોમને ગજબ અસર :-**

અહીં સ્થિતિ જુદી છે. આચાર્ય મહારાજ જ્ઞાની છે, નિર્વિકાર છે, એમનો રાહ જુદો. એટલે એ ચંડસોમનું દુશ્ચરિત્ર જે ખુલ્લું કહે છે એનું પરિણામ એ આવ્યું



કે ચંડસોમ ઊભો થઈ ગયો, મહર્ષિના પગમાં પડી વિનવે છે પ્રભુ ! આપ આવા અદ્ભુત જ્ઞાની છો કે મારા મનની પણ રજે રજ વાત જાણો છો તેમ એ પણ જાણો છો કે મેં લીધેલો પાપશુદ્ધિનો માર્ગ કેમ ખોટો છે, બોગસ છે, તો પછી આપને સાચા માર્ગની ખબર તો હોય જ. માટે મહેરબાની કરીને મને સાચો રાહ બતાવો, ને પાપના નરકાગારમાંથી મારો ઉદ્ધાર કરો. પ્રભુ ! પ્રભુ ! હું તો આપને પામીને ન્યાલ થઈ ગયો છું. હવે આપના ચીંધેલા કપરા કઠિન પણ માર્ગે ચાલી પાપને સાફ કરી નાખીશ.

મહાજ્ઞાનીનો સમાગમ અને વાણી મળવા પર ચંડસોમ કેટલો બધો આવર્જિત થઈ ગયો છે કે ચરિત્રકાર મહર્ષિ કહે છે, ચંડસોમના દિલમાં આચાર્ય મહારાજ ઉપર અથાગ ભક્તિ અને સદ્ભાવ ઊભરાઈ આવ્યો, સંવેગ, ધર્મ પ્રત્યે ભારોભાર ચાહના ઊછળી પડી, હૃદય વૈરાગ્યવાસિત બની ગયું. હાથ જોડીને ઊભો થઈ ગયો, અને આચાર્ય ભગવાનના પગમાં પડી બે હાથથી મહર્ષિના ચરણ પકડી કહે છે,

"ભગવન્ ! આપે જે મારું દુશ્ચરિત કહ્યું તેમાં જરાય ફેરફાર નથી. એટલે પ્રભુ ! જેમ એ જાણો છો તેમ એ પણ જાણો જ છો કે મારાં અભાગિયાનાં પાપની શુદ્ધિ કેમ થાય. માટે ભગવંત ! મહા પાપસમુદ્રમાં પડેલ મારી ઉપર કૃપા કરો અને ઉપાય બતાવો; કેમકે સત્પુરુષો તો હંમેશા દીન અને પતિત ઉપર વાત્સલ્ય ધરનારા હોય છે."

**આચાર્ય ભગવાન શું કહે છે ? :-**

ધર્મનંદન આચાર્ય મહારાજ ચંડસોમને કહે છે, 'હે ભદ્રમુખ ! (કલ્યાણક તરફ દૃષ્ટિવાળા !) સમસ્ત સર્વજ્ઞ તીર્થંકર ભગવંતોએ આ પ્રમાણે ફરમાવ્યું છે, ઉપદેશ્યું છે, કે

**पुव्विं खलु भो कडाणं कम्माणं अप्पडिक्कंताणं**
**वेयइत्ता मोक्खो, नत्थि अवेयइता तवसा वा झोसइत्ता !**
**પૂર્વે કરેલા કર્મોથી છૂટકારો નથી, સિવાય કે**

(૧) પૂર્વે એનું પ્રતિક્રમણ, યાને પશ્ચાત્તાપ-આલોચના-પ્રાયશ્ચિત્તવહન દ્વારા એનાથી પાછા ફરવાનું કર્યું હોય, યા,

(૨) પછીથી એ કર્મોના વિપાક ભોગવી લેવાય, અથવા

(૩) તપથી એનો નાશ કરી દેવામાં આવે,

**કર્મ કેમ નાશ પામે ? :-**

અહીં દોષ-દુષ્કૃત્યથી ઊભા કરેલાં પાપકર્મોનો નાશ કરવાના ૩ ઉપાય બતાવ્યા,

**(૧) ગુરુ આગળ એ દોષાદિનું પશ્ચાત્તાપ ભર્યા શુદ્ધ હૃદયે યથા-સ્થિત**

**આલોચન-પ્રકાશન કરી એમણે આપેલા પ્રાયશ્ચિત્તને વહન કરવું,**

**(૨) પૂર્વ ભવના દોષથી ઉત્પન્ન પાપ-કર્મના ઉદય સહર્ષ વેઠી લેવા, અને**

**(૩) પૂર્વના સિલિક-કર્મના નાશ અર્થે તપધર્મની સાધના કરવી.**

**પાપશુદ્ધિ કેમ જરૂરી ? :-**

આ ત્રણેય ઉપાય આપણા જીવનમાં કામ લગાડવાના છે, જેથી પાપકર્મોની સાફસૂફી થાય. એટલું ધ્યાનમાં રહે કે દાન કરીએ, વ્રત લઈએ, દેવદર્શનાદિ પ્રભુભક્તિ કરીએ અને સાધુસેવા કરીએ, વગેરે ધર્મ આચરીએ એ સારું છે, જરૂરી છે, પરંતુ પાપશુદ્ધિ ઓછી જરૂરી નથી; કિન્તુ અધિક મહત્ત્વની વસ્તુ છે. ધર્મથી પુણ્ય વધે, પરંતુ પાપ, જો શુદ્ધિ ન કરી, તો નવાં નવાં પાપ કરાવ્યા કરશે ને એ ભવભ્રમણ ઊભું રાખશે. ત્યારે એક બાજુ ધર્મ કરીએ, છતાં બીજી બાજુ સંસાર ઊભો રહેતો હોય, તો એ કેટલું ખતરનાક ! માટે પાપશુદ્ધિ અતિ મહત્ત્વની છે. અહીં પ્રશ્ન થાય,

**એકલી ધર્મપ્રવૃત્તિ ન ચાલે :-**

**પ્ર.**- પાપશુદ્ધિ ન કરી, છતાં ધર્મ કરે એટલે સદ્‌બુદ્ધિ મળે ને ? પછી નવાં પાપ કરવાનું શી રીતે ઊભું થાય ?

ઉ.- આ રીતે કે પાપની શુદ્ધિ ન કરી એટલે એનાં શલ્ય દિલમાં કાયમ રહેવાના, પાપના અનુબંધ યાને પાપમાંની બીજશક્તિ ઊભી રહેવાની. પછી એ સદ્‌બુદ્ધિ થવા જ નહિ દે.

**પાપશુદ્ધિ વિના કરેલા એકલા ધર્મ-સેવનમાં પુણ્ય આપવાની તાકાત ખરી, પણ સદ્‌બુદ્ધિ આપવાની તાકાત નહિ. દિલનાં શલ્ય દિલને કલુષિત રાખે છે, ત્યાં એકલું ધર્મસેવન શું કરી શકે ? દિલને નિર્મળ ક્યાંથી બનાવી શકે ?**

**પાપની શુદ્ધિ નથી કરવી એની પાછળ હૃદય કેવું ?**

(૧) કાં તો પાપની ખબર જ નથી. અજ્ઞાનદશા છે. એટલે એમ થતું હોય કે ‘આમાં વળી પાપ શું ? ન કરાય એવું શા માટે ? સંસાર લઈને બેઠા એટલે બીજા સાથે કામ પડે, ચીજવસ્તુની જરૂર પડે; એટલે બધું કરવું પડે.’ આમ મિથ્યાત્વ ગાઢ કામ કરતું હોય, તેથી પાપશુદ્ધિ ન થાય.

(૨) અથવા પાપ તરીકેની ખબર તો હોય, પણ અતિ રાગને લઈને પાપાચરણ કરે, કિન્તુ હવે એની શુદ્ધિ કરવા ગુરુ પાસે જવું પડે, ત્યાં શરમ આવે, પોતાની માનહાનિ થવાનું લાગે. તેથી ગુરુની પાસે જાય નહિ, પાપ સેવેલ કહે નહિ. કદાચ કહે તો સફાઈથી કહે, જેથી પોતાની એવી હલકાઈ દેખાય નહિ.

**માન કેવા ભૂલાવે છે ? :-**



આમાં કાં તો ગાઢ મિથ્યાત્વ પોષાય છે, અગર માનકષાય, માયા, ને અતિ રાગ પોષાય છે. હવે એ જીવ બીજી ધર્મપ્રવૃત્તિ કરશે તો ય આ મિથ્યાત્વાદિ ક્યાં ખસવાના હતા ? અને એ ચીજો એવી છે કે બુદ્ધિ કલુષિત જ રાખ્યા કરે. પાપને પાપ જ માનવું નથી, ત્યાં હૃદય ચોક્ખું ક્યાંથી રહે ? મેલું મહામેલું જ કહેવાય.

ત્યારે પાપ તરીકે ભલે માન્યું, પણ બીજી બાજુ પાપ કરવા છતાં ગુરુ અને લોકની આગળ મોટાઈ-સારાપણું ઊભું રાખવું છે. એમાં માન કષાય એવો જોરદાર રહેલો છે કે જિનાજ્ઞા જે પાપશુદ્ધિ ફરમાવે છે એની પરવા નથી, અગર મન એ કબૂલે તો છે છતાં પાપ શુદ્ધ કર્યા વિના રહી જવામાં જે ખરાબી દેખાતી નથી એવી ખરાબી માન ઘવાવામાં દેખાય છે. આ કેટલો જોરદાર માનકષાય ? એ સદ્‌બુદ્ધિ ક્યાંથી આવવા દે ?

**ખરાબી ક્યાં ? અહીંની માનહાનિમાં કે પરલોકમાં ? :-**

આમ, સદ્‌બુદ્ધિ લાવવી હોય તો પાપ તરીકેની સચોટ માન્યતા, પણ જોઈએ, અને જિનાજ્ઞાના બહુમાનથી પાપની ખરાબી ભયંકર લાગવી ય જોઈએ. એવી ખરાબી માન હણાય એમાં ન લાગે. મનને એમ થાય કે જરા માન ઘવાવામાં તે શી ખરાબી હતી ? તો જ ગુરુ આગળ પાપની શુદ્ધિ કરવાનું બને. એ કરવાથી પાપનું પ્રતિક્રમણ થાય, તેથી પાપકર્મથી છૂટકારો મળે. બાકી તો પાપ ઊભાં જ રહે. હવે પરલોકમાં કાં તો એના ફળ ભોગવીને છૂટા કરાય, અથવા જોરદાર તપથી ખપાવાય, પરંતુ આ બંનેમાં કઠિનાઈ રહેવાની; જ્યારે અહીં શુદ્ધિ કરવામાં કઠિનાઈ ઓછી હતી.

**મરીચિએ** ઉત્સૂત્ર-ભાષણ કરી નાખ્યું, પછી સાધુ પાસે જઈને એની શુદ્ધિ કરવામાં શી એવી કઠિનાઈ હતી ? પરંતુ એ સૂઝ્યું જ નહિ. તો પછી હવે ઊભા રહી ગયેલા એ પાપકર્મને ભોગવવામાં કેટલી જાલિમ કઠિનાઈનો પ્રસંગ આવ્યો ! જન્મોનાં જન્મો સુધી જૈનધર્મથી જ વંચિત રહેવાનું બન્યું.

**ગોશાળાને** અંતે પાપનો પસ્તાવો થવા છતાં ભગવાન પાસે જઈને શુદ્ધિ માગવાનું ક્યાં બન્યું ? તો પછી ભાવી કાળે પાપકર્મોનાં કેટકેટલાં દુઃખદ ફળ ભોગવવાનો છે ?

**આ ભવનાં પાપ અંગે શું કરવું ? :-**

સારાંશ, આ જીવનનાં પાપોની, ગુરુની આગળ, શુદ્ધિ કરી લેવી એ જ કરવા જેવું સહેલું કાર્ય છે. ત્યાં પાપ ન માનવાનું મિથ્યાત્વ, અને પાપપ્રકાશનમાં માનહાનિનો ભય, એ બંને બાજુએ મૂકવા જોઈએ. ભગવાનનું આ ટંકશાળી વચન છે કે **‘પુવ્વિં ખલુ કડાણં કમ્માણં અપ્પડિક્કંતાણં વેયઈત્તા મોક્ખો નત્થિ અવેઈયત્તા’**

પૂર્વે કરેલાં કર્મ જો પ્રતિક્રમ્યા નથી, જો એની શુદ્ધિ નથી કરી લીધી તો પછી હવે ભવાંતરે એનાં કટુ ફળ ઊભાં થઈને જ એનો છૂટકારો થશે. અર્થાત્ અહીં જો પ્રતિક્રમે, શુદ્ધિ કરી લે, તો છૂટકારો અહીં જ થઈ જાય; એનાં ફળ ભોગવવાનું ઊભું ન રહે. આ આ જ જન્મનાં પાપની વાત. હવે

**ગત ભવનાં પાપ અંગે શું કરવું ? :-**

આની વિચારણામાં સૂત્રમાં એ જ આવે છે કે 'વેયઈત્તા મોક્ખો, તવસા વા ઝોસઈત્તા,' પાપકર્મનાં કટુ ફળ ભોગવી લેવાથી એનો છૂટકારો થાય અગર તપથી ખપાવીને પણ એનો છૂટકારો થાય, આમાં ય એ ખૂબી છે કે જેમ પેલી પાપશુદ્ધિમાં કઠિનાઈ ઓછી હતી, તેમ અહીં તપથી પાપ ખપાવવાથી મુશ્કેલી ઓછી છે. કારણ સ્પષ્ટ છે કે આપણે જોઈએ છીએ કે પાપકર્મ જ્યારે ઉદયમાં આવીને કટુ ફળ ઝીકવા માંડે છે, ત્યારે એમાં હદ રહેતી નથી. જીવનમાં અનુભવ છે ને કે કેટલીક દુઃખ-આપત્તિ કેવી જોરદાર વરસી જાય છે ? અથવા વર્ષોના વર્ષો પૂંઠે પડે છે તે કેડો જ ન મૂકે. આ શું છે ? પૂર્વના પાપકર્મનાં જટિલ ફળ આ હિસાબે એ પાપકર્મોના નાશ કરનાર તપ કરવામાં એટલી મુશ્કેલી નથી અહીં શંકા થાય

**પ્ર.-** શું તપમાં પાપનો નાશ કરવાની એવી તાકાત છે ?

**ઉ.-** હા, 'તવસા વા ઝોસઈત્તા' એ પ્રભુવચન કહી રહ્યું છે કે તપથી પાપકર્મોનો ઝોસ થાય, નાશ થાય, નહિતર એ જુઓને કે પ્રભુ પોતે જ શું કામ ઘોર તપની આરાધના કરત ? અને શા માટે ધન્ના-મેઘકુમાર જેવાને એવો તપ કરવા દેત ? કહી દેત ને કે 'રહેવા દે રહેવા દે ધન્ના, એમ કાયાને સુકાવી નાખવાથી કાંઈ નહિ વળે,' કેમ તપ કરવા દીધો ?

**પ્ર.-** તપ તો સદ્ગતિ અને સારી પુણ્યાઈ માટે થાય ને ?

**ઉ.-** (૧) ભગવાનને પોતાને હવે ક્યાં બીજો ભવ કરવાનો જ હતો કે એમને સદ્ગતિની અને પુણ્યાઈની આકાંક્ષા હોય ? એ નહિ, તો શું તપ એળે ગયો ? માટે કહો કે એથી અઢળક પાપ નાશ પામ્યા.

(૨) બીજી વાત એ છે કે ધન્ના-મેઘકુમારને ભલે એજ ભવે મોક્ષ નથી, પરંતુ તપ ન હોત તો તપથી ક્ષય પામનારા પૂર્વ જન્મનાં કેટલાય પાપાનુબંધ ઉત્કટ રાગાદિ મોહ, એ ક્યાંથી નાશ પામત ? ને એ જો અકબંધ ઊભાં, તો એવી ચિત્તની બુદ્ધિની નિર્મળતા ક્યાંથી મળે ? તપ નથી કરવો એ જ બતાવે છે કે શરીર પર અને રસનાના વિષયો પર ગાઢ રાગ છે. એ હોય ત્યાં બીજો ધર્મ એવી ઊંચી સદ્ગતિ ક્યાંથી અપાવી શકે ? નિર્મળ પુણ્યાઈ શી રીતે ઊભી જ થાય ? માટે કહો તપથી એવા જાલિમ પાપ નાશ પામે છે કે જેથી આગળ સદ્ગતિ,



નિર્મળ પુણ્ય અને સદ્બુદ્ધિ મળી શકે.

બસ, આ સૂચવે છે કે આ જનમનાં પાપ-પાપોની ગુરુ આગળ શુદ્ધિ કરતા ચાલવાનું અને ગત ભવનાં પાપ નાશ પામે એટલા માટે તપ કરતા રહેવાનું. હવે પ્રશ્ન આટલો રહે કે આ તપ એટલે શું ? એમાં શું શું કરવાનું આવે ?

**ભગવાને કેવો તપ સાધ્યો ? :-**

સ્વાધ્યાય-ધ્યાન-કાયોત્સર્ગ એ આભ્યન્તર તપ કહેવાય છે, પણ તે કાયાને સુંવાળી રાખી રાખીને કરાય તો કેટલું સીઝે ? મહાવીરપ્રભુનાં તત્ત્વચિંતન ધ્યાન અને કાયોત્સર્ગની શક્તિ કેટલી ? તન્મયતા કેવી ? ગજબ ને ? છતાં એમણે કાયાને સુંવાળી-સુંવાળી રાખી કે સારી રીતે કસી ? શેનાથી ? ૧૨ા વરસમાં ૧૧ા વરસના ઉપવાસ, એમાં સળંગ છ માસ ઉપવાસ આવ્યા, સતત ચાર માસ ઉપવાસ આવ્યા, ૨ા માસી, ૧ા માસી પણ આવી, પરંતુ એ બધે પારણે એકાશન ! એના પર છઠ્ઠને પારણે છઠ્ઠ તો ચાલુ. કુલ પારણાના દિવસ સાડા બાર વરસમાં માત્ર ૩૪૯. એટલે ? પૂરા એક વરસ જેટલા પણ પારણાં ન થયાં, કાયાને કેવી કસી ? કેવો તપ કર્યો ? એમ પરીસહો અને ઉપસર્ગો સહવામાં કાયકષ્ટ કેટલું વેઠ્યું ? ધ્યાન-કાયોત્સર્ગ ઉપરાંત આ ? હા, સમજતા હતા કે કર્મનાશ કરવો હોય તો આ બધો તપ જોઈએ.

**તપ વિના સિદ્ધિ નહિ,**

**અને તન-મન-ઈંદ્રિયો-ઈચ્છાઓ ને કસ્યા વિના તપ નહિ..**

જ્યાં એમ લાગે કે આ તન કસાય છે, મન કસાય છે, ઈંદ્રિય પર અંકુશ પડ્યો, ઈચ્છા રોકાઈ, ત્યાં સમજવું કે તપ આવ્યો. કોઈએ ગાળ દીધી, ગુસ્સો ઊઠવા ગયો પણ સમજીને મનને દબાવ્યું, ગુસ્સાને બદલે દયા ચિંતવી સામાને ઉપકારી માન્યો,...આમ મન દબાવ્યું તે તપ થયો, હસવા-ખીલવાનું મન થયું પણ દબાવ્યું, તો એ પણ તપ થયો. ખાવાના રસ બે છોડ્યા, ખાવાની ૪ ચીજ ન લીધી,...એમ કસી, દબાવી, એ તપ થયો.

જોવાનું કે અનાદિની ચાલમાં પ્રસંગે પ્રસંગે કેવી કેવી સુખશીલતા આચરાય છે, પછી ચાહ્ય એ સારું ખાવા મળ્યું તો સવાયું ખાઈ લેવા રૂપ હો, કે જાગ્યા ત્યારે માગ્યા જેવું હો, એમ મળતાં બધા રસ અને બધી જ વાનગી ખાવારૂપ હો, યા ન મળતા માટે લારાં અને ક્લેશરૂપ હો, આરામીરૂપ હો યા હરામવેડા હો, વિચારણામાં ઉચ્છ્રંખલતા, ને સ્વેચ્છાચાર હો, ફાવે એટલી મલિનતા કે નકામાં કચરા ઘાલવારૂપ હો, એવું વાણીમાં ને કાયામાં,...આ બધી સુખશીલતા-સ્વેચ્છાચારમાં જ્યાં જ્યાં ચાહીને કાપ મૂકાય એ તપ થયો ગણાય.

**પાપનાશના ઉપાય :- (૧) તપ કર :-**

ધર્મનંદન આચાર્ય મહારાજ ચંડસોમને કહે છે કે પૂર્વનાં પાપકર્મ શુદ્ધ નહિ કરાયેલાં એ અહીં ભોગવીને કે તપ કરીને જ ખતમ થાય, તે વિના નહિ. માટે હે મહાનુભાવ ! તું તપ કર.

**(૨) એની સાથે સમ્યક્ત્વ ધર,**

કેમકે સમ્યગ્દર્શન ન હોય ને મૂળમાં દૃષ્ટિ મેલી મૂઢ હોય તો શું તપ કે બીજી કોઈ સાધના, એ લેખે ન લાગે.

**(૩) એમ નિજ દુશ્ચરિતની ખૂબ નિંદા, જુગુપ્સા કર,**

જેથી એ દુશ્ચરિતનાં આકર્ષણ મૂળમાંથી સાફ થવાથી સદ્વર્તનનાં જોરદાર આકર્ષણ ઊભા થાય સંવરની વૃદ્ધિ થાય.

**(૪) હિંસાદિ પાપ વોસિરાવ :-**

વળી હિંસા-જૂઠ-ચોરી-વિષયસંગ અને પરિગ્રહ, એ પાપોને સંદતર વોસિરાવી દે, જેથી નવાં કર્મ બંધાતા અટકે.

**(૫) કષાયો છોડ :-**

એવી રીતે હવે કદીય ક્રોધ ન કરવો, અભિમાન નહિ, માયા નહિ, લોભ નહિ, હાસ્ય નહિ, હર્ષ-ખેદ નહિ, ભય નહિ.

**(૬) સંયમમાં ઉજમાળ થાય :-**

આ બધું ત્યાગ કરીને વિનીત બની એક માત્ર સંયમના સત્તર પ્રકારોમાં જ ઉજમાળ રહે.

**લાખો જન્મનાં પાપ સાફ :-**

આમ, તપ સમ્યક્ત્વ દુષ્કૃતગર્હા કરે, હિંસાદિ પાપો અને ક્રોધાદિ કષાયો છોડે, તથા વિનય સાથે સંયમમાં જ લીન બને, એના માત્ર આ એક જન્મનાં જ નહિ પણ લાખો ભવોનાં ઉપાર્જેલાં પાપ નાશ પામી જાય છે.

**અનેક જનમનાં પાપ નષ્ટ કેમ ? :-**

આચાર્ય મહારાજે માર્ગ બતાવી દીધો; એવો કે જનમ જનમનાં પાપનો વિધ્વંસ કરી દે. કેમકે જો આ રીતે પાપનાશ ન થતો હોય તો તો આત્માનો મોક્ષ કદી ન થાય. કારણ એ છે કે જીવની સિલિકમાં અસંખ્ય જન્મનાં કર્મ પડેલાં હોય છે. એ જો સીધે સીધા ભોગવાઈને જ નાશ પામતા હોય, તો તો એનો પાર ક્યાં આવે ? ભોગવવામાં જન્મોના જન્મો લાગે એમાં પાછો નવો કર્મસમૂહ તો આત્મામાં ખડો થઈ જ ગયો હોય. પછી એકલા ભોગવીને નિકાલ કરતાં અંત ક્યારે આવે ? અંત જ નહિ એટલે મોક્ષ જ નહિ.



**(૨) વળી ધર્મનો ઉપયોગ શો ?** શું માત્ર નવાં પાપ અટકાવે એટલો જ ? ના, જૂનાનો નાશ પણ કરે. એનું કારણ સ્પષ્ટ છે કે જેમ અશુભ ભાવમાં પાપો બંધાવવાની તાકાત છે, એમ શુભ ભાવોમાં પાપો તોડવાની તાકાત હોય જ. છોકરો અસદ્ વર્તનથી માબાપના દિલમાં અભાવ ઊભો કરે છે તો સદ્વર્તનથી માત્ર એ અભાવ દૂર કરે એટલું જ નહિ પણ ચાહના ય ઊભી કરે જ છે. આરોગ્યના નિયમ જાળવે તો માત્ર રોગ જાય એમ નહિ, પણ તુષ્ટિપુષ્ટિ પણ થાય જ છે. આપણે પાપથી વિપરીત માર્ગે જીવન જીવવું જોઈએ, પાપનો નાશ થતો આવે અને પાપની અટકાયત પણ થાય.

**ચંડસોમની વિનંતી : દીક્ષા :-**

આચાર્ય મહારાજે સુંદર માર્ગ બતાવ્યો એટલે ચંડસોમ હાથ જોડી પગમાં પડીને કહે છે, "પ્રભુ ! તો પછી જો હું આપને યોગ્ય લાગતો હોઉં તો કૃપા કરીને મને આ માર્ગની દીક્ષા આપો. બસ, હવે જીવનભર આ જ કરવું છે. આ જીવનનાં ભયંકર દુષ્કૃત્યનાં પાપ સાથે લાખો જનમનાં પાપ નાશ પામતાં હોય તો સોનાથી પીળું શું ? એ કોણ ચૂકે ? મારા પર મહેરબાની કરો."

જ્ઞાની મહર્ષિ ત્યાં જુએ છે કે 'એના દિલમાં કષાય હવે શાંત થઈ ગયા છે, તેથી દીક્ષાને યોગ્ય છે' એટલે એને ત્યાં સમ્યક્ત્વ સહિત ચારિત્રદીક્ષા આપે છે. કષાય ઉપશાંત ન હોય, કોઈ ક્રોધ, કોઈ અભિમાન, વગેરે સળગતું રહ્યું હોય તો એ સાચી દીક્ષા પાળી શકે નહિ, ચંડસોમ એક વખતનો પાપાત્મા મટી ધર્માત્મા મુનિ બન્યો.

## માન કષાય પર માનભટની કથા

ચરિત્રકાર વિદ્વદ્-વિભૂષણ આચાર્યદેવ શ્રી ઉદ્યોતનસૂરિજી મહારાજ હ્રીદેવીના આદેશથી કુવલયમાળાચરિત્ર રચતાં, ચરિત્રમાં જણાવી ગયા છે કે રાજકુમાર કુવલયચંદ્ર વર્ષો સુધી એકાંતમાં ગુરુ પાસે વિદ્યાભ્યાસ કર્યા પછી બહાર આવતાં પહેલી અશ્વસવારીમાં અશ્વ વડે આકાશમાં લઈ જવાય છે; તે દૂર જતાં આનું રહસ્ય શોધવા અશ્વને છરી ભોંકતા અશ્વ લોહી લુહાણ થઈ એક જંગલમાં નીચે ઊતરી પડે છે. ત્યાં દૈવી વાણીથી પ્રેરાયો કુમાર આગળ જતાં, સિંહ-વાઘ-હરણ-સસલા વગેરે શાંતપણે મિત્રતાથી સાથે ફરનારા પ્રદેશમાં આવી પહોંચે છે. આવી વિચિત્ર મિત્રતાના કારણ તરીકે, ત્યાં આગળ વધતાં, એક મહર્ષિને જુએ છે. એમની પાસે એક બાજુ એક દેવ અને બીજી બાજુ એક સિંહ બેઠેલ દેખાય છે.

મહર્ષિ કુમારને એ કેમ અપહરણની સ્થિતિમાં ને કોના વડે મૂકાયો એનું રહસ્ય કહેતાં, રાજા પુરંદરદત્ત અને વાસવમંત્રીના અધિકારથી શરૂ કરે છે. એમાં રાજા જૈન ધર્મથી તદ્દન અપરિચિત છે એને પરિચિત કરવા મંત્રી એને અજાણી રીતે કુનેહથી ઉદ્યાનમાં લાવી અવધિજ્ઞાની મહર્ષિ શ્રી ધર્મનંદન આચાર્ય મહારાજનો ભેટો કરાવે છે.

રાજા પુરંદરદત્ત આચાર્ય મહારાજને વૈરાગ્યનું કારણ પૂછતાં એઓશ્રી સંસારની ચાર ગતિઓમાં અનેકાનેક પ્રકારનાં કેવાં કેવાં દુઃખ હોય છે એ બતાવે છે. પછી વાસવમંત્રીના પ્રશ્ન પર એવા દુઃખદ સંસારના કારણભૂત ક્રોધ-માન-માયા-લોભ અને મોહનું સ્વરૂપ વર્ણવે છે. એમાં ક્રોધની ભયંકરતા, ત્યાં જ હાજર એવા ચંડસોમના જીવનપ્રસંગને કહીને આબેહૂબ સ્પષ્ટ કરી આવ્યા જેમાં અંતે ચંડસોમે ત્યાં ને ત્યાં જ ચારિત્રદીક્ષા લીધી, એ બતાવ્યું.

હવે આચાર્ય મહર્ષિ કહે છે, 'નરવર ! હવે તું, સંસારનું જે બીજું કારણ માનકષાય, એ કેવો ભયંકર છે એ જો.

**माणो संतावयरो माणो अत्थस्स णासिणो भणिओ ।**
**माणो परिहवमूलं, पियंवदाण णासणो माणो ॥**

**(૧) માન અભિમાન એ સંતાપ કરાવનારું છે. (૨) માન ધનનો નાશ કરનારું કહેલું છે, (૩) માન એ અપમાન-અવગણના લાવી મૂકે છે. (૪) માન સ્નેહી-સમૂહને ગુમાવરાવે છે.**

**માન કોણ કોણ કરે છે ?**

જે અભિમાનની પાછળ જગત મરી રહ્યું છે એનાં ખતરનાક પરિણામ વિચારવા જેવાં છે. અભિમાન કોને નથી ? નાના બચ્ચાને પણ એ વળગેલું દેખાય છે. મા એને જરાક છણકો કરે ત્યાં એનું મોં વીલું થઈ જાય છે. કેમ વીલું ? એને એનું પ્રિય માન ઘવાતું લાગે છે. એક ભિખારી પણ માનકષાયથી મુક્ત નથી. પાસે કાંઈ નથી, પૈસા નહિ, ઘર નહિ, કુટુંબી નહિ, પૂરાં એક જોડ કપડાં નહિ છતાં માન ખરું. એટલે બીજો ભિખારી રોફ કરતો આવે તો એને એ દબડાવે છે, અને દાતાર તિરસ્કારથી આપે તો બોલાય નહિ, પણ દિલ ઘવાય છે. અંતરમાં અભિમાન ન હોત તો આ દબડાવાનું કે દિલ ઘવાવાનું શું ? એ બધું માન કરાવે છે. બાળથી બુઢ્ઢા સુધી અને ભિખારીથી મોટા શ્રીમંત કે રાજા સુધીનાને માન વળગેલું હોય છે. પછી ભલે કદાચ એ માનનું કશું ઊપજે નહિ, પણ એ છોડવાની



ય વાત નહિ, ને એનાથી જ ખુવાર થવા છતાં એને ખુવારીનું કારણ માનવાની ય વાત નહિ. એટલે માન કરી કરી ખુવાર થયે જવાનું.

**આમ માનની પાછળ જગત મરી રહ્યું છે.** મરવાનું એટલે વળી બીજું શું ? ખુવારી પર ખુવારી નોંતર્યે જવાની, એજ મરવાનું. કેવી કેવી ખુવારીઓ થાય છે એ બતાવતાં આચાર્ય મહારાજ કહે છે કે

**(૧) માન સંતાપ કરાવનારું છે.**

મનમાં અભિમાન-અહંત્વ સળવળે એટલે શાંતિ-સ્વસ્થતા જાય, ને ઊકળાટ ઊભો થાય. કુળનું, જાતનું, બળનું, પૈસાનું, વિદ્યાનું, હકદાવાનું ઇત્યાદિ ગમે તે પ્રકારનું અભિમાન મનમાં આવ્યું એટલે સળવળાટ થાય છે, 'હું કાંક છું. હું શું કમ છું ? પેલો શાનો મારી હલકાઈ કરે ? ઓલ્યો કેમ મારાથી ચડી જાય ? લોક કેમ મને ન માને ?' આ શું ? અશાંતિ, સંતાપ, એમ પ્રસંશા સાંભળતાં પોતે જ પોતાના માટે વિચારશે કે 'બરાબર છે હું એવો સારો જ છું' આ ઉન્માદ એ ય અસ્વસ્થતા. કોઈ પોતાનું ન માનતાં 'કેમ ન માને ?' એમ ઉકળાટ થાય છે.

**મોટા રાજા રાવણે** વાલી રાજાને કહેવરાવ્યું કે તું મારી આજ્ઞા માની લે. વાલીએ ઘસીને ના પાડતાં રાવણને કાંઈ પૈસા-માનસન્માન કે સુખની કમી નહોતી છતાં અભિમાનથી મનને થયું કે 'હેં આવો નાનો પણ રાજા વાલી મારું ન માને ?' હવે એ સંતાપ સળવળાટ કેવો કે પાસે રહેલ મહા સુખ-સમૃદ્ધિમાં પણ ચેન ન પડવા દે. રાત ને દિવસ અંતર સળગ્યા કરે. સામો કંઈક બળ ઉપર ના પાડતો હશે એનો ય વિચાર ન આવે. અભિમાનનો સંતાપ ચીજ એવી કે 'બધું સારું મળેલું પડ્યું રહેવા દો, હમણાં તો ઊંચાનીચા થાઓ.'

**સંસારીને માનની વિટંબણા :-**

મોટા રાવણની શી વાત, સંસારી માત્ર જોશો તો દેખાશે કે એને અભિમાન કોઈ ને કોઈ પ્રકારનું ઊઠતાં સંતાપ-અસ્વસ્થતા ઊભી થાય છે, પછી એ ન બોલવાનાં બોલે છે. ધમપછાડા કરે છે, કુટુંબ-ક્લેશનાં આંધણ મુકાય છે, માટે તો ડાહ્યા વડેરાઓ અભિમાન બાજુએ મૂકી કેટલું ય ગળી ખાય છે. નહિતર અભિમાન શાનું ગળી ખાવા દે ? અને ન ગળી ખાય તો ઘરમાં ટકટકારો કરવાથી કેટલા ક્લેશ અને પોતાને સંતાપ થાય ? અભિમાન ન હોય તો સંતાપ શા માટે થાય ? 'હું આવો શ્રીમંત હું આવો ડાહ્યો, હું મોટો; મારે તો આવું આવું જ જોઈએ...' એમ બધે હુંપદમાં તણાતો હોય છે, અને માનસિક વિટંબણા ભોગવે છે. માનમાં તણાતો હોય છે માટે તો અનેક પ્રકારના પાપો કરે છે, કષાયો સેવે છે, અને સંતાપ અનુભવે છે.

(૨) **અભિમાનથી ધનનાશ :-**

મહર્ષિ કહે છે, અભિમાન સંતાપ કરાવનારું જ નહિ, પણ ધનનું નાશક પણ ખરું. માનમાં ચડ્યા ખેલવા ગયેલા કેઈ સટોરિયા પાયમાલ થઈ ગયા પૂછો ને

**પ્ર.**- પણ એ તો લોભના લીધે ને ?

ઉ.- એ લોભ પણ શા માટે ? દુનિયામાં સારા શ્રીમંત તરીકેની વડાઈ મેળવવા ને ? 'હું મોટો લખપતિ થાઉં કરોડપતિ થાઉં, સમાજમાં રુઆબભેર ચાલું. બીજાઓ મારા પગ ચાટતા રહે, મને સલામી ભરે'...આવા આવા માનના પાપે ધનના લોભમાં સટ્ટો ખેલવા જાય છે, ને ખુવાર થાય છે. એવું માનમાં તણાયા સારા દેખાવા માટે ધૂમ ખરચા રાખવા પડે છે, ચડસાચડસીમાં ય પડાય છે, ને ધનનાશ થાય છે. જીવનના બીજા ક્ષેત્રમાં પણ અધિકાર બહારના માન જોઈએ એને પણ એવા પ્રયત્ન કરવા જતાં ખુવારી નોંતરવી પડે છે. અભિમાનમાં વધુ પડતું બોલવા-ચાલવા જશે તો, પુણ્ય હશે નહિ એટલે સામેથી થપાડ ખાશે, એના સામનામાં કાંઈ ધન ખરચશે. અભિમાનમાં કોરટ-કચેરીએ ચડશે ત્યાંય કેટલુંય ધન ગુમાવશે; યુદ્ધમાં ચડી, મિત્રો પૈસા યાવત્ પ્રાણ વગેરેને ધક્કો લગાડશે. રાવણ અને બીજા પ્રતિવાસુદેવો એમજ ખતમ થઈ ગયા માન ભયંકર.

(૩) **એમ અભિમાન એ અપમાન-અવગણના-હારનું મૂળ છે.** ઝગડો ઊભો થતાં નમ્રતા દાખવનારો ઝગડાની શાંતિ કરે છે, ને અભિમાન બતાવનારો ઝગડાનું રૂપક વધારી મૂકે છે ને તેમાં પુણ્યની કચાશે અંતે હાર ખાવી પડે છે. યુદ્ધભૂમિ પર અભિમાની રાવણને વાલીની સામે હાથ જોડી પગે પડતાં થવું પડ્યું, ને એના આખા લશ્કરે એની હાર નિહાળી. અભિમાન અંધાપો છે. એમાં માણસને પોતાની પહોંચ સામાનું બળ-પુણ્ય વગેરે કશું લક્ષમાં નથી આવતું તેથી ગજા બહારનું દોડે છે, ને પછી સજ્જડ હાર ખાય છે. વિચારો, કેટલાય મહારથી વિદ્યાધર રાજાઓને જીતનાર રાવણની એ રાજાઓની નજરમાં કેવી નાલેશી થઈ હશે. અભિમાન ભૂંડું છે. આજે કેટલાય માણસો અભિમાનમાં જેમ તેમ બોલી કાઢી સામેથી પત્નીના પુત્રના પાડોશીના કે શેઠ વગેરેના ટોણાં ખાય છે, અપમાન પામે છે.

(૪) **અભિમાન પ્રિયજનોને ગુમાવરાવે છે.** રોફમાં ને રોફમાં આને ને તેને દબડાવવા જાય, એક વાર, બે વાર, અનેક વાર, એનું પરિણામ શું ? કાં તો એ આનો સંગ છોડવાનો, અગર છોડાય એમ ન હોય, તો દિલમાં એના પ્રત્યે દુર્ભાવ ઊભો કરીને રહેવાના. પછી સગી બાયડી ય ભલેને જિંદગી સુધી સાથે રહી, પણ સ્નેહ વિના, માન-સદ્‌ભાવ વિના રહેવાની. એને છોકરા પર જે સ્નેહ સદ્‌ભાવ હશે એ ધણી પર નહિ. ધણીએ અભિમાન કરી કરીને શું તારવ્યું ? પાસે બે પૈસા



હશે, તો મનથી માનતો રહેશે કે આ બધા મારા રોફથી કેવા દબાયેલા રહે છે પરંતુ અસલમાં પેલા એની પૂંઠે એના માટે બખાળા જ કાઢતા હશે. ત્યારે સ્નેહ-સદ્‌ભાવ ગુમાવવામાં અવસરે ખબર પડે છે કે કોણ પોતાને હૂંફ આશ્વાસન આપે છે. અરે ! રોઈ રોઈને દહાડા કાઢવા પડે. એ હૂંફ વગેરે મળવાનું પુણ્ય અભિમાનના પાપે ખતમ થઈ જાય છે. નહિતર એના એ સ્નેહી એક વખત સારું માન આપતા; સદ્‌ભાવ રાખતા, હૂંફ-આશ્વાસન દેતા, હવે કેમ કરી બેસે છે ? કહો, આ અભિમાનીના વારંવારના અભિમાનનાં બોલ અને ચાલ ઉપરસ્તો.

**અભિમાન હિસાબ ખોટો મંડાવે છે.** અભિમાન કરવાથી જીવ માને છે કે બીજાઓ દબાતા રહે છે, તેમ બજારમાં પોતાની ગણતરી પરના વેપારથી લાભ થાય છે પરંતુ આ હિસાબ ખોટો છે. કારણ એ બધું અનુકૂળ મનમાન્યું બની આવે એમાં ખરેખર કારણભૂત તો પોતાનું પુણ્ય છે, અહંત્વ નહિ. માટે તો જ્યારે પુણ્ય પરવારી જાય છે ત્યારે અહંત્વ એનું એ ઊભું છતાં સામેથી તમાચ પડે છે, લેવાના દેવા થાય છે, બજાર ઊંધો પડે છે, હડધૂત થતો પાછો પડે છે છતાં ખૂબી એ છે,

**આ બધો વિનાશ થવામાં પોતાનું અભિમાન નિમિત્તભૂત બન્યું,**

એ માનવા તૈયાર નથી. તેમ એ પણ ધ્યાનમાં નથી આવતું કે,

**જગતની અનુકૂળતાઓ તો પુણ્યનાં જ માપે, અભિમાનના આધારે નહિ.**

એટલે ખરાં લેખાંની ખબર નહિ, ઊંધા લેખાના આધારે અભિમાનમાં દોડવા જાય, ને ખુવાર થાય. ત્યાંય દિલની અશાંતિનો પાર નહિ ત્યારે

**પુણ્યના હિસાબવાળો પહેલાં ને પછી શાંતિ મેળવે છે.**

(૧) પહેલાં સમજે છે કે 'જીવ ધ્યાન રાખજે કે આ બધું અનુકૂળ બની આવે છે એ તારા રોફને કે લોભને લીધે નહિ, પણ પૂર્વની પુણ્ય બચતના હિસાબે પણ એ બચત ખતમ થતાં અનુકૂળતા નષ્ટ થવાની છે માટે લોભ-અભિમાનના બહુ ચાળા કરવાને બદલે પુણ્ય-વર્ધક દેવ-ગુરુ-ધર્મની સેવામાં વધુ લાગવા દે.'

(૨) ત્યારે પુણ્યની શ્રદ્ધાવાળાને પુણ્ય નષ્ટ થયા પછી એમ લાગે છે કે 'જો આ લોભ-અભિમાન તો માથે પડ્યા. હવે દેખાય છે કે પુણ્ય ખતમ છે, માટે જપીને બેસ. પુણ્યની ચિઠ્ઠિ પર કામ ચાલતું હતું, એમાં તું તો પરાધીન જ હતો. તો કોકની મહેરબાની પરના માલમાં શું રીઝવું હતું ? એ જાય પણ ખરી, તો ફીકર નહિ, બંને અવસ્થામાં આપણે તટસ્થ જેવા રહી જોયા કરવાનું. **આપત્તિના કાળમાં, તો ખાસ કરીને પુણ્યના બીજા માર્ગ ખોલવાના.** આમ એ શાંતિ ધરપત રાખી શકે.

માટે જે એમ કહે છે 'પુણ્ય-પાપ પુણ્ય-પાપ શું કરો છો ? રોફ-ચાલાકી-યોજનાઓ અજમાવવાની, તો જ બાદશાહ થઈ ફરી શકીએ. એવું કહેનારા મૂઢ

છે, અજ્ઞાન છે, એમને પહેલાં ઉન્માદ ને પછી કોપનો પાર નથી કે,

**પુણ્ય-પાપ પરની મુખ્ય દૃષ્ટિ જ જીવને શાંતિ સમાધિ ને સાચી બાદશાહીનો અનુભવ કરાવે છે.**

બાકી રોફ-અભિમાન વગેરેમાં તણાનારા તો ઊકળાટ-અવસ્થતા-અશાંતિમાં જ રુલતા હોય છે.

**અભિમાનીને ભેદ નહિ :-**

મહર્ષિ કહે છે, અભિમાનમાં ચડેલો માણસ પછી એ જોવા નથી બેસતો કે 'મારા કોણ ને પારકા કોણ ? સગાં કોણ ને પરાયા કોણ ? મિત્ર-સ્નેહી કોણ ને વિરોધી કોણ ? સજ્જન કોણ ને અ-સજ્જન કોણ ? શેઠ કોણ ને નોકર કોણ ? ઉપકારી કોણ ને અનુપકારી કોણ ?' કોઈ ભેદ નહિ જુએ. અભિમાન કરવા બેસશે ત્યારે આમાંનુંય કાંઈ નહિ જુએ કે 'આ હું ક્યાં ઘસડાઉં છું લાભકારી અભિમાન કરું છું ? અભિમાન એ અંધાપો છે ને ? દુરાગ્રહ છે ને ? બસ અભિમાન કરતો રહેવાનો તે કરતો જ રહેવાનો.

**અભિમાનમાં બે ય ઠેકાણે માર ખાય છે.** સગાં-મિત્ર-સજ્જન-શેઠ-નોકર-ઉપકારી વગેરે પર કરવા જતાં એમની સહાનુભૂતિ અને પ્રશંસા ગુમાવે છે, તેમ પરાયા-દુર્જન-નોકર-શેઠ-અનુપકારી વગેરે તરફથી અવસર આવતાં થપાડ ખાવી પડે છે.

**અભિમાન તો અનેક અનર્થ સર્જે છે.** દુર્ગતિનો માર્ગ છે, એ સમજીને જ સાધુ પુરુષો અભિમાન કરતા નથી. **લઘુતામેં પ્રભુતા.** લઘુતા રાખી નિર્મળ યશ મેળવે છે. ચિત્તમાં બાદશાહી શાંતિ અનુભવે છે.

**આચાર્યશ્રીમાનનું હાજર દૃષ્ટાંત ચીંધે છે.**

ધર્મનંદન આચાર્યશ્રી મહારાજ રાજાને કહે છે કે હે નરવર ! જો, અભિમાન એક મોટા ભૂત જેવું છે. એનાથી પકડાયેલો જરૂર પડ્યે પોતાના માતાપિતાને ય હાથે કરીને મોતના મુખમાં પડતા રોકતો નથી, યાવત્ પોતાની પત્નીને પણ આત્મઘાત કરતી નિવારતો નથી; જેમ દા.ત. આ પુરુષ.'

ત્યાં રાજા પૂછે છે, 'ભગવન્ ! અહીં ઘણા બેઠા છે. એમાં કોણ એ ? ને એણે શું કરેલું ?'

જ્ઞાની મહર્ષિ કહે છે, 'આ મારી ડાબી બાજુએ જે બેઠો છે, જેણે ડોક ઊંચી રાખી છે, છાતી પહોળી છે, ભમર ઊંચી ગઈ છે, ધરતી પર પગ પછાડે છે, ને તારા સામે પણ ગર્વથી જુએ છે, એજ પુરુષ એ સ્વરૂપે અભિમાનની મૂર્તિ છે એમ સમજ. સાંભળ એણે શું શું કર્યું છે.



**અભિમાન પર કથા :-**

અવંતી નામનો દેશ છે. એમાં ઉજ્જેની રાજધાનીની નગરી છે. એની પડોશમાં એક કૂપવૃંદ નામનું ગામ છે ત્યાં પૂર્વે જે એક રાજવંશ ચાલતો એ વંશમાં જન્મેલો હાલ ક્ષેત્રભટ નામનો એક ઠાકોર રહેતો. પૂર્વે તો સંપત્તિ સમૃદ્ધિ ઘણી ય રહેતી. પણ આ બિચારાની પાસે એમાંનું કાંઈ નહોતું. જગતની સંપત્તિનું સ્વરૂપ જ એવું નાશવંત છે કે એ કાંઈ કાયમ પેઢી ઉતાર ન ચાલ્યા કરે. અરે ! એક પેઢીમાંય ચાલે એવો નિયમ નહિ. એવા ય માણસો દેખાશે કે જેમના બાપદાદા પાસે સંપત્તિ નહોતી અને પોતે કમાયા, છતાં પાછા પોતે જ એ ગુમાવી કડકાબાલુસ યા ઉપરથી દેવાદાર બની ગયા. ત્યારે પણ એવા દેખાય છે કે જેને પોતાના મૃત્યુ સુધી સંપત્તિ ઊભી રહે છે ને પછી છોકરાના હાથે વેરવિખેર થાય છે.

**ગુમાવનારા કેમ ગુમાવે છે ?** એમ કહેતા નહિ કે આડાઅવળા ધંધા કરે એટલે જાય જ ને ? ના, એ તો એક નિમિત્તમાત્ર છે, બાકી મુખ્યપણે પૂર્વકૃત અશુભ કર્મ જ કામ કરે છે એટલે જ સીધા ધંધો કરનારને પણ એવાં કર્મ ઉદયમાં આવતાં ગમે તે રસ્તે સંપત્તિ જાય છે. કાં તો છોકરો લૂંટાય છે, યા નોકર લઈને ભાગી જાય છે, કે આગ લાગે છે, અથવા માલનો પરદેશથી બહુ જથો આવી જતાં એના ભાવ જ બેસી જાય છે...આવું આવું બને ત્યાં ક્યાં ઊંધા ધંધાનો પ્રસંગ હતો ? છતાં બન્યું. એ પૂર્વનાં કર્મને લઈને. એવું શુભ કર્મના ઉદય જોરદાર હોય ત્યારે ઊંધો ધંધો કરવા છતાં કમાવાનું બને છે.

કહો, રાજાના મુગટને ઉડાવે કે રાજાને એની ટાંગ પકડી સિંહાસન પરથી હેઠો નાખે એ ધંધો કેવો ? સીધો કે ઊંધો ? એવા ઊંધા ધંધામાં કમાઈ થાય કે સજા થાય ? પણ શુભ કર્મ બળવાન હોય તો જુઓ કેવી કમાઈ થાય છે ?

**ઊંધા ધંધામાં કમાઈનું દૃષ્ટાંત :-**

એક રાજા હતો. એના નગરમાં એક ગરીબ માણસ ઘણા વખતથી ગરીબાઈથી પીડાતો. એને એક જોષી મળેલ એણે કહ્યું, 'તું ગમે તેટલાં ફાંફાં માર, પણ તારું કાંઈ નહિ વળે, કિન્તુ એવો એક સમય આવશે કે જ્યારે તું મોટો ધનાઢ્ય થઈશ. માટે ધીરજ રાખ.'

**ખરાબીની આશા કોણ કરે છે ? :-**

**ખરાબની આશા કરે તો ધર્મના દ્વાર ખૂલી જાય.** બોલો, લક્ષ્મી જાય ખરી કે નહિ ? જાયે ખરી. છતાં વિચાર ક્યાં આવે છે કે 'કદાચ આ લક્ષ્મી જવાનો ય સંભવ છે. માટે લાવ, હાથમાં છતે એનો સદુપયોગ કરી લઉં. નસીબમાં હશે તો બીજી આવી મળશે, અને નહિ આવે તો ય સુકૃત તો ન ગુમાવું ?' કોણ આ

સંભાવના કરે છે ? ત્યારે શું મૃત્યુ નથી આવવાનું ? છતાં કોણ વિચારે છે કે 'કદાચ વહેલું પણ મોત આવી જાય, માટે લાવ, દુનિયાની આળપંપાળ ઓછી કરી, ને રંગવિલાસમાં કાપ મૂકી પરલોક હિતકારી દાન-શીલ-તપ-દેવ-ગુરુભક્તિ વગેરે ધર્મમાંથી જે શક્ય હોય તે સાધી લઉં ?' કોણ આ વિચારે ? કારણ કે મૃત્યુની આશા જ નહિ, પોતાના મનને કરડતી સંભાવના જ નહિ. હા, 'હજી હું જીવીશ' એવી આશામાં તણાય છે, પણ 'કદાચ વહેલો મરીશ' એ નહિ.

**ભાગ્યોદય હોય તો જ સારું સૂઝે :-**

ઈષ્ટની આશામાં તો જીવ ભૌતિક આ લોક સંબંધી કાર્યવાહીમાં જ ગુંથાયો રહે છે. અનિષ્ટની આશામાં પરલોકહિતકર સુકૃત-સાધનામાં પ્રેરિત થાય છે; પણ એવી સંભાવના મનમાં ઊઠે ક્યાંથી ? ભાવી ભાગ્યોદય હોય તો સૂઝે; બાકી તો ઈષ્ટની આશામાં જ જીવો તણાયે જવાના, છતાં જીવવિશેષ એવું બને કે સારી આશા બંધાતાં ચિત્તની વ્યાકુળતા ઓછી થાય.

**મન કેવું વાળવું ? :-**

અહીં આ ગરીબ માણસને એવું જ બને છે. જોષીના વચન પર મન વાળે છે કે 'ચાલો એક દિવસ સારો આવવાનો છે ને ? તો હવે બહુ વિહ્વળતા કરવી નથી. ચાલવા દો ચાલુ સંયોગો. અશુભ કર્મના ઉદય છે ત્યાંસુધી આ સ્થિતિ નિર્ધારિત છે.' જોષીએ એને કહ્યું છે કે 'હું સમય આવશે ત્યારે કહીશ.' એટલે ત્યાંસુધી આ ધરપત રાખીને કામ ચલાવે જાય છે.

પણ હવે સમય આવી લાગ્યો. એક દિવસ જોષી કહે છે,

જો ભાઈ ! આ અમુક દિવસે અમુક ચોક્કસ સમયે તારે એવો ગ્રહોનો યોગ બની આવે છે કે ત્યારે તું જે કાંઈ કરે તેમાં મહાન લાભ જ થાય.'

આ પૂછે છે 'અરે હું રાજાને જઈને લાત મારું તો ?'

જોષી જરાય ખચકાયા વિના જવાબ દે છે કે 'તું શું પૂછે ? આ ગ્રહોનો યોગ જ એવો છે કે તું જે કાંઈ કરે એમાં તને લાભ થયા વિના રહે નહિ. આમાં ખોટું પડે તો હું મારી મિલકત હારી જાઉં. બોલ વધારે કાંઈ કહેવું છે ?'

ગરીબને ખાતરી થઈ ગઈ. એ આમ સાહસિક હતો, માત્ર અશુભના ઉદયે સાહસ નહિ કરવું એવા ડહાપણવાળો હતો. વિવેક એ જ છે કે લલાટ જોઈને પગલું માંડવું. આને હવે ભાગ્યનો ઉદય જોરદાર થવાનું જોષી ખાત્રીપૂર્વક કહે છે. તેથી એણે જોયું કે મોટી કમાઈ રાજા પાસેથી મળે એટલે એ જોષીએ કહેલો સમય આવી લાગતાં ઊપડ્યો રાજસભામાં.

**વિચિત્ર રીતે ભાગ્યનો ઉદય :-**



રાજસભામાં જઈ બરાબર ઈષ્ટ ઘડીપળ આવી લાગતાં એ રાજા પાસે નમસ્કારમાં બહાને પહોંચી જઈ રાજાના પગ પર એક લાત લગાવી દે છે. અવળો ધંધો કે સીધો ? કહો અવળો જ પણ ખૂબી શું થઈ તે જુઓ. જેવો એ લાત લગાવવા જાય છે કે એ જોતાં રાજા તરત પગ ઊંચા કરી લે છે, ને ત્યાં જ્યાં પગ બાજઠ પર મૂક્યા હતા, એના પર થઈને પાછળથી આવેલ એક ભોરિંગ સડસડાટ ચાલ્યો જાય છે.

આ લાત મારવા ગયો ત્યારે તો ત્યાં ગુસ્સાની સનસનાટી વ્યાપી ગઈ હશે, પણ કાળો સાપ પસાર થઈ ગયો અને રાજા બચી ગયો એ જોતાં જ સૌનાં મુખ પ્રસન્ન થઈ ગયા રાજાને તો હૈયું જોરદાર ધબકારા લેવા માંડ્યું કે હાશ મારા બાપ ! મરતાં બચ્યો,' તરત ખજાનચીને બોલાવે છે, ને કહે છે 'આ ભાઈને એક લાખ સૌનૈયા દઈ દો,'

સોનૈયા આપી ગરીબને રાજા પૂછે છે, તેં આ સાહસ કેમ કર્યું ? તને સાપ આવવાની ખબર હતી ?'

આ કહે 'ના મહારાજ ! પણ મને એટલી ખબર હતી કે અત્યારે મારો પ્રબળ ભાગ્યોદય છે, ને સાહસ કર્યા વિના મોટી પ્રાપ્તિ ન થાય, તેથી મેં આ કર્યું.'

બસ, સોનૈયા લઈ રાજાને પ્રણામ કરીને એ ગયો જોષી પાસે, વાત કરી, અને ૧૦ હજાર સોનૈયા એને ભેટ કરી દીધા. જોષી ના પાડે કે 'આટલા બધા મને ન હોય,' પણ આ કહે કે 'તેં ભાગ્યોદય ન બતાવ્યો હોત તો હું ક્યાંથી આ સાહસ કરવાનો હતો ? માટે લેવા જ પડશે' એમ કરીને પરાણે રકમ સોંપી કદર કરી કૃતજ્ઞતા બજાવ્યાનો આનંદ માન્યો.

**કદર અંગે ઊભયની ફરજ :-**

કદર મોટી ચીજ છે અલબત્ત એમાં સામાનું ય ભાગ્ય જોઈએ છે. ભાગ્ય ન હોય તો ઘણું ય સારું કરવા છતાં કદર ન મળે, માટે જ કદર ન દેખાય ત્યાં સામાનો વાંક નહિ જોતાં પોતાના કર્મનો જ વાંક જોવો.

**કદરહીનતાનાં નુકશાન :-**

બાકી (૧) ઉપકારીથી સારો લાભ થવા છતાં ઉપકારી પ્રત્યે યોગ્ય કદર ન કરવી એ હૃદયની ધિઢાઈ છે. એ ધિઢાઈમાં પુણ્ય પર કાપ પડે છે, જે છેવટે રોવરાવનારો બને છે. ત્યારે સારી કદર કરવામાં અશુભ કર્મનાં શુભમાં સંક્રમણ થઈ જાય છે તેથી પુણ્યની વૃદ્ધિ થાય છે.

(૨) વળી કદરહીનતામાં પછી દેવ-ગુરુની ય તેવી કદર નથી કરાતી તેથી એમની સેવારૂપ મહાન ધર્મ ચૂકવાનું થાય છે.

એટલું જ નહિ, પણ કદર ક્યારે ચૂકે ? જડ માયાની વધારે પડતી આસક્તિ-લંપટતા થાય ત્યારે, એટલે કદરહીનતામાં એ પોષાય છે. જુઓ, કમાયો સારું, પણ એ બિચારાને તરવાને બદલે ડૂબવાનું જ સાધન બનશે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૩૫,તા.૧૧-૫-૧૯૬૮**

આ ગરીબ માણસ કદરદાન, તે જોષીને ત્યાં ૧૦ હજાર સોનૈયાની રકમ મૂકીને ચાલતો થયો. વળી પાછો એક સમય આવ્યો ત્યારે જોષી આને ચોક્કસ સમય કાઢી આપી સાહસ કરવા કહે છે. આને જોરદાર શુભ કર્મનો ઉદય છે એટલે મગજમાં એવી વિચિત્ર જ સ્ફુરણા થાય છે. એ ઊપડ્યો રાજસભામાં હાથમાં ડંડૂકી લઈને. આમ રોજ રાજાને પગે પડવા આવે એ હિસાબે આજે પણ ચોક્કસ ઘડી પળે પહોંચ્યો રાજા પાસે; ને પગે પડી ઊઠતાં જ ડંડૂકી રાજાના માથે મુગટ પર એવી ફટકારી કે મુગટ ઊંચકાઈને પડ્યો દૂર.

આ જોતાં શાંતિ રહે ? સિપાઈઓ દોડતા આવ્યા, 'પકડો પકડો હરામીને' એમ બોલતાં પણ રાજાએ એક વાર પડચો જોયો છે, તેથી તરત કહે છે, 'અલ્યા ઊભા રહો. જુઓ જુઓ તપાસો જો પેલો મુગટ'

સિપાઈઓએ તપાસ કરતાં જોયું તો મુગટમાં એક પાતળો સાપનો કણો લપાઈને બેઠેલો દેખાયો. બધા સ્તંભિત થઈ ગયા. બોલી ઊઠે છે 'અરે ? જો આ માથે રહીને મહારાજા સાહેબને કરડી ખાધા હોત તો ?'

રાજાએ જોયું કે આ માણસ ગજબ લાગે છે. એ પ્રવૃત્તિ કેવી ઊંધી દેખાતી કરી રહ્યો છે, છતાં એથી જ મને બચાવ મળે છે ! તરત ખજાનચી પાસે બે લાખ સોનૈયા ભેટ અપાવે છે. એ વણિક પણ કદરદાન છે ને ? રાજાને નમસ્કાર કરી જોષી પાસે જઈ હકીકત કહી વીસ હજાર સોનૈયા એને બક્ષીસ કરે છે.

**ત્રીજી વાર ઊંધું :-**

ફરી પાછો ત્રીજી વાર એવો ગ્રહયોગ આવતાં જોષીએ આને ખબર આપી. એ પણ ઊપડ્યો રાજસભામાં, અને આ વખતે તો રાજા પાસે જઈ પ્રણામ કરીને તરત રાજાની ટાંગ ઝાલી નીચે ઘસડી લે છે. સભામાં હાહાકાર થાય ત્યાં જ પાછળથી ભીંતડું જ તૂટી સિંહાસન પર પડે છે ! રાજાને નીચે તાણતાં અપમાન લાગ્યું હશે, અને દુઃખ થવા સાથે ગુસ્સો આવ્યો હશે પણ આ જોતાં આશ્ચર્ય સાથે છૂટકારાનો દમ ખેંચે છે કે 'હાશ ! કેવો આબાદ બચી ગયો ? જો આ ન ખેંચાયો હોત તો ભીંતડું તૂટી પડતાં ખોપરી ફૂટી દબાઈ-કચરાઈને મોત ભેગો થાત !'



રાજાના આ મહાલાભમાં ઈનામનું શું પૂછવું ?

રાજા વણિકને કહે 'માગ, માંગ તે આપું.'

વણિક કહે છે મહારાજા ! આપની કૃપા જોઈએ.'

અરે ! કૃપાનું શું પૂછે છે ? એ તો હોય જ ને ? ખરી રીતે તો મહેરબાની મારે તારી માનવી જોઈએ કે તેં આવા સાહસ કરીને મને ત્રણ ત્રણ વાર જીવતદાન આપ્યું. બોલ હવે હું શું તારું પ્રિય કરું ?'

વાણિયો કહે 'મહારાજા એ ઉપકાર તો જોષીએ કર્યો, માટે એને રાજજોષીનું પદ આપો.'

'અરે ભાઈ ! એ તો એનું ભલું થયું. એ તો હું કરીશ જ. પણ હવે તારું શું ભલું કરું એ બોલ,'

આ કહે 'બસ, સાહેબ ! મારું ભલું તો તમે પૂર્વે બે વાર બહુ કર્યું છે. હવે કાંઈ કહેવાનું રહેતું નથી.'

રાજાએ જોયું કે 'આ હવે બોલશે નહી.' તેથી એને ત્રણ લાખ સોનૈયા ભેટ અપાવી જોષીને બોલાવે છે, ને એને રાજજ્યોતિષિનો હોદ્દો આપી આના હવે ભાવી ગ્રહયોગો પૂછે છે.

જોષી કહે, 'મહારાજા ! આ વણિકે ગરીબાઈ ને હાડમારી બહુ જોઈ. પણ એમાં એની નેકી, નિષ્ઠા, દેવ-ગુરુ-ધર્મની ભગીરથ સેવા વગેરેએ નવાં પાપ ઘૂસવા દીધા નથી, ને હવેના ગ્રહયોગો ઠેઠ મૃત્યુ સુધી એની અદ્ભુત આબાદીના તથા કોઈ મોટી પ્રતિષ્ઠાના સૂચવે છે.'

રાજાએ આ સાંભળી તરત વણિકને પોતાના મંત્રીપદે નીમી દીધો. આવો આઈતો (તૈયાર) માલ શું કામ જવા દે ? એની મંત્રી તરીકેની આબાદી અને પ્રતિષ્ઠામાં પોતાની અને રાજ્યની આબાદી અને પ્રતિષ્ઠા જુએ છે.

અહીં સ્યાદ્વાદ સિદ્ધાન્ત જોવા મળે છે. એમ કોઈ પૂછે 'બોલો,

(૧) લાત પડે એ સારી ખોટી ?

(૨) ડંડૂકીનો પ્રહાર મળે એ સારો કે ખોટો ?

(૩) ટાંગ ઘસડી નીચે પટકે એ સારું કે ખોટું ?

**સ્યાદ્વાદ જીવો :-**

એનો જવાબ સહેજે 'ખોટું' એવું દેવાનું મન થાય પરંતુ રાજાના આ ત્રણ બનાવને જાણ્યા પછી તો એને 'સારું' જ કહેવું પડે. 'સારું' એટલે બધે સારું નહિ, તેમ 'ખોટું' એટલે બધે ખોટું નહિ. અમુક સંજોગમાં સારું, અમુકમાં ખોટું. એકની એક વસ્તુ કે પ્રસંગ એકાંતે સારો નથી, એકાંતે ખરાબ નથી. અમુક સંયોગ

પરિસ્થિતિ વગેરેની અપેક્ષાએ સારો ય છે, ને અમુકની અપેક્ષાએ એનો એજ ખરાબ પણ છે. આનું નામ સ્યાદ્વાદ. આ જૈનધર્મની અનન્ય ભેટ છે. જૈનધર્મ વિના બીજા કોઈએ જગતમાં આ ભેટ કરી નથી. બીજાઓ એકાંતવાદી છે. એક પૂંછડું પકડ્યું તે પકડ્યું, એ તરફ જ દૃષ્ટિ, બીજી તરફ જોવાનું જ નહિ. સોનાનું ઘરેણું ચાંદીની દૃષ્ટિએ વધુ કિંમતી છે, પરંતુ હીરાના દાગીનાની દૃષ્ટિએ ઓછું કિંમતી જ કહેવું પડે.' એકાંત પકડનાર શી રીતે આ કહે ?

જીવનમાં સ્યાદ્વાદ જીવાય તો ઘણા પ્રશ્ન ઊકલી જાય, ઘણા ક્લેશ રગડા ઊભા જ ન થાય. શી રીતે ? જે એક દૃષ્ટિએ જોવામાં મુંઝવણ થાય છે, દુઃખરૂપ લાગે છે, એનાથી બીજી દૃષ્ટિએ જોવામાં મુંઝવણનું સમાધાન થાય છે, ક્લેશ મટી જાય છે દા.ત. પત્ની પરણ્યા તો હોંશથી સારી માનીને, પણ પછી એ આકરા સ્વભાવની નીકળી તો ચિત્તને મુંઝવણ થાય છે કે આની સાથે જિંદગી કેવી નીકળશે ? દુઃખ થાય છે. કેમકે આ માત્ર પોતાના ભૌતિક સુખ-સગવડની દૃષ્ટિએ જ જોવાય છે. માટે આમ બને છે. પરંતુ જો બીજી દૃષ્ટિ યાને આત્માની દૃષ્ટિએ જોવાય તો એ જોવાનું થાય કે 'મારે આ જીવનમાં ક્ષમા-સમતા-ખામોશ કેળવવાની આ સુંદર તક મળી. સામાનો કોમળ. નમ્ર સ્વભાવ હોત તો ક્યાં મારે આ ક્ષમાદિ રાખવાનો અભ્યાસ કરવાનો હતો ? તો ફિકર નહિ, આ દૃષ્ટિએ આ સંયોગ પણ સારો છે, સારા માટે છે.' આમ જીવનમાં સ્યાદ્વાદ જીવવાથી મુંઝવણના ઊકેલ આવે છે, ક્લેશ રગડા મટે છે.

એમ આ સ્યાદ્વાદ, કે રાજાને લાત મારી, ડંડી મારી ટાંગ ઝાલી તાણ્યો, એ બધું આબાદી કરાવનાર બન્યું.

હવે અહીં એ વિચારો કે ઊંધું વેતરણ ત્રણ ત્રણ વાર આચરવા છતાં કેટકેટલી આબાદી કરનારી થઈ ? છ લાખ સોનૈયા ઉપરાંત મંત્રીપદની પ્રાપ્તિ ! આમાં શું પુરુષાર્થ મુખ્ય કારણ કહેવાય ? કહીએ તો એનો તો એવો અર્થ થાય કે 'રાજાને લાત મારવાનો પુરુષાર્થ કરે તો એક લાખ સોનૈયા મળે; મુગટ ઉડાવવાનો પુરુષાર્થ કરે તો બે લાખ સોનૈયા મળે; ને પગેથી ઘસડી નીચે પાડવાનો પુરુષાર્થ કરવામાં ત્રણ લાખ સોનૈયા સાથે મંત્રીપદ મળે.' શું પુરુષાર્થનો આવો નિયમ બંધાય ?

**પ્ર.**- પણ એવા સંયોગ વખતના પુરુષાર્થથી લાભ મળે એમ તો કહેવાય ને ?

**ઉ.**- આવો આઘા, એ પુરુષાર્થ માટે એવા સંયોગની ખબર કોણ પાડે ? ભાગ્ય પર જ આવવું પડે, કહો

**પ્ર.**- જોષીને પૂછપરછનો પુરુષાર્થ ખબર પાડે ને ?

**ઉ.**- પણ જોષીએ ત્યાં તમારી જન્મકુંડલી જોઈ એવો ગ્રહોનો યોગ એટલે કે



ઉદય પામનારું ભાગ્ય દેખે તો કહે ને ? એટલે ભાગ્યની મુખ્યતા જ રહેવાની.

હા, એમાં કોક સારું ભાગ્ય ઊંધા પુરુષાર્થનું નિમિત્ત પામી ઉદયમાં આવે એ બને; પણ તેથી હાલતાં ને ચાલતાં ઊંધા પુરુષાર્થ કરાય નહિ. એમ તો ઠેસ વાગતાં રસ્તા પરથી ઢેફું ઊખડી એની નીચેથી ધન નીકળે. તેથી શું પછી ચાલતાં ચાલતાં ઠેસ મારતા જવાય ? એમાં તો અંગૂઠો છોલાઈ છોલાઈ લોહીથી લાલચોળ કરવાનું મળે, એવા ઊંધા પુરુષાર્થથી કાંઈ ધન ન મળ્યા કરે. એટલે પુરુષાર્થ તો સીધી લાઈનના જ જોઈએ. 'ભાગ્ય નહોતું' એમ બજારમાં એક બે વાર ઉપરાપર માર ખાતાં જણાયું, છતાં વેપાર ખેલવાના અવળા પુરુષાર્થ પર ચડી કેઈ સટોરિયા પાયમાલ થઈ ગયા. ખરી રીતે એવા વખતે ભાગ્યને પરખી ઘરમાં બેસી રહેવું જોઈએ. સંભવ છે કે ઊંધું નિમિત્ત ન મળવાથી અશુભ ભાગ્યને દબાઈ રહેવું પડે, યા ગુપચુપ નષ્ટ થવું પડે.

**કર્મો બે જાતનાં** હોય છે એક નિમિત્તથી ઉદય પામનારાં, બીજાં નિમિત્ત વિના ઉદય પામનારા. ખાવામાં ભાન ન રાખ્યું, ને માંદા પડ્યા, એ નિમિત્તના હિસાબે અશાતાવેદનીય-કર્મ ઉદયમાં આવ્યું. આરોગ્યના નિયમ સાચવતા હતા, છતાં કોક ટી.બી.કેન્સર જેવો રોગ ફૂટી નીકળ્યો, એ એવા નિમિત્ત વિના કર્મ ઉદયમાં આવ્યું. માટે ખાવા-પીવા-બોલવા-ચાલવા વગેરે બધામાં અવળો પુરુષાર્થ ન કરીએ તો નિમિત્તથી ઉદય પામનારા કર્મના મારથી બચી જઈએ. ત્યારે નિમિત્ત વિના ઉદયમાં આવનારા કર્મથી તો ગમે તેટલો સવળો પુરુષાર્થ રાખો તોય બચાય એમ નથી. એ તો ચમરબંધીને ય ભોગવી જ લેવો પડે. બસ,

**જીવન જીવવાની ખૂબી આ, કે**

(૧) અશુભ કર્મ ઉદય પામે, તેથી આપત્તિ પ્રતિકૂળતા આવે; ત્યાં એને નિર્ધારિત સમજી લઈ એ પ્રતિકૂળતા દ્વારા કર્મ ભોગવાઈ ભોગવાઈ એ કર્મકચરો આપણા આત્મા પરથી સાફ થઈ રહ્યાનો આનંદ માનવો. ક્યારે ય દુઃખ-આપત્તિ-અણ-ગમતામાં વિષાદ ન કરવો, તેથી એમાં કોઈના પર દ્વેષ કરવાનું, ગાળ દેવાનું વગેરે નવું અપકૃત્ય નહિ થાય.

(૨) અવળા પુરુષાર્થ નહિ કરવા.

**'અવળા પુરુષાર્થ' એટલે** અવિવેક, ટૂંકી દૃષ્ટિ, ક્ષુદ્રતા, ઊકળાટ, અજ્ઞાનતા, ઉછાંછળાપણું, અધિકાર-બહારની ચેષ્ટા, વગેરેથી થતા પ્રયત્ન. એ નહિ કરવા. દા.ત.

● વડીલ ગુસ્સે થયા, પણ એમને ઉદ્ધત બોલ સંભળાવવા એ અવિવેકનો પુરુષાર્થ કહેવાય.

● મિષ્ટાન્ન જમવા બેઠા એ જીભને સારું કે શરીરને પૌષ્ટિક લાગવાથી

વધારે પડતું ખાઈ લીધું એ ટૂંકી દૃષ્ટિનો પુરુષાર્થ છે.

● આશ્રિતે પ્રેમમાં કાંઈ માગણી કરી એને ઝટ ઉતારી પાડ્યો એ ક્ષુદ્ર પુરુષાર્થ છે.

● ગુસ્સાના આવેશમાં જેમ તેમ બોલી કે વર્તી નાખ્યું એ ઊકળાટનો પુરુષાર્થ થયો.

● સત્તા-સંપત્તિ-હોશિયારી કે ડિગ્રી વગેરેના મદમાં વસ્તુસ્થિતિનો વિચાર ન કર્યો ને જેમ તેમ બાફી માર્યું એ અજ્ઞાનતાનો પુરુષાર્થ.

● એવા જ કોક મદમાં ગંભીરતા ભૂલી ઊછળી પડ્યા ને વર્તાવ કર્યો એ ઉછાંછળાપણાનો પુરુષાર્થ.

● પોતાનો અધિકાર જ્યાં પહોંચતો નથી, ને દોઢ-ડહાપણ કર્યું, તો એ અધિકાર બહારની ચેષ્ટાનો પુરુષાર્થ થયો કહેવાય.

**આ બધા અવળા પુરુષાર્થ છે.**

**સવળા પુરુષાર્થનાં સાધન :-**

જીવનમાં આવા તો કેઈ અવળા પુરુષાર્થ ચાલે છે એ અટકાવવા હોય તો એ અવિવેકી, ટૂંકી દૃષ્ટિ વગેરે મૂળભૂત દોષોને હટાવવા જોઈએ. આપણા સ્વતંત્ર પુરુષાર્થમાં એ લુચ્ચાઓની દરમ્યાનગીરી શા માટે ? પુરુષાર્થને જશ અપાવનારા ગુણો વિવેક, દીર્ઘદૃષ્ટિ, ઉદારતા, સૌમ્યતા, વિચારક્તા, ગંભીરતા, અને અધિકાર અનુસાર જ વર્તાવની ટેક, વગેરે વગેરે સદ્ગુણો જ કેળવ્યે જવા જોઈએ, કે જેના સહારા ઉપર સીધા જ પુરુષાર્થ આપણે કરવા પામીએ. સારાં સાધન પર સહેજે સારું કાર્ય થાય.

બસ આવા પુરુષાર્થ સચવાય, અને બીજી બાજુ અશુભ ભાગ્યના ઉદય વખતે પાપકચરો નાશ પામી રહ્યાનો આનંદ રહે તથા શુભ ભાગ્યનાં ઉદયમાં જરાય મદ ઉન્માદ હરખ નહિ, એ જીવનને સુંદર રીતે જીવાડે છે,

આપણી વાત ચાલે છે માનકષાય પર જીવંત દૃષ્ટાંતની. એમાં અવંતી દેશમાં ઉજ્જેની રાજધાની પાસેના કૂપવૃંદ ગામનો એક સ્વજન-સંપત્તિએ ઘસાઈ ગયેલ ઠાકોર ક્ષેત્રભટ છે, એની હોશિયારી અને પુરુષાર્થ ગમે તેટલો હશે પણ ભાગ્યની બળવત્તાએ એવી સ્થિતિ ભોગવી રહ્યા છે. સંપત્તિ લક્ષ્મી ચીજ જ એવી છે કે કેટલાકને પહેલેથી મળી હોય તે ઠેઠ સુધી રહે, તો કેટલાને વળી મળેલી પાછળથી નાશ પામી જાય. તો કેટલાકને પહેલાં હોય નહિ, પણ પાછળથી મળે. ત્યારે ઘણા એવાં કે જેમને પહેલાં ય નહિ, ને પછીથી ય નહિ બધી ભાગ્યની લીલા.

આ ક્ષેત્રભટને એક વિરભટ નામે પુત્ર છે. ગામડામાં આજીવિકા વિના



ખાવું શું ? તેથી એણે વિચાર કર્યો કે અહીં પડી રહ્યે કાંઈ નહિ વળે; પરદેશ જાઉં પણ મૂડી વિના ધંધો શો ? ત્યારે વાણિયાની નોકરી કરવામાં નાનમ છે, ને મળે ય કેટલું ? માટે મોટા રાજાની સેવામાં જાઉં, તો માનભેર સારું કાંઈ મળે પણ ખરું. 'બસ, છોકરાને લઈને એ ઉપડ્યો ઉજ્જેનીના રાજા પાસે.

મોક્ષ જેવી મોટી કમાઈ માટે પણ આવું જ છે. મોટા વીતરાગદેવને વળગીએ તો એમના આલંબને વીતરાગ બનાય; બાકી રાગ-દ્વેષયુક્ત દેવને વળગવાથી શું વળે ?

ક્ષેત્રભટ ઉજ્જેનીના રાજાની સેવામાં લાગ્યો. રાજાએ પણ પ્રસન્ન થઈ એને કૂપવૃંદ ગામ ભેટ કર્યું. એટલે એની કમાઈ એને ચાલુ થઈ ગઈ. હવે એ શરીર જીર્ણ થતાં પુત્રને અહીં મૂકીને પોતાના ઘેર ગયો. અહીં ક્રમે કરીને આ વીરભટને શક્તિભટ નામનો દીકરો થયો. એ પણ મોટો થતાં એને અહીં રાજકુળમાં મૂકી વીરભટ પોતાને ગામ ગયો.

આ શક્તિભટ સ્વભાવે બહુ અભિમાની છે, ગર્વિષ્ઠ અને અક્કડ છે. તેથી બીજા રાજપુત્રો એને 'માનભટ' 'માનભટ' એમ કહીને જ બોલાવવા લાગ્યા તેથી 'માનભટ' એવું એનું નામ જ પડી ગયું. આ માનના પૂતળાને એની કાંઈ અસર નથી કે પોતાનો સ્વભાવ ફેરવે. એ તો અભિમાનમાં જીવન હંકાર્યે જાય છે.

એક વાર એવું બને છે કે આ ઉજ્જેનીના રાજા અવંતીવર્ધનને ભીલોનો એક રાજકુમાર નમસ્કાર કરવા માટે રાજસભામાં આવે છે. હજી માનભટ સભામાં આવ્યો નથી, એટલે એની જગા ખાલી જોઈ સહજ સ્વભાવે નવો આવનાર ભીલ રાજકુમાર એ જગાએ બેસી જાય છે. એને ખબર જ નથી કે આ જગા કોઈકની રોજની બેઠક હશે. એમાં ત્યાં પાછળથી માનભટ આવ્યો, ને આને પોતાની જગા પર બેઠેલો જોતાં જ એને અભિમાન ચડી આવ્યું. એના મનને લાગ્યું કે 'હેં ? આવો હલકો માણસ મારી જગા પર બેઠો ? ખબર લઈ નાખું એની.'

માનભટ પેલાને કહે છે, 'અરે ભીલ ! આ તો મારી જગા છે અહીં તું બેસી પડ્યો ? ઊઠ ઊઠ ઊભો થા.'

ભીલ બિચારો કહે 'અરે ! એમ છે ? મને ખબર નહિ. માફ કરજો. હું તો અજાણતાં અહીં બેઠો. હવે ફરીથી નહિ બેસું.'

આ વાત ચાલે છે એટલામાં કોઈ માનભટની મશ્કરી કરતાં બોલ્યું કે ઠીક આજે એની હલકાઈ થઈ !'

બ....સ, આટલી જ વાર; માનભટના કાને આ શબ્દ આવતાં એનું અભિમાન વળી ઊછળ્યું. એના મનને થયું કે 'હેં ભીલે મને હલકો પાડ્યો ? તો પછી મારી કિંમત શી રહી ? માણસને જ્યાં સુધી હલકાઈ અપમાન તિરસ્કાર

જોવાના ન આવે ત્યાંસુધી જ એનું જીવવું સાર્થક છે. બાકી જ્યાં હલકાઈ-અપમાનથી પ્રતાપ હણાઈ જાય એવું જીવવાની શી કિંમત ? જીવીને કામ શું ? માણસ ત્યાં સુધી જ મેરુ જેવા ગૌરવવાળો છે કે જ્યાંસુધી એ પરાભવ નથી પામતો. બાકી પરાભવ પામીને અપમાનિત થઈને તો એક તણખલાથી પણ હલકો બની જાય છે. માટે હવે એવી હલકાઈ પરાભવ ચલાવી લેવાય નહિ.'

**ભીલ પર હુમલો :-**

માનભટ ચડ્યો અભિમાનમાં; અભિમાનથી ચડ્યો પેલા બિચારા ભીલ ઉપર રોષમાં. ભીલે તો માફી માગી લીધી છે, છતાં આના અંતરનો માનકીડો એને મહેકાવી મૂકે છે. માણસ ઘણો તો પોતાની કલ્પના અને આંતરિક કષાયોના લીધે મરે છે, અપકૃત્ય કરે છે, ખુવાર થાય છે. માનભટે માનમાં અંધ બની છરી કાઢી. શા માટે ? ભીલને લગાડી દેવા. એમાં એ હવે કાર્ય શું, અકાર્ય શું, એનો કાંઈ જ વિચાર નથી કરતો. 'હું જે આ કરવા જાઉં છું' એ સુંદર છે કે અસુંદર ? એ ય મનમાં લાવતો નથી; ત્યારે પોતાને ય મોત આવશે કે બચાવ મળશે ? એની ય એને પરવા નથી એ તો સીધી છરી કાઢતાંક ભીલ રાજકુમારની છાતીમાં ભોંકી દે છે.

વિચારજો એક અભિમાન પણ માણસને કેવો માણસ મટાડી દે છે ! જંગલી પશુનું જ આ કામ કે બીજું કાંઈ ? સિંહ-વાઘને અભિમાન છે કે 'મારી સામે કોણ ઊભું રહી શકે ?' એટલે પછી કેમ ? તો કે 'કર જીવલેણ હલ્લો એના પર.' એમ આ અભિમાનીને પણ લાગ્યું કે 'આ ભીલ મારી હલકાઈ કરનારો કોણ ? ઠોક એને' આમાં માનવતા ક્યાં રહી ? શહેરી પશુતા પણ ક્યાં ?

ધર્મનંદન આચાર્ય મહારાજ કહે છે.

**'न गणेइ परं, न गणेइ अप्पयं, ण य होंतमहाहोंतं ।**
**माणमउम्मत्तमणो पुरिसो मत्तो करिवरो व्व ॥'**

અભિમાન અને મદથી ઉન્મત્ત બનેલો પુરુષ મદોન્મત્ત મોટા હાથી જેવો છે એ નથી બીજાનો વિચાર કરતો કે નથી જાતનો વિચાર કરતો. એ નથી બનવાનું ગણકારતો કે નથી ન બનવાનું ગણકારતો.' માનભટની આ જ દશા થઈ. એણે છરી ભોકી દેવાથી ભીલને શું પરિણામ આવે એનો ય વિચાર ન કર્યો, તેમ પછી પોતાને ય શું પરિણામ આવે એનો ય વિચાર ન કર્યો.

**માનભટ ભાગે છે :-**

**એકેક કષાય જીવને અંધ બનાવે છે.** એટલે અભિમાન આને અંધ કરે એમાં શી નવાઈ ? આવેશમાં છરી ભોંકતા તો ભોંકી દીધી, પણ હવે ક્ષણવાર પણ ત્યાં



ઊભા રહેવાની એની તાકાત છે ? સામે પેલા ભીલ રાજકુમારના સહચારી ભીલો તેમજ રાજસભામાં બીજા પણ હવે તો જમના દૂત જેવા બની જાય. એ આને જીવતો છોડે ? આ એકલો ને પેલા ઘણા. એટલે એ બધાની સામે એકલાનું ચાલે પણ શું ? બસ, આ વસ્તુ સ્થિતિ તરત માપી લઈને માનભટ સહેજ પણ ત્યાં ઊભો ન રહેતાં રાજસભામાંથી બહાર નીકળી જાય છે. માનકષાયે કેવો અંધ બનાવ્યો ? પરિણામ જોવા જ ન દીધું.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૬,અંક-૩૬,તા.૨૫-૫-૧૯૬૮**

અહીં પણ ભીલને છરી ભોંકાતાં, સાથેના લોકો ચોંકી ઊઠે છે. કોઈને આ કલ્પના નહિ કે માનભટે રોષ દેખાડ્યો પણ ભીલકુમારે તરત ક્ષમા માગી લીધી પછી આવું ભયંકર ખૂન બને. પેલા મશ્કરીમાં બોલનારને પણ આવી કલ્પના નહિ. છરી ભોંકાઈ ભીલ રાજકુમાર નીચે પડતાં હો-હો મચી બધા ત્યાં ભેગા થઈ ગયા, ને માનભટને ઉદ્દેશીને 'પકડો પકડો એ લુચ્ચાને' એવો પોકાર કરી મૂકે છે. એને પકડવા માણસો દોડે છે. પકડાય તો એના કેવા હાલ ? પછી એમાં એને જીવતો છોડે ?

**મોત કેમ આવ્યું ? :-**

કર્મની કેવી વિચિત્રતા છે ? ભીલકુમારને બિચારાને અહીં આવતાં કશીય ધારણા ખરી કે રાજાને નમનના બહાને મને મોત બોલાવી રહ્યું છે ? ના, છતાં કેમ મોત આવ્યું ? જોજો એની સહેજ ગફલત એ કાંઈ મૃત્યુનું કારણ નથી. એવી તો ગફલત દુનિયામાં ઘણાયને થયા કરે છે, તેથી કાંઈ થોડું જ મોત થાય છે ? ત્યારે કાળ-સમય પણ કારણ નથી કેમકે બીજાઓ માટે પણ એનો એજ સમય ત્યાં પ્રવર્તતો હતો, છતાં એમના મોત ન નીપજ્યાં. તો એકલી ભવિતવ્યતા પણ કારણભૂત નહિ. કેમકે તો તો પછી જીવનાં સત્કૃત્ય-દુષ્કૃત્ય નકામા જ જાય ! માટે એજ કહેવું પડે કે અહીં ભીલના પોતાના પૂર્વકૃત કર્મ ઉદયમાં આવ્યાં, ને એણે પેલાની બુદ્ધિ બગાડી આ જીવલેણ ઘા દેખાડ્યો. અહીં સવાલ થાય,

**પ્ર.- કોઈનાં કર્મ બીજાની બુદ્ધિ બગાડે ?**

ઉ.- હા, જુઓ સીતાજીને અપયશનામકર્મ વગેરે કર્મ ઉદયમાં આવ્યા ત્યારે શોક રાણીઓની બુદ્ધિ બગાડી ને ? રામની પણ મતિ ફેરવી નાખી ને ? મહાવીર પ્રભુને કાનમાં ખીલા ઠોકાવાનું કર્મ ઉદયમાં આવ્યું ત્યારે ગોવાળિયાની બુદ્ધિ બગાડી કે નહિ ? શોક રાણીઓએ ચડાવીને મોકલવાથી મહાજને રામચંદ્રજીને કહ્યું કે 'લોકો વાત કરે છે કે પારકે ઘેર રહી આવેલા સીતાજીને આપ જેવાએ હવે રખાય

નહિ.' છતાં સીતાજીને લેશમાત્ર પણ અસતી માનવા રામ તૈયાર નથી.

તો પછી કેમ એવી બુદ્ધિ થઈ કે 'છતાં સીતાજીને ત્યજીને સારા રાજા તરીકેની નામના અખંડ રાખું ?'

સીતાજીને કાઢી મુકવા હતા તો એમના પિતા જનક રાજાને ઘેર મોકલાવી દેવા હતા દૂર જંગલમાં કેમ મુકાવી દે છે ?

કહેવું જ જોઈશે કે સીતાજીનાં એવાં કર્મ જ એ કરાવી રહ્યાં છે. એમ પેલા ખીલા ઠોકનાર ગોવાળિયાને આટલી હદ સુધીની ક્રૂરતા વાપરવાની બુદ્ધિ પણ મહાવીર પ્રભુનાં પૂર્વ કર્મ કરાવી રહ્યાં છે અહીં જરાક પૂછો,

**પ્ર.**- તો પછી શું ગોવાળિયો નિર્દોષ ? એ તો પ્રભુનાં કર્મ એવી ક્રૂરતા કરાવી રહ્યાં છે ને ?

**ઉ.**- ના, નિર્દોષ નહિ, કેમકે પોતાની ક્રૂરતામાં પોતાનાં ય એવાં કષાય મોહનીય કર્મ અને અશુભ મનોયોગ તથા કાયયોગ યાને પુરુષાર્થ કારણભૂત છે જ. સાથે નિમિત્તરૂપે એમાં પ્રભુનાં કર્મ ભળે છે. એટલે પોતાના કાષાયિક ભાવ અને અસત્પ્રવૃત્તિ પોતાને દોષિત બનાવે જ છે. અલબત એ દુષ્ટતામાં બીજાનાં તેવાં અશુભ કર્મ નિમિત્ત બની જાય છે.

**બુદ્ધિ બગડવામાં કારણો :-**

એટલે આ પરથી નિષ્કર્ષ આ નીકળે છે કે,

(૧) એક તો પોતાની બુદ્ધિ બગડે, ખરાબ ભાવ જાગે, એમાં પોતાનાં મોહનીય કર્મ કારણભૂત છે.

(૨) બીજું એ, કે એ બુદ્ધિ પર ખોટા વિચાર કરાય, ખરાબ વચન બોલાય કે અશુભ પ્રવૃત્તિ કરાય, એમાં પોતાનો અસત્ પુરુષાર્થ કારણભૂત છે.

(૩) ત્રીજી વસ્તુ એ છે કે એનાથી જેને નુકશાન થવાનું હોય એનાં પણ પોતાનાં અશુભ કર્મનો ઉદય એમાં નિમિત્તભૂત છે. માટે તો ધવલશેઠની બુદ્ધિ બગડી અને શ્રીપાળકુમારને દરિયામાં નાખ્યા, થોડો સમય શ્રીપાળનાં વહાણ અને બે પત્ની પડાવી, એમાં શ્રીપાળકુમારનાં પોતાનાં પણ અશુભ કર્મના ઉદય કારણ ખરાં જ. એટલે હવે સમજાયું હશે કે કોઈને નુકશાન થાય એવી બીજાને બુદ્ધિ બગડે અને એવું કામ કરે, તો બુદ્ધિના બગડવામાં નુકશાન પામનારના અશુભનો ઉદય નિમિત્તભૂત બન્યો.

હવે પરિણામની દૃષ્ટિએ જોઈએ તો ભલે કોઈનો અશુભોદય બીજાને બુદ્ધિ બગડવામાં અને અનુચિત આચરવામાં નિમિત્ત બન્યો, એટલે કદાચ કહો કે 'આ શું કરે બિચારો ? પેલાના કર્મના ઉદયે આની બુદ્ધિ બગડી,' તો ના, આ નિર્દોષ



નથી. આ નિયમ છે કે

**જે કોઈ બુદ્ધિ બગાડે એ ગુનેગાર છે.** એને પાપ લાગે જ છે. અશુભ અધ્યવસાય અશુભબંધ કરાવે જ છે.

માટે જ, નુકશાન પામનારો જો પોતાની બુદ્ધિ ન બગાડે તો નુકશાન થવા માત્રથી ગુનેગાર નથી બનતો.

એટલે પૂર્વનાં અશુભ કર્મ બુદ્ધિ બગાડ્યા વિના શાંતિથી ભોગવી લે એ બચી જાય, અને એ કર્મનાં નિમિત્તે બુદ્ધિ બગાડનારો દંડાય.

વાત આપણી હતી કે ભીલ રાજકુમારનાં બિચારાનાં કર્મ જ એવા હશે કે માનભટની બુદ્ધિ બગાડી, અને એણે ભીલનો ઘાત કર્યો. પોતાના અશુભ કર્મના ઉદય વિના પોતાને ખમવાનું આવે નહિ આ નિયમ. માટે એ વખતે બીજાને દોષ દેવો નિરર્થક છે. ઊલટું ત્યાં પોતાનાં નિર્ધારિત કર્મનો ઉદય તો ખમવો જ પડે છે. પણ વધારામાં બીજાને દોષ દેવા જતાં કષાય થાય છે. બુદ્ધિ બગડે છે, અને તેથી નવાં કર્મથી દંડાવાનું થાય છે.

**માનભટને પકડવા :-**

ભીલરાજકુમારનું ખૂન થવા પર પોકાર પડ્યો કે 'પકડો પકડો પેલા માનભટને,' અને માણસો દોડ્યા પણ માનભટ તો ક્યાનો ય નીકળીને ભાગ્યો છે તે ભાગતાં ઉજ્જેનીમાં ન રહેતાં સીધો બહાર નીકળીને પોતાના ગામ તરફ દોડ્યો જાય છે. એને ડર તો છે કે પાછળથી કોઈ આવી પકડશે તો ? પરંતુ એ એવા ગલીકૂંચીનો રસ્તે બહાર નીકળી જઈ એટલો જોરમાં દોડતો જાય છે કે પાછળ આવનારા એને પકડવામાં મોડા પડે છે.

**સાહસમાં મૂઢતા :-**

માનભટ પોતાના ઘેર પહોંચી જઈને શાંત કેમ બેસી શકે ? હજી ભય પાકો છે કે પેલા ભીલના માણસો કે બીજાઓ અહીં આવી લાગે તો ? એટલે એ ગભરાયેલો છે. આવેશમાં સાહસ કરી નાખ્યા પછી કેટલી બધી અસ્વસ્થતા અને આકુળવ્યાકુળપણું ઊભા થાય છે ? તો પછી માણસ શું જોઈને સાહસ કરતો હશે ? પરંતુ કહો કે સાહસ એનું નામ, કે જેમાં બહુ વિચાર કરતાં બેસવાનું ન હોય કે પરિણામ શું આવશે ?' અને એકાએક કાર્ય કરી નાખવાનું હોય. જોખમનો વિચાર નહિ. ભેજું તો મળ્યું છે, પણ એનો ઉપયોગ જોખમ વિચારવામાં કે ભાવી પરિણામની શક્યતાનો ખ્યાલ કરવામાં નહિ કરે, અને આવેશને મહેકાવવામાં કરે, એ મોહની આ જગતના પામર જીવો પર કેટલી બધી ઘેરી અસર છે ? વિચારવાનું સાધન મળ્યું છે, પરંતુ એનો ભળતો જ ઉપયોગ એ જીવોની કારમી વિટંબણા છે. મગજ શું કે બીજાં સાધન

શું, મોહમૂઢતાનો આ પ્રભાવ છે કે એનો સદુપયોગ ન કરવા દે.

**માનવભવ-ધન-બુદ્ધિ આદિનો શો ઉપયોગ :-**

બોલો, માનવભવ એ ખુદ ઊંચું સાધન નથી ? છે જ. એનો સદુપયોગ તીર્થંકર ભગવાનનાં વચન પર અટલ શ્રદ્ધા, મૈત્રીભાવ, દુઃખી પ્રત્યે કરુણાર્દ્ર દિલ, ગુણાનુરાગ, ગંભીરતા, ઉદારતા, વગેરેને મુખ્ય બનાવી એના આધારે મન-વચન-કાયાની પ્રવૃત્તિ કરવામાં થઈ શકે એવો છે ને ? પરંતુ મૂઢતા આ સાધનનો કેવો ઉપયોગ કરાવી રહી છે ? કેટલો બધો ઊંધો ઉપયોગ ?

એમ પૈસાટકા સારા મળ્યા એ પૈસા શું હવે પાપધંધાથી નિવૃત્તિ લઈ એ હાય-વોય-અશાંતિ-આર્તધ્યાન વગેરેને પડતાં મૂકી નિરાંતે ધર્મપ્રધાન જીવન જીવવાનું સાધન નથી ? છે જ, છતાં એનો ઉપયોગ કેટલો ઊંધો ચાલી રહ્યો છે ? ઊલટાં વધુ આરંભ સમારંભનાં કારખાનાં અને જાલિમ વિષય-વિલાસના બંગલા-મોટર-શોખસાધનો ઊભા કરવામાં થાય છે ને ?

એમ, પ્રતિષ્ઠા, લાગવગ, સત્તા, વગેરે કેટલાંય સાધનો મળવા છતાં એનો સ્વ-પરમાં ધર્મપોષણમાં ઉપયોગ કરવાને બદલે ઊંધો ઉપયોગ કેવો ચાલે છે ? સ્વના અને પરના કષાયોની જ વૃદ્ધિમાં ને ?

**દુનિયામાં એવા મૂઢ મળે ? :-**

જ્ઞાનીઓ માનવ જન્મને મોક્ષમાર્ગની આરાધનાનું અજોડ સાધન કહે છે, ઉચ્ચ સદ્ગતિ પામવાનું અને ભાવી સમસ્ત કાળ ઉજ્જવળ બનાવવાનું અનન્ય સાધન કહે છે, ત્યારે રાંકડા જીવને એનો વિચાર નથી કે 'બીજું-ત્રીજું કરવા માટેનાં સાધનભૂત ભવો તો ઘણા મળશે, પણ આવો ભવ, એળે ગાળ્યા પછી, ફરી ક્યારે મળશે ? ને ક્યારે એનો એ સદ્ઉપયોગ કરીશ ?'

**ઉત્તમોત્તમ સાધનનો એ સુંદર ઉપયોગ-ચૂકનારા આપણે શું મૂર્ખ અને મૂઢ નથી ?**

ઉત્તમ બાવનાચંદનનો વાસણ માંજવાની રાખ બનાવવામાં ઉપયોગ કરનાર કેવો લાગે ? ડાહ્યો કે મૂર્ખ ? વિવેકી કે મૂઢ ?

ચડસાચડસીમાં હજાર રૂપિયાની કરન્સી નોટમાં તમાકુ મૂકી બીડી વાળી ફૂંકી મારે, એ કેવો ગણાય ?

બજાર વચ્ચે માસિક હજારો રૂા. ની કમાણી આપે એવી દુકાન પર જુગારનો અડ્ડો જમાવે અને બાપનું ધન ફનાફાતિયા કરે, એ છોકરાને કેવો કહો ?

આ બધી મૂઢતા સમજાવે છે, પણ પોતાના જ માનવભવ બુદ્ધિ-ધન-પ્રતિષ્ઠા વગેરે ઉચ્ચ સાધનોના જાતે સરાસર દુરુપયોગ કરવામાં જાતની મૂઢતા નથી દેખાતી ! ધન્ય અક્કલ ! ચોંકવું જોઈએ કે 'અરે ! આ હું શું કરી રહ્યો છું ? છતે



સાધને તારક ઉપયોગને બદલે મારક ઉપયોગ ? પછી એ દુરુપયોગની કર્મ મને ભયંકર સજા નહિ કરે ? ફરીથી આવાં સાધન મળવા માટે નાલાયક નહિ ઠરાવે ?'

**શાના બદલે શું અપાય છે ? :-**

કેટલી દુઃખદ સ્થિતિ છે ? જે બુદ્ધિ અને બીજાં સાધન ઉપર મૈત્રી-કરુણા-પ્રમોદ ખીલવી શકાય એના જ પર મૂરખ જીવ વૈર-વિરોધ, સ્વાર્થલંપટતા અને ઈર્ષ્યા કેળવે છે ? જેના પર સાધર્મિકને ઉપબૃંહણ, ધર્મ સ્થિરીકરણ અને વાત્સલ્ય આપી શકાય એ જ બુદ્ધિ ઉપર એની અવગણના, એની શ્રદ્ધાદિનું ખંડન અને એના પર ઝેર વરસાવવાનું કરે છે ! બુદ્ધિ શક્તિ તો એની એ જ, પણ એ સાધનનાં મહામૂલ્યની ગમ નથી, ગમારિતા છે, ને એનો ભયંકર દુરુપયોગ કરવાનું બને છે ! એથી શું મળે છે ? અહીં પણ કાંઈ લાભ ખરો ? કશો નહિ, સિવાય ખણજ ચળવાનો. વૈરવિરોધની ખણજ ઊઠી ને બુદ્ધિથી એના પર જ કુવિચારણામાં લાગવાનું અને અંતરમાં સળગવાનું ને શરીર પર માઠી અસર લેવાની, આ મળે છે. શું સારુ મળ્યું ? કાંઈ જ નહિ, છતાં એમાં જ બુદ્ધિ લગાડ્યા વિના રહેવાતું નથી !

**બાપને નિવેદન :-**

માનભટે બુદ્ધિનો દુરુપયોગ કર્યો. માનકષાયનો પારો વધાર્યો, ને ખૂની બન્યો. હવે ભયનો માર્યો ઘેર આવ્યો. આવીને બાપના ચરણમાં પડી જાય છે, અને બનેલી બધી હકીકત નિવેદિત કરે છે, ને પૂછે છે, 'પિતાજી ! હવે મારે શું કરવું ?'

સાપ ઘરમાં સીધો. બાપને કહ્યા વિના ચાલે એમ નહોતું, કેમકે ભીલો ને રાજાના માણસોનો ઘરે આવવાનો ભય તો હજી ય ઊભો જ છે, એટલે ઘરે સુખેથી બેસાય એવું નથી. પછી બાપને અંધારામાં રાખી શું કરે ? બાપને હકીકત કહીને હવે બચવાનો રસ્તો પૂછે છે. બાપના મનને ઘણુંય લાગી આવ્યું, પરંતુ અત્યારે ઠપકો દેતાં બેસવાનો અવસર નથી. તેમ 'નાલાયક ! આવા ધંધા કરે છે ? નીકળ મારા ઘરમાંથી;' એમ છોકરાને કાઢી મૂકવાનો ય અવસર નથી; કેમકે હવે તો પોતાને પણ ભય લાગ્યો કે છોકરાને કાઢી મૂકવા છતાં પેલા માણસો આવી પોતાને જ કનડે કે 'બતાવ છોકરો ક્યાં છે ?' એમ ધમ-ધમાવે ને આ બીજો-ત્રીજો જવાબ દેતાં પેલા ગુસ્સે થઈ આના પર ઘા કરે તો ? એટલે બાપને ભય છે. ભયસંજ્ઞામાં માણસ ઉચિત અનુચિતનો વિચાર કરવા ક્યાં બેસે ?

**છોકરો કેમ બગડે છે ? :-**

તેમ એ પણ વસ્તુ છે કે બાપને દીકરા પર મોહ છે એટલે દીકરો ગમે તેવું અજુગતું પણ કરી આવ્યો તો ય બાપ એ ગળી જાય છે. જો આ મોહ ન રહેતો હોત તો જગતમાં કેટલાય માબાપ પોતાના દીકરાના આત્મિક જીવન બગાડે છે.

તે બગાડત નહિ. અજુગતું ચલાવી લઈને દીકરાને કાંઈ ઠપકો શિક્ષા દેતા નથી તેથી પેલાને એમ લાગે છે કે 'આમ ચાલે' પછી શું કામ સુધારો કરે ?

**સદ્‌ભાવ ટકાવવો જરૂરી :-**

**પ્ર.**- તો શું વારે વારે ટોક ટોક કરવાથી સુધરે ? એમાં તો ધિઠ્ઠા બની જાય છે.

ઉ.- આવડત ન હોય તો એમ બને. બાકી

(૧) ઠપકા કડવા ય હોય એમ મીઠાં પણ હોય.

(૨) સીધા શબ્દમાં કહેવા યોગ્ય હોય, એમ આડકતરા શબ્દથી ય કહેવાય.

(૩) મોટા ભાગે તત્કાળ ન કહી નાખતાં ઠંડકથી પછીથી કહેવા યોગ્ય હોય છે.

(૪) દોષની ખરાબી તુચ્છ નુકશાનની દૃષ્ટિએ બતાવવાને બદલે કોઈ મહા નુકશાનને આગળ કરીને ય કહેવાય.

**ઠપકો કેમ દેવો ?** એનું પણ એક સાયન્સ છે. સામાના હૈયાના કોમળ તાર તૂટી ન જાય, એ ઠપકાને સહર્ષ ઝીલે, એના પર વિચાર કરે, દોષનો સુધારો કરે, એ બધો ખ્યાલ રાખવાનો હોય. કહેવાની બિન આવડતમાં કહેનાર પર જો પેલાને સદ્‌ભાવ ઊઠી જઈ દુર્ભાવ થયો, તો પછી મામલો ખતમ ! હવે ફરીથી એ ઠપકો ઝીલવા તૈયાર જ નહિ હોય. એટલે ઠપકો જેમ તેમ, ને જ્યારે ત્યારે ન દેવાય. સામાનો સદ્‌ભાવ ઊઠી ગયા પછી તો બીજું ય બગડવાનું; કેમકે હવે 'પેટનો બળ્યો ગામ બાળે' જેવું થાય. દુર્ભાવને લીધે બાપનું બહાર ઘવાતું બોલશે. માટે છોકરાનો સદ્‌ભાવ ટક્યો રહે એ પણ માબાપે જોવાનું છે.

**ઠપકા પછી કેમ વર્તવું ? :-**

વળી ઠપકો દીધા પછી પણ વર્તાવ રાખવાની ખૂબી છે. હેત વિશેષ દેખાવું જોઈએ ને સંતાનને એ પણ લાગવું જોઈએ કે અમારું અજુગતું માબાપને પસંદ નથી; ને એમને પસંદ ન હોય એવું અમે ફરી ફરી આચરીએ તો એ કાંઈ ચલાવી નહિ લે, આવો ભય પણ ઊભો રહેવો જોઈએ અને આકર્ષણ પણ ઊભું રહેવું જોઈએ કે 'અમારા માબાપ અમારી પર ખૂબ હેત રાખી અમારી સારી ચિંતા કાળજી કરે છે, અને બહુ ભોગ આપે છે, અમારી ભૂલોની ગાંઠ નથી વાળતા, કે બદલો નથી લેતા.' ઠપકા પછીના વર્તાવ પર પણ સામાના સદ્‌ભાવ-દુર્ભાવનો આધાર છે.

**લાડ કે ગંભીરતા ક્યાં સુધી ?**

તાત્પર્ય, ઠપકો દેવામાં કાળજી બહુ રાખવાની છે. પરંતુ એનો અર્થ એ નથી કે ઠપકો દેવો જ નહિ. ન દેવામાં ઘણાય બાળકોના જીવન બગડી ગયાના દાખલા આજે જોવા મળશે. લાડમાં ઠપકો ન દીધો કે પોતાની ગંભીરતા દેખાડવા માટે ઠપકો ન દીધો, પરંતુ પછી પેલાને સુધરવાનો અવકાશ શી રીતે ? ઓઘ (જનરલ) રૂપમાં



કહેવાય એમાંથી જાત માટે શીખામણ કાઢી લેવાની હોશિયારી નથી, જાગૃતિ નથી, દોષ પર એવો દ્વેષ નથી. આવી સ્થિતિમાં એ સુધરે શી રીતે ? શાંતિથી વ્યક્તિગત બેસાડી કહ્યું હોય તો હજી કાન ઊઘડે, વિચાર કરતો થાય, ફરીથી ભૂલ ન કરવાનો નિર્ધાર કરે. માટે સુધારવા સારું કહેવું તો જોઈએ જ.

**બાપ રસ્તો કાઢે છે :-**

અહીં માનભટની ગંભીર ભૂલ છતાં એના બાપને બહુ કહેવાનો અવસર નથી, કેમકે પોતાના ય પ્રાણનો ભય છે. માનભટે કરેલ ભીલ રાજકુમારના ખૂનના બદલામાં એના માણસો પોતાના ઉપર વેર વાળે તો ? એટલે એ માનભટને કહે છે, દીકરા ! હવે તો આપણે બધાએ અહીંથી જલ્દી ભાગી જવું જોઈએ, ને કોઈ અજાણ્યા નિર્જન જેવા પ્રદેશમાં જઈ રહેવું જોઈએ. માટે જલ્દી ગાલ્લી તૈયાર કરી એમાં સારભૂત સર-સામાન લઈ લે; એટલે આપણે તરત ઊપડી જઈએ.'

**માનભટ નર્મદાના તીરે :-**

**એક ભવ માટે; તો ભવોભવનું શું ? :-**

બસ, બાપના બોલ પર ગાલ્લી તૈયાર કરી માનભટ અને કુટુંબીઓ ઊપડ્યા પરદેશ. એક ભવના પ્રાણ બચાવવા જીવ ઘર પણ છોડે છે, કિન્તુ ભવોભવના બચાવ માટે ઘર છોડવું નથી એવી મિથ્યાત્વની પકડ હોય છે. ત્યારે જેને ભાવી જન્મ-મરણની ફેર ફેરફૂદડીનો ભય લાગ્યો છે. એવા ભાગ્યવંતા કુટુંબ આખા ય આજે પણ સંસારત્યાગ કરનારા જોવા મળે છે. બાકી તો જીવોની અજ્ઞાન મૂઢ દશા છે, નાદાનિયત છે કે આ જન્મનાં માન પ્રતિષ્ઠા યાવત્ પ્રાણ બચાવવા બધું કરી છૂટશે, પણ જન્મોજન્મના બચાવ અર્થે કશું છોડવા તૈયાર નહિ.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૬,અંક-૩૭,તા.૧-૬-૧૯૬૮**

**સાંસારિક ઘટના સાથે સરખાવો :-**

આજે ય સાંભળવા મળે છે કે દેવું વધી જતાં અને સમાજ કે સરકારનો ભય આવી જતાં માણસ એકલો જ કુટુંબને છોડીને ભાગ્યો તે વરસો ગયા, પાછું એનું આગમન થયું જ નહિ. કુટુંબે એના વિના આખી જિંદગી કાઢી ને છતાં છૂટકારાનો દમ ખેંચ્યો કે 'ચાલો એ અહીંની આપદામાંથી તો બચી ગયા.'

ત્યારે શું પરલોકનો ખ્યાલ કરી આ વિચાર ન આવે કે 'ભલે અમને છોડીને ચારિત્ર જીવન સ્વીકારે, ને અમારે એમના વિના કષ્ટથી જીવવું પડે, છતાં ચાલો એ તો દુર્ગતિની આપદામાંથી બચી જશે !' ના, આ વિચાર જ નથી. કેમકે

પરલોક નજર સામે નથી, ઘરવાસ અને આરંભ-વિષયપરિગ્રહની અંધ લંપટતાના ફળરૂપે સંસારની દુર્ગતિઓમાં રખડવાનું દેખાતું નથી, એટલે એનો ભય નથી. પછી શું કામ જાતનો કે સામાનો એમાંથી બચાવ શોધે ? શા સારુ બચવાનું ઝંખે ? હા, સ્નેહી પર અહીં કોઈ મહા વિષમ આક્રમણ છે તો એથી એને બચાવવા પોતે પોતાનો જોઈએ એટલો સ્વાર્થ જતો કરશે; **બાકી પરલોકહિત માટે ને ધર્મ માટે એ કશી વાત નહિ. મિથ્યાત્વ ઝળકતું હોય ત્યાં એમ જ બને.**

માનભટ અને આખું કુટુંબ પ્રાણ બચાવવા પરદેશ ઊપડ્યા તે એવા અજાણ જંગલના માર્ગે, કે ઠેઠ નર્મદાના કાંઠે પહોંચ્યા ત્યાં મુકામ કર્યો.

**ફરી ભીલોનો ભેટો :-**

હવે અહીં એવું બને છે કે માનભટ બહાર ફરવા નીકળે છે, પણ નસીબ બે ડગલાં આગળ; તે ત્યાં પેલા ભીલ રાજકુમારના માણસોનું ટોળું આવી પહોંચે છે. એ આને જોઈને ગુસ્સે ભરાય છે અને 'મારો મારો આને' એમ પોકારતું એની સામે આવે છે.

**માનભટે જોયું કે** "આમાં હવે એમ ઊભા રહ્યે બચાવ મળે એવો નથી. તો શું ભાગવું ? ભાગી ભાગીને કેટલે દૂર ભગાય ? પેલા પીછો જ પકડે ને ? વળી એમાં પેલાઓ આપણી કાયરતા દેખે એટલે તો પીછો છોડે જ નહિ, અને આપણું દિલ પણ, આગળ જઈને ટાંટિયા ઢીલા પડતાં, એવું શૂરવીર બને નહિ કે જેથી બચાવનો જોરદાર પ્રયત્ન થાય.

ત્યારે શું આ લોકોની અહીં દયા માગવી ? આ તો ભીલડા, આમને વળી દયા કરવાની સમજ જ શી ? એ તો સીધો ઘા કરતાં કહે કે 'લે આ દયા.'

"એટલે આમાં તો બંને રીતે મરવાનું જ થાય. પણ એમ કાંઈ સીધે સીધા મોતના મુખમાં જવાય નહિ. માટે હવે તો આ લોકો સાથે લડી લેવું જેટલો બચાવ મળશે એટલો ખરો."

**જન્મોજન્મના મૃત્યુ સામે ગળિયો :-**

મોતની સામે માણસ કેટલો બચાવ શોધે છે ? અફસોસી એ જ છે કે જન્મોજન્મના મૃત્યુની સામે જ બચાવનો વિચાર નથી; એટલે મોટી ઉંમરે ધર્મ કરવાની વાત આવે ત્યાં જીવ ગળિયો થાય છે કે 'હવે શું થાય ? હવે તો ઉંમર વહી ગઈ. વળી આપણે ખોટી ટેવોમાં ટેવાઈ ગયા તે હવે શાની છૂટે ? નાની ઉંમરે ધરમનું કાંઈ ભણ્યા નહિ, જાણ્યું નહિ, હવે શું ભણાય ? શરીર લથડ્યું, હવે શા ત્યાગ ને તપ થઈ શકે ?...'

**પરંતુ અહીં વિચારવાનું** તો એ છે કે 'કશું નહિ કરે તો લેશમાત્ર બચાવ



મળવાનો નથી, અને હજી પણ જે સમય, જે સામગ્રી અને જે કાયા વાણી અને મન ધર્મમાં નહિ જોડે એ બધા પાપના માર્ગે ખરચાવાના છે અને એનો રજેરજ હિસાબ આત્માના કર્મ-ચોપડે વધવાનો છે, જે કુલ ભરપાઈ કરવો પડશે આગામી જન્મોમાં. છૂટવાનો ક્યાં છે ? માટે ડહાપણ તો એ છે કે હવે બાકીના થોડા પણ સમય-સામગ્રી અને કાયા-વાણી-મન-ઇંદ્રિયોને નવી પાપવૃદ્ધિથી બચાવી લેવા માટે પણ એને ધર્મમાં જોડી દે; અને તેથી બીજો વિશેષ લાભ આ થશે કે માત્ર આ જનમના જ નહિ પણ પૂર્વ જન્મોનાં ય કેટલાંય પાપ અને કુસંસ્કાર રદબાતલ થશે. એથી ભાવી જન્મોજન્મના મૃત્યુઓથી થોડો પણ બચાવ મળશે. ધર્મ એવી ચીજ છે કે **'નાહ્યા એટલું પુણ્ય.'** ના ન્યાયથી જેટલો સાધીએ એટલો આત્માને લાભ જ થાય છે, એટલો પાપ અને ભાવી દુઃખની સામે બચાવ જ મળે છે એટલું જ નહિ પણ દિલથી કરેલા એટલા થોડા પણ ધર્મના દૃઢ સંસ્કાર ભવિષ્યમાં ઊગી નીકળે છે, ને પાપબુદ્ધિમાંથી અંશે પણ પાછા વાળે છે, અને અધિક ધર્મની તાલાવેલી જગાડી આપે છે. માટે જન્મોજન્મના મૃત્યુઓ સામે અહીં જ જાગ્યા ત્યાંથી સવાર ગણી બચાવરૂપે ધર્મમાં લાગી જવાની જરૂર છે; કેમકે બચાવની ઉત્તમ તક આ માનવભવે જ છે. આવો રૂડો ભવ ખોઈ નાખ્યા પછી માનવેતર ભવમાં શું કરી શકીશ ? અહીં ઘડપણે ધર્મના મામૂલી કષ્ટથી ગભરાય છે, પણ પરલોકે એથી કેઈગુણા કષ્ટો આવશે એ કેમ વેઠાશે ?'

**ભીલો સાથે લડાઈ :-**

માનભટ કાયરતાથી આવતા મોતની સામે શક્ય બચાવ કરવા કટીબદ્ધ થઈ ગયો, અને એટલામાં જ પેલા ભીલો આવી પહોંચી આને મારવા ધસે છે. આ પણ બચવા માટે એમની સામે મરણિયો થઈને ઝપાઝપી કરવા મંડ્યો. પેલાઓ આને એકલો જોઈ મારવા આવેલા પણ આ મરણિયા બન્યો હતો, એટલે ઘા ખાવા છતાં સામો ઝઝૂમે છે એમ કરતાં ઘવાઈને પડ્યો નીચે. ભીલો, પછી આને એમજ પડતો મૂકી રવાના થયા. માનભટે ઘા સારા પ્રમાણમાં ખાધા છતાં જીવતો બચી ગયો, પછીથી એ મુકામે પાછો આવ્યો. મનને લાગ્યું કે ભીલોથી કાયર બન્યો હોત કે શરણે ગયો હોત તો બચાવ મુશ્કેલ.

**(૧) મોહ સામે કાયરતા :-**

મોહ સામેની લડાઈમાં ય આવું છે. (૧) જો એનાથી કાયર બની ભાગવા ગયા, તો એ પૂંઠ પકડશે. દા.ત. ઘરમાં ક્લેશ થાય છે, બધાનું સાંભળવું પડે છે માટે મનને થયું કે 'આના કરતાં દીક્ષા જ લઈ લઉં,' એટલે કોઈનું સાંભળવું ન પડે,' એમ કરીને દીક્ષા લે, તો અહીં એને ટકવું મુશ્કેલ. કેમકે અહીં પણ ગુરુ કે

કોઈ સાધુ યા શ્રાવક તરફથી અણગમતું સાંભળવામાં પ્રસંગ તો આવે એટલે સહેજે પાછો આકુળવ્યાકુળ થવાનો. આ શું થયું ? મોહ પૂંઠે પડ્યો. હવે બચવાની ત્રેવડ નથી, મોહનો સામનો કરવાની શક્તિ નથી, એટલે એનાથી પછડાવાનું થાય છે. મન માંદલું કહે છે, 'હાય ! આ તો અહીં ય આપદા છે. આપણે તો ધારેલું કે સાધુજીવનમાં કોઈનું સાંભળવું નહિ પડે, પણ ઘરમાં તો અમુક જ સંભળાવનારા, અને અહીં તો જે ને તે સંભળાવે છે. તો આના કરતાં તો ઘર સારું. ચાલો ઘેર.' બસ, થયો ઊંચો-નીચો. હવે એ શું ટકે ? અને કદાચ ટકે તો ય અંતરમાં સાચા ચારિત્રના ભાવ શી રીતે રહે ?

આના બદલે જો સામનો કરે, કોની સામે ? સંભળાવનાર સામે નહિ, પણ પોતાના મોહની સામે, એ (૧) સારી ઊંચી ક્ષમા-અસહિષ્ણુતા વગેરેના મહાલાભની ભાવના કરીને, તેમજ (૨) મહાપુરુષોનાં દૃષ્ટાંત યાદ કરી એમાંથી પ્રેરણા-પ્રોત્સાહન લઈને મોહ સામે લડે, તો પછી મોહને જ પાછો પડ્યે છૂટકો છે.

**દીક્ષા કેવી રીતે લેવી ? :-**

**પ્ર.-** તો તો એનો અર્થ એ જ ને કે ઘેર બેઠા એવા ક્લેશ સામે ઝઝૂમવું, પણ દીક્ષા નહિ લેવી ?

ઉ.- એ વાત નથી. દીક્ષા વિના તો છૂટકો જ નથી, પરંતુ દીક્ષા ક્લેશથી કંટાળીને નહિ લેવી; પણ મનને સમજુતી કરવી કે 'આવા ક્લેશમય સંસાર કરતાં કષ્ટમય ચારિત્રધર્મ સારો. અહીંવાળાનું સાંભળું એના કરતાં ગુરુનું મુનિઓનું સાંભળવું શું ખોટું કે જેથી કેટલાય લાભ તો થાય ? માટે લાવ હવે કડવી હિતશિક્ષાઓ સાંભળવા માટે પણ દીક્ષા લઉં.'

**ચારિત્રજીવનમાં કડવા અક્ષર સાંભળવાના લાભ આ, કે**

(૧) એક તો 'આ મારે સમતાથી સાંભળવાનું લાભમાં છે' એ વિચારથી સાંભળી લે એમાં કર્મનો ક્ષય થાય.

(૨) બીજું એ, કે એમ સમતાથી સાંભળતાં સાંભળતાં અને પોતાની જ ખામી જોતો, ક્ષમા અને સહિષ્ણુતાનો સુંદર અભ્યાસ થાય; ને સહિષ્ણુતા ઘડાતી આવે, જે આગળ પરભવે સરસ જવાબ આપે.

(૩) અનેક વાર સાંભળી લે પણ સામે રોફ-રોષ ન બતાવે તેથી ગુરુ અને મુનિઓ ઉપર સુંદર છાયા પડે. પ્રતિષ્ઠા વધે, અને ગુરુ પાસેથી સારી જ્ઞાનાદિ સંપત્તિ મળે, તેમજ સાધુઓ અનુકૂળ બની જાય.

(૪) સહિષ્ણુતા કેળવવામાં બીજા પણ લાભ છે કે એની અસર બીજે પણ પડે છે; તેથી ત્યાગમાં આગળ વધવાનું, તપમાં આગળ વધવાનું, બળ આવે છે.



**સુંવાળા મનવાળો તો બધે સુંવાળો થવાનો,** પછી જરાક ત્યાગ કરવાની વાત આવી તો મન કહેશે 'આપણાથી ન બને.' જરાક ક્લેશ કષ્ટ આવ્યું, મન આકુળ વ્યાકુળ થશે. સહિષ્ણુ બનનાર એમ નહિ કંટાળે, પણ આરાધનામાં આગળ ધપાવશે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૬,અંક-૪૪,તા.૧૩-૭-૧૯૬૮**

**એટલે દીક્ષા તો લેવી જ જોઈએ, પણ મોહની સામે કાયર બનીને નહિ, કિન્તુ લડી લેવા માટે. ક્ષમા, સહિષ્ણુતા, નિર્લોભતા, તત્ત્વદૃષ્ટિ, નિરભિમાન વગેરે એ માટેના શસ્ત્રો છે.**

**પ્ર.- તો શું ઘરમાં રહીને મોહ સામે ન લડાય ?**

ઉ.- લડાય, પણ મામૂલી, કેમકે (૧) એ શસ્ત્રોને અજમાવવા માટે જે એવું શાસ્ત્રબળ જોઈએ તે ભણવા-કરવાની ઘરમાં જગા જ નથી. અધિકાર જ નથી, એ તો સાધુપણામાં જ છે. વળી

(૧) સંસાર જ એવો લઈને બેઠો છે કે એમાં કેટલી આવશ્યક્તાઓ રહે છે, સ્વાર્થ સાચવવો પડે છે, અનિવાર્ય પ્રસંગો સંભાળવા પડે છે, ત્યાં જીવને રોષ-રોફ વગેરે બતાવ્યા વિના ચાલતું નથી, ચલાવવાની એવી ધીરજ જ નથી રહેતી. ત્યારે સાધુ જીવનમાં એવા કુટુંબ સંભાળવાના નથી, પૈસા રાખવાના નથી, ઘર-સામાન વગેરેની આવશ્યક્તાઓ નથી; ને એવા કોઈ દુન્યવી સ્વાર્થ નથી, કે જેના કારણે રોષ-રોફ વગેરે કરવા પડે.

(૩) ઘરમાં સ્ત્રી, પુત્ર, ઘર, દુકાન, પૈસા, ટકા વગેરે નિમિત્તો જ એવાં છે કે જે રાગ કરાવે. સાધુ જીવનમાં એ નહિ, તેથી રાગની રમતને જગા જ નહિ.

(૪) વિચાર કરશો તો દેખાશે કે કેટલાંય પાપ-સ્થાનકો કષાયો, મેલી લેશ્યાઓ, દુર્ધ્યાન અને સંકલ્પ-વિકલ્પો ઘરવાસનાં કારણે જ થાય છે, કરવા પડે છે. ત્યાં એને અટકાવવા કેટલી લડાઈ ચાલે ? એ તો સાધુજીવનમાં જ મોહની સામે લડી લેવાય, ને એ અટકે એવી અનુકૂળતા ત્યાં છે. આ તો મોહની સામે કાયર ન બની લડી લેવાની વાત થઈ.

**(૨) મોહને શરણાગતિ :** હવે બીજી વાત, મોહને શરણે જાય તો બચે કે નહિ ? પેલો માનભટ પહેલેથી ભીલોને શરણે ગયો હોત તો બચત ? સંભવ ઓછો. મોહમાં પણ એવું જ છે, બચાવ ન મળે. દા.ત. એક માણસથી તપસ્યા નથી થતી, કે રસત્યાગ નથી થતો. હવે જો એ એમ માને કે, 'આપણાથી આ જીવનમાં કશું થાય નહિ,' ને એમ કરીને મોહને શરણે જ રહે, અર્થાત્ ખાન-

પાન-રસ વગેરે નિરંકુશપણે ભોગવે, તો જીવનના અંત સુધી એને મોહથી બચવાનું નહિ મળે. એવી બીજી પણ બાબતોમાં શરણાગતિ, જેવી કે 'આપણાથી કોઈનું સહન ન થાય, આપણાથી જરાય પ્રતિકૂળતા ન વેઠાય, આપણે તો આ અનુકૂળતા જોઈએ જ. આંખ, કાન વગેરે મળ્યા છે તો સિનેમા, રેડિયો વગેરે કેમ છોડાય ?' આવી બધી મોહની શરણાગતિઓ સ્વીકારી જ બેસે, પછી એમાંથી બચાવ મળે જ શાનો ? આ ચીજો જ એવી છે કે એને વધાવી લેવામાં એનો રસ અને એની પરાધીનતા વધતી જાય. પછી ક્યારે એ રાગ-આસક્તિ લોભ-લાલસા-લંપટતા ઓછા થાય ? જિંદગીના છેડા સુધી નહિ. એ તો શરણાગતિમાં મોહથી કચરાયા જ રહેવાનું બને. અનંતા માનવભવ આમ જ કચરાતા આવ્યા.

**ત્યાગના અભ્યાસથી મોહ સામે બળ વધે :-**

ત્યારે જો શરણાગતિ છોડે, અર્થાત્ મન થોડું મારીને મોહનો સામનો કરાય, થોડો થોડો પણ ત્યાગનો, તપનો, સંયમનો અભ્યાસ કરતા જવાય, તો એ અભ્યાસના પ્રભાવે આંતરિક બળ વધતું જાય, ટેવ પડતી જાય, અને આગળ આગળ વધુ ત્યાગ-તપસ્યા થઈ શકે, આજે એવા કેટલાય દાખલા મળશે કે જેમના જીવનમાં એ નહોતું ત્યારે કાંઈ નહોતું, પણ કોઈ સદ્ગુરુના સમાગમે મોહની સર્વેસર્વા શરણાગતિ છોડી સામનો કરતા થયા, પહેલાં થોડો ત્યાગ, પછી વધુ ત્યાગ, પહેલાં નાની તપસ્યા, પછી જરા વધુ તપસ્યા કરતા થયા, તો નહિ ધારેલી પ્રગતિ થઈ, અશક્ય એ શક્ય બન્યું, અને હવે આસાનીથી (સહેલાઈથી) સારી ધર્મ-સાધના કરી શકે છે બાકી મોહની શરણાગતિમાં તો માર જ ખાવાનો.

**માનભટ બીજે ગામ :-** માનભટ ઘવાયેલી સ્થિતિમાં મુકામે આવ્યો, બાપે જોયું કે ઘા બહુ લાગ્યા છે, તે અહીં જંગલમાં સારા થાય નહિ, કોઈ ગામ જઈ વૈદું કરાવવું પડે. એટલે બધા ત્યાંથી ઊપડ્યા નજીકના ગામે. ત્યાં જઈ એક મકાન ભાડે રાખીને રહ્યા. અને વૈદ પાસે માનભટને મલમપટ્ટા કરાવ્યા સાજો થતાં વખત લાગ્યો. પણ એમાં ગામવાળા સાથે એવા સહેવાઈ ગયા કે હવે નિશ્ચિન્ત બની પેલા ભીલોનો ડર રાખ્યા વિના ત્યાં જ રહે છે, અને આજીવિકાનું સાધન ત્યાંથી જ કરી લે છે.

**ધર્મસાધનાનાં ૩ સાધન :-**

જંગલમાં મલમપટ્ટા ન થાય એમ આ સંસારરૂપી અટવીમાં આત્મા પર લાગેલા ઘાના ઈલાજ ન થાય; એ માટે તો ધર્મના દવાખાને જવું પડે; સાધુવૈદ શોધવા પડે, સાધુસેવા કરવી પડે. માટે હરિભદ્રસૂરિજી મહારાજે **'શાસ્ત્રવાર્તા-સમુચ્ચય'** નામના શાસ્ત્રમાં કહ્યું કે



**'साधुसेवा सदा भक्त्या, मैत्री सत्त्वेषु भावतः ।**
**आत्मीयग्रहमोक्षश्च धर्महेतुप्रसाधनम् ॥'**

ધર્મ શું ? આંતરિક અહિંસા સત્ય વગેરે, ક્ષમા નમ્રતા વગેરેની પરિણતિ. એના હેતુ યાને કારણભૂત સાધનાઓ સારી સિદ્ધ કરવી હોય તો ત્રણ સાધન જોઈએ,

(૧) સદા ભક્તિપૂર્વક સાધુની સેવા કરવી,

(૨) જીવો પર ભાવથી મૈત્રી, સ્નેહભાવ રાખવો, અને

(૩) પૌદ્ગલિક વસ્તુઓ પર મમતાની પકડ નહિ.

આ સાધનો સાથે હોય તો અહિંસાદિ અને ક્ષમાદિની ધર્મની સાધનાઓ સારી રીતે કરાય. જો એમાં વાંધો પડ્યો, તો સાધનામાં વાંધા પડવાના. પૌદ્ગલિક વસ્તુઓ પર જો આંધળી મમતા હશે તો એના મોહમાં પેલી સાધના બાજુએ મૂકાશે કે જેવી તેવી કરાશે. એમ જીવો પર મૈત્રી નહિ હોય, સ્નેહ નહિ હોય, તો વૈરવિરોધ ઊભા થવાના, ને એમાં ય પછી અહિંસા-સત્ય-ક્ષમા વગેરેની કેવી સાધના ઊભી રહે ?

**ધર્મનું દવાખાનું સાધુ :-**

ત્યારે સાધુસેવા-સમાગમ જો નહિ તો એ અહિંસાદિ ધર્મોની સાધનાઓની પ્રેરણા-ઉત્સાહ-સમજ વગેરે ક્યાંથી મળવાના ? સાધુ મહારાજ શાસ્ત્રો ભણેલા હોય અને સ્વયં જીવનમાં ઉચ્ચ કોટિની એ સાધનાઓ આચરતા હોય, તેથી એમના વિશાળ જ્ઞાનમાંથી વાનગી મળી શકે, અને એની અસર પણ થાય. માટે જેમ દવા સારું વૈદડાક્ટર પાસે, એમ ધર્મ સારુ સાધુની પાસે જવું પડે. માનભટને ગામમાં લાવી વૈદની દવા કરાવી સાજો કર્યો.

**માનભટના ગામમાં ગીતગાન :-**

ધર્મનંદન આચાર્ય મહારાજ પુરંદરદત્ત રાજાને ત્યાં સભામાં બેઠેલા માનભટની અભિમાનિતાની કહાણી કહી રહ્યા છે. હવે એ આગળ જણાવતાં ફરમાવે છે કે માનભટ સાજો થઈને એ ગામમાં બાપ, મા અને પત્નીની સાથે રહ્યો છે. એમાં ગીતગાન અને મોજના દહાડા આવે છે, એટલે ગામે ગામની જેમ અહીં પણ માનભટ સાથે જુવાનિયાઓ પોતાની પત્નીઓ સાથે ગામ બહાર ભેગા થાય છે. મધુરાં પીણાં પીઈને અનેક પ્રકારની મોજ ઉડાવતા એક એવી ક્રીડા શરૂ કરે છે કે 'ઝાડની ડાળે એક હિંડોળો બાંધી વારા-ફરતી એકેક જુવાનિયો બેસે અને પોતાની પત્નીને ઉદ્દેશીને જ કવિતા ગાય. બીજાને ઉદ્દેશીને નહિ. એમાં એને સંબોધન કરીને ગાણું ગાય અને હિંડોળે હીંચે.' આમ ઠરાવવાનું કારણ એ છે કે આમાં સારા

ભાગ્યના મદથી ઉન્મત્ત જુવાનિયાને પોતાની પત્ની ઉપર કેટલો સારો ભાવ છે એનું પારખું થાય. પત્નીના સૌભાગ્યની ત્યાં પરીક્ષા દેખાય. સારા સૌભાગ્યવાળી હોય તો પતિના દિલમાં સારું સ્થાન પામેલી હોય, એટલે પતિ અહીં એને સારાં સારાં વિશેષણોથી સંબોધીને ગાય. ત્યારે જો એવું ન હોય તો પતિને હૈયે અભાવ-દુર્ભાવ હોવાથી એવા વિશેષણ એ નહિ બોલે, અને સામાન્ય કે હલકાં બોલશે. હૈયે તેવું હોઠે આવે ને ? અહીં પૂછો ને કે

**કુટુંબીનું કેમ ઘસાતું બોલાય છે ? :-**

**પ્ર.**- પણ દિલમાં અરુચિ છતાં અહીં લોકની વચ્ચે એને ઢાંકવા અને શાબાશી લેવા તો સારાં વિશેષણ વાપરવાનો દંભ ન કરે ? પછી હૈયે તેવું હોઠે ક્યાં આવ્યું ?

ઉ.- પણ માનવહૃદયની એક વસ્તુ સમજવા જેવી છે કે એ હૃદયમાં જો કોઈના પ્રત્યે વિરોધની લાગણી હોય છે. તો એનો સળવળાટ અને અસૂયા અસહિષ્ણુતા એને જંપવા દેતા નથી, તે 'બહાર ખોટું દેખાશે તો ?' એની પરવા મૂકાવી દઈ જેની સાથે વિરોધ છે, જેના પર અભાવ-દુર્ભાવ છે, એનું ઘસાતું બોલાવે છે. એટલે જ આજે જુઓ છો ને કે ઘરના માણસોની ઘસાતી વાતો પાડોશી કે મિત્ર-સગા-સ્નેહી આગળ કેવી ભરપૂર થાય છે ? બાપ દીકરાનું ને દીકરો બાપનું ઘસાતું બોલે છે, ભાઈ ભાઈનું, ને સાસુ વહુનું, વહુ સાસુનું...ચાલે જ છે ને ? એટલે જુવાનિયાઓએ મોજની મોજ અને પરીક્ષાની પરીક્ષા, એમ હિંડોળે હીંચવાનું અને ગાવાનું ગોઠવ્યું છે. એ રીતે ગાવાનું શરૂ થયું તે દરેક પોતાની પત્નીની સામે જ ગીત ગાય છે, એમાં કોઈ 'ગોરી' તરીકે, તો કોઈ 'શ્યામલાઙ્ગી' તરીકે, કોઈક 'નાજુક અંગવાળી' તરીકે સંબોધે છે. ક્રમે કરીને હવે માનભટનો વારો આવ્યો; એ હિંડોળે ચડીને ગાય છે કે 'મધુર ધ્વનિથી કૂપિત થયેલ ભમરાઓના ઝંકારથી મનોહર બનેલી આ વસંતઋતુના સમયે જો કમળ જેવી આંખવાળી મુગ્ધ શ્યામા ભેટે તો કેવું ?

**અર્થનો અનર્થ :-**

જ્યાં એણે આ ગાયું કે દરેક શું બોલે છે એ સાંભળવા તાકીને ઊભેલી સ્ત્રીઓએ આ સાંભળતા જ માનભટની પત્નીની સામે જોઈ હસી, એની તર્જના હલકાઈ કરે છે કે 'અલી ! અલી ! લે જો, આ તો તું વર્ણે ગોરી છે અને આ તારો ધણી શ્યામા બોલે છે, તે લાગે છે કે એના દિલમાં કોઈ બીજી શ્યામ વર્ણવાળી જ પ્રિય તરીકે બેઠી છે, એટલે તારી કિંમત નથી, તું એને વહાલી લાગતી નથી, તે તને ભૂલીને પેલીને મનમાં રાખીને આ ગાય છે. માટે તારે તો આ જોવું પડે એનાં કરતાં મરવું જ સારું'



સ્ત્રીઓનાં આ વચનથી માનભટની પત્નીને બહુ ખોટું લાગ્યું. એના મનને થયું કે 'અરે ! આ મારા પતિએ સખીજનોની આગળ મારી શોભા ન રાખી ? અહો ! એની કેવી નિર્દયતા ! કેવી કઠોરતા ! કેવી નિઃસ્નેહતા ! કેવી નિષ્ઠુરતા ! જો આવું જ હોય તો મારે ય ત્યારે જીવીને શું કામ છે ? બળ્યું જીવવાનું. લાવ ત્યારે હવે આપઘાત જ કરું.'

**અર્થના અનર્થમાંથી કુમતો :-**

કેવી ગેરસમજ ! હકીકતમાં માનભટને નથી તો પત્ની સાથે ખટરાગ, કે નથી એના મનમાં કોઈ બીજી સ્ત્રી. તો પછી એ શ્યામા કેમ બોલ્યો ? એટલા માટે કે શ્યામાનો અર્થ 'પત્ની' એવો પણ થાય છે, તેથી એ પોતાની પત્નીને ઉદ્દેશીને જ એ શબ્દ બોલ્યો હતો. છતાં અહીં ભોળી સ્ત્રીઓએ બીજો અર્થ લઈ કેવો અનર્થ મચાવ્યો ? અનર્થની પરંપરા હવે કેવી ચાલે છે એ આગળ જોવા મળશે. પણ જોવાનું એ છે કે માત્ર એક શબ્દનો અઘટતો અર્થ લઈને કેટલો અનર્થ મચે છે ! અર્થમાંથી અનર્થ તે આનું નામ. આમાં તો કેટલાંય કુમતો નીકળ્યા.

**દિગંબરમત કેમ નીકળ્યો ને ક્યાં ભૂલ્યો ?**

શાસ્ત્રના શબ્દના પણ ભળતા અર્થ લઈને મહા અનર્થ મચે છે.

**શિવભૂતિએ** શાસ્ત્રમાંની જિનકલ્પી મુનિના આચારની વાતનો અર્થ 'બધાં મુનિઓના એવા આચાર' એવો કરીને 'એ મહામુનિઓ નગ્ન રહે એમ બધા જ મુનિઓ કેમ નગ્ન ન રહે ?' એ મુદ્દો આગળ કરી એ ગુરુ સાથે ઝગડ્યો, અને પોતે નગ્ન બની દિગંબર મત કાઢનારો બન્યો.

એણે એ ન જોયું કે જિનકલ્પી મુનિઓ તો ઉત્કૃષ્ટ સંઘયણ-મનોબળવાળા તે એ રીતે ઉત્કૃષ્ટ ચારિત્ર પાળી શકે. પરંતુ એનો એ અર્થ નથી કે એનાથી નીચે મધ્યમ અને જઘન્ય કક્ષાનું ચારિત્ર ન જ હોય.

સંસારના પાપવ્યાપારોનો જેમ બે ઘડી માટે તથા દ્વિવિધ ત્રિવિધે ત્યાગ કરવાથી કામચલાઉ સામાયિક-દેશચારિત્ર આવી શકે છે, એમ જાવજ્જીવ માટે અને ત્રિવિધ ત્રિવિધે ત્યાગ કરવાથી જીવન-પર્યંતનું સર્વવિરતિ સામાયિક સર્વથા ચારિત્ર બની શકે.

વળી શ્રાવકને હિંસાદિ પાપોનો અંશે ત્યાગ એકવિધ એકવિધ, એકવિધ દ્વિવિધ,... વગેરે રીતે અણુવ્રતરૂપે હોઈ શકે છે, તો પછી એ પાપોનો સર્વથા ત્યાગ ત્રિવિધ ત્રિવિધે કરે એને એ મહાવ્રતરૂપે કેમ ન હોય ? અલબત્ત એમાં અલ્પ સાદાં વસ્ત્ર ને પાત્ર રાખે, પણ એ કાંઈ પરિગ્રહ નથી બનતો. નહિતર તો દિગંબરમુનિને કમંડલુ ને મોરપીંછી ને છેવટે કાયા ય હોવાથી એ પણ પરિગ્રહ

ગણાતાં એને ય ચારિત્ર શાનું ? અરે ! વસ્ત્રપાત્ર જો રાખવા માત્રથી મૂર્ચ્છા કરાવનાર ગણાઈ પરિગ્રહરૂપ કહો, તો તો સ્વ શરીર પણ રાખવા માત્રથી મૂર્ચ્છા કરાવનારું ગણાઈને પરિગ્રહરૂપ થાય, ને એમ તો દીક્ષા લેતાં જ આત્મઘાત કરવો પડે, નહિતર પછી ચારિત્ર નહિ !

શિવભૂતિએ ભળતો અર્થ કરી કેટલો અનર્થ વહોર્યો ? કે ચારિત્રમાં વસ્ત્ર નહિ, ને સ્ત્રીને વસ્ત્ર વિના રહેવાય નહિ એટલે ચારિત્ર નહિ, તેથી આખી સાધ્વીસંસ્થા ઉરાડી; પરિણામ ? ભગવાનનો તો ચતુર્વિધ સંઘ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા; પણ આ નૂતનપંથી દિગંબરોને ત્રિવિધ સંઘ રહ્યો. બાકી વસ્ત્રપાત્ર ઉરાડતાં આચારાંગ વગેરે બધા આગમો ઉરાડવા પડ્યા, એ જુદું. એટલે એમને ગણધરવચન ખોટા, ને એમણે નવા રચેલાં સાચાં ! કેવો ન્યાય ? ભળતો અર્થ લેવાથી મહાઅનર્થ નીપજે.

**સ્થાનકવાસીમત કેમ નીકળ્યો ને ક્યાં ભૂલ્યો ? :-**

લોંકા નામના લહિયાએ શાસ્ત્રો લખતાં લખતાં 'અહિંસા એ ધર્મ' એવા શાસ્ત્રના શબ્દનો ભળતો એકાંત અર્થ પકડી જરાપણ હિંસા હોય ત્યાં ધર્મ જ નહિ' એવો મનમાન્યો અર્થ કાઢીને તાત્પર્ય કાઢ્યું કે ભગવાનની મૂર્તિ-મંદિર બનાવવામાં પૃથ્વીકાયાદિ જીવોની હિંસા થાય છે, એની પૂજા કરવામાં પાણી-ફૂલ વગેરેનાં જીવોની હિંસા થાય છે, માટે એ ધર્મ નહિ. એમ મૂર્તિપૂજા જ ઉડાવી.

આ પણ એ જોવું ભૂલ્યો કે સર્વથા અહિંસા ધર્મ તો સાધુને છે, ગૃહસ્થને નહિ. ગૃહસ્થને તો અંશે અહિંસા ધર્મ છે. એમાં જે પ્રવૃત્તિ દેખીતી હિંસાની છતાં એમાં જો બીજા મહા આરંભ-સમારંભથી ને આશ્રવોથી અટકાય છે, અને પરિગ્રહ ઓછો થાય છે. તથા જિનેશ્વર ભગવાનની ભક્તિ થાય છે, તો એ બધા મહાન લાભના કારણે એ દેખાતી હિંસાની પ્રવૃત્તિ પણ ધર્મ છે.

એવું જો ન માને તો શ્રાવક ચોમાસામાં વરસતા વરસાદે કે પાણીવાળી જમીન પર ચાલીને ગુરુદર્શને અને વ્યાખ્યાન સાંભળવા જઈ શકે નહિ ! કેમકે જ્યાં હિંસા ત્યાં ધર્મ નહિ. એમ સાધર્મિક કે તપસ્વીઓને જમાડી શકે નહિ, કેમકે એમાં રસોઈ કરવા વગેરેમાં હિંસા થાય.

અરે ! એ મતના સાધુથી વિહારમાં વચ્ચે નદી આવે, વહેળો આવે, તો એમાં ઊતરીને સામે કાંઠે જવાય નહિ, ને ક્યાંક ન છૂટકે વનસ્પતિ પર પણ ચાલીને જવાય નહિ; કેમકે પાણી વગેરે જીવોની હિંસા થાય. એમને તો ત્રિવિધ-ત્રિવિધે હિંસાનો ત્યાગ છે, સ્થાવરકાય જીવોની પણ અહિંસા પાળવાની છે, છતાં કેમ જાય છે ?

જો કહો કે આગળ સંયમ પાળવું છે, ન જાય તો એક સ્થાને વધુ બેસી રહેતાં



સંયમ ઘવાય, માટે એ તો સંયમ માટે છે તેથી અધર્મ નથી તો તો પછી ગૃહસ્થને (૧) મૂર્તિપૂજા-ઉત્સવમાં દ્રવ્ય ખરચીને પરિગ્રહમૂર્ચ્છા ઘટાડવી છે, તેમ (૨) એમાં જાતે રોકાઈને એટલો સમય દુનિયાના મહાઆરંભ- સમારંભોથી બચવું છે, (૩) સાથે સાથે સર્વોત્તમપાત્ર તીર્થંકર ભગવાનની ભક્તિ કરવી છે, ને (૪) એ રીતે વીતરાગની આરાધના કરતાં કરતાં વીતરાગ બનવા મહા અહિંસા સર્વવિરતિ-ચારિત્રના ભાવ જગાડવા છે. માટે એ મૂર્તિપૂજા અધર્મ નથી, ધર્મ જ છે.

એ સાધુ રસ્તા પરથી પસાર થતા હોય, કાને વધુ બહેરા હોય એટલે પાછળથી આવતી મોટરનો અવાજ કે કોઈની રાડ ન સાંભળતા હોય અને એમાં એમને અકસ્માત નડવાનો ભય હોય, હવે ત્યાં સામેથી આવતા બીજા સ્થાનકવાસી સાધુ કે શ્રાવક એ જોઈને તરત એમની પાસે આવી નીચે કીડી દેખવા છતાં એમને બાજુએ ઘસડી લે, ને એમાં નીચે ૨-૪ કીડી ચગદાઈ જાય, તો એ ઘસડવાનું કર્યું એ ધર્મ કે અધર્મ ? અધર્મ નહિ કહે; કેમ નહિ ? કીડીની હિંસા થઈને ? પણ એમાં કહેશે કે એમાં સંયમી સાધુની રક્ષા થાય છે એ વધુ કિંમતી છે, તેથી ઘસડવાનું એ પેલી અનિવાર્ય હિંસા છતાં ધર્મ છે, "પછી ગૃહસ્થને વીતરાગ પરમાત્માની ભક્તિ અને કહેલા બીજા લાભો માટેની મૂર્તિપૂજામાં અનિવાર્ય હિંસા છતાં એ મૂર્તિ-નિર્માણને મૂર્તિપૂજા ધર્મ છે.

**ખાડામાંથી પુત્રને ખેંચી લેવાનું દૃષ્ટાંત :-**

ઉદ્દેશ-ફળ-સંયોગ-પરિસ્થિતિ વગેરે જોવું પડે, પછી ધર્મ કે અધર્મનો સિક્કો મરાય. મા ગુસ્સામાં આવી રમવા ગયેલા છોકરાને ખાડામાંથી જોસથી ઘસડી લે, ને એમાં છોકરાના શરીરે છોલાઈ ઉઝરડા પડે, ચામડી ઊખડે, લોહી નીકળે, તો માતાએ એ અનુચિત કર્યું, દુશ્મનનું કામ કર્યું ગણાય. પરંતુ છોકરો રમવા ગયો છે, વાર થઈ, પાછો ન આવ્યો, માતાને ચિંતા થઈ, શોધવા નીકળી, ગામ બહાર જઈ જુએ છે તો છોકરો ખાડામાં ઊતરી રમત કરી રહ્યો છે. હવે બીજી બાજુથી એક કાળો નાગ ખાડાની દિશા તરફ આવતો દેખાયો. તો મા શું કરે ? ધીમે પગલે ખાડામાં ઊતરી ધીમે ધીમે છોકરાને બહાર લઈ આવે ? કે ઉપરથી નીચી વળી છોકરાનું બાવડું પકડી સીધો જ ઉપર જોસથી તાણી લે ? ને એ તાણવા જતાં છોકરો ખાડાની ભીંત સાથે ઘસડાય અને એના શરીરે ઉઝરડા પડે તો શું માતાએ ઘસડવાનું કર્યું એ અનુચિત કર્યું, દુશ્મનનું કામ કર્યું કહેવાય ? ના કેમકે એનો ઉદ્દેશ પુત્રની જિંદગી બચાવવાનો હતો. સંયોગ-પરિસ્થિતિ જ એવી કે એમાં ઉઝરડા અનિવાર્ય હતા, માટે અનિવાર્ય અસત્ ક્રિયાવાળી સારી પ્રવૃત્તિ એ અનુચિત નહિ પણ અતિ જરૂરી જ કહેવાય, એકાંતે લાભદાયી જ ગણાય. એજ વાત મૂર્તિપૂજા

દ્વારા વીતરાગ પ્રભુની ભક્તિ કરવામાં છે.

**મૂર્તિ ઉડાવનારે કેટલું ગુમાવ્યું ?**

(૧) બાળ જીવો જે ઉભયકાળ પ્રતિક્રમણ સામાયિક ન કરી શકે એવાને આ ઉભયકાળ જિનબિંબદર્શન-પૂજા-ભક્તિનો સહેલો ધર્મ ખોવરાવ્યો.

(૨) મહાન સ્નાત્ર, ભાવના, પૂજા, ઉત્સવ વગેરેમાં જિનભક્તિમાં ઝીલવાનું ગુમાવ્યું.

(૩) એમાં અનેક રસ્તે થતો ધનનો સદ્વ્યય બંધ કરાવ્યો.

(૪) શ્રી શત્રુંજય-ગીરનાર-સમેતશિખર-આબુ વગેરે તીર્થોની યાત્રા તથા એમાં ઉત્પન્ન થતા જિનભક્તિ અને ધર્મના વિશિષ્ટ ઉલ્લાસ ગુમાવરાવ્યા.

(૫) મૂર્તિપૂજા ઉડાવતા અને લગતા કેટલાય આગમો તથા પૂર્વ મહર્ષિઓના બધા જ નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણિ-ટીકા એને અન્ય શાસ્ત્રો અમાન્ય કરવા પડ્યા.

(૬) તો ય માન્ય રાખેલ આગમોમાં 'ચૈત્ય' શબ્દ આવ્યો એનો અર્થ તો મૂર્તિ થાય, પણ ક્યાંક ભળતો 'જ્ઞાન' એવો અર્થ કરવો પડ્યો, તો બીજે સમકિતી ઉત્તમ આત્મા પર મિથ્યાત્વની કરણી યા લોકાચારની કરણીનો ખોટો સિક્કો લગાવવો પડ્યો.

**સ્થાનકવાસીને સમવસરણનો પ્રશ્ન :-**

મૂર્તિ પૂજ્ય નહિ માનનારને આટ આટલા મહા ગેરલાભ ઉપરાંત પાછો પ્રશ્ન આવ્યો કે 'ભાઈ ! તમે ભગવાન સમવસરણ પર બેસી દેશના દેતા હતા એ માનો છો ?' તો ના તો કહેવાય નહિ. ત્યારે સવાલ આગળ વધ્યો કે 'ભગવાન તો વિશાળકાય સમવસરણ પર અશોક વૃક્ષ નીચે એક દિશા તરફ મોં કરીને બેસે છે, પણ પર્ષદા તો ચારે બાજુ બેઠેલી હોય એટલે એ દરેકને પોતાની સામે ભગવાન રહેલા દેખાય એ માટે દેવતા બાકીની ત્રણ દિશા તરફ મોં કરીને બેઠેલ ભગવાનના જેવા જ બિંબ ગોઠવે છે. એ બિંબોને શું પર્ષદા ભગવાન તરીકે માનતી-પૂજતી નથી ? નમસ્કાર નથી કરતી ? જો કરે જ છે તો મૂર્તિ અમાન્ય-અપૂજ્ય ક્યાં રહી ?' આ આપત્તિને શું કરે ?

**તેરાપંથ મત શાના પર ? :-**

શબ્દનો અઘટતો અર્થ કરવા જતાં અનર્થ નોતરવા પડે છે.

ત્યારે જુઓ ભીખમજીએ કેવો અનર્થ નોતર્યો ? એમણે ધર્મ એટલે ? શાસ્ત્રનો શબ્દ પકડ્યો **'એગવિહે સંજમે'** બસ એનો એકાંત અર્થ પકડી નક્કી કર્યું કે **સંયમ હોય ત્યાં જ ધર્મ.** એટલે પછી કેમ ? તો કે મૂર્તિપૂજા તો શું, પણ દયા દાન પણ સંયમરૂપ નહિ હોવાથી એ ધર્મ નથી, બલ્કે અસંયમ વધારનારા હોવાથી એને ધર્મ



માનવો એ મહા-અધર્મ છે. કેમકે દયા-દાન કરવા જતાં જેની દયા કરી કે જેને દાન દીધું એ જીવ બચીને કે પગભર થઈને હિંસાદિ અસંયમ આચરશે. માટે દયા-દાનમાં સરવાળે અસંયમ આવવાથી એનું પોષણ કરનાર દયા-દાનમાં ધર્મરૂપતા ન કહેવાય.'

**સંયમ કેમ મોંઘુ ? :-**

કહો, આ માન્યતા પણ કેવી અજ્ઞાનતાના ઘરની છે ? શાસ્ત્રનો એક શબ્દ પકડ્યો પણ શાસ્ત્રના બીજાં કેટલાંય વચનો તરફ લક્ષ ન રાખ્યું, અરે ! ધર્મની ભૂમિકા કેમ તૈયાર થાય છે એનો ય વિચાર કર્યો નહિ. હિંસાદિ અસંયમમાં પડેલા જીવો કાંઈ એકદમ જ અહિંસાદિ સંયમનો સ્વીકાર કરનારા બની શકતા નથી. કેમકે એને હિંસા-જૂઠ-અનીતિ વગેરેથી થતા ભૌતિક લાભ અને વિષય સુખ પર ભારે આસક્તિ છે; એથી જ સ્વાર્થાંધતા, નિર્લજ્જતા, ઉગ્ર સ્વભાવ, અવિવેક વગેરે કેટલાય દોષ-દુષ્કૃત્યોમાં એ મહાલતો રહે છે. એ શું કામ એકાએક હિંસાદિ પાપો છોડી અહિંસાદિ સંયમ સ્વીકારે ?

**દયા-દાનાદિ ધર્મ કેમ ? :-**

ત્યારે એવાને પહેલાં 'પાપનો ભય, દયા, પરોપકાર, લજ્જા, સૌમ્યતા, વિવેક વગેરે મહાલાભકારી છે' એ બતાવી એ દયા-પરોપકારાદિનાં સુકૃતોમાં જોડવો જોઈએ. મહાન આત્માઓ જે દેવ-ગુરુ એમનાં પૂજનધનનો ભોગ આપીને કરતાં શીખવવું જોઈએ. એમ કરતાં કરતાં એ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અધિકાધિક આકર્ષિત થાય, ગુરુની હિતશિક્ષા સાંભળે, એથી અધિકાધિક સમજતો થાય, પછી એને લાગે કે 'આ હિંસાદિ અસંયમ ભૂંડો છે, તો લાવ એને હું છોડી અહિંસાદિ સંયમમાં આવું,' ત્યારે એ સંયમમાં જોડાય. આમ દયા-દાનાદિ એ સંયમ ધર્મમાં લાવનારા બને છે, માટે એ પણ ધર્મરૂપ છે, અધર્મ નહિ. છતાં અર્થમાંથી અનર્થ કાઢી કેવો કુમત ચાલી પડ્યો.

**કાનજી સ્વામીનો મત કેમ નીકળ્યો ? :-**

ત્યારે સોનગઢી પંથ નીકળવામાં ય અર્થનો અનર્થ જ. કારણ કેમકે શાસ્ત્રે બે નય બતાવ્યા એમાં નિશ્ચયનયને સદ્ભૂત કહ્યો, વ્યવહાર-નયને અસદ્ભૂત. હવે અહીં અનર્થ એ કર્યો કે 'સદ્ભૂત' એટલે સર્વાંશે સાચો-સહજ, અને 'અસદ્ભૂત' એટલે સર્વાંશે જૂઠો બનાવટી-નકામો, બસ એમ કહી એકલા નિશ્ચયનયથી જ માર્ગની વાત કરવા માંડી ને વ્યવહારનયથી માર્ગને કુમાર્ગ-ઉન્માર્ગ ભવવર્ધક ગણ્યો. એટલે પર-ઉપકાર, ક્રિયા, તપ, જિનપૂજન વગેરે બધું ઉરાડ્યું. ત્યારે એને મોક્ષમાર્ગ શું ? 'આત્માના સ્વરૂપમાં રમવું તે. એ શી રીતે થાય ? સ્વપુરુષાર્થથી. પણ ગુરુ, પ્રવચન, શાસ્ત્ર વગેરેથી નહિ; કેમકે એ તો બધાં નિમિત્ત કહેવાય, ને નિમિત્ત

નિશ્ચયથી કાંઈ ન કરી શકે.' આમ ગુરુ, પ્રવચન, શાસ્ત્ર વગેરે બધું ઉરાડ્યું.

**કાનજીમતી ક્યાં ભૂલે છે ? :-**

ખૂબી તો એ થઈ કે પાછું પોતાને ય આલંબન તો પ્રવચનનું, શાસ્ત્રનું વગેરે અનેક નિમિત્તોનું લેવું તો પડે જ છે, કેટલીક ક્રિયાઓય કરવી પડે છે, છાપાં ટેપરેકર્ડ વગેરે નિમિત્તો ય સેવવાં રહે છે, પોતાના સિદ્ધાંતથી વિરુદ્ધ જ વર્તવું પડે છે. પાછું ધર્મક્રિયાઓ ત્યાગ, દાન, વગેરેની નિંદા કરવી પડે છે, પણ હિંસા, વેપાર, પરિગ્રહ રંગરાગ વગેરે પાપક્રિયાઓની નહિ ! કેવું અજ્ઞાન !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૪૫,તા.૨૦-૭-૧૯૬૮**

કાનજીમત એ જોવું ભૂલ્યો કે વ્યવહારનયને અસદ્‌ભૂત કહ્યો તે નિશ્ચયનયની તુલનામાં, બાકી નિશ્ચયનયના ધર્મ સુધી પહોંચાડનાર તો વ્યવહાર-ધર્મ જ છે. વ્યવહારથી રસત્યાગ કરતા આવો, તો એક દિ અંતરથી રસ પ્રત્યેનો રાગ છૂટે. મેવા-પક્‌વાન્ન ખાતાં રહો અને માની લો કે 'આ તો પુદ્‌ગલ પુદ્‌ગલને ખાય છે, આત્માને એથી કાંઈ અસર નહિ' એટલી માન્યતામાત્રથી કાંઈ રાગ ન છૂટે ? રાગ છે માટે તો નીરસને મૂકી રસદારને પકડો છો. આમ, વ્યવહારથી ત્યાગ કરતાં કરતાં અંતરથી નીરાગદશા આવે એ દૃષ્ટિએ વ્યવહારમાર્ગ અસદ્‌ભૂત જૂઠો નકામો નહિ, પણ અદ્‌ભૂત-સાચો-ઉપયોગી છે. કહ્યું છે,

**'ઉચિત વ્યવહાર-અવલંબને, સ્થિર કરી મનઃપરિણામ રે...'**

સાંસારિક જીવનમાં કેટલાય દાખલા દેખાય છે કે વ્યવહારનો અભ્યાસ કરતાં કરતાં આંતરિક મન સ્થિર થાય છે. છોકરો પરાણે પણ નિશાળે જતો થાય ત્યારે એના અંતરમાં પછીથી વિદ્યાભ્યાસનો રસ ઊભો થાય છે. એવું બાહ્ય ત્યાગ, ક્રિયાઓ વગેરેના વ્યવહારો આદરવાથી મનમાં નિશ્ચયનયના મોક્ષમાર્ગની ઝાંખી થાય છે. અર્થનો અનર્થ કરવા જતાં કેવી ભીંત ભૂલાય છે !

**માનભટની પત્નીને અર્થનો અનર્થ :-**

બોલો, શાસ્ત્રના ભળતા અર્થ, અઘટિત અર્થ કરવાથી કેટકેટલા અનર્થ ઊભા થાય છે ? અહીં પણ માનભટના 'શ્યામા' શબ્દનો અઘટતો અર્થ કરી ગામની સ્ત્રીઓએ એની પત્નીને મહેકાવી મૂકી તો હવે જો જો અનર્થની પરંપરા કેવી સર્જાય છે. અહીં એક પ્રશ્ન થાય કે

**પ્ર.**- સ્ત્રીઓ બિચારી ભોળી એટલે શ્યામાનો 'કાળી' એવો સીધો અર્થ કર્યો. એમાં અઘટતું કર્યું કેમ કહેવાય ?



ઉ.- પરંતુ અહીં સમજવાનું છે કે એવો અર્થ કરી ખોટું બહેકાવવા પાછળ ખાલી ભોળપણ કામ નથી કરતું; કિન્તુ દિલની દુષ્ટ વૃત્તિઓ કામ કરે છે. કુમતો કાઢનારે પણ એવી મલિન વૃત્તિથી પ્રેરાયેલા બનીને એવા ભળતા અર્થ અઘટિત અર્થ કર્યા છે. આને તપાસો એટલે ખબર પડશે.

**મતાગ્રહ પાછળ કઈ વૃત્તિ ? :-**

શિવભૂતિએ વસ્ત્ર-પાત્ર વિનાના જ ચારિત્રનો કેમ આગ્રહ પકડ્યો ? કારણ, એની પ્યારી રત્નકંબળ ગુરુએ રાગનું કારણ જોઈ ફડાવી નાંખી એ એને ખટક્યું તે છિદ્ર શોધતો હતો. રોષ અને અભિમાન કામ કરી ગયા. મૂર્તિ ઉરાડનારને નવા મતના પ્રણેતા બનવાનો લોભ જાગ્યો હતો. ગૌતમ બુદ્ધને (પોતે) પહેલાં લીધેલ જૈન ચારિત્ર અને તપ કઠણ લાગ્યા, હવે એ મૂકી માનભેર જીવવું કેમ ? તો કુમત કાઢ્યે જ છૂટકો. નિશ્ચયપંથીને ય ચારિત્ર-તપ વગેરેનાં કષ્ટ ન ગમ્યાં, ન પળ્યાં, એટલે એ મૂકીને સમાજમાં શાણા કેમ ગણાવવું ? તો કે કાઢો કુમત. ઈરાદાપૂર્વક અર્થના અનર્થ કરવામાં દુષ્ટ વૃત્તિઓ કામ કરી રહી હોય છે.

**માનભટની પત્ની આગળ વધે છે :-**

માનભટની પત્નીને ગામની સ્ત્રીઓના ચડાવ્યાથી એમ લાગી ગયું કે 'પોતે ગૌર વર્ણની છતાં પતિ 'શ્યામા' સંબોધીને કોઈ બીજી કાળી સ્ત્રીને વહાલી કરી રહ્યો છે, તો એ નિર્દય છે, નિઃસ્નેહ છે, એ સ્થિતિમાં જીવવું નકામું,' એમ માનીને જરાક અંધારું થતાં એ ત્યાંથી ઊઠીને ચાલી. વિચારે છે કે 'ક્યાં આપઘાત કરીને શાંતિ મેળવું ?' અહીં જુએ છે, તહીં જુએ છે પણ બહુ લોક ત્યાં ભેગું થયેલું છે એટલે એકાંત જગા મળતી નથી, ત્યારે કોઈ જોઈ જાય તો એ તો શાનો ફાંસો ખાવા દે ? 'એટલે અહીં તો ફાંસો ન ખવાય.' આગળ જઈ 'ત્યારે અહીં પણ નહિ,' વળી આગળ જઈને તો અહીં પણ નહિ,'...એમ કરતાં થાકીને છેવટે પહોંચી ઘરે.

ઘરમાં આગલા ભાગમાં સાસુ છે. એ પૂછે છે 'દીકરી ! કેમ એકલી ? તારો પતિ ક્યાં ?'

આ કહે છે, 'એ આવી રહ્યા છે.'

બસ એમ કહીને એ દૂર પાછલા ભાગમાં સુવાના ઓરડામાં પેઠી. અંદર જઈને ગળામાં ફાંસો ઘાલે છે. પછી એ ધીરેથી જાહેર કરે છે, 'હે લોકપાલકો ! સાંભળો, મેં આજ સુધીમાં મારા પતિને મૂકીને બીજા કોઈ પણ પુરુષને મનથી પણ ઈચ્છ્યો નથી. ત્યારે મારી પ્રત્યે પતિએ આવું વર્તન કર્યું છે. તો હું હવે આપઘાત કરું છું, ને આ મારું સાહસ મહેરબાની કરીને મારા પતિને કહેજો.'

આટલું કહીને એણે ગળામાં ફાંસો ખેંચ્યો. શ્વાસ રોકાયો. ગાત્ર ઢીલા પડી ગયાં.

**ફાંસો કેમ ખાધો ? :-**

કેટલું બધું સાહસ ? કેમ એમ ? 'મેં આટલો બધો અખંડ પ્રેમ ધર્યો, બીજા કોઈ પર પ્રેમ ન કરતાં એકલા એમના પર કર્યો, ને સામેથી એની કદર ન થઈ ?' આ લાગણી ઊભરાઈ આવી. આ એક કારણ બીજું કારણ એ કે, 'આટલા બધા લોકની વચ્ચે હું હલકી પડી ?' એ માનભંગનો પ્રસંગ ઊભો થયો. પોતાના ભોગની કદર નહિ, અને લોકમાં પ્રતિષ્ઠાભંગ આ બેના વિચાર એવા જોરદાર થઈ ગયા કે એણે હવે જીવતરને પણ નકામું ઠેરવ્યું.

પ્રાણને તો માણસ સગી પત્ની કે પુત્રના ભોગેય સાચવે છે. મકાનમાં આગ લાગી હોય અને પત્ની કે પુત્ર બળી મરવાનો ભય હોય. કેમકે એ ચોથે મજલે સૂતા હોય અને પોતે પહેલે મજલે સૂતો હોય, ને વચલી સીડીઓ તથા મજલામાં આગ ફેલાઈ હોય, તો પોતે શું કરશે ? ચોથે મજલે ઉઠાવવા જશે ? ના, બહાર નીકળી જઈ રસ્તા પરથી બૂમરાણ કરશે કે 'એય જાગો, નીચે કૂદી પડો.' કેમ લેવા નથી જતો ? પોતાના પ્રાણ અધિક વહાલા છે એ ખોઈને દીકરા-દીકરી કે પત્નીના બચાવ કરવા નથી જવું. ત્યારે અહીં પ્રાણ ખોઈને આ બેકદર અને માનભંગ જોવા ન પડે એ કરવું છે.

**શું કિંમતી ? પ્રાણ કિંમતી કે માન** અને કદરનું અહંત્વ કિંમતી ?

કહો, માનના ગુલામોને માનની કિંમત વધારે છે. ત્યારે જીવન સુકૃતોથી ભર્યું ભર્યું બને એની મહત્તા વધારે હોવાનું સમજનારને માન કરતાં પ્રાણ વધુ કિંમતી લાગે છે. માટે તો જુઓ કે

**શ્રીપાલકુમાર** સાથેની લડાઈમાં એમના કાકા અજિતસેન હાર્યા, તો માનભંગ થયો. કેમકે કાકાએ પ્રપંચથી બાળ શ્રીપાળનું રાજ્ય કબ્જે કરેલું, પણ હવે શ્રીપાળ મોટી ઉંમરના થઈને આવ્યા અને દૂત દ્વારા માનવંતા શબ્દોમાં કાકાને કહેવરાવ્યું કે,

'આપે અત્યાર સુધી રાજ્ય સાચવ્યું તે આપનો હું ઉપકાર માનું છું. હવે હું મોટો થયો છું તો મને રાજ્ય સોંપી દો.'

**કાકાનું અભિમાન :-**

પરંતુ અભિમાનમાં ચડેલા કાકા આ માને ? એમણે તો શ્રીપાળને તુચ્છ-નિર્બળ ગણી દૂતને ધૂતકારી કાઢ્યો; અને લડાઈ થાય તો શ્રીપાળને ચપટીમાં હરાવી કાઢવાની ગણતરી રાખી. વિચારો, મગજમાં કેટલી રાઈ ભરી હશે ? અભિમાન કેટલું જોર કરતું હશે ? હવે આવાને તુચ્છ ગણેલો શ્રીપાળ સખ્ત હાર ખવરાવી દે, પછી માનહાની કેટલી બધી લાગે ? એના મનને એમ થાય કે



'અરરર ! આટલા બધા રાજાઓની સમક્ષમાં હું હલકો પડ્યો ? તો હવે હું મોંઢું શું બતાવું ? આ હલકાઈમાં હવે જીવવું શી રીતે ? એના કરતાં તો લાવ, આપઘાત જ કરી નાખું, જેથી પછી લોકોની મારા પ્રત્યે હલકી નજર જોવી નહિ.'

**કાકાની વિવેકી સમજ :-**

પરંતુ કાકા અજિતસેન વિચારણાની એ લાઈન ન લીધી કેમકે એ હવે સમજે છે કે **'સ્વમાનરક્ષા કરતાં માનવ-જીવન ઘણું કિંમતી છે. માટે માનરક્ષા ખાતર જીવનનો નાશ ન થાય,** કેમકે આ જીવન અનેકાનેક સત્કૃત્યો, મહાત્યાગ, મહાતપ, મહાસંયમ વગેરે આચરવા માટે વિશ્વમાં એક અનન્ય સાધન છે.

**આપઘાત કેમ ખોટો ?**

**માનવજીવન એ સુકૃત-સત્કૃત્યોનાં વાવેતર માટે વિશ્વમાં અજોડ ક્ષેત્ર છે.**

**તેમ એક માનવજીવન જ જંગી પાપોના નિકાલ માટેના શ્રેષ્ઠ પુરુષાર્થનું સ્થાન છે.**

આવું અદ્‌ભુત જીવન તુચ્છ માનની કલ્પનામાં કેમ ગુમાવાય ? 'હાય ! મારી માનહાનિ થઈ હવે જીવતો રહી લોકને મોઢું શું બતાવું ? માટે મરું,' આવી અબૂઝ ગણતરીમાં મરી જવાથી તો જીવનને પેલા સુકૃતોથી ભરચક ભરી દેવાની અને પાપોનો જંગી નિકાલ કરવાની તક જ ગઈ !

**માનરક્ષા અને આત્મહત્યા પરલોકે કશું જ સારું પરખાવતી નથી. એ તો હલકા જનમ અને માનમાં મરવાનું આપે છે.**

**ત્યારે જીવન ટકાવીને એમાં સાધેલો પાપોનો નિકાલ અને સુકૃતોનો સંચય ભાવી અનંતો કાળ સુધારી આપે છે,** પછી એમાં માનહાની જોવી પડે તો ભલે; એની કશી કિંમત નથી. જીવન સંતનું બનાવી દીધા પછી તો માનાપમાનમાં સમબુદ્ધિ આવી જાય છે; દેવ-ગુરુ-ધર્મ અને સ્વાત્માના મહત્ત્વ આગળ જાતના માનની કે અપમાનની કશી કિંમત લાગતી નથી.'

**હારેલા કાકા ચારિત્રમાં :-**

અજિતસેનને આ સમજ આવી એટલે એમણે ત્યાં જ તરત સંસારત્યાગ કરી અણગાર-મુનિપણું અંગીકાર કરી લીધું, અને ધ્યાનમાં ઊભા રહી ગયા.

માનની ગણતરી એ અધમ કક્ષામાં અથડાતા અજ્ઞાન જીવોની છે.

તપ-સંયમ વગેરે સાધી લેવાની ગણતરી ઉચ્ચ કક્ષાના સુબુદ્ધ જીવોની હોય છે.

**સંયમાદિ એ માનવભવમાં જ :-**

કેમકે આ સુબુદ્ધ જીવો સમજે છે કે વિશાળ જગતમાં નજર નાખીએ તો દેખાય છે કે માનવભવને છોડી બીજો કયો એવો અવતાર છે કે જેમાં ત્યાગ, તપ,

સંયમ, તત્ત્વચિંતન, દેવ-ગુરુભક્તિ વગેરે અનેકાનેક સાધનાઓ થઈ શકે ? કોણ એ કરતા દેખાય છે, પશુ ? પંખી ? કીડા ? દેવતાઓ ? નારકીના જીવો ? કોઈ નહિ એ તો મનુષ્યોને જ વરેલું છે.

**દેવો અધર્મી નથી, પણ.... :-**

**પ્ર.**- શું ત્યારે દેવો વગેરે અધર્મી જ છે ?

ઉ.- ના એવું ન બોલાય, એમાં ધર્માત્મા દેવોની આશાતના લાગે. દેવો પણ સમ્યકત્વ-ધર્મ સુધી ચડી શકે છે. પણ પછી ઉપર વિરતિ ધર્મમાં નહિ. ત્યારે પશુ-પંખી પંચેન્દ્રિય તિર્યંચો દેશવિરતિ ધર્મ સુધી ચડી શકે છે, પણ સર્વવિરતિ-ધર્મમાં નહિ. ત્યારે શું અહીંનું સર્વવિરતિ ધર્મ સુધી ચડવા માટે યોગ્ય માનવજીવન ગુમાવીને પછી દેવભવ કે તિર્યંચભવમાં જઈ ધર્મ કરવાની આશા રાખવી છે ? પણ એ તો કહો કે **અહીં ધર્મની સાધના વિના કઈ લાયકાત ઉપર દેવભવ મળશે ?** ત્યારે હાયવોય, માનહાનિનો ખેદ, વગેરેમાં તિર્યંચભવ જો મળ્યો તો ત્યાં શું જાતિસ્મરણ જ્ઞાન થશે ? અને સદ્‌બુદ્ધિ આવશે ? કે એમ જ અબૂજ નિર્વિવેકી પશુ-અવતારમાં સહેજે ધર્મ સ્ફુરશે ? અહીં સમજાવનાર ગુરુઓ છે, સમજવા જોગી બુદ્ધિશક્તિ છે, ધર્મસાધના કરનાર અનેકોના દૃષ્ટાંત આલંબન નજરે જોવા લેવા મળે છે, છતાં ધર્મબુદ્ધિ નથી સ્ફુરતી, તો પછી એ વિનાના પશુ અવતારે ક્યાંથી સ્ફુરવાની ?

**જાગતાં, જીવતાં, સૂતાં શું કરવાનું ?**

એટલે સમજ તો આ જ જોઈએ કે સુકૃતોથી જીવન ભરચક ભરવા અને પાપોનો જંગી નિકાલ કરવા આ જીવન જેવું બીજું શ્રેષ્ઠ જીવન નથી. માટે જ જીવન જીવી જીવીને આ જ કામ કરી લેવાનું છે, રોજ સવાર પડ્યે જાગતાં આ કરવાની ગણતરી ગોઠવાય; દિનભરમાં એ સાધવા જાગૃતિ તકેદારી અને પુરુષાર્થ રહે, રાત પડ્યે આત્માની હાજરી લેવાય કે કેટલું સાધ્યું ?

**સુબુદ્ધ-અબૂઝનો ફરક :-**

જીવનનાં આ મૂલ્ય સમજનારને માન કરતાં પ્રાણ વધુ વહાલા છે એટલે માનહાનિ થઈ એટલા માત્રથી એ પ્રાણત્યાગ નહિ કરે. એ તો ઊલટું એ નિમિત્ત પામીને હવે જીવનમાં ધર્મને વધુ ઝગમગાવશે.

ત્યારે આ ન સમજનાર અબૂજ જીવ પ્રાણ કરતાં માનને વધુ કિંમતી સમજે છે એટલે માનભંગ થતાં પ્રાણનો ત્યાગ કરવા સુધી પહોંચી જાય છે.

માનભટની પત્નીની આ દશા છે એને એમ લાગી ગયું કે 'બસ પતિએ બધાની વચ્ચે મારું માન હણ્યું, મારી કદર ન રાખી, તો હવે એવા માનભંગને જોતાં શું જીવવું હતું ? એના કરતાં મરવું સારું.' તે ફાંસો ખાધો.



**સંસારના બે પાયા :-**

માન માણસને કેવું મારે છે ? અનંતા કાળથી જીવ અહંત્વ ને મમત્વમાં મરતો આવ્યો છે. એક બાજુ જગતના પદાર્થોની તૃષ્ણા, અને બીજી બાજુ હુંપદ. આ બે મૂળભૂત દોષો ઉપર જીવનો સંસાર અખંડધારાએ ચાલ્યો આવ્યો છે. ખૂબી તો એ, કે મોત આવતાં તૃષ્ણા-મમતા કરેલ વિષયો છોડવા જ પડે છે, ને મૃત્યુની સામે અહંત્વ પણ કરાય એવું રહેતું નથી. આ જાણવા છતાં રાંક જીવ તૃષ્ણા-મમતા-અહંત્વ છોડવા તૈયાર નથી. અહંત્વ જાળવવા પાછળ ને માન મેળવવા પાછળ એ શું શું નથી કરતો ? લાખો રૂપિયા માન મેળવવા માટે ખરચાય છે. અહંત્વને સાચવવારૂપ પોતાનો કક્કો ખરો કરવા કેટલાંય જૂઠાં બોલાય છે. અહંત્વ ને માન એવું ખતરનાક છે કે મુનિ જો સાવધાન ન રહે તો એમને ય એ પછાડે છે.

**આ અહંત્વને ને માન તો જ મીટે કે જિનાજ્ઞા ને ગુર્વાજ્ઞાને જ અર્પિત થઈ જવાય.**

**માનભટ ક્યારે ઘરે ? :-**

માનમાં માનભટની પત્ની ઘરે ફાંસો ખાઈ મરવા પડી છે. ત્યારે અહીં માનભટનો હીંચવા-ગાવાનો વારો પૂરો થયો, એટલે એ નીચે ઊતરીને પોતાની પત્નીને શોધે છે. આમ જુએ છે, તેમ જુએ છે, પણ જ્યારે એને ન દેખી એટલે સીધો ઘરે આવ્યો.

માતાને પૂછ્યું કે 'એ આવી છે ?'

મા કહે છે 'હા એ સુવાના ઓરડામાં ગઈ છે.'

'હજી કાંઈ રાત એવીક વીતી નથી તો કેમ એકલી આવતી રહી હશે? આવી તો બહાર ન બેસતાં કેમ એકલી અંદર પહોંચી ગઈ ?' એ વિચાર પર એના મનમાં ધ્રાસકો પડ્યો કે એને કાંક ખોટું તો નથી લાગ્યું ? ઝટ દોડ્યો ઓરડા તરફ જઈને જુએ છે તો એ ગળે ફાંસો ખાઈ બેભાન જેવી થઈને પડી છે તરત એણે ફાંસો છોડી નાખ્યો. એને બોલાવે છે, હલાવે છે, પણ આ તો ન બોલે કે ન હાલે. શ્વાસ જુએ તો શ્વાસ પણ વર્તાતો નથી.

જોતાં જ માનભટના હોશકોશ ઊડી ગયા કે 'શું આ મરી ગઈ ? પણ હજી હમણાંની વાત છે એટલે એમ મરે શાની ?' એમ આશામાં એને પાણી છાંટે છે અને પંખો વીંજે છે. મન ખૂબ જ આકુળ વ્યાકુળ છે, ચિંતામાં છે કે 'અરે ! આને આમ કરવાનું શું કારણ ? અને આ જીવતી છે કે મરી ગઈ ?' ચિત્તમાં ભારે ક્લેશ ઊભો થઈ ગયો.

**સ્નેહના બંધન ભારે ! :-**

સાજા સારા સુખે સમાધે બેઠેલાને ય સ્નેહ ઊંચા નીચા કરી મૂકે. સ્નેહનો ધાર્યો પડઘો ન પડ્યો તોય વાંધો, અને સ્નેહપાત્રમાં આઘુંપાછું થયું તો પણ મુશીબત. અહીં પત્નીને સ્નેહનો પડઘો ઊંધો મળ્યાનું લાગ્યું તો ફાંસો ખાધો, અને પતિને એ જોતાં ચિત્તક્લેશનો પાર નથી એને હવે પોતાનું જીવવાનું નકામું લાગે છે. 'અ રે રે રે ! જો આ બિચારી મરી તો મારે જીવીને ય શું કરવું છે ?' એમ એના મનને થાય છે. બંનેને કોણે ઊંચા-નીચા કર્યા ? અંતરના સ્નેહ.

**સ્નેહ ભૂંડો :-**

ભલે હોંશે હોંશે સ્નેહ કરતી વખતે મીઠો મધૂરો લાગે, છતાં સ્નેહ ભૂંડો કેમકે આ જગતની વચ્ચે જીવન જીવતાં એવું થોડું જ છે કે બધી વાતની સરખાઈ જ ચાલે ? ન ધારી કોક ને કોક વાત, ન ધાર્યો કોઈક શબ્દ ઊભા થઈ જ જાય છે. એવું કશું જ કદીય ન બને તો જગતનું જીવન શાનું ? સંસારવાસ શાનો ? મોક્ષ જ ન હોત ? ના, બહુ બહુ પુણ્યાઈ હોય તો કદાચ જીવનભર કશું અનિચ્છનીય ન બને, પણ મોત તો આવે જ ને ? એ વખતે સ્નેહના ઠસ ભરેલાની દશા કેવી ? દેખાય છે ને માનભટની, માનનું પૂતળું છતાં, અત્યારે કેવી ગળિયાઘેંસ ગરીબડી દશા થઈ ગઈ છે ? પત્ની મરે એમાં પત્નીને કાંઈ મળે ? ના, ભલે ને મળવાનું કશું જ ન હોય, પણ સ્નેહ આંધળો છે. એ એવું કશું જોવા જ દેતો નથી. એ તો માણસને ઘડીભર એવો મૂર્ખ બનાવે છે, એટલી હદ સુધીનો મૂર્ખ, કે સ્નેહીમાં સુખને છોડી જીવનમાં બીજાં બધાં સુખ સામે આંખ મિંચાવી દે છે, તેમજ આ જીવનથી કરવા શક્ય એવા કેઈ સત્કૃત્યોની સામે પણ ચક્ષુ બંધ !

કહો જો સ્નેહમાં આત્માની આ ઉચ્ચ દશા છે કે દુર્દશા ? જ્ઞાનીઓ સ્નેહને-પ્રેમને-રાગને ભૂંડો અમથો કહે છે ? નાસ્તિકની દૃષ્ટિએ જીવનનાં બીજાં સુખ ગુમાવ્યાં, કે આસ્તિકની દૃષ્ટિએ આ જ જીવનથી શક્ય એવાં સુકૃતો ઉપાર્જવા ગુમાવ્યા, એમાં સારી દશા શાની ? મહાદુર્દશા જ છે.

**સ્વાર્થત્યાગની પોકળ હોશિયારી :-**

માણસ હોશિયારી માને છે કે 'હું મારા સ્નેહીની ખાતર કેવો ભોગ આપું છું !' પૂછો ને

**પ્ર.**- સ્વાર્થમાં રમવાની વાત જ નથી. સ્નેહી ખાતર તમે સ્વાર્થત્યાગ કરો એની તો કદર કરીએ; પરંતુ પછી એના પર પ્રશ્નો ઊઠે છે એના જવાબ આપો. પ્રશ્નો આ, કે

**સ્નેહી ખાતર સ્વાર્થ ત્યાગીને પ્રશ્નો :-**



(૧) તમારા સ્વાર્થત્યાગ ઉપર સ્નેહી તરફથી કોઈ બદલાની અપેક્ષા ખરી ?

(૨) સ્નેહી બદલો ન વાળે તોય તમારો સ્વાર્થત્યાગ આનંદથી ચાલુ રહે ખરો ?

(૩) તમારી સેવાની-સ્વાર્થત્યાગની સ્નેહી કદર ન કરે-ગુણ ન માને તો ય તમારો ભોગ હોંશથી આપો ખરા ?

(૪) સ્નેહી તમારી સેવાની કદર તો કરે, પણ તમારા કોઈ અવગુણ, દોષ, આકરા સ્વભાવ વગેરેની હલકાઈ બોલે, તો પણ સ્વાર્થત્યાગમાં તમને પૂરો રસ હોંશ રહેને ?

(૫) સ્નેહી તમારી સેવાનું અહેસાન તો માને પણ એ એવી કોઈ સંગ્રહણી લકવા જેવી અસાધ્ય બિમારીમાં હોય કે મહિનાના મહિના તમારે એનો ગંદવાડ ઉઠાવ્યા જ કરવો પડતો હોય તો ઈચ્છો નહિ ને કે 'ભગવાન આને આ દરદમાંથી હવે જલ્દી છોડાવે તો સારું ?

આ એકેય પ્રશ્નના જવાબમાં એમ કહેવા તૈયાર છો ખરા કે 'અમે તો સેવા, સ્વાર્થત્યાગ હોંશે હોંશે કર્યે જઈએ ?' કે ના, એમજ કહેશો કે એવું હોય તો તો પછી રસ ને હોંશ શાની રહે ? જો એમ જ હોય તો સ્નેહી ખાતર જે ભોગ આપો છો, એ શુદ્ધ સ્નેહ ખાતર ક્યાં રહ્યો ? એ તો સામેથી પણ અમુક બદલાની અપેક્ષા તો રાખી જ ને ? એટલે એ એક જાતનો વેપારી-સોદો જ કે બીજું કાંઈ ? વેપારી માલ આપે, ગ્રાહક સામે પૈસા દે એમ તમે ભોગ આપો, ને સ્નેહી પણ તમારી કોઈ સેવા કરે, કદર કરે, ગુણ-અહેસાન માને વગેરે. આ ય સોદો જ છે ને ?

માટે અમે સ્નેહી ખાતર કેટલો ભોગ આપીએ છીએ એ હોશિયારી માનવી ખોટી છે. એનો વળી એક સજ્જડ પુરાવો આ છે કે,

**દેવ-ગુરુ તમારા સ્નેહી છે ?**

જો સ્નેહ ખાતર ભારે ભોગ હોંશથી આપવા તત્પર છો, તો દેવ-ગુરુનો સ્નેહ તમારા પ્રત્યે છે કે નહિ ? ભગવાન તમારા સ્નેહી ખરા ? સાધુ તમારા સ્નેહી ખરા ?

(૧) જો ના, તો તમે એમની પાસે જાઓ છો શું કામ ? કોઈ માલ જ આંચકી લેવા ને ? એમની સેવા કેટલી કરી માલ કેટલો આંચકી લેવાનું ધારો છો ? લુંટારાગીરી કે ઠગારાગીરી જ ને ?

(૨) જો એમ કહો કે 'હા, દેવ-ગુરુને અમે અમારા સ્નેહી માનીએ છીએ,'

તો એ બોલો કે એ ઉચ્ચ સ્નેહીની ખાતર કેટલો બધો ભોગ આપો છો ? સ્વાર્થત્યાગ કરો છો ? પત્ની-પુત્રો-પુત્રીઓ પાછળ આપો એટલો ? એમાંના એક

પાછળ આપો એટલો ?

જવાબમાં લોચા છે, મૌન છે. તો પછી 'અમે સ્નેહ ખાતર-સ્નેહી ખાતર કેટલો બધો ભોગ આપીએ છીએ એ હોશિયારી કરો તે ખોટી ઠરે છે ને ? માટે જ વિચારવા સમજવા જેવું તો આ છે કે,

'હું હૈયામાં જે આ લૌકિક સ્નેહ ઘાલીને આટલો ભોગ આપું છું એ સ્નેહમાં મારી દુર્દશા છે કે ઉન્નતિ ? મારા હાથે જ હું મારા કાળા ભૂતકાળને તાજો કરી રહ્યો છું ? કે એની ઘેરી અસરોને ફીક્કી પાડી રહ્યો છું ?'

જો આ સમજતાં વાર છે, તો પછી સંસારના સ્વારથિયા પોકળ તકલાદી અને વિશ્વાસઘાતી સ્નેહ-પ્રેમ-રાગ પર તિરસ્કાર છૂટવાની વાતે ય શી ? જો એ નહિ તો એને છોડવાના મનસૂબા-અભિલાષ અને પુરુષાર્થ ક્યાં ? પૂછો,

**પ્ર.- સ્નેહમાં દુર્દશા છે એમ કેમ સમજાય ?**

ઉ.- સમજાય; આ રીતે સમજાય,

(૧) પહેલી વાત આ, કે જગતના સ્નેહ જિનેશ્વરદેવ અને મુનિ ઉપર તેવા સ્નેહ નથી થવા દેતા. તો દેવગુરુ પર સ્નેહને રોકે એવા જગત પરનો સ્નેહ એ દુર્દશા જ છે.

(૨) સ્નેહી તમારા પર સ્નેહ કરે છે એમાં આકર્ષાઓ છો ને એને સ્નેહી માનો છો એટલે જ દેવગુરુ તમારા સ્નેહી છે. એવું દિલસ્પર્શી લાગતું નથી, વારે વારે યાદ આવતું નથી. ને એવા ભોગ ત્યાં અપાતા નથી માટે જગતના સ્નેહ એ દુર્દશા છે.

(૩) સ્નેહ શરૂ કર્યા પર સ્નેહી પાછળ કેટલીય ચિંતા, સંતાપ, અશાંતિ દોડધામ વગેરે રહ્યા જ કરે છે, એ સૂચવે છે કે સ્નેહ એ દુર્દશા છે.

(૪) સ્નેહની પાછળ જાતના કેટલીય જહેમતે પૂર્વભવથી ઉપાર્જી લાવેલા પુણ્યને વટાવી ખાવાનું થાય છે એ સ્નેહ આત્માની દુર્દશા નહિ ? સ્નેહ ન હોત તો **પુણ્ય વટાવીને મળેલો માલ દેવાધિદેવના ચરણે ન ધરત ? પરોપકારમાં ન ખરચત ? બજારમાંથી** કમાઈને સોનાની કે મોતીની કંઠી ખરીદી લાવો, એ કોની **ડોકમાં ઘાલવાનું મન ? ઘરવાળીની કે મહાવીર પ્રભુની ? કેટલો જુલ્મ ? પુણ્ય આપ્યું ધરમે, ને હવે એનો માલ ધરવાનો ધરમને નહિ, પણ સ્નેહપાત્રોને !**

(૫) સ્નેહની પાછળ પાપારંભો અને અઢાર પાપ સ્થાનકો કેટકેટલાં ભરપૂર સેવાય છે ? જીવનભર ! આ સ્નેહ શું આત્માની ઉન્નતિ છે કે અવનતિ ? દુર્દશા ? હજી જુઓ,

(૬) સ્નેહ નાશવંત ઉપર કરો છો, પછી એ સ્નેહપાત્ર છૂટી જતાં કઈ



દશા ? એને છોડીને તમારે જવું પડે ત્યારે કઈ દશા ? સ્નેહી વાંકા થાય ત્યારે કઈ દશા ? જુઓ માનભટની પત્નીએ શું કર્યું ? પોતે સ્નેહ કર્યો હતો માટે ફાંસો ખાવા સુધી પહોંચવું પડ્યું ને ? **બીજો કોઈ વાંકું બોલ્યો હોત તો એના પર એ ફાંસો ખાત ? ના, જેના પર સ્નેહ કર્યો એ કદરહીન લાગ્યો માટે ફાંસો. સ્નેહની જ પશ્ચાતભાવી વિટંબણા ને ?** એવું હવે માનભટ એને ફાંસો ખાધેલી જોઈ આકુળ-વ્યાકુળ છે. તો સ્નેહ એ જીવની સારી દશા કહેવાય કે દુર્દશા ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૪૬,તા.૨૭-૭-૧૯૬૮**

(૭) ત્યારે દુન્યવી સ્નેહના પરલોકે કેટલાં કટુ પરિણામ ? એક બ્રાહ્મણ પોતાની પત્ની પરના અતિ સ્નેહમાં મરી પત્નીના જ શરીર પરના ગુમડામાં કીડો થયો. બ્રહ્મદત્ત ચક્રવર્તી મરી સાતમી નરકમાં પોતાની પટ્ટરાણીને 'હે કુરુમતિ !' એમ યાદ કરે છે. જીવો સ્નેહ પાછળ વિચારી વાણી વર્તાવ પાપમય કરી માનવભવેથી ભ્રષ્ટ થઈ ૮૪ લાખ યોનિમય સંસારમાં ભટકે છે. દુન્યવી સ્નેહ એ આત્માની દુર્દશા છે.

**સ્નેહી પાછળ ભોગ આપવામાં બુદ્ધિ :-**

માટે 'શું સ્નેહી ખાતર ભોગ નહિ આપવો ?' એ પ્રશ્નનો ઉત્તર આ, કે ભોગ સ્નેહ ખાતર નહિ પણ માથે આવી પડ્યું કર્તવ્ય બજાવવા ખાતર, એક ધર્માત્મા તરીકેના ઔચિત્યની ખાતર અને એને ધર્મમાં જોડવા ખાતર આપવો બાકી અંતરમાં દુન્યવી સ્નેહ ધરવા લાયક નહિ. બોલો છો ને ?

**'સમક્તિદષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાળ;'**
**અંતરસે ન્યારો રહે, જિમ ધાવ ખેલાવત બાળ'**

ધાવમાતા રાજપુત્રનું શું નથી સાચવતી ? છતાં સ્નેહ નથી, માત્ર આજીવિકા પૂરતી નોકરી કરે છે. પગભર થયા પછી છોડતાં જરાય આંચકો નહિ. એમ સમ્યગ્દષ્ટિ જીવ બનવું છે ? તો કુટુંબનું સાચવવા છતાં અંતરમાં સ્નેહ નહિ. સ્નેહ વીતરાગ ઉપર, ત્યાગી ગુરુ ઉપર, સંઘ-સાધર્મિક ઉપર. શક્તિ આવતાં એ સ્નેહ વિના પાળેલા કુટુંબને છોડી જતાં આંચકો જ નહિ. સ્નેહ વિનાના એવા પાલનમાં પછી કુટુંબને આત્મહિતમાં જોડવાનું જ મુખ્ય લક્ષ બનશે.

**માનભટની પત્ની જીવે છે :-**

માનભટનું ચિત્ત પત્નીને નિશ્ચેષ્ટ જોઈ વ્યાકુળ હતું પણ આશા થોડી જ મરી ગઈ છે ? પાણી છાંટવા અને પવન નાખવાનું તથા શરીર દાબવાનું કરી રહ્યો છે.

એમાં થોડી વારે પત્નીનું અંગ ફરક્યું. એ મરી નહોતી ગઈ, શ્વાસ રુંધાઈ ગયેલો અને ગાત્ર શિથિલ પડી ગયેલાં, પણ અંદરમાં પ્રાણ હજી ઊભા જ હતા. ઠંડક અને પવન મળી જતાં ચેતના ધબકવા માંડી, શ્વાસ ચાલુ થઈ ગયો, ભાન ઠેકાણે આવ્યું. એ જોતાં માનભટના જીવમાં જીવ આવ્યો. મનને થયું કે 'હાશ ! જીવંત છે, આ, સારું થયું. જરાક હું મોડો પડ્યો હોત તો તો આજ કામ ખલાસ હતું. પત્ની ય જીવથી જાત, ને હું ય પાછળ મરત.'

**હેં, ક્ષણ મોડામાં કામ ખલાસ ? :-**

હા, બજારમાં ભાવની તેજી ચડી ને સોદો પતાવ્યો તો વાહ, વાહ, ને ક્ષણ વિચાર કરવા થોભ્યો એમાં ભાવ ગબડી પડ્યા ત્યાં ખેલ ખલાસ; એવું બને છે ને ? ઘરે જરા વિચારમાં રહી સ્ટેશને ક્ષણ મોડા પહોંચ્યા ને ગાડી ઊપડી ગઈ તો રહી જ જવાય ને ? કે ગાડી તમને લેવા પાછી વળે ? આ માનવજીવનનો કાળ પણ અનંત કાળની વચમાં ક્ષણ જેવો છે, એમાં 'ધર્મ આજ કરું છું કાલે કરીશ' એમ વિચાર કરતા રહ્યા ને જીવન પૂરું થઈ ગયું કે કોઈ અકસ્માત્ વગેરેમાં ફસાઈ પડ્યા તો ખેલ ખલાસ ! તક ગઈ.

**હવે બુંદસે બિગડી હોજસે ન સુધરે, એમ અલ્પ પણ માનવકાળે બગાડ્યું એ દીર્ઘ પણ બીજા જનમના કાળથી ન સુધરે.**

કઈ આશામાં બેઠા જીવન ધર્મ વિના એળે ગાળી રહ્યા છો ? તન-મન-ધન અને વચનના દુષ્કૃત્યો ભરચક કર્યે જવાં છે, અને સુકૃત થોડા માટે ય જગા નથી ? મરવાનું નથી ? ભવાંતરે લઈ જવાને માટે સુકૃતોની જરૂર નહિ ? તનથી સેવા, કૃતજ્ઞતા, દયા, ત્યાગ-તપ-વ્રતનિયમ, દેવગુરુભક્તિ; મનથી સદ્ભાવનાઓ સુવિચારો વિરાગ-ઉપશમ; ધનથી દાન-પરોપકાર સાત ક્ષેત્રની ભક્તિ; અને વચનથી પરના ગુણાનુવાદ, પરમાત્મગુણગાન, સત્ય, સહાનુભૂતિ વગેરે સુકૃતો માટે જીવનમાં ફુરસદ નથી, પરવા નથી, ને દુષ્કૃત્યો સતત લગાતાર આચર્યે જવા છે, આ ક્ષણ મોડા પડ્યા ને ઊપડી ગયા પછી ખેલ કેવો ખલાસ ? આગળ પરલોક-કાળ કેવો ? કેટલો અંધકાર અને દુર્દશાભર્યો ?

**માનભટ પૂછે છે, પણ....**

માનભટને લાગે છે કે જો સ્હેજ મોડો પડ્યો હોત તો અહીં મામલો ખતમ હતો. હાશ સારું થયું કંઈ કે સમયસર આવી ગયો ને આ જીવી ગઈ એ પૂછે છે પત્નીને 'સુંદરી ! આટલું બધું સાહસ કરવાનું શું કારણ ? કોણે તારો શો અપરાધ કર્યો ?'

પત્ની રોષમાં આવીને કહે છે, 'શું પૂછે છે મને ? જા ત્યાં જ્યાં એ શ્યામ



અંગવાળી રહેતી હોય.'

માનભટ કાંઈ સમજ્યો નહિ 'કોણ શ્યામ અંગવાળી ?' એટલે કહે છે, 'અરે ! હું તો જાણતો જ નથી કઈ એ શ્યામ અંગવાળી ?'

પત્ની કહે, 'રે ? નથી જાણતો ? ત્યારે આજે ગીતમાં મફતનું એનું નામ લીધેલું ?'

એમ કહીને એ મૌન બેઠી. પેલો ઘણોય ખુલાસો કરે છે કે 'ના રે ના, મારા મનમાં બીજી કોઈ જ સ્ત્રી નથી. ગીતમાં બીજી કોઈને મેં નથી સંબોધી. તને આવો વહેમ ક્યાંથી પડી ગયો ?

પરંતુ આના મનમાં 'શ્યામા' શબ્દ પેસી ગયેલો અને ગામની બાઈઓ પાસેથી પણ એનો અર્થ શ્યામ વર્ણવાળી એવો મળેલો એટલે ચોક્કસ માની રહી છે કે 'આ હવે પોતાની વાત છૂપાવે છે. મનમાં બીજી કોક પર રાગ છે છતાં અત્યારે કબૂલતો નથી ને સવાસલો કરે છે,' એટલે એ કશો જવાબ ન દેતાં ગુપસુપ ઉદાસ બેઠી છે. હવે એક શબ્દ પણ બોલતી નથી.

**સ્નેહી કરતાં લોકનું માન્ય ! :-**

**પ્ર.-** તો શું માનભટ ખુલાસો ન કરે કે મેં 'શ્યામા' કહેલું તે માત્ર સ્ત્રીના અર્થમાં તને જ સંબોધીને કહેલું ?

**ઉ.-** ખુલાસો કરે તોય શું ? આના મનમાં ગામની સ્ત્રીઓએ કરેલો અર્થ જ પહેલેથી બેસી ગયેલો તે શાનો નીકળે ? એવું તો કેટલીય જગાએ બને છે કે લોકનું વચન મનાય એવો સ્નેહીનો ખુલાસો નથી મનાતો. મોહની આ અવળચંડાઈ છે. એ સારા માણસનું પણ માથું ફેરવી નાખે છે, તો સામાન્યના શા ગજા ? રામચંદ્રજી જેવા ય ભૂલા પડી ગયા હતા ને ? એમણે લોકવચનથી પવિત્ર પણ સીતાજીને વનમાં કાઢી મૂક્યા હતા ને ? એવા ભૂલે તો પછી આ માનભટની પત્ની ન ભૂલે ? એ પતિનો ખુલાસો માનવા તૈયાર નથી, તે રીસમાં મૂંગી બેઠી છે.

એટલે માનભટને લાગ્યું કે 'અહો આ કોપાયમાન થઈ ગઈ છે. હવે એ કોપ કેમ ઉતારવો ? શું કરવું ? ત્યારે નીતિશાસ્ત્ર કહે છે કે બહુ કોપાયમાન યુવાન પત્નીને પગે પડીને પણ મનાવી લેવામાં વાંધો નહિ.' તે માનભટ ત્યાં પત્નીને કહે છે.

**માનભટ માન મૂકે છે :-**

'લે લે મહેરબાની કર, મારી સ્વામિની ! દયા કર. શું કામ ખોટી વહેમાઈ મારા પર ગુસ્સે થાય છે ? જો આ માનથી અક્કડ એવું પણ મારું માથું તારા ચરણે

ઝૂકે છે' એમ બોલતાં ક એ પત્નીના પગમાં માથું મૂકે છે. ગ્રંથકાર આ શબ્દમાં માનભટની પ્રાર્થના લખે છે,

**'दे पसिय पसिय सामिणि ! कुणसु दयं, कीस मे तुमं कुविया ।**
**एयं माणत्थद्धं सीसं पाएसु ते पडइ ॥'**

માનભટ પગે પડવા છતાં પત્ની બેવડા રોષથી મૌન ધારણ કરે છે, ત્યારે હવે માનનું પુતળું માનભટ અભિમાનમાં ચડી સંભળાવી ન દે ? શું સંભળાવે ? આવડે ને તમને ? હેં આટઆટલું, મારો કોઈ ગુનો નહિ છતાં, કરગરું છું, પગમાં માથું મૂકું છું, ને તને કદર નથી ? ઊઠ ઊભી થા, જા સારો ધણી શોધી લે...' આવું જ કાંક ને ? પણ ના, એના ગયા પછી મારું શું ? એવી સ્વાર્થની લાળ ગળે છે, એટલે કેમ સંભળાવાય ? માનભટ પણ એવી જ કોઈ ગણતરીમાં હજી ફરીથી પત્નીને કરગરે છે,

'માનિની ! મેં મોટા રાજાઓને પણ આ માથું નમાવ્યું નથી. લડાઈમાં તલવાર-ભાલાના ઘાથી અંગ જર્જરિત થવા છતાં માથું નમી પડ્યું નથી. આજે તને ત્રણગણું નમે છે સુંદરી ! સમજ કે તારા સિવાય કોઈના પગમાં પડી હું નમ્યો નથી, તે હું તને નમું છું. માટે રોષ છોડી દે.'

**દિલથી કરગરવાનું દેવ-ગુરુને ખરું ? :-**

સંસારની લીલા કેવી વિચિત્ર છે ? કોઈને નહિ નમનારો માનભટ પત્નીને પગે પડે છે. આટલું દિલથી પ્રભુને નમવા કરગરવાનું ને ગુરુને નમવા કરગરવાનું આવડે ? તમે નમો છો એ હું જાણું છું, પણ દિલથી ? માનભટ કેમ દિલથી નમે છે ? પોતે પત્નીપ્રેમ વિના બહુ દુખિયારો થઈ ગયો એમ લાગ્યું હતું.

**પ્રભુનો પ્રેમ ન મળવાનું દુ:ખ છે ? :-**

શું આપણને પ્રભુનો આપણા પર પ્રેમ નહિ એવું લાગીને બહુ દુખિયારા થઈ જવાનું લાગ્યું છે ? એવું ગુરુપ્રેમ વિના ? તો તો દેવાધિદેવ આગળ અને ગુરુ આગળ કેવા કરગરતા દિલથી પ્રાર્થના કરીએ ? પ્રભુ આગળ સ્તુતિ-ચૈત્યવંદન-સ્તવન કરો છો એ આવા દિલથી કરો છો ખરા ? એમાંય એ સ્તુતિ વગેરે તો કવિઓની કૃતિઓ એટલે કોકના કાવ્યમય શબ્દો પણ ચાલુ આપણી ભાષામાં આપણા દિલના દર્દના કરગરતા ઉદ્‌ગાર પ્રભુને સંભળાવો છો ખરા ? એવું ગુરુની આગળ ખરું ? ત્યાં પરીક્ષા થાય છે કે આપણા હૃદયને દેવગુરુના પ્રેમ વિના દુખિયારાપણું લાગ્યા કરે છે કે નહિ.

**પ્ર.- શું દેવ-ગુરુ પ્રેમ વિનાના હોય ?**

ઉ.- દેવાધિદેવ અને ગુરુ સાધુ તો સર્વ જીવો પર કૃપા-કરુણા-પ્રેમવાત્સલ્યવાળા



જ હોય છે, પરંતુ જ્યાં સુધી આપણું દિલ ન બોલે કે 'અહાહાહા ! મારા પર દેવ-ગુરુની તો કેટલી બધી કૃપા-વત્સલતા-મહેર વરસી રહી છે !' આવું ન લાગે ત્યાં સુધી એમની છતી પણ વત્સલતા આપણને શું કામ લાગવાની ? આપણા દિલમાં એનું સંવેદન થવું જોઈએ. એ ન થાય એટલે એની આશંસારૂપે આપણે કરગરવાનું કે 'પ્રભુ ! મારા પર કૃપા કરો. આપની કૃપા વિના હું મરી રહ્યો છું. દયાપાત્ર છું દયા કરો.' 'લોગસ્સ' સૂત્રમાં **'ચઉવીસં પિ જિણવરા તિત્થયરા મે પસીયંતુ'** બોલો છો ને ? શું છે એ ? પ્રભુના પ્રસાદ માટે આપણા દિલની તીવ્ર આશંસા અપેક્ષા-અભિલાષાનું પ્રગટીકરણ.

વાત આ છે કે આપણા દિલને લાગી જવું જોઈએ કે 'પ્રભુના પ્રસાદ યાને પ્રભાવ વિના કશું નહિ સીઝે. મોક્ષ તો શું, એક સારો ભાવ પણ નહિ આવે, એ પ્રભાવને ઝીલ્યા વિના હું કેવો દુ:ખી-દુખિયારો છું !' બસ, એ માટે દિલના દર્દથી પ્રભુના પ્રેમની કરગરતા દિલે પ્રાર્થના છે. જગતની કેટલીય વસ્તુ ન મળવાથી દુખિયારાપણું લાગે છે, પરંતુ એથી કંઈગુણું દુખિયારાપણું આનું લાગવું જોઈએ એ લાગ્યા વિના પ્રભુ સાથે દિલ ક્યાંથી મળે ?

**સંસારની ચંચળતા :-**

માનભટ પત્નીને કરગરી રહ્યો છે, પગે પડવા સુધી પહોંચી ગયો, છતાં જ્યારે એ ન પીગળી, અને મૌન ધરી બેસી રહી, ત્યારે હવે અતિ નમ્ર બનેલા માનભટનું માન ઊછળ્યું. સંસાર આવો જ છે કે જ્યાં **'ક્ષણં રુષ્ટ, ક્ષણં ક્રુદ્ધં ક્ષણં ક્ષમી,'** ઘડીકમાં રોષ, તો ઘડીકમાં તોષ ઘડિકમાં ગુસ્સો, તો ઘડીમાં ખામોશ, સંસાર જીવને ભાવોમાં ચંચળ બનાવે છે, ને એજ જીવની મહા નબળાઈ નાલેશી વિટંબણા છે.

**સ્ત્રીઓ એટલે ? :-**

માનભટ વિચારે છે કે 'અરે ! હું આને આટ-આટલી મનાવું છું, કરગરું છું, છતાં આ માનતી જ નથી. ખરે જ સ્ત્રીઓ આવી જ હોય છે.

**'खणरत्तविरत्ताओ खणरुसण-खणपसज्जणाओ य ।**
**खण गुणगेण्हणमणसा खणदोसग्गहण तल्लिच्छा ॥**
**सव्वहा चल-चवल विज्जुलईयाणं पिव दुव्विलसियं इमाणं ।'**

સ્ત્રીઓ ક્ષણમાં રાગી ને ક્ષણમાં વિરાગી બને છે, ક્ષણમાં રોષ કરનારી અને ક્ષણમાં પ્રસન્ન થનારી, ક્ષણમાં ગુણ માનવાના મનવાળી, ને ક્ષણમાં દોષ જોવામાં તત્પર હોય છે. વિજળીની જેમ એનું આચરણ દુ:ખદ હોય છે.

**સ્ત્રી ક્ષણમાં રાગી-વિરાગી કેમ ? :-**

અભિમાનના કેફમાં રહેનારા માનભટે માન મૂકીને પણ સમજાવવા છતાં પત્ની ન માની એટલે હવે એને સ્ત્રીના આ સ્વરૂપનું ભાન થાય છે, કે સ્ત્રીઓ પુરુષ પર ક્ષણમાં રાગ કરે છે, તો ક્ષણમાં વળી વિરાગ કરે છે. હમણાં એનું મન-માન્યું થયું એટલે વહાલો બહુ ગમે, પણ સંસાર ક્યાં એક આઈટેમથી, એક જ મુદ્દાથી, એક જ બાબતથી ચાલે છે ? કંઈને કંઈ બાબત આવ્યા જ કરે છે. એટલે એક મનમાન્યું બન્યા પછી બીજો મુદ્દો ઊભો થતાં એમાં ઈચ્છા વિરુદ્ધ થયું ત્યાં એજ વહાલા અરુચિકર લાગે છે. કોણ એવાં પુણ્ય લઈને આવી હોય કે જેને બધી જ બાબતો મનમાની જ બની આવે ? મોટી ઇંદ્રાણીને ય અવસરે અણગમતું બને છે, ત્યારે તો શાસ્ત્રમાં સાંભળીએ છીએ કે પેલા ઈરિયાવહિય કાયોત્સર્ગમાં અવધિજ્ઞાન પામેલ મુનિએ ત્યાં જ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી જોયું તો પહેલા દેવલોકમાં ઈન્દ્ર ઈન્દ્રાણીને મનાવતો હતો. ઈન્દ્રાણીને ક્યારે મનાવવું પડે ? એના મનને ગમતું ન થયું હોય, ઈચ્છાવિરુદ્ધ કાંઈ બન્યું હોય અને એથી એ ઈન્દ્ર પ્રત્યે રીસ-અણગમાવાળી બની હોય ત્યારે જ ને ? એ શું ? ઈન્દ્ર પ્રત્યે ક્ષણ પહેલાં રાગવાળી હતી, તે હવે વિરાગી બની. ઈન્દ્રાણીની ય આ દશા, તો બીજી સ્ત્રીઓનું પૂછવું જ શું ? ત્યારે પૂછો ને,

**પ્ર.**- શું પુરુષોને આવું નથી બનતું ?

**ઉ.**- ગમતું-અણગમતું થવાનું બને તો પુરુષોને ય, પરંતુ પુરુષના પેટ મોટા, એટલે ન ગમતું બન્યું એ પચાવી લે છે, માનસિક સમાધાન કરી લે છે કે,

**અણગમતા પર મનને સમાધાન :-**

(૧) 'હોય. સંસાર છે એટલે આમે ય બની જાય.' અથવા

(૨) 'સામાને કાંઈ કારણ આવી પડ્યું હશે એટલે આમ થયું હશે.' યા

(૩) 'એમના બીજાં સારાં તત્ત્વો સામે આ અણગમતું બનેલું શી વિસાતમાં છે કે એના પર અણગમો કરવો ?'

(૪) 'સામાનો સદ્ભાવ ટકાવી રાખવો હોય તો આવાં અણગમતાં બની આવે એ ગળી ખાવાનાં, પણ સામે રીસ કરીને ઠપકો નહિ દેવાનો. નહિતર સદ્ભાવ ઘવાશે.'

આવું આવું કાંઈ ને કાંઈ સમાધાન મનમાં આવી જતાં પુરુષને ક્ષણમાં વિરાગ કરવાની જરૂર રહેતી નથી. **સ્ત્રીઓ બિચારી સ્ત્રીપણાનાં પાપ સાથે એનાં દોસ્ત એવાં બીજાં પાપ લઈ આવી છે કે એવું મોટું પેટ લાવે ક્યાંથી ?** ધ્યાનમાં રહે કે પૂર્વ ભવે સ્ત્રીપણાનું પાપ ઉપાર્જતી વખતે મનના પરિણામ મેલાં હતા.



સારા હોત તો તો પુરુષપણું ન લઈ આવત ? હવે **એવા મલિન પરિણામના સંસ્કાર અહીં પેટ છીછરું જ આપે ને ?**

સામાન્ય રીતે બહુ દુઃખી માણસોમાં બીજી હલકાઈઓ કેમ વધારે દેખાય છે ? કારણ કે અહીં જે પાપ ભોગવે છે એ પાપ જ્યારે ઉપાર્જેલા ત્યારે મેલા ભાવોમાં ઉપાર્જેલા. એના સંસ્કાર પણ અહીં સાથે આવેલા છે. એટલે એ આત્મામાં હલકાઈઓ પેદા કરે એ સહજ છે. આ સામાન્ય નિયમ બાકી અપવાદ હોય કે દુઃખી છતાં આત્મામાં એટલી બધી હલકાઈઓ ન પણ હોય. એવી સારી પણ સ્ત્રીઓ જગતમાં દેખાય છે કે જે સ્ત્રીપણું લઈ આવવા છતાં અનેક ગુણોથી ભરેલી હોય છે. છતાં મોટા ભાગે આ બને છે કે **પુરુષો કરતાં સ્ત્રીઓના દિલ છીછરા હોય છે;** એટલે ક્ષણમાં એ પ્રેમ દેખાડવા માંડે ને ક્ષણમાં ઉદાસતા.

માનભટ એ વિચારે છે કે સ્ત્રીઓને ઘડી-ઘડીમાં રોષથી તોષમાં, ને તોષમાંથી રોષમાં પલટાતા વાર નથી લાગતી. એનું મન આવું. જરા જરાકની અસર લેતાં વાર નહિ. પછી એનું ગમે તેટલું સાચવ્યું હોય, છતાં એના મનને લાગ્યું કે અમુક વસ્તુ ઠીક ન બની, તો ઝટ એની મન પર અસર થતાં જ એ રોષ-રીસ કરવા માંડશે.

**કૌશલ્યાને રીસ :-**

દશરથ રાજાએ ભગવાનનો સ્નાત્રમહોત્સવ કરાવ્યો અને પછી સ્નાત્રજળ જુદા જુદા નોકર દ્વારા જુદી જુદી રાણીઓને મોકલ્યું એમાં કૈકેયી વગેરે બીજી રાણીઓને તો વહેલું એ પહોંચી ગયું, પણ કૌશલ્યા રાણીને ઝટ પહોંચ્યું નહિ. જો કે આનું કારણ એ હતું કે એની પાસે લઈ જનાર નોકર વૃદ્ધ હતો તે ધીરે ધીરે ચાલતો હતો; છતાં કૌશલ્યાને લાગ્યું કે 'રાજાને બીજી નાની રાણીઓની કિંમત છે તે એમને બધીને સ્નાત્રજળ મોકલ્યું, પણ મારી કોઈ કિંમત નથી તે મને ન મોકલ્યું, એટલે એને રીસ ચડી ને કોપઘરમાં જઈ બેઠી. કહો કેટલી વાતમાં રાજા પ્રત્યે રીસ ? એમાં જરાય ધીરજ ન ધરી; કે પોતાની કલ્પનાની સત્યાસત્યતાની તપાસ પણ કરાવી નહિ. એ તો પછી રાજા આવે છે, રીસનું કારણ જાણતાં ખુલાસો કરે છે, ને એટલામાં વૃદ્ધ નોકર પણ સ્નાત્રજળ લઈ આવી પહોંચીને પોતાની દુર્બળ સ્થિતિ કહે છે, એટલે કૌશલ્યાનું મન વળ્યું, પરંતુ એક વાર તો રીસમાં ચડી ગયું.

**સંસાર કેમ અસાર !**

આવા આવા ચંચળ મનવાળી સ્ત્રીઓને હમણાં તો પતિનો ગુણ માનવાની ઈચ્છા થાય, ને થોડી વારમાં એની ખામીઓ પર નજર જાય, એમાં નવાઈ નથી. અરે ! ખામી હોય તો તો જોવાની વાત બને, પરંતુ આ તો ખામી શોધવાની વૃત્તિ

થઈ આવે છે. તે ઝીણી નજરે જોયા કરશે કે ધણી ક્યાં ભૂલ ખાય છે. છોકરાના વાંકે માતાનું મન ખિન્ન થયું હોય, એનો રોષ ધણી પર કરવા જાય છે, તે શોધે છે કે 'એ કઈ વાતમાં ભૂલે છે એ લાવ પકડીને સંભળાવી દઉં.' આવા તો કેઈ દોષ ગ્રહણ ચાલે છે. પાછો સ્વાર્થ હોય ત્યારે ગુણ માનવા માંડશે.

સ્ત્રીઓની આવી આવી ચંચળ વૃત્તિમાં પુરુષે એની સાથે જીવન નભાવવાનું એવા સંસારમાં સાર કહેવાય કે અસાર ? જ્ઞાનીઓના નિદાન સમજપૂર્વકનાં અને યથાર્થ હોય છે. સ્ત્રીઓ માટે એમણે ઘણું લખ્યું છે એ લખવાનું કારણ સ્ત્રીઓ ઉપર આંધળા રાગ કરતાં અટકી જવાય અને ઘણું તો એ રાગના પાપે જે સંસારમાં ફસ્યા રહેવાય છે તેમાંથી શક્તિ ફોરવીને નીકળી જવાય, અને માનવજીવનના ખરા સારરૂપ ચારિત્રને પમાય, એ છે.

**માનભટ બહાર જાય છે :-**

માનભટને લાગ્યું કે 'સ્ત્રીઓનાં ચેષ્ટિત ન સમજાય એવાં હોય છે. માટે હવે આ પત્નીને સમજાવવી નિરર્થક છે. ઘરની બહાર નીકળી જવા દે. મને જતાં જોઈ કદાચ એ માની જાય છે કે નહિ ? જોઉં એ શું કરે છે' એમ કરીને એ બહાર ચાલ્યો ગયો.

**પત્નીનો હૃદયપલટો :-**

પત્ની જોઈ રહી છે કે એ બહાર જાય છે, પણ બોલતી નથી, જવા દે છે પરંતુ પછીથી ધીરજ ક્યાંથી રહે ? કેમકે રાતનો સમય છે. એટલે અત્યારે કાંઈ કોઈ મિત્રોને મળવાનું હોય નહિ. તો ક્યાં જશે એની ચિંતા સળવળી.

અરે ! હું કેવી વજ્રથી પણ કઠણ હૃદયવાળી ! જેથી ભરતાર પગે પડ્યો છતાં હું માની નહિ, પ્રસન્નતા ન દેખાડી. ત્યારે એ બિચારો આટ આટલું કરવા છતાં મારી પ્રસન્નતા નહિ થવાના યોગે લાચાર બની ન માલુમ ક્યાં ચાલ્યો ગયો ? ત્યારે પહેલાં મને નિરાશા થવાથી હું આપઘાત કરવા અહીં આવી ગઈ હતી, તો હવે એ હતાશ થઈ ક્યાંય આપઘાત કરવા તો ન ગયો હોય ?'

મનમાં આ વિચાર આવતાં ચમકારો થયો, ને સફાળી ઊઠી, આવી સાસુ પાસે.

સાસુને કહે છે 'આ તમારા દીકરા રોષમાં આવીને ક્યાંક ઊપડી ગયા છે. હું જાઉં છું પાછળ.' એમ કહેતાંક ચાલી પેલાની પાછળ.

માનભટે જ્યારે આ વિચાર કર્યો કે 'હવે તો હું જરા બહાર જતો રહું અને જોઉં કે મને જતો રહેતો જોઈ આ હજી ય પ્રસન્ન થાય છે કે નહિ,' ને એમ કરીને એ ઊઠીને ત્યાંથી ચાલતો થયો એ વખતે પત્નીએ ડહાપણ બતાવ્યું હોત તો હવે જે અનર્થ બનવાનો છે તે ન બનત. પરંતુ અભાગિયાને ને અક્કલને છેટું હોય છે, તે ત્યાં તો સ્ત્રી બોલી નહિ; પણ એના ગયા પછી એને પસ્તાવો થાય છે ને એની



પૂંઠે લાગે છે.

**જીવનમાં એક ડહાપણ :-**

નબળા ભાગ્યમાં સીધું સૂઝે નહિ, ને સમયસર ના સૂઝે. એ બતાવે છે કે, જ્યારે એવા કોઈ હઠાગ્રહ પર મતિ ચોંટી રહેતી હોય ત્યારે સમજવું કે ભાગ્ય નબળું છે. તો એને બહુ ચગાવવા જેવું નથી. આગ્રહ પડતો મૂકવો જોઈએ, મતિ ફેરવવી જોઈએ. જીવનમાં આ એક ડહાપણ છે. આ ડહાપણ જેને આવડે એ અપાયથી-નુકસાનથી બચી જાય; ન આવડે એ ભારે કષ્ટમાં મુકાય છે. કદાચ એ કષ્ટ તે એવું કે પછી કદી એનો બદલો ન વળે, કદી એનો સંતાપ ન મીટે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૪૭,તા.૩-૮-૧૯૬૮**

**તાંત ન ખેંચવી :-**

ભણવાનો રસ મરી જઈ રખડેલ બની ગયેલ છોકરાને ભણાવવાનો બહુ આગ્રહ રાખનાર બાપને આ સંતાપ જોવોનો અવસર આવે છે. કેમકે છોકરો ભણતો તો છે જ નહિ, ઉપરથી બાપ તરફ દ્વેષિલો બને છે, જે મોટો થયે કહ્યામાં રહેતો નથી. ત્યારે ડહાપણથી ચેતી જઈ એ હઠ મૂકી દઈ બાપ જો છોકરાને પસંદ એવા કોઈ ધંધે લગાડી દે છે તો એવો સંતાપનો અવસર ન આવતાં છોકરો ઊલટો બાપ પર સદ્ભાવવાળો બન્યો રહે છે.

વ્યવહારમાં ય ઠેઠ સુધી તાંત ખેંચવાનું મૂકી દઈ અવસરને વર્તી જાય છે એ લોકપ્રિય બને છે. ત્યારે તાંત ખેંચનારા અપ્રિય થઈ પડે છે. અરે ! વાતોચીતોમાં નથી દેખાતું ? કેટલાકને વાતની તાંત ખેંચવાની કુટેવ હોય છે. પોતાનો કક્કો, પોતાનું હું પદ ઘૂંટ્યા જ કરે 'મેં કેવું ઠસાવી દીધું ?' પણ એને ખબર નથી કે 'ઠસાવવાનું તો કોને માલુમ સામાએ સ્વીકાર્યું કે નહિ ? પરંતુ તારા માટે 'હઠી' નો અભિપ્રાય ઊભો થઈ ગયો. કદાચ સામાએ હવે નિર્ણય પણ કર્યો હોય કે 'તારી સાથે જીભાજોડીમાં કે વાતમાં ઊતરવું જ નહિ.' આમાં તાંત ખેંચવાનું શું સારું ફળ આવ્યું ?

**વહુ-સાસુ-સસરાની દોટ :-**

માનભટની પત્નીએ પણ ઠેઠ સુધી તાંત ખેંચી રાખી, તો હવે દિલમાં ધ્રાસકા સાથે પતિની પૂંઠે લાગવું પડ્યું. જેવી એ કહીને ભાગી, કે સાસુને પણ થયું કે

'કોને ખબર એવું તે શું બન્યું હશે કે દીકરો આટલી હદ સુધી રોષમાં આવી ઉપડી ગયો ? ત્યારે એની પત્ની પણ પૂંઠે દોડી. આવી અંધારી રાતે શી

ખબર એ બે જણા કાંક જીવનજોખમ કરી નાખે તો ?' એટલે એ પણ માનભટના બાપને કહે છે,

'જુઓ આ છોકરો રોષમાં બહાર જતો રહ્યો છે તે એની વહુ પણ એની પૂંઠે દોડી છે. કોને ખબર બે શું કરે, તે હું ય જાઉં છું પાછળ.' એમ કહેતાં ક એ વહુની પૂંઠે લાગી.

બાપ વીરભટને ય થયું કે 'અરે ! એવું તે શું છે કે આવી રાતે આ બધા ઉપડ્યા ? ત્યારે મારે પણ કેમ બેસી રહેવાય ?' એમ વિચાર કરી એ પોતાની પત્નીની પૂંઠે લાગ્યો.

**આપમતિ અને મૂઢતાથી ઊંધા વેતરણ :-**

એકેક જણ આગળ છે. ચારે ય ગામ બહાર જાય છે. એકેકની પૂંઠે થોડે થોડે અંતરે એકેક છે. જુઓ ભવિતવ્યતા શું ઘાટ ઘડે છે. એક ક્ષણ પછીના ભાવીમાં શું છે એ આપણે કળી શકતા નથી; ને છતાં આપમતિ કે મૂઢતા ઉપર એવા ઊંધા વેતરણ કરીએ છીએ કે ક્ષણ પછી એનાં મહા દુઃખદ વિષમ પરિણામ આવીને ઊભાં રહે. અહીં માનભટ આપમતિ ને અભિમાનમાં તથા પાછળના ત્રણ મૂઢતામાં, જુઓ, કેટલા ભયંકર અનર્થ સર્જે છે !

**માનભટ ગામ બહાર શું કરે છે :-**

પહેલો આગળ જતો માનભટ એ કાંઈ સીધો સીધો તો ભાગી જતો જ નથી. એને ય જોવું છે કે પાછળ પત્ની શું કરે છે ? એટલે એણે કાન તો સરવા રાખ્યા છે. શાંત રાત્રિ છે, એટલે દૂર પણ પાછળ ઝટપટ આવતી પત્નીનો પગરવ સંભળાય છે. તે હવે ગામની બહાર નીકળી ગયા પછી એક કૂવા પાસે પહોંચ્યો. ત્યાં પાછું વાળી જુએ છે તો પત્ની આવતી દેખાઈ.

હવે એને પત્નીનો કેટલો સ્નેહ છે એનું પારખું કરવાનું મન થયું. વિચારે છે 'મેં એના પગમાં માથું મૂકીને કાલાવાલા કર્યા, છતાં એ માની નહિ. તો હવે લાવ જોઉં એનામાં મારા ઉપર કોઈ સ્નેહ છે ખરો ? છે તો કેટલો છે ?' આ વિચાર ઉપર એણે એક મોટો પત્થર ઊપાડી કૂવામાં ઝીક્યો અને પત્ની આવીને શું કરે છે એ જોવા પોતે તરત બાજુના ઝાડની પાછળ સંતાઈ ઊભો.

**અજાણ્યે ક્રૂર લેશ્યા :-**

આ ઝેરી અખતરો છે. એમ કરવા પાછળ ક્રૂર લેશ્યા કામ કરી રહી છે, એની એને ગમ નથી. કેમકે કૂવામાં પત્થર ઝીકીને શું કરવાની ધારણા છે ? એ જ ને કે 'પત્નીને એવો ભાસ કરાવવો કે જાણે ધણીએ કૂવામાં ઝંપલાવ્યું અને પછી પોતે ભયંકર દુઃખમાં શેકાય તથા કાંઈનું કાંઈ કરે ? આ કેટલી બધી ક્રૂર લેશ્યા



છે ? સ્નેહનું પારખું કરવું છે માટે જ આ ને ? તો શું જીવન જીવવામાં ઉપયોગ તત્ત્વ છે ? આવા ઝેરી પારખા વિના ને ક્રૂર લેશ્યા કર્યા વિના જીવન ન નભે ? બધું ય નભે.

**પ્ર.-** પણ સ્નેહને પરખ્યો હોય તો પછી એ રીતે જીવનમાં વર્તન રખાય ને ?

**ઉ.-** તે શું એ પારખ એવા ઝેરી અખતરા ને કાળી લેશ્યાથી કરવાની સ્નેહને પારખવાનું તો જીવનમાં ચાલુ પ્રવૃત્તિમાં સામાની કેવી બોલચાલ છે, આપણા આવકાર કેવા કરે છે, એમની કેવી મુખમુદ્રા રહે છે, વગેરે પરથી ય માપી શકાય છે. સ્નેહ ઓછો લાગે અને વધારવો છે તો એને યોગ્ય પગલાં ભરી શકાય છે.

**ત્યારે સાંસારિક જીવનમાં ખરું કર્તવ્ય તો** એ જ છે કે આપણા પર સામાના સ્નેહ-સદ્ભાવ વધારવા માટે ઘટતી રીતભાત રખાય, ઘટતા વર્તાવ કરાય, એવી મુલાયમ ભાષા વપરાય પણ એ કરતાં આવડતું નથી ને એકલું પારખ-પારખ કરવાનું આવડે છે. પરખીને ઉજાળ્યું કેટલું ? સારું શું કર્યું ?

જીવન તપાસો તો દેખાશે કે કેટલું રેઢિયાળ ચાલી રહ્યું છે ? જીવન જીવવામાં ઉપયોગી નહિ એવા કેટલાંય તત્ત્વ સેવાઈ રહ્યાં છે, એ ધ્યાન રાખીને જુઓ તો દેખાય. આની પારખ ને તેની પારખ; પણ પારખ કર્યા પછી ય જીવનને સારું બનાવવાની ઘટતી પ્રવૃત્તિની વાતે ય નહિ. આની જિજ્ઞાસા ને તેની જિજ્ઞાસા; 'ફલાણું કેમ થયું...? પેલાનું શું છે...? આ કોણ ગયું...? એમ કાંઈ ને કાંઈ આચડકૂચડ જોવા-જાણવા માટે વલખાં માર્યા કરવાં; ડાફોળિયાં મારવાં; જે તે વાંચવું. આવી ને આવી ફજુલ આતુરતાઓ કરવાની, યાવત્ શાસ્ત્રની વાતોમાં ય 'આનું શું ? પેલું કેમ ? વગેરે કોરી જિજ્ઞાસા ઊભી કરવાની ને એને તૃપ્ત કરવા ઈન્દ્રિયો ને કાયા દોડાવ્યા કરવાની રાખી, આ જ જીવન ને ? જીવન જીવવા-નભાવવા માટે છે, તો એનો કોઈ ઉપયોગ ? હા, જીવનને અશાંતિ-વિહ્વળતાભર્યું બનાવવાનો ઉપયોગ રાખ્યો છે. કેવું અજ્ઞાન ! ઢગલાબંધ આતુરતાઓ-જિજ્ઞાસાઓ પોષ્યા પછી એનું ફળ રાગાદિ ને કામ-ક્રોધાદિ દોષોને ભરચકતામાં આવે છે. ત્યારે જીવનને સારું બનાવવાની કોઈ પ્રવૃત્તિ જ નહિ ?

જગતમાં જોશો તો દેખાશે કે મોટા ભાગે ચર્ચાઓ ભાષણો ખોટી જિજ્ઞાસાઓ અને પોતાના અભિપ્રાય વ્યક્ત કરવાનું ચાલી પડ્યું છે, પણ કશું સુધારવા માટેનો સક્રિય પ્રયત્ન જ નથી. વર્ષોના વર્ષો વીત્યા, એની એ જ રાડો, એની એ જ ફરિયાદો, એનાં એ જ ભાષણ ને ધોળા પર કાળાં લખાણ, શું એટલું કરીને ય શેક્યો પાપડ ભાંગ્યો ? એ તાકાત નથી, આવડત નથી, ગરજ નથી. આવડત છે માત્ર

મનથી ભૂંસા કૂટવાની, તામસી કષાયો કરવાની, ને મોંઢેથી લવારા કરવાની. જીવન-ઉપયોગી સંગીન કશું કરવું નથી, ને બિન ઉપયોગી ઢગલો પ્રવૃત્તિ કરવી છે.

માનભટને આવી જ નિરર્થક ઝંખના થઈ, ખણજ ઊઠી કે 'પત્નીનાં સ્નેહનું પારખું કરું', તે કૂવામાં શિલા ધબકાવી પોતે ઝાડ પાછળ સંતાઈ ઊભો, જુએ છે કે પાછળ આવતી પત્ની અહીં આવી શું કરે છે.

કેટલું મોટું સાહસ ! માણસને ભાન નથી હોતું કે 'હું સહેજ ખણ જ ઊભી કરી એને ચળવા જઈશ એમાં કેટલો મહાન અનર્થ નીપજ્યે., આ ભાન નહિ અને સાહસ કરી નાખે છે. પરંતુ એથી ભયંકર અનર્થ બની જાય છે. માનભટની પત્ની જે હવે કૂવાથી બહુ દૂર નહોતી એણે કૂવામાં પેલી શિલા પડીને અવાજનો પડઘો ઊઠ્યો, એ સાંભળ્યો, સાંભળતાં જ એને ફાળ પડી કે 'હાય ! આ તો ધણીએ કૂવામાં ઝંપલાવ્યું અને એનો આ અવાજ ઊઠ્યો.' એના રોમાંચ ખડા થઈ ગયા, શ્વાસ ધબકારા-બંધ ચાલવા લાગ્યો, ઝટ કુવાના કાંઠા પાસે પહોંચી ત્યાં આસપાસ જોતાં માનભટ દેખાયો નહિ. મનને થયું કે,

'અહીં સુધી તો એ દૂર પણ મારી આગળ ચાલતા હતા, જે હવે અહીંથી આગળ કે આટલામાં દેખાતા નથી; તો જરૂર એમણે કૂવામાં પડતું મૂક્યું.

**પત્નીનો કલ્પાંત અને...**

'અરે ! એ મારી પ્રસન્નતા ન મળવાથી નિરાશ થઈને, પછી બીજી સ્ત્રી કરવાનો ય વિચાર ન કરતાં, હેં અહીં આવી કૂવામાં પડ્યા ? મારા જેવી અભાગિણી પર આટલો બધો આંધળો પ્રેમ એમનો ? નહિતર એમને પુરુષને ક્યાં વાંધો હતો ? એક સ્ત્રી વાંકી થઈ માનતી જ ન હોય, તો બીજી પરણતાં ક્યાં વાર લાગે ? પરંતુ એમ ન કરતાં એક મારા પરના જ પ્રેમના માર્યા કૂવામાં ઝુકાવ્યું ! ત્યારે હવે મારી કઈ દશા ? દુનિયામાં સ્ત્રીઓને કુટુંબમાં અપમાનાદિ મળતા હોય કે દૌર્ભાગ્યના કલંકથી બીજાઓ તરફથી દુર્ભાવ પામતી હોય, ને એથી દુઃખે શેકાતી હોય, એવી સ્થિતિમાં એને એક જ આશરો પતિનો જ હોય છે. પણ અહીં તો એ આશરો ગયો. ત્યારે હવે મારે જીવીને શું કરવું છે ?'

એમ મનમાં આવતાં જ એણે કુવામાં પડતું મૂક્યું. જુઓ વિષમતા. પતિ એક શબ્દ ફેરફાર બોલ્યો એવું લાગતાં તો, પછી પેલા બિચારાએ ઘણી ય માફી માગી. ખુલાસો કર્યો, પગે માથું મૂકીને મનામણાં કર્યાં, છતાં આણે એની કિંમત ન ગણી, તે હવે એટલી મોટી કિંમત ગણે છે કે 'પુરુષ જેવો પુરુષ બીજી સ્ત્રીઓ પરણવાની સ્થિતિવાળો, એ એમ ન કરતાં એક જ સ્ત્રી પરના અનન્ય રાગમાં



પ્રાણ છોડી દે છે, એ એની કેટલી મોટી વડાઈ ?' ક્યારે કિંમત ગણી ? પેલો ખુવાર થઈ ગયાનું લાગ્યું ત્યારે. પણ હવે કિંમત આંકવાથી શું ? જીવતાં જાણ્યા નહિ, ને મુવા પછી પોક મૂકી, શું વળે ? ઊલટું પેલો તો સાચે સાચ મર્યો નથી, ખુવાર થયો નથી પણ આ તો ખરેખર જ કુવામાં પડીને મરી. ડહાપણ જરાક પહેલાં આવ્યું હોત તો ? પતિથી માની ગઈ હોત તો ? ન પતિને ગુમાવવાનો કે ન જાતને ગુમાવવાનો પ્રસંગ આવત.

**જીવનકળા : અવસરસર સમજી જવું :-**

બસ જીવન જીવવાની આ કળા છે કે વસ્તુની બહુ તાંત ન ખેંચતાં અવસરસર સમજી જવું. કદાચ ક્ષણભર એમ લાગે કે 'આપણે પાછા પડવું પડ્યું,' પણ ચિંતા નહિ.

**કુદરત પર છોડવું કે 'એમાં જ કાંક સારો સંકેત હશે, ભવિષ્યમાં આના પર સારું થવાનું હશે.'**

**આપણે હઠાગ્રહ છોડી દેવાથી પ્રત્યક્ષમાં જ સામાનો સદ્ભાવ મળે છે, ને આપણા હૃદયને કૂણું ફોરું થવાનો લાભ પામીએ છીએ.**

**ખોટી હઠ અને મિથ્યાત્વ તથા કષાયના ઘરની હઠ પકડી રાખવામાં દિલ કઠોર ને ભારે બને છે.**

**અભિનિવેશ એ દુર્ગુણ :-**

અભિમાન; માનાકાંક્ષા, વૈર વિરોધ, તીવ્ર લોભ, વગેરે કષાયો ખોટી હઠ પકડી રખાવે છે, માર્ગાનુસારીના ગુણમાં એ દુર્ગુણના ત્યાગરૂપે 'અભિનિવેશનો ત્યાગ કરવો' એ ગુણ છે. અભિનિવેશ એટલે ખોટી હઠ, ખોટી પકડ, એ ખતરનાક છે, નળ રાજા જુગારમાં જીતવાની હઠમાં પડ્યા તો દાવ નાખતાં નાખતાં હારતા જ ગયા, તે આખું રાજ્ય હારી ગયા ! અને રાણી દમયંતી સાથે વનવગડામાં ભટકતા થવું પડ્યું !

કેટલાકને એમ લાગે છે કે એમ કશી પકડ ન રાખીએ તો જીવન-વ્યવહાર સરખો શી રીતે ચાલે ? બધા આપણા પર સ્વાર જ થાય ને ?' પણ એ જોવું જોઈએ કે પકડની હદ હોય છે બાળક હઠે ચડે ત્યારે માતાપિતાને પોતાની પકડ છોડી કેટલીક વાર નમતું જોખવું પડે છે, એને મનાવી લેવું પડે છે. એમ સ્વજન-સ્નેહી પ્રત્યે ય પકડ અમુક હદ સુધી હોય એ નુકશાન ન કરે, પરંતુ પકડ બેહદ થાય ત્યારે નુકશાન આવીને ઊભું રહે છે સામાનો સદ્ભાવ ગુમાવવાનું થાય છે.

**હઠ મૂકતાં ગેરલાભનું શું ? એક સુંદર સમજ :-**

ત્યારે પકડ છોડી દેવામાં, હઠ મૂકી દેવામાં, કદાચ પછીથી કંઈ ગેરલાભ

જેવું દેખાયું તો ય મનને સમાધાન કરી લેવું જોઈએ કે 'આ ગેરલાભ તો કર્મનો હિસાબ છે. અશુભ કર્મનો ઉદય હોત તો તો એક નહિ, તો બીજું નિમિત્ત પામીને ગેરલાભ કરાવત. માટે એને હઠત્યાગની સાથે ગાંઠવાની જરૂર નથી.

વિચાર આ, કે 'આપણા અને સામાના કર્મ અનુસાર તો તે તે વસ્તુ બન્યા જ કરે છે ને કરવાની છે; પણ આપણે આ અભિનિવેશ-ત્યાગનો ગુણ કેળવી લો. કમાઈ શું કામ જતી કરવી ! ને નાહક માનકષાયને શા સારું પોષવો ?'

**સાચી ખતવણીનો વિવેક :-**

**ગુણકમાઈ પર ચોંટ રાખવી હોય તો ગુણ સાચવતાં આવી પડતી આપત્તિઓને અવશ્યંભાવી કર્મોદય ખાતે ખતવવી.**

એથી પછી પાછા નહિ પડાય. 'દુઃખ-સંકટ આવ્યું ? એ તો મારા કર્મે આવ્યું. ગુણથી દુઃખ-સંકટ આવે નહિ તેમ દોષ-દુષ્કૃત્યથી લાભ દેખાય ત્યાં પણ લાભ તો શુભ કર્મોદયના પ્રભાવે, પણ દોષ-દુષ્કૃત્યના પ્રભાવે નહિ. શુભોદય બંધ પડતાં પછી તો એ દોષ-દુષ્કૃત્યના હિસાબે લાતો જ ખાવી પડે છે.

**ગુણકમાઈ માટે વિચારણા :-**

**બાહ્ય લાભ-નુકશાન આપત્તિ-સંપત્તિ એ તો શુભાશુભ કર્મને આધીન છે; પણ મૂરખ જીવ એને ગુણ-દોષ સાથે સાંકળે છે,** કે દા.ત. 'જૂઠું બોલ્યા તો પૈસા મળ્યા; સાચું બોલ્યા હોત તો ન મળત.' દુનિયામાં જૂઠાં બોલનાર ઘણા; પણ કેટલાને પૈસા મળે છે ? પૈસા તો પુણ્ય પહોંચે તો જ ને તેટલા જ પ્રમાણમાં મળે છે.

જુઠ તો માથે જ પડવાનું છે. દેખીતું દેખાય કે જૂઠ ન બોલ્યા અને પૈસા મળતા અટક્યા, ત્યાં ય કુદરતનો કોઈ સારો સંકેત સમજવાનો કે આવા પૈસા ન મળવામાં મારું ભાવી સારું હશે. એવા પૈસામાં તો કોને ખબર કાંઈ બીજા ભાવી નુકશાન છૂપાયા હોય' મનને આવા સમાધાન કરી લેતાં આવડવું જોઈએ. જેથી ગુણકમાઈ પર ચોંટ રહે ત્યાં પછી દુરાગ્રહ જતા કરવા પડે.

માનભટની પત્નીએ પતિનાં મનામણાં ન માનવાનો દુરાગ્રહ પકડ્યો, તો હવે એ પોતે પસ્તાવો કરી ઠેઠ કુવામાં પડતું મૂકવા સુધી પહોંચી. જ્યાં એ પડી એમ પાછળ આવતી સાસુએ જોયું કે એ ય ચોંકીને ઝટપટ આગળ આવી વિચારે છે કે 'અરે ! આ દીકરાએ અને એની વહુએ કુવામાં પડતાં મૂક્યાં, તો હવે હું આવું ઘોર સંતાપભર્યું જીવન શી રીતે કાઢીશ ? માટે મને ય આમાં પડવા દે.' એમ કરી એ માનભટની માતાએ પણ કુવામાં ધબ પડતું મૂક્યું.

**બે દીર્ઘ વિચાર :-**

છે વિચાર લાંબો કરવાનો ? ના, 'જીવનભર આના સંતાપમાં સળગ્યા



કરવું એના કરતાં મર્યા સારા' બસ આટલો જ ટૂંકો વિચાર છે. પણ

(૧) પછીથી કેવું જીવન મળશે એનો વિચાર જ નથી; તેમ

(૨) અહીં હવે જો જીવનને સર્વનાશના રસ્તે લઈ જવું છે તો ડહાપણ તો એ છે કે 'એને ઊભું રાખી ખાસા ત્યાગ-તપ-આરાધનાથી કસી કાં ન લેવું ? શરીરને એથી ઘસી કાં ન નાખવું ?' આ વિચાર જ નથી.

**નિરાશાના સંતાપને બદલે ડહાપણ શું ? :-**

દુનિયામાં ઘણા માણસો કંઈ ને કંઈ નિરાશાના સંતાપથી બળ્યા કરતા હોય છે, પણ આ ડહાપણ નથી આવતું કે 'એ બળાપા કરતાં તો હવે પ્રભુનું શરણું પકડવા દે. દુનિયાનું શરણું પકડવામાં સાર દેખાઈ ગયો. એના કરતાં ચિત્ત હવે પ્રભુમાં જ પ્રભુની આજ્ઞામાં લગાડવા દે, જેથી અહીં ય પ્રફુલ્લિતતા આવે, ને પરલોક પણ સુધરે.' દુનિયાના ખત્તા ખાધા પછી પણ જો આ અક્કલ ન આવે, તો એના બિચારા ફૂટેલા ભાગ્યમાં નવા ખત્તા ખાવાનું લખાયું રહે છે. ત્યારે પ્રભુનું સાચું શરણં લેવાથી અશુભકર્મો તૂટીને આગામી અનર્થ આપત્તિ અટકે છે. તેમજ વર્તમાનમાં ય ચિત્તને કેટલી બધી શાંતિ મળે છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૪૮/૧,તા.૧૭-૮-૧૯૬૮**

**અરિહંતશરણ ક્યારે આવે ? :-**

એટલું ધ્યાનમાં રહે કે પ્રભુનું સાચું શરણ પકડવામાં પહેલા નંબરમાં જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવ ઊભો કરવો પડે. એટલે ? એ જ કે હવે જેના તરફથી આપણને આપત્તિ આવી, નિરાશા સાંપડી, એના પ્રત્યેની પણ વિરોધની ગાંઠ મૂકી દેવી પડે, અને 'તેં મારુ કશું બગાડ્યું નથી. મારું તો મારા અશુભાદયે બગડ્યું છે. બાકી તું તો મારો શત્રુ નહિ, સ્નેહી છે. તારા પર મારા હૈયામાંથી હેત વરસો. તારું ભલું થાઓ; આ ભાવના કેળવવી પડે, એના પ્રત્યે સ્નેહ ઊભરાવવો પડે, એની સાથે મૈત્રીભાવ કેળવવો પડે; તો જ પ્રભુનું સાચુ શરણું સ્વીકારવાનું બને, અને ચિત્તને સાચી શાંતિ મળે. વૈરવિરોધ-અમિત્રતાની ગાંઠ ઊભી રાખી, ભગવત્શરણ-સ્વીકાર ન કરી શકાય પૂછો,-

**પ્ર.**- પ્રભુનાં શરણ સાથે મૈત્રીને શો સંબંધ ?

**ઉ.**- સંબંધ આ રીતે, કે 'આપણે પ્રભુનું શરણું સ્વીકારીએ છીએ એટલે શું કરીએ છીએ ?' એનો પહેલો વિચાર કરો. શરણ એટલે ત્રાણ, આધાર.

**ત્રાણ-શરણનો અર્થ :-**

આચારાંગસૂત્રમાં કહ્યું છે કે 'નાલં તે તાણાએ વા, સરણાએ વા.' અર્થાત "ધન-માલ-કુટુંબ તારા ત્રાણ માટે સમર્થ નથી, તારા શરણ માટે સમર્થ નથી. 'ત્રાણ' એટલે કે તને પરલોક-દુર્ગતિના દુઃખ-આપત્તિ વિટંબણાઓમાંથી એ બચાવવા શક્તિમાન નહિ; તેમ 'શરણ' એટલે કે તને સુખ-સંપત્તિ-સ્વસ્થતા આપવાની પણ એની તાકાત નહિ." સૂત્રના ટીકાકાર મહર્ષિએ ત્રાણ અને શરણનો આ ભેદ બતાવ્યો છે.

હવે અહીં આપણે 'પ્રભુનું શરણ હો' એમાં 'ત્રાણ' શબ્દ ન લેતાં એકલા 'શરણ' શબ્દથી ત્રાણ અને શરણ બંનેના ભાવ લેવાના છે. તો પ્રાપ્ત આ થાય છે કે 'પ્રભુનું શરણ સ્વીકારવું' એટલે હૃદયમાં એ વસાવવું કે -

**શરણની ભાવના :-**

'હે પ્રભુ ! સર્વ પ્રકારનાં દુઃખ આપત્તિ વિટંબણાઓમાંથી ઉગારનાર એક આધાર મારે તું જ છે, અને સર્વ-સુખ-સંપત્તિ સ્વસ્થતા આપનાર પણ તું જ છે. મને અટલ વિશ્વાસ છે કે તુ પરમ આત્મા છે. એટલે શુદ્ધ અનંત જ્ઞાન-દર્શનવાન છે, અનંત શક્તિમાન છે, અનંત લબ્ધિમાન છે, વીતરાગ નિર્વિકાર છે. આ બધું તારે પ્રગટ છે; અને એ જ મારે મારા આત્માનું પ્રગટ કરવાનું છે, તે તારા આલંબનથી જ, તારા શરણથી જ મારે થવાનું છે. એ તારા નિર્મળ સ્વરૂપ તરફ મારું લક્ષ ચોંટી જાય પછી કશી દુઃખ આપત્તિ - વિટંબણા લાગે જ નહિ, સુખ-સંપત્તિ-સ્વસ્થતા જ હોવાનું લાગે. માટે મારે તો પ્રભુ ! તું જ એક આધાર ત્રાણ શરણ હો.'

**અરિહંત શરણનું રહસ્ય :-**

વીતરાગ પ્રભુનું શરણ લેવું એટલે એમના નિર્મળ ભવ્ય આત્મસ્વરૂપ તરફ લક્ષ કેન્દ્રિત કરવાનું છે. હવે જો દિલમાં આપણે કોઈકોઈની પ્રત્યે અમૈત્રી વૈર વિરોધભાવ ને દ્વેષ-ઈર્ષ્યાભાવ વગેરે ગાઢ મેલ-મલિનતા રાખીએ તો પ્રભુના નિર્મળ સ્વરૂપ પર ચોંટ ક્યાંથી લાગે ? એક પણ દોષ વિનાના અરિહંતને કહેવું છે કે 'મારે તું જ શરણ, તું જ ત્રાણ,' એ રીતે શરણું ચિતની સ્વસ્થતા-સ્વચ્છતા માટે લેવું છે, અને બીજી બાજુ દિલમાં વૈર-વિરોધભાવ વગેરે અકબંધ રાખવા છે, એ બે વાત કેમ બની શકે ? જેની પાસે જઈએ છીએ, ને જેવા બનવા જઈએ છીએ, એનાથી તદ્દન વિરુદ્ધ ભાવો દિલમાં અકબંધ રાખવા છે, તો એ નાટક નથી ? ઢોંગ નથી ? તો શું અરિહંતને શરણે એટલા માટે જઈએ કે 'એ પ્રભુ આપણને આપણા વૈર-વિરોધ, દ્વેષ-ઈર્ષ્યા, જોહુક્મી-જહાંગીરશાહીમાં ફત્તેહ અપાવો ? વીતરાગ પ્રભુના



આલંબને એ બને જ નહિ. માટે અરિહંતનું શરણું અમૈત્રી-અકરુણા વગેરે છોડવા માટે હોય. એ છૂટે ત્યારે જ ત્યાં ભગવાન અરિહંતદેવનું સાચું શરણ લીધું-પકડ્યું-સ્વીકાર્યું ગણાય. વીતરાગ ભગવાનનું શરણું લેવાનું વીતરાગ બનવા માટે હોય ને એ બનવા માટે પાયામાંના મોટા દોષ અમૈત્રી-વૈર-વિરોધ, નિર્દયતા-નિષ્ઠુરતા, ઈર્ષ્યા ગુણદ્વેષ અને પરચિંતા પરદોષદૃષ્ટિ ટાળવા જ જોઈએ, ને એ દિલમાં મૈત્રી કરુણા-પ્રમોદ અને માધ્યસ્થ્ય ભાવ વસાવવાથી બને.

આ રીતે જગતના જીવમાત્ર ઉપર મૈત્રી ભાવ, હેત-સ્નેહ વગેરેને દિલમાં ઝગમગાવી વીતરાગ ભગવાનનું વારંવાર શરણું સ્વીકારાય, તો જીવનમાં પ્રસંગે સપ્ન નિરાશા થતાં, જીવનનાશ યાને આપઘાતના વિચાર કરવાને બદલે હવે વિવેકથી જીવનને એ અરિહંતની આજ્ઞાની આરાધનામાં જોડી દેવાનું થાય. મનને એમ થાય કે **મરવું જ છે ? તો વિધિપૂર્વક કાં ન મરવું ?** સારી જિનાજ્ઞા પાળતાં પાળતાં કાયાને કસીને અંતિમ અનશનાદિ આરાધનાથી કાં ન મરવું ?' માનભટની પત્નીને માતામાં આવિવેક નહિ તેથી બિચારો માનભટ કૂવામાં પડી મર્યો માની, એક પછી એકે કૂવાની અંદર પડતું મૂક્યું ત્યારે માનભટના પિતા વીરભટે શું કર્યું ? એ ય પાછળ ઝટપટ આવી રહ્યો હતો; એમાં એણે દૂરથી બંનેને ક્રમશઃ કૂવામાં પડતા દેખ્યા, તેથી ભારે આઘાતથી વિચારે છે કે,-

**માનભટના પિતાની દશા :-**

'અરે ! આ તો મારો દીકરો, પુત્રવધુ અને પત્ની ત્રણેય કૂવામાં પડ્યા ! તેથી મારાકુળનો તો ઉચ્છેદ જ આવીને ઊભો ! દુશ્મનના હાથના દંતુશૂળ ઉપર મેં ઠીક જ લહેરથી હિંડોળા ખાધા ! પરિણામ ? શત્રુના હાથમાં સહેલાઈથી પકડાઈ કે હાથીના પગ નીચે છૂંદાઈ જવા માટે જ ને ? તેમ આટલે ઊપાડે ઘર જમાવ્યું તે હવે રોતા બેસવા માટે જ ને ? આના કરતાં તો મરું જેથી જિંદગી રોઈ રોઈને ન કાઢવી પડે, એમ વિચારી પિતા વીરભટે પણ કૂવામાં પડતું મૂક્યું !

**ધૈર્ય અને વિવેક કેમ મોંઘા ? :-**

કહો, વીરભટ બુઝર્ગ ઉંમરનો, અને મરદ જેવો મરદ, છતાં એનામાં વિવેક રહ્યો ? ધૈર્ય રહ્યું ? ધૈર્ય ક્યાંથી લાવે ? કેમકે મોટા ભાગે અધૈર્યથી ભરેલી દુનિયાની વચમાં રહ્યો છે, તેથી 'જેવું દેખે તેવું શીખે; એ ન્યાયે મનમાં અવસરે અધૈર્ય અધીરાઈ જ આવીને જ ઊભી રહે.પૂછોને કે -

**પાગલ દુનિયા વચ્ચે કેમ બચવું ? :-**

**પ્ર.**- એમ તો બધાય આવી દુનિયામાં જ રહીએ છીએ, તો ધૈર્ય આવે જ નહિ ? હંમેશા કપાળે અધૈર્ય જ લખાયેલું ?

ઉ.- એકલું અધૈર્ય જ શા માટે ? અનેકાનેક બીજા દોષ-દુષ્કૃત્યો પણ કપાળે લખાયેલાં ! કિન્તુ જોજો એ બિનસાવધાને. બાકી જે સાવધાન છે, એને જેણે સમજી રાખ્યું છે, કે "મોટા ભાગે દુનિયામાં તો અધીરાઈ વગેરે દોષો જ, તથા અધઃપતન જ જોવા મળવાના પરંતુ તારે જો એની જેમ અધઃપતન ન જોઈતું હોય, અને વિકાસ સાધવો હોય તો,

(૧) દુનિયાની એ રીતિ-નીતિને પાગલતા જ ગણવાની; અને

(૨) જાતને માટે ધૈર્ય વગેરે ગુણો જ કેળવવાના, તથા

(૩) વ્યર્થ વલોપાત અટકાવી, કર્મનાટકનું ચિંતન વગેરે સત્ પ્રવૃત્તિ જ રાખ્યા કરવાની.

(૪) દુનિયાની એ પાગલ દશા જોઈ જોઈને તો દુનિયાની દયા ખાવા સાથે તારે તારી સાવધાનીભરી સમજને દૃઢ કરતા જવાનું.

(૫) ગુણોનો અને સત્કૃત્યોનો પક્ષપાત મજબૂત કરતા રહેવાનો."

આવું જેણે સમજી રાખ્યું છે એ તો દેખ્યું શીખવાવાળો નહિ, પણ વિવેકનું શીખવાવાળો બન્યો રહેવાનો. દુનિયામાં ચાલતી અવળી રમત જોઈને તો એને એમ જ થાય કે 'આ સંસાર જ આવો છે કે અજ્ઞાની આમ જ ઊંધું આચરે.'

**પ્ર.**- શું આખી દુનિયા અજ્ઞાની ?

ઉ.- અધીરા શું કામ થાઓ ? આવું ન હોત તો મોટા ભાગની દુનિયા ક્યારની ય જન્મ-મરણની આપદા પાર કરી ગઈ હોત. પણ અવળી ચાલમાં જ કુટાઈ મરે છે ! બાકી દુનિયામાં ય કોક સારાં પણ છે, કિન્તુ તમારે તો બહુમતી જોવી છે ને ? એટલે સારા પર નજર જ ક્યાં પડે છે ? નહિતર એ સારા તમારે દૃષ્ટાન્તરૂપ ન બને ? એ જોઈને ધૈર્ય વગેરે કેળવવાનું પ્રોત્સાહન ન લો ? દુનિયાને અજ્ઞાન કહીને એને ગાળ નથી દેવી, પરંતુ એની દયા ચિંતવી જાત માટે સાવધાન બનવાનું છે કે આપણે આંધળું અનુકરણ કરી એવી અજ્ઞાન દશામાં ન પડીએ, ને અધીરાઈ વગેરે દોષ અને દુષ્કૃત્યોને સ્થાન ન આપીએ.'

**જ્ઞાનદશા કેવી ?**

**પ્ર.**- પણ મોટા ભાગનું એવું અજ્ઞાનદશાનું જ જોવા મળ્યા કરે એની અસર તો પડે જ ને ? એ અસરમાંથી શી રીતે છુટાય ?

ઉ.- શી રીતે શું ? જ્ઞાનદશાથી છૂટી શકીએ. જ્ઞાનદશા આ, કે દા.ત. અધૈર્ય અંગે એમ વિચારાય કે,-

'અધીરાઈ કર્યાથી શું વળે છે ? ચીજવસ્તુ ખોવાઈ, બગડી, કે નાશ પામી, એ તો કાંઈ હવે પાછી ફરે કે સુધરે એમ નથી, ભલે ને લાખ અધીરાઈ કરાય અને



લાખો પોક મૂકાય. તો પછી અધીરા-બાવરા-બેબાકળા શા માટે બનવું ?

(૧) હવે તો આગળ નવાં નુકસાન ન ઊભાં થાય,

(૨) ચીજ બગડવા પર આત્માનું ન બગડે,

(૩) ચીજવસ્તુ ખોવાવા પર આત્માનું કાંઈ ન ખોવાય.

એ જ જોવાનું. એ તો તો જ બને કે ધીરતા રખાય, ધૈર્ય-હિંમત રાખી કામ લેવાય.

**બાહ્ય ઈષ્ટ જડ કે ચેતનના ખોવાઈ જવા પાછળ આપણા મહાકિંમતી જીવનને શા માટે ખોઈ નાખવું ? ઈષ્ટના વિયોગનો ખરો શોક આ, કે જીવનને ઊંચી સાધનામાં લગાડી દેવાય,**

આ જ્ઞાનદશાનો વિચાર છે. એ રાખીએ પછી અજ્ઞાન દુનિયાની અધીરાઈ શોક-પોક વગેરેમાં આપણે તણાઈ જવાનું ન થાય, એનું અનુકરણ ન થાય. અજ્ઞાન-મૂઢ દુનિયાની આપણા પર અસર જ નહિ, એ જ્ઞાનદશાનું ફળ છે.

માનભટનાં પિતામાં બિચારામાં આવી જ્ઞાનદશા નથી, તેથી દુનિયાની અસર નીચે એ ય અધીરો થઈ કૂવામાં પડે છે !

બીજું કારણ, એનામાં વિવેક નથી. કેમ વારું ? એટલા જ કારણે કે વિવેક સહજ રીતે તો અતિ અલ્પને જ સ્ફુરે.

**બાકી તો સત્સમાગમથી વિવેક આવે.**

સંત પુરુષોના વારંવાર પડખાં સેવાય, ને એમની ઉપદેશ-વાણી વારંવાર ઝીલવામાં આવે, ત્યારે જીવનની આંતર ચક્ષુ ખૂલે, એ વિચાર કરતો થાય, અને વિવેકશક્તિને પ્રગટ કરે, સાર-અસાર, કર્તવ્ય-અકર્તવ્ય, વાચ્ય-અવાચ્ય, ભક્ષ્ય-અભક્ષ્ય વગેરેની વહેંચણ કરે, તફાવત પરખે, અને અસારાદિને ત્યાજ્ય સમજી યથાશક્તિ ત્યાગ પણ કરી, સાર કર્તવ્ય વગેરેનો ખપી બને.-આનું નામ વિવેકશક્તિ પ્રગટી કહેવાય. આવો વિવેક યાને વહેંચણ કે 'સાર શું ? અસાર શું ? કર્તવ્ય શું, અકર્તવ્ય શું ?' વગેરે, એ સંતની વાણીથી જાણવા મળે.

**માનભટ કેમ ભૂલ્યો ? :-**

માનભટ એમ કરીને જ ઊંચો આવવાનો છે. પણ અત્યાર સુધી તો અવિવેકમાં તણાતો છે, તે અભિમાનનું પૂતળું બની કૂવામાં ત્રણેના ઝંપાપાત થતા જોતો ઊભો છે ! અવિવેકીને અભિમાન રહે એમાં શી નવાઈ ? હેં આવું ગોઝારું અભિમાન કે સગા માતા-પિતા-પત્નીને આમ મરવા દે ? હા, ઊંચી ક્વોલિટીના અભિમાનમાં એથી ય વધુ હોય તો એ સહજ છે. ક્રોધ, માન વગેરે કષાય એ તો ભયંકર કોટિના અંધાપા છે. કષાય માથે ચડાવ્યો એ અંધાપો જ ચડાવ્યો. હવે એ જીવ અંધ બનીને જ કામ કરવાનો.

**અજયપાળનું અભિમાન :-**

જુઓ રાજા કુમારપાળે તો ઠામ ઠામ સુંદર જિનમંદિરો ખડાં કર્યાં; પણ એના અનુગામી રાજા અજયપાળે તો અભિમાનમાં અંધ બની નવાં એથી ય વધુ સરસ બંધાવવાને બદલે એને જ તોડવાનો ધંધો આદર્યો, કેટલાય મંદિરો તોડી નખાવ્યા.

**ભવૈયાની લપડાક :-**

પણ હવે તારંગાજીનું મંદિર તોડવા જવાનો હતો, ત્યાં ભવૈયાએ એવી એને માર્મિક શબ્દની લપડાક લગાવી કે એ હવે મંદિરો તોડવાથી અટક્યો. વાત એમ બની કે પાટણના નગરશેઠે ભવૈયાને તૈયાર કર્યો, અને ભવૈયાએ રાજા અજયપાળ પાસેથી સીફતથી પોતાને અભયદાન લખાવી લઈ રાજાને નાટક જોવા નોંતર્યો. નાટકમાં ભવૈયો મરણપથારીએ રહી ચારે ય છોકરાઓને કહે છે, 'આ મારું ઘરમાં દેવમંદિર છે. એની પૂજા-પાઠ-આરતિ બરાબર સાચવજો.' ત્રણે તો માન્યું કર્યું, પણ નાનો છોકરો ડોસાના વારંવાર કહેવા છતાં માનતો નથી, ને ઉપરથી ધોકો લઈ નાનકડા મંદિરને તોડી નાખે છે. ત્યાં ડોસો તતડી ઉઠી એને કહે છે,-

**ભવ્ય ઉપદેશ :-**

'અરે નાલાયક ! આ તેં શું કર્યું ? મંદિરને પૂજવા-માનવાનું કે મંદિર બનાવવાનું તો દૂર, પણ મારા જીવતાં જ મંદિરને તોડી નાખે છે ? મૂર્ખ ! તારા કરતાં તો રાજા અજયપાળ સારો કે જેણે કુમારપાળના જીવતાં એકેય મંદિર ન તોડ્યું, પણ એના મર્યા પછી તોડે છે. ત્યારે તુ મોટો નાલાયક મારા જીવતાં જ મારું મંદિર તોડી રહ્યો છે ? નાદાન ! તારામાં એટલી તો મર્દાનગી નથી કે 'નવું મંદિર ઊભું કરું.,' ને કોઈના સારાં કામને તોડવાની પિશાચી લીલા ને બાયલાપટ્ટી જ તને આવડે છે ? કઈ નરકનો મહેમાન થવા ધાર્યું છે ? દુનિયામાં માણસ ચાર જાતના,- (૧) એક ઉત્તમ, તે સારા કામ કરે. (૨) બીજો મધ્યમ, તે જાતે કરવા અશક્ત છતાં સારા કામની ભારોભાર પ્રશંસા કદર કરે. (૩) ત્રીજો અધમ, તે એને સારાં કામ કરવાના ય નહિ, ને સારાંની કદર પણ નહિ, તે એની પ્રત્યે આંખમિંચામણા કરે, હલકું પણ બોલે, પરંતુ (૪) ચોથો અધમાધમ તો આગલ વધીને બીજાના સારાં કામ તોડવાનું જ કરે. તું કઈ કોટિનો ? એ વિચાર. આ તારું અભિમાન તને પરલોકે નહિ બચાવે, અને અહીં પણ સજ્જનોની દુનિયામાં જશ નહિ અપાવે. છતાં આવું પવિત્ર દેવમંદિર તોડવાની નરકમાં તાણનારી પ્રવૃત્તિ કરે છે ? અહીં જીવી જીવીને કેટલું જીવીશ ? પછી શું ?...'

**અજયપાળ પાછો ફરે છે :-**



રાજા અજયપાળ આ સાંભળી સમસમી ઊઠ્યો. ભવૈયાને ગમે તેવું નાટક બતાવવાની છૂટ, અને એમાં ગમે તે આવે એની છૂટ આપી હોવાનો પોતાને ખ્યાલ છે. એટલે અહીં ગુસ્સે થવાને બદલે પોતાની અધમતા નિહાળે છે. ત્યાં જ ઊભો થઈ ભવૈયાને કહે છે, -'શાબાશ, શાબાશ તને ! આજ તેં મારી આંખ ખોલી નાંખી છે, મારું અભિમાન ઓગાળી નાખ્યું છે. આજથી હું સંકલ્પ કરું છું કે રાજા કુમારપાળના કોઈપણ મંદિર વગેરેને તોડીશ નહિ.

**કષાય અવિવેક વગેરેમાં અંધાપા પર પુત્ર-પિતા :-**

બસ, ત્યાંથી રાજા અધમકૃત્યથી અટકી ગયો. પણ એ ક્યારે ? ભવૈયાની લપડાક પડી, ને અભિમાન ઓગળ્યું ત્યારે. ત્યાં સુધી તો અભિમાનના અંધાપામાં કુમારપાળ રાજાનાં સુંદર કળાયુક્ત મહાપવિત્ર જિનમંદિરો તોડી નાખવા પાછળ મચી પડ્યો હતો. એમ, માનભટે પણ અભિમાનના અંધાપામાં પત્ની તથા માતા-પિતાને કૂવામાં પડતા જોયા પણ અટકાવ્યા નહિ. ત્યારે એના બાપ વીરભટમાં અવિવેકનો અંધાપો એવો, કે એણે પોતાના શેષ કિંમતી જીવનની અને એમાં સાધી શકાય એવી પ્રભુભજન પરોપકાર વગેરે સાધાનાઓની મહાન કિંમત જોઈ નહિ, અને જીવનભરના સંતાપથી બીને કૂવામાં ઝંપલાવ્યું. માટે કહો, -

**અવિવેક, કષાયો ને મિથ્યા માન્યતા વગેરેનાં અંધાપા ભૂંડા, કે જે એથી સરજાતા અનેક જન્મોના સત્યાનાશ દેખવા દેતા નથી.**

**'આભ્યન્તર સંયોગોમાં 'અનિત્યતા' ની ભાવના :-**

માનભટે ત્રણે કૂવામાં પડ્યા ત્યાં સુધી તો જોયા કર્યું; એ અભિમાનરૂપી મહારાક્ષસને પરાધીન હતો, એટલે એણે અટકાવવાનું ન કર્યું, પણ હવે ત્રણેય નિર્દોષ અને પ્રેમાળ કારમા મૃત્યુ થયા એ પર વિચાર કરતાં એનું હૈયું કંપી ઊઠ્યું. અભિમાન હવે ઓગળી ગયું. અંતરનું અભિમાન ટકાવી શક્યો નહિ.

**અનિત્યતાની ભાવના ભાવવામાં** શાસ્ત્ર કહે છે કે અનિત્યતા બાહ્ય અને આભ્યન્તર બંને પ્રકારના સંયોગોની ભાવવી-વિચારવી'જેવી રીતે બહારના કંચન-કુટુંબ-કીર્તિ વગેરેના સંયોગો અનિત્ય છે, નાશવંત છે, કાયમી ટકવાવાળા નથી, એવી રીતે આભ્યન્તર મલિન લાગણીઓના સંયોગ પણ વિનશ્વર છે.' માણસ એકવાર ગમે તેવા ક્રોધમાં ચડે પણ પછી એ ક્રોધ એવો ને એવો ટકતો જ નથી. ક્રોધમાંથી અભિમાનમાં ને અભિમાનથી લોભમાં કે શોકમાં ઊતરી જાય છે.

**ક્રોધ-માન રોકવા શું વિચારવું ? :-**

એટલા જ માટે, ડાહ્યો માણસ આ વિચારે કે 'જો ક્રોધ કે અભિમાન હું ટકાવી શકવાનો જ નથી, તો પછી એવા ક્રોધ કે અભિમાનને કરવાનું મારે કામ જ શું છે ?'

પ્ર.- અગર ક્ષણવાર જ કરવો છે, એમ માનીને કરે તો ?

ઉ.- એ ય શા માટે ? 'જે લાભ માટે કષાય કરાય, એ લાભ પણ અનિત્ય છે, એ લાભ પણ કાંઈ ટકવાવાળો નથી,' તો ક્ષણિક કષાય કરવા જ શા સારુ ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૬,અંક-૪૮/૨,તા.૩૧-૮-૧૯૬૮**

**ક્ષણવાર માટે પણ આત્માને કાળો કરવાની શી જરૂર ?**

આ વિચાર એટલા માટે છે કે આત્મા આપણો અવિનાશી છે, શાશ્વત-સનાતન કાળ રહેનારો છે, એણે અનિત્ય સંયોગો પર શા સારુ આસ્થા મૂકી એનું શરણું લેવું ? ગાડીની મુસાફરીમાં મળતા માણસો સારું બોલનારા સારી વાત કરનારા અને ચા પણ પાનારા હોય, છતાં લાંબી મુસાફરીવાળો કાંઈ એના પર આસ્થા નથી મૂકી દેતો કે એ વચલા સ્ટેશને ઊતરે એની સાથે ઊતરી નથી પડતો. એ તો સમજી જ રાખ્યું છે કે આ પ્રવાસીનો સંયોગ કામચલાઉ, તેમ એની સાથે માયા-મમતા દેખાડવાની તેય કામચલાઉં; તેથી એ આવે જાય એમાં કશું ખુશ-નાખુશ થવાનું નહિ. બસ એજ રીતે બહારના અને અંદરના સંયોગો પણ કામચલાઉ છે, તો એના ગમનાગમન પર કશું નાખુશ-ખુશ થવાની જરૂર નહિ. 'અરે ! આભ્યંતર સંયોગો તો હું ઊભા કરું તો જ થાય એવા છે. તો મનને ઝેરી સાપની જેમ ડસી ખાનારા એવા કષાયોના કે મેલી લાગણીઓના ચંચળ ઝેરી સાપોલિયા ઊભા જ શા સારુ કરું ? ક્ષણવાર પણ એથી હૃદયને કાળું કરું જ શા માટે ? આ વિચાર સદા જાગતો રહે તો ઘણો બચાવ મળે કેટલીય આંતરિક મેલી વૃત્તિઓ ઊઠતી અટકી જાય.

**ધનની જેમ ધનનો મોહ અનિત્ય :-**

પૈસાનો સંયોગ તો અનિત્ય દેખવાનો, પણ એના પર મોહનો આંતરિક સંયોગ પણ અનિત્ય દેખવાનો; અને એ દેખી એમ વિચારવાનું કે 'આવા અનિત્ય મોહને મારે કરવાની શી જરૂર ? ઠીક છે. કામચલાઉ એને સાચવવા જરૂરી છે તો સાચવી લઉં, પણ સમજી મૂકીને કે આ નાશવંત છે, એનો મોહ પણ નાશવંત છે, જરાક પરિસ્થિતિ બદલાતાં દા.ત. જેના પર મોહ કરેલ એ પૈસાને લીધે જ કોઈ જાસાચિઠ્ઠી આવી, અગર કુટુંબમાં મોટો રગડો ઊભો થયો, યા સરકારી દખલ આવી, વગેરે...તો એ જ પૈસા પર મોહને બદલે તિરસ્કાર છૂટે છે, માટે પહેલેથી જ મોહ કરવાનો નહિ.

માનભટમાં ક્યાં આ વિવેક હતો જ કે 'હમણાં જે અભિમાનમાં અક્કડ બનું છું એજ અભિમાનનો સંયોગ ટકવાનો નથી, તો મારે એને પહેલેથી જ પગઠામ શા માટે આપવું ?' આ વિવેક નથી, એટલે અભિમાનમાં ચડ્યો ત્યારે તો આંખ મીંચીને ચડ્યો, પરંતુ હવે એને પડતો મૂકી નરમઘેંસ થઈ ગયો, રાંકડો-ગરીબડો થઈ ગયો, કેમકે પોતાની જ ભૂલે નિર્દોષ પ્રેમાળ માતા-પિતા-પત્નીના એકી કલમે આવા કારમા કમોત થયાનું એના ધ્યાન પર આવ્યું. એ દેખીને ધ્રુજારી વછુટી.

**માનભટનો પશ્ચાત્તાપ : અભિમાને શું શું ભૂલ્યો ? :-**

એના મનને ભયંકર આઘાત લાગ્યો અને એ વિલાપ કરવા લાગ્યો કે,

'અરે ! મેં મૂરખે આ શું કર્યું ? આ ત્રણેયને ખોટી ભ્રમણામાં પાડી મરવા દીધા ? પણ પરલોકનો મેં વિચાર જ ન કર્યો કે આવા ઘોર પાપથી ભવાંતરે મારી કઈ ભયાનક દુર્દશા થશે ? અહીં તો કષાયનો ક્ષણવારનો આવેશ પણ પરભવે એની દીર્ઘ કાળની સજા !' ક્ષણિક કષાયાવેશથી શો સાર કાઢ્યો ?

**(૧) ધર્મ ભૂલ્યો :-**

અરે મેં મારો પુત્ર-ધર્મ કે પતિ-ધર્મ પણ ન વિચાર્યો ? એ લોકો કદાચ ભ્રમણામાં તણાય, પણ મારે શું ફરજ નહોતી કે એમને અટકાવવા ? જો આ કાંઈ ફરજ જ ન હોય, તો મારામાં ને એક પશુમાં શો ફરક ? ખોળિયું માનવનું, પણ હૃદય પશુનું, તે આટલા બધા નિકટના સગા પ્રત્યેનો ધર્મ જ ન વિચારવા દે. માનવતા તો એ, કે તે તે ધર્મને ખ્યાલમાં લાવી એના પાલનમાં ખબરદાર રાખે, જાગતા રાખે, ધર્મના ખ્યાલ અને પાલન વિના માનવતા શી ?

**(૨) ઉપકાર ભૂલ્યો :-**

માનભટ પશ્ચાત્તાપ કરી રહ્યો છે કે 'રે ! હું કેવો મૂરખ કે માતા-પિતાના ઉપકારને પણ ન ગણકાર્યો ? એમના અસંખ્ય ઉપકારના બદલામાં મને આટલું ય ન આવડ્યું કે લાવ જરા બહાર આવી હું એમની નજરે ચડું જેથી એ મને જીવતો જાણી કૂવામાં ઝંપલાવે નહિ ? એક જનાવર પણ ઉપકારી પ્રત્યે આટલું ક્રૂર ન થાય.

**(૩) પ્રેમ ભૂલ્યો :-**

'ત્યારે મેં ત્રણેય સાથેના પ્રેમસંબંધને પણ ગણ્યો નહિ ? પરલોક, ધર્મ અને ઉપકાર ભૂલાયા, પણ પ્રેમ પણ ભૂલાયો ? તે આટલો બધો નિષ્ઠુર નિઃસ્નેહ બની એમને ભ્રમમાં મારી નજર સામે કૂવામાં પડવા દીધા ?

**(૪) ભક્તિ ભૂલ્યો :-**

'તો શું મને નરાધમને ગુરુભક્તિ પણ ન સાંભરી ? કે આવા મારા પૂજ્ય માતા અને પિતા પ્રત્યે ભક્તિરૂપે ય એમને અજાણ્યે પણ સાહસ કરતાં અટકાવું ? ભક્તિહીન તો કદાચ અનાર્ય પણ નહિ બનતા હોય, તો શું હું એનાથી

ય નપાવટ ?

**(૫) શરમ ભૂલ્યો :-**

'ત્યારે ત્રણેયની પ્રત્યે મને દાક્ષિણ્ય પણ ન રહ્યું ને હું નિર્લજ્જ બન્યો ? એક દીકરા કે પતિ તરીકેની કોઈ શરમ મને નડી નહિ ! તે બેશરમ ધિટ્ઠો બની નજર સામે ત્રણેયના કમોત થવા દીધા ?

**(૬) દયા ભૂલ્યો :-**

'અરે જાલિમ જીવ ! તને દયા ય ન આવી કે કશી સગાઈ કે ઉપકાર ન પણ હોય છતાં ભ્રમણામાં જો આ ઝંપાપાત કરવા જાય છે. તો એક માનવદયા યા જીવદયા તરીકે એમને બચાવી લઉં ? કઈ હદની મારી નિર્દયતા ? કેવી પિશાચી લીલા ?

**(૭) વિનય ભૂલ્યો :-**

'હે અધમ જીવ ! તારો વિનય પણ ક્યાં ગયો કે વડિલને અજ્ઞાનતામાં પડતા આખડતા હોય તો એમને સાવધાન કરું ? હું સાવ અવિનયી ઉદ્ધત પાક્યો ?'

'ઓ મારી પુત્રવત્સલ માતા ! મેં તારી કુખેથી જન્મ પામતાં તને શા સારુ ત્રાસ આપ્યો ? તારી કેટલી વડાઈ કે તું મને મર્યો જાણી મારી પાછળ મરી ? જ્યારે હું હજી કાળમિંઢ પત્થર જેવો જીવતો ઊભો છું ! ધિક્કાર છે મને કે બહુ પ્રેમ-આદર સાથે મને ઊછેરનારી માતા પ્રત્યે મેં આવું ભયંકર વર્તન દાખવ્યું ? એણે તો વૃદ્ધાવસ્થામાં પણ ઉપકાર કર્યો અને મેં આ કરપીણ કૃત્ય કર્યું ?

'ત્યારે હે પ્રેમાળ પત્ની ! મારા સ્નેહને જરાક પણ ટકરાયેલો જોઈ તું તો ગળે ફાંસો ખાવા સુધી પહોંચી ગઈ હતી, ને મેં આવી સુયોગ્ય પત્ની પ્રત્યે શું આ સત્પુરુષનું આચરણ કર્યું કે તને ભ્રમમાં નાખી કૂવામાં પડતું મૂકવા દીધું ?

'ખરેખર ? મારું હૃદય વજ્ર જેવું કઠોર તે આ મોત જોઈ રહ્યો ? તો હવે મારે જીવીને શું કામ છે ? હું ય કૂવામાં ઝંપલાવી દઉં.'

માનભટ પશ્ચાત્તાપના શિખરે ચડી ગયો છે. એની નજર સામે દેખાઈ ગયું કે

**'એક અભિમાને પરલોક, ધર્મ, ઉપકાર, સ્નેહ, દાક્ષિણ્ય, દયા, વિનય વગેરે કેટકેટલું ભૂલાવ્યું ?** આ બધું ભુલાવનારું અભિમાન કેવું ગોઝારું ?' આખી ને આખી ગુણરત્નોની પેટી જ ગૂમ કરાવે એ જ આ અભિમાન ને ? ખપે આવું અભિમાન ? પ્રભુ પાસે રોજ પ્રાર્થના કરો કે 'પ્રભુ ! મારું અહંત્વ તોડો,....

**'હે નાથ ! કાપો અભિમાન મારું, જે માનથી હું ધર્મો વિસારું;**
**માને ચડી ભૂલું કૃતજ્ઞતા ને, લજ્જા વળી સ્નેહ-દયા લતાને.'**

**પ્રાર્થનાથી ઈષ્ટની સિદ્ધિ થાય છે;** કેમકે રોજ પ્રાર્થના કરતાં કરતાં પ્રાર્થિત



વસ્તુ નજર સામે રહે છે; તેથી એમના આલંબને પ્રાર્થિત વસ્તુનો પ્રયત્ન થાય છે. અહીં અહંત્વ-અભિમાન ટાળવાની વાત છે, તો એના પાપે ભૂલાતા ધર્મો-કર્તવ્યો, કૃતજ્ઞતા, લજ્જા-દાક્ષિણ્ય, પ્રેમ, દયા વગેરેને પ્રાર્થનાના હિસાબે મન દઈને આચરવામાં આવે છે. એ માટે એ આચરવાની આડે આવતું અભિમાન સહેજે બાજુએ મૂકવું પડે છે. એમ રોજ પ્રાર્થના, અને એથી રોજ જાગતો ખ્યાલ તથા સત્પ્રયત્ન કરતાં કરતાં ઈષ્ટ અહંત્વનાશ વગેરે સિદ્ધ થાય છે.

**વિવેક સ્ફુર્યો : આત્મહત્યા નકામી ભાસી :-**

માનભટ જુએ છે કે 'આ ગોઝારા અભિમાને તો મને અનેક ગુણો ભૂલાવીને મારી પાસે ભયંકરતા આચરાવી. તો હવે મારે જીવીને શું કામ છે ? હું પણ કૂવામાં પડતું મૂકું.'

આત્મહત્યાનો વિચાર તો આવ્યો પણ ભવિતવ્યતા એની સારી, કે તરત આંધળિયાં ન કર્યાં, પણ વિવેક સ્ફુર્યો તેથી આગળ વિચાર કરે છે,

'નહિ, નહિ, એમ કાંઈ કૂવામાં પડી મરી જવાથી મારાં પાપ નાશ પામે નહિ. કેમકે,

**''જલણંમિ સત્તહુત્તં, જલંમિ વીસં, ગિરિંમિ સયહુત્તં;**
**પક્ખિત્તે અત્તાણે, તહ વિ સુદ્ધિ મહં નત્થિ.''**

અર્થાત્ મેં પાપ એવા ભયંકર કર્યા છે કે હવે હું અગ્નિમાં સાત વાર, પાણીમાં વીસ વાર, અને પર્વત ઉપરથી સો વાર પડતું મુકું, તો પણ મારી શુદ્ધિ ન થાય.'

માનભટને લાગે છે કે એમ આપમતિએ એક નહિ અનેક આત્મહત્યાઓ કરવાથી પાપોનો નાશ ન થાય; કેમકે એ બધું અવિધિસરનું છે. માનભટમાં હવે વિવેક સ્ફુર્યો છે. ભયંકર ભૂલો કરી એ અને આત્મઘાતનો વિચાર આવ્યો એ અવિવેક હતો, પણ હવે વિવેકનું અજવાળું થયું છે, તેથી જીવન સુધારવાના અને પાપનાશના યોગ્ય માર્ગ લેવા તરફના રસ્તે વળે છે. માબાપ બિચારાએ અવિવેકથી આત્મહત્યા જ વહોરી લીધી એટલે માનવજીવનની મોંઘેરી સત્પુરુષાર્થની તકો જ ખોઈ ! તેથી હવે શું થાય ?

**આત્મહત્યા એ ભયંકર ગુનો કેમ ?**

આત્મહત્યા પછી વિચારવા જેવું છે કે જો એવી મોંઘેરી એક બે ધર્મપુરુષાર્થતક ખોવી એ પણ ગુનો છે, તો બધી જ તક જાણી જોઈને એક સાથે ખોઈ નાખવામાં કેવો ભયંકર ગુનો ? માટે અયોગ્ય આત્મહત્યા એ અતિ ભયંકર ગુનો છે. પૂર્વના પ્રબળ પુણ્યકર્મે આ એક એવું સુંદર જીવન આપ્યું છે કે એમાં બુદ્ધિબળ અને

વિવેકશક્તિ સાથે ધર્મસામગ્રી મળવાથી અનેકાનેક પ્રકારના સત્ પુરુષાર્થ કરવાની અણમોલ તકો મળી છે, એને એવા પુરુષાર્થ કરવાની અણમોલ તકો મળી છે, એને એવા પુરુષાર્થ કરીને જે સફળ નથી કરતો એ કર્મસત્તાનો મહાન ગુનેગાર બને છે, અને ભાવી કેટલાય ભવો માટે એવી તકોવાળું માનવ જીવન પામવા નાલાયક બની જાય છે એટલે ડહાપણ આ છે કે આત્મઘાત પણ નહિ ને સત્ પુરુષાર્થો જતા પણ કરવાના નહિ. આ ડહાપણ માનભટમાં હવે સ્ફુરે છે, તેથી વિચારે છે કે,

**માનભટનો ભાવી માર્ગ :-**

'એમ જ ખોટા મરી જવાથી શું ? હવે તો આ જ યુક્તિ યુક્ત છે કે કૂવામાં પડેલા આ બધાના મૃતકોને બહાર કાઢી સત્કારપૂર્વક અગ્નિ સંસ્કાર કરીને પછી વૈરાગ્યમાર્ગે લાગું અને દેશોદેશ, શહેરો, ગામો, મઠ-મંદિરો વગેરેમાં ભટકું; એમાં ક્યાંક તેવા કોઈ ગુરુ મળી આવશે, કે જે આ પાપની શુદ્ધિ કેમ થાય એ બતાવશે. તો પછી એમણે ચિંધેલા માર્ગે હું પ્રાયશ્ચિત્ત કરીશ.' બસ, જેવો વિચાર તેવો અમલ. માનભટે ત્રણેય મરેલાનાં મડદાં બહાર કાઢી એને સત્કારી તથા એની આગળ અશ્રુભર્યા નયને પોતાના ભયંકર અપરાધની ક્ષમા માગી એનો અગ્નિ-સંસ્કાર કર્યો પછી વૈરાગીનો વેશ લઈને નીકળી પડ્યો ભમવા. ફરતો ફરતો એ મથુરામાં આવ્યો.

**ગુરુની શોધમાં કેમ ? :-**

જુઓ પાપશુદ્ધિની લગની લાગી છે, તો હશે જીવનમાં એને જ મુખ્ય કર્તવ્ય બનાવી એના માટે કેટકેટલું કરવા તૈયાર છે ! કેવોક એ એની પાછળ લાગી પડ્યો છે ? એક વાત મહત્ત્વની એણે એ સમજી રાખી છે કે 'પાપશુદ્ધિ કરવી છે તો એ યોગ્ય ગુરુ પાસે જ થાય, ગુરુ પાસેથી જ એનો સાચો ઉપાય જાણવા મળે; અને તેવા ગુરુ કાંઈ ઘેર બેઠા ન મળે; એ તો એમની શોધ કરવી પડે.'

**જો એક જન્મનું શરીર સુધારવા તેવા વૈદ્ય-ડાક્ટરની શોધ કરવી પડે છે, તો ભવો-ભવના આત્માને સુધારવા તેવા ગુરુની શોધ ન કરવી પડે ?**

માનભટને પોતે કરેલ ગુના એ ભયંકર આત્મરોગ લાગે છે, અને રોગ ભયાનક લાગી સ્વાત્માને ડંખવા માંડ્યો, પછી એના નિવારણની તમન્ના, નિવારણ અર્થે યોગ્ય ગુરુ મેળવવાની તાલાવેલી, અને એ માટે ગામેગામ શોધ ચલાવવાનો પ્રયત્ન થાય એ સહજ છે. શરીરના રોગ તરત રોગ તરીકે લાગે છે, એવા આત્માના રોગ મોડા પણ રોગ તરીકે લાગતા નથી. પછી એનો ડંખ શાનો ? એને હટાવવાની તમન્ના શી ? અને એ માટે યોગ્ય ગુરુની શોધ કે ગુરુ મળ્યાના મૂલ્યાંકન શાના થાય ? જીવનમાં ઘણું ય લાગશે, ઘણીય તમન્ના થશે, એ માટે મહેનતે ય કરાશે,



પણ એ બધું બહારની ચીજ ખાતર; કે જે આ જીવનમાં અંતે અહીં, અને આત્મા પોતે પરલોકમાં !! કીડા-મંકોડા, પશુ-પંખી વગેરેને ય જીવન મળ્યાં છે, જીવે છે, પણ આ આત્મરોગ લાગી આવવાનું એને ક્યાં છે ? એ જ નહિ તો પછી હટાવવાની તમન્ના ક્યાં ? ને હટાવનાર ગુરુની એને મન કિંમત શી ? એ તો જીવન માનવ તરીકેનું છે, તો જ એમાં આ ડંખ અને તમન્ના તથા ગુરુની કદર થઈ શકે એમ છે. વળી અહીં પણ હૃદયને નિઃશલ્ય બનાવી સાચી સ્વસ્થતા આપનાર અને ભવાંતરે સદ્ગતિ અને સમૃદ્ધિ આપનાર એ જ છે. એ સમજીને જ માનભટ ગુરુની શોધમાં ફરે છે. ફરતાં ફરતાં એ મથુરામાં જઈ પહોંચ્યો.

**ગંગાસંગમ તરફ માનભટ :-**

અહીં મથુરામાં એક અનાથમંડપ હતો; એમાં ગામેગામના એવા કોઢ વગેરેના રોગી, અંધ, લંગડા તથા ઘોર પાપી ભેગા થયેલા; અને એ ચર્ચા કરતા કે આ રોગ, આ ખોડ, આ મહાપાપ શી રીતે દૂર થાય ? માનભટ ત્યાં જઈ બેઠો અને ચર્ચા સાંભળે છે. એમાં ચર્ચાની અંદર આ સાંભળ્યું કે માતાપિતાના વધ જેવાં ભયંકર પાપ પણ ગંગા-યમુનાના સંગમમાં સ્નાન કરવાથી નાશ પામે'

માનભટને લાગ્યું કે આ સુંદર કહ્યું. તો હું જાઉં, ગંગાના સંગમમાં ન્હાઉં, અને પછી જાતને કોઈ ખીણમાં ફેંકી દઉં.' એમ કહીને એ ઊપડ્યો તે અહીં કોશાંબીમાં આવ્યો.

**જીવની મૂઢ માન્યતાઓ કેમ પોકળ ? :-**

ધર્મનંદન આચાર્ય મહારાજા રાજા પુરંદરને કહે છે કે જીવની આ કેવી મૂઢતા છે કે 'એ માને છે કે ગંગામાં સ્નાન કરીને પર્વત પરથી ખીણમાં પડતું મૂકવાથી પાપ નાશ પામે !' અરે ! ગંગાના સ્નાનથી તો પાણી શરીરને અડી જડ શરીરના મેલ ધોવાય, પણ આત્માના મેલ જે પાપ, તે શી રીતે ધોવાય ? તેમ પર્વત પરથી પડતું મૂકવામાં હાડકાના ભુક્કા થાય, પણ પાપના ભુક્કા શાના થાય ? પાપો તો જાય જીવની સાથે પરલોકમાં; કેમકે પાપ તો આત્માની વસ્તુ છે, શરીરની નહિ, તો શરીર તૂટવાથી પાપ શી રીતે તૂટે ? એટલે સવાલ આ છે કે, એવું તે કયું કારણ છે કે પર્વત-પતનથી પાપનો નાશ થાય ?

(૧) કહો 'એવો સ્વભાવ જ કારણ છે કે તેમ બને.' જો આમ કહો, તો પ્રશ્ન છે કે એમ બનવાનું કોણે દેખ્યું ? કેમકે પ્રત્યક્ષથી કાંઈ દેખી શકાય નહિ. આત્મા તો અમૂર્ત અરૂપી છે. એ આત્મા જ જો પ્રત્યક્ષથી ન દેખી શકાય તો એના પર લાગેલા પાપ ઊભાં છે કે નાશ પામ્યા, એ તો દેખાય જ શાનું ?

(૨) ત્યારે કહો કે 'શાસ્ત્રથી જણાય છે કે પર્વત-પતનથી પાપ નાશ

પામે.' તો એ શાસ્ત્ર પણ કોના કહેલાં ? જે રૂપી-અરૂપી બધું પ્રત્યક્ષ જોઈ-જાણી શકે એવા સર્વજ્ઞનાં કહેલાં કે ન જોઈ શકનાર અલ્પજ્ઞનાં કહેલાં ? અલ્પજ્ઞનાં કહેલાં હોય તો એનો કશો અર્થ નથી. જેણે પ્રત્યક્ષ જોયું નથી કે પાપનાશ આ રીતે થાય, એ એમ કહે એના પર શો વિશ્વાસ મૂકાય ? ત્યારે જો કહો કે સર્વજ્ઞના કહેલાં શાસ્ત્ર આ કહે છે, તો તે ખોટું છે; સર્વજ્ઞ એમ કહે નહિ.

શાસ્ત્ર તો સર્વજ્ઞનાં જ કહેલાં પ્રમાણભૂત મનાય, અને એ તો આમ કહે છે,

**पडणपडियस्स धम्मो न होइ, अह मंगुलं हवइ चित्त ।**
**सुद्धमणो उण पुरिसो घरे वि कम्मक्खयं कुणइ ॥**
**तम्हा कुणह विसुद्धं चितं-तव-णियम-सील जोए हिं ।**
**आंतरभावेण विणा सव्वं भुसकुट्टियं एयं ॥**

અર્થાત્ 'કોઈ પર્વતપતન પરથી પડવામાં ધર્મ નથી થતો, કિન્તુ ઊલટું ચિત્ત મલિન અશુભ વિચારવાળું બને છે. કેમકે એક તો ચિત્તે એ ન જોયું કે એમ શરીર ફેંકી દેવામાં એ જ્યાં પડશે ત્યાં કોઈ ઝીણા જીવજંતુ મારશે તો ? માટે એવું ચિત્ત ચોક્ખું નહિ. બીજું એ, કે પડવામાં ભયંકર વેદના ઊભી થતાં ચિત્તને હાયવોય થાય એ અશુભ જ છે. ત્યારે ચિત્ત બગડે ત્યાં પાપની શુદ્ધિ શાની ? ને ચિત્ત જો શુદ્ધ હોય તો તે પુરુષ ઘરમાં પણ કર્મક્ષય કરે છે.

માટે એવી પર્વતપતનથી પડવા જેવી અજ્ઞાન મૂઢ પ્રવૃત્તિ કરવાને બદલે તપસ્યા, નિયમો, ને શીલના યોગોથી મનને શુદ્ધ કર; કેમકે એમાં અંતઃકરણના ભાવ ચોક્ખા થાય છે. બાકી અંતઃકરણના ભાવ ચોક્ખા ન થાય એવી ગમે તેવી પ્રવૃત્તિ પણ ભૂંસા કૂટવા જેવી છે. ડાંગરના ઉપરના ભૂંસા લાખ મણ ખાંડે તો ય શું ? થોડા જ પાશેર પણ ચોખા નીકળે ?'

**જેમ પાપના મૂળમાં મેલું મન, તેમ પાપનાશના મૂળમાં ચોક્ખું મન :-**

આચાર્ય મહારાજે બરાબર યુક્તિભર્યો માર્ગ બતાવ્યો. પાપ મેલા મનથી બગડેલા મનથી થયેલા છે. એનો નિકાલ કરવો હોય તો પહેલા નંબરમાં મનને જ ચોક્ખું કરવું પડે. મન જ્યાંસુધી મેલું ત્યાંસુધી પાપનો નાશ શાનો ? પાપનાશ વિના આગળ વધવાનું શાનું એ તો મન કેમ શુદ્ધ પવિત્ર ઉજ્જવળ બને એ પહેલું જોવાનું.

ત્યારે, આચાર્ય મહારાજે એ પણ બતાવ્યું કે મન પણ નિર્મળ કરવું હોય તો તે કાંઈ મનગમતી ખાનપાનની પ્રવૃત્તિઓ, તેમજ મનગમતી ઇંદ્રિયવિષયોની પ્રવૃત્તિઓ અને ગમે તેવા હિંસા-અસત્ય વગેરે પાપાચારોના સેવનથી ન થાય. કેમકે એ પ્રવૃત્તિઓ જ એવી છે કે એમાં તો ચિત્ત મેલું હોય તો જ પ્રવર્તે; અને ઉપરાંત



એ સેવનમાં ચિત્ત અધિક મેલું પણ થાય.

**હિંસા-જૂઠ વગેરેનો વિચાર મલિન ચિત્તથી ઊઠે છે અને હિંસાદિ કરીને ચિત્ત વધુ મેલું થાય છે.**

**'જડ જડને ખાય છે' નો દંભ :-**

એમ ખાધેપીધે દિવાળી કરવી છે, એમાં પછી ઢોંગી ભાવ કર્યા કે 'પુદ્ગલ પુદ્ગલને ખાય છે, આત્માને શું ?' તો એમાં થોડી જ ચિત્તની નિર્મળતા છે ? ચિત્તને જો લાગી ગયું છે કે આત્માને સારા રસ સાથે કાંઈ નિસ્બત નથી તો પછી આત્મા શા સારું એમાં પ્રવૃત્તિ જ કરે ? ગરમ પાણી કે કરિયાતાના પાણી કેમ ન પીએ ? શરીર જડ છે, ને ખાનપાન જડ છે એ સાચું, પરંતુ આત્માની ઈચ્છા વીર્યસ્ફુરણ અને પ્રયત્ન વિના શરીર થોડું જ આપમેળે પ્રવર્તે છે ? એમ તો પછી મડદુંય પ્રવર્તવા માંડે. પણ ના, ઈચ્છા, વીર્યસ્ફુરણ અને પ્રયત્ન તો આત્માના ધર્મ છે, ને એ વિના શરીર પ્રવર્તી શકે જ નહિ. તેથી જડ તરફ જડ શરીર એમ જ નથી દોડતું; એ તો આત્મા દોડે છે ત્યારે એની સાથે શરીર દોડે છે. આત્માના પ્રયત્ને શરીર પ્રવૃત્તિ કરે છે ટ્રેનના એંજિન જેવું છે. ડ્રાઈવર પ્રયત્ન કરે ત્યારે જ એંજિન દોડે અને એ દોડે ત્યારે જ ટ્રેન દોડે.

સારાંશ, આત્મા ખાનપાન, વિષયો અને હિંસાદિ માટે પ્રયત્ન કરે ત્યારે જ શરીર એની પ્રવૃત્તિ કરી શકે છે; અને આત્માને એ ખાનપાનાદિ મનગમતા લેવામાં મન મેલું કરવું પડે છે. એ ઉપરથી એ નક્કી થાય છે કે,

**મન ચોક્ખું કરવું હોય તો,**

(૧) મનગમતા ખાનપાનાદિ મૂકી તપસ્યામાં લાગવું.

(૨) ઇન્દ્રિય વિષયોની પ્રવૃત્તિ અટકે એવા કડક વ્રત-નિયમ-અભિગ્રહો ધારણ કરવા.

(૩) હિંસાદિ પાપાચારોને રોકવા અહિંસા સત્ય વગેરેના પ્રતિજ્ઞાબદ્ધ શીલમહાવ્રત પાળવા. એ મહા-વ્રતને પુષ્ટ કરે એવી સમિતિ-ગુપ્તિ-સ્વાધ્યાય-ધ્યાન વગેરેના આચાર-અનુષ્ઠાનમાં લાગ્યા રહેવું.

**તપ આદિથી મન ચોક્ખું કેમ ? :-**

આમ કરતાં કરતાં મન મલિન ભાવોમાં રમતું અટકે. મન મેલા ભાવ કેમ કરે છે ? ખાનપાનાદિના કારણે, વિષયોના કારણે, અને હિંસા-જૂઠ વગેરે પાપાચારોના કારણે, હવે જો તપ-નિયમ-શીલની જ પ્રવૃત્તિ છે. તો મનને અશુભ ભાવોમાં રમવાનું રહેતું નથી. ને એ રીતે મન ચોક્ખું નિર્મળ વિશુદ્ધ થતું આવે છે. માટે કહ્યું 'તપ-નિયમ-શીલના યોગોથી મનને વિશુદ્ધ કર.'

ધર્મનંદન આચાર્ય મહારાજના આ કહેવા પર ત્યાં આવી બેઠેલા માનભટને લાગી ગયું કે, 'હું અત્યાર સુધી ઠગાયો. મન શુદ્ધ કર્યા વિના પાપનાશ થાય નહિ, ને તપ-નિયમાદિ વિના મન શુદ્ધ બને નહિ'

મહાપાપાત્મા જેવા માનભટના હૃદયમાં પરિવર્તન આવ્યું, ને ભ્રાન્તિ-અજ્ઞાનમૂઢ દશા છૂટી ગઈ. જિન શાસનની નક્કર ટંકશાળી સત્ય વાતોનો આ પ્રભાવ છે કે જીવનાં મિથ્યાત્વ-અજ્ઞાન-ભ્રાન્તિ વગેરેને ઓકાવી નાખે.

**મૂળ મેલ રાગદ્વેષ :- જિનશાસન વિના આ ગેડ કોણ બેસાડી આપે** કે મેલા મનથી પાપ થાય છે, ને ઈષ્ટ ખાનપાનાદિથી મન મેલું થાય છે ? ભૂખ લાગવી કુદરતી છે, શરીરને ટકાવવા ખાન-પાનાદિની જરૂર છે. હવે જો શરીર ટકે તો જ ધર્મ-સાધના થાય એમ છે. તો પછી મનગમતા ખાન-પાનાદિ લીધ્યે ગયા એમાં દોષ શો ? પાપ શાનું ? મન શી રીતે મેલું થાય ? પરંતુ જિનશાસન સમજાવે છે કે ખાનપાનાદિ મનગમતાં શોધવા લેવા જાય, એમાં ભારોભાર રાગ-દ્વેષ પોષાય છે. રાગથી અમુક અમુક વસ્તુ ગમતી લાગે છે, ને દ્વેષથી બીજી વસ્તુ અણગમતી લાગે છે. રાગ-દ્વેષ નહિ એને ગમતુ-અણગમતું થાય છે, ને રાગદ્વેષ એ આત્માનો કહો કે મનનો મૂળ પાયાનો દોષ છે, મનનો મેલ છે. એ મેલ ભેગો કરવાનું ચાલુ હોય, ને માત્ર બીજી પ્રભુભજનાદિ ધાર્મિક પ્રવૃત્તિથી હું તરી જઈશ એમ માને, એ ભૂલો પડે છે. ધાર્મિક પ્રવૃત્તિથી ધર્મ થાય, પણ પેલા ખાનપાનાદિના રાગદ્વેષનો મેલ અને એથી સર્જાતાં પાપ ક્યાં જાય ? ત્યારે મેલ ઊભો હોય ત્યાં સુધી તરવાનું શે બને ? તરવું એટલે તો આત્માને સર્વથા શુદ્ધ કરવો. પણ મેલ બેઠો છે ત્યાં સુધી સર્વથા શુદ્ધ થવાનું શું ?

રાગદ્વેષનો મૂળ મેલ કાઢવો તો એટલો બધો જરૂરી છે કે પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજે 'ઉશદેશ-રહસ્ય' શાસ્ત્રમાં ઉપદેશની ઉપદેશના પદાર્થોની વ્યવસ્થા બતાવી અંતે કહ્યું કે સર્વ ઉપદેશનો સાર આ છે કે રાગદ્વેષ તજવા યોગ્ય છે. જેનાથી રાગદ્વેષ ઘટતા આવે એવી પ્રવૃત્તિ આદરવી.' એટલે જૈનશાસનનો અંતિમ આદેશ રાગદ્વેષના ત્યાગનો અને એ ત્યાગ કરાવે એવી પ્રવૃત્તિ આદરવાનો આવીને ઊભો રહે છે.

**રાગદ્વેષ કેમ દબાય ? :-**

આ હિસાબ રાગદ્વેષ પોષનારા મનગમતા ખાનપાનાદિ પર કાપ મૂકી તપ અને ત્યાગની પ્રવૃત્તિ ખૂબ આદરવી જોઈએ, જેથી રાગદ્વેષનું પોષણ અટકે, રાગદ્વેષ દબાતા આવે.

એમ, ઇન્દ્રિયોની મનગમતા વિષયોમાં પ્રવૃત્તિથી રાગદ્વેષ પોષાય છે, તેથી



એની સામે ઇન્દ્રિયો પર નિગ્રહ અને વ્રત-નિયમો સારી રીતે આદરવા જોઈએ જેથી પણ રાગદ્વેષનું પોષણ અટકે.

એવી રીતે હિંસા અસત્ય વગેરેનાં સેવનથી તો ભારોભાર રાગદ્વેષનું પોષણ થાય; માટે એ અટકાવવા શીલ અર્થાત્ એ હિંસાદિનો ત્રિવિધ ત્રિવિધે ત્યાગ આચરવો જોઈએ.

**ભૌતિક્તા અને બાહ્યભાવમાં પાપમળનું દુર્લક્ષ :-**

ધર્મનંદન આચાર્ય મહારાજે આમ ટૂંકમાં જ તપ નિયમ અને શીલનું આચરણ કરવાથી પાપમળ ઓછો થવાનું સમજાવ્યું. આપણે ય ઇચ્છીએ ખરા ને કે આપણા પાપમળ ઓછો થાય ? કે ઓછા થવાને બદલે એ વધે એનો વાંધો નથી ?

**પાપમળ ઓછા કરવા તરફનો વિચાર જ નથી એ આજના કાળના કેવળ ભૌતિક અને બહુ બાહ્યભાવનાં જીવનની બલિહારી છે.**

**આજનો માનવી જાગે તે જપે ત્યાંસુધી કેવળ કાયાની, માયાની, અને નિષ્ફળ પંચાતીની લોથ જ ઉપાડે છે, ક્યાંય અંદરવાળા આત્માનો ઉપરવાળા પરમાત્માનો અને પછીવાળા પરલોકનો વિચાર જ નહિ.**

બે જણ ભેગા થયા કે જુઓ એજ કાયા, માયા કે પરપંચાતીની જ પિંજણ શરૂ થઈ જ જાય છે.

'અલ્યા તમે તો આસ્તિક છો કે નાસ્તિક ? આર્ય છો કે મ્લેચ્છ ? ઊંચા કુળના છો કે લોકવણ ? જેવા નાસ્તિક-મ્લેચ્છ-લોકવણની રહેણીકરણી, શું એવી જ આસ્તિક-આર્ય-કુલીનની ?' આ એને કોણ કહેનારું છે ? આ ખાવાની વાત ને પેલું ખાવાની વાત ! આ જોવાની ને પેલું જોવાની વાત ! પાંચે ઇન્દ્રિયોના તો શું, પણ એક ચક્ષુ ઇન્દ્રિયના વિષયો કેટલા પારવિનાના ? એ એકેકની વાત અને વિચાર ચાલુ જ છે ! 'આ તો સારું દેખાય છે, પણ પેલું નરસુ;' 'આ રંગે સારું, પણ પોત ખરાબ,' 'મકાન સુઘડ પણ રંગનાં ઠેકાણાં નહિ'...આવી આવી તો કેટલીય પિંજણ ચક્ષુના વિષયે વિષયે ચાલે છે ! આમાં ક્યાં આત્મતત્ત્વનો વિચાર છે ? ક્યાં પરલોકનું ભાન છે ! ક્યાં જગતના પદાર્થોની વિનશ્વરતાનો ખ્યાલ છે ? બહારની ચીજ-વસ્તુમાનો મેલ-કચરો-બગાડો ઝટ મનમાં આવે છે, આત્મામાં પાપમેલના થરના થર પણ જામેલા દેખાતા નથી. પછી એ કરડે જ શાના ? કરડે જ નહિ, તો એને સાફ કરવા માટે તપ-નિયમ-શીલના ભવ્ય ઉપાયને સેવવાની વાતે ય શી ?

**આજે શું ચાલ્યું છે ?**

અષ્ટમી ચતુર્દશી જેવી મહાપવિત્ર પર્વતિથિએ પણ સવાર પડી ત્યારથી ખાઉં, પીઉં, ખાવા-પીવાનું છુટ્ટું ! લીલાં શાકનો કચ્ચરઘાણ રોજ ચાલુ ! માવા

વગેરે વાસી અભક્ષ્યનું પૂછવાનું જ નહિ ! એમ ઇંદ્રિય વિષય-પોષણમાં તો આજની સ્ત્રીઓ જ અંગોપાંગ પબ્લીક માટે જોવા ખુલ્લાં મૂકે પછી જોનારા શું કામ એ જોવા ચૂકે ? પિક્ચરો, એના પોસ્ટરો રોજના અગણિત વનસ્પતિ જીવોના કચ્ચરઘાણવાળા બાગ-બગીચા, કપડાંની ફેશન, છાપાના ભૌતિક તથા કામોત્તેજક સમાચારો ને બિભત્સ નવલિકાઓ....વગેરે કેટલું ચાલ્યું છે ? જીવનમાં ભૌતિક્તાનો પાર નહિ !! એમાં પાછી પોતાને જરાય નહિ લાગતી-વળગતી પરપંચાતી કેટલી ? જે વાતમાંથી કશું સીઝવાનું ન હોય, કશો જ લાભ નહિ, એનો કેટલો બધો રસ ? જ્યાં પોતાનું કશું ઉપજવાનું નથી, બીજા પાસે ઉપજાવી શકાવાનું નથી. એની હાયવરાળ ને હાયવોય કેટલી ? જે મુદ્દલ પ્રશંસાલાયક નથી એની પ્રશંસા ય કેટલી ?

**નીતરતી ભૌતિક્તા અને ભરચક બાહ્યભાવે આર્ય માનવોને પણ આજે સારી રીતે ઘેરી લીધા છે, એટલે જ એ ધર્મવિહોણું પશુજીવન જીવે છે.**

માનવજીવન આત્મામાં લાગેલા જુગજુગના પાપમળ ધોળા માટે છે. માનભટને હાથે ઘોર પાપ થાય પછી એની લગની લાગી, અને આચાર્ય મહારાજ પાસે એનું ખરેખરું સ્વરૂપદર્શન અને માર્ગદર્શન મળ્યું કે 'પર્વત-પતનથી પાપના મેલ ન ધોવાય, એમાં તો ચિત્તનો મેલ વધે છે. ચિત્તના મેલ તપ-નિયમ-શીલના યોગોથી સાફ થાય. એવા મેલ ધોઈ ચિત્તને વિશુદ્ધ કરાય તો જ ઊંચે અવાય. મલિન ચિત્તના ભાવથી તો પર્વત પરથી ઝંપાપાત પણ કરે તો ય તે ભૂંસા કૂટવા બરાબર છે.' આ સાંભળીને માનભટને એ સચોટ હૈયે વસી ગયું.

**માનભટ પગે પડે છે :-**

માનભટ તરત ઊભો થઈને આચાર્ય ભગવાનના ચરણમાં માથું ઝુકાવે છે, ને કહે છે "ભગવન્ ! હું આપના ચરણયુગલને વળગ્યો છું. આપે જે કહ્યું એમાં જરા પણ ખોટું નથી. તો હવે મારા પર મહેરબાની કરો, મારે શું કરવું તે ફરમાવો."

**આચાર્ય ભગવંત કહે છે**

"હે માનભટ ! તું જ્ઞાન-તપ-સંયમ સહિત સમ્યક્ત્વને ધારણ કર. મોક્ષમાર્ગે લાગેલાને સાધનાના એ ચાર અંગો છે.

(૧) સમ્યક્ત્વથી ગુરુજને જેવું ઉપદેશ્યું તેવું સ્વીકારી લેવાનું હોય છે.

(૨) નિર્મળ જ્ઞાનના દીવાથી 'કરવા જેવું શું, નહિ કરવા જેવું શું,' એની ખબર પડે છે.

(૩) તપથી, જે પૂર્વકૃત પાપો હોય, તે સઘળા જ તપીને ખાખ થઈ જાય છે.

(૪) સંયમથી નિયંત્રિત મુનિ બીજાં નવાં કર્મ બાંધતો નથી.



આ રીતે સમ્યક્ત્વ-જ્ઞાન-તપ-સંયમની સાધના કરતાં કરતાં જીવ જ્યારે સર્વથા શુદ્ધ બને છે, કોઈ મળનો કોઈ જ કર્મનો લેપ નહિ એવો બને છે, ત્યારે એવા 'સિદ્ધ' સ્થાને પહોંચે છે કે જ્યાં કોઈ દુઃખ નથી, સાંયોગિક સુખ નથી, જ્યાં કોઈ રોગ નથી, પીડા નથી"

**સમ્યક્ત્વ એ ઉન્નતિનો પ્રથમ પાયો :-**

આચાર્ય ભગવંતે રાગાદિ પાપમળ અને કર્મમળ ધોવાના સર્વજ્ઞે કહેલા સુંદર અને સચોટ ઉપાય બતાવી દીધા. પહેલું સમ્યક્ત્વ આવ્યું એટલે ગુરુએ ઉપદેશેલ બધું તહત્તિ કરી સ્વીકારી લેવાનું આવ્યું. એના પર કોઈ જ શંકા-કુશંકા નહિ. જોઈ લીધું કે ગુરુ પોતે પણ ભવના ભીરું છે, પાપમય સંસારના ત્યાગી છે, અને પાપમળ ધોવાના સર્વજ્ઞોક્ત તમામ ઉપાયમાં લાગેલા છે, તો એમને અસત્ય બોલવાને કોઈ કારણ હોય નહિ. સર્વજ્ઞ આજે આપણી આગળ હયાત નથી, તો ગુરુ દ્વારા જ એમનાં વચનની જાણ થાય. માટે ગુરુએ કહ્યું તે સર્વજ્ઞવચન માની એનો હૃદયથી સ્વીકાર જ કરવાનો હોય કે 'આ અણીશુદ્ધ સત્ય છે, ગ્રાહ્ય છે, એકાંતે કલ્યાણકર છે.'

આ સ્વીકાર આ શ્રદ્ધા ન હોય તો, ભલેને પછી એ વચનમાંની કેટલીક સાધના કરે, છતાં એ ડગમગ હૈયે થવાની; તેમજ હૃદયમાં એની સાથે બીજી નહિ સ્વીકારેલી સાધના યા તત્ત્વ તરફ અરુચિ રહેવાની. ત્યારે સર્વજ્ઞોક્ત ગુરુકથિત ટંકશાળી સત્ય એક પણ તત્ત્વ કે વસ્તુ પ્રત્યે અરુચિ રહે એ જીવને મિથ્યાત્વ વાસિત રાખે છે. એવા અરુચિ-મિથ્યાત્વથી વાસિત હૃદયમાં, બીજી સાધનાઓ છતાં, ઉત્કર્ષ-ઉન્નતિ આવી શકે નહિ. સમ્યક્ત્વ યાને ગુરુકથિત સંપૂર્ણ તત્ત્વોનો સ્વીકાર એ ઉન્નતિનો પ્રથમ પાયો છે. એ આવ્યા પછી તો સાધનાઓ કાંઈ દૂર નથી, ઉન્નતિ હાથ-વેંતમાં છે.

**સમ્યક્ત્વનું મહત્ત્વ :-**

સુલસા-રેવતી-શ્રેણિક-કૃષ્ણજી વગેરે આ સમ્યક્ત્વના બળ ઉપર મહાન બની ગયા, તીર્થંકર બનવાની મહોર છાપ લઈ ગયા. અંબડ પરિવ્રાજક એ વિદ્યાધર અને મહાન શ્રાવક છતાં આ સમ્યક્ત્વની વિશેષતા સમજે એ માટે પ્રભુશ્રી મહાવીરદેવે એને સુલસાનું સમ્યક્ત્વ જોવા મળે એ સ્થિતિમાં મૂક્યો. સુલસામાં જોવા મળ્યું એને. શું ? વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાને જેને કુલિંગ-કુવેશ કહ્યો છે એ ધારણ કરનારના પડછાયામાં ય આવવાનું નહિ. એનો પરિચય નહિ, સત્કાર નહિ, પ્રશંસા નહિ, પછી એ ભલે ગમે તેવો વિદ્યાબળી હોય કે સંસારત્યાગી જેવો દેખાતો હોય, છતાં પરિચયાદિ કશું નહિ, રખેને સમ્યક્ત્વરત્ન મેલું થાય

તો ? સર્વજ્ઞે જ આવા પરિચયાદિની ના પાડી છે તો એ વચન બરાબર સ્વીકારી એવાઓથી દૂર જ રહેવાનું. એવાઓમાં ય કંઈક સારું તો હશે ને, માટે લાવો જોવામાં શું જાય ? એવા ઝેરી અખતરા ન કરાય. એમાં તો પછી 'આ ય કંઈક ઠીક છે, આનો માર્ગ પણ એકદમ કાઢી નાખવા જેવો નહિ'...વગેરે મિથ્યામાર્ગનું આકર્ષણ યાને 'કાંક્ષા-મોહનીય' ઊભી થવાની. એથી તો સમ્યક્ત્વરત્ન મેલું થાય. સર્વજ્ઞ વીતરાગને માથે ધર્યા પછી તો જો એમને સમજપૂર્વક સ્વીકાર્યા હોય તો અસર્વજ્ઞ, અજ્ઞાની, અધુરા જ્ઞાની, મિથ્યામતિ ઉપરથી મન જ ઊભગી જાય, એનાં માર્ગ કે વચન ઉપરથી સર્વાંશે દિલ જ ઊઠી જાય, એના તરફ જરાય હૈયું આકર્ષાય નહિ. મનને એમ થાય કે 'હાય ! અહીં જ્યાં મૂળમાં જે વસ્તુનું પ્રત્યક્ષદર્શન નથી અને એના અંગે તોપગોળા ફેંકાય છે, એમાં શો ભલીવાર જ હોય ? એવા તરફ શું આકર્ષાવું ?' સાધનાનો પહેલો પાયો સર્વજ્ઞવચનનો સાંગોપાંગ સંપૂર્ણ સ્વીકાર. એ હોય તો સાધનામાં તાત્ત્વિક જોમ રહે. સર્વજ્ઞવચન ગુરુ બતાવે છે માટે ગુરુનું કહેલું બધું જ સ્વીકારી લેવાનું.

**જ્ઞાન-તપ-સંયમ કેમ જરૂરી ? :-**

આચાર્ય મહારાજ આ સમ્યક્ત્વ સાથે જ્ઞાન-તપ-સંયમ સાધવાનું કહે છે. એકલો વચનનો સ્વીકાર કરી લીધો પણ પછી એને જો સમજવાનું અને અમલમાં ઉતારવાનું ન કરાય, તો પાપમળનો અંત ને આત્મા પરના સંસારનો અંત ન આવે. ગુરુવચનથી સમષ્ટિરૂપે સ્વીકાર તો કરી લીધો કે 'બધો જ પાપમળ ત્યાજ્ય છે,' પણ પછી જો દરેક પાપમળને અલગ અલગ સમજે નહિ તો એનો ત્યાગ પણ શી રીતે કરી શકે ? આ સમજવા માટે જ જ્ઞાન જોઈએ. એટલે એ જ્ઞાન-પ્રાપ્તિની સાધના પહેલી આવશ્યક છે.

વળી ગુરુવચન સ્વીકાર્યાં અને સમજ્યાં, પણ ખાનપાન-આરામ વગેરે પ્રવૃત્તિ એમજ ઊભી રહે તો એથી તો કર્મબંધ થતો જ આવ્યો છે, કર્મમળ વધ્યો જ રહ્યો છે, તો એનો નિકાલ શી રીતે થાય. માટે કર્મમળનો નિકાલ કરવા માટે એથી વિપરીત તપમાર્ગની સાધના કરવી જોઈએ. તપમાર્ગમાં અનશન ઉપવાસાદિ તપસ્યા, રસાદિત્યાગ, કાયકષ્ટસહન, સ્વાધ્યાય-ધ્યાન વગેરે આવે. એ બંધાયેલા કર્મનો નાશ કરનારા છે. આ બીજી સાધના.

એની સાથે સંયમ જોઈએ, પ્રતિજ્ઞાપૂર્વક હિંસાદિથી નિવૃત્તિ (પાછા હટી જવું,) ઇન્દ્રિયો પર સંયમન, કષાયજય વગેરે જોઈએ, જેથી નવો કર્મમળ વધે નહિ. તપમાર્ગનું સેવન તો કરે પણ સાથે અસંયમ યાને હિંસાદિ ખુલ્લા હોય, ઇન્દ્રિયોના વિષયભોગ ચાલુ હોય, કષાયો ભભૂકતા રહેતા હોય, તો તપથી તો



જૂના કર્મમળનો નાશ થતો રહેવાનો, પણ આ અસંયમથી નવો કચરો ભેગો થતો રહેવાનો. એટલે ક્યારે ય એવી ક્ષણ નહિ આવે કે જ્યારે સર્વમળ ત્યાગ યાને સર્વશુદ્ધિ જોવા મળે. માટે તપ સાથે સંયમ પણ તેટલું જ જરૂરી છે.

**ચારિત્રની માગણી :-**

ધર્મનંદન આચાર્ય મહારાજે જ્યાં આ માર્ગ બતાવ્યો કે માનભટ પગમાં પડીને કહે છે 'પ્રભુ ! આપે આ સેવક પર ખૂબ ઉપકાર કર્યો કે પાપમળ સાફ કરવાનો અને અંતિમ સિદ્ધિ પ્રાપ્ત કરવાનો આ સચોટ માર્ગ બતાવ્યો. તો હવે મારા પર મહેરબાની કરો અને જો હું આપને યોગ્ય લાગતો હોઉં તો મને આ માર્ગ આપો.'

**ચારિત્રની યોગ્યતા કષાયશાંતિ :-**

આચાર્ય મહારાજ જુએ છે કે માનભટના કષાય શાંત થઈ ગયા છે, એટલે ચારિત્ર માટે યોગ્ય માની એને સાધુદીક્ષા આપે છે. ચારિત્ર માટે કષાયની શાંતિ એ યોગ્યતાનું લક્ષણ છે. ચારિત્ર લેનારના દિલમાં જો ક્રોધની આગ સળગતી હોય, અભિમાનનો પારો હોય, માયાનું ગૂંચળું હોય કે કોઈ દુન્યવી લોભ-મમતા-આસક્તિ હોય, તો એ ચારિત્ર લઈને શું પાળી શકે ? ચારિત્રમાં તો ક્ષમાદિ દશ પ્રકારનો યતિધર્મ પાળવાનો મુખ્ય છે. એ, કષાયો ભભૂકતા હોય ત્યાં, આવી શકે નહિ. માટે કષાયોની શાંતિ એ ચારિત્રની યોગ્યતાનું લક્ષણ છે. માનભટે કષાય શાંત કરી ચારિત્ર લીધું, અને મુનિ બન્યા.

**કથાસાર :-**

કથાનક કુવલયાનંદ રાજકુમાર દિવ્ય ઘોડાથી હરાયેલો જંગલમાં વિશિષ્ટજ્ઞાની મહામુનિ પાસે પહોંચ્યો. મુનિ 'ઘોડો કોણ ? કેમ હરી લાવ્યો ?' વગેરેના ખુલાસામાં રાજા પુરંદરદત્તનો અધિકાર કહે છે. એ પુરંદરદત્ત રાજા જૈનમંત્રી વાસવની કુનેહથી ધર્મનંદન આચાર્ય મહારાજના સંપર્કમાં આવે છે. આચાર્ય મહારાજે ત્યાં સંસારના કારણભૂત ક્રોધ-માન-માયા લોભ અને મોહ, એ દરેકની ભયંકરતા બતાવતાં ક્રોધ અને માન પર જીવંત દૃષ્ટાંતરૂપ ચંડરુદ્ર અને માનભટની જીવનઘટનાઓ બતાવી, એ બંનેને દીક્ષા આપી.